શ્રી ॥ સદ્ગુરવે ॥ નમઃ ॥

વર્ષ ૩ જું

સસ્તી વાર્તામાળા.

પુસ્તક ૧-૨-૩

ૐ

શાન્તિ નિકેતન.

(ધાર્મિક સામાજિક નવલકથા.)

પ્રથમાવૃત્તિ [illegible]

અષાડ-શ્રાવણ-ભાદ્ર

સં. ૧૯૭૧
સને ૧૯૧૫

(પંદરસો પૃષ્ઠનાં પુસ્તકોનું વાર્ષિક મૂલ્ય.)

કાચા જાડા પૂઠાના રૂા. ૨-૦-૦

પાકા સુંદર પૂઠાના રૂા. ૩-૦-૦

લેખક-પ્રકાશક

ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા.

વ્યવસ્થાપક-સસ્તી વાર્તામાળા-અમદાવાદ.

છૂટક ત્રણે ભાગ કાચું પૂઠું રૂા. ૧-૦-૦ પાકું પૂઠું ૧-૪-૦ (પોસ્ટેજ વધુ.)

રજીસ્ટર નંબર	આ પુસ્તકના માલિક

અગત્યની સૂચના:—

૧. હવે પછીનું **બીજું પુસ્તક** માગશર માસમા પ્રકટ થશે.

૨. અમદાવાદના કેટલાક એજન્ટો દ્વારા ગ્રાહક થનાર સજ્જનોને અસંતોષ મળ્યો છે એવું અમારા જાણવામાં આવ્યું છે, માટે એજન્ટો દ્વારા જેઓને ગ્રાહકમાં ન રહેવું હોય તેમણે પોતાના એજન્ટના નામ સાથે અમારે ત્યાં પરભાર્યા ગ્રાહક થવું, જેથી તેઓને પુસ્તકો અમારા માણસદ્વારા કે પોષ્ટદ્વારા મોકલાશે.

૩. લવાજમ માટે મનીઑાડર મોકલનારે લવાજમ ઉપરાંત ૦–૧–૦ વધુ મોકલવો, જેથી તેમને પુસ્તકો અનરજીષ્ટર્ડ બુકપોષ્ટથી મોકલાશે.

૪. હિંદુસ્તાનનાં ગ્રાહકોને માટે **કાચા પૂંઠાના** રૂ. ૨–૦–૦ અને કપડાના સુંદર **પાકા પૂંઠાના** રૂ. ૩–૦–૦ વી. પી. ખર્ચ એક આનો વધુ છે. **આફ્રિકાના** ગ્રાહક માટે **કાચા પૂંઠાના** રૂ. ૨–૧૦–૦ તથા **પાકા પૂંઠાના** રૂ. ૪–૦–૦ છે. કેટલાક ગ્રાહકોએ ઓછું લવાજમ મોકલ્યુ છે તેમણે બીજા પૈસા વધારે મોકલવા.

૫. ઠેકાણું બદલાતાં તુરતજ ખબર આપવી. અમારે ત્યાંથી દરેક પુસ્તકો ચોકસાઇથી પોષ્ટ થાય છે. ગ્રાહકોએ પૂરૂં નામ, ગામ, પોષ્ટ, જીલ્લો સ્પષ્ટ અક્ષરે લખવું. **પત્રવ્યવહારમાં રજીષ્ટર નંબર અવશ્ય** લખવો, નહિ તો જવાબ મળશે નહિ.

૬. જવાબ માટે રીપ્લાઈ કાર્ડ કે ટીકીટ મોકલવી.

મેનેજર—સસ્તી વાર્તામાળા—અમદાવાદ.

श्री ॥ सद्गुरवे ॥ नमः ॥

વર્ષ ૩ જું. | સસ્તી વાર્તામાળા. | પુસ્તક ૧-૨-૩

ॐ

शान्ति निकेतन.

(ધાર્મિક સામાજિક નવલકથા.)

પ્રથમાવૃત્તિ
પ્રત ૨૯૦૦

અષાડ-શ્રાવણ-ભાદ્ર.

સ. ૧૯૭૧
સને ૧૯૧૫

(પંદરસો પૃષ્ઠનાં પુસ્તકોનુ વાર્ષિક મૂલ્ય.)

કાચા જાડા પૂઠાના રૂા. ૨-૦-૦

પાકા સુંદર પૂઠાના રૂા. ૩-૦-૦

લેખક-પ્રકાશક,
ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.
વ્યવસ્થાપક-સસ્તી વાર્તામાળા-અમદાવાદ.

મૂલ્ય છુટક: રૂા. ૧-૪-૦ પોષ્ટેજ જુદું.

પ્રકાશક, (સર્વ હક્ક સ્વાધિન.) અમદાવાદ—સલાપોસરોડ.
ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા. શ્રી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટિંગ પ્રેસમાં
અમદાવાદ. પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

अमे गुर्जरवासी.

(म्हाड.)

अमे गुर्जरवासी, विद्याविलासी, प्रेमीजीवन वहनार.
पुण्य भूमि अमारी, विश्वनी वाडी, देश उज्वल करनार.
वीरविजय फरफरता केतु, धरता कंइ उत्साह,
धैर्य उरे, सहनशील थाता, धर्मतणा रखवाळरे—अमे.
थाशुं तन्मय एक बीजामां, साधशुं कर्मनो योग
दिव्यभूमिनां दिव्य बाळुडां, उज्वल शुं मम लोकरे—अमे.
उच्च आचार विचार अमारा, उच्च देशे वसनार;
उच्च विलास धरी नव अंगे, सत्संग विलसनाररे—अमे.
सर्व दिशे रक्षा श्रीहरिनी, गुर्जर मात रसाळ;
स्वर्गानन्द अहर्निश जामे, अमे प्रभुनां बाळरे—अमे.
त्यजशुं भिन्नता ज्ञातिजनोनी, समता धरशुं दिल,
धन्य जीवन स्वात्मार्पण करतां ! पामशुं अक्षर दिव्यरे—अमे.

नडियाद. रतिपतिराम उद्यमराम पंडया.

પ્રકાશકની પ્રસ્તાવના.

अद्रोहः सर्वभूतेषु कर्मणा मनसा गिरा ।
अनुग्रहश्च दानंच सतां धर्मः सनातनः ॥ वनपर्व–२९६–३४

* * * *

सत्यं मृदु प्रियं वाक्यं धीरो हितकरं वदेत् ।
आत्मोत्कर्ष तथा निन्दां परेषां परिवर्जयेत् ॥ महानिर्वाण–८–८२

* * * *

"મન, વાક્ય અને યત્નવડે કોઈનું અનિષ્ટ ન કરવું, સદ્‌વ્યવહાર અને દાન કરવું, એ સાધુ મનુષ્યોનો સનાતન ધર્મ છે."

"ધીર વ્યક્તિએ, સત્ય, મૃદુ, પ્રિય અને હિતકર વાક્ય બોલવાં, અને આત્મપ્રશંસા તથા પરનિંદાનો ત્યાગ કરવો

અખિલ બ્રહ્માંડમાં જે એક પરમ પુરૂષોત્તમની મહાન સત્તા વ્યાપ્ત થઈ રહી છે અને જે સત્તાને આધારે વિશ્વના જીવો પોતાના કર્મ કરી રહ્યાં છે તે સત્તાના સ્વામિને અમારા અનેક દણ્ડવત્ પ્રણામ હો તે પરમ પિતાની કૃપાથી જ આજે "**સસ્તી વાર્તામાળા**" પોતાની બે વર્ષની યાત્રા પરિપૂર્ણ કરી ત્રિજા વર્ષમાં પ્રવેશ કરે છે. આજે વાચકબંધુઓના કરકમળમાં ત્રિજા વર્ષનું પ્રથમ પુસ્તક "**શાંતિ નિકેતન**" અથવા "**સુખપ્રાપ્તિનો મહામંત્ર**" સાદર કરવામાં આવે છે. પાછલાં બે વર્ષમાં જે જે નવલકથાઓ ગ્રાહક બંધુઓને સમર્પણ કરવામાં આવી છે તેના કરતા આ નવલકથાની વસ્તુ સંકલનામાં આધ્યાત્મિક જ્ઞાન મુખ્ય-વિશેષ-રૂપે સમાવવામાં આવ્યું છે. ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ કરતાં આધ્યાત્મિકજ્ઞાન સમાયલું હોય એવી નવલકથાઓની ગુર્જર સાહિત્યમાં મ્હોટી ખોટ જણાય છે. આ નવલકથાથી એ ખોટ યત્કિંચિત્ પણ પૂરાશે તો લેખક સંતોષ જ થશે.

પ્રસ્તુત નવલકથામાં એક સામાજિક ચિત્ર દોરવામાં આવ્યું છે. સમાજના વિચિત્ર ચિત્ર સાથે વાંચકને આધ્યાત્મજ્ઞાનનો–સનાતન ધર્મનો–બોધ મળે અને અસત્ય, પાપ, પ્રપંચ, વિશ્વાસઘાત, ઠગાઇ, લુચ્ચાઈ કરનાર, મનુષ્યોને પરિણામે

કેવાં નઠારાં ફળ ભોગવવાં પડે છે તથા સત્યવાદી, ભગવદ્ભક્ત, શ્રદ્ધાળુ, પવિત્રાત્માઓને અનેક કષ્ટને અંતે કેવાં ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે તે તેઓને સમજાય એજ ઉદ્દેશ છે. એક વખત જે આર્યાવર્ત સત્યવાદી ઋષિ, મુનિ અને બ્રહ્મચારીઓનો દેશ કહેવાતો હતો તે પવિત્ર દેશની આજે કેવી અવદશા થઈ રહી છે? જે દેશની પ્રજા શારીરિક, માનસિક અને આધ્યાત્મિક જ્ઞાનમાં સર્વ શ્રેષ્ઠ કહેવાતી અને જેની પાસેથી પૃથ્વીના અનેક દેશો ઇશ્વરીજ્ઞાન પ્રાપ્ત કરી જતા હતા તે દેશની પ્રજાના જ્ઞાન માટે આજે દેશવિદેશમાં કેવી ગણના થઇ રહી છે? જે દેશની પ્રજા શ્રેષ્ઠ બળવાન, બુદ્ધિમાન અને જ્ઞાની ગણાતી હતી તે પ્રજા આજે કેવી નિર્બળ, કેવી બુદ્ધિહિન અને અજ્ઞાની કહેવાય છે? તેનું કારણ? કારણ એજ કે આર્ય પ્રજા બ્રહ્મચર્ય નષ્ટ થઈ છે, ગૃહસ્થાશ્રમ ધર્મથી–દામ્પત્ય ધર્મથી ભ્રષ્ટ થઈ છે, ભગવદ્ શ્રદ્ધાથી વિમુખ થઈ છે, તે પોતાનો સનાતન ધર્મ ચૂકી છે, તેજ છે! તેમ થવાનાં અન્ય કારણો ગમે તે હોય પણ તેમાનું એક વિધવિધ સ્વભાવના જનમંડળનો સંસર્ગ જ કરી શકાશે. સંસર્ગને લીધેજ આર્ય પ્રજાના બ્રહ્મચર્યઆદિ આશ્રમો ભ્રષ્ટ થયાં છે, અને તે સાથે તેમના ધર્મો પણ નષ્ટ થયા છે! એક સમયે બ્રાહ્મણ ક્ષત્રિય ગુરૂને ઘેર રહી અનેક વિદ્યાઓનું અધ્યયન કર્યા પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતા તે આજે ક્યાં છે? એજ પ્રમાણે ક્ષત્રિય, વૈશ્યાદિ ચાતુર્વર્ણ્ય પ્રજાની દુરાવસ્થા થઈ રહી છે! પ્રજાએ પોતાનો સનાતન ધર્મ ત્યજ્યો છે ત્યારે ઈશ્વરે તેમને તજ્યા છે! જે પ્રજા ધર્મનું પાલન કરે છે તેના ઉપર જ ઈશ્વરની કૃપા રહે છે. પ્રજાને પોતાના ધર્મની અને શરીરની જેમ દરકાર રહી નથી તેજ પ્રમાણે તેમને પોતાની સન્તતિ ઉત્તમ થાય અને તે જગત્માં અનેક જીવોને ઉપયોગી થઈ પડે એવી પણ તેમને કાળજી રહી નથી! તેથી જ મૂળ ધર્મ ત્યજેલી આર્ય પ્રજા કામ, ક્રોધ, લોભ, મોહ, ઇર્ષા, દ્વેષ, અહંકાર અને હિંસારૂપી શત્રુઓના પાશમાં સપડાઇ અનેક પ્રકારનાં કષ્ટ ભોગવી રહ્યા છે! જે પ્રજા પોતાના સત્યવાદીપણાને માટે જગત્માં શ્રેષ્ઠ ગણાતી તે આજે સહજ વારમાં અસત્ય વદવામાં સુપ્રસિદ્ધ કહેવાય છે! જે પ્રજા ઉપર અનેક પરદેશીઓને વિશ્વાસ રહેતો તે પ્રજા ઉપર આજે કોઇને વિશ્વાસ જ નથી! જે પ્રજા જીવ–સેવા કરવામાં, દયા ધર્મ પાળવામાં, આતિથ્ય સત્કાર કરવામાં સર્વોત્તમ ગણાતી અને જેના એ ધર્મે પૃથ્વીના પડેપડમાં પ્રકાશ પાડયો હતો તે પ્રજા આજે પોતાના એ ઉત્તમ ધર્મોથી વિમુખ થઈ છે! એ સર્વનું કારણ તેના આશ્રમ ધર્મનો ત્યાગ છે. પ્રસ્તુત નવલકથા વાંચવાથી જો વાંચક બંધુઓ પોતાનું પ્રાચીન આર્ય ગૌરવ સમજશે અને જો તેઓ બ્રહ્મચર્ય, સત્ય અને જીવસેવા આદિ વ્રતોનું પાલન કરશે. તેમ જ સૃષ્ટિ

કર્ત્તા પરબ્રહ્મ પરમાત્માને સર્વ મંગલમય જાણી તેના ઉપર શ્રદ્ધા રાખતાં શીખશે તો ગ્રન્થ રચના સાફલ્ય થશે.

આ નવલકથાનું મૂળવસ્તુ सुप्रसिद्ध बंगाली साक्षर श्रीयुत् दुर्गादास लाहिडी महाशयना "सुख ओ शांति" નામક નવલકથા ઉપરથી લેવામાં આવ્યું છે. લાહિડી મહાશય બંગાલાના એક સુપ્રસિદ્ધ લેખક છે તેઓએ "સ્વતંત્રતાનો ઇતિહાસ" વગેરે ઘણાં ઉત્તમ પુસ્તકો લખ્યાં છે. સામ્પ્રત તેઓ "હિસ્ટોરિયન્સ હિસ્ટ્રી ઑફ ધી વર્લ્ડ"ને આધારે पृथिवीर इतिहास નામક પ્રચંડ ગ્રન્થો લખે છે. ગ્રથની શરૂઆતમાં તેમણે "**ભારતવર્ષ**" નો ઇતિહાસ લખવા માંડ્યો છે. ગ્રન્થો બહુ ઉત્તમ છે. તેનો ગુજરાતી ભાષામાં અનુવાદ થવો જોઇએ અમે અંતઃકરણ પૂર્વક લાહિડી મહાશયનો ઉપકાર માનીએ છીએ. તેમના પુસ્તકમાં કેટલોક ફેરફાર અને વધારો કરવાની અમને ફરજ પડી છે.

આ નવલકથામાં સનાતન ધર્મનાં તત્વો ગુંથવામાં આવ્યાં છે, અને તે દ્વારા વાંચકોને પોતાના ધર્મ સમજાવવાનો કંઇક યત્ન કર્યો છે. આજે ગુર્જર પ્રજા ધર્મ-હિન થઇ છે. તેવા સમયમાં **શ્રીમંત સદ્ગૃહસ્થોએ આવા ગ્રન્થોની સંખ્યાબંધ નકલો છપાવી વાંચક પ્રજામાં મફત કિંવા બહુજ સસ્તે મૂલ્યે લ્હાણી કરવી જોઇએ.** આજ લાખો રૂપિયા અન્ય ધાર્મિક કાર્યોમાં ખર્ચાય છે, પરંતુ આવાં કાર્યોમા પણ જો ઉદાર શ્રીમંત ગૃહસ્થો પોતાના દ્રવ્યનો ઉપયોગ કરે તો તેથી વાંચક પ્રજા ઉપર મ્હોટો ઉપકારજ થશે. જો કોઇ શ્રીમંત ગૃહસ્થોની એવી સદ્ ઇચ્છા થશે તો અમે એ સંબંધી યોગ્ય સલાહ આપીશું અને અમારાથી બનતી સહાય કરીશું.

"**વાર્તામાળા**"ના ગત્ વર્ષમાં અમે ગ્રાહકો વધારવા સંબંધી પ્રાર્થના કરી છે. તેને માન આપી ઘણા ગૃહસ્થોએ ગ્રાહક વધારવા તસ્દી લીધી છે, પરંતુ હજી **ઘણા ગ્રાહક બંધુઓએ** અમારી એ પ્રાર્થના પર ધ્યાન આપ્યું નથી, જેથી **તેમને પુનઃ વિજ્ઞપ્તિ છે કે તેઓએ માત્ર એક એક ગ્રાહક વધારવાની પ્રતિજ્ઞા લેવી અને** પુસ્તક મળતાં તુરતજ ઑર્ડર કાર્ડ ભરી મોકલવું. તેમ થવાથી પોતાના મિત્રો અને કુટુંબી જનોને ઉત્તમ પ્રકારનું વાંચન મેળવી આપવાનું તેમને પુણ્ય પ્રાપ્ત થશે. એજ વિજ્ઞપ્તિ.

ભાદ્રશુક્લ ગણેશચતુર્થી.
૧૯૭૧—અમદાવાદ. } **ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.**

અનુક્રમણિકા.

श्रीगुरु समर्थ

शांति निकेतन

પ્રકરણ ૧ લું.

અશાંતિ.

સન્ધ્યા સમય થયો છે. આકાશમાં એકત્ર થયેલાં વાદળાંએ કાળો રંગ ધારણ કર્યો છે. પૃથ્વી પટ ઉપરથી પ્રકાશ અદ્રષ્ય થઇ ગયો છે. સંસારમાં ક્રમે ક્રમે ગાઢ અંધકાર પ્રસરતો જાય છે. સમસ્ત દિવસના પરિશ્રમથી થાકેલાં મનુષ્યો ઘરમાં આવી આશાનિરાશાની વાતો કહી પોતાની સાથે ઘરનાં મનુષ્યોને ચિંતાના સાગરમાં નાંખે છે. ત્યારે થાકેલાં માળાઓમાં આવી બેઠેલાં પક્ષીઓ અશાંતિમય સંસારમાં શાંતિ મેળવવા પછાડા મારી અનેક પ્રકારના પાપ પ્રપંચ કરી સમસ્ત દિવસ પશુની પેઠે રખડી ઘેર આવેલા સંસારી જનોની અજ્ઞાનતા ઉપર હાસ્ય કરે છે! મોહ માયાથી વિરત થયેલા સાધુ સંતોના મઠમાં ઉચ્ચ સ્વરે ભગવાનની પ્રાર્થનાઓ થઈ રહી છે. દેવાલયમાં શંખ, ઘંટા, અને તે ભેરીનાદવડે ભગવાનની આરતિઓ ઉતરી રહી છે. અનેક સ્થળે મધુર આર્તસ્વરે ભગવાનને પુષ્પાંજલિઓ અર્પણ થઇ રહી છે. એક તરફ અશાંતિ જણાય છે. બીજી તરફ શાંતિનું સામ્રાજ્ય પ્રસર્યું છે. એક તરફ સંસારી જનોના ઘરમાં અનેક પ્રકારની શોક સંતાપની વાર્તાઓ વડે હાહાકાર થઈ રહ્યો છે. ત્યારે બીજી તરફ સંત જનોના મઠમાં સંપૂર્ણ આનંદ છવાઈ રહ્યો છે. સંસારનો એજ

ધર્મ છે. સંસારી જનોનો એજ ધર્મ છે. પશુ પક્ષીઓનો એજ ધર્મ છે, અને સાધુ સંતોનો પણ એજ ધર્મ છે. પ્રત્યેક પોતપોતાના ધર્મ પ્રમાણે કાર્ય કરી રહ્યાં છે.

એજ સમયે યુવક પ્રબોધચંદ્ર ઘરમાં પ્રવેશ કરતો મનમાં જ બોલ્યો: " સંસારમાં સુખ નથી. શાંતિ નથી ! "

આજે પ્રબોધચંદ્ર બહુ જ ઉદ્વિગ્ન અને દુશ્ચિન્તા પૂર્ણ ચિત્તે પેઢી-માંથી ઘેર આવ્યો છે. ઘરમાં પ્રવેશ કરતાં જ તેણે સાંભળ્યુ કે: તેનો એકનો એક બાળક–પુત્ર ઘણો માંદો થઈ ગયો છે ત્યારે તે એકદમ અધીરો થઈ ગયો. ઉંડો નિશ્વાસ મૂકી બોલ્યો: " વિધાતાની શી ઇચ્છા છે તે જાણી શકાતું નથી. "

માતા સત્યવતી પુત્રનો કણ્ઠ સ્વર સાંભળી વ્યગ્ર ભાવે તેની પાસે આવી અને તેને સાંત્વન આપતાં બોલી: " કેમ ભાઇ ! આટલો બધો અધીર કેમ થાય છે ? જરા શાંત થા. હાથ મ્હો ધો ! ભગવાન કદી પણ એટલો બધો નિર્દય થશે નહિ ! "

માતાના શબ્દો સાંભળવા છતાં પુત્રના પ્રાણમાં શાંતિ આવી નહિ. પ્રબોધચંદ્રે ઉશ્કેરાઇ જઇને કહ્યું: " માતા ! હવે શાંત થવા જેવું કશું નથી. ધૈર્ય ધારણ કરવાનો હવે ઉપાય નથી. ચારે દિશામાં સંકટનાં વાદળાં એકત્ર થઇ રહ્યાં છે. કઇ દિશામાંથી રક્ષણ મેળવીશું ? એક વિપદ ઉપર વળી બીજી વિપદ આવી પડી છે ! "

" વિપદ ? ભાઈ, વળી વિપદ કેવી ? " માતા સ્થિર નેત્રે તેના મુખ સ્હામુ જોતી જરા વિચારમાં પડી ગઇ. તે કંઇ સમજી શકી નહિ. તેમજ તે સમયે પુત્રને વધારે પૂછી તેનું ચિત્ત ચંચળ કરવાનું સાહસ પણ કરી શકી નહિ. માતાએ તેને શિખામણ આપતાં કહ્યું: " ભાઇ, ઉતાવળો થઇશ નહિ. જરા શાંત થા. પ્રભુ સૌ સારૂં જ કરશે. "

પ્રબોધચંદ્ર ઉતરેલે સ્હેરે બોલ્યો: " બા ! હવે સહન થતું નથી ! હવે ધૈર્ય રાખી શકાતું નથી. ઘરમાં આ વિપદ અને બહાર જીંદગી પર્યંતનું

અન્નજળ જવા બેઠું છે! બા! પ્રમાણિકપણે વર્તન કરી સરલ હૃદયે વિશ્વાસ રાખ્યો તેનું એવું જ ફળ! એવો જ બદલો!"

સત્યવતી હવે અંતઃકરણની ઉત્સુકતા દબાવી શકી નહિ. તેણે પુત્રને પૂછ્યું: "કેમ ભાઈ! એવું તે શુ થયું છે વારૂ? આજે તું આટલો બધો આકુળ વ્યાકુળ કેમ થયો છે?"

પ્રબોધચંદ: "બા, બીજું શું થાય વારૂ? ત્હને શું કહું? આટલા દિવસ પર્યંત હુ જેને "મ્હારો" ગણતો આવ્યો છું, અને જેના ઉપર મ્હેં પવિત્ર અંતઃકરણે વિશ્વાસ રાખ્યો છે, જેને પ્રાણથી વિશેષ વ્હાઉં છું તેજ આજે મ્હારા ગળા પર છરી ફેરવવા તૈયાર થયો છે! વિશ્વાસઘાત! વિશ્વાસઘાત! બા! એ દુઃખ મરણ પર્યંત ટળશે નહિ!"

જગતની અનુભવી સત્યવતીએ "વિશ્વાસઘાત" શબ્દો સાભળી "વિશ્વાસઘાત" થી થનાં દારૂણ દુઃખનુ અનુમાન કરી લીધું તેમ છતાં તેણે પુત્રને સાન્ત્વન આપવા કહ્યું: "કંઇ નહિ ભાઈ! એમા શું? એવા અમંગલસૂચક શબ્દો મ્હોડેથી બોલવા નહિ."

પ્રબોધ કરમાયલે ફિક્કે ચ્હેરે બોલ્યો: "બા! શું મ્હોડેથી બોલવા નહિ! તું શું કહે છે? મ્હને શાની ખોટ હતી? પરંતુ જેને માટે મ્હેં મ્હારૂ સર્વસ્વ અર્પણ કર્યું તેજ આજે લાગ જોઇને મ્હારે ગળે છરી ફેરવવા બેઠો છે! બા! વિશ્વાસઘાત! વિશ્વાસઘાત! ઓહ.—"

એમ કહી પ્રબોધે કપાળમાં જમણો હાથ માર્યો અને પૃથ્વી સમીપ જોતો ક્રોધે ભરાયલો ત્યાંજ ઉભો. એ જોઇ માતાના હૃદયમાં ઘણુંએ દુઃખ થતું હતું પરંતુ પોતાનું દુઃખ જણાવવાથી પુત્ર ઉલ્ટો વધારે ગભરાય અને નિરાશ થાય એમ જાણી ઉપર ઉપરથી ધૈર્ય બતાવી પૂછ્યું: "ભાઈ! શું થયું છે તે તો કહે. તું શું કહે છે તે હુ કશું સમજી શકતી નથી."

પ્રબોધચંદ્ર હજી વિચારમાં જ ઉભો હતો. માતાના શબ્દો સાંભળી લીધા પછી ઉત્તર આપવા તેણે સહજ ઉચું જોયું, અને પૂછ્યું: "ત્યારે સાંભળવું છે? ત્હારાથી સાંભળી શકાશે ખરૂં બા? સાંભળ્યા પછી મ્હારા કહેવા ઉપર વિશ્વાસ બેસશે કે? વ્યાપારમાં મ્હારે નામે દેવું કહાડી તે

દેવાના બદલામાં વિપિને મ્હારા નામ ઉપર ગુપચુપ એક હુકમનામું કરાવી લીધું છે. તે હુકમનામાને લીધે વ્યાપાર રસાતળ જવા બેઠો છે. એટલું જ નહિ પણ આપણું રહેવાનું ઘર પણ કદાચ વેચાઇ જશે ! ”

સત્યવતી ચમકી. “ ઘર વેચાઈ જશે ” એ સાંભળતાં તેના માથામાં અનેક વિચારો આવી ગયા. “ ઘર વેચાઇ જશે, અને આપણે માર્ગમાં ભીખારીની પેઠે ઉભું રહેવું પડશે. પછી કોને ઘેર જઇને આશ્રય લઈશું ? એ સમયે આપણી શી સ્થિતિ થશે ? ” વગેરે અનેક વિચારો અને પરિણામ સુદ્ધાં એક વખત તેની દ્રષ્ટિ સમક્ષ આવી ગયાં. તેનું મ્હો પણ સહજ કરમાયું. તેમ છતાં ધૈર્ય રાખી બોલીઃ “ ભાઈ ! તું એ શું કહે છે ? વિપિન કદી પણ એટલે દરજ્જે કરી શકે નહિ. તેને હું મ્હારા નાના પુત્રની પેઠે ગણું છું. તે તને મોટો ભાઈ અને મ્હને માતા જેવી જાણી આપણા પ્રત્યે ભક્તિભાવ દર્શાવે છે તે શું કદી પણ એમ કરી શકે ? તું માત્ર આશંકા કરે છે. એ આશંકા વૃથા જાણજે. વિપિન ત્હારા ગળા પર કદી પણ છરી ફેરવશે નહિ. તમે બે તો ભાઇ જેવા છો. વ્યાપારમાં પડયા ત્યારથી તે ત્હારા તરફ અપૂર્વ પ્રેમ રાખે છે. તે કદી પણ એટલે દરજ્જે વિશ્વાસઘાતનું કામ કરે જ નહિ. ”

પ્રબોધચંદ્ર, પવિત્ર હૃદયની જનનીના મુખમાંથી નીકળતા સરળ શબ્દો સાંભળીને ક્રોધમાં પણ જરાક હસ્યો. તેણે મનમાં જ વિચાર્યું કેઃ “ મ્હારી માતા બિચારી પવિત્ર હૃદયની, નિર્લોભી, નિષ્કપટી છે. તે સમસ્ત જગત્‌ને પોતાના જેવું પવિત્ર ધારે છે. નિર્લોભી ધારે છે. ઓ બા ! આ જગત્ તેવુ નથી. તે તો પાતાળનાં જળ સાથે ક્રિડા કરે છે, ક્રિડા !.” મનમાં જ બબડયા પછી તેણે કહ્યુંઃ “ બા ! તમે કહો છો તેમ હોય ખરૂં ! પણ કાલે તેનું પ્રત્યક્ષ પ્રમાણ નજરોનજર જોજો. કાલે સરકારનાં માણસો આવી આપણને ઘરમાંથી બહાર કાઢી મૂકશે, વ્યાધિગ્રસ્ત બાળકને લઇને તમારો હાથ ઝાલી હું ક્યાં જઇને ઉભો રહીશ બા ? આજની રાતમાં જ તમારી વ્યવસ્થા કરવા માટે હું ઉતાવળે ઉતાવળે ચાલ્યો આવ્યો છું. ઘેર આવતાં જ બીજી વિપદ જોવામાં આવશે એવું હું સ્વપ્ને પણ ધારતો ન હતો. ”

એકાએક ઓરડીમાંથી કરૂણાજનક રડવાનો અવાજ સંભળાયો. માંદા બાળકને ખોળામાં લઈ તેની માતા તેની સેવા કરતી હતી. એકાએક માંદા બાળકને મૂર્છા આવી ગઈ. તે મૂર્છા જોતાં જ બાળકની માતા મ્હોટેથી ચિસ પાડી રડી ઉઠી. તે જ સ્વર માતા પુત્રને કાને સંભળાતાં જ તેઓએ ઉતાવળે ઉતાવળે ઓરડામાં પ્રવેશ કર્યો. સઘળાં બાળકની પાસે બેઠાં અને તેનામાં ચૈતન્ય લાવવા માટે અનેક ઉપચારો કરવા લાગ્યાં.

પ્રકરણ ૨ જું.

તોફાન.

ક્રમે ક્રમે રાત્રિ વૃદ્ધિ પામતી ગઈ. સર્વત્ર ગાઢ અંધકાર પ્રસરી ગયો. તે રાત્રે જીવન–મરણના સન્ધિ સ્થળે ઉભેલા બાળકને પડતું મૂકી પ્રબોધચંદ્ર આશ્રય માટે અન્ય મકાન શોધવા સમર્થ થયો નહિ.

એટલામાં, ગંભીર રાત્રે એક ભયંકર હાહાકાર કોલાહલ સાંભળતાં જ તેમની ચિન્તાની ગતિ બદલાઈ. કેટલાક બદમાશ લોકોનું ટોળું લઈ, કાને સંભળાય નહિ એવી બીભત્સ ભાષામાં ગાળો દેતો વિપિન, પ્રબોધના ઘર આગળ આવી પહોંચ્યો. અને મ્હોટી બૂમ પાડી બોલ્યોઃ "જો જીવથી બચવું હોય તો ખાલી હાથે ઘરમાંથી બહાર નીકળી ચાલ્યો જા."

અપમાન થવાથી ઉશ્કેરાઈ જઈ પ્રબોધચંદ્રે એક વખત તેના સ્હામુ થઈ જવાનો યત્ન કર્યો. પરંતુ તેની માતા સત્યવતીએ તેમ કરતાં તેને રોક્યો. બદમાસોના ટોળાના કોલાહલ ધ્વનિથી અનેક આડોસી પાડોસી જાગી ઉઠયાં, અને પ્રબોધના ઘર આગળ આવી ઉભાં. પ્રબોધના બાળકનો મંદવાડ યાદ આવવાથી પાડોશીઓના હૃદયમાં પ્રબોધ પ્રત્યે દયા અને સહાનુભૂતિનો સંચાર થયો. તેમાંથી એકે વચમાં પડી વિપિનચન્દ્રને સમજાવ્યો–શાંત પાડયો, અને આજની રાત થોભી જવાની ભલામણ કરી.

વિપિનની ટોળીએ કહ્યું: "ઠીક છે, વારૂ, ઘરમાંથી બહાર તો કાઢવાં જ પડશે. સ્હવારે ઘર ખાલી કરશો તો પણ ચાલશે."

સર્વાનુમતે એ જ ઠરાવ પસાર થયો. બદમાશ લોકોની ટોળીએ ઘર ઘેરી લીધું હતું. પ્રાતઃ સમયે પ્રબોધ વગેરે ઘરનાં મનુષ્યોને ઘર બહાર કાઢી વિપિન તે ઘર, સ્થાવર, અસ્થાવર મિલ્કત સહિત કબ્જે લેશે, એવો ઠરાવ થયો. આજની રાત પ્રબોધ ઉપર તે દાનવોએ કૃપા કરી !

માંદા બાળક પાસે બેસીને ચિન્તા કરતાં કરતાં જ તે રાત તો વીતી ગઈ. વિચાર કરતાં કરતાં સત્યવતીને એક ઉપાય જડયો. તેણે પ્રબોધચંદ્રને કહ્યું: " ભાઈ! તું એક કામ કર. કાલે મ્હોટે પરોઢીએ—અંધારામાં જ ત્હારા શ્રીહરિ કાકા પાસે જજે. બધી વાત તેમને સમજાવીને કહેજે. તે ધર્મ પરાયણ મનુષ્ય છે. તેઓ કદી પણ અધર્મ કરશે નહિ ! "

થોડી વાર સુધી શ્રીહરિ કાકા સંબંધી ચર્ચા ચાલી. તેઓએ નક્કી કર્યું કેઃ વિપિન શ્રીહરિ કાકાનું કહેવું કદી પણ અમાન્ય કરી શકશે નહિ. પ્રબોધચન્દ્રે કહ્યું: " બા ! એ વાત તો ખરી પણ તે હમણાં મ્હોટા ગૃહસ્થ થઇ ગયા છે. તેમણે શહેરમાં એક મ્હોટું મકાન ખરીધું છે. આજકાલ ત્યાં જ નિવાસ કરે છે. હવે શું તેઓનો પહેલાંનાં જેવો સ્વભાવ છે? તે પહેલાં હતા તે આજે નથી ! એક વખતનો સાધારણ મનુષ્ય શ્રીમંત—ધનવાન થતાં જ તેનો મિજાજ ફરી જાય છે ! જે સ્થિતિમાં તે ગરીબ મનુષ્યોનો મિત્ર હોય છે તે બદલાયલી સ્થિતિમાં શ્રીમંતોનો મિત્ર બને છે, અને ગરીબોને તેની સાથે કામ પડે છે ત્યારે તેમની સાથે હલકાં માણસોની પેઠે વર્તે છે ! તેઓ પોતાની પૂર્વની સ્થિતિ ભૂલી જાય છે. એક વખત પોતાની જ કેવી સ્થિતિ હતી તેનું તેમને ભાન નથી રહેતું. શ્રીમંત થયા પછી તેમની આંખો બોચીયે ચાલી જાય છે ! જગતને તિરસ્કારની નજરે જુવે છે. ગરીબો પ્રત્યે તેઓ દયા દર્શાવતા નથી, અને તેમનાં કામ કરીને પરોપકારનું પુણ્ય મેળવતા નથી ! બા ! શ્રીહરિ કાકા હમણાં તો મ્હોટા ભવ્ય મહાલયમાં રહે છે. તું કહે છે ત્યારે તેમની પાસે જઇશ. પરંતુ હું તેમને મળીને પાછો આવું એટલા સમયમાં અહિંની કેવી સ્થિતિ થશે તેનો જ મ્હને વિચાર થાય છે."

સત્યવતીએ કહ્યું: " ભાઈ! તે સંબંધી ત્હારે ચિન્તા કરવી નહિ.

જેનો કોઇ નથી તેનો પરમેશ્વર છે એ તો ત્હેં સાંભળ્યું છે ને ? નરસિંહ મ્હેતાને કોણે હીરાનો હાર આપી લજ્જા રાખી હતી ? પ્રહ્લાદને તપાવેલા લોહના સ્તંભ ઉપર કોણે કીડીઓની હાર બતાવી હતી ! મિરાંબાઇના પ્યાલામાં ઝેરને બદલે કોણે અમૃત બનાવ્યું હતું ? દ્રૌપદીનાં ચીર કોણે પૂર્યાં હતાં ? ગજની વ્હારે કોણ ચડયું હતું ? અરે ભાઈ ! બાળક ગર્ભમાં હોય છે ત્યારે તેની માતાના સ્તનમાં દુધ તૈયાર કરવાની કોને ચિન્તા હોય છે ? તું અમારી જરા પણ ચિન્તા કર્યા વગર શ્રીહરિ કાકાને મળવા જજે. ભીડભંજન ભગવાન અમારી સંભાળ લેશે. વિપદની ચિન્તા તેજ કરશે. ”

એટલું કહી જનનીએ પુત્રને આશ્વાસન આપ્યું. માતાના શબ્દોએ પુત્રના હૃદયમાં આશા-અમૃત રેડયું. પ્રબોધચંદ્રે તે રાત્રે જ શ્રીહરિ કાકાને મળવા જવાનો વિચાર કર્યો પરંતુ સર્વત્ર અંધારૂ ઘોર હતું. ક્ષણે ક્ષણે ભયંકર મેઘ ગર્જના થતાં પૃથ્વી કમ્પાયમાન થતી હતી, તેથી તે રાત્રે માતાએ પુત્રને ઘર બહાર જવા દીધો નહિ !

પરંતુ બીજે દિવસે પરોઢીયામાં જ પ્રબોધચંદ્ર શ્રીહરિ કાકાને મળવા ગયો. તેની માતા અને પત્ની રોગીષ્ટ બાળકને લઇ ઘરનું બારણું બંધ કરી અંદરના ઓરડામાં બેસી રહ્યાં. તેઓ થોડી થોડી વારે બાળકના મુખ તરફ જોતાં, અને થોડી થોડી વારે પ્રબોધચંદ્રના પાછા આવવાની આતુર નેત્રે વાટ જોતાં બેઠાં હતાં.

પ્રકરણ ૩ જું

ગાંડો-પકડો !

રાજ માર્ગે થઇને પ્રબોધચંદ્ર દક્ષિણ દિશામાં ઘણે વેગળે સુધી ચાલ્યો ગયો. ધીમે ધીમે સૂર્યનારાયણ આકાશ પટ ઉપર ઉદય પામ્યા, તેમ તેમ પ્રબોધનું હૃદય અતિશય ચિન્તાગ્રસ્ત થતું ગયું. ચાલતો ચાલતો તે કયે માર્ગે કયાં જાય છે તેનું પણ તેને ભાન રહ્યું નહિ.

ખરેખર ચિન્તા અભાગિણી એવી જ છે! તેના સપાટામાં આવેલા મનુષ્યનું તે ચિત્તભ્રમ કરી દે છે. અન્તે ભ્રમિત ચિત્તે તેણે એક વટેમાર્ગુને પૂછ્યુંઃ "ભાઇ! શ્રીહરિ કાકા ક્યાં રહે છે તે બતાવી શકશો!" તેનો ચ્હેરો અને પૂછવાનાં ચિહ્ન જોઇ વટેમાર્ગુએ તેને ચિત્તભ્રમ વાયુવાળો—ગાંડો—જાણી વેગળેથી જ એક મ્હોટું મહાલય બતાવી દીધું.

મહાલયનાં દ્વાર આગળ એક સિપાહી પહેરો ભરતો હતો. પ્રબોધચંદ્રે તેને અતિશય કાલાવાલા અને પ્રાર્થના કરી ત્યારે તેને મહાલયમાં પ્રવેશ કરવાની સિપાહી દાદાએ રજા આપી. સિપાહીએ કહ્યુંઃ "પ્રથમ સીધા અને પછી જમણી બાજુએ ચાલ્યા જજો."

મહાલય ઘણું મ્હોટું હતું. આસપાસ ચારે દિશામાં ઉંચી ભીંતો હતી. દરવાજામાં પેસતાંજ સ્હામું ઇંટોથી બનાવેલો લાંબો માર્ગ પૂરો થતાં જ સુંદર વ્યવસ્થિત બંગલા જણાતા હતા. જાણે પ્રત્યેક અખણ્ડ સમકોણ ઇંટો વડે તે બાંધ્યા હોયની! દ્વારમાં પ્રવેશ કર્યા પછી ઇંટોવાળા માર્ગે થઇને પ્રબોધચંદ્ર બંગલાના ઓટલા પર આવી ઉભો.

બંગલાના ઓટલા ઉપર ઉભો હતો એટલામાં એક હૃષ્ટ પુષ્ટ શરીરના દિવ્ય કાંતિધારી યુવાન પુરૂષે આવી હસતાં હસતાં કહ્યુંઃ "તમે કોને શોધો છો ભાઈ?"

પ્રબોધચંદ્રે કહ્યુંઃ "શ્રીહરિ કાકાને મળવું છે."

"આવો, આવો, મ્હારી સાથે આવો! હું તમને તમારા શ્રીહરિ કાકા પાસે લઈ જાઉં." યુવકે આગ્રહપૂર્વક પ્રબોધચંદ્રનો હાથ પકડ્યો અને તેને તાણતો તાણતો આગળ લઈ ગયો.

પ્રબોધચંદ્રના મનમાં બહુ આનંદ થયો. તેણે મનમાં જ કહ્યુંઃ "અહા! આવા સરલ હૃદયના સાધુ પુરૂષો તો ક્યાંયે જોયા નહિં"

પરંતુ આ શું? થોડી વારમાં જ બંગલાની એક દિશામાંથી દોડતો દોડતો એક મનુષ્ય ત્યાં આવી કહેવા લાગ્યોઃ "ભાઈ! જશો નહિ, જશો નહિ. એ તો ગાંડો છે! એ તમને તળાવ તરફ લઈ જઇ તેમાં ધક્કો મારી નાંખી દેશે. સાવચેત! સાવચેત"

એ સાંભળી પ્રબોધચંદ્રના હાથ પગ કમ્પવા લાગ્યા. "કદાચ તેમ પણ હોય. ગાંડા જેવો જ દેખાય છે. ગાંડાને બુદ્ધિ કેટલી ! જળમાં ધક્કો મારી નાંખી પણ દે ?" પ્રબોધચંદ્ર યુવકના હાથમાંથી પોતાનો હાથ છોડાવી ત્યાંથી ખસી જવાનો યત્ન કરવા લાગ્યો, બન્ને યુવકો વચ્ચે દ્વંદ્વ યુદ્ધ થવા લાગ્યું. પહેલાએ કહ્યું: "તું જ ગાંડો છે. તું એને ક્યાં લઇ જવા ચ્હાય છે ?" બીજાએ કહ્યું: "તું તો ગાંડો છે. તું એને ક્યાં લઈ જતો હતો વારૂ ?" બન્નેની વચ્ચે સખ્ત મારામારી થઇ. માર્ગમાં જ આવું તોફાન ! પ્રબોધચંદ્ર બિચારો ના જઈ શકે આગળ, ના જઈ શકે પાછળ !

એટલામાં એક ત્રીજો વૃદ્ધ પુરૂષ આવી પહોંચ્યો. ગંભીર, ધોળા વાળ, પ્હોળું કપાળ, ઋષિના જેવી આકૃતિ. તેણે આવી પ્રબોધચંદ્રને ધીમે ધીમે કહ્યું: "ભાઇ! ગાંડાઓને હાથ ચ્હડયા છો પણ ચિન્તા નહિ. કોને મળવા જવું છે ? ચાલો, હું તમને લઈ જાઉ."

પ્રબોધચંદ્રે ધાર્યું કે: તે યોગ્ય મનુષ્ય હશે. તે તેને શ્રીહરિ કાકા પાસે પહોંચાડી દેશે. પ્રબોધચંદ્ર નીચે માથે વૃદ્ધની પાછળ પાછળ ચાલ્યો. ચાલતાં ચાલતાં વૃદ્ધે કહ્યું: "શ્રીહરિ કાકાને હું સારી પેઠે ઓળખું છું. મ્હારી સાથે આવશો તો સાક્ષાતકાર થશે."

પ્રબોધચંદ્ર એક ચિત્તે ચાલતો હતો. વૃદ્ધ જે દિશામાં લઇ જાય છે તે દિશામાં તે ચાલ્યો જાય છે. પરંતુ થોડે વેગળે જતાં જ બાપરે ! આટલી બધી દુર્ગંધ ક્યાંથી ? અરે ! એ ક્યાં લઈ જાય છે ? બન્ને મળ-મૂત્ર નાંખવાની જગ્યામાં જઇ ઉભા. પ્રબોધચંદ્રનો હાથ ઝાલી આકર્ષણ કરતાં કરતાં તેને આગળ મોકલવાનો વૃદ્ધે યત્ન કર્યો. પ્રબોધચંદ્રે નાકે મ્હોડે વસ્ત્ર લપેટયું છે. વૃદ્ધ હજી તેને તે દિશામાં ખેંચી જાય છે. તે મ્હોટી વિપદમાં પડયો. તેનો જીવ ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યો. તેણે ધાર્યું: "ના, ના, હવે જરૂર નથી. શ્રીહરિ કાકાને મળવાની હવે જરૂર નથી." હજી પણ વૃદ્ધ તેને આગળ ખેંચી જતો હતો. તે તેને છોડવા ચ્હાતો ન હતો.

એ જ સમયે બીજા બે મનુષ્યો ત્યાં આવી ઉભા. તેઓ મ્હોટેથી

બોલ્યાઃ " ભાઈ! ગાંડાની સાથે ક્યાં જાઓ છો? એ દિશામાં તો મળમૂત્ર ત્યાગ કરવાનું સ્થાન છે. પેલાં બધાં જાજરૂ જુવો છો કે નહિ! આ બધા મળમૂત્રના રેલા દેખાય છે કે નહિ? જશો નહિ—એની સાથે—" એવું કહેતા કહેતા વૃદ્ધ ઉપર ક્રોધ કરવા લાગ્યા. તેમણે કહ્યુંઃ " ઓ બેવકુફ ગાંડા! ગૃહસ્થ માણસને ત્યાં કયાં લઇ જાય છે? હમણાં ત્હને યોગ્ય શિક્ષા કરૂં છું. યાદ રાખ." ત્રણે જણ વચ્ચે સખ્ત ટંટો ઉપસ્થિત થયો.

એમની તકરાર દરમ્યાન પ્રબોધચંદ્ર ન્હાસતો ન્હાસતો દરવાજા તરફ પાછો આવી પહોંચ્યો, પરંતુ હજી કોઈ તેનો પિચ્છો છોડતા નથી. એકે પૂછ્યુંઃ " ભાઈ! ક્યાં જવું છે?" બીજાએ પૂછ્યુંઃ " ભાઈ! ક્યાં જશો?" કોઇએ આવી કહ્યું: " એ તો ગાંડો છે ગાંડો!" વળી કોઇએ કહ્યું: " એની પાસે જશો નહિ. એ બચકું ભરે એવો છે." કોઈ તેનું લુગડું ખેંચવા લાગ્યું. કોઇ તેનો હાથ અને કોઇ તેનો પગ પકડી ખેંચ-તાણ કરવા લાગ્યું. કોઇ તેની કાછડી કાઢી નાંખવા લાગ્યું. કોઈ તેની ટોપી ઉછાળવા લાગ્યું. પ્રબોધચંદ્રનો જીવ હોઠ ઉપર આવી પહોંચ્યો—કહો કે તેના જીવમાં જીવ નહતો. એક તરફ ઘરની દારૂણ ચિન્તા! બીજી તરફ બંગલામાં રહેતા સજ્જન ગૃહસ્થોની આવી વર્તણુક! દુઃખ ઉપર દુઃખ! વિપદ ઉપર વિપદ! કોને કહેવું? ક્યાં જઇને ન્યાય માંગવો! તે બિચારો ન્હાસી જાય તો જ બચવા પામે. તેના મનમાં એવું થતું હતું કે: " શ્રી-હરિ કાકાને મળવાની કશી જરૂર નથી." એ ગડબડ ચાલતી જોઈ એક બે પ્રહરી સિપાહીઓ પણ ત્યાં આવી ચઢયા. જે સિપાહીએ તેને બંગલા-માં પ્રવેશ કરવાની રજા આપી હતી તે પણ આવી પહોંચ્યો હતો. પરંતુ હવે પ્રબોધચંદ્રને શ્રીહરિ કાકાને મળવાની ઇચ્છા નહોતી. હવે તો તે ન્હાસી જાય તોજ બચવા પામે તેમ હતું. જોત જોતામાં તે ત્યાંથી ન્હાઠો!

કોઇ દિશામાં જોવાની સુદ્ધા પ્રબોધને ઇચ્છા નહોતી. કોઈની વાત સાંભળવાની પણ તેને દરકાર નહોતી. ન્હાસતાં ન્હાસતાં તે બંગલામાંથી બહાર નીકળી રાજમાર્ગ ઉપર આવ્યો ત્યારે જ તેના જીવમાં જીવ આવ્યો. તેણે મનમાં જ કહ્યું: " રામ! રામ! બધાં જ ગાંડા! ગાંડાના હાથ-

માંથી છુટવું મહા મુશ્કિલ ! પ્રભુ ! તેંજ સહાય કરી. ” પ્રબોધ હજી પણ ઉંચે શ્વાસે દોડે છે. કૌતુક જોવા કેટલાંક માણસોનું ટોળું પણ તેની પાછળ પાછળ મ્હોટી બૂમો પાડતું દોડે છે ! પ્રબોધચન્દ્ર કહે છેઃ “ રામ ! રામ ! બધાં જ ગાંડા ! ” પાછળ દોડનાર મનુષ્યો કહે છે કેઃ “ ગાંડો ! ગાં–ડો–! પક—ડો–પ—કડો ! ”

પ્રકરણ ૪ થું.

જળ પ્રવાહમાં.

ત્રીજો પ્રહર વીતવાની તૈયારી છે. દિશાના જ્ઞાન વગરનો, ઉંચે શ્વાસે દોડતો–હાસતો પ્રબોધચંદ્ર વેગળે ખેતરમાં એક વૃક્ષ નીચે બેસી ગયો. મનમાં ઘણો જ ધિઃક્કાર ઉત્પન્ન થયો. ઉશ્કેરાઈ જઈ પોતાની જાતને તિરસ્કાર આપતો બોલ્યોઃ “ સંસારમાં ક્યાંય પણ સુખ નથી. ક્યાંય પણ શાંતિ નથી ! ” થોડી વાર પછી બોલ્યોઃ “ બળ્યું આ જીવન. જીવનમાં હવે સુખ–શાંતિનું પ્રયોજન શું છે ? હવે તો મ્હારે માટે મરણ એજ મંગળ જનક.”

આશાના સમુદ્રમાં, ચિન્તાના તરંગો વચ્ચે ડુબકાં ખાતાં ખાતાં મનુષ્ય જ્યારે નિરાશ થઇ જાય છે ત્યારે તે મરણને જ શ્રેયઃ સમજે છે. તેથી જ પ્રબોધચંદ્રે કહ્યુંઃ “ હવે તો મ્હારે માટે મરણ એ જ મંગળ જનક. ”

સ્હામુ પવિત્ર જળથી વહેતી ક્લેશ સંતાપ હારિણી, નિર્મળ સરિતા; મંદ ગતિએ પૂર્વથી પશ્ચિમમાં ગમન કરી રહી છે. કલનાદિનીનો કલકલ ધ્વનિ જાણે પ્રબોધચંદ્રને કંઇક સંકેત કરી રહ્યો છે. વૃક્ષ તળે બેસીને, નિરાશ થતો પ્રબોધચંદ્ર મરણના ખોળામાં આશ્રય લેવા માટે વ્યાકુળ થઇ રહ્યો છે. તે સમયે સહસા સંતાપનાશિની નર્મદાની સ્નેહધારા તરફ તેની દ્રષ્ટિ ખેંચાઈ. નર્મદાના કલ્લોલ નાદમાંથી તેના બે કાને જાણે આશ્વાસનની કંઇક અભય વાણી સાંભળી. તેણે સાંભળ્યું કેઃ માતા નર્મદા જાણે કલકલ સ્વરે

તેને કહે છે કેઃ "શાંતિની ઇચ્છા હોય, સુખની ઇચ્છા હોય તો આવ, મ્હારા ખોળામાં આશ્રય લે. હું સર્વને ચિર શાંતિ, ચિર સુખ આપું છું. હું મ્હારે આશ્રયે આવનારને સતાવતી નથી, તેને ગાંડો ઠેરવતી નથી, તેનો વિશ્વાસઘાત કરી જીંદગીનું અન્નજળ ઝુંટવી લેતી નથી, હું તેના પર કોર્ટમાં ખોટી ફરીઆદ કરી ખોટાં હુકમનામાં કરાવતી નથી, હું તેને ઠગતી નથી, હું તેને નિરાશ કરી કાઢી મૂકતી નથી, હું મ્હારા આશ્રિત જનો પ્રત્યે હમેશાં સત્યપણે વર્તું છું. હું તેમનાં ભય તાપ કાપી તેમને હમેશાં શાંતિ–સુખ આપું છું. જગતમાં મ્હારા જેવો ઉપકાર કોણ કરી શકે છે? જો સુખશાંતિની ઇચ્છા હોય, જો સંસારના વિવિધ પ્રકારના તાપ ક્લેશમાંથી મુક્ત થવું હોય તો આવો! સંસારનાં દુઃખી માનવીઓ! આવો! મ્હારે આશ્રયે આવો! મ્હારા ખોળામાં વિશ્રાંતિ લો."

એ આશ્વાસન વાણી સાંભળતાં જ પ્રબોધચંદ્ર ઉઠી ઉભો થયો. તેણે જગતનાં કોઈ પણ મનુષ્યને મુખેથી આવી વાણી સાંભળી નહોતી. તેથી તેને અત્યારે બહુ આનંદ થયો. તેણે જાણ્યું કેઃ "જગતમાં મ્હારૂં કોઇ પણ હિતસ્વી હોય તો તે માતા નર્મદાનું જ છે." તેણે ઉચ્ચ કણ્ઠે બે હાથ જોડી કહ્યુંઃ "માતર્નર્મદે! શાન્તિદાયિની માતા! સંસારમાં સુખ નથી. શાંતિ નથી. જ્યાં ત્યાંથી નિરાશ થઇને આવ્યો છું. ત્હારૂં આમંત્રણ સાંભળી આશ્વાસન પામ્યો છું. નિર્લોભી, નિઃસ્વાર્થી, નિષ્કપટી માતા! સંસારના લોભી, સ્વાર્થી અને કપટી મનુષ્યોનાં પુનઃ દર્શન કરવાની ઇચ્છા નથી. માતા! તમારા ખોળામાં સ્થાન આપો. સંતાપાગ્નિનું નિવારણ કરો. સુખ આપો. શાંતિ આપો." એમ કહી દોડતાં જઈ પ્રબોધચંદ્રે નર્મદાના જળમાં પડતું મૂક્યું.

એ જ સમયે પ્રબોધચંદ્ર ન જાણે તેમ કોઇએ તેની પાછળ જળમાં પડતું મૂક્યું, અને તેનો હાથ ઝાલી સાન્ત્વન આપતા કહ્યુંઃ "કેમ ભાઇ! આટલો બધો અધીરો કેમ થાય છે? સંસારમાં કોઇ પણ સ્થળે સુખ ના મળ્યું? શાંતિ ના મળી? તેથી જ જીવન વિસર્જન કરવા ચ્હાય છે? ના–ના–ભાઈ! નિરાશ થઈશ નહિ. આશા અમર છે. "કહી. લાખો નિરા-

શામાં અમર આશા છૂપાઇ છે.” એ વાક્ય ત્હેં સાંભળ્યું નથી? પુનઃ કહું છું કે આશા અમર છે. ગમે તેટલો તું નિરાશ થાય તો પણ યત્ન કરજે. અવસ્ય ત્હારી આશા ફ્રૂળિભૂત થશે. અવશ્ય ત્હને સુખ–શાંતિ પ્રાપ્ત થશે. આ તો કાયરનું કામ કહેવાય. ત્હારી પેઠે ઘણા કાયર મનુષ્યો પુરૂષાર્થ કરતાં થાકી જઈ છેવટે આત્મહત્યા કરે છે, પરંતુ તેમાં જીવનની સફળતા શી? જીવનમાં પ્રત્યેક સમયે મનુષ્યને સંગ્રામ કરવાનું જ હોય છે. પતિ પત્ની વચ્ચે, પિતા પુત્ર વચ્ચે, ભાઇ ભાઈ વચ્ચે, સેવક અને શેઠ વચ્ચે, રાજાએ પ્રજા વચ્ચે, વળી સુખ અને દુઃખ વચ્ચે, સંપદ અને વિપદ વચ્ચે, શ્રીમંતાઈ અને દરિદ્રતા વચ્ચે, સત્ય અને જુઠ વચ્ચે, એમ પ્રત્યેક વચ્ચે ક્ષણે ક્ષણે ઘોર સંગ્રામ ચાલી રહ્યું છે; પરંતુ સમરાંગણમાંથી બ્હીકણની પેઠે પાછા નહિ હઠતાં તેની સાથે વારંવાર યુદ્ધ કરવું જોઇએ, તો જ તેમાં સફળતા મળે છે. ભાઈ! જેને શોધવા ઘેરથી નીકળ્યો છે તેની શોધ કર. સુખ–શાંતિ અવશ્ય મળશે.”

પ્રબોધચંદ્રે જળમાંથી ડોકું ઉચ્ચુ કરી હાથ પકડનાર મનુષ્ય સ્હામુ જોયું, તો તેને એક મહાન તેજસ્વી, દિવ્યકાંતિધારી મહાત્મા જેવા પુરૂષનાં દર્શન થયાં. એક હાથે તેનો હાથ ઝાલી બીજો હાથ ઉંચો કરી તેને સાંત્વન આપતા તે પુરૂષ અતિ પ્રેમથી તેને બોધ આપતો જણાયો. પ્રબોધચંદ્ર એક દ્રષ્ટિએ તે શાંત મૂર્તિના સ્હામુ જોઇ રહ્યો. સાન્ત્વન દાતા પુરૂષે તેનો હાથ ઝાલી તેને જળ બહાર ખેંચી કાઢ્યો. કિનારે વૃક્ષ તળે બેસાડી પુરૂષે કહ્યું: “સુખ અને શાંતિ શોધવામાં માત્ર ત્હને જ નહિ પરંતુ સંસારના સર્વે જીવોને એવો જ ભ્રમ થાય છે. સંસારરૂપી ગાંડાઓની હૅાસ્પિટલમાં સર્વ મનુષ્યરૂપી ગાંડાઓની એવી ભ્રમિત અવસ્થા થઈ રહી છે. મ્હોટા મ્હોટા વિદ્વાનો, કવિઓ, રાજાઓ, અમાત્યો, વકીલો, બેરિસ્ટરો, મેજીસ્ટ્રેટો, મુનસફો, જડજો, વ્યાપારીઓ અને ગરીબોની પણ મતિ ભ્રમિષ્ટ થઈ છે! તેઓ સર્વે મોહમાયામાં લુબ્ધ થઇ રાત દિવસ સુખ શાંતિ મેળવવા અનેક પ્રકારના પાપ, પ્રપંચ કરી રહ્યા છે, અનેક પ્રકારની ગેરવર્તણુક ચલાવી અન્ન ધનના ભંડાર ભરવા યત્ન કરી રહ્યા છે તેમ છતાં પણ તેમને શાંતિ ક્યાં?

તેમને સુખ ક્યાં ? પ્રત્યેક મનુષ્ય શાંત ચિત્તે ક્ષણુ પર્યંત વિચાર કરી જુવે તો તેને જણાશે કે લક્ષાપતિ થવા છતાં, સ્ત્રી, પુત્ર હોવા છતાં તેનો લોભ છુટતો નથી, તૃષ્ણા દિવસે દિવસે વધતી જ જાય છે. અંતે દુષ્ટ તૃષ્ણા ઇંદ્રનું ઇંદ્રાસન અને કુબેરનો મહાન ભંડાર લેવા તત્પર થાય છે! યોગ્યતા વગર લોભમાં પડવાથી એવી તૃષ્ણા થાય છે અને તેજ દુઃખ અને અશાંતિ ઉત્પન્ન કરે છે. એક વખત તૃષ્ણાના માયા પાશમાં સપડાયા પછી–દુઃખના ચક્રાવામાં પડયા પછી–મનુષ્યને જ્ઞાન થાય છે અને ત્યાર પછી સુખ શાંતિ શોધવા આડે અવળે માર્ગે ભટકે છે–અથડાય છે–કુટાય છે! પણ ભાઇ! એવા પ્રસંગને માટે, આપણા પૂજ્યપાદ પિતૃ પિતામહ–યોગ સિદ્ધ જ્ઞાનીગુરૂ આર્યમહર્ષિઓ સંસાર–ક્ષેત્રનાં દ્વાર ઉઘાડી ગયા છે. તેમણે બતાવી આપ્યું છે કે, કયે માર્ગે પ્રયાસ કરવાથી સુખ–શાંતિ આપનાર ઇચ્છિત દેવતાનો કૃપા પ્રસાદ પ્રાપ્ત કરી શકાશે, પરંતુ અભાગી ભ્રમિતચિત મનુષ્યો, ગુરૂદેવના દર્શાવેલા માર્ગે સહજ પ્રવાસ કરતાં જ શંકાના હિંડોળામાં હિંચવા લાગે છે. માર્ગમાં જેને જુવે છે તેને શંકા ભરેલે ચિત્તે પૂછે છે કેઃ "ભાઈ! કયે માર્ગે પ્રયાણ કરતાં તે દેવતાનો સાક્ષાત્કાર થશે?" એ સમયે પ્રત્યેક પ્રવાસીઓ નૂતન નૂતન માર્ગ દર્શાવે છે. તે સમયે જ મનુષ્ય પૂજ્યપાદ પિતૃ પિતામહનો દર્શાવેલો માર્ગ ત્યાગી દઇ નવીન માર્ગે પ્રયાણ કરવાનો આરંભ કરે છે. ધીમે ધીમે તે માર્ગે પણ વિઘ્નો ઉપસ્થિત થાય છે ત્યારે પુનઃ બીજે માર્ગે પ્રયાણ કરે છે. એ પ્રમાણે પ્રત્યેક મનુષ્ય પોતપોતાનો ધર્મ છોડી દઇ ક્રમે ક્રમે પરધર્મ, ઉપધર્મ અને અંતે અધર્મને માર્ગે પ્રવાસ કરીને દુઃખ પામે છે. ભાઇ! સ્વધર્મ છોડયાથી કોણુ સુખી થયું છે? શ્રીકૃષ્ણુ ભગવાને તેથીજ અર્જુનને કહ્યું છેઃ "પોતાના ધર્મમાં નિર્ધન રહેવું શ્રેય છે. પરધર્મ તો ભયપ્રદ જ છે." આ સત્ય વાર્તા જ્યાં સુધી આર્યાવર્તમાં સુધરેલા–કહો કે બગડેલા–કહો કે પરધર્મમાં વટલેલાં–મનુષ્યો લક્ષ્યમાં નહિ લે અને સ્વધર્મ પ્રમાણે નાહ વર્તે ત્યાં સુધી તેમના સંસારમાં સુખ અને શાંતિનું રાજ્ય થશે નહિ! ચાલ! ભાઈ! પાછો ચાલ, તને સુખ અને શાંતિ સર્વ મળશે."

પ્રબોધચંદ્ર તે પુરૂષના સ્હામુ ભયચકિત નેત્રે, ગાંડાની પેઠે જોઇ

રહ્યો હતો. તેણે કહ્યું: "આપ એ શું કહો છો? હું કશું સમજી શકયો નથી."

પુરૂષ: "હું કહું છું કે: જો સુખ શાંતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો સુખ શાંતિ આપવાની જેનામાં સત્તા છે તેની શોધ કર."

પ્રબોધચંદ્ર આશ્ચર્ય પામી સહજ ક્રોધ ભરિત સ્વરે બોલ્યો: "એ તમે શું કહો છો! શ્રીહરિ કાકાને શોધવા જતાં તો મ્હેં આટલું બધું અપમાન–અને કષ્ટ સહન કર્યું! ઓ બાપરે! ગાંડાઓના સપાટામાં આવી ગયો હતો. ક્યારનોએ માર્યો ગયો હોત!"

તે પુરૂષે પ્રેમ ભરેલી દૃષ્ટિએ જોઈ પૂછ્યું: "ત્યારે શું તમે મ્હને પણ ગાંડો જ સમજો છો કે? જો તેમ ના સમજતો હોય તો ચાલો, આવો મ્હારી સાથે."

એ સમયે પ્રબોધચંદ્રને ઘરની વાત યાદ આવી. માતા અને પત્નીને તે કેવી અવસ્થામાં ઘેર પડતાં મૂકી આવ્યો હતો તે પણ યાદ આવ્યું. તે સાથે જ સુંદર બાળક પુત્રના રોગીષ્ટ મુખની કરૂણાજનક છબી તેના હૃદયમાં પ્રતિબિંબિત થઇ. પ્રબોધચંદ્રનાં નેત્રમાંથી આંસુ ટપકવા લાગ્યાં. તેણે કહ્યું: "ના, ના. હું આપની સાથે આવીશ નહિ. હું દારૂણ વિપદથી ઘેરાયલો છું."

તે પુરૂષ ખડખડ હસી પડયો. હસતાં હસતાં જ તેમણે કહ્યું: "તું હમણાં મરણ પામતો નહોતો કે? જો હું ના આવી પહોંચ્યો હોત તો ક્યારનોએ તું નર્મદાના ગર્ભમાં ચિરનિદ્રા લેતો હોત! તું તો મરણને જ મંગલજનક માનતો હતો ખરૂં ને? ત્યારે મનમાં જ ધારી લેને કે જાણે તું મરણ પામ્યો છે. તું મનમાં કેમ ધારતો નથી કે ત્હારા મરણથી ત્હારા અસહાય પરિવારનો જે આશ્રયદાતા થનાર હતો તેજ તેમનું રક્ષણ કરે છે। આવ, મ્હારી સાથે આવ. ગાંડાઈ છોડી દે."

એમ કહી તે પુરૂષે પ્રબોધચંદ્રનો હાથ પકડી ઉભો કર્યો, અને પોતાની સાથે દોર્યો, તે મંત્ર મુગ્ધની પેઠે તેમની પાછળ પાછળ ચાલ્યો.

પ્રકરણ ૫ મું.

સંબંધ.

પ્રબોધચંદ્ર પોતાની વિપતિમાંથી મુક્ત થવા માટે શ્રીહરિ કાકાને મળવા ગયો હતો પરંતુ બુદ્ધિ ભ્રમ થવાથી સિપાહી વગેરે લોકોના કહેવાથી તે ગાંડાની હૉસ્પિટલમાં જઈ પહોંચેલો હતો! ત્યાં હિતને બદલે વિપરિત થયું હતું. ત્યાં શ્રીહરિ કાકા કેવા? ત્યાં તો સર્વત્ર ગાંડા જ ગાંડા! શ્રીહરિ કાકાની મુલાકાત થઇ નહિ. તે સાથે પોતાના કુટુંબ પરિવારની કેવી સ્થિતિ થઈ તે સંબંધી તપાસ પણ કરી શકયો નહિ.

શ્રીહરિ ચતુર્વેદી ન્યાયનિષ્ઠ અને સત્ય પરાયણ મનુષ્ય તરીકે સર્વત્ર સુપ્રસિદ્ધ હતા. પ્રબોધચંદ્રની માતાને તેઓ “ માતા ” કહીને જ બોલાવતા. ભત્રિજા પ્રબોધચંદ્રને તેઓ પોતાનો ન્હાનો ભાઈ સમજી તેના પર અતિશય સ્નેહ રાખતા હતા. વિપિનચંદ્ર, એ શ્રીહરિ ચતુર્વેદીનો ન્હાનો ભાઇ થતો હતો. બન્નેના સંસાર વચ્ચે પ્રીતિનું ગાઢ બંધન બંધાયા પછી વિપિનચંદ્ર અને પ્રબોધચંદ્રને નામે શ્રીહરિએ એક વ્યાપારી પેઢી ઉઘાડી આપી હતી. તેમાં પ્રબોધચંદ્રે થોડાક રૂપિયા આપ્યા હતા અને વિપિનચંદ્ર તરફથી શ્રીહરિએ રૂપિયા આપ્યા હતા. ઘણા દિવસ સુધી વ્યાપારી પેઢી બરાબર ચાલી. શરૂવાતમાં શ્રીહરિ પોતે જ પેઢી પર થોડો થોડો વખત રોકાઈ સર્વ પ્રકારની દેખરેખ રાખતા. તેમ થવાથી પ્રબોધ અને વિપિનની વચ્ચે કોઇ જાતનો અણબનાવ કે કુસંપ થયો નહિ. બન્ને વચ્ચે સ્નેહનું બંધન બંધાયા પછી અને વ્યાપાર સારી પેઠે ચાલતો જણાયા પછી શ્રીહરિએ તપાસ રાખવાની જરૂર જોઇ નહિ. તેઓ ત્યાં જતા બંધ પડયા, અને વિપિન તથા પ્રબોધને લાયક જાણી તેમને સર્વ કામ સોંપી દઇ નિશ્ચિંત થયા. વ્યાપારમાં શું થાય છે કે શું નહિ? તેના સમાચાર પણ તેઓ કાઢતા નથી. એટલું જ નહિ પણ પિતૃભૂમિનો ત્યાગ કરી પતીતપાવની નર્મદા નિવાસ કરવાની ઇચ્છાથી હમણાં તેઓ શહેરથી દૂર નિવાસ કરી રહ્યાનું કહેવાય છે. હમણાં

તેઓ વાનપ્રસ્થાશ્રમના જેવું જ શાંત જીવન ગાળતા હોવાથી તેમના આત્મીય–સ્વજન પણ તેમની સાથે વિશેષ સંબંધ રાખતાં નહિ. તેઓ ક્યાં રહે છે અને કેવી રીતે દિવસો વ્યતીત કરે છે, એ સંબંધી અનેક મુખે અનેક વાતો સંભળાતી હતી ખરી, પરંતુ પ્રબોધચંદ્ર કે વિપિનચંદ્ર-માંથી કોઈ તેમની મુલાકાત લેતું નહિ. તેઓ શહેરમાં નિવાસ કરે છે એટલું જ પ્રબોધચંદ્ર જાણતો હતો. એટલા ઉપરથી જ પ્રબોધચંદ્ર શ્રીહરિને શોધવા ગયો હતો, પરંતુ તેમને શોધી શક્યો નહિ. ઉલટો દુઃખી થયો હતો.

જે મહાપુરૂષનાં બોધદાયક સુમિષ્ટ વચનો સાંભળી પ્રબોધચંદ્રે મરણ પામવાનો સંકલ્પ ત્યાગ કર્યો હતો, અને જેની પાછળ પાછળ જતો હતો તેની સાથે તેને એકાદ ગાઉ ચાલવું પડયું. માર્ગમાં ચાલતાં ચાલતાં થોડી વારે પ્રબોધચંદ્રના મનમાં ઘરની વાત યાદ આવતી, ત્યારે ચાલતાં ચાલતાં જ તે ચમકીને ઉભો રહેતો અને તે પુરૂષને કહેતો કેઃ "ના ભાઇ! હું તમારી સાથે આવી શકીશ નહિ. મ્હારૂ મન બહુ ચંચળ થયુ છે. મ્હારૂં ચિત્ત અનેક ચિંતાથી ઘેરાયુ છે."

પરંતુ પુરૂષ તેને શિખામણ આપી કહેતો કેઃ "ભાઈ! વૃથા ચિન્તા કરવાથી ફળ શું? હમણાં તું ઘેર જઇને શું કરી શકશે? જે થવાનું છે તે થયા જ કરશે. તે કાર્ય–પ્રવાહ તું રોકી શકે એમ છે કે?"

પ્રબોધઃ "તમારી સાથે આવવાથી મ્હને શું ફળ મળશે?"

પુરૂષઃ "તું જે સુખ શાંતિ શોધે છે તે સુખ શાંતિ મળશે?"

પ્રબોધઃ "મ્હને સુખ શાંતિની ઇચ્છા નથી. મ્હારે માટે તો મરણ એજ મંગળદાયક છે."

પુરૂષઃ "ભલા માણસ, તું તો જળમાં મરણ પામવા ગયો'તોને? ત્યારે હવે મનમાં એમજ સમજ કે જાણે તું મરણ જ પામ્યો છે! અને જે મરણ પામ્યો છે તેને વળી આકાંક્ષા કેવી? ચાલ, આવ, મ્હારી સાથે આવ." માર્ગમાં ચાલતાં ચાલતાં આવી અનેક વાત ચિત થઇ હતી, પરંતુ તેની એક પણ વાત તે પુરૂષે લક્ષ્યમાં લીધી નહોતી. તે બિચારો મંત્રી લીધેલો શિષ્ય હોય તેમ ગુપચુપ તે પુરૂષની પાછળ પાછળ ચાલતો હતો.

ચાલતાં ચાલતાં બન્ને નર્મદાને કિનારે એક નિર્જન ગામમાં આવી પહોંચ્યા. પ્રથમ તો પ્રબોધચંદ્રના મનમાં એવું જ થયું કે: " તેની સાથેનો પુરૂષ તેને શ્રીહરિની પાસે જ લઈ જાય છે. પરંતુ ધીમે ધીમે વસ્તીનો ભાગ ત્યાગ કરી તેઓએ અરણ્યમા પ્રવેશ કર્યો ત્યારે તેનો તે વિશ્વાસ જતો રહ્યો. પ્રબોધચંદ્રે પૂછ્યું: " તમે મ્હને ક્યાં લઈ જાઓ છો ? " તેની સાથેના પુરૂષે ઉત્તર દીધો: " વળી પાછો એ પ્રશ્ન શા માટે પૂછે છે ? મનમાં એવું જ ધારી લે કે તું તો મરણ પામ્યો છે ! "

પ્રબોધચંદ્ર વિશેષ તર્ક વિતર્ક કરવા સમર્થ થયો નહિ. તર્ક કરવાનું તેને પ્રયોજન પણ જણાયું નહિ. જે મનુષ્ય એક વખત નિરાશાના સાગરમાં નિમગ્ન થાય છે તે પછી તેના પ્રવાહમાં તણાતો જ ચાલ્યો જાય છે. પ્રબોધચંદ્ર તે પ્રમાણે તણાતો ચાલ્યો.

પ્રકરણ ૬ ઠું.

સેવાશ્રમ.

અરણ્યમાં ઘણા દિવસનું જીર્ણ થયેલું એક મોટું મહાલય હતું. ઘણા દિવસનું જુનું હોવા છતાં કોઇ તેને દુરસ્ત કરાવતું નહોતું. તેથી ઘણે સ્થળેથી તે ખંડિત જણાતું હતું. પરંતુ તેનો જે વિભાગ જીવતો જાગતો હતો તે જાણે કાળના પદાઘાતની મશ્કરી કરતો હતો ! નર્મદાને કિનારે જળપ્રવાહની અતિ નિકટ તે મહાલય હતું, છતાં નદીના ગર્ભમાંથી દ્રષ્ટિપાત કરતાં મહાલય એકાએક દ્રષ્ટિગોચર થતું નહતું. નદી કિનારે આવેલા મહાલયના આગલા વિભાગમાં કેટલાંક ઉચ્ચ વૃક્ષો હતાં. તેની પલ્લવ ઘટાએ મહાલયને ઢાંકી દીધું હતું—લોક દ્રષ્ટિથી અગોચર કર્યું હતું. મહાલયની અગાશીમાં જવાથી નદીનો પટ સારી પેઠે જોઇ શકાતો પરંતુ નદીના પ્રવાહમાં ઉભા રહીને જોતાં મહાલય બિલકુલ જણાતું નહિ. પ્રકૃતિ દેવીના પ્રસાદ—વૃક્ષ પલ્લવ વડે તેની રચના એવી રીતે જ બનાવ-

વામાં આવી હતી. મહાલયની ભીંત આગળથી નર્મદા બે વિભાગમાં વહેં-ચાઈ જતી હોવાથી એ સ્થળને "દ્વિધારા–દુધારા" કહેવામાં આવતું. દ્વિધારાના મૂળ આગળ ઉભેલું મહાલય જાણે એકાદ કિલ્લો હોય તેવું જણાતું હતું. કેટલા સમય પૂર્વે કયા મનુષ્ય દ્વારા એ મહાલય બંધાયું હશે તેનું કાંઈ પણ ચિહ્ન જણાતું નથી. તેમ છતાં બરાબર લક્ષ્યપૂર્વક તપાસ કરવાથી જાણી શકાય છે કે એક સમયે તે મહાલયની એક કિલ્લામાં ગણત્રી થતી હોવી જોઇએ. મનુષ્યના સંબંધ વગરના શૂન્ય સ્થાનમાં ગાઢ અરણ્ય પ્રદેશમાં હોવાથી મહાલયના અસ્તિત્વ સંબંધી પણ અત્યારે અનેક મનુષ્યો માહિતગાર નહોતાં. જે મનુષ્યો તેનું અસ્તિત્વ જાણતાં હતાં તેમની જીભે તેઓ નાના પ્રકારે તેની ઓળખ આપતા હતા. કોઈ કહેતા કેઃ "એ મકાનમાં ભૂતનો નિવાસ છે. જેમની સદ્‌ગતિ થતી નથી તેઓ એ સ્થાનમાં જઇને આશ્રય લે છે. એમાં કેટલાએ અલૌકિક, આશ્ચર્યકારક બનાવો બન્યા છે. ભૂતડાં ધીમે ધીમે મનુષ્ય અને ઢોરોને તેમાં લઇ જઈ ખાઇ જાય છે! એમાંનાં ભૂતડાંઓએ પ્રવાસીઓ સહિત મ્હોટી મ્હોટી નૌકા પેટમાં ઉતારી દીધી છે!" એવી અનેક મ્હોડે અનેક વાતો સાંભ-ળવામાં આવતી હતી. એ મકાનની આસપાસ અર્ધ ગાઉ પર્યંતની હદમાં લોકોની આવ જા લગભગ બંધ પડ્યા જેવું જ હતું. કારણ કે લોકોને તેમાંના ભૂતનો ભય હતો. માછી લોકો રાતને સમયે કદી પણ "દ્વિધારા" તરફ નૌકા લઈ જવાનું સાહસ કરતા નહિ! તેમને પણ ભૂતોનો જ ભય!

એ મહાલય સંબંધી જનસમાજ અજાણ હોવા છતાં હજી પણ તે મનુષ્યના નિવાસથી શૂન્ય નહતી. નિર્જન અરણ્યમાં આવેલું તે વિશાળ મહાલય અત્યારે એક "આશ્રમ" તરીકે ગણાતું હતું. એ આશ્રમના અધિ-ષ્ઠાતાનું નામ નારાયણદેવ હતું. તે બ્રાહ્મણ હતા. કહેવાય છે કેઃ નર્મદા તીરે નિવાસની ઇચ્છાથી તેમણે એ એકાંત મહાલયને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું છે. નારાયણદેવનું વય કેટલું થયું છે તે કોઇ પણ કલ્પી શકતું નહિ. એંશી વર્ષનો એક વૃદ્ધ મિત્ર તેમની સાથે આવ્યો હતો. તે વૃદ્ધના અત્યારે દાંત પડી ગયા છે, શરીરની ચામડી લબડી ગઈ છે, વાળ ધોળા

થઈ ગયા છે. પરંતુ નારાયણદેવ અદ્યાપિ પર્યંત બળિષ્ઠ, સુંદર અને જાણે યુવા પુરૂષ હોય તેમ જણાય છે. વૃદ્ધ મિત્ર કહે છે કેઃ "હું નારાયણદેવને હમેશાં એવા જ બળિષ્ઠ, કાંતિવાન જોતો આવું છું. અમારા ઘણા મિત્રો વૃદ્ધાવસ્થાને લીધે નર્મદાના જળમાં આશ્રય સ્થાન પામ્યા છે પરંતુ નારાયણદેવ જાણે અજર અમર થઈ રહ્યા છે! શરીરનો રંગ જાણે તપાવેલા સુવર્ણ જેવો. મસ્તકના વાળ ધોળા થયા છે ખરા પરંતુ તે જાણે તેની શોભા વધારવા માટે જ હોય તેમ જણાય છે. દંત પંક્તિમાંથી એક પણ પંક્તિભ્રષ્ટ થયો નથી. તેમના નિરંતર હાસ્ય કરતા મુખમાંની શ્વેત દંત-પંક્તિ જાણે એક પ્રકારનો પ્રકાશ વિકાસ કરતી હોય તેમ જણાય છે. તેમના બન્ને હાથમાં હજી પણ મસ્ત હાથીના જેટલું બળ છે. અતિ બળવાન પહેલવાન જેટલો ભાર અતિ પ્રયાસે ઉચકી શકતો નથી તેટલો તેઓ ક્ષણવારમાં ઉચકી શકે છે. તેમના તપાવેલા સુવર્ણ જેવા દેહ ઉપર શુભ્ર યજ્ઞોપવીતનું દર્શન કરતાં, કાવ્યપ્રિય મનુષ્યના મનમાં માઘ-કવિના વર્ણવેલા નારદ મુનિનું ચિત્ર તાદ્રશ્ય થાય એમ છે. તેમના ઉજળા શરીર ઉપર, ગરૂડની પાંખ પેઠે વિસ્તરેલું ઉપવીત, નન્દન વનની સ્વર્ણ લતા પેઠે અથવા શરદ્ ઋતુનાં વાદળામાં ચમકતી વિજળીની પેઠે શોભાયમાન થઈ રહ્યું હતું. કવિની પેઠે ઉપમા આપતાં કહીએ તોઃ-

"विहंगराजांगरुहैरिवाय तैर्हिरण्मयोर्व्वीरुह वल्लितन्तुभिः ॥
कृतोपवीतं हिमशुभ्रमुच्चकैर्घनं घनान्ते तडितां गुणैरिव ॥"

નર્મદાને કિનારે-મહારૂદ્ર પાસેના સ્થાનમાં-નિવાસ કરવાની વાત પ્રસરવા છતાં નારાયણદેવ કયા ઉદ્દેશને માટે એ એકાંત સ્થાનમાં આવી નિવાસ કરતા હતા. તે એકાએક કોઈ જાણી શકતું નહિ. એ વિશાળ મકાનના જૂદા જૂદા વિભાગમાં જૂદી જૂદી વ્યવસ્થા કરવામાં આવી હતી. એક વિભાગમાં એક પાઠશાળા હતી. તે સ્થળે સંસ્કૃત શાસ્ત્ર ગ્રન્થાદિનું અધ્યયન થતું. એક વિભાગમાં રોગી મનુષ્યોની સેવા કરવાનું સ્થાન હતું. ત્યાં કેટલાક રોગી મનુષ્યોની સેવા-શુશ્રુષા કરવામાં આવતી. એક વિભાગમાં દેવદેવીની મૂર્તિઓ રાખવામાં આવી હતી. ત્યાં દેવની આરાધના અને દેવ સેવા કરવામાં આવતી.

એજ પ્રમાણે પાકશાળા, ભણ્ડાર, ગોશાળા, વગેરે ગૃહસ્થને યોગ્ય હોય એવી સર્વે સામગ્રીની સુંદર રીતે વ્યવસ્થા કરી હતી. નિઃસ્વાર્થ ભાવે, નિશ્ચિંત મને, જીવન ગાળવાની ઇચ્છાએ નર્મદા નિવાસ કરવા આવી નારાયણદેવ, જાણે એક પ્રકારનો મ્હોટો સંસાર ફેલાવી બેઠા છે! જનસમાજ સાથે તેમના સંસારનો સંબંધ અતિ અલ્પ જણાય છે ખરો પરંતુ સૂક્ષ્મ રીતે વિચાર કરતાં જાણી શકાય છે કેઃ જનસમાજ સાથે તેમનો વિશેષ સંબંધ છે. એ એકાંત સ્થળમાં નિવાસ કરવા છતાં નારાયણદેવે જનસમાજ સાથે જેવો સંબંધ રાખ્યો છે તેવો સંબંધ, જનસમાજમાં સર્વદા રહેવા છતાં અન્ય મનુષ્યો રાખી શકે તેમ નથી!

પ્રબોધચંદ્રને સાથે લઇ જે મનુષ્યે એ મહાલયમાં પ્રવેશ કર્યો તે પ્રથમ નારાયણદેવની પાસે પ્રબોધચંદ્રને લઈ ગયો. નારાયણદેવને જોતાં જ પ્રબોધચંદ્રે મસ્તક નમાવી પ્રણામ કર્યા. નારાયણદેવે "નારાયણ" કહી પ્રબોધને આશિર્વાદ આપ્યો અને પૂછ્યુંઃ "ભાઈ! ખુશીમાં તો ખરો?"

પ્રબોધચંદ્રે ગદ્‌ગદ્ કણ્ઠે ઉત્તર દીધો. "ખુશીમાં કે દિલગીરીમાં તે સર્વ આપ જાણી શકો છો. હવે તો મરણથી જ ખુશી થઇશ."

નારાણદેવે પ્રબોધચંદ્રને માથે હાથ મૂક્યો, અને કહ્યુંઃ "ભાઇ, ભગવાન મંગલમય છે. પૃથ્વી મંગલ ધામ છે. તેના રાજત્વમાં અમગલ થવાનો સંભવ જ નથી. અંતઃકરણમાંથી અમંગલ થવાની આશંકા દૂર કર. મંગલમય ભગવાન અવસ્ય ત્હારૂ મંગલ કરવાની વ્યવસ્થા કરશે.'

પ્રબોધચંદ્રઃ "મ્હારી વિપદ સંબંધી સર્વ વૃતાન્ત આપ જાણતા નથી. જે અશાંતિની અગ્નિમાં મ્હારૂં હૃદય-મન દગ્ધ થાય છે, તેની નિવૃત્તિ મરણ થતાં પણ થશે કે નહિ તે કહી શકાય નહિ."

એટલું કહી પ્રબોધચંદ્રે પોતાની વિપદ-કથા કહી સંભળાવવાનો યત્ન કર્યો. નારાયણદેવે તેને અટકાવી કહ્યુંઃ "બસ, ત્હને એટલી જ અશાંતિ છે? ભગવાન શાંતિમય છે. ત્હારી અશાંતિ કદી પણ રાખશે નહિ. સ્થિર થા, શાંત થા, વિશ્વાસ રાખ. તે શાંતિદાતા મંગલમય ભગવાનના ચરણમાં એક વાર પ્રાણ-મન સમર્પણ કર. અશાંતિ દૂર થશે. સુખ-શાંતિ પ્રાપ્ત કરી

પ્રફુલ્લ થશે. આનંદ પામશે. તેને ચરણે શરણે ગયેલું કોઇ પ્રાણી દુઃખ પામતું નથી. વિશ્વાસ રાખ. ત્હારૂં કલ્યાણ થશે."

પ્રબોધચંદ્ર ઉંડો નિઃશ્વાસ મૂકી કહ્યું: "હવે તે આશા નથી. મ્હારૂં સર્વસ્વ ગયું છે. મ્હારા સ્ત્રી પુત્રનો હાથ ઝાલી મ્હારી નિરાધાર માતા ઘર છોડી ક્યાં જઇને ઉભી હશે ? એ વાતનું સ્મરણ કરતાં મ્હારૂં હૃદય ચૂર્ણ વિચૂર્ણ થઈ જાય છે! હું જીવતો છતાં તેમનું એવું પરિણામ મ્હારે જોવું પડયું."

પ્રબોધચંદ્ર ન્હાના બાળકની પેઠે છુટે મ્હોડે રડી પડયો. નારાયણદેવે પ્રેમભરેલા શબ્દો કહી તેને શરીરે હાથ ફેરવ્યો અને તેને અભયદાન દેતાં કહ્યું: "ભય નહિ ! ભગવાન ઉપર આધાર રાખ. વિશ્વાસ રાખ, ભગવાન મંગલમય છે. તે કદી પણ અમંગલ કરશે નહિ."

એમ કહી પ્રબોધચંદ્રનો હાથ ઝાલી નારાયણદેવ તેને એક બીજા ઓરડામાં લઇ ગયા. નારાયણદેવનો સ્પર્શ થતાં પ્રબોધચંદ્રના પ્રાણમાં જાણે આશાનો વિજળીક પ્રવાહ વહેવા લાગ્યો.

પ્રકરણ ૭ મું.

વિશ્વાસ.

નારાયણદેવની સંગતિ અને સદ્બોધથી પ્રબોધચંદ્રનું ચિત્ત કંઇક સ્વસ્થ થયું. તેને માટે આહારાદિની યથાયોગ્ય વ્યવસ્થા થઇ. તેનું મન સ્થિર અને શાંત કરવા માટે યથાયોગ્ય યત્ન થવા માંડયો.

નારાયણદેવે કહ્યું: "ભાઇ ! માત્ર સુખ—શાંતિ, સુખ—શાંતિ બોલીને વ્યાકુળ થવાથી સુખ—શાંતિ મળતી નથી, પણ જે સુખ—શાંતિ આપનાર છે, તેના ઉપર સંપૂર્ણ રૂપે વિશ્વાસ નહિ રાખવાથી કદી પણ સુખ—શાંતિ પ્રાપ્ત થશે નહિ."

પ્રબોધચંદ્ર: "જીવનપર્યંત હું તેના પર વિશ્વાસ રાખતો આવ્યો છું પરંતુ તેમણે મ્હને કશોએ ન્યાય આપ્યો નહિ! તેના ઉપર વિશ્વાસ રાખવાનું જે ફળ મળ્યું છે તે તો આપ જાણો જ છો."

નારાયણુદેવ ! "ત્હારી વાતચિત ઉપરથી જે કંઈ જાણી શકયો છું તે ઉપરથી તો એમ જ જણાય છે કે તું ભૂલે ચૂકે પણ તેના ઉપર વિશ્વાસ રાખતો ન હતો !"

નારાયણદેવનો ઉત્તર સાંભળતાં જ પ્રબોધચંદ્ર શરીરે કમ્પી ઉઠયો. તે મનમાં જ બોલ્યો: "નારાયણદેવ આ શું બોલે છે? ચિર જીવન તો હું ભગવાન ઉપર શ્રદ્ધા–વિશ્વાસ રાખતો આવું છું. સત્યને માર્ગે ચાલું છું." તેણે કહ્યું: "આપ એ શું બોલો છો? હું હમેશાં ભગવાન ઉપર વિ-શ્વાસ રાખું છું."

નારાયણદેવ: "હું તો તેમાંનું કશું દેખતો નથી."

પ્રબોધચંદ્ર: "મ્હેં કહ્યું તો છે કે વિપિને મ્હારા પર જેટલા અત્યાચાર કર્યા છે તેટલા મ્હેં સહન કર્યા છે. મ્હેં તો એટલું જ કહ્યું છે કે: "ભગવાન્ ! તમે એનો ન્યાય કરજો.'' એથી અધિક હું શું કહી શકું?"

નારાયણદેવે સ્મિત હાસ્ય કરી કહ્યું: "ભાઈ! એ ભગવદ્ વિશ્વાસ કહેવાય નહિ. ત્હેં ભગવાન ઉપર વિશ્વાસ રાખ્યો હતો કે મનુષ્ય ઉપર ? કહું તે સાંભળ. જો તેં સત્ય રીતે ભગવાન ઉપર જ વિશ્વાસ રાખ્યો હોત તો તું ત્હારા શ્રી હરિકાકાને શોધવા દોડત જ શા માટે? જેને ભગવાન ઉપર વિશ્વાસ હોય છે તે નિશ્ચિંત થઇને બેસી રહે નહિ કે? જેનો સંસાર હોય તે તેનું રક્ષણ કરે. ત્હારે ચિન્તા શા માટે કરવી જોઇએ ભાઈ?"

પ્રબોધચંદ્ર: "રક્તમાંસના શરીરનું મનુષ્ય કદી પણ એટલો બધો નિશ્ચિંત રહી શકે નહિ. કર્મ કર્યા શિવાય અન્ય માર્ગ જ નહિ."

નારાયણદેવ: "ત્યારે પછી વિશ્વાસની વાત શા માટે કહે છે? જ્યારે દુઃખ પડે ત્યારે તેને બોલાવવો, અને જ્યાં સુધી પોતાનામાં સામર્થ્ય છે ત્યાં સુધી તેનું–ભગવાનનું–નામ નિશાન કોણ જાણે છે? શું એ ભગવદ્ શ્રદ્ધા કહેવાય?"

પ્રબોધચંદ્ર: "હું શાસ્ત્ર જાણતો નથી. એ સંબંધી મ્હને કદી પણ ગુરૂઉપદેશ મળ્યો નથી. આપ મ્હને એ સર્વ સમજાવો. એ વિશ્વાસ કેવી રીતે રાખવો?"

નારાયણદેવઃ "બહુ સારૂં. ત્હને સર્વે સમજાવીશ. પરંતુ સમજાવતાં પહેલાં આ એક ન્હાનું પુસ્તક વાંચી જો. હું હમણાં જ આવું છું. એ પુસ્તક વાંચ્યા પછી ત્હારે જે પૂછવું હોય તે પૂછજે. ઉત્તર મળશે."

એમ કહી નારાયણદેવે તેના હાથમાં એક ન્હાનું પુસ્તક મૂક્યું, અને તેઓ અન્ય કાર્યે ચાલ્યા ગયા. પ્રબોધચંદ્ર એકાંતમાં બેસી તે પુસ્તક વાંચવા લાગ્યો.

પ્રકરણ ૮ મું.

અસહાયનો ઈશ્વર.

ભગવાન ઉપર આત્મશ્રદ્ધા સંબંધી, ક્ષુદ્ર પુસ્તકમાં નીચે પ્રમાણે લખ્યું હતુંઃ—

(૧)

ભગવાન ઉપર આત્મશ્રદ્ધા રાખો. ભગવદવિશ્વાસ એજ મનુષ્યને માટે ચિર મંગલ વિધાન છે. સ્વધર્મમાં મતિ રાખો. તેમ થવાથી વિપદ દૂર ન્હાસી જશે. ભગવાને કહ્યું છે કેઃ—

"अरक्षितं तिष्ठति दैवरक्षितं सुरक्षितं दैवहतं विनष्यति ॥
जीवत्यनाथोऽपि वने विसर्जितः कृत प्रयत्नोऽपि गृहेनजीवति"॥

"જેનું કોઈ રક્ષણ કરતું નથી અર્થાત્ જેનો કોઈ નથી તેનું ભગવાન રક્ષણ કરે છે, અને તેનો ભગવાન છે. મનુષ્યનું સહસ્ર મનુષ્યો રક્ષણ કરનાર હોય અને સહસ્ર યત્ન કરવામાં આવે તો પણ તેથી કશું ફળ મળતું નથી." પરંતુ ભગવાન ઉપર વિશ્વાસ રાખીને અસહાય અનાથ અવસ્થામાં કોઇ મનુષ્યને અરણ્યમાં ફેંકી દેવામાં આવે તોપણ ભગવાન તેનું રક્ષણ કરે છે.

કેવું ભયંકર! ૧૯૫૬ માં મરકીએ કેવું ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હતું! ભરૂચમાં સખ્ત મરકી ચાલતી હતી. ભરૂચમાં ઘણાં ઘર અને હવેલીઓમાં જ્યાં નિત્ય મનુષ્યોનો કોલાહલ મચી રહેતો ત્યાં આજે શૂન્યકાર

જણાય છે! મરકી ચેપી રોગ છે. રોગીની સેવા શુશ્રૂષા કરવા જનારનું પણ તે રોગ ગળું ઝાલે છે! ડાક્ટરોએ જાહેર ખબરો બહાર પાડી જણાવ્યું છે કે: "રોગીની પાસે જવામાં બહુ સાવચેતી રાખવી. રોગીનો શ્વાસોશ્વાસ કોઈએ પોતાના શ્વાસોશ્વાસમાં લેવો નહિ! તેનાં કપડાંને સ્પર્શ કરવો નહિ. તે ઘરમાં રહેવું નહિ! વગેરે" હવે બીજું શું જોઇએ! લોકો પ્રાણ જવાની બ્હીકે ઘરબાર નીકળી ગયા. કોઇ કોઇનો ભાવ પૂછતું નથી. સગાં સંબંધી કરતાં જીવને વ્હાલો ગણનાર મનુષ્યો અને તેમાં પણ શ્રીમંત લોકો ગમે તેવા સગા સંબંધી કે મિત્ર સ્વજન રોગીની દરકાર કરતા નથી! કોઇ પોતાની પ્રિય પત્નીની પાસે જતા નથી, કોઇ પોતાના વ્હાલા બંધુને જળપાન કરાવતું નથી. કોઈ પોતાના એકના એક પુત્રથી દોઢ ગાઉ વેગળે ન્હાસે છે! કોઇ પુત્રીની અને કોઇ જમાઇની, કોઈ સાસુની અને કોઇ સસરાની; એમ સર્વ એક બીજાની દરકાર રાખતું નથી!

ભરૂચમાં મરકીની એ પધરામણી પ્રથમ જ હતી. તે સમયે જેનું જેટલું ચાલ્યું તેટલું કરવામાં બાકી રાખ્યું નથી! મ્યુનિસિપાલીટી અને ડાક્ટરોએ હદ જ વાળી હતી! પ્રજાની સ્થિતિનું વર્ણન કરતાં કલમ કમ્પે છે! રોગીઓની સ્થિતિ યાદ કરતાં હૃદય થર થરે છે! તેમનાં સગાં વ્હાલાંની વર્તણુક જોતાં તેમને દયા વગરના-કયા પ્રકારના-દાનવોની ઉપમા આપવી જોઇએ! આ સમયે એક પણ ઘર ભાગ્યે જ એવું હશે કે જે મરકીના અથવા મરકીના દૂત મુષકરાજના પગલાંથી રહિત હોય! ઘણે ઘેર તાળાં દેવાયાં હતાં! ઘણા ઘરમાંથી ઘણાં મનુષ્યોનાં મરણ થવાથી પાછળ રડનાર પણ રહ્યાં ન હતાં! ઘણી બાળાઓ વિધવા થઈ હતી. મરકીનો આવો પ્રકોપ આ શહેરમાં પૂર્વે કદી પણ થયો ન હતો. કોઇ સ્થળે કોઈ પુરૂષ જળ વિના તડફડે છે! કોઇ સ્થળે કોઇ સ્ત્રીના મરણ પામેલા પતિને ઉચકનાર મળતા નથી! કોઇ સ્થળે કોઈ બાળકને મુકી પરલોક સિધારે છે! કેટલાં પુરૂષો, બાળકો અને સ્ત્રીઓ રડતાં રડતાં વિહ્વળ થઇ પડયાં છે, અહા! કેવું પ્રાણભેદક દૃશ્ય! કેવું ઘેર ઘેર પ્રેત પિશાચનું ભયંકર નૃત્ય થઇ રહ્યું છે! કેટલાં મનુષ્યો ખાલી હાડપિંજર જેવાં જણાય છે! કેટલાંની આંખો ઉંડી જતી રહી

છે! કેટલાં અન્ન વગર ટવળે છે! એ જોઈ શરીર કમ્પી ઉઠે છે. ભયને લીધે સમસ્ત શહેર ખાલી થયું છે. કોઇ આજે જાય છે, કોઇ કાલે જાય છે, કોઈ પાંચ દિવસ પછી જાય છે. પતિ પત્નીનો, અને પત્ની પતિનો ત્યાગ કરી અન્ય સ્થળે નિવાસ કરવા ચાલ્યાં જાય છે. માતા, પુત્રની મમતા ભૂલી જાય છે. જાણે તેને તો હવે મરવું જ નથી. જેને જ્યાં ફાવ્યું ત્યાં ન્હાસી ગયાં છે!

કેટલું કહીએ? વિશ્વાસ ના આવે તો ત્યાંના વૃદ્ધ મનુષ્યોને પૂછી આવો. દુષ્ટ મરકીએ કેટલીએ બાળાઓના પતિને છીનવી લઈ તેમને વિધવા બનાવી દીધી છે. કેટલાએ વયોવૃદ્ધ પુરૂષોના એકના એક પુત્રો છીનવી લઈ પાપિણી મરકીએ તેમના કુળના દિપક હમેશને માટે ઓલવી નાંખ્યા છે! ઘણાં પુત્ર શૂન્ય મકાનો આજે પણ ઉદાસ મૂર્તિ ધારણ કરી જોનારને મરકીની ભયંકર સ્મૃતિ તાજી કરાવે છે!

(૨)

કરૂણાશંકર શાસ્ત્રી દરિદ્ર બ્રાહ્મણ હતા. તેમનું વય પચાશ વર્ષની પરીક્ષા પસાર કરી ગયું હતું. શરીરનો વર્ણ ગૌર, દેહ હૃષ્ટપુષ્ટ, શરીર બળવાન, લાંબુ ત્રિપુન્ડ્ર તાણેલું પ્હોળું કપાળ, ચળકતા માથાની વચમાં ગાયની ખરી જેટલી ચોટલી. બ્રાહ્મણ યજ્ઞયાજ્ઞ અને કથા પુરાણ કરીને દુઃખી સંસારનું ગાડું ગબડાવતા હતા. કુટુંબમાં માત્ર એક પ્રૌઢ વયની પત્ની અને વિધવા ભગિની તારા એટલાં જ હતાં. તારા ઘરમાં સર્વ કામકાજ કરતી હતી. પત્નીને નવ માસનો ગર્ભ હતો, તેથી તે ઘરનું કાંઈ પણ કામકાજ કરી શકતી નહોતી.

એકાએક મરકીની પધરામણી થતાં જ તારા પરલોક સિધાવી ગઇ. શહેર જનમાનવ શૂન્ય હતું. જાણે શ્મશાન જ! તેમાં પણ દિવસ કરતાં રાતે બહુ ભયંકર! ગમે તેમ છતાં બ્રાહ્મણે હજી શહેરનો ત્યાગ કર્યો ન હતો. પરંતુ ભગિનીના અકાલ મૃત્યુથી તેનું ચિત્ત ઘણું ચંચળ થઇ ઉઠયું. વખતે તેને કિંવા તેની પત્નીને મરકી દેવીનું આલિંગન થાય એવી મનમાં આશંકા પણ થઇ. વળી પ્રૌઢ વયમાં, વિશેષ પ્રિય અને વિશેષ આદરયુક્ત

થઇ પડેલી પત્ની ગર્ભવતી હતી. કયે પ્રકારે પત્નીના પ્રાણનું રક્ષણ થાય અને ગર્ભસ્થ બાળક જીવતું રહે એ વિચારોમાં ને વિચારોમાં જ બ્રાહ્મણ અર્ધો સુકાઇ–સોસાઇ ગયો હતો ! .

પતિપત્નીએ અનેક વિચારો કર્યા. અન્તે નક્કી થયું કે: બન્નેએ શેહેરનો ત્યાગ કરવો. કરૂણાશંકર વિદ્વાન શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણ હતો. દુષ્ટ રોગ પ્રસરે તે વખતે દેશનો ત્યાગ કરવો એવી જ શાસ્ત્રની આજ્ઞા છે. પુરાણ ઇતિહાસના અનેક શ્લોકો બ્રાહ્મણના મનમાં ઉદય થયા. શહેરનો ત્યાગ કરી અન્યત્ર ન્હાસી જવાનો બ્રાહ્મણે નિશ્ચય કર્યો હતો પરંતુ ન્હાસી જવા માટે સાધન ક્યાં ? પાંચ સાત ગાઉ વેગળે જવા માટે ગાડું જોઇએ તે કયાંથી લાવવું ? મરકીની બ્હીકે આસપાસના ગામોમાંથી ગાડાં આવતાં બંધ થઈ ગયાં હતાં. આસપાસનાં ગામડામાં પણ મરકી હોવાથી તે સ્મશાનવત્ જણાતાં હતાં. અંતે તેમણે પૂર્વ દિશામાં કોઈ સારા ગામમાં જઈ રહેવા માટે પગે જ ચાલવા માંડયું. જનની જન્મભૂમિ પાછળ રહી ગઇ. ઘરના નિત્યના મિત્રો સ્વરૂપ તાંબા પિતળનાં વાસણો ધૂળમાં આળોટવા લાગ્યાં ! માતૃ સ્વરૂપિણી તેમની નિવાસભૂમિ* આકુળ નયને તેમના જવાના માર્ગ તરફ જોઈ રહી. પરંતુ સર્વ મમતાનો ત્યાગ કરી–ત્રાજવામાં સર્વને જોખી જોતાં પ્રાણનું વજન વધારે જાણીને–બ્રાહ્મણ અને બ્રાહ્મણીએ ત્યાંથી ચાલવા માંડયું.

એક તરફ નર્મદા નદી કલકલ નાદ કરતી ધીર મંદ ગતિએ વહી રહી છે. બીજી તરફ કરૂણાશંકર શાસ્ત્રી અને તેની ગભવતી પત્ની વાતો કરતાં કરતાં શહેર બહાર ચાલ્યાં જાય છે. નદીને કિનારે કિનારે શુક્લતીર્થ ગામ જવાનો તેમણે સંકલ્પ કર્યો હતો તેથી કિનારાને રસ્તે તેઓ ચાલ્યાં જતાં હતાં.

સાયંકાળનો સમય થવા આવ્યો હતો. વૈશાખનો સખ્ત તાપ હોવાથી ચારે દિશા ધક્ ધક્ કરી રહી હતી. સર્વત્ર અગ્નિના ભડકા ઉઠી રહ્યા હતા. માર્ગમાં કોઈ મનુષ્યનાં દર્શન થતાં નથી. કવચિદ્ કોઈ પક્ષી ઉડતું ઉડતું

---

* તેમનું રહેવાનું ઘર.

નદીના આછા જળમાં સ્નાન કરી પાંખો ફફડાવતું—શાંતિ મેળવતું જણાય છે. કવચિદ્ કોઇ સ્મશાન પાસેની વૃક્ષ છાયામાં બેઠેલું કુતરૂં શબ—માંસની આશાએ લાંબી જીભ લપ્‌લપ્ હલાવતું, લાંબા શ્વાસ નિઃશ્વાસ નાંખતું જણાય છે. કવચિદ્ કોઇ સ્થળે એક બે ખેડુતો, ખાંધે હળ લઇને, નદીને કિનારે સ્નાન કરવા ઉતરતા જણાય છે. કવચિદ્ માલ ભરેલા એક બે ન્હાના મછવાઓ, ધીમે ધીમે નદીમાં પ્રયાણ કરતા જણાય છે.

બ્રાહ્મણ—બ્રાહ્મણીએ જીવ બચાવવાની આશાએ બે ત્રણેક ગાઉ પ્રવાસ કર્યો પરંતુ એટલામાં બન્ને ઘણાં થાકી ગયાં. તેમાં ગર્ભવતી બ્રાહ્મણી વિશેષ થાકી ગઇ. મહા મુસ્કેલીએ, ઝાડેશ્વર સુધી આવી પહોંચ્યાં. નદીને કિનારે વૃક્ષની ઘટામાં તેમણે વિશ્રામ લીધો. ત્યાંથી થોડે વેગળે નર્મદાનાં પવિત્ર જળ જણાય છે. બ્રાહ્મણના શરીરમાંથી પરસેવાના ઝેબે ઝેબ છૂટે છે. બ્રાહ્મણીથી બિલકુલ ચલાતું નથી. શરીર એક અને ભાર બે જણનો ! શી રીતે ચલાય ! બન્નેએ વૃક્ષની શિતળ છાયામાં વિશ્રામ લીધો. અજવાળી રાત હોવાથી સાયંકાળ વીત્યા પછી ટાઢે પહોરે ચાલવાનો તેમણે નિશ્ચય કર્યો હતો પરંતુ હે ભ્રમિત ચિત્તના માનવ ! ત્હારે વળી વિશ્રામ લેવાનો સમય ક્યાં છે ? ભગવાન જો કૃપા દૃષ્ટિથી જુવે તો જ તને વિશ્રામ મળે, નહિ તો વિશ્રામ કેવો ?

બ્રાહ્મણ—બ્રાહ્મણી વિશ્રામ લેવા બેઠાં છે. સાયંકાળના મંદ વાયુની ઠંડી લહરો આવે છે. આડી અવળી વાતો ચાલે છે. એટલામાં બ્રાહ્મણ પત્નીને ગર્ભમાં વેદના થઈ. બ્રાહ્મણે તે તરફ લક્ષ્ય આપ્યું નહિ. તેણે કહ્યું: " હોય એ તો ! રસ્તાનો થાક લાગ્યો તેથી. "

જોતજોતામાં તે જનશૂન્ય સ્મશાનમાં, વિશાળ વૃક્ષની શિતળ છાયામાં, બ્રાહ્મણીના ગર્ભમાંથી એક સુલક્ષણા સુકુમાર બાળક પુત્રનો જન્મ થયો.

એક વિપદ ઉપર બીજી મ્હોટી વિપદ આવી પડી. પ્રસવ કર્યા પછી, તુરતના જન્મેલા બાળકની સ્નેહ મમતાનો ત્યાગ કરી બ્રાહ્મણ—પત્નીએ પણ આ સંસારનો ત્યાગ કર્યો. સંસારરૂપી કેદખાનામાં પ્રવેશ કરતાં જ, ભયભીત થઇ પૃથ્વી પર પડેલા બાળકના રડવા સાથે જ, બ્રાહ્મણના હાહાકારથી આકાશ મણ્ડલ કમ્પવા લાગ્યું !

(૩)

બ્રાહ્મણ ગાંડાની પેઠે અશ્રુપાત કરવા લાગ્યો. ભ્રમિત ચિત્તની પેઠે હાહાકાર કરવા લાગ્યોઃ "હાયરે, હું જે ભયને લીધે દેશ ત્યાગ કરી ન્હાસી આવ્યો તે તો આગળને આગળ જ !" બ્રાહ્મણના દુઃખની હદ રહી નહિ- "**विपदि धैर्यम्**" એ સૂત્ર બ્રાહ્મણ પ્રથમથી જ ભૂલી ગયો હતો. હમણાં તો તે વિસ્મૃતિના ઉંડા સાગરમાં ડૂબી ગયો ! બ્રાહ્મણ ગાંડાની પેઠે બોલવા લાગ્યોઃ "શિવ ! શિવ ! સંસારમાં કોઇ કોઇનું નથી. હવે શા માટે માયા જોઇએ ! વૃથા આશા. વૃથા યત્નો !" બ્રાહ્મણ શોકને લીધે વિહ્વળ થઈ ઉઠયો. માયા–મમતાહીન થઇ ગયો.

સંસાર ઉપર તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો, "મોહમુદ્‌ગર" અને "શાંતિશતક"માંથી વૈરાગ્યજનક શ્લોકોનો પ્રવાહ તેના મનમાં વહેવા લાગ્યો. પ્રસંગોપાત બાળકનુ મુખ જોતાં કિંચિદ્ માયાનો ઉદય થવા છતાં પણ શોક–સાગરના પ્રબળ પ્રવાહમાં માયા તણાઈ જવા લાગી, અને બાળક સંબંધી એક શાસ્ત્ર વાક્યનું સ્મરણ કરી બ્રાહ્મણ સંતોષ માનવા લાગ્યો. તેણે જાણ્યું કેઃ ભગવાને જે વાક્ય કહ્યું છે તે જ સત્ય છેઃ—

"अरक्षितं तिष्ठति दैवरक्षितं सुरक्षितं दैवहतं विनश्यति ।
जीवत्यनाथोऽपि वने विसर्जितः कृतप्रयत्नोऽपि गृहे न जीवति ॥"

"જેનું કોઈ નથી તેનું ભગવાન રક્ષણ કરે છે." બસ, ત્યારે પછી હવે ભય શો ? હવે ચિન્તા કોને માટે ?"

બ્રાહ્મણ મનમાં ને મનમાં નિશ્ચિંત થયો, અને સ્મશાનમાં પડેલું એક હાંલ્લું લાવી, પહેરેલું વસ્ત્ર ફાડી તેમાં બાળકને વિંટાળી હાંલ્લામાં સુવાડયું. ત્યાર પછી તે હાંલ્લાને ગળે પોતાની જનોઇનો ફાંસો ઘાલી હાંલ્લુ સ્હામેના મ્હોટા વૃક્ષની એક ડાળી સાથે બાંધ્યું, અને બળતી ચિતામાંથી એક કોયલો લઇ તે વડે હાંલ્લા પર લખ્યુ કેઃ

"अरक्षितं तिष्ठति दैवरक्षितं सुरक्षितं दैवहतं विनश्यति ।
जीवत्यनाथोऽपि वने विसर्जितः कृतप्रयत्नोऽपि गृहे न जीवति ॥"

જેનું કોઇ નથી તેનું ભગવાન રક્ષણ કરશે. એવા દૃઢ વિશ્વાસથી

દૈવ ઉપર આધાર રાખીને, જનશૂન્ય ભયંકર સ્મશાનમાં, પ્રાણુથી અધિક પુત્રને વૃક્ષ શાખા ઉપર ટંગાવી, ગાંડાજેવો બ્રાહ્મણુ ત્યાંથી ચાલ્યો ગયો. બાળકના મુખ તરફ એક વખત પણુ જોવાની તેને આકાંક્ષા રહી નહિ. બ્રાહ્મણુ ચાલ્યો ગયો અને તે તુર્તનું જન્મેલું બાળક ? અહા ! પિતા માતાનું ત્યજેલું બાળક ! અસહાય અવસ્થામાં જનશૂન્ય શ્મશાનના એક વૃક્ષ ઉપર હાંલીમાં સઈ રહ્યું !

(૪)

બ્રાહ્મણે પ્રથમ તો ચિત્તભ્રમ વાયુ જેવી સ્થિતિમાં ઘણા દેશમાં પ્રવાસ કર્યો. અંતે નર્મદાને કિનારે ન્હાની કાશીપુરી ગણાતા ચાંદોદ ક્ષેત્રમાં દાદાલિયા સ્વામીના સમાધિ મંદિરની પાસેના એક મઠમાં વિશ્રામ કર્યો.

જોતજોતામાં બાર વર્ષ વીતી ગયાં છે. બ્રાહ્મણુ હમણાં વિચાર કરતો હતો કે: "ભૂતકાળનો બનાવ શી રીતે ભૂલી જવાય અને કઈ રીતે ઉદ્વેગ ભરેલા હૃદયને શાંતિ આપી શકાય? બ્રાહ્મણે ચિત્ત વૃત્તિ જરા શાંત થતાં સન્યસ્ત ગ્રહણુ કર્યું હતું. તેણે દણ્ડ કમણ્ડલુ ધારણુ કરીને દેશદેશ ભ્રમણુ કર્યું છે. પતીતપાવન પવિત્ર ચાંદોદ ક્ષેત્રમાં આવી દીનબંધુ યોગેશ્વર ભગવદ સ્વરૂપ દાદલિયા સ્વામીના ચરણુમાં શરણુ લીધું છે. તેમ છતાં પત્ની અને પુત્રનો શોક તેના હૃદયમાંથી ભૂસાતો–ભૂલાતો નથી. હૃદયમાં ભડકતો વિરહાગ્નિ ઓલવાતો નથી. "શાસ્ત્રનું અધ્યયન કરવાથી ચિત્તવૃત્તિ શાંત થાય છે." એમ જાણી ગામ વચ્ચે આવેલા કાશી-વિશ્વેશ્વરના મંદિરમાં પ્રતિદિન અધ્યાત્મ પુરાણુ વાંચવાનું શરૂ કર્યું હતું. ચોમાસાના દિવસો હોવાથી કેટલાંક સ્ત્રી પુરૂષો સાંભળવા આવતાં. સ્વામીજીની મધુર વાણી, અને ચિત્તાકર્ષક શૈલીને લીધે સર્વ શ્રોતા જનોનો તેમના ઉપર વિશેષ પ્રેમ થયો. સ્વામીજી કથા કહેતાં કહેતાં અનેક દૃષ્ટાંતો કહેતા, અને અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ દેતા. તેઓ નવરાશને વખતે સ્હવારે અને મધ્યાહ્નને–વિદ્યાર્થિઓને સંસ્કૃત શિખવતા. વિદ્યાર્થિઓ તેમને પિતા સમાન ગણુતા, તેઓ પણુ વિદ્યાર્થિઓને સન્તાન સમાન ગણી સમય વ્યતીત કરતા હતા.

પરંતુ તેમ છતાં પણુ હૃદયની વેદનાની શાંતિ થઇ નહિ. તે તો રાવ-

ણુની ચિતાની પેઠે ! તેમના હૃદયમાં નિરંતર જે અગ્નિ પ્રજ્વળતો હતો તે શાંત પડયો નહિ ! વિસ્મૃતિનું જળ સિંચન કરીને તે અગ્નિ ઓલવવાનો તેમણે ઘણોયે પ્રયત્ન કર્યો, પરંતુ તેનાથી ધારેલી ધારણા પાર પડી નહિ. કોઈ કોઈ દિવસ કાશી વિશ્વેશ્વરમાં કથા કહેતાં કહેતાં, કથાનક ભૂલી જઇને, ગૃહસ્થાશ્રમનો બનાવ યાદ કરીને, સ્વામીજીનાં નેત્રો અશ્રુથી છલકાઇ જતાં ! પત્નીનું મરણ અને બાળકની સ્થિતિનું સ્મરણ કરતાં તેમને શરીરે હજારો વિંછીના ડંખની વેદના થતી ! બ્રાહ્મણ બહુ દુઃખી થતો !

બ્રાહ્મણ અત્યાર સુધી કોઇને પોતાની મનોવેદનાનું ગુપ્ત કારણ કહ્યું નહોતું. તેમનું શોકાતુર મુખ જોઈ સંસ્કૃત શિખવા આવતા શિષ્યો, પ્રસંગોપાત, ગુપ્ત કારણ જાણવા ઘણા આતુર થતા. તેમના ચિત્તની ચંચળતાનું કારણ જાણવા તેમણે ગુરૂદેવ પાસે ઘણી વાર પ્રાર્થના કરી હતી પરંતુ શિષ્યો તે કારણ જાણવા સમર્થ થયા નહોતા !

પરંતુ એક દિવસ ! તે દિવસે બ્રાહ્મણ મનનો વેગ રોકી શક્યો નહિ. શિષ્યો ગુરૂજીને વારંવાર કારણ પૂછતા હોવાથી, અશ્રુ પૂર્ણ નયને, શોકપૂર્ણ વચને તેમણે કહી દીધું કે: “પુત્રવત શિષ્યો ! જે દારૂણ અગ્નિમાં આ પાપિષ્ઠના પ્રાણ અહર્નિશ દગ્ધ થાય છે તે પાપ–કથા મનુષ્યોએ સાંભળવા યોગ્ય નથી. તમે સાંભળ્યા વગર શાંત પડો એમ નથી, માટે જ કહું છું, સાંભળો.” એમ કહી બ્રાહ્મણે પોતાની સમસ્ત દેશ ત્યાગ–વાર્તા–કહેવાનો આરંભ કર્યો. મરકીના દારૂણપાસથી દેશ ત્યાગ કરી પુત્ર પરિવાર કેવી રીતે વિસર્જન કર્યો તથા કેવી રીતે તુરતના જન્મેલા સુંદર બાળકને સ્મશાનમાં એક વૃક્ષ ઉપર હાંલ્લીમાં સુવાડયો છે તે સર્વ વાર્તા તેણે કહી સંભળાવી. અંતે કહ્યું: “આ પાપીને નરકમાં પણ ભાગ્યેજ સ્થળ મળશે. તેથીજ નરક કરતાં પણ વિશેષ દુઃખની જવાળામાં રાતદિવસ બળી મરૂં છું.” એમ કહી બ્રાહ્મણ છૂટે મ્હોડે રડવા લાગ્યો.

શિષ્યોએ બોધદાયક વચનો કહી ગુરૂદેવને આશ્વાસન આપ્યું, અને સ્વદેશ જઇ સન્તાનની શોધ કરવાનો વારંવાર આગ્રહ કર્યો. બ્રાહ્મણે ઉંડો નિશ્વાસ મુકી પ્રથમ તો તે વાત ઉડાવી દેવાનો યત્ન કર્યો પરંતુ શિષ્યોના

અતિશય આગ્રહને લીધે ત્યજી દીધેલા પુત્રના શોધ માટે જ નહિ પણ જનની જન્મ ભૂમિનાં જીવન પર્યંતને માટે એક વખત દર્શન કરવા માટે, બ્રાહ્મણે સ્વદેશ જવાનું કબૂલ કર્યું.

(૫)

તેજ માર્ગ. તેજ ગામનો સિમાડો. તેજ સ્મશાનભૂમિ ! તેજ વૃક્ષ ! પરંતુ તે પ્રાણથી અધિક, માખણ જેવું કોમળ પૂતળું ક્યાં ! વૃક્ષ ઉપર તો કંઇએ નથી ! નર્મદે ! મા ! જગતજનની ! પતિતપાવની ! ત્હારે કિનારે, ત્હારે આશ્રયે, બ્રાહ્મણ પોતાના બાળકને મૂકી ગયો હતો. કહો મા ! તે પૂતળાને તમે ક્યાં સંતાડયું છે મા ! એ શું ! અસ્પષ્ટ કલકલ કણ્ઠે શો ઉત્તર દીધો મા ! અમે પાપી મનુષ્યો તમારી દેવ ભાષામાં સમજી શકતા નથી મા !

બ્રાહ્મણે છાતીફાટ રડતાં રડતાં નેત્ર રાતાં ચોળ કરી દીધાં ! તે જ માર્ગ, તે જ વૃક્ષ, તે જ સરિતા, સર્વ છે, પરંતુ બ્રાહ્મણનું તો કશુંએ નથી ! એ જ વૃક્ષ બાર વર્ષ થયાં, કેટલું બધુ વૃદ્ધિ પામ્યું છે ? બાળક બચવા પામ્યું હોય તો તે આટલે બધે દિવસે કેટલું વૃદ્ધિ પામ્યુ હોત ? બ્રાહ્મણના મનમાં એવી એવી વાતો જેટલી યાદ આવતી ગઈ તેમ તેમ તેનું હૃદય ચિરાવા લાગ્યું !

બ્રાહ્મણે કેટલાક શિષ્યો સહિત ઝાડેશ્વરના સ્મશાનમાં, નદિ કિનારે વૃક્ષલતા, ખાડી કોતર અને ગામમાં ઘણીએ શોધ ખોળ કરી પરંતુ કોઇએ બાળકના સમાચાર આપ્યા નહિ. વૃક્ષની શાખાએ લટકતું બાળક કોઇને પણ પ્રાપ્ત થયું હોય તો અવસ્ય દેશેદેશ તે વાર્તા વ્યાપી જાત. પરંતુ જ્યારે કશા સમાચાર મળ્યા નહિ ત્યારે બ્રાહ્મણ, દારૂણ નિરાશાના સાગરમાં ડૂબવા લાગ્યો. બ્રાહ્મણના અંતઃકરણની વેદના અતિશય દુઃખપ્રદ થઈ પડી.

નિરાશાની તીવ્ર વેદના સહન કરતા કરતા સર્વે જણાઓ ત્યાંથી અન્ય સ્થળે જવાની તૈયારી કરતા હતા એટલામાં એક વૃદ્ધ બ્રાહ્મણને ત્યાંથી પસાર થતો તેમણે દીઠો. એંશી વર્ષનો, લબડી ગયેલી ચામડી વાળો, ધોળા શિરોકેશવાળો બ્રાહ્મણ, પાલખીમાં બેઠો હતો. ચાર નોકરો તેને ઉંચકી

શિષ્યને ઘેર લઇ જતા હતા. વાતચિત કરતાં જાણવામાં આવ્યું કેઃ નર્મદાને સ્હામે કિનારે કોઈ રાજા તેનો શિષ્ય છે. રાજપુત્રને ઉપવિત સંસ્કાર આપવાના હોવાથી તેઓ શિષ્યને ત્યાં જાય છે. ભરૂચ જઇને ત્યાંથી આગગાડીમાં બેસશે.

બ્રાહ્મણે વ્યાકુળ અંતઃકરણે વૃદ્ધને વૃક્ષે લટકાવેલા પોતાના પુત્રની વાત નિવેદન કરી. વૃદ્ધ જાણે એકાએક આકાશ ઉપરથી પડયો હોય તેવી તેની સ્થિતિ થઇ ! બ્રાહ્મણના પ્રશ્નનો શો ઉત્તર દેવો તે તે નક્કી કરી શક્યો નહિ. સાધુ પવિત્ર જળવાળી માતા નર્મદા છે. પ્રશ્ન કરનાર પણ તેજસ્વી કાંતિવાન બ્રાહ્મણ છે. વૃદ્ધ સત્ય વાત શી રીતે ગુપ્ત રાખી શકે? બ્રાહ્મણથી અસત્ય કદી બોલાય જ નહિ, એ શાસ્ત્ર સિદ્ધ છે. સાચો બ્રાહ્મણ અસત્યની સંગતિ કરતો નથી. એંશી વર્ષનો વૃદ્ધ બ્રાહ્મણ, હવે તે દિન પ્રતિદિન મૃત્યુના મુખ તરફ જવા લાગ્યો છે, વિકાળ કાળ તેના કેશ ખેંચી રહ્યો છે. દશેન્દ્રિયો પેન્શન લેવાની અરજી આપી ચૂકી છે. હવે અસત્ય શા માટે બોલવું ? અસત્યથી જ આયુષ્ય ઓછું થાય છે, અને કર્મબંધન વધે છે. તેજસ્વી બ્રાહ્મણે વારંવાર પ્રશ્ન કર્યો. એટલે વૃદ્ધે કહ્યુંઃ " મહારાજ ! ચિંતા શા માટે કરો છો ? પરબ્રહ્મ પરમાત્માએ બાળકનું રક્ષણ કર્યું છે. ત્યજી દીધેલો, અસહાય અનાથ બાળક આજે રાજેશ્વર થયો છે. તેને ઉપવિત સંસ્કાર થતો હોવાથી હું આજે તેજ રાજાને ત્યાં જાઉં છું. "

(૬)

શિષ્યો સહિત બ્રાહ્મણને અધિક આગ્રહ સાથે વિશેષ ખુલાસો પૂછતો જોઇ વૃદ્ધ બ્રાહ્મણે કહ્યુંઃ " એ રાજા મ્હારો શિષ્ય છે. એક દિવસ નર્મદાનાં પવિત્ર જળમાં સ્હેલ કરવા નીકળ્યો હતો. રાત્રિનો સમય હતો. જળ વિશેષ હતાં. સ્હામે પારથી પૂર્વમાં ઘણે વેગળે ગયા પછી પવન મંદ થતાં નૌકા ધીમે ધીમે પશ્ચિમમાં આવતી હતી. ઝાડેશ્વર નજીક આવતાં નૌકા ચાલી નહિ. રાત પણ ઘણી વીતી હતી, તેથી ત્યાં નૌકા થોભાવી, અને અમે ગામમાં પ્રાતઃ સમયે વિશ્રામ કર્યો. સંધ્યા સ્નાનાદિ કાર્યથી પરવારી સર્વે નૌકામાં બેસવા ગયા. તેજ સમયે સ્હામેના વૃક્ષ પર લટકતી એક હાંલ્લી

તરફ રાજાનું મન ખેંચાયું. તે સાથે હાંલ્લી પર કોયલાથી લખેલું શાસ્ત્ર વાક્ય વાંચવાથી તેમને વિશેષ આશ્ચર્ય થયું. તેમના આદેશથી તત્ક્ષણે એક મનુષ્યને વૃક્ષ ઉપર ચઢાવ્યો. તેણે દિવ્ય કાંતિમય બાળક સહિત હાંલ્લી લાવી રાજા સમક્ષ હાજર કરી.

બ્રાહ્મણે વૃદ્ધને અટકાવી પૂછયું: "મહારાજ! આપ એ શું કહો છો? પ્રાતઃ સમયે બાળક શી રીતે જીવતું રહ્યું? તેને જીવતા રહેવાનો આધાર શો હતો? મ્હેં તો તેને એકલાને જ હાંલ્લીમાં સુવાડયો હતો!"

વૃદ્ધ બ્રાહ્મણે ભક્તિ-સહિત ગદ ગદ કણ્ઠે કહ્યું: "મૂર્ખ! તમે જ લખ્યું નથી કે: "अरक्षितं तिष्ठति दैवरक्षितं?" તમને તો દ્રઢ વિશ્વાસ હતો ને કે: "जीवत्यनाथोऽपि वनेविसर्जित?" એ સૂત્રો તમે શું ભૂલી ગયા છો? શું એ સૂત્રો ઉપર તમને વિશ્વાસ નથી? સાંભળો. ભગવાનની કેવી અનિર્વચનીય દયા છે? તે વૃક્ષને લટકતું માટીનું હાંલ્લું નીચે ઉતાર્યું ત્યારે સર્વેએ જોયું હતું કે: ઈશ્વરની કેવી અપાર કરૂણા છે! બાળક એક સુકું પાંદડુ ચૂસતો હતો. વૃક્ષ ઉપર એક મધપૂડો બંધાયો હતો. તેમાંથી નીકળતી મધની ધારા બાળકના મુખ ઉપર આવી પડેલા સુકા પાંદડામાં પડતી હતી. તે જાણે સ્નેહમયી જનનીના સ્તનમાંથી નીકળતા દુધનું પાન કરતો હોય તેમ તેનું રક્ષણ થતું હતું! તે વડે જ તેનું પ્રતિપાલન થયું છે."

કહેતાં કહેતાં વૃદ્ધનાં નેત્ર પ્રેમાશ્રુમાં ડુબી ગયાં. બ્રાહ્મણ શિષ્ય સહિત મંત્ર મુગ્ધની પેઠે ચકિત નેત્રે વૃદ્ધ બ્રાહ્મણના સ્હામુ જોઈ રહ્યો હતો. થોડી વાર પછી વૃધ્ધે પુનઃ કહ્યું: "રાજાને પુત્ર નહતો. બાળક પુત્રને સુલક્ષણવાળો જોઇને પોતાને ઘેર લઈ ગયા. ત્યારથી તેઓએ તેને પોતાનો પુત્ર જ કરી લીધો છે. રાણી પણ તેનું પોતાના પુત્રની પેઠે અધિક પ્રેમ અને યત્નથી પાલન કરે છે. દેશની સર્વ પ્રજા તેને રાણીના જ પુત્ર તરીકે ઓળખે છે. આ દેશના કોઇ મનુષ્ય એ સમાચાર જાણતા નથી."

ભગવાનની એવી અપાર કરૂણા સંબંધી વિચાર કરતો બ્રાહ્મણ ચમક્યો. પ્રથમ તો સંશય ઉત્પન્ન થવાથી તેનું મન આંદોલન થતું હતું, પરંતુ વૃધ્ધે જ્યારે સવિસ્તર હકિગત કરી ત્યારે સંશયનું કારણ રહ્યું નહિ. બ્રાહ્મણ

સમજી શક્યો કે: “ ઇશ્વિર ઉપર વિશ્વાસ રાખવાથી કેવું અનુપમ અમૃતમય ફળ પ્રાપ્ત થાય છે ? ” તેણે ઉત્તેજિત કણ્ઠે મ્હોટી બૂમ પાડી કહ્યું: “ ધન્ય ભગવાન ! ધન્ય છે તમને ! તમે અપાર કરૂણાળુ છો. તમે અતિશય દયાળુ છો ! ” એ પ્રમાણે વારંવાર ઇશ્વિરને ધન્યવાદ આપતો, ગાંડા જેવો બ્રાહ્મણ તે સ્થાનેથી ચાલ્યો ગયો. અંતે તેણે શિષ્યોને કહ્યું: “ આજે મ્હારો સંન્યાસ–ધર્મ સફળ થયો. આટલા દિવસ પછી આજે હું દ્વૈતવાદ ભૂલી ગયો છું, અને આજે જ હું સમજ્યો છું કે:—

“ अरक्षितं तिष्ठति दैवरक्षितं सुरक्षितं दैवहतं विनश्यति ।
जीवत्यनाथोऽपि वने विसर्जित कृत प्रयत्नोऽपि गृहे न जीवति ॥ ”

પ્રકરણ ૯ મું.

સેવાવ્રત.

પ્રબોધચંદ્ર પુસ્તક વાંચવા લાગ્યો એટલે નારાયણદેવ બીજા ઓરડા તરફ ગયા ત્યાં દેવવ્રત અને સેવાવ્રત નામક બે શિષ્યો તેમની વાટ જોતા હતા.

નારાયણદેવે ઓરડામાં પ્રવેશ કર્યો એટલે બન્ને શિષ્યોએ તેમના ચરણમાં પ્રણામ કર્યા. તેમને આશિર્વાદ આપ્યા પછી નારાયણદેવે તેમના તે દિવસના કામનું વર્ણન કરવાનું કહ્યું.

દેવવ્રતે નમ્રતા પૂર્વક કહ્યું: “ આપની પાસેથી રજા લઈ હું શ્રીહરિ ચતુર્વેદીજી પાસે જતો હતો પરંતુ માર્ગમાં જ તવરાના એક ગૃહસ્થ મ્હોટી વિપતિમાં આવી પડયાના સમાચાર સાંભળી ચતુર્વેદીજીની શોધ માટે જઇ શક્યો નહિ. તે ગૃહસ્થની વિપદજનક સ્થિતિનું વર્ણન જાણી હું આપની પાસે આવ્યો છું. તેમને માટે શું કરવું તે સમજી શકાતું નથી. ”

નારાયણદેવે ઉત્કણ્ઠિત ચિત્તે પૂછ્યું: “ તે કોણ છે ? તેમને કેવી વિપતિ આવી પડી છે ? ”

દેવવ્રતઃ "તવરામાં રામદયાળ પટેલ રહે છે. તેનું કુટુંબ ઘણું મ્હોટું છે. બે સ્ત્રીઓ છે. સાત આઠ પુત્ર કન્યા છે. ત્રણ વિધવા ભગિની છે. તેમને પણ એક બે સન્તાન–સન્તતિ છે. રામદયાળની વૃદ્ધ માતા, વ્હોળું કુટુંબ લઈને ગામને એક છેડે નિવાસ કરે છે. રામદયાળ ભરૂચમાં એક ગૃહસ્થને ત્યાં નોકરી કરતો હતો. મહિને ત્રણ રૂપિયા પગાર મેળવતો તે ઘેર મોકલી દેતો. તે વડે ગમે તેમ દુઃખ વેઠીને પણ એ મ્હોટા કુટુંબનું ગુજરાન ચાલતું હતું. પિતાની જમીન વગેરે જે કાંઈ હતું તે બે બ્હેનોનાં લગ્ન કરતી વખતે વેચી દીધું છે. હમણાં રામદયાળના પગાર ઉપરજ એ મ્હોટા કુટુંબનો આધાર છે. એટલી નજીવી આવકથી તેમનું પુરૂં થતું નહિ હોવાથી તેની માતાને પાડોસીઓ પાસેથી થોડી થોડી રકમ ઉધાર લેવાની ફરજ પડી છે. કોઈની પાસેથી તેણે ચોખા લીધા છે, કોઈની પાસેથી દાળ લીધી છે, કોઈની પાસેથી તેલ ઘી લીધું છે, અને કોઈ પાસેથી મરચું મીઠું લીધુ છે. અસહાય વૃદ્ધા ઉધાર લીધેલી વસ્તુઓ કોઇને પાછી આપી શકતી નથી! પૈસા ઉધાર લઇને પાછા નહિ અપાતા હોવાથી વૃદ્ધાને અનેક પ્રકારની વિપદ વેઠવી પડે છે. પાડોસીઓ તેને અનેક પ્રકારે સતાવે છે. દિવાળીનો પ્રસંગ છે. તેનો પુત્ર રામદયાળ દિવાળી ઉપર ઘેર આવી સર્વને દેવું ચુકવી આપવાનો પત્ર આવ્યો હતો, પરંતુ એટલામાં માર્ગમાં નૌકા ડુબી જવાથી રામદયાળ મરણ પામ્યો છે! કેટલાક દિવસ થયા પુત્રના સમાચાર નહિ મળવાથી તેનું કુટુંબ અન્ન વગર મરવાની તૈયારીમાં આવી પડયું છે. તેમની એ સ્થિતિના સમાચાર આપવા માટે હું અત્રે આવ્યો છું."

એટલું કહ્યા પછી દેવવ્રતે ઉંડો નિશ્વાસ મૂક્યો અને મનમાં ને મનમાં જ કહ્યું: "હરિ! હરિ! વિચિત્ર સંસાર! ત્હારી હદજ જોઈ શકાતી નથી. ગરિબાઈની હદ નથી. શોકની પણ હદ નથી. સંસાર–નાટકના જેટલા પડદામાં દ્રષ્ટિ કરૂં છું તેટલામાં ભયંકર, અતિ ભયંકર, અરે! અતિશય ભયંકર–દ્રષ્યો નજરે પડે છે! પ્રબોધચંદ્રની વિપદ–વાર્તા હજી તાજી જ છે એટલામાં એથીએ વિશેષ ભયંકર દ્રષ્ય નજરે પડયું. એનાથી વિશેષ ભયંકર બીજું શું હોઈ શકે?"

નારાયણદેવે કહ્યું: “ દેવવ્રત ! જાઓ, એ ગરીબ કુટુંબને ઉપયોગી થઇ પડે એવી વસ્તુઓ આપણા આશ્રમના અન્ન–વસ્ત્રના ભણ્ડારમાંથી લઇ જાઓ અને તેમને આપી આવો. તમે તુરત જ તવરા ગામમાં જાઓ, અને તે દુઃખી દરિદ્રી વૃદ્ધા સ્ત્રીનો પુત્ર શોક નિવારણ કરવાનો યત્ન કરો. તેને માતા કહીને બોલાવજો. તેના પુત્રનું કામ તમે કરજો, જેથી તે પોતાના પુત્રનો બદલો વળેલો સમજે. ”

દેવવ્રત નારાયણદેવની આજ્ઞા પ્રમાણે કાર્ય કરવા ત્યાંથી ચાલ્યો ગયો. ત્યાર પછી સેવાવ્રત પોતાનું તે દિવસનું કાર્ય કહેવા આવ્યો. તેણે કહ્યું: “ ભરૂચમાં કૉલેરાનો વ્યાધિ ઘણો પ્રસર્યો છે. આ વખતે તેનાથી કેટલાં મનુષ્યો મરણ પામ્યાં તેની ગણત્રી થઈ શકે એમ નથી. કોઈ કોઇના મુખમાં જળપાન કરાવી શકતું નથી. રોગીઓની સેવા કરવા માટે એક નોકર સરખો મળતો નથી. અમે ત્રણ ચાર જણાઓ, ગૃહસ્થોના ઘરમાં જઇ રોગીઓની સેવા કરતા હતા, પરંતુ કહેતાં છાતી ફાટી જાય છે કે: મ્હારા કેટલાક સોબતીઓમાંથી આપણા પરમ મિત્રો, સત્યવ્રત અને દયાવ્રત નામના બે દેવહૃદયી સેવકો આ લોકનો ત્યાગ કરી ગયા છે. અંતપર્યંત તે બન્નેએ જેવી ખંતથી–જેવા પ્રેમથી–રોગીઓની સેવા કરી છે તેવી એકનિષ્ઠા જગતમાં દુર્લભ જ કહેવાશે. દેવ ! વિધાતાએ શામાટે તે બે કોમળ પુષ્પોને અકાળે ચુંટી લીધાં ? ”

કહેતાં કહેતાં સેવાવ્રતના નેત્રમાં અશ્રુજળ ભરાઈ આવ્યાં. નારાયણદેવનું હૃદય પણ ભરાઈ આવ્યું. તેમના હૃદયમાં દારૂણ દુઃખ થયું. તેમણે ગદગદ કણ્ઠે કહ્યું: “ સત્યવ્રત ! દયાવ્રત ! તમને ધન્ય છે ! આટલી અલ્પ વયમાં તમે તમારૂં સેવા–કર્મ પુરૂં કરીને ભગવાનની પ્રીતિ–પ્રાપ્ત કરવા સમર્થ થયા છો. તેથીજ ભગવાને તમારા ઉપર દયા કરીને તમને પોતાના ખોળામાં ખેંચી લીધા છે. ”

એટલું કહી નારાયણદેવે તેને પૂછ્યું: “ આજે શહેરમાં રોગની સ્થિતિ કેવી છે ? ”

સેવાવ્રતઃ “ આજે તો શહેરમાં સંપૂર્ણ શાંતિ છે. રોગ બંધ પડયો છે.

જાણે સત્યવ્રતને અને દયાવ્રતને લેવા માટે જ સંહારમૂર્તિ મહાકાળ વાટ જોયા કરતો હતો. તેમને લઈને જાણે તૃપ્ત થયો હોય તેમ તે ચાલ્યો ગયો છે. હવે શહેરની કોઈ પણ ખડકી કે પોળમાં ભય નથી. બુદ્ધિમાન વૈદ્યોને પૂછવાથી તેમણે પણ એવુંજ અભયદાન દીધું છે. રોગીઓને આપવા માટે જે સામગ્રી એકત્ર કરી હતી તેનાથી અનેક રોગીઓને આરામ થયો છે."

બોલતાં બોલતાં સેવાવ્રત પોતાના મરણ પામેલા બે મિત્રોને યાદ કરી પુનઃ પુનઃ વિલાપ કરવા લાગ્યો. નારાયણદેવે તેને સાન્ત્વન આપતાં કહ્યું: "તેઓ દેવ સમાન હતા. દેવ કાર્ય પરિપૂર્ણ કરી દિવ્ય ધામમાં ચાલ્યા ગયા છે. તેમને માટે શોક કરવો વ્યર્થ છે. હવે તો માત્ર તેમનાં કર્મ–માર્ગનું સ્મરણ કરી તેમનો આદર્શ ગ્રહણ કરવો જોઇએ, અને તે આદર્શ ગ્રહણ કરવા માટે સંસારને તૈયાર કરવો જોઇએ, એજ આપણું કર્તવ્ય–કર્મ છે. તેમ થવાથી જ એ બન્ને દેવાત્મા તરફ સન્માન બતાવ્યું કહેવાશે અને તેઓ સ્વર્ગમાંથી આપણાં કાર્યો જોઇને આપણને આશિષ આપશે."

સેવાવ્રતઃ "એ બન્ને દેવાત્માઓ શા માટે સંસારનો ત્યાગ કરી ગયા મહારાજ? તેમને બદલે અમારૂં કેમ મૃત્યુ થયું નહિ?"

નારાયણદેવઃ "વૃથા શોક પરિત્યાગ કર. જો એ બન્ને દેવતાને માટે ખરેખરો ત્હને શોક થતો હોય તો તેમનું પ્રિય કાર્ય પરિપૂર્ણ કરવા તૈયાર થા. કર્મ પરિપૂર્ણ થયા વગર કર્મ બંધનથી મુક્ત થવાશે નહિ, સત્કર્મ-દ્વારા–પરસેવા દ્વારા કર્મવ્રતનું ઉદ્યાપન કરવાનો યત્ન કર. તેમ કરવાથી જ શોક તાપ દૂર જશે."

એ સમયે સેવાવ્રતને એક નવીન કાર્ય સોંપવામાં આવ્યું. નારાયણદેવે કહ્યું: "સેવાવ્રત! તું એક કામ કર. તુરત ભરૂચ જા. ભરૂચમાં......સ્થળે પ્રબોધચંદ્ર શર્મા નામક એક ગૃહસ્થનું ઘર હતું. તેના પુત્ર પરિવારની કેવી સ્થિતિ થઈ છે, તેને આપણે કેવી રીતે મદદ કરી શકીએ એમ છે તે નક્કી કરી આવ. જો શ્રીહરિ ચતુર્વેદીને મળી શકાય તો તેઓ એ કામમાં સારી મદદ કરશે."

નારાયણદેવે તેને પ્રબોધચંદ્ર સંબંધી સર્વ હકિગત કહી સંભળાવી. અંતે કહ્યું: "જો કોઈ પણ ઉપાય કરી શકાય નહિ તો પછી......સ્થાનમાં દયાળદાસ વૈશ્ય રહે છે. તેમને મળી બે ત્રણ દિવસ ચાલે એટલી પણ પ્રબોધના કુટુંબને સહાયતા કરજે. સાંભળ્યું છે કે તેનામાં નામ પ્રમાણે દયાળુપણાના ગુણ છે. તે ઘણા દીનદુઃખી જનોને સહાયતા કરે છે. આપણા આશ્રમમાંથી થોડીક વસ્તુઓ સાથે લઈ જજે."

એ સંબંધી કોની સાથે કેવો બંદોબસ્ત કરવો તે પણ નારાયણદેવે તેને સમજાવી દીધું.

સેવાવ્રત ચાલ્યો ગયો. નારાયણદેવ પણ અન્ય કામે વળગ્યા. એટલામાં એકાએક શ્રીહરિ ચતુર્વેદી આવી પહોંચ્યા. સર્વે તેમને "હરિ કાકા" કહીને બોલાવતા હતા. તેથી વાંચક! આપણે પણ હવેથી તેમને હરિકાકા કહીને બોલાવીશું. તેમને જોતાં જ નારાયણદેવના હૃદયમાં આનંદનો સાગર ઉછળ્યો. તેમણે કહ્યું: "આજે આપને મળવા માટે બહુ ચિંતા થતી હતી. સારૂ થયું, તમે આવી પહોંચ્યા તે."

હરિકાકાએ સ્મિત હાસ્ય કરી કહ્યું: "મ્હારે માટે ચિંતા કરવાનું કશું કારણ નથી. આશ્રમના કામ માટે જ બે દિવસથી અન્ય સ્થળે ગયો હતો." એમ કહી હરિકાકાએ નારાયણદેવના હાથમાં એક કાગળનું બંડલ મૂક્યું, અને કહ્યું: "લો, આ મ્હારૂં સર્વસ્વ તમને અર્પણ. એ સર્વ મ્હેં આ આશ્રમના કાર્ય માટે સમર્પણ કર્યું છે. એનો દસ્તાવેજ લખવા તથા તેને રજીષ્ટર કરાવવા માટે ઘણા દિવસથી હું ચિંતા કરતો હતો. આજે એ કાર્ય પરિપૂર્ણ કરવાથી મ્હને અતિશય આનંદ થાય છે."

નારાયણદેવ થોડી વાર સુધી હરિ કાકાના મુખ સ્હામુ એક દૃષ્ટિએ જોઈ રહ્યા. હરિ કાકાએ પોતાનું સર્વસ્વ, લાખ રૂપિયાથી પણ વિશેષ આવક થાય એટલી બધી ધન સમ્પત્તિ તેમણે "**સેવાશ્રમ**"ના નામ ઉપર, "**દુઃખી આત્માઓનાં દુઃખ ટાળવા માટે,**" દાન કરી દીધી

એ જોઇ નારાયણદેવના આનંદની સીમા રહી નહિ. તેમણે મનમાં જ કહ્યું: "શ્રી હરિ! ખરેખર તમે ભીડભંજન ભગવાનનો જ અંશ છો. તમે

સેવાવ્રત ગ્રહણ કર્યું તેનું સાર્થક્ય થયું છે." થોડી વારે કહ્યું: "દાનપત્ર લખવું અને રજીષ્ટર કરાવવું એ કાંઈ વિશેષ મહત્વનું કામ નહોતું. તમારૂં મન પર–સેવા કરવાના વ્રતમાં લીન થયું છે એજ બસ છે. દાનપત્રની આવશ્યકતા જ નહતી. આપની સર્વ ધન સમ્પત્તિ આપે હૃદયની ખરી લાગણીથી દુ:ખીઓનાં દુ:ખ ટાળવા માટે જ સમર્પણ કરી છે; એટલું જ બસ છે."

હરિ કાકા: "પ્રભો ! આપ સર્વ જાણો છો. મન ચંચળ છે. કઇ વખતે કેવા વિચારો થાય તેનો નિશ્ચય નથી. આજે આ વિચાર છે અને કાલે ફરી પણ જાય. મ્હેં ઘણાં મનુષ્યોનાં દ્રષ્ટાંતો જોયાં છે. ધર્મ પાંગળો કહેવાય છે. માટે **धर्मस्य त्वरिता गति** એજ શ્રેષ્ઠ છે. ધર્મ કાર્યમાં વિલંબ કરવાની આવશ્યકતા શી ? જે કાર્ય કરવું તે કરવું જ. એવા કામમાં વિલંબ કરવાથી વખતે મન ફરી પણ જાય. માટે જ દાન પત્ર વગેરે કરી તે આપને સમર્પણ કરી નિશ્ચિંત થાઉં છું. દયા કરી સ્વિકારો."

ત્યાર પછી પ્રબોધચંદ્રના કુટુંબ પરિવારની વાત ચાલી. હરિકાકા એ સંબંધી કશું જાણતા નહતા. તે બધાંને સુખી સંતોષી જાણી તદ્દન નિશ્ચિંત હતા. પરંતુ નારાયણદેવને મુખેથી વિપિનચંદ્રે ચલાવેલી વર્તણુક સાંભળી તેમનું હૃદય બહુ ખિન્ન થયું. તેમણે દિલગીર થતાં કહ્યું: "મ્હેં વિપિનને જોઇતું દ્રવ્ય આપ્યું છે. હવે તેને કશાની ખોટ નથી. તે કોઈ પણ વ્યાપાર ધંધો નહિ કરે તો પણ તેનો કુટુંબ પરિવાર સુખેથી જીવન નિર્વાહ કરી શકે એમ છે. તેમ છતાં તેને એવી દુર્બુદ્ધિ કેમ થઇ ? ભવિષ્યમાં એનું પરિણામ બહુ શોચનીય આવે એમ જણાય છે. કર્મનું ફળ પ્રાણી માત્રને અવશ્ય મળે છે. મનુષ્ય જ્યારે સત્યનો માર્ગ ત્યજી દઈ અસત્યને, અધર્મને માર્ગ વળે ત્યારે તેનું અનિષ્ટ પરિણામ આવ્યા વગર રહેતું નથી. આજ કાલ જુવાન છોકરાઓ એવાં દુષ્કર્મ કરતાં જ શિખ્યા છે. માતા પિતાની કાળજી નહિ હોવાથી અને લાડકવાયા પુત્રને ખુશી રાખવા માટે તેઓ તેમને ગમે તેવાં દુષ્કૃત્યો કરવા દે છે, અને તેમનાં કામને છાવરી વાળે છે ! જેથી પરિણામે પુત્રો સુપુત્રને બદલે પિતાના નામને

કલંક લગાડે એવા કુપુત્ર થાય છે ! વિશ્વાસઘાત જેવું મહા પાપનું બીજું કોઇ કૃત્ય નથી. વિશ્વાસઘાતી મહા પાપી કહેવાય છે, અને તે જીવતાં સર્વત્ર નિંદાને પાત્ર થાય છે એટલું જ નહિ પણ મરણ પછી રૌરવ નરકમાં જાય છે. પરંતુ અહંકાર અને મદમાં છકેલાં મનુષ્યો તે કયાં જાણે છે ? સારૂં તે હમેશાં સારૂં જ અને નઠારૂં તે નઠારૂં જ ! મહારાજ ! એ ઉછાંછળો છોકરો તેના કર્મ ફળને લીધે ભવિષ્યમાં બહુ દુઃખ પામશે. પ્રભુની ઇચ્છા. મ્હારી ફરજ મ્હેં બજાવી છે. ”

એટલું કહી મનમાં દુઃખ પામતા હરિ કાકાએ ઉંડો નિશ્વાસ નાંખ્યો, અને પ્રબોધના કુટુંબ પરિવાર માટે કેવી વ્યવસ્થા કરવી તે સંબંધી વિચાર કરવા લાગ્યા.

પ્રકરણ ૧૦ મું.

અનુષ્ઠાન (અભ્યાસ).

હરિ કાકાને કર્તવ્યનો ઉપદેશ મળતાં જ તેઓ વિદાય થયા. ત્યાર પછી નારાયણદેવ પ્રબોધચંદ્ર પાસે ગયા.

એક ઓરડામાં એકલો બેઠેલો પ્રબોધચંદ્ર આકાશ–પાતાળના અનન્ત વિચારો કરવામાં ગુંથાયો હતો ! કુટુંબ પરિવારની દારૂણ વિપદે તેના મન–પ્રાણને વ્યાકુલ કરી દીધા હતા. ભગવાન ઉપર આત્મશ્રદ્ધા રાખવાનો વિષય પુસ્તકમાં વાંચ્યા પછી તેના હૃદયમાં આશાનો ક્ષીણ પ્રકાશ પ્રકાશ્યો હતો ખરો પરંતુ થોડી વાર પછી સ્ત્રી, પુત્ર અને માતાની વિપદ યાદ આવતાં જ તે પ્રકાશ નિરાશાના ગાઢ વાદળામાં દબાઈ જતો ! તે સમયે તેના હૃદયમાં અતિશય વેદના થતી. જાણે ચારે દિશામાંથી વિપદ રૂપી ભયંકર સર્પો તેને દંસવા ધસતા ! જાણે બદમાશ લોકોનાં ટોળાંએ તેના ઘરમાં પ્રવેશ કર્યો છે, અને તેની પત્ની, તથા માતાનો હાથ ઝાલી ઘરમાંથી બહાર કાઢી મૂકે છે ! જાણે તેઓ રડતાં રડતાં ઘરમાંથી બહાર નીકળે છે ! રોગી બાળક

દુઃખ થવાથી જાણે મૂર્છા ખાઇ માતાના ખોળામાં પડયું છે! આ સઘળા બનાવો જાણે તેની દૃષ્ટિ સમક્ષ જ બને છે, અને તેના હાથ પગ બાંધેલા હોવાથી જાણે તે એક ખાટલા પર પડયો છે!

"અસહ્ય! અસહ્ય! તમે મ્હને એક વખત છુટો મુકો. વિપિનનું માથું કાપીશ ત્યારે જ આનંદ પામીશ." મ્હોટેથી બોલતા પ્રબોધે જોરથી ભીંત ઉપર એક મુક્કી મારી!

પ્રબોધચંદ્ર જે વખતે એ શબ્દો બોલ્યો તેજ સમયે એકાએક નારાયણદેવે ત્યાં પ્રવેશ કર્યો.

"કેમ! કેમ! શું થયું? ભાઈ! શા માટે એમ કરે છે?"

એમ બોલતા નારાયણદેવે ઉતાવળે પ્રબોધનો હાથ પકડયો. નારાયણદેવને જોતાં જ પ્રબોધનું ચિત્ત ઠેકાણે આવ્યું. તે જાણે આભો જ બની ગયો!

નારાયણદેવે કહ્યું: "ભાઈ! આનું નામ ભગવદ શ્રદ્ધા કે? આનું નામ ભગવદ વિશ્વાસ કે? પુસ્તક વાંચ્યાનું આ ફળ કે? જગતના બધા લોકો ત્હારી પેઠેજ પુસ્તક વાંચતા હશે કે? પુસ્તક વાંચ્યા પછી તે પ્રમાણે વર્તવું જોઇએ કે પુસ્તકનો ઉપદેશ પુસ્તકમાં જ રહેવા દેવો જોઇએ? ભાઈ! ભગવદ શ્રદ્ધા સિવાય સુખ ક્યાં? શાંતિ ક્યાં?"

પ્રબોધચન્દ્રે શરમને લીધે માથું નીચું નમાવ્યું. તેના મનમાં દારૂણ આત્મગ્લાનિ ઉત્પન્ન થઈ. તેણે ધીમે શબ્દે ઉત્તર દીધું: "પ્રભો! કશો નિશ્ચય થઈ શકતો નથી. મન સ્થિર થઈ શકતું નથી! પુસ્તકમાં બધું વાંચું છું ખરો પરંતુ ઘરના વિચારો જ મનમાં પ્રવેશ કરે છે. સ્ત્રી, માતા અને પુત્રની દુરાવસ્થા હૃદયને હચમચાવી નાંખે છે. કાળજું ઉકળાવી દે છે. જ્યાં સુધી કુટુંબ પરિવાર સુખમાં નથી હોતો ત્યાં સુધી મનુષ્યનું મન સ્થિર હોય જ નહિ! અને ત્યાં સુધી ભગવદ્ ઉપર શ્રદ્ધા રાખવાનું બને પણ નહિ." પ્રબોધ પુનઃ ઉશ્કેરાઇ ગયો. તેણે ગદગદ કણ્ઠે કહ્યું: "મહારાજ! દયા કરીને મ્હને મ્હારે ઘેર મોકલી દો. મ્હારી વૃદ્ધ માતા, મ્હારી નિરાધાર પત્ની અને મ્હારો રોગીષ્ટ પુત્ર કેવી દુરાવસ્થા ભોગવતાં હશે! તે એક વખત નજરે જોઈ આવવાની ઇચ્છા થઈ છે. હાય! હું જીવતો હોવા છતાં

મ્હારે તેમનું એવું શોચનીય પરિણામ જોવું પડે છે ! મહારાજ ! કદાચ મ્હારો પુત્ર અત્યાર સુધી ભાગ્યે જ જીવતો હશે !"

નારાયણદેવે તેને બોલતો અટકાવી કહ્યું: "ભાઈ! વળી પાછો તું ઉતાવળો થાય છે ખરૂં વારૂં ? પુસ્તકમાં જે વાતો વાંચી તે ઉપરથી પણુ તને ભગવાન ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થતી નથી ? ભાઇ ! "अरक्षितं ति-ति दवरति-तं" એ ભગવાનનું વાક્ય યાદ કર. "જેનું કોઇ નથી, તે અસહાય પ્રાણીને ભગવાન સહાય કરે છે. જેનું કોઈ રક્ષણુ કરતું નથી તેનું ભગવાન રક્ષણુ કરે છે, એ નક્કી જ."

પ્રબોધ: "મનમાં ધારૂં છું ખરો પરંતુ દઢ નિશ્ચય કરી શકતો નથી. આશ્વાસનનું સ્મરણ પ્રસંગોપાત વિજળીની પેઠે એક એક વખત હૃદયમાં પ્રકાશી ઉઠે છે ખરૂં પરંતુ થોડી વાર પછી પાછું પ્રથમના જેવું જ અંધારૂં ! સમજું છું છતાં સમજી શકતો નથી. મનમાં રાખું છું છતાં રાખી શકાતું નથી ! મહારાજ ! એ ચંચળતા, એ અસ્થિરતા શી રીતે દૂર થાય ?"

નારાયણદેવે પ્રેમ ભરી દૃષ્ટિએ જોઇ કહ્યું: "ભાઈ! હું સમજી શક્યો છું. ગૃહસ્થાશ્રમમાં રહેનાર માયાવી જીવોનું મન એવું જ ચંચળ હોય છે. તેથી જ આપણા શાસ્ત્રકારોએ કેટલાંક અનુષ્ઠાનનાં મહાત્મ્ય આપ્યાં છે. મન સ્થિર કરવા માટે પ્રથમ કેટલાંક અનુષ્ઠાન કરવાં જોઇએ. તેં તેવાં અનુષ્ઠાનો—અભ્યાસ—કર્યા નથી. તેથી જ ત્હારૂં ચિત્ત ચંચળ થઈ રહ્યું છે."

પ્રબોધ: "આપ શું કહો છો તે હું સમજી શકતો નથી."

નારાયણદેવ: "અનુષ્ઠાનનું તો પ્રત્યેક મનુષ્યને માટે સૌથી પહેલું પ્રયોજન છે. અક્ષર લખતાં પહેલાં બાળક જેમ સાદી વાંકી લીટીઓ દોરતાં શીખે છે તેજ પ્રમાણે અનુષ્ઠાન પણુ આપણે માટે જરૂરનાં છે, આ સંસારરૂપ મહા અરણ્યમાં નિવાસ કરીને, તે સુંદર મહાન પુરૂષનાં ચરણુમાં આત્મ લીન થવાની આશા કરતાં, અનુષ્ઠાન માર્ગનું અવલંબન કરવું એજ અજ્ઞાન અંધકારમાં ભમતા જીવોને માટે અતિ અગત્યનું કર્તવ્ય છે. સાગર—સંગમમાં મળવાની આશા રાખવામાં આવે તો સર્વ વિકટ નદી—ખાડીઓ ઓળંગવી પડે છે, પ્રચંડ ઉચ્ચ પર્વતના શિખરો પર ચઢવાની ઇચ્છા હોય તો અતિ-

શ્રમ કષ્ટ વેઠીને પણ તેના વાંકાચુંકા અને દુસ્તર માર્ગમાં પ્રવાસ કરવો પડે છે, તેમ અનુષ્ઠાન (અભ્યાસ) પણ મનુષ્યને માટે આધારરૂપ છે. ગમે તેવો મૂર્ખ મનુષ્ય અનુષ્ઠાનને લીધે પણ્ડિત થાય છે. દુષ્ટ મનુષ્યો અનુષ્ઠાન કરવાથી સાધુ પુરૂષ થઇ શકે છે. વિદ્વત્તા મેળવવાના અંકુરો જેમ અભ્યાસમાંથી ઉત્પન્ન થાય છે તેજ પ્રમાણે ભગવદ દર્શનની પ્રાપ્તિ, અનુષ્ઠાનની સહાયતાથી સહજે થાય છે. આ જગતમાં કશું અસાધ્ય નથી. જે વસ્તુનું નામ છે તે સર્વ પ્રાપ્ત થઈ શકે છે. આકાશના અત્યંત દૂર જણાતા સૂર્ય ચંદ્ર પર્યંત મનુષ્યો પહોંચી ગયાં છે તો પછી ભગવાનનાં દર્શન તેને કેમ ના થાય? ભાઇ! એ સંબંધી હું તને એક સુંદર વાર્તા કહું તે સાંભળ. તે ઉપરથી તને સ્પષ્ટ સમજાશે કે અભ્યાસથી શું થતું નથી?"

પ્રબોધ: "કહો મહારાજ."

નારાયણદેવે વાર્તા કહેવાનું શરૂ કર્યું:-

(૧)

રાત્રિનો સમય હતો. એક ચોર એક રાજાના મહેલમાં ચોરી કરવા પેઠો હતો. હજી રાજા અને રાણી બન્ને જાગતાં હતાં. પોતાની યુવાન કન્યાનો વિવાહ કરવા માટે વાદવિવાદ કરતાં હતાં.

રાણી કહેતાં હતાં કે: "હવે કન્યા મ્હોટી થઈ છે. આપણે ઘેર તેને રાખી શકાય નહિ. ગમે તેમ થાય પણ તેનું લગ્ન કરી દેવું જોઇએ."

રાજા ઉતરેલે મ્હેરે બોલ્યા: "વર ક્યાં છે? બધે શોધ કરવા છતાં સુપાત્ર વર ના મળે ત્યાં સુધી લગ્ન શી રીતે થાય? માતા પિતાનો ધર્મ છે કે સુપાત્ર જોઇને કન્યાદાન આપવું. જો અપાત્ર ને અયોગ્ય વરને હાથ પુત્રી આપીએ તો આપણી સાતે પેઢી નરકમાં જાય. જો કોઇ સુપાત્ર જમાઈ મળે તો હું તેને મ્હારૂં અર્ધું રાજ સુદ્ધાં આપવા ખુશી છું. એથી વધારે હું શું કરી શકું?"

રાણીને સંતોષ થયો નહિ. તેમણે કહ્યું: "બધી વાત ખરી પરંતુ હવે છોકરી ઉમ્મર લાયક થઈ છે, તેર વર્ષ પૂરાં થઇ ચૌદમું વર્ષ ચાલે છે.

આટલી મ્હોટી છોકરીને લગ્ન વગર રાખી શકાય નહિ. લોકો વાતો કરે છે. છોકરીને જોતાં અન્ન પણ ભાવતું નથી. ગમે તેમ કરીને એનાં લગ્ન કરો."

રાજા અનેક ક્ષણપર્યંત વિચાર કરવા લાગ્યા. ઘણો વિચાર કર્યા પછી ધીમેથી કહ્યું: "વારૂં, કન્યાને હવે અવિવાહિતા રાખીશું નહિ. હું સત્વર નૈમિષારણ્ય તીર્થમાં સાધુ સંતોના આશ્રમમાં જઇશ. ત્યાંથી કોઇ સત્પાત્ર સાધુને લાવી તેની સાથે કન્યાનો વિવાહ કરીશ."

આ સમયે પેલો ચોર એક ખુણામાં બેઠો બેઠો ચોરી કરવાનો લાગ શોધતો હતો. રાજા અને રાણીની વાતચિત સાંભળી તેનું મન ચલિત થયું. તે મનમાં જ વિચાર કરવા લાગ્યો કે: "ચોરી કરનાર કોઈ સુખી થયુ નથી. તો પછી ચોરી કરીને હું કેટલા રૂપિયા મેળવીશ ? વળી જો ચોરી કરતાં પકડાયો તો માર્યો જઈશ. ભલભલા ચોરો અંતે પકડાઈ માર્યા ગયા છે!" થોડી વાર વિચારમાં પડયો. તેના મનમાં એક નવીન આશા ઉત્પન્ન થઈ. તે મનમાં જ બોલ્યો: "જો ત્યાંએક વખત રાજાની નજરે પડું તો પછી બાકી શું રહે ? બસ, હવે ચોરી કરવાની ઇચ્છા નથી. હું નિમિષારણ્યમા જઇ સાધુ સંતોની સાથે સાધુ જેવાં કાર્યો કરીશ. તેમના જેવું અનુષ્ઠાન—અભ્યાસ—કરીશ. રાજા ત્યાં સુપાત્ર વર શોધવા આવશે. ત્યાંના સાધુઓ લગ્ન કરવા ખુશી થશે નહિ. તે વખતે હું રાજાને હા કહીશ. રાજકુમારીને પરણીશ. ભાગ્ય ફરી જશે. ચોરમાંથી રાજા થઇ જઇશ. જીંદગીનું દુઃખ ટળી જશે !"

ચોરે ચોરી કરી નહિ. તેજ ક્ષણે ગુપચુપ ત્યાંથી ચાલ્યો ગયો.

(૨)

દિવસો ઉપર દિવસ ચાલ્યા ગયા. ચોર નિમિષારણ્યમાં જઈ ક્રમશઃ સંન્યાસીના આચારવિચાર પ્રમાણે વર્તવા લાગ્યો. તેમના જેવો અભ્યાસ કરવા લાગ્યો, રાજા કદાચ તેને ચોર તરીકે ઓળખી શકે એ આશંકાથી, સંન્યાસી—સાધુઓની પ્રત્યેક ક્રિયા તેણે શીખી લીધી. જપ મંત્ર શિખ્યો. ન્યાસ, ધ્યાન, ધારણાનો અભ્યાસ કર્યો. પૂજા પદ્ધતિમાં પારદર્શિ થયો. પાછલી રાતે બ્રાહ્મ મુહૂર્તમાં જાગૃત થઇ ગંગાસ્નાન કરવું. ભસ્મ લેપન કરી, રૂદ્રાક્ષ માળા ધારણ કરી, સન્ધ્યાવંદન અને દેવપૂજામાં બેસવું. સ્તુતિ સ્તોત્ર ભણ્યા

પછી, મંત્રજપ કર્યા પછી, આરતિ પુષ્પાંજલિ અર્પ્યા પછી એકાગ્રચિત્તે પ્રાણાયામાદિ ક્રિયા કરતો. અંતે અભ્યાસના બળ વડે તેને અત્યારે કોઇ ચોર તરીકે ઓળખી શકતું નહિ. એટલું જ નહિ પણ સાધુના સહવાસમાં રહેવાથી, અભ્યાસના બળ વડે, વાંચતાં લખતાં શિખ્યા પછી તેને આત્મજ્ઞાન થયું. એ જ્ઞાન જેવું તેવું નહિ પણ ઇશ્વર પ્રાપ્તિની તેને ઇચ્છા થઇ. તેને એજ કાર્યમાં અતિશય આનંદ જણાયો.

અંતે રાજા એક દિવસ રાજ કન્યા માટે ત્યાં વર શોધવા આવ્યા. ચોરની વૃત્તિ આ સમયે બદલાઇ ગઇ હતી. રાજાએ ઘણા સાધુ સંતોને પોતાનો જમાઇ થવા પૂછ્યું. તેમને રાજનો લોભ બતાવ્યો પરંતુ સર્વેએ ના કહી. અંતે ચોર પાસે આવ્યો. તેને ઘણા કાલાવાલા કર્યા. તેને પણ અર્ધું રાજ આપવાનો લોભ બતાવ્યો. પરંતુ અન્ય સાધુ સંન્યાસીઓની પેઠે ચોરે પણ રાજ્ય અને રાજ કન્યા તરફ અભાવ બતાવ્યો. તેણે કહ્યું: " રાજા ! જો તું થોડા દિવસ પહેલાં આવ્યો હોત તો ત્હારી માંગણી સ્વીકારત. પરંતુ હવે તો હું જે આનંદમાં મગ્ન છું, તે આનંદની આગળ ત્હારૂં રાજ્ય અને રાજકન્યાનો લોભ તુચ્છ જણાય છે. અરે ! અતિશય તુચ્છ જણાય છે. અહા રાજા ! આ સ્થળે તું એક બે દિવસ રહે અને જોતો ખરો કે કેવો આનંદ થાય છે ! આ સ્થળે માયાવી જીવોની પેઠે લોભ, મોહ કે ક્રોધમાં કોઇ અંધ બનતું નથી, આ સ્થળે કોઇ દ્રવ્ય પદાર્થો પ્રાપ્ત કરવા રાત દિવસ ઘાંચીના બળદ પેઠે અથડાતું નથી ! આ સ્થળે માંહોમાંહ્ય વૈર કે ઇર્ષાનો અગ્નિ પ્રજવળતો નથી ! આ સ્થળે તો નિરંતર ભગવદ્ ચર્ચા અને શાસ્ત્રાવલોકન થાય છે, આ સ્થળે તો નિરંતર ભગવદ્દર્શન શી રીતે થાય તેનું જ અનુષ્ઠાન ચાલી રહ્યું છે. પ્રત્યેક સાધુ લોભ, મોહનો ત્યાગ કરી માત્ર જગતનિયંતા ભગવાનના અતિ સુંદર રૂપનું દર્શન કરવા આતુર થઇ રહ્યા છે. તેઓ કર્મને બાળી નિષ્કર્મ થવા તૈયાર થઇ રહ્યા છે. ઇંદ્રિયોને વશ કરી આત્મામાં લીન કરવાનો અભ્યાસ કરી રહ્યા છે અને યોગની ક્રિયાઓ દ્વારા આત્માનો સાક્ષાત્કાર થાય એવીજ યોજનાઓ યોજી રહ્યા છે. કહે રાજા ! રાજકન્યા અને રાજ્યલોભ વધારે કે જગતને રચનાર, સર્વ

પ્રાણીમાત્રમાં રમી રહેનાર પરબ્રહ્મ પરમાત્મા વધારે ? એક નાશવંત છે. બીજું અવિનાશી છે. નાશવંત વસ્તુ પ્રાપ્ત કરવાથી ક્ષણવારમાં તે નાશ પામશે અને શોક થશે પરંતુ અવિનાશી વસ્તુ પ્રાપ્ત કરવાથી નિરંતર આનંદ જ થશે. શાસ્ત્રકારોએ કહ્યું છે તે ઉપર મ્હને શ્રદ્ધા છે. જ્ઞાનિ ઋષિ મુનિયોએ ક્ષણભંગુર દ્રશ્ય પદાર્થોનો મોહ ત્યાગ કરી પરબ્રહ્મ પરમાત્માનાં દર્શન કરવા કઠોર તપસ્યાઓ કરી હતી. રાજા ! હું પણ હમણાં તેમજ કરૂં છું, કે જેથી વારંવાર જન્મ મરણ થાય નહિ અને અનેક પ્રકારના દુઃખ વેઠવાં પડે નહિ ! તું જ કહે કે તું રાજ્ય ભોગવે છે, રાજા છે છતાં તું શું સુખી છે ? ત્હને કયા પ્રકારનો આનંદ છે ? આજે એક અને કાલે બીજી, પરમ દહાડે ત્રીજી અને ચોથે દહાડે ચોથી, એમ નિત્ય નવી નવી વિપદ ત્હારે ભોગવવી પડે છે ! અને અમને ? અમે એક ક્ષણ પણ આનદ વિના બીજું કશું ભોગવતા જ નથી. ઘણા આત્મદર્શી સાધુઓ તો હિમાલયની કંદરાઓમાંથી બહારજ નીકળતા નથી, કારણ તેમને જીવન મરણથી છુટવું છે. વારંવાર જન્મ લેવો અને વારંવાર દુઃખ ક્લેશ ભોગવી મરણ પામવું એ અમને હવે પસંદ નથી. અમારે હવે આત્માનંદજ જોઇએ છે. એ આત્માનંદ આગળ મ્હોટાં મ્હોટાં રાજ્યો તુચ્છ છે ! એ સુખ આગળ બીજાં સુખો નિર્માલ્યવત છે. રાજા ! અમારે શી ખોટ છે ? અમારે જે જોઇએ તે આ સ્થળે તૈયાર છે ! જો, પેલાં વૃક્ષો ઉપર લટકતાં સુંદર મિષ્ટ ફળોને તું જો ! જો, ગંગાજીમાં વહેતા નિર્મળ જળપ્રવાહને તું જો ! જો, વૃક્ષનાં લીલાં સુકાં પાંદડાંને તું જો ! અને શરીરે ચોળવાની ભસ્મના પેલા ઢગલાઓને તું જો ! કહે હવે, અમારે બીજું શું જોઇએ ? અમારી પાસે આઠસિદ્ધિ અને નવનિધિ તૈયાર છે. અમે સાધુ સંતો મ્હોટા મ્હોટા રાજાઓને આશિર્વાદ આપી તેમને ધન, ધાન્ય, સ્ત્રી પુત્ર આપીએ એટલી અમારામાં શક્તિ છે. અમે યોગીઓ ભૂત, ભવિષ્ય, વર્તમાન જાણી શકીએ છીએ. અમે જગતના પ્રત્યેક ખુણામાં બનતા બનાવોને જોઇ શકીએ છીએ. મ્હોટા મ્હોટા રાજાઓ અમારી પાસે આવી નમે છે. કહે રાજા ! પછી અમે રાજ્યલોભ કે રાજકન્યાનો લોભ શામાટે રાખીએ ? ભગવદ્દર્શનના આનંદમાં જ અમે મસ્ત છીએ. ત્હારી રાજકન્યા અને ત્હારૂં રાજ્ય તુચ્છ છે !"

ચોરે રાજાના કાલાવાલા અને વિનતિ સાંભળી નહિ, તે રાજાનો જમાઈ થવા રાજા સાથે ગયો નહિ.

(૩)

નારાયણદેવે એટલું કહ્યા પછી વાર્તાનો ઉપસંહાર કરતાં કહ્યું: "સમજ્યો પ્રબોધ ! ન્હાનકડી વાર્તામાં પણ કેવો સરલ–સુંદર ઉપદેશ ભર્યો છે? એ વાર્તામાંથી અભ્યાસની ઉપયોગિતા ત્હને હવે સમજાઇ? અભ્યાસ–અનુષ્ઠાન–કરવાથી બધું થઇ શકે છે. અભ્યાસથી જે ચોર હતો તે મ્હોટો સાધુ થઇ ગયો. અહા! કેવો સુંદર ઉપદેશ પ્રબોધ?"

પ્રબોધ: "હા, મહારાજ ! સત્સંગનો એવો જ પ્રભાવ છે. સત્સંગ–સાધુ સંગવડે મૂર્ખ જ્ઞાની થઇ શકે એ તો નક્કી જ."

નારાયણદેવ: "થઈ શકે શું? થાય છે જ એમ કહે. સત્સંગ–સદ્-અભ્યાસ એ ખરેખર એક અનુપમ અમૃત છે. અમૃતનું પાન કરવાથી જેમ અમરત્વ પ્રાપ્ત થાય છે તેજ પ્રમાણે સાધુ જેવાં કર્મો કરવાથી અમર આત્માનું સંમિલન થાય છે. સદ્‌અભ્યાસ એ આપણને સ્વર્ગનો માર્ગ બતાવી આપે છે. તે આપણને સ્વર્ગના સુખમય સ્થાનમાં ખેંચી લઈ જાય છે. ધ્યાન યુક્ત નેત્રવાળા અભ્યાસીની અભ્યાસ–ધારણાથી, ખરેખર ભગવાનને પ્રાપ્ત કરી શકાય છે. ચક્ષુ બંધ કરી, હૃદય ઉપર હાથ રાખી, ભગવાનનું ધ્યાન ધરતાં ધરતાં તન્મય ભાવ જન્મ પામી, હૃદયમાં નારાયણનો આવિર્ભાવ થાય છે. અભ્યાસીનું ચૈતન્ય, તે શ્રી ચૈતન્યમય સંબંધી ચૈતન્ય પ્રદાન કરે છે. અભ્યાસીનું તિલક, માળા અથવા ભસ્મવાઘામ્બર, હરિ–હરનો સાક્ષાત્કાર કરાવી આપે છે. અભ્યાસીનો "બમ–બમ્–હરે–હરે" શબ્દધ્વનિ, કૈલાસપતિ, અનાથનાથ ભૂતનાથને તેની નજીક લાવવા સમર્થ થાય છે. અભ્યાસીનો "જય રાધાકૃષ્ણ" શબ્દ એ વૃન્દાવનનાં કૃષ્ણો નયન સમક્ષ તાદૃશ્ય કરે છે. તેથી જ અભ્યાસ–અનુષ્ઠાન–એ જીવનયાત્રાનો પ્રધાન સહાયક છે. સુખ–શાંતિ પ્રાપ્ત કરવાની આકાંક્ષા હોય તો શાસ્ત્રકારોએ દર્શાવેલા અનુષ્ઠાન–અભ્યાસ–માર્ગનું પ્રથમથી જ અવલંબન કરવું જોઇએ. તે વિના સુખ–શાંતિ કદી પણ મળશે નહિ."

પ્રબોધચંદ્રે આશ્ચર્ય પામતાં કહ્યું: " અનુષ્ઠાન એટલે ? "

નારાયણદેવે કહ્યું: " જેના જેવા અધિકાર તેવાં પ્રકારનાં તેને માટે અનુષ્ઠાન-વ્રત નક્કી કરવામાં આવ્યાં છે. બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય અને શૂદ્ર, એ સર્વને માટે જૂદાં જૂદાં અનુષ્ઠાન નિર્માણ થયાં છે, અને તે પરસ્પર એક બીજાથી ભિન્ન પ્રકારનાં છે. એ વિષય ત્હને હું અન્ય સમયે સમજાવીશ."

પ્રકરણ ૧૧ મું.

સન્ધ્યા.

(૧)

દેવાલયમાં શંખ ઘંટાનો ધ્વનિ થયો. નારાયણદેવે પશ્ચિમ આકાશ તરફ જોઇ સૂર્યદેવને નમસ્કાર કર્યા અને થોડીવાર પ્રાર્થના કર્યા પછી પ્રબોધચંદ્રને કહ્યું: "દિવસના દેવતા સૂર્યનારાયણ અસ્તાચલ ઉપર ચ્હડી ચૂક્યા છે. તેમને પ્રણામ કર."

નારાયણદેવની આજ્ઞા થવાથી પ્રબોધચંદ્રે અસ્તાચલ-ગામી સૂર્યદેવને પ્રણામ કર્યા.

નારાયણદેવે કહ્યું: " સંધ્યા આહ્નિકનો સમય થયો છે: પ્રબોધ! ઉઠ, ચાલ નર્મદામાં જઈને સંધ્યાસ્નાન કરી આવીએ. "

પ્રબોધચંદ્ર જાણે આકાશમાંથી પૃથ્વી પર પડયો હોય તેમ સ્તબ્ધ થઇ ગયો. ઉપનયન સંસ્કાર થયા તે સમયે ફક્ત બે કલાક બ્રહ્મચર્ય ધારણ કરી હાથમાં દણ્ડ ગ્રહણ કર્યો હતો! તે વખતે ગુરૂદેવે ગાયત્રી મંત્રનો ઉપદેશ દીધો હતો પરંતુ તે વખતની ગાયત્રી ગુરૂદેવને તુરત પાછી સોંપી દીધી હતી! તેના માતાપિતાએ પણ તે સંબંધી દરકાર લીધી નહોતી! ત્યાર પછીથી તેણે એક દિવસ પણ સંધ્યા વંદનનું મહત્વ જાણ્યું નથી-અર્થાત્ સંધ્યા કરી નથી! બ્રાહ્મણપુત્ર! હરિ હરિ! સંધ્યા વંદનમાં સમજતો નથી! તેથીજ આજે એકાએક સંધ્યાનું નામ સાંભળતાં પ્રબોધ ચમકી ઉઠયો!

પ્રબોધને વિચલિત જોઈ નારાયણદેવે કહ્યુંઃ " પ્રબોધ ! ત્યારે શું તેં બ્રાહ્મણનું નિત્યકર્મ સન્ધ્યાવંદન ત્યાગ કર્યું છે ? "

પ્રબોધ બાળકની પેઠે રડી પડયો. ગદગદ કણ્ઠે બોલ્યોઃ " મહારાજ ! અત્યાર સુધી એ સંબંધી મ્હને કોઈએ કશું પૂછયું નથી. હા, મ્હેં સન્ધ્યાવંદનનું માહાત્મ્ય પુસ્તકોમાં વાંચ્યું છે ખરૂં. શરીરને પવિત્ર રાખવા માટે, જેમ સ્નાનની જરૂર છે તેમ મનનો મળત્યાગ કરવા માટે સન્ધ્યાની જરૂર છે, એ પણ મ્હારા જાણવામાં છે. પરંતુ મ્હને તેનો અભ્યાસ નથી. પ્રભો ! હું મહા પાપી છું. હું નરાધમ છું. હું ચંડાલ છું. સન્ધ્યાવંદન નહિ કરવાથી મનુષ્યનું મન પવિત્ર–નિર્મળ રહેતું નથી. હું તેવો જ અપવિત્ર, મલિન છું. અપવિત્ર અને મલિન રહેનારને જ ચંડાલ કહેવામાં આવે છે. દેવ ! ક્ષમા કરો."

નારાયણદેવઃ " ભાઇ ! શોક કરી મનને વૃથા દુઃખ દેવાનું પ્રયોજન નથી. ચાલ, નર્મદામાં સ્નાન કરીએ."

પ્રબોધઃ " મહારાજ ! સન્ધ્યા નહિ કરનાર બ્રાહ્મણ ચંડાલ કહેવાય છે. મ્હેં તેમ કર્યું નથી. મ્હેં બ્રાહ્મણત્વ ગુમાવ્યું છે ! હું ચંડાલ થયો છું. મ્હને બહુ શરમ થાય છે. વિશેષ લજ્જા પમાડશો નહિ."

નારાયણદેવઃ " ના, ભાઈ ! એવી વાત કરીશ નહિ. તું પરમ પૂજ્ય બ્રાહ્મણ વંશમાં જન્મ્યો છે. તું બ્રાહ્મણ વીર્યથી પુષ્ટ થયો છે. ત્હારે શોક કરવાનું કારણ નથી. મળમૂત્રવાળી માટીમાં હીરો દાટી રાખવાથી તેનું મૂલ્ય તદ્દન નષ્ટ થઇ જતું નથી. થોડો યત્ન કરીને હીરો સ્વચ્છ કરી લેવાથી તે પોતાનું પૂર્વનું તેજ વિકાસે છે, તેમ ત્હારે નિરાશ થવાનું કશું કારણ નથી. નર્મદાના પવિત્ર જળમાં સ્નાન કરી પ્રાયશ્ચિત કરવાથી જ ત્હને સર્વ અધિકારો પુનઃ પ્રાપ્ત થશે. ત્હારૂં ચંડાલત્વ જતું રહેશે. સાચી વાત છે કે આજે મ્હોટા મ્હોટા પવિત્ર ગણાતા, બીજા કોઇનું અન્ન સ્પર્શ નહિ કરનારા બ્રાહ્મણો સન્ધ્યાવંદન ભૂલવાથી બ્રાહ્મણ રહ્યા નથી ! તેઓ ચણ્ડાલ થયા છે. તેમનાં કર્મ ચણ્ડાલ થયાં છે. તેમની જાતિ અને તેમનો ધર્મ પણ ચંડાલ થયો છે. ભાઈ ! જો તેમ ન હોય તો બ્રાહ્મણ જેવી પવિત્ર જાતિમાં ઇર્ષા, દ્વેષ, અહંકાર, ક્રોધ, જૂઠ, વ્યભિચાર, કપટ વગેરે દુર્ગુણો હોય ? આજે

તો ડગલે ડગલે એવા દુર્ગુણી બ્રાહ્મણો નજરે પડે છે, છતાં તે બ્રાહ્મણોને પોતાના ચણ્ડાલત્વનું જ્ઞાન થતું નથી. તેઓ જે કર્તવ્યથી વિમુખ થયા છે તેનો તેમને પશ્ચાતાપ થતો નથી, તને તે જ્ઞાન થયું છે. તેથીજ ત્હારાં પ્રાયશ્ચિત દૂર થશે."

પ્રબોધઃ "પણ મહારાજ! હું સંધ્યા આહ્નિક બધું ભૂલી ગયો છું તેનું કેમ?"

નારાયણદેવઃ "તેમાં હાનિ શી? મન હશે તો પુનઃ શિખી લેતાં કેટલી વાર? પ્રાયશ્ચિત કર્યા પછી આજથી ત્હારે નિત્ય કર્મમાં, પૂજાવંદન અને સંધ્યા આહ્નિક કરવામાં લક્ષ્ય રાખવું. નિત્ય એ કાર્ય કરવું જ. તેમ કરશે તો ત્હારી સર્વ અશાંતિ દૂર થશે."

પ્રબોધઃ "પ્રાયશ્ચિતને માટે કહો છો? સાંભળ્યું છે કે બ્રાહ્મણે સંધ્યા આહ્નિકનો ત્યાગ કર્યો હોય તો તેના મુખમાં અગ્નિ નાંખવો, એ જ તેને માટે યોગ્ય પ્રાયશ્ચિત છે!"

નારાયણદેવઃ "એ સખ્ત દણ્ડથી ત્હને ભય લાગે છે?"

પ્રબોધઃ "પ્રભો! અત્યારે હું જે દુઃખ ભોગવું છું તેના કરતાં અગ્નિનુ દુઃખ હું વધારે કષ્ટદાયક માનતો નથી."

નારાયણદેવઃ "શાબાશ. તું એવું અતિ કઠોર પ્રાયશ્ચિત સહન કરવા તૈયાર છે ત્યારે ત્હારે માટે મ્હને વિશેષ ચિન્તા કરવાનું કારણ નથી. આવ, મ્હારી સાથે આવ."

(૨)

પ્રબોધચંદ્રને સાથે લઈ નારાયણદેવ નર્મદાના જળમાં ઉતર્યા.

નર્મદાના જળમાંથી પ્રબોધચંદ્રે એક અપૂર્વ દ્રશ્ય જોયું. અરણ્યમય પ્રદેશમાં જનમાનવનો સમાગમ નથી, એવી સર્વની ખાત્રી હતી. મહારૂદ્રનાથની પાડોશમાં આવેલું જીર્ણ મહાલય—સેવાશ્રમ—બહારથી ગમે તેવું જણાતું હતું પરંતુ અંદરથી તો જાણે એક સુસજ્જિત રમણીય ન્હાની રાજધાની હોય તેવું હતું. પ્રથમ તો એને જોતાં જ પ્રબોધ ચમકી ઉઠયો હતો. ત્યાર પછી હમણાં નર્મદાના જળમાં ઉતર્યા પછી તેણે જે જોયું તેથી તેના આશ્ચર્યનો

પાર રહ્યો નહિ. તેણે જોયું કેઃ નર્મદાના જળથી થોડે ઉપર—કિનારે વૃક્ષ શ્રેણીની નીચે પુષ્કળ મ્હોટા પત્થરો ગોઠવ્યા હતા. એક એક પત્થર સમ-ચોરસ આકારનો, બે હાથ ઉંચો જણાતો હતો. એ પ્રત્યેક પત્થર ઉપર એક એક ઋષિ સમાન બ્રાહ્મણ બ્રહ્મચારી પદ્માસન વાળી, નેત્ર બંધ કરી, ટટાર બેસી સંધ્યાવંદન કરતા હતા. પ્રબોધચંદ્ર અનેક ક્ષણપર્યંત સ્થિર દ્રષ્ટિયે તેમના સ્હામુ જોઈ રહ્યો છે. તેના મનમાં વિચાર થયો કેઃ કથામાં એક દિવસ નૈમિષારણ્ય તીર્થમાં સનકાદિ ઋષિયો ઇષ્ટ આરાધના કરવા બેઠા હતા એવું સાંભળ્યું હતું. તેજ આ સ્વર્ગીય અનુપમ દ્રષ્ય, જાણે કોઈ ઇંદ્રજાળ મંત્રને પ્રભાવે તેની સમક્ષતા દ્રષ્ય થયું છે ! તે અધિક સમય પર્યંત એવા વિચારમાં ગુંથાઈ શક્યો નહિ. નારાયણદેવ તેને તુરતજ એક બ્રહ્મચારી પાસે લઈ ગયો.

નારાયણદેવે તેને કહ્યું: "સંધ્યા કરતાં પહેલાં ત્હારાથી નર્મદાના ટાઢા જળમાં સ્નાન કરી શકાશે કે ?"

પ્રબોધઃ "શા માટે નહિ ? ટાઢા જળમાં સ્નાન કરવાથી તો શરીરમાં બળ વધે છે. સુંદરતા વધે છે. સ્નાન કર્યા પછી સંધ્યા કરવાનું ધાર્યું છે."

નારાયણદેવઃ "ત્હારી ઇચ્છા હોય તો તેમ કર."

પ્રબોધે સારી પેઠે સ્નાન કર્યું. સ્નાન પછી ઇષ્ટસ્મરણપૂર્વક આચમન કર્યું. આચમન પછી પ્રાયશ્ચિતને માટે ગાયત્રી મંત્રનો જપ કર્યો. ગાયત્રી જપ પૂરા થયા પછી નારાયણદેવે તેને સંધ્યા કરાવવાનું શરૂ કર્યું.

(૩)

નર્મદાને કિનારે સંધ્યાવંદન કરી રહ્યા પછી બ્રહ્મચારીઓ એક પછી એક મહારૂદ્રનાથના મંદિર તરફ ચાલ્યા ગયા.

નારાયણદેવે કહ્યું: "આવ, પ્રબોધ, મહારૂદ્રનાથના મંદિરમાં આરતિનાં દર્શન કરીએ."

"સેવાશ્રમ" મહાલયની ઉત્તરે મહારૂદ્રનાથનું મંદિર હતું. એક બે બીજાં ન્હાનાં દેવમંદિરો પણ હતાં. આરતિને સમયે સર્વ મંદિરમાં એકે સમયે ઘન્ટા, શંખના નાદ થવા લાગ્યા.

તે બન્ને મહારૂદ્રનાથના મંદિરમાં આરતિનાં દર્શન કરવા ગયા. એક કલાક પર્યંત આરતિના આનંદ ધ્વનિથી દેવાલય ગાજી રહ્યું હતું.

આરતિ થઈ રહ્યા પછી જાણે મહાસમ્મિલનના મહામંત્રથી નભોમણ્ડલ કમ્પી ઉઠયું હતું. જૂદાં જૂદાં મંદિરમાં જૂદા જૂદા દેવદેવીનાં શબ્દોચ્ચાર વડે સેવકો જયધ્વનિ બોલાવતા હતા. તેમાં મહારૂદ્રનાથના મંદિરમાં ઘણાં મનુષ્યો હોવાથી ત્યાં " જય ! મહારૂદ્રનાથકી જય ! " નો ઉચ્ચધ્વનિ થયા પછી ચારે દિશામાં તેનો પ્રતિધ્વનિ થઇ રહ્યો.

સર્વ સેવકોના હૃદયમાં અતિ આનંદ વ્યાપી રહ્યો હતો.

જેને દ્રષ્ટિ હતી તેણે એ મહા સમ્મિલનનાં દર્શન કર્યાં. જેને કાન હતા તેમણે એ મહા સમ્મિલનના મહામન્ત્રો સાંભળ્યા. જેનામાં વિવેક હતો તેમણે એ મહા સમ્મિલનનું ગૂઢ તત્વ, હૃદયના પ્રત્યેક પડદાઓમાં અનુભવ્યું.

પ્રકરણ ૧૨ મું.

આતિથ્ય—સત્કાર.

બે પ્રહર રાત્રિ વીતી છે. ત્રયોદશીના ચંદ્રવડે આકાશ પ્રકાશિત થઇ રહ્યું છે. ચંદ્રની સ્નિગ્ધ ચાંદની, સેવાશ્રમ—મહાલયની અગાસીમાં પડવાથી અગાસીને રૂપેરી રસવડે રસી દીધી હોય તેવું જણાય છે. ચંદ્રની મનોમુગ્ધકર ચાંદનીમાં બેસી આશ્રમના બ્રહ્મચારીઓ શાસ્ત્રતત્વ, નીતિતત્વ, કર્તવ્યતત્વ, વગેરે ઉપર ચર્ચા ચલાવે છે. એ સ્થળે નિત્ય એ સમયે એ પ્રમાણે ચર્ચા ચાલતી હતી. ઘણુંખરૂં તો મહાલયના એક મ્હોટા દિવાનખાનામાં બેસી તેઓ એવા અનેક વિચાર વિતર્ક કરતા હતા, પરંતુ શુક્લપક્ષની નિર્મળ ચાંદની પડતાં નિત્ય તેઓ અગાસીમાં બેસી પ્રસન્ન ચિત્તે શાસ્ત્ર ચર્ચા કરતા હતા.

આજે " ગૃહસ્થાશ્રમીઓના સંસાર—ધર્મ " ઉપર ચર્ચા ચાલે છે.

નારાયણદેવે કહ્યું: " મનુષ્યો માત્ર સુખ—શાંતિ, સુખ—શાંતિ કહીને

ભ્રમિત ચિત્ત જેવા ફરતા ફરે છે. પરંતુ તેમના નિત્ય-કર્મમાં જ અનન્ત સુખ અને અનન્ત શાંતિ છે તે ભૂલે ચૂકે પણ તેઓ વિચારી જોતા નથી. ગૃહસ્થાશ્રમી મનુષ્યોનું એક મુખ્ય કર્મ "**આતિથ્ય સત્કાર**" છે. શાસ્ત્રમાં કેટલાં બધાં દ્રષ્ટાંત બતાવીને "આતિથ્ય સત્કાર"નો મહિમા વર્ણવ્યો છે. એ બધાં દ્રષ્ટાંત તરફ જોતાં સારી પેઠે જણાય છે કે: એક માત્ર **આતિથ્ય સત્કાર** ધર્મનું પાલન કરવાથી જ દુઃખની નિવૃત્તિ અને મોક્ષની પ્રાપ્તિ થઈ શકે એમ છે. દાતા કર્ણનું અતિથિ-સત્કાર માહાત્મ્ય અને વૃષકેતુનું અલૌકિક આત્મ ત્યાગ વૃતાંત કયા હિંદુ ગૃહસ્થથી અજાણ્યું છે? પરંતુ આતિથ્ય સત્કાર કરતી વખતે કેટલાં મનુષ્યો તે નીતિ પ્રમાણે વર્તે છે? પુત્રનું મસ્તક દાન કરવાની વાર્તા કાલ્પનિક જાણી ઉડાવી દઈ શકાશે પરંતુ અતિથિને એક મુઠ્ઠી અન્ન આપવામાં કેટલા બધા ગૃહસ્થો મ્હોં સંતાડે છે? એ ઉપરાંત એવાં જ અનેક પરોપકારના કાર્યો કરવામાં ગૃહસ્થાશ્રમી જનો કેટલા પાછળ છે? તે ગમે તેમ હોય પણ આપણે જો સર્વ ગૃહસ્થોને આતિથ્ય સત્કાર ધર્મનું પાલન કરવાની શિક્ષા આપી શકીએ અને ગૃહસ્થાશ્રમીજનો થોડું થોડું કરીને પણ આતિથ્ય-સત્કાર ધર્મ પાલન કરવા યત્ન કરશે, તો સંસારનાં અનેક દુઃખ અને અનેક અશાંતિ દૂર થશે. આજે તો ગૃહસ્થ માત્રને આતિથ્ય-સત્કાર ધર્મનો બોધ આપવો જરૂરનું થઇ પડયું છે."

સેવાવ્રત ધારણ કરનાર બ્રહ્મચારીઓમાંથી એકે કહ્યું કે: "મહારાજ! આપે તે દિવસે એક પોપટ-પોપટીની વાર્તા કહીને એ ધર્મ બહુ સારી રીતે સમજાવ્યો હતો. ગૃહસ્થાશ્રમી જનો પાસે એ વાર્તા હમેશાં કહેવી જોઇએ. વાર્તાના રૂપમાં તત્વજ્ઞાનનો બોધ કરવાથી સાંભળનારના મનમાં સચોટ અસર કરે છે."

નારાયણદેવે કહ્યું: "તેટલા માટે જ એ બધા વિષયો પ્રત્યે એવી રીતે ચર્ચા કરૂં છું. એવી સર્વ શાસ્ત્રોક્ત વ્યાખ્યાઓ દ્વારા, ગૃહસ્થના મનમા આતિથ્ય-સત્કાર-ધર્મનો બોધ આપવો એ હમણાં બહુ જ જરૂરનું છે. આજે હું તમને એ સંબંધી એક નવીન આખ્યાન કહું છું, એ વાર્તા પ્રત્યેક ગૃહસ્થે પોતાના હૃદયમાં સર્વદા જાગ્રત રાખવી જોઇએ."

એમ કહી નારાયણદેવે પોતાના એક શિષ્યને પાસે બોલાવ્યો અને તેના હાથમાં એક પુસ્તક આપી એક ચિહ્ન કરેલી વાર્તા વાંચવાનું કહ્યું:—

પ્રબોધચંદ્રે આશ્ચર્ય પામી કહ્યું: "પોપટ-પોપટીની વાત કહો મહારાજ."

બ્રહ્મચારીઓમાંનાં કેટલાકે એ વાર્તા પ્રથમ સાંભળી નહોતી. તેમણે પણ આશ્ચર્ય બતાવી કહ્યું: "એજ વાર્તા કહેવાથી અમને પણ આનંદ થશે."

નારાયણદેવ: "બહુ સારૂં. પોપટ-પોપટીએ કરેલા આતિથ્ય-સત્કારની વાર્તા પ્રથમ કહું છું. ગ્રન્થમાંની વાર્તા પછીથી વાંચવામાં આવશે."

એમ કહી નારાયણદેવે પોપટ-પોપટીની વાર્તા કહેવાનું શરૂ કર્યું:—

"એક રાજપુત્ર એક નોકર સાથે લઈ એક દિવસ મૃગયા રમવા ગયો હતો. કેટલાક દિવસ પર્યંત શિકાર શોધતાં ફર્યા પછી અંતે બન્ને એક મૃગની પાછળ એક ઘોર અરણ્યમાં ગયા. ત્યાં ગયા પછી માર્ગ ભૂલી ગયા. તેમની પાસેનું અન્નજળ ખૂટી ગયું. જંગલમાં તેમને આહાર કે જળ મળ્યું નહિ. જેમ જેમ ચાલતા તેમ તેમ જંગલ જ જંગલ! એ પ્રમાણે બે દિવસ વીતી ગયા. ત્રીજે દિવસે ક્ષુધાને લીધે નિર્બળ થઈ ગયા, અને તૃષાને લીધે તેમના પ્રાણ તાળવે ટંગાયા! તેઓ આગળ ચાલી શક્યા નહિ, ત્યારે થાકેલા પાકેલા એક વૃક્ષ તળે આશ્રય લેવા બેઠા. દિવસ ગયો. રાત્રિ પડી. તેમ છતાં આહાર મળ્યો નહિ. રાજકુમાર અને તેનો નોકર બન્ને પ્રભુ પ્રાર્થના કરવા લાગ્યા: "હે ભગવન! આ જંગલમાં એક પક્ષી પણ મળી શક્યું નહિ. એક ફળ પણ મળ્યું નહિ! ત્યારે શું અમે અન્ન જળ વગર મરણ જ પામીશું?" એક તરફથી ક્ષુધાનું દુ:ખ, તેમાં વળી સખ્ત ટાઢ! રાજપુત્ર દુ:ખથી તરફડવા લાગ્યો. નોકર ક્ષુધાની નિવૃત્તિ કરવા અસમર્થ હોવા છતાં તેણે કેટલાંક સુકાં પાંદડાં એકત્ર કરી અગ્નિ સળગાવ્યો. જે વૃક્ષ નીચે બેસીને કરૂણ રોદન કરવાથી તેમની છાતી પલળી જતી હતી તે વૃક્ષની ડાળીમાં એક પોપટ-પોપટીએ માળો બાંધ્યો હતો. સમસ્ત દિવસ આહાર શોધવા માટે અતિશય પરિશ્રમ કરી સાંજે માળામાં આવ્યા પછી તેમણે નીચે બનતો શોચનીય બનાવ જોયો. તેમણે જોયું કે: વૃક્ષ નીચે-તેમના માળાની નીચે જ-બે જીવાત્માઓ ક્ષુધા તૃષાના દુ:ખે પીડા પામી 'મરણ પામવાની તૈયા-

રીમાં છે. નોકર પ્રસંગોપાત આમતેમ જોઈ આહાર શોધે છે, અને જ્યારે કંઈ જણાતું નથી ત્યારે નિરાશ થઈ ઉંડો નિઃશ્વાસ મૂકે છે. રાજકુમાર વખતો વખત અચેતન થઇ પડે છે, અને ચૈતન્ય આવે છે ત્યારે ભગવાનની પ્રાર્થના કરે છે. તે કહે છે કેઃ "હે ભગવાન્! રક્ષણ કર." પ્રસંગોપાત વનસ્પતિઓને કહે છે કેઃ "હે તરૂલતાઓ! અમે તમારો આશ્રય લીધો છે. તમે પણ અમને બચાવી શકતાં નથી?" પ્રસંગોપાત અરણ્યના પશુ પક્ષીઓને પ્રાર્થના કરે છેઃ "હે અરણ્યનિવાસી પશુપક્ષીઓ! અમારી શોચનીય અવસ્થા જોઇને તમારા હૃદયમાં કિંચિદ પણ દયા આવતી નથી?" રાજપુત્રની એવી કરૂણાજનક પ્રાર્થના એ, વૃક્ષ પર બેઠેલાં પોપટપોપટીના હૃદયમાં દારૂણ આઘાત કર્યો. પોપટે પોપટીને કહ્યું: "જો દેવી! ધર્મ તો એનું નામ છે કે જે અતિથિ સત્કાર કરે. આજ અન્નજળ વિના તડફડતા બે અતિથિઓ આપણા દ્વારમાં આવી ઉભાં છે. આપણે જાણતાં નથી કે પૂર્વ જન્મનાં કેવાં કર્મ ફળને લીધે આપણે પક્ષીમાં જન્મ્યાં છીએ. આપણા દ્વારમાંથી અતિથિ ભૂખ્યા જશે તો બીજે જન્મે આપણને કોણ જાણે કેવો નીચ—જન્મ મળશે? આ જન્મે આટલું બધું દુઃખ ભોગવીએ છીએ તો પછી બીજે જન્મે તો કેટલુંએ દુઃખ ભોગવવું પડશે? અતિથિ ભૂખ્યા રહે તો વખતે આપણને નરકમાં કીડાનો જન્મ પણ મળે. અથવા કદાચ તેથી પણ નીચ સ્થિતિમાં જન્મ લેવો પડે! તેથી જ તને કહું છું કે દેવી! હું જે કાર્ય કરૂં તેમાં તું મ્હને અટકાવતી નહિ. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ પુરૂપ જે ધર્મ કરે તેમાંથી પત્નીને અર્ધું પુણ્ય મળે છે. હું જે ધર્મ કરવા તૈયાર થયો છું તેમાંથી તને પણ અર્ધું પુણ્ય મળશે. દેવી, હું મ્હારો ધર્મ પાળું છું. આજે તે ધર્મ પાળવાનો યોગ્ય સમય આવી પહોંચ્યો છે. આવો સમય ભાગ્યે જ ફરીથી આવશે."

પતિનો મનોભાવ જાણીને અને તેનો દૃઢતાદર્શક સ્વર સાંભળીને પત્ની આનંદ પામી. તેણે પતિના ચરણમાં મસ્તક નમાવી કહ્યું:—"નાથ! ત્યારે મ્હેં શાં પાપ કર્યાં છે કે એ ધર્મથી હું વિમુખ રહું? મ્હને પણ આજ્ઞા આપો. હું શા માટે આ જન્મમાં પડી રહી દુઃખી થાઉં? અતિથિ—સત્કાર

સાથે પ્રતિવ્રત ધર્મનું પાલન થવાથી મ્હને અતિશય આનંદ થશે. આવા શુભ મુહૂર્તમાં જીવનનું સાર્થક્ય કરી લેવા દો પ્રાણુનાથ ! ના કહેશો નહિ. આપના પ્રેમને લીધે મ્હેં જીવન પર્યંત સર્વ પ્રકારનાં સુખો જ ભોગવ્યાં છે. બીજે જન્મે પણ મ્હને આપની જ સેવા કરવાનો અધિકાર મળે એવી કૃપા કરો દેવ ! ” પત્નીની પ્રાર્થના સાંભળી પોપટ અતિશય પ્રસન્ન થયો. તેણે કહ્યું: “ ધન્ય છે મ્હારા જીવનને કે જેથી મ્હને ત્હારા જેવી પતિવ્રતા, ધર્મનિષ્ઠ પત્ની પ્રાપ્ત થઈ છે. ખરેખર તું જ નારી રત્નોમાં શ્રેષ્ઠ છે. ત્હારા જેવું અનુપમ પતિવ્રતા નારી રત્ન જો સંસારમાં ઘેરેઘેર હોય તો દુઃખ ક્લેશથી ભરેલો સંસાર સ્વર્ગ—સમાન સુખમય થઇ રહે. દેવી ! મ્હારી પ્રાણેશ્વરી ! ચાલ, ત્યારે હવે વિલંબ શા માટે કરવો જોઇએ ? તે બિચારાઓના પ્રાણપંખી ઉડી જવાની તૈયારીમાં છે. હજી પણ આપણે તેમના પ્રાણ બચાવી શકીશું, અને તે સાથે આપણે બન્ને જણ આપણો ગૃહસ્થધર્મ પાળી શકીશું. અતિથિ—સત્કાર કરવામાં અને પતિવ્રતધર્મનું પાલન કરવામાં ત્હારા જેવી ભાગ્યશાળી બીજી કોઇ સ્ત્રી નથી. ”

એટલું કહીને પતિ—પત્ની—પોપટ—પોપટી બન્ને પોતાનાં બે સન્તાન પાસે ગયાં, અને તેમને કહ્યું: “ બાળકો ! હવે તમે તમારૂં ભરણપોષણ કરી શકો એવી સ્થિતિમાં છો. અમે અમારો ધર્મ બજાવી તમને ઉછેરી મ્હોટાં કર્યાં છે. હવે તમને કોઇ જાતનું કષ્ટ આવી પડે એવો સંભવ નથી. હવે તમે તમારો ગૃહસ્થાશ્રમ સંભાળી લેજો, અને વળી જો જો કે, સ્વધર્મ કેવી રીતે પાળી શકાય છે. ” એમ કહી તે બન્ને સંતાનોનું મુખ ચુંબન કર્યું, અને તેમને આશિર્વાદ દીધો. ત્યાર પછી પતિપત્ની ધીમે ધીમે વૃક્ષની એક શાખા ઉપર આવ્યાં અને બન્નેએ પરસ્પર અતિશય પ્રેમપૂર્વક આલિંગન કર્યું, તથા પરસ્પર એક બીજાનું મુખ ચુમ્બન કર્યું અને ઇશ્વર પ્રાર્થના કરીને વૃક્ષ નીચે સુતેલા રાજકુમારની પાસે બળતા અગ્નિમાં કુદકો મારી આત્મવિસર્જન કર્યું ! તે સાથે જ જાણે કોઈએ રાજકુમાર અને નોકરના કાનમાં કહ્યું કેઃ “ લો, આહાર કરો. તમારી જીંદગી બચાવો. ” એકાએક આહાર આવેલો જોઇ રાજપુત્ર અને તેનો નોકર અતિ આશ્ચર્ય પામ્યા, અને

ભગવાનની અપાર કરૂણાનો મહિમા ગાવા લાગ્યા. બીજી તરફ ભગવાનની કૃપાથી આતિથ્ય-સત્કાર-ધર્મ પાલન કરી પોપટ-પોપટી વૈકુણ્ઠમાં આશ્રય પામ્યાં. તેમનાં કર્મફળને લીધે તેમનો પક્ષીમાંથી દેવમાં જન્મ થયો."

એટલું કહ્યા પછી નારાયણદેવ ગદગદ કણ્ઠે બોલ્યા: " એનું નામ અતિથિ-સત્કાર-ધર્મનું પાલન ! જીવતાં પોપટ-પોપટી અગ્નિમાં બળી મરી અતિથિનો આહાર થયાં ! અરેરે ! મનુષ્યો ! પોપટ-પોપટીનું દ્રષ્ટાંત તમારા હૃદય ઉપર કાંઇ પણ અસર કરશે કે ? તમે કઈ સ્થિતિમાંથી કઇ અવસ્થામાં આવી પડયાં છો તે એક વખત વિચારી જોશો કે ? "

પ્રકરણ ૧૩ મું.

ભક્તનો ભગવાન.

વાર્તા કહી રહ્યા પછી નારાયણદેવે શિષ્યને પુસ્તક વાંચવાની આજ્ઞા કરી. દીવાની અગત્ય નહોતી. શીતળ ચાંદનીના પ્રકાશમાં શિષ્યની તીક્ષ્ણ દ્રષ્ટિ પુસ્તક વાંચવા સમર્થ થઇ.

શિષ્ય મધુર-કણ્ઠે વાંચવા લાગ્યો:—

(૧)

એક વનમાં ભાંગેલી તુટેલી એક પર્ણકુટી હતી. તેમાં એક વૃદ્ધ બ્રાહ્મણ ભગવદ ચિન્તામાં ધ્યાનમગ્ન થઈ બેઠો હતો. તેની સુંદર યુવતી પત્નીએ વૃદ્ધ પતિની સેવામાં આત્મસમર્પણ કર્યું હતું. વનમાંથી ફળ મૂળ એકઠાં કરી લાવી સાધ્વી પત્ની પતિ સેવામાં આનંદપૂર્વક દિવસો વ્યતીત કરતી હતી.

તે જ વનમાં, તે જ પર્ણકુટીમાં, મહર્ષિ નારદે એક દિવસે અતિથી તરીકે નિવાસ કર્યો. પતિવ્રતા રમણી પતિની સેવામાં ગુંથાઇ હતી. એટલામાં એકાએક મહર્ષિએ આવી કહ્યું: " માતા ! બહુ ભૂખ લાગી છે. કંઇ આહાર આપો. "

મધ્યાહ્નનો સમય થયો હતો. ઘરમાં થોડો આહાર પડયો હતો.

એટલું મહર્ષિને કેમ અપાય ? એટલા આહારથી મહર્ષિની ક્ષુધા શી રીતે તૃપ્ત થશે ? બ્રાહ્મણ પત્ની એવા વિચારોમાં વ્યાકુલ થઈ પરંતુ ગભરાઈ નહિ. મહર્ષિના ચરણનું પૂજન કરી તેમને સન્માન આપ્યું, અને નમન કરી બોલી: " મહારાજ ! આ પર્ણકુટીમાં એવું તે શું હોય કે જે હું આપને આપી શકું ? હું તો મ્હારા વૃદ્ધ પતિની સેવામાં નિત્ય ગુંથાયલી રહું છું. નિત્ય ફળાહાર શોધી લાવી ઉપયોગ કરું છું. ઘરમાં વિશેષ સંચય કરી રાખતી નથી." એમ કહી સતીએ ઘરમાંથી થોડાંક ફળો લાવી મહર્ષિને અર્પણ કર્યાં. એટલા થોડા આહારથી મહર્ષિનું પેટ ભરાય તેમ નહોતું. પરંતુ ભક્તિનું માહાત્મ્ય એવું છે કે: મહર્ષિ એટલો થોડો આહાર કરીને તૃપ્ત થયા અને સંતોષ પામી બોલ્યા: " માતા આ કંઈ સામાન્ય આહાર નથી. આ તો અમૃતથી પણ અધિક સ્વાદિષ્ટ અને તૃપ્તિકર છે. હું તૃપ્ત થયો છું. મ્હને આનંદ થયો છે."

(૨)

બ્રાહ્મણીના આતિથ્ય–સત્કારથી મહર્ષિ એટલા બધા પ્રસન્ન થયા કે જેથી તે વાર્તા ભગવાનને જણાવવા તૈયાર થઈ ગયા. વિષ્ણુ ભગવાનને જણાવવાની ઇચ્છાથી મહર્ષિ વૈકુંણ્ઠમાં ગયા. તે સમયે વૈકુણ્ઠમાં કમળા સાથે કમળાપતિ એજ વાત કરી રહ્યા હતા. મહર્ષિએ વિષ્ણુ ભગવાનને પ્રણામ કરી બ્રાહ્મણ–બ્રાહ્મણીની વાત કાઢી. તેમણે કહ્યું: " આજે એક અપૂર્વ વ્યાપાર નજરે જોયો છે. "

એટલું કહી બ્રાહ્મણીની પતિ સેવા અને આતિથ્ય–સત્કાર સંબંધી સર્વ કહી સંભળાવ્યું. તે ભાંગેલી તુટેલી જીર્ણ પર્ણકુટીર, તે યોગ નિમગ્ન બ્રાહ્મણ, તે પતિ સેવા પરાયણ તરૂણ યુવતી, અને સન્ધ્યા સમયે પોતે મેળવેલો આતિથ્ય–સત્કાર; એ સર્વ મહર્ષિએ કહી સંભળાવ્યું. વળી બ્રાહ્મણીએ ઉપવાસ કરી પ્રસન્ન ચિત્તે મહર્ષિને પોતાનો આહાર આપી દીધો હતો, પોતાનો આહાર અતિથિ–સેવામાં સમર્પણ કરી દીધો હતો તે પણ કહ્યું.

ભગવાને સર્વ સાંભળ્યું. સાંભળીને તેઓ મનમાંજ જરા હસ્યા. ત્યાર પછી કહ્યું: " નારદ ! ધન્ય છે એ સ્ત્રીને ! એવી પ્રતિવ્રતાને ઘેર અતિથિ થવાની મ્હને પણ ઇચ્છા થાય છે. ચાલો, કાલે તે વનમાં આપણે બન્ને જઈશું."

પ્રાતઃ સમય થતાં તો વૈકુણ્ઠમાં અનેક દેવતા આવી ઉભા. ભગવાને વરૂણને આજ્ઞા આપી કે: આજે રાતે તમારે પૃથ્વી પર સારી પેઠે વર્ષવું. પવનને આજ્ઞા કરી કે તમારે પ્રબળ વેગે પવનના સપાટા ચલાવવા. વિજળીને કહ્યું કે: ત્હારે જરા પણ સ્થિર ન રહેવું. વાસવને કહ્યું, તમારે વજ્રપાત કરવો. જાણે પૃથ્વી ભેદાઈ જતી હોય તેમ કરી દેવું.

સર્વ દેવો પોતપોતાને કામે ચાલ્યા ગયા. બીજે દિવસે સન્ધ્યા સમયે ભગવાન અને નારદ વનમાં બ્રાહ્મણ કુટીરે અતિથિ તરીકે ગયા.

(૩)

સૂર્યાસ્ત સમયે, સન્ધ્યા સમય થતાં જ, બ્રાહ્મણ બ્રાહ્મણીના આશ્રમમાં નારદજી અને ભગવાન અતિથિ થવાના હતા. તે બન્ને વૃદ્ધ બ્રાહ્મણનો વેશ લઈ બ્રાહ્મણની કુટીરમાં ગયા. ભગવાનના શરીર ઉપર મેલ ચઢયો છે, માથાના ધોળા વાળ ફર ફર ઉડી રહ્યા છે. બન્ને આંખો ઉંડી જતી રહી છે. શરીરની ચામડીની કરચલીઓ વળી ગઇ છે. લોહી ઉડી ગયું છે. દાંત પડી ગયા છે. હાથ, પગ, ડોક, કમ્મર હાલે છે. દાઢીના લાંબા વાળ વડે છાતી ઢંકાઇ ગઇ છે. હાથમાં લાકડી છે. મલિન ફાટેલાં વસ્ત્રો પહેર્યા છે. સંધ્યા થતાં જ બન્ને વૃદ્ધ બ્રાહ્મણો અતિથિ થઈને કુટીરના દ્વારમાં આવી ઉભા. એટલામાં એકાએક પ્રબળ વેગે પવન દેવતા વહેવા લાગ્યા. વિજળીના ચમકારા થવા લાગ્યા. વર્ષાદ મૂસળધાર વર્ષવા લાગ્યો. વાદળાંના ગગનભેદી ગડગડાટથી જાણે અનેક વજ્રપાત થતા હોય એવી ભયંકર ગર્જના થઈ રહી. સર્વત્ર જળ પ્રવાહ વહેવા લાગ્યા. વૃક્ષો કડડડ કડડડ શબ્દો કરતાં આમ તેમ કમ્પવા લાગ્યાં. મ્હોટાં મ્હોટાં વૃક્ષો પૃથ્વીનો સ્પર્શ કરી પ્રણામ કરવા લાગ્યાં. સર્વત્ર ભયંકર જણાવા લાગ્યું. એ સમયે દ્વાર ઉપર અતિથિ આવી ઉભા. બ્રાહ્મણ–બ્રાહ્મણીએ તેમનો સત્કાર કરી આસન આપી બેસાડયા. તેમણે કહ્યું: “ હે દયાઘન ભગવાન ! અમારૂં રક્ષણ કરો. આપ દીનાનાથ દીનબંધુ છો. ભગવાન જ અતિથિના રૂપમાં અમારે ઘેર પધાર્યા છો. અમારી લજ્જા આબરૂ રાખજો ભગવાન. ” અતિથિએ કહ્યું: “ અમને ક્ષુધા તૃષા લાગી છે, માટે સત્વર અન્ન જળ આપો. ” બન્ને ઢોંગ કરી પેટ

દબાવવા લાગ્યા અને ક્ષુધાને લીધે બહુ દુઃખ થતું હોય એવું બતાવવા લાગ્યા. તેમણે પતિ–પત્નીને ગભરાવી મૂક્યાં. નારદે કહ્યું: "હે દેવી! આહારની સત્વર વ્યવસ્થા કરો. અમારા પ્રાણ જાય છે. જો ના બને એમ હોય તો અમે ભૂખ્યા તરસ્યા પાછા ચાલ્યા જઇએ."

અતિથિને દુઃખી દેખી બ્રાહ્મણે વ્યાકુળ થઇ બ્રાહ્મણીને કહ્યું: "દેવી! હવે શું થશે? કુટીરમાં તો કશુંએ નથી! બહાર વર્ષાદ મૂસળધાર પડે છે. વાયુ પ્રબળ વહે છે. વિજળી વજ્રપાત કરે છે. જળના મ્હોટા પ્રવાહ વહે છે. આવે ભયંકર સમયે અતિથિની સેવા શી રીતે થઈ શકશે? આટલા દિવસ પર્યંત અતિથિ સંતુષ્ટ થતા હતા. વિષ્ણુ ભગવાન પ્રસન્ન રહેતા હતા. તેજ અતિથિ આજે પાછા જાય? હરિ! હરિ! આહાર વિના પાછા જાય તો જીવન વૃથા સમજવું. મ્હારાં સર્વ કર્મ નિષ્ફળ સમજવાં. દેવી! શું કરશો? અતિશય શોક કરતા બ્રાહ્મણના નેત્રમાંથી અશ્રુધારા પડવા લાગી. પરંતુ નિરૂપાય! બ્રાહ્મણ બન્ને પગે ચાલી શકે એવો નહોતો.

ધર્મપરાયણા બ્રાહ્મણી પણ શું કરે? કુટીર બહાર જળનો પ્રબળ પ્રવાહ વહેતો હતો. પવન મનુષ્યને ઉચકી વેગળે ફેંકે તેમ હતું. વિજળીનો પ્રકાશ નેત્રની શક્તિ હરણ કરી લેતો હતો. શું કરવું? પૃથ્વી પર પગ મૂકાય તેમ ન હતું, છતાં ધર્મનિષ્ઠ બ્રાહ્મણીએ હિમ્મત રાખી. તેણે પતીને આશ્વાસન આપતાં કહ્યું: "ભય નથી. જ્યાં સુધી મ્હારા શરીરમાં જીવ છે ત્યાં સુધી યત્ન કરીશ. યત્ન કરવો એ જ મનુષ્યનો ધર્મ છે. ધર્મ બજાવતાં મરણ થશે તો તેને હું શ્રેયસ્કર માનીશ." તેણે અતિથિઓને કહ્યું: "પ્રભો! દયા કરીને આપ થોડી વાર બેસો. આવે ભયંકર સમયે જ હું કુટીર બહાર જઇશ. બનતે પ્રયત્ને અતિથિ–સેવા કરીશ."

એમ કહી તેણે કમ્મર બાંધી. કાચ્છડો વાળ્યો, અને કુટીર બહાર નીકળી. એવા ભયંકર સમયે, ભયંકર વનમાં થઇને બ્રાહ્મણી એકલી ચાલી જાય છે. ગાઢ અંધકાર. પાસે પડેલી વસ્તુ જણાતી નથી. કુટીર બહાર પ્રબળ વેગે જળ પ્રવાહ વહે છે. બ્રાહ્મણી ધીમે પગલે તેમાં ચાલે છે. ધીમે ધીમે જળ તેની કમ્મર સુધી આવ્યાં. હવે તેનાથી ચલાયું નહિ. તેણે

કહ્યું: "દીનબંધુ ભગવાન! રક્ષણ કરો." વર્ષાદનાં ઝાપટાં સાથે વિજળીના ચમકારા થાય છે. કોઇ સ્થળે સર્પાકૃતિ જળ વહે છે. કોઈ સ્થળે વૃક્ષની પંક્તિઓમાં થઇને વહે છે. પગમાં કાંટા વાગે છે. માથામાં વૃક્ષ શાખાઓના પ્રહાર થાય છે. બ્રાહ્મણીએ ગદગદ કણ્ઠે કહ્યું: "ઓ ભગવાન ! આ શું કરો છો ? આપની સેવા બજાવવા જાઉં છું, તે જાણો છો કે નાથ!"

વળી પાછી હિમ્મત રાખી બ્રાહ્મણી આગળ ચાલે છે. જળ પ્રવાહ ઓછો જણાતાં કાદવ કાંટાવાળી પૃથ્વી પર ચાલી માર્ગ કાપે છે. પગમાં દુઃખ, માથામાં દુઃખ, તેમ છતાં તે અતિથિ-સત્કાર કરવાની સામગ્રી લેવા જાય છે. વચમાં વચમાં તે ઉભી રહી બે હાથ જોડી પ્રાર્થના કરે છે. "ઓ દીનબંધુ દીનાનાથ ! આપ ચિદાનન્દ છો. જગતનું પાલન પોષણ કરો છો. મ્હને ગમે તેટલું સંકટ આપજો પણ કુટીરમાં આવેલા અતિથિઓ પાછા જાય નહિ એમ કરજો. પતિ અને અતિથિની સર્વદા સેવા કરી જીવન વ્યતીત કરૂં છું. સતિને માટે એ સિવાય બીજી ગતિ નથી. અત્યારના ભયંકર સમય સ્હામુ હું જોતી નથી. જો અતિથિ નિર્મુખ પાછા જશે તો તેને વધારે ભયંકર સમજીશ."

એવી પ્રાર્થના કરતી, જંગલમાં ફરતી બ્રાહ્મણીએ વેગળે એક ઘર દીઠું. તે ઘર દીપમાલાથી સુશોભિત અને આમોદ-પ્રમોદથી પ્રફુલ્લ થઇ રહ્યું હતું. બ્રાહ્મણી આશાપૂર્ણ હૃદયે, તે ઘરના દ્વાર આગળ જઈ ભિક્ષા માગવા લાગી. પરંતુ એ ઘર વિલાસી જનોનું આનંદભવન હતું. ત્યાં મદ્ય માંસનો પ્રવાહ ચાલી રહ્યો છે. વેશ્યાઓનાં નૃત્યગીત ચાલી રહ્યાં છે. સુંદર યુવકો "વાહ, વાહ, ક્યા કહેના ? " શબ્દ ધ્વનિ કરી રહ્યા છે. ઘરમાં આનંદઉત્સવ થઈ રહ્યો છે. સર્વે યુવકો વારાંગનાઓના રૂપમાં મોહ પામી ગયા છે, ત્યાં ભિખારીનો પોકાર સાંભળે કોણ? બ્રાહ્મણી દ્વાર આગળ ઉભી ઉભી વારંવાર ભિક્ષા માંગવા લાગી. પરંતુ તેની સર્વે પ્રાર્થનાઓ આકાશમાં જઇને મળી ગઇ, એટલું જ નહિ પણ યુવકોએ તેને દ્વાર આગળથી હાંકી મૂકવાની દ્વારવાનને આજ્ઞા પણ આપી.

બ્રાહ્મણીને અન્નની અતિશય જરૂર હતી. કોણ તેની મનોવાંચ્છના પૂર્ણ

કરે ? દ્વારવાનો આવી તેને કાઢી મૂકે તે પહેલાં જ બ્રાહ્મણી ઘરમાં ચઢી ગઈ અને દિવાનખાનામાં વેશ્યાઓ અને યુવકો બેઠાજ હતા ત્યાં જઇને બેઠી. ત્યાં તેણે કરુણાજનક શબ્દોમાં પોતાની દુઃખી સ્થિતિ નિવેદન કરી ભિક્ષા માગી.

(૫)

બ્રાહ્મણીની કરૂણાજનક પ્રાર્થના સાંભળી કદાચ પાષાણ પણ પીગળી જાય ! પરંતુ ત્યાં બેઠેલા યુવકોનાં પાષાણથી અધિક કઠિન હૃદય પીંગળ્યાં નહિ ! તેમને બ્રાહ્મણીની જરા પણ દયા આવી નહિ. વૈશ્યાઓના નાચ રંગમાં, ગાનતાનમાં અને મિષ્ટાન્ન ભોજનો જમવામાં સેંકડો રૂપિયા ખર્ચ કરી નાંખ્યા હતા પરંતુ એક બિચારી પરોપકારી બ્રાહ્મણીને થોડું અન્ન આપવા માટે તેમના હૃદયમાં કિંચિદ પણ વિચાર થયો નહિ ! ઉલટું હિતને બદલે વિપરીત થયું. બ્રાહ્મણીનું રૂપ જોઇ યુવકો વ્યાકુલ થઈ ઉઠયા ! હરિ ! હરિ ! કેવી શરમની વાત ! ધીમે ધીમે તેઓ બ્રાહ્મણીની મશ્કરી કરવા લાગ્યા ! કેટલાક તેના પ્રત્યે અયોગ્ય માંગણી પણ કરવા લાગ્યા ! એટલું જ નહિ પણ મદ્યપાન કરી બેભાન બનેલા કેટલાક યુવકો તેના શરીરે સ્પર્શ કરવા ધસ્યા. આ સમયે બ્રાહ્મણીનું ચિત્ત સ્થિર જ હતું. તેમણે તેની ગમે તેટલી મશ્કરી કરી અને ગમે તેટલા અશ્લીલ શબ્દો કહી અપમાન કર્યું તો પણ બ્રાહ્મણીએ તેમને એક પણ શબ્દ કહ્યો નહિ. ઉલટું તેમને પોતાના ભાઈ જેવા જાણી, તેમની અજ્ઞાનતા તરફ દુર્લક્ષ્ય જ કર્યું, અને ભિક્ષા માંગવા લાગી. તેના મુખ ઉપર અગ્નિ સમાન તીવ્ર તેજ પ્રકાશતું હતું. કોની મકદૂર હતી કે તે તેના શરીરે સ્પર્શ કરે ! સાધ્વી, પતિવ્રતા, સતિ સ્ત્રીઓનો એવો જ પ્રભાવ હોય છે ! ગમે તેવા દુષ્ટ મનુષ્યો પણ તેના શરીરે સ્પર્શ કરી શકતા નથી.

એ પ્રસંગે એક વિષયી શ્રીમંતપુત્ર તેની પાસે આવી મશ્કરી કરતો બોલ્યોઃ " જો તું ત્હારાં આ બે સુંદર સ્તનની મ્હને ભિક્ષા આપે તો હું પણ ત્હને ત્હારી ઇચ્છા પૂર્ણ થાય એવી ભિક્ષા આપું ? "

પવિત્ર અને સરલ હૃદયની બ્રાહ્મણી અતિથિ—સત્કાર માટે વ્યગ્ર થઇ રહી હતી. તે કોઇ પણ યત્ને અતિથિને સંતોષ પમાડવા આતુર હતી. તેણે

તુરત જ શ્રીમંતના પુત્રને કહ્યું: "બંધુ ! જો તમારી એવી જ ઇચ્છા હોય તો હું તેમ કરવા તત્પર છું. મ્હારાં બન્ને સ્તન તમને સોંપવા તૈયાર છું."

શ્રીમંત પુત્ર આનંદ પામ્યો. તે વ્યભિચારીએ ધાર્યું હતું કે: હવે તે બ્રાહ્મણીને સ્પર્શ કરી ઇચ્છાનુસાર તેને અપવિત્ર કરી શકશે. તે બોલ્યો: "બહુ સારૂં. જો તેમ કરશે તો ત્હારી ઇચ્છાનુસાર ભિક્ષા આપવા હું તૈયાર છું."

સર્વ યુવકો નાચી ઉઠયા. વેસ્યાઓ સ્તબ્ધ થઈ ગઇ. તેમને પણ જરા ઇર્ષા થઈ. તેમણે જાણ્યું કે, "ભિખારીણી રૂપે તેમની કોઈ શત્રુ આવી પહોંચી છે! હવે દારૂડીયાઓ તેના મોહમાં પડી અમને ભૂલી જશે." વેસ્યાઓ ક્રોધ ભરેલે નેત્રે બ્રાહ્મણી તરફ જોતી ઉભી રહી હતી. યુવકો બ્રાહ્મણીની આસપાસ ઉભા ઉભા મશ્કરીઓ કરતા હતા. તેણે શ્રીમંત પુત્રને પુનઃ કહ્યું: "જુવો ભાઈ ! તમે જે બોલ્યા છો તે પ્રમાણે વર્તવું પડશે. તમારી ઇચ્છા પ્રમાણે હું ભિક્ષા આપવા તૈયાર છું. તમારે મ્હારી ઇચ્છા પ્રમાણે મ્હને ભિક્ષા આપવી પડશે. કેમ કબૂલ ?"

શ્રીમંત પુત્ર અતિશય આનંદ પામતો બોલ્યો: "હા, હા, કબૂલ ! કબૂલ ! તું કહે તેટલા રૂપિયા ? તું કહે તેટલું સોનું ? તું કહે તેટલાં રત્નો ? તું કહે તેટલું અન્ન વસ્ત્ર ? બીજું કંઇ ?"

બ્રાહ્મણીએ નેત્ર બંધ કરી, ઉંચા હાથ રાખી, પાંચ દશ મિનિટ પ્રભુ પ્રાર્થના કરી.

ત્યાર પછી જે આશ્ચર્યકારક બનાવ બન્યો તે સાંભળતાં શરીર કમ્પી ઉઠે છે ! બ્રાહ્મણીએ વસ્ત્રમાં સંતાડેલી એક તીક્ષ્ણ છરી કહાડી પોતાનાં બે સ્તન કાપી શ્રીમંત પુત્રના શરીર ઉપર ફેંક્યાં ! તે બોલી: "ભાઇ ! લો, આ ત્હમારી ભિક્ષા ! થયું હવે ? તમારી ઇચ્છા પરિપૂર્ણ થઈ ? હવે મ્હને મ્હારી ભિક્ષા આપી દો. વિલંબ થાય છે ભાઈ !"

આ દ્રષ્ય જોતાં જ યુવકો અને વેસ્યાઓ સર્વ સ્તબ્ધ થઇ ગયાં ! બ્રાહ્મણીની છાતામાંથી ધડ્ ધડ્ લોહીની ધારા વહી રહી છે. આનંદને બદલે આશ્ચર્ય પ્રસરી રહ્યું છે ! બ્રાહ્મણી સ્થિર ચિત્તે હાસ્ય કરતી ઉભી રહી છે. તેણે કહ્યું: "ભાઇ, લાવો મ્હારી ભિક્ષા. હવે વિલંબ ના કરો."

યુવકોની કેફ ઉડી ગઈ! એક ગરીબ ભિખારિણીની છાતીમાંથી રક્તધારા પડતી જોઇ સર્વે દિલગીર થયા. તેમણે તેને પ્રાર્થના કરી છાતીએ ઔષધ ચોપડી પાટો બંધાવ્યો. શ્રીમંત પુત્રે તેને કિમતી હીરાની વીંટી આપવા માંડી તેમજ બીજાઓએ તેને સારી પેઠે દ્રવ્ય આપવા માંડયું પરંતુ તે તેણે લીધું નહિ. તે તો માત્ર થોડુંક અન્ન, ઘૃત વગેરે લઇ ત્યાંથી ચાલી નીકળી !

(૬)

બ્રાહ્મણી અન્ન આદિ સામગ્રી સહિત કુટીરમાં આવી પહોંચી.

હમણાં વર્ષાદ, પવન, અને વિજળીનો પ્રકોપ બંધ પડયો છે. આકાશ સ્વચ્છ નિર્મળ થઇ ગયું છે. બ્રાહ્મણીએ કુટીરમાં આવી ભોજન બનાવી અતિથિઓને પિરસી દીધું. તેની આંતરિક ઇચ્છાને લીધે બન્ને અતિથિને આજે ભોજનમાં અમૃત જેવો સ્વાદ લાગે છે.

તે અન્ન પિરસતી હતી તે વખતે તેમના ભોજન પાત્રમાં બ્રાહ્મણીના સ્તનમાંથી રક્ત પડયું. નારદ અને ભગવાનને અતિ આશ્ચર્ય થયું. નારદે ભગવાનને તેનું કારણ પૂછયું, ત્યારે ભગવાને કહ્યું: " નારદ ! પ્રતિવ્રતા નારીનો જે ધર્મ છે તે એ બ્રાહ્મણીએ બજાવ્યો છે. અતિથિ-સેવાને પોતાનો પરમ પવિત્ર ધર્મ જાણી એણે રાત્રિના ભયંકર સમયે અન્ન માટે પ્રયાણ કર્યું હતું. અનેક કષ્ટ વેઠીને તે એક મકાનમાં ગઈ. ત્યાં વેસ્યાઓનો નાચ રંગ થઈ રહ્યો હતો. એક શ્રીમંત પુત્રે એના પ્રત્યે કુદ્રષ્ટિ કરી તેથી અતિથિ-સેવા માટે વ્યાકુલ થએલી આ રમણીરત્ને તેને પોતાનાં બે સ્તન કાપી આપ્યાં છે. તેમાંથી રક્તધારા પડે છે !" એમ કહી ભગવાને બ્રાહ્મણીનું વસ્ત્ર ઉઘાડી નારદને તેની છાતી બતાવી ! એ જોતાં જ નારદજી વિસ્મય પામ્યા ! સ્તબ્ધ થઇ ગયા ! ચમકી ઉઠયા !

મહર્ષિ નારદે સાધ્વી સતિને દણ્ડવત પ્રણામ કર્યા, અને બોલ્યાઃ " દેવી ! ધન્ય તમારો અતિથિ-સત્કાર ! ધન્ય તમારો ગૃહસ્થાશ્રમ ! ધન્ય તમારૂં પતિવ્રતપણું ! તમારી આગળ ધ્રુવ, પ્રહ્લાદની ભક્તિ પણ તુચ્છ છે ! તમારા પુણ્યની સીમા નથી. તમે પૃથ્વીમાં સાક્ષાત્ નારાયણી સ્વરૂપ છો. તમેજ ખરાં સાધ્વી સતી છો. તમને અમારા અનેક પ્રણામ છે. "

(૭)

ભગવાન શું હજી પણ પોતાનો વેશ ગુપ્ત રાખી શકે એમ છે ? જોત જોતામાં બ્રાહ્મણ–બ્રાહ્મણીના આરાધ્ય દેવતા શ્રીકૃષ્ણે ભગવાનની ચતુર્ભુજ મૂર્તિ ગ્રહણ કરી અને તેમને દર્શન દીધાં ! અહા ! તે કેવું સુંદર રૂપ ! બ્રાહ્મણ–બ્રાહ્મણી દર્શન કરી કૃતાર્થ થયાં ! જીવન્મુક્ત થયાં ! તેમની તપશ્ચર્યાનું સાર્થક્ય થયુ ! તેમની મનોવાંચ્છના પરિપૂર્ણ થઈ! તેમના જીવન-યજ્ઞનું ફળ મળ્યું !

શાસ્ત્રમાં કહ્યું છે કે: ભકતને આધિન ભગવાન. અહા ! તેમનો કેવો અપાર મહિમા ? ભગવાન બ્રાહ્મણીને " માતા, માતા. " કહી તેના ખોળામાં બેઠા. બ્રાહ્મણીના નેત્રમાંથી પ્રેમનાં આંસુ વહેવા લાગ્યાં. ભક્તિ પ્રેમથી ગદગદ થતા પ્રાણ વડે ભગવાનને ખોળામાં બેસાડીને બ્રાહ્મણી પોતાના નારી–જીવનનું સાર્થક્ય માનવા લાગી.

ભગવાનનો છાતીએ સ્પર્શ થતાંજ તેનાં સ્તન પૂર્વવત્ થઈ ગયાં. રક્ત-ધારા વહેતી બંધ થઈ તેમાંથી દૂધની ધારા નિકળવા લાગી. ભગવાને તેને માતા કહી સ્તનપાન કરવા માંડયું. નારદજીએ પૂછયું: " ભગવાન ! આ સ્ત્રી કોણ છે ? " ભગવાને કહ્યું કે: " એ બન્ને પૂર્વ જન્મે ગોકુળમાં નંદ–યશોદા હતાં. તેથીજ આજે એમને બાળક કૃષ્ણ રૂપે મ્હેં દર્શન દીધાં છે. એમના જેવા ભકતો જગતમાં બીજા કોણ છે ? ભક્તરાજ નારદ ! હું કૃષ્ણ છું. શંકર છું. બ્રાહ્મણ છું. મ્હારો જે ભક્ત મ્હને જે રૂપમાં ભજે છે તે રૂપે હું તેને દર્શનલાભ આપું છું. જગતનાં પ્રાણી માત્ર મ્હારૂં રૂપ છે. હું તે પ્રાણી માત્રમાં જૂદે જૂદે રૂપે નિવાસ કરૂં છું, જો મનુષ્યો એ સર્વ પ્રાણીને મ્હારૂં રૂપ સમજી અભેદ દ્રષ્ટી વડે જૂવે અને તેમના પ્રત્યે ઐકય ભાવ રાખે–તેમને પોતાનાજ જેવા ગણે તો તે જીવન્મુક્ત થઇ રહે છે. એક જીવાત્માને દુઃખ થતું જોઇ બીજો જીવાત્મા આકુલ વ્યાકુલ થઈ તેનાં દુઃખ દૂર કરવા યત્ન કરે તો પ્રાણી માત્રને આ સંસારમાંજ સ્વર્ગ મળે એમ છે. માયાથી જીવો સ્વાર્થમાં મચ્યા રહે છે. પર–સેવાથી વિમુખ રહે છે, ત્યારે અંતે તેઓ તેટલુંજ દુઃખ ભોગવે છે જેઓ પ્રાણી માત્રને મ્હારૂં રૂપ

સમજી તેમને સુખ આપવા યત્ન કરે છે તેઓ નિરંતર સુખી થાય છે."
આજે બ્રાહ્મણ-બ્રાહ્મણીના આનંદનો પાર નથી. સાક્ષાત ભગવાન-નાં દર્શન થતાં તેઓએ સ્વદેહે "વૈકુણ્ઠ ધામ" માં ગમન કર્યું.

પ્રકરણ ૧૪ મું.

એકાગ્રતાનો પ્રભાવ.

બ્રાહ્મણી દ્વારા આતિથ્યસત્કાર-ધર્મનું પાલન થયાનું વૃતાંત વંચાઈ રહ્યા પછી નારાયણદેવે કહ્યું: "હૃદયની સરલતા જોઈએ. હૃદયની એકાગ્રતા જોઇએ. સરલ એકાગ્ર ચિત્તે કાંઈપણ સદનુષ્ઠાન કરવાથી મનુષ્યો સુખી થઇ શકે છે-મનુષ્યને શાંતિ મળી શકે છે, પરંતુ દિલગીરીની વાત છે કે: સંસારમાંથી આજે સરલતા, પવિત્રતા, નિષ્કપટતા અદ્રષ્ય થઈ ગઇ છે! સંસારમાંથી આજે પ્રેમ-ધર્મ લોપ થઇ ગયો છે. સંસારમાંથી આજે મિઠાશ ઉડી ગઈ છે! આજે તો કપટ, સ્વાર્થ, લોભ, અને અપવિત્રતાએ સંસારને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી દીધી છે! અસત્ કાર્યમાં એકાગ્રતા કવચિત્ જોવામાં આવે છે. પરંતુ સત્કાર્યમાં એકાગ્રતા જોવામાં આવતી નથી. હરિ! હરિ! સંસારની કેવી વિચિત્ર સ્થિતિ થઈ રહી છે! એવા સંસારમાં સુખ-શાંતિ પુનઃ દર્શન દે એવી આશાજ વ્યર્થ!"

કહેતાં કહેતાં નારાયણદેવનું ગળું રૂંધાઈ ગયું. બ્રહ્મચારીઓએ મસ્તક અવનત કરી ઉડો નિઃશ્વાસ મૂકયો.

નારાયણદેવે પુનઃ કહ્યુ: "એવી સરલતા અને એકાગ્રતાને લીધે એક પારધી, ભગવાનને મેળવી શકયો હતો. એવી સરલતા અને એકાગ્રતા વગર પરમ નિષ્ઠાવાન સાધુ સંન્યાસી પણ ભગવત્કૃપા મેળવવા ભાગ્યશાળી થતા નથી. સંસારી જનોએ એ વાર્તા અવશ્ય જાણવી જોઈએ. તેમાંથી ઘણો બોધ પ્રાપ્ત થાય એમ છે."

કોઈ કોઈ બ્રહ્મચારીઓ આગ્રહ સહ બોલી ઉઠયા કે: "પ્રભો! એ વાર્તા અમને કહો."

નારાયણદેવે કહ્યું: " રાત ઘણી વીતી ગઈ છે. હવે વિશેષ ચર્ચા ચલાવવાની ઇચ્છા નથી પરંતુ પારધી અને સંન્યાસીની વાર્તા નિત્ય–બોધ લેવા લાયક ધારૂં છું. સરલતા અને એકાગ્રતાનો બોધ આપવામાં તે વાર્તા અતુલનીય છે. સંસારમાં એવો બોધ પ્રસાર કરવાની વિશેષ આવશ્યકતા જણાય છે. "

એમ કહી નારાયણદેવે પારધી અને સંન્યાસીનું એક વિસ્મયકર વૃત્તાન્ત કહેવાની શરૂવાત કરી:—

(૧)

જન સમાગમ શૂન્ય એક મ્હોટું અરણ્ય હતું. મૃગશિશુ જીવ લઈ ન્હાસતાં હતાં, કારણ કે એક પારધી હાથમાં ધનુષ્ય બાણ લઈને તેમનો શિકાર કરવા તેમની પૂઠે પડયો હતો.

થોડે વેગળે, ફળ પુષ્પ સહિત વૃક્ષનાં ઝુંડથી વિંટાયલી મનોરમ ભૂમિમા એક ન્હાની પરંતુ અતિ સ્વચ્છ, સુંદર પર્ણકુટીર બનાવી, તેની પાસે એક કોમળ કાંતિનો સાધુ–સંન્યાસી ભગવાનની ધ્યાન–ધારણામાં નિમગ્ન થઇ બેઠો હતો.

અરણ્યની બે દિશામાં બે દ્રષ્ય જણાતાં હતાં. એક દિશામાં પારધી રૂપી મૂર્તિમંત અશાંતિ ઉભી છે. બીજી દિશામાં શાંતિ સ્વરૂપ સાધુ પુરૂષ ધ્યાનનિમગ્ન થઇ બેઠા છે.

મૃત્યુના મુખમાંથી ન્હાસતું મૃગબાળક, સાધુના આશ્રમ તરફ દોડતું આવે છે. તેની પાછળ પારધી દોડતો આવે છે. સંન્યાસીના શાંતિમય આશ્રમમાં અશાંતિ–કોલાહલ ઉત્પન્ન થયો. વન પ્રદેશ કમ્પી ઉઠયો. અન્ય વન પશુઓ પ્રાણના ભયથી ન્હાસવા લાગ્યા, પરંતુ પારધીનું બીજી કોઇ દિશામાં લક્ષ્ય નહોતું. તે મૃગબાળક પાછળ જેમ દોડતો હતો તેમજ દોડયાં જાય છે. બીજી કોઈ દિશામાં તેની દ્રષ્ટિ જતી જ નથી. હમણાંજ જાણે મૃગબાળક ઉપર બાણ છુટયું ! હમણાંજ જાણે તે પારધીના હાથમાં આવ્યું ! પારધી પણ તેમજ ધારતો હતો.

એકાએક તે ચમકી ઉઠયો. એકાએક તેની ચાલવાની ગતિ રોકાઈ

ગઇ. પારધીએ પોતાના પગ આગળ દ્રષ્ટિ ફેરવી જોયું. તે જોતાંજ તેનું શરીર કમ્પી ઉઠયું. તેણે જોયું કે એક દિવ્યકાંતિધારી સંન્યાસી તેના પગ તળે આવી ગયા છે! તે એકચિત્તે એવી રીતે દોડતો જતો હતો કે જેથી તે પૃથ્વી સ્હામુ જોઈ શકયો નહિ. તેમ થવાથી તેણે એક મહાન અપકર્મ કર્યું છે. તેણે દોડતાં દોડતાં એક બંધ નેત્રવાળા, ભગવદ્‌ ધ્યાનમાં નિમગ્ન થયેલા સાધુના મસ્તક ઉપર પગ મૂકી દીધો છે! એ જોઈ પારધીનો અંતરાત્મા કમ્પી ઉઠયો. તેનું મુખ સુકાઇ ગયું.

સન્યાસી ક્રોધ ભર્યા ઉઠી પારધીને ગાળો દેવા જતા હતા એટલામાં તુરતજ પારધી તેમના ચરણમાં લાંબો થઈ પગે લાગી ગદગદ કણ્ઠે બોલ્યો: " મહારાજ! અપરાધ ક્ષમા કરો. હું મહાપાપી છું. બહુ દુષ્ટ છું. મ્હને ક્ષમા કરો. આજથી હુ મ્હારો પારધીનો–શિકારીનો–ધંધો ત્યાગ કરૂં છું. આ જુવો, મ્હેં મ્હારાં ધનુષ્ય–બાણનો ત્યાગ કર્યો છે. હવે કદી પણ એવું પાપ કાર્ય થશે નહિ. ક્ષમા કરો મહારાજ–" એમ કહી પુનઃ પુનઃ સન્યાસીના ચરણમાં નમન કરવા લાગ્યો. પશ્ચાત્તાપ કરી રડવા લાગ્યો.

પારધીનો પશ્ચાત્તાપ જોઈ સન્યાસીના મનમાં દયા ઉત્પન્ન થઈ. પારધીનો હાથ ઝાલી પૃથ્વી ઉપરથી બેઠો કરી કહ્યું: " વત્સ! ચિંતા કરીશ નહિ. નિઃશંક ચિત્તે ઘેર જા. "

આશ્વાસન મળતાં જ અને વિશેષ તો એવા મહાન અપરાધની અનાયાસે ક્ષમા મળતાં જ કોણુ જાણે શાથી પારધીનું મન કંઇ ચંચળ થઇ ઉઠયું. તેણે સન્યાસીના બે ચરણ ધારણ કરી વ્યાકુળ ચિત્તે કહ્યું: " મહારાજ! કૃપા કરીને જ્યારે દર્શન દીધાં છે ત્યારે તો હવે મ્હને આપના ચરણમાંજ સ્થાન આપો. પ્રભુ! આપનાં દર્શન થવાથી હવે મ્હને ઘેર પાછા જવાની ઇચ્છા થતી નથી. મનમાં એવું થાય છે કે જાણે, આ સ્થાનમાં રહીને આપની નિત્ય સેવા કરી જીવન સાર્થકય કરૂં. ધનુષ્ય બાણ ફેંકી દીધાં છે. હવે ઘેર પાછા જવાનું પ્રયોજન નથી. આપ મ્હને આજ્ઞા કરો, જેથી આપનાં ચરણની સેવા કરી કૃતાર્થ થાઉં." સન્યાસીનાં ચરણ આગળ આળોટી આજ્ઞા માગતો પારધિ, અતિશય વ્યાકુળતા બતાવવા લાગ્યો.

સન્યાસીએ જોયું કે: "આ તો મહાવિપદ આવી પડી!" તેઓ સંસારનો કોલાહલ સહન કરી શક્યા નહિ તેથી સંસાર ત્યાગ કરી આટલે બધે વેગળે ઇશ્વિર આરાધના કરવા આવ્યા છે. ત્યારે આ સ્થાને પણ તેમને તેજ સંકટ આવી પડયું! તેઓ મનમાં ને મનમાં પોતાને ધિઃક્કાર આપવા લાગ્યા. તેમણે કહ્યું: હે દીનબંધુ! પાપ તો સાથે ને સાથે જ આવતું જણાય છે. જે ભયને લીધે મ્હેં ગૃહ ત્યાગ કરી નિર્જન વનમાં આવી વનવાસ–આશ્રમ ગ્રહણ કર્યો છે, ત્યારે પાછું અહિં પણ એજ ભય! ભગવાન! શું આપ મ્હને નિશ્ચિંત રાખવા ચ્હાતા નથી? શું આપ મ્હને શાંત ચિત્તે આપનુ ભજન કરવા દેવા ઇચ્છતા નથી? કે પછી શું આવાં આવાં મનુષ્યો મોકલી આપ મ્હારી પરીક્ષા કરો છો?" એવા વિચાર કરતો સન્યાસી મનમાં અતિશય ક્રોધે ભરાયો. અંતે તેમણે નિશ્ચય કર્યો કે: "સાચું કહેવાથી પારધીને અહિંથી કહાડી શકીશ નહિ. ઠીક છે, એક યુક્તિ કરી જોવું જોઇએ."

સન્યાસીએ પારધીને કહ્યું: "વત્સ! હું ત્હને અનાયાસે આશ્રમમાં રાખી શકીશ, શિષ્ય બનાવી ઇશ્વિર–આરાધનાની દીક્ષા પણ આપી શકીશ, પરંતુ તે પહેલાં મ્હારી એક પ્રતિજ્ઞા છે તે ત્હારે સાંભળવી પડશે. હું જે કાર્ય માટે વનવાસી થયો છું, જે રત્ન ગુમાવ્યાથી હું આજે ઉદાસીન થઇ બેઠો છું. તે સંબંધી પ્રથમ તું સાંભળ. મ્હારા અંધની લાકડી સ્વરૂપ, જીવનનો એકનો એક આધાર એક પુત્ર હતો, તે ઘણો જ દુરાચારી હતો, તે કોઇની પણ શિખામણ સહન કરતો નહિ! એક દિવસ એક મ્હોટા અપરાધને માટે મ્હેં તેનો અત્યન્ત તિરસ્કાર કરી ઠપકો દીધો. તે સાંભળતાં જ મ્હારો અભિમાની પુત્ર, મ્હારા ઘરનો ત્યાગ કરી વનવાસી થયો છે. આ ભયંકર જંગલમાં દોડતો દોડતો ન્હાસી ગયો છે. વત્સ! તેને શોધવા અહિં સુધી આવવા છતાં જ્યારે તે મળ્યો નહિ ત્યારે અંતે અંતઃકરણમાં બહુ શોક થવાથી મ્હેં સન્યાસ–ધર્મ ગ્રહણ કર્યો, અને જંગલે જંગલ ભટકી સમય વ્યતીત કરૂ છું. તે જ સમયથી મ્હેં પ્રતિજ્ઞા કરી છે કે એકાએક કોઇને ધર્મ–મંત્ર વડે દીક્ષા આપવી નહિ: પરંતુ જે મ્હારા

પુત્રને શોધી લાવશે તેને જ હું મ્હારો શિષ્ય બનાવીશ. વત્સ! દિલગીર થતો નહિ. મ્હારી પ્રતિજ્ઞા છે તે પ્રમાણે હું અન્ય કોઇને પણ શિષ્ય કરીશ નહિ. આ બાબત ઉપર વિચાર કરી જો, પછી મ્હારૂં શિષ્યત્વ કરવા તત્પર થા, નહિ તો ઘેર પાછો ફરી જા. જો તું મ્હારા પુત્રને નહિ લાવી શકે તો તને કોઈ પણ પ્રકારે હું શિષ્ય બનાવી શકીશ નહિ."

સન્યાસીની એવી પ્રતિજ્ઞા સાંભળી, સરલ–પવિત્ર–નિષ્કપટી મનના પારધીએ ઉત્સાહપૂર્વક ઉત્તર દીધો: "દેવ! હું આપના પુત્રને શોધી લાવીશ. આપની પ્રતિજ્ઞા પ્રમાણે વર્તીશ. એમાં શી મ્હોટી વાત છે? સમસ્ત અરણ્ય તો મ્હારા પગ નીચે મ્હેં ખુંદી નાંખ્યું છે. આસપાસનો સર્વ પ્રદેશ, ગિરિ, ગુફાઓ, ખીણ, ઝાડીઓ મ્હારાથી અજાણ્યાં નથી. પ્રભુ! હું નક્કી આપના પુત્રને શોધી આપીશ."

સન્યાસીએ કહ્યું: "બહુ સારૂ ભાઇ, જો તેમ કરી શકે તો પછી મ્હારે બીજું શું જોઇએ? મ્હારે તો એટલું જ જોઇએ છે. જા, ત્યારે, શોધવા તત્પર થા. હવે વિલંબ શા માટે કરે છે?"

પારધિ કમ્મર બાંધી ઉઠી ઉભો થયો અને શોધવા જવા બે ડગલાં આગળ ભર્યાં, એટલામાં પાછો આવી કહેવા લાગ્યો: "મહારાજ! એ કામ તો હું જરૂર કરીશ, પરંતુ આપના પુત્રનું નામ તો આપે કહ્યું નહિ. હું તેને કયા નામે બૂમો પાડી શોધીશ?"

સન્યાસી મનમાં ને મનમાં હસવા લાગ્યા. તેમણે કહ્યું: "ભાઈ! તેનાં કંઈ એક નામ છે? તેના તો અનન્ત નામ છે. તેના પર જગતનાં પ્રત્યેક પ્રાણીનો અતિશય પ્રેમ છે. તેથી અનેક મનુષ્યો તેને અનેક નામ દઇ બોલાવે છે. તું કેટલાં નામ યાદ રાખશે? જો, સાંભળ—"

એમ કહી સન્યાસીએ શ્રી કૃષ્ણનાં સહસ્ર નામ કહી સંભળાવ્યાં.

પારધિ કશો નિશ્ચય કરી શક્યો નહિ! તેણે વિચારમાં પડી જઈ કહ્યું: "મહારાજ! એટલાં બધાં નામ તે મ્હોડે રહે પણ ખરાં કે? વારૂં ગમે તે નામ હોય તેમાં મ્હારે શું? મ્હને કહો કે આપના પુત્રનું રૂપ કેવું છે? વય કેટલું છે? જોવામાં કેવો છે? તેની આકૃતિ પ્રકૃતિ જાણવામાં

આવે તો હું અવશ્ય તેને શોધી–પકડી આપની પાસે હાજર કરી શકીશ.”

બુદ્ધિમાન તપસ્વી, પારધીનો ઉપરોક્ત પ્રમાણે આગ્રહયુક્ત પ્રેમ સાંભળી થોડુંક હસ્યા. ત્યાર પછી પુરૂષ પ્રધાન શ્રી કૃષ્ણ ભગવાનના બાલ્ય રૂપનું બરાબર યથાસ્થિત વર્ણન કરી પારધીને કહ્યું: “પારધી! મ્હારા પુત્રનું રૂપ સાંભળ્યું? તેના મસ્તક ઉપર મોરપિચ્છ શોભી રહ્યું છે, તેનાં નેત્રમાં કામણ ભર્યું છે, તેના હાથમાં બંસી બિરાજી રહી છે, તેના બન્ને ચરણમાં નુપૂરધ્વનિ થઈ રહ્યો છે, તેના તેજસ્વી રૂપનો પાર જ નથી. તે અતિ સુંદર છે. વત્સ! એજ મ્હારો પુત્ર આ વનમાં, સ્હામેની દિશામાં મ્હને રડતો મુકીને ચાલ્યો ગયો છે. જો તુ તેને પકડી લાવી શકે તો જ મ્હારી પાસે આવજે. નહિ તો મ્હને વ્રથા શોક–કષ્ટ આપવા મ્હારી પાસે આવતો ના. જો તેને લીધા વગર આવશે તો હું તને શ્રાપ દઇશ.”

પારધીએ ઉમંગભેર સન્યાસીના પુત્રને શોધવાનો સંકલ્પ કર્યો. તેણે કહ્યું: “પ્રભુ! હું તેમજ કરીશ. જે રીતે બનશે તે રીતે, જે સ્થળેથી મળશે તે સ્થળેથી, હું આપના પુત્રને શોધી આ સ્થળે હાજર કરીશ. એમાં તે શું?” એમ કહી તપસ્વીના ચરણમાં દણ્ડવત્ પ્રણામ કરી, એક ચિત્તે સન્યાસી પુત્રનું ધ્યાન ધરતો પારધી ત્યાંથી નીકળી અરણ્યમાં ચાલ્યો ગયો.

(૨)

પરંતુ આ શું? થોડે વેગળે ગયા પછી તુરત જ તે પારધી પાછો કેમ આવ્યો વારૂ? સન્યાસીએ વર્ણવેલું અનન્ત રૂપ પારધી હૃદયમાં ધારણ કરી શક્યો નહિ તેથી જ તે તપસ્વી પાસે પાછો આવ્યો છે. તેણે પુનઃ પ્રણામ કરી સન્યાસીને કહ્યું: “દેવતા! ક્ષમા કરજો. પુનઃ એક વખત આપના પુત્રનું રૂપ વર્ણન કહી સંભળાવવા કૃપા કરો. આપે કહ્યું હતું પરંતુ તે રૂપ હું હૃદયમાં બરાબર ઉતારી શક્યો નથી.”

સન્યાસીએ હસી દીધું. તેમણે પુનઃ એક વખત શ્રી કૃષ્ણ ભગવાનના તે અનન્ત સુંદર રૂપનું નખથી શિખ પર્યંતનું વર્ણન કહી સંભળાવ્યું. પ્રથમની પેઠે જ તેમણે કહ્યું કે: તેમના પુત્રને પગલે પગલે કોટી ચન્દ્રની જ્યોતિ છટા વિકસે છે, તેમનાં પ્રવાલ જેવા હોઠ, સુંદર મુક્તાહાર જેવી દંતપક્તિ,

તેમનું મનોમોહક નાક, તેમનાં વશીકરણ મંત્રથી ભરેલાં સુંદર નેત્રો, તેમનું અનુપમ સુંદર મુખકમળ, વગેરે સર્વ તપસ્વીએ કહી સંભળાવ્યું. અન્તે કહ્યું: "જા, વત્સ, જા, હવે પુનઃ મ્હને સતાવવા આવતો ના. એ મ્હારા પુત્રને શોધી લાવી શકે તો જ મ્હારી પાસે આવજે, નહિ તો આવતો ના."

પારધી પ્રણામ કરીને ચાલ્યો. વ્યાકુલ ચિત્તે, વિહ્વળ મન–પ્રાણે, સન્યાસીના પુત્રને શોધવા ચાલ્યો. પરંતુ વળી તે પાછો ફરતો કેમ જણાય છે? પુનઃ તે સન્યાસીના પુત્રનું રૂપ ભૂલી ગયો છે! પારધી, તે અનન્ત રૂપનું વર્ણન યાદ રાખી શકતો નથી. તેથી જ તે પાછો આવ્યો છે. વળી તેણે સન્યાસીના ચરણમાં પ્રણામ કર્યા, અને તેમના પુત્રનું વર્ણન સાંભળવાની ઇચ્છા બતાવી.

સન્યાસી અધિક ગુસ્સે થયા ખરા પરંતુ પારધીનો અતિશય પ્રેમ, અતિશય આગ્રહ થયો. તે આ વખતે બમણી વ્યાકુળતા બતાવી ગળગળો થઇ ગયો. તેથી સન્યાસીએ પુનઃ તેજ રૂપ માધુર્યનું વર્ણન કર્યું. તપસ્વીએ ગદ-ગદ કણ્ઠે કહ્યું: "વત્સ! મ્હારા પુત્રનું રૂપ, માધુર્ય, એમ વર્ણન કરવાથી તને બરાબર સમજાય એવું નથી, તે અનન્ત સૌંદર્યવાન છે. તું કદી પણ નવીન મેઘની ઘનઘોર શ્યામ મૂર્તિ જોઇ મુગ્ધ નેત્ર થયો છે? મ્હારો પુત્ર, અહા! "**नव–नीरद–निन्दित–कान्ति धरं ॥**" છે. આકાશમાં સુંદર ઇન્દ્ર ધનુ-ષ્ય જોવાથી કદી પણ ત્હારૂં આત્મજ્ઞાન વિસ્મૃત થયું છે? મ્હારા પુત્રના કાળા ભ્રમર જેવા ચિકણા વાળ છે, એ અતિ સુંદર ભ્રમરો છે. પૂર્ણિમાને દિવસે સોળે કળામાં પ્રકાશતા ચંદ્રને તેં કદી જોયો છે? તે કરતાં પણ તેનું સુંદર રૂપ છે. તેનો "**मुखचन्द्र विनिन्दित कोटिविधुम् ।**" વત્સ! મ્હારા પુત્રનાં:—

> "**शुभ बंकिम चारु शिखण्ड शिखं,**
> **अलकावलि मण्डित ताल तलं ।**
> **श्रुति दो[illegible] ण्डलकं,**
> **कटि वेष्टित पीत पटं सुघटं ।**"

વત્સ ! તેનું કેવું સુંદર:—

" भृश चन्दन चर्चित चारु तनुं,
मणिकौस्तुभ गर्हित भानु तनुं ।"

અને વત્સ ! કેવાં તેનાં:—

" कल नुपुर राजित चारु पदं,
मणि रंजित गंजित भृंग मदं,
ध्वज वज्र कुशांकित पाद युगम्; ।"

વત્સ ! મ્હારા પુત્રનું અનન્ત સૌંદર્ય છે. મ્હારા પુત્રનું અનન્તરૂપ માધુર્ય છે ! કેટલું વર્ણન કરૂં ? કેટલું સમજાવું ? આ જંગલમાં મ્હને રડાવીને તે ન્હાસી ગયો છે. જો બને તો તેને પકડીને લઈ આવજે. નહિ તો મ્હને નાહક સતાવવા પાછો આવતો ના. ત્હને વારંવાર ત્રણ વખત કહ્યું છે. હવે જો તું પાછો આવશે તો બસ, થઇ ચૂક્યું ! હું જેમ જેમ તેને યાદ કરૂં છું તેમ તેમ મ્હારૂં અંતઃકરણ ભરાઇ આવે છે, હવે ત્હને છેવટે કહું છું કે: જો તું મ્હારા પુત્રને લાવી શકે નહિ તો તું અહિ આવતો જ નહિ. સમજ્યો ?"

(૩)

પારધી ચાલ્યો. પુનઃ ચાલ્યો. એક મન અને એક પ્રાણ વડે તે સન્યાસી પુત્રનું રૂપ હૃદયમાં ધારણ કરતો કરતો ઘોર જંગલમાં ચાલ્યો ગયો.

તેને મનથી દિવસ નથી, રાત નથી, આહાર નથી, નિદ્રા નથી, ભય નથી, વિચાર નથી. તે એક ચિત્તે ચાલ્યો જાય છે. એક પછી એક જંગલોમાં, વૃક્ષોમાં, અને પર્વતમાળામાં, ભટકી અથડાઇ શોધવા લાગ્યો. કેટલાંએ હિંસક જંતુઓ, કેટલાંએ વન પશુઓ, કેટલાએ સર્પ વીંછીઓ, અને કેટલાએ વાઘ રિંછો, તેને માર્ગમાં વિઘ્ન સ્વરૂપ આવી મળ્યાં પરંતુ પારધી તેમના તરફ લક્ષ્ય આપતો નથી. તેતો એક મન અને એક પ્રાણ વડે સન્યાસી–પુત્રને શોધવા ચાલ્યો જાય છે. તેને દ્રઢ વિશ્વાસ હતો કે તે સન્યાસી–પુત્રને શોધી લાવશે. તેની ચિત્તવૃત્તિ માત્ર તેમાં જ ગુંથાઇ હતી. તે અનન્ત તેજસ્વી મોહન બંસીવાળા ક્યાં પકડાશે ? એ જ ધ્યાન હતું.

ભક્તનો ભગવાન, તે ભક્તિના સૂત્રવડે બંધાયલો છે. એકાગ્રતાપૂર્ણ આકર્ષણ થતાં જ તે શું કદી પણ સ્થિર રહી શકે ખરો ? એક ચિત્તનો અપૂર્વ મહિમા છે. પારધી આહાર, નિદ્રા વગર તે મોહન બંસીવાળાને શોધતો હતો. તેની અરજી ભગવાને સાંભળી લીધી, તેની આશા પરિપૂર્ણ થઈ. પારધીએ તે ગહન વનમાં સન્યાસીના કહેવા પ્રમાણે જ એક અતિ રૂપવાન બાળકનાં દર્શન કર્યા.

અહા ! તેનું કેવું તેજસ્વી રૂપ ! અહા ! તેનાં કેવાં મનોહર નયન ! અહા ! તેનું કેવું સુંદર મુખકમળ ! અહા ! તેની કેવી આકર્ષણીય દ્રષ્ટિ શક્તિ ? પારધી જેમ જેમ તે બાળકને જોવા લાગ્યો તેમ તેમ તેના ચિત્તમાં તેનાં દર્શનની તૃષ્ણા વિશેષ વૃદ્ધિ થતી ગઇ. તે જોતાં જોતાં તેનાં નેત્રો પલકહીન થયાં. તેના હૃદયમાં તેને અપાર આનન્દ થયો. જાણે તે આનન્દ સાગરમાં ડૂબી જ ગયો ! પારધીએ આનન્દાશ્રુસહિત ભક્તિપૂર્વક કહ્યું: "આવ, ગુરૂ પુત્ર, આવ, અમને શા માટે નિરર્થક કષ્ટ આપે છે ?" એમ કહેતો કહેતો તે તેજસ્વી બાળકને પકડવા ગયો. ભક્તનો ભગવાન. ક્યાં સુધી સ્થિર રહી શકે ? પારધીએ હાથ લંબાવ્યો કે તુરત તે પકડાઈ ગયો. પારધી વિના પ્રયાસે તેને પકડી શક્યો, અને તેને કેડમાં બેસાડી રડતાં રડતાં કહેવા લાગ્યો: "કેમ ગુરુ પુત્ર ? શા માટે અમને આટલું બધું કષ્ટ આપો છો ? અહા ! તમારા પિતા, તમારા વગર સુકાઈ ગયા છે. તેમનાં માત્ર હાડકા ચામડાં દેખાય છે ! જંગલે જંગલ ભટકી તેમણે કેટલું બધું કષ્ટ સહન કર્યું છે ? આવો, હું તમને તમારા પિતા પાસે લઇ જાઉં." ભક્તાધિન ભગવાન. શું કરી શકે ? ભક્તની પાસે તેમનો બીજો ઉપાય ચાલતો જ નથી. તેમણે સન્યાસી પાસે જવાની હા કહી. પારધીનું હૃદય અતિશય આનન્દ–પ્રફુલ્લ થયું. આજે તેના આનંદનો પાર નથી. બાળક ભગવાનને કેડે બેસાડવાથી તેના મનુષ્ય જન્મનું સાર્થક્ય થયું. પવિત્ર અંતઃકરણની ભક્તિ શું નથી કરી શકતી ? જગતમાં દુર્લભ્ય જણાતા ભગવાનને પ્રાપ્ત કરાવે છે પછી બીજું શું જોઇએ ?

ભગવાનને બગલમાં લઇ પારધી સન્યાસી પાસે આવી પહોંચ્યો. આ-

નન્દમાં ગદગદ થઇ બોલ્યોઃ "ગુરુદેવ ! લ્હો, આ આપનો પુત્ર. હું તેને લઈ આવ્યો છું."

નેત્રો બંધ કરી ભગવદ ધ્યાનમાં એક ચિત્ત થઇ બેઠેલા સન્યાસી, એકાએક પારધીના શબ્દો સાંભળી ચમકી ઉઠયા. તેમણે નેત્રો ઉઘાડી જોયું તો તેમની સ્હામુ માત્ર પારધીને ઉભેલો જોયો. કેવું આશ્ચર્ય ! પારધીની કેડમાં બેઠેલા ભગવાનને સન્યાસી જોઈ શકયા નહિ !

પારધી વારંવાર સન્યાસીને તેમનો પુત્ર બતાવવા લાગ્યો. તે બોલ્યોઃ "ગુરુદેવ ! જુવો, જુવો, હું આપના પુત્રને પકડી લાવ્યો છું."

સન્યાસી કશું દેખી શકયા નહિ. તેમ છતાં તે મનમાં બધું સમજી શકયા. તેમણે એક ઉંડો નિઃશ્વાસ મૂકી, નિરાશાજનક સ્વરે કહ્યું: "વત્સ પારધી ! તું એક વખત મ્હારા પુત્રને પૂછી જો કે તે મ્હારા ઉપર કયારે પ્રસન્ન થશે ?"

પારધીની કેડ પર બેઠેલા ભગવાને કહ્યું: "સો જન્મ પછી." એ અદ્રશ્ય વાણી સાંભળતાં જ સન્યાસી મૂર્છિત થઇ પડયા. પારધિ કંઇ પણ બોલી શક્યો નહિ ! ભગવાન પણ વિશેષ બોલી શકયા નહિ. જોતજોતામાં એક દિવ્ય રથ ત્યાં આવી ઉભો રહ્યો. તેમાં પારધી અને ભગવાન સાથે સાથે બેસી આકાશ તરફ પ્રયાણ કરવા લાગ્યા. એ જ સમયે સ્વર્ગમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી. પરિણામે પારધી ભગવાનના ચરણ શરણમાં–વૈકુંઠ ધામમાં, આશ્રય પામ્યો. સન્યાસી, અરણ્યમાં તૃણ શય્યામાં પડયો રહ્યો !

(૪)

એટલું કહ્યા પછી નારાયણદેવે કહ્યું: "સરલતા, પવિત્રતા, દ્રઢ નિશ્ચય અને એકાગ્રતાને પ્રભાવે પારધી ભગવાનને આ જન્મમાં જ પ્રાપ્ત કરી શકયો અને અપવિત્રતા તથા સંશય ભરેલા ચિત્તને લીધે સન્યાસી તેમને મેળવી શકયો નહિ."

પ્રકરણ ૧૫ મું.

ગંગાસ્નાનનું મહાત્મ્ય.

સન્યાસી અને પારધીની વાર્તા કહ્યા પછી નારાયણદેવે કહ્યું: "સરલતા અને એકાગ્રતાને પ્રભાવે પારધી જેમ ભગવાનને પ્રાપ્ત કરી શક્યો તેવી જ બીજી એક અતિ સુંદર વાર્તા છે. સરલતા અને દૃઢ ધર્મ વિશ્વાસ હોય તો, સહજમાં કેવી રીતે મુક્તિ મેળવી શકાય તે એ વાર્તામાંથી સમજી શકાય એમ છે. જ્યારે એજ પ્રસંગ ચાલે છે ત્યારે તે વાર્તા કહેવાની અગત્ય જણાય છે.

સર્વ બ્રહ્મચારીઓએ તે વૃતાન્ત સાંભળવાનો આગ્રહ કર્યો. નારાયણદેવ ધીમે ધીમે તે વૃતાન્ત કહેવા લાગ્યા:—

(૧)

કાશીધામમાં મણિકર્ણિકાનો ઘાટ સ્નાન કરવા યોગ્ય ગણાય છે. દશરાને દિવસે પ્રાતઃ સ્નાન કરવાથી અતિશય કલ્યાણ થાય છે. આજે ગંગાને કિનારે અતિશય મનુષ્યોની ભીડ થઈ રહી છે. આજે ત્યાં પગ મૂકવા જેટલું સ્થાન નથી. આજે દશરા ઉપરાંત સ્નાન કરવાનો મહાયોગ હતો. દેશ દેશાન્તરથી અનેક મનુષ્યો મણિકર્ણિકાના ઘાટ ઉપર આવી એકત્ર થયાં છે. વૈષ્ણવ, સાધુ, સન્યાસી, ઉદાસી, ફકિર, વ્યાપારી, સ્ત્રી, પુરૂષ અને બાળકો, સર્વ સ્નાન પૂજામાં નિમગ્ન થઈ રહ્યાં છે. દાન, ધ્યાન, જપ, તપ, પૂજા, મન્ત્ર પાઠ, આચમન આહ્વાન, વગેરે કોઈ પણ વિષયમાં ખામી નથી. સર્વના મુખમાંથી "માતર્ગંગે" શબ્દધ્વનિ થઈ રહ્યો છે. સર્વ બોલી રહ્યાં છે કે: "પતિત ઉદ્ધારિણી મા ગંગા."

દશરાને દિવસે શુભ યોગમાં ગંગાસ્નાન કરવાથી દશ જન્મના પાપ નાશ પામે છે. હવે કંઇ બાકી રહે ખરૂં કે? વળી આજે મહાયોગ હોવાથી અવશ્ય મુક્તિ મળશે. એમ ધારી અનેક મનુષ્યો ગંગાજીમાં સ્નાન કરી રહ્યાં છે!

(૨)

પાર્વતીજીએ, મહાયોગી મહેશ્વરની પાસે બેસીને, કહ્યું કેઃ “ પ્રભુ ! આજે મ્હારા મનમાં એક મ્હોટો સંશય–પ્રશ્ન ઉત્પન્ન થયો છે. આ દાસીએ જ્યારે જે કંઈ પૂછ્યું છે તે આપે સ્નેહપૂર્વક સમજાવ્યું છે. આજે એક મ્હોટો પ્રશ્ન આપે મ્હને સમજાવવો પડશે. ”

યોગીશ્વર, દેવાધિદેવ મહાદેવે, પ્રેમપૂર્વક સંભાષણ કરી કહ્યું: “પ્રિયે ! કહો, તમારો પ્રશ્ન કહો. એવો તે શો મ્હોટો પ્રશ્ન છે કે જેનો ઉત્તર તમે મેળવી શક્યાં નહિ અને મ્હને પૂછો છો ? કહો, બનતે પ્રયત્ને સમજાવીશ.”

જગત્તારિણી, દીનદયામયી, મહેશ્વરીએ આગ્રહપૂર્વક કહ્યું: “ પ્રભો ! એક દિવસ આપને મુખેથી જ મ્હેં સાંભળ્યું હતું કે: ગંગાસ્નાન કરવાથી પાપીઓનો ઉદ્ધાર થાય છે. જો કોઈ દશરાને દિવસે એક વખત સ્નાન કરી શકે તો તેનાં દશ જન્મનાં પાપ ક્ષય થાય. આજે દશરાનો દિવસ છે. ઉપરાંત એક મહાયોગ છે. આજ અસંખ્ય નર નારી ગંગાસ્નાન કરી રહ્યાં છે. મણિકર્ણિકાના ઘાટ ઉપર મનુષ્યની એટલી બધી ભીડ છે કે ત્યાં તલ મૂકવાની જગ્યા નથી. ત્યારે દેવ ? શું આજે એટલાં બધાં મનુષ્યો પાપ-મુક્ત થઇ કૈલાસ ધામ પ્રાપ્ત કરશે. ત્યારે તો પછી ભારતવર્ષમાં કોઇ પાપી મનુષ્ય રહેશે જ નહિ ? સર્વનો ઉદ્ધાર થશે ? ”

ભવાનીપતિએ હસતાં હસતાં ઉત્તર દીધો: “પાર્વતી ! પ્રશ્ન અઘરો છે ખરો, પરંતુ એ પ્રશ્નનો ઉત્તર મ્હોડેથી કહેવા કરતાં નજરે બતાવીને તમને સંતોષ આપવાની મ્હારી ઇચ્છા છે. કેમ વારૂ ?”

પાર્વતીએ કહ્યું: “ હા પ્રભુ ! જેવી આપની ઇચ્છા. ”

મહાદેવે કહ્યું: “ જુવો, આપણે એક કામ કરવું પડશે. હું એક વૃદ્ધ બ્રાહ્મણનું મૃત દેહ બનું છું. તમે દરિદ્ર બ્રાહ્મણીના વેશમાં, મૃત બ્રાહ્મણનું માથું ખોળામાં લઇ, રડતાં કકળતાં મણિકર્ણિકાના ઘાટ પાસે એક બાજુએ બેસજો, અને ગંગાસ્નાન કરવા આવનાર સર્વ મનુષ્યોને રડતાં રડતાં કહેજો કે: “ ભાઇ ! હું બહુ દુ:ખી છું. મ્હારા ઉપર દયા કરો. મ્હારા મૃત પતિના શબને અગ્નિસંસ્કાર કરવાના કાર્યમાં મ્હને સહાય કરો. મ્હારા ધર્મનું રક્ષણ

કરો." એમ કહી રડતાં રડતાં પ્રત્યેક મનુષ્યને બોલાવજો.

"તમારૂં કરૂણાજનક રડવું સાંભળી અનેક મનુષ્યો તમારી પાસે આવશે. ત્યારે તમે કહેજો કે: "ભાઇઓ! તમે મ્હારા જેવી અભાગિનીની પ્રાર્થના સાંભળી છે. આપની દયાનો પાર નથી, પરંતુ એક વાત કહું તે સાંભળો, ત્યાર પછી મ્હારા કાર્યમાં ઉપકાર કરવા આવજો, નહિ તો મ્હારે ખાતર તમારે વિપદ ભોગવવી પડે એવું કરશો નહિ. મ્હારી એવી ઇચ્છા પણ નથી." એમ કહ્યા પછી તમે કહેજો કે: "મ્હારા પતિએ મ્હને કહ્યું છે કે: "જે કોઈ પુણ્યાત્મા-નિષ્પાપી હશે તેજ શબનો સંસ્કાર કરી શકશે. પાપી મનુષ્ય મ્હારા પતિના શબને સ્પર્શ કરી શકશે નહિ. ભૂલેચૂકે પણ જો કોઇ પાપી મનુષ્ય મ્હારા પતિનો સ્પર્શ કરશે તો તત્ક્ષણે જ તેનું મૃત્યુ થશે. ભાઇઓ! આ વાત જુઠી નથી. જેના શ્રાપથી આજે હું પતિ વિનાની થઇ બેઠી છું તેણે જ એવાં વચનો કહ્યાં છે. માટે આપનામાંથી જેટલા પુણ્યાત્મા હોય તેટલાએ જ મ્હારી પાસે ઉભા રહેવું. બીજાએ ચાલ્યાં જવું. જો કોઈ પાપાત્મા મ્હારા પતિના શબનો સ્પર્શ કરશે તો વિના કારણે તેનું મૃત્યુ થશે. તેના સગાંસંબંધી રડતાં થશે. એવાં કોઇ મનુષ્યે મ્હારા કાર્યમાં પડવું નહિ ભાઇ."

"દેવી પાર્વતી! એમ કરવાથી તમારા પ્રશ્નનો ઉત્તર એની મેળે જ તમને મળી જશે. મોક્ષ પ્રાપ્ત કરવા માટે કયો મનુષ્ય અધિકારી છે તે તમે નજરો નજર જોઈ શકશો. તમને જે સંશય ઉપસ્થિત થયો છે તે આપોઆપ દૂર થઈ જશે."

(૩)

મહામાયા પાર્વતીએ માયાવી-દરિદ્ર બ્રાહ્મણીનો વેશ લીધો છે. મહાયોગી મહેશ્વર, બ્રાહ્મણના વેશમાં મહા યોગની મહા નિદ્રામાં નિમગ્ન થઇ રહ્યા હતા. જગજ્જનની, જગતપતિને ખોળામાં લઈ મણિકર્ણિકાના ઘાટ ઉપર બેઠાં છે, અને નેત્રમાં આંસુ લાવી સ્નાન કરવા જતાં મનુષ્યોને બૂમો પાડી કહે છે કે: "ભાઈ! તમે બ્રાહ્મણ હો કે શૂદ્ર હો, સ્ત્રી હો કે પુરૂષ હો, ગમે તે હો, બની શકે તો મ્હારા મૃત પતિના શબને સસ્ંકાર કરવાના

કાર્યમાં મદદ કરો. મ્હારે કોઈ સગાં વહાલાં નથી. શબને અગ્નિ સંસ્કાર કર્યા વિના પતિની સદ્‌ગતિ થશે નહિ." ઘાટ ઉપર અનેક મનુષ્યો હતાં. બ્રાહ્મણીનું કરૂણાજનક રૂદન સાંભળી અનેક તેને સહાય કરવા ગયા. પરંતુ પુણ્યાત્મા શિવાય કોઈ પાપી મનુષ્ય તે શબનો સ્પર્શ કરી શકે એમ નહિ હોવાથી એક પછી એક સર્વ મનુષ્યો ત્યાંથી પાછાં ચાલ્યાં ગયાં.

સંધ્યાનો સમય થયો. ટોળાબંધ લાખો યાત્રાળુઓ ગંગાસ્નાન કરી ચાલ્યાં ગયાં. અનેક સ્ત્રી પુરૂષોને દયા આવતાં બ્રાહ્મણી ઉપર ઉપકાર કરવા આવતા ખરા પરંતુ પુણ્યાત્માનું નામ સાંભળતાં જ કોઈ ત્યાં ઉભું રહી શકતું નહિ. પાપરહિત શરીર નહિ હોવા છતાં તે દેહનો સ્પર્શ કરવામાં આવે તો પ્રાણ જાય એમ હતું. એતો ભયંકર વાત! પોતપોતાનું પાપ–પુણ્ય મનમાં કોણ નથી જાણતું? મન સર્વસ્વ જાણે છે. પાપ પણ મનથી અજાણ્યું નથી. તેથી જ અસંખ્ય નરનારીમાંથી કોઈ પણ ત્યાં ઉભું રહેવા પામ્યું નહિ. માથા ઉપર જટાનો ભારો બાંધી. ભસ્મ વિલેપન કરી રૂદ્રાક્ષ ધારણ કરી ઉભેલા સન્યાસીઓની પણ હિમ્મત ચાલી નહિ! શરીરે "કૃષ્ણ રાધા" નામ છાપેલાં અને મુખેથી "**श्री कृष्ण शरणंमम**" બોલતા વૈષ્ણવો પણ સાહસ કરી શક્યા નહિ! તે પણ બ્રાહ્મણીનું છેલ્લું વાક્ય સાંભળી પાછાં પગલાં ભરે છે! પોતાને નિષ્પાપ, પ્રમાણિક, સત્યવાદી જાણતા મ્હોટા મ્હોટા ઓધ્ધેદારો અને વ્યાપારીઓ સુદ્ધાં મનને એક વખત પાપ–પુણ્યની ગુપ્ત વાત પુછી હિમ્મત હારી જાય છે! સંસારી, ઉદાસી, ભિક્ષુક, વૈરાગી, વગેરે કોઈ પણ સાહસ કરી શક્યું નહિ. પોતાને નિષ્પાપી જાણી શબ દેહને અગ્નિસંસ્કાર કરવાના કામમાં કોઈ પણ આગળ આવ્યું નહિ. જગજ્જનનીના રડવાનું શુભ ફળ મળ્યું નહિ.

(૫)

સન્ધ્યા સમય થયો. સર્વ મનુષ્યો સ્નાન કરી એક પછી એક ઘેર ચાલ્યા ગયાં, પરંતુ મૃત બ્રાહ્મણના શબને અગ્નિસંસ્કાર થયો નહિ. માતા પાર્વતી આશ્ચર્ય પામ્યાં! શંકર ભગવાને કહ્યું: "દેવી! આશ્ચર્ય પામવાનું કશું કારણ નથી. સર્વ જીવો એવાજ હોય છે!"

આ પ્રમાણે વાતચિત ચાલતી હતી એટલામાં એક ગરીબ, નિરક્ષર, કૌપિનધારી નિર્બળ વૃદ્ધ ખેડુત, ખેતરના કામકાજથી પરવારી મણિકર્ણિકા ઘાટ પર સ્નાન કરવા આવ્યો. સમસ્ત દિવસના થાકથી કંટાળેલો હોવા છતાં હજી તેના શરીરમાં બળ હતું. તે નિરક્ષર હોવા છતાં હજી તેના હૃદયમાં પાપ–પુણ્યનું જ્ઞાન હતું. તે ખેડુત હોવા છતાં તેના મનમાં ધર્મ-જાગૃતિ સતેજ હતી. તેણે કથા પુરાણો સાંભળ્યાં ન હતાં છતાં નીતિ, ધર્મ, વિનય, વિવેક અને પરોપકાર તેને શિખવવો પડે તેમ ન હતું. તેનામાં અમલદારો, વકીલો, બૅરિસ્ટરો, ડૉક્ટરો અને મ્હોટા મ્હોટા વ્યાપારીઓના જેવો પ્રપંચ, કપટ અને દાવપેચ નહોતો. તે માત્ર સરલ હૃદયનો, નિષ્કપટી, નિષ્પ્રપંચી, પવિત્ર હૃદયનો, દયાળુ અને પરોપકારી હતો. તેણે વિદ્વાનોનાં આડંબરયુક્ત ગીલ્ટ ચઢાવેલા સોના જેવાં, મ્હોટાં મ્હોટાં ભાષણો સાંભળ્યાં ન હોતાં, તેમ છતાં તે પ્રાણી માત્રને "**आत्मवत् सर्वभूतेषु**" જાણી તેને સહાય કરવાનું સમજતો હતો. તેના નેત્રમાં પ્રપંચી અને સ્વાર્થી દૃષ્ટિશક્તિ જણાતી નહોતી, પણ અભેદ ભાવનાના પાઠ શિખવે એવી પવિત્રતા જણાતી હતી! વૃદ્ધ ખેડુત કુદરતની શાળામાંથી પરોપકારના પાઠ શીખ્યો હતો. ધપ્ ધપ્ પગલે ગંગાના પગથીઆં ઉતરવા જતો હતો એટલામાં કોઈ રમણીનું કરૂણ રોદન તેને કાને સંભળાયુ. તેણે ચમકીને પાછું જોયું. ત્યાં જણાયું કે એક અનાથ વિધવા રમણી, કરૂણાજનક સ્વરે, વ્યગ્રચિત્તે રડતી રડતી કહે છે કે: "ઓ ભાઈ! જો તમે ઉપકાર કરી શકો એમ હોય તો આવો! હું પ્રાતઃકાળથી મ્હારા મૃત પતિનું શબ લઈ આ સ્થળે બેસી રહી છું. અસંખ્ય મનુષ્યો સ્નાન કરીને ચાલ્યા ગયાં છતાં કોઈએ મ્હારા પતિને અગ્નિસંસ્કાર કરવાના કાર્યમાં સહાયતા કરી નહિ! જો તમારાથી બની શકે તો મ્હને સહાયતા કરી મ્હારા પર ઉપકાર કરો, નહિ તો મ્હારી દુર્દશા થશે."

વૃદ્ધે તે સાંભળ્યું કે તુરત જ બ્રાહ્મણની પાસે ગયો, અને તેને સહાયતા કરવાની ઇચ્છા જણાવી. બ્રાહ્મણીએ કહ્યું: "પણ એક વાત સાંભળો ભાઈ! તમે જો નિષ્પાપી હો–પવિત્ર હો તો જ મ્હારા પતિના શબને સ્પર્શ કરી શકશો, નહિ તો તમારા પ્રાણ જશે. જો તમારી ખાત્રી હોય કે

તમે નિષ્પાપ છો, પુણ્યવાન છો, તો મ્હને સહાયતા કરવા તૈયાર થજો, નહિ તો યત્ન કરવાનું કશું પ્રયોજન નથી. પાપી હશો તો વિના કારણે તમારા પ્રાણ જશે. તમે ગરીબ માર્યા જશો."

વૃદ્ધ ખેડુતે સ્થિર ચિત્તે બ્રાહ્મણીની સર્વ વાત સાંભળી લીધી. થોડી વાર સુધી તે શાંત ચિત્તે ઉભો રહ્યો. તે મનમાં જ બોલ્યો: "શું ત્યારે બ્રાહ્મણનું શબ એમને એમ પડી રહેશે?" ઉંડો નિશ્વાસ નાંખી તેણે એક વખત ઉંચે આકાશ સ્હામુ જોયુ. તેણે એક વખત પોતાના ગુરુને મુખેથી સાંભળ્યું હતું કે: "દશરાને દિવસે ગંગાસ્નાન કરવાથી દશ જન્મનાં પાપ નાશ પામે છે." તેણે વિચાર્યું: "હું ગમે તેટલો પાપી હોઇશ તો પણ ગંગાસ્નાન કરીને આજે નિષ્પાપી થઇશ–પાવત્ર થઇશ." ગુરૂ અને ઇશ્વર એ બન્ને એક જ છે. માટે બસ, ગંગાસ્નાન કરી પવિત્ર થયા પછી બ્રાહ્મણના કાર્યમાં સહાયતા કરીશ. "માત્તર્ગંગે" કહીને એક વખત સ્નાન કરી આવ્યા પછી કોણ મ્હને એ પવિત્ર કાર્યથી રોકી શકે એમ છે? તેમાં વળી આવા પરોપકારના કામમાં? પરોપકાર કરતાં જગત્માં બીજો શ્રેષ્ઠ ધર્મ કયો છે? પરોપકાર કરવા જતાં કદાચ મ્હારા પ્રાણ જશે તો તેમાં હાનિ શી છે? આ નિરાધાર બ્રાહ્મણી બિચારી સ્હવારથી રડયા કરે છે છતાં કોઇ તેને સહાય કરતું નથી? કોઈ પવિત્ર જ જણાતું નથી? ગમે તેમ થાય પણ હું બ્રાહ્મણીને સહાયતા કરીશ?"

આ પ્રમાણે દ્રઢ નિશ્ચય કરીને વૃદ્ધ ખેડુતે બ્રાહ્મણીના વેશમાં બેઠેલાં જગજ્જનનીને કહ્યું કે: "માતા! હું જ આપને સહાયતા કરીશ. જો કે હમણાં હું અતિશય પાપી છું પરંતુ ગંગાસ્નાન કરી આવ્યા પછી નિષ્પાપ–પવિત્ર થઇશ. મ્હારા ગુરૂદેવે એક વખત એવો જ ઉપદેશ કર્યો છે. પછી વિચાર શો? હું હમણાં જ ગંગાસ્નાન કરી આવી, નિષ્પાપ થઇ આપને સહાયતા કરીશ. ચિન્તા કરશો નહિ માતા!"

વૃદ્ધ ઉતાવળે પગલે "માતર્ગંગે" શબ્દ બોલતો પતિતોદ્ધારિણી ગંગાજીમાં કુદી પડયો. ક્ષણવારમાં સ્નાન કરી પાછો આવી બોલ્યો: "માતા! હું આવ્યો છું. હું જ આપના પતિના શબનો સંસ્કાર કરીશ."

(૬)

વૃદ્ધે બ્રાહ્મણીના ખોળામાંથી બ્રાહ્મણના વેશમાં મૃતવત્ જણાતા પરંતુ યોગનિદ્રામાં પડેલા શ્રી શંકર ભગવાનનું શરીર ઉંચકી ગંગાજીના પગથિયાં ઉતરવાનો વિચાર કર્યો. રમણીએ શબ દેહનું માથું ઝાલ્યું. વૃદ્ધ ખેડુતે મૃત દેહના બે પગ પકડી પગથીઆં ઉતરવાનો યત્ન કર્યો.

પરંતુ એટલામાં કેવો અલૌકિક ચમત્કાર ! કેવું અદ્‌ભૂત પરિવર્તન ! ક્ષણ વારમાં મણિકર્ણિકાનો ઘાટ અતિ ઉજ્વળ પ્રકાશ વડે પ્રકાશિત થઈ રહ્યો. આકાશમાંથી ઢગલે ઢગલા પુષ્પ વૃષ્ટિ થઈ. વાદળમાંથી ઘંટા શંખ ધ્વનિ સંભળાવા લાગ્યો. એથી પણ વિશેષ આશ્ચર્યકારક દ્રષ્ય તો એ જણાયું કેઃ બ્રાહ્મણ બ્રાહ્મણીએ જોત જોતામાં શંકર પાર્વતીની મૂર્તિ ધારણ કરી. એક સુંદર દિવ્ય સિંહાસન ઉપર તે બન્ને મૂર્તિએ આસન કર્યું. અહા ! કેવી રમણીય શોભા વડે મણિકર્ણિકા ઘાટ શોભાયમાન થઇ રહ્યો છે! વૃદ્ધ ખેડુત પણ આ સમયે સિંહાસન ઉપર બેઠો છે ! તેણે દિવ્ય દેહ ધારણ કરી છે. અહા ! કેવું તેનું રૂપ માધુર્ય ! તેણે તે સમયે શંકર–પાર્વતીની સ્તુતિ ગાતાં ગાતાં જળ સ્થળને ગજાવી મૂક્યું છે.

શંકર ભગવાને પાર્વતીને આંગળી વડે બતાવી કહ્યું: “ જોયું પાર્વતી ? જીવોનો ઉદ્ધાર–અનુદ્ધાર શી રીતે થાય છે તે ? આ જગત્‌માં સાચી ભક્તિ, અંતઃકરણમાં સાચો વિશ્વાસ કોને છે કે જેથી તે જીવોની સદ્‌ગતિ થાય ? સાચી ભક્તિ, અને દ્રઢ વિશ્વાસ હોત તો પછી જોઈતું હતું શું ? કળિ કાળમાં મનુષ્યોને ધર્મ ઉપર દ્રઢ શ્રદ્ધા નથી, તેમના હૃદયમાં સાચી ભક્તિ નથી, તેમના હૃદયમાં સરલતા નથી, પવિત્રતા નથી, રાત દિવસની બારે ઘડી અને બત્રિશ પહોર માત્ર સ્વાર્થ, સ્વાર્થ અને સ્વાર્થ ! માત્ર નિંદા, કપટ, પાપ, પ્રપંચ અને લોભ સિવાય તેમનામાં બીજું કશું નથી ! જેનું મન નિત્ય પવિત્ર, શ્રદ્ધાવાન અને ભક્તિવાન છે તેને ભગવાન મળતાં શી વાર ? તેને સુખ–શાંતિ પ્રાપ્ત થતાં શી વાર ? પણ દેવી ! હમણાં તો બધા ગાડરીઆ પ્રવાહ પેઠે માત્ર નામ થવા અને કીર્તિ મેળવવા માટે જ દાન–ધર્મ કરે છે ! કોઈ પરોપકાર કરવાની સાચી લાગણીથી નિષ્કામ દાન–ધર્મ

કરતું નથી ? તેથી જ તેમને મનવાંચ્છિત ફળ પણ મળતું નથી. તેથી જ તેઓ અનેક પ્રકારે દુઃખી દુઃખી થાય છે ! સુખ–શાંતિ મેળવવા માટે તો મનની પવિત્રતા અને સાચી ભક્તિ જોઇએ."

પ્રકરણ ૧૬ મું.

દુર્દશા !

પ્રબોધચંદ્રના કુટુંબ પરિવારને માટે સારી વ્યવસ્થા કરવા સેવાવ્રતને મોકલવામાં આવ્યો હતો. ત્રીજે દિવસે પ્રાતઃ સમયે તે પાછો આવ્યો.

આજે તેની સાથે એક નૂતન મનુષ્ય આશ્રમમાં આવ્યો છે. નવીન મનુષ્ય સેવાવ્રતનો બાલ્યમિત્ર છે. આશ્રમના શુભ કાર્યમાં સહાયતા કરવી એવી તેની ઇચ્છા હતી. તે પણ સેવાવ્રતની પેઠે સેવાનું વ્રત ગ્રહણ કરવાની અભિલાષા રાખતો હતો.

સેવાવ્રતને એકાએક આશ્રમમાં પાછો ફરેલો જોઇ નારાયણદેવે પૂછ્યું: "સેવાવ્રત ! તું તો ભરૂચ ગયો હતો ને ?"

સેવાવ્રતઃ "હા, મહારાજ."

સેવાવ્રત વિશેષ બોલવા જતો હતો પરંતુ વચમાં જ નારાયણદેવે તેને પૂછ્યું: "પ્રબોધચંદ્રના માતા, પત્નિ, અને પુત્રની શી સ્થિતિ છે ? તેમની શી વ્યવસ્થા કરી ?"

નારાયણદેવનો કણ્ઠ સ્વર વજ્ર સમાન કઠોર અને ગંભીર હતો. એ કણ્ઠ સ્વર સાંભળતાં જ સેવાવ્રતનો અંતરાત્મા જાણે કમ્પી ઉઠયો ! સેવાવ્રતે સંકુચિત થઈ ઉત્તર દીધો: "આ મનુષ્ય મ્હારો બાલ્ય–મિત્ર છે. એ સર્વ વિસ્તારથી કહેશે." એટલું કહી સેવાવ્રતે નવીન મનુષ્ય તરફ આંગળી બતાવી. અધિક બોલતાં જાણે તેનો કણ્ઠ સ્વર રૂંધાઈ ગયો. નારાયણદેવે નવીન પુરૂષને કહ્યું: "તમારૂં નામ ?"

નવીનઃ " મ્હારૂં નામ કાળીદાસ. "

નારાયણ દેવઃ " જાતિ ? "

નવીનઃ " બ્રાહ્મણ. "

નારાયણદેવઃ " શું તમે બ્રાહ્મણ છો ? તમારા નામ પાછળ " દાસ " શબ્દ શા માટે છે ? બ્રાહ્મણો દેવ સ્વરૂપ છે. તેમણે પોતાના નામ પાછળ શંકર, વ્યાસ, દિક્ષિત, પંડ્યા, ભટ્ટ, પ્રસાદ જેવાં વિશેષણો લગાડવાં જોઇએ, તેને બદલે " દાસ, લાલ, " જેવાં વિશેષણો લગાડવામાં આવે છે એ કેવું આશ્ચર્ય ? સ્ત્રીઓના નામમાં પણ દેવી કે નદી વાચક હોવાં જોઇએ તેને બદલે અર્થ વગરનાં નામો જોવામાં આવે છે ! ખરેખર ! કળિયુગમાં એવું જ થવાનું સરજાયલું છે ! પ્રત્યેક જાતિએ પોતાનો ધર્મ ત્યજ્યો છે ત્યારે " નામ " શા માટે પોતાનો ધર્મ ના તજે ? હરિ ! હરિ ! બધું જ બગડ્યું છે ત્યાં એટલું સુધરેલું હોય ક્યાંથી ? "

એટલું કહી નારાયણદેવે તેને બ્રાહ્મણ જાણી નમસ્કાર કર્યા.

કાળીદાસે તેમને નમન કર્યું પરંતુ તેમના પ્રશ્નનો ઉત્તર દઇ શક્યો નહિ. નારાયણદેવે તેને પુનઃ પ્રશ્ન કર્યોઃ " તમારો નિવાસ ? "

કાળીદાસઃ " જી, ભરૂચ. "

નારાયણદેવઃ " ભરૂચ ? જે ભરૂચમાં પ્રબોધચંદ્રનું ઘર છે તે જ ભરૂચ ? "

કાળીદાસઃ " હા, મહારાજ. હું બાલ્યાવસ્થાથી જ પરદેશમાં રહું છું. પચીશ વર્ષે હમણાં જ એક મહિનાથી ભરૂચ આવ્યો છું. "

પ્રબોધચંદ્ર પાસે જ બેઠો હતો. " કેવા અનિષ્ટ સમાચાર સાંભળવા પડશે ? " તેની ચિંતાથી તે દિલગીર થયો. નારાયણદેવે કહ્યુંઃ " પ્રબોધ ! તું એમને ઓળખે છે કે ? "

પ્રબોધઃ " ના પ્રભુ. પરંતુ મ્હેં એમનું નામ સાંભળ્યું છે ખરૂં. "

એટલું કહી પ્રબોધચંદ્રે કાળીદાસને પૂછ્યુંઃ " તમે તો અમારા ઘરની પાછળ ઉત્તર દિશામાં રહેતા હતાને ? ઘણા દિવસથી તમે ભરૂચ રહેવાનું બંધ કર્યું છે. મ્હારી માતા તમારા સંબંધી વાત કરતી હતી, પરંતુ તમને જોયા હોય એવું લક્ષ્યમાં નથી. "

કાળીદાસે વાંકી નજરે પ્રબોધચંદ્ર તરફ જોયું. એ સમયે તેનું મુખ જાણે ઉતરી ગયું પરંતુ તે અન્યને નહિ જણાવા દેવા માટે દૃઢતા રાખી બોલ્યો: "લક્ષ્યમાં ક્યાંથી હોય? જે વખતે હું પરદેશ ગયો તે વખતે તમે બાળક હતા. તેથી તમે મ્હને શી રીતે ઓળખી શકો? પરંતુ મ્હને બધું યાદ છે."

નારાયણદેવે તેને બોલતાં અટકાવી આગ્રહ સહિત કહ્યું: "એ વાત હમણાં જવા દો. તે બધું પછી કહેવાશે. હમણાં તો પ્રબોધચંદ્રના ઘરની કેવી અવસ્થા છે તે કહો જોઉ!"

કાળીદાસે અત્યંત કરૂણાજનક સ્વરે કહેવાનો આરંભ કર્યો: "એમાં કહેવા જેવું શું છે મહારાજ? સર્વનાશ થયા પછી તેનુ વર્ણન કરતાં હૃદય ચિરાઈ જાય છે."

એટલું કહ્યા પછી કાળીદાસે પ્રબોધચંદ્રને બીજા ઓરડામાં લઈ જવાની સત્યવ્રતને ઇશારત કરી.

નારાયણદેવ તે ઇશારત જાણી ગયા. તેમણે કહ્યું: "પ્રબોધચંદ્રને બીજા ઓરડામાં મોકલવાની શી જરૂર છે? જે થવાનું હતું તે થયું છે. વિધાતાના લખ્યા લેખ ટાળવાનું કોઈનામાં સામર્થ્ય નથી. બનનાર બને તેમાં શોક કેવો? તમે નિઃશંક ચિત્તે ટૂંકમાં સર્વ બીના કહી સંભળાવો."

કાળીદાસ: "પ્રથમ શું થયું હતું તે હું બરાબર જાણતો નથી, પણ મધ્યાહ્નને સમયે એકાએક સાંભળ્યુ કે: "વિપિનચંદ્રે કેટલાક બદમાશોનાં ટોળાં સાથે પ્રબોધચંદ્રના ઘરમા પ્રવેશ કર્યો છે. અને તેની સ્ત્રી તથા માતાને ઘર બહાર કાઢી મૂકે છે." એ સાંભળી અમે એના ઘર આગળ ગયા, પરંતુ ત્યાં કોઇને જોઈ શક્યા નહિ. ત્યાં સરકારના કેટલાક સિપાહીઓએ ઘરનો કબ્જો લીધો હતો."

પ્રબોધચંદ્રે ઉત્કંઠિત થઈ પૂછ્યું: "ત્યાર પછી મ્હારી માતા અને પત્ની–પુત્ર ક્યાં ગયાં?"

પ્રબોધચંદ્રને બોલતો અટકાવી નારાયણદેવે ઉત્તેજિત સ્વરે કહ્યું: "ત્યારે શું ભરૂચમાં કોઇ મનુષ્ય રહેતું નથી?"

કાળીદાસઃ "મનુષ્યો તો ઘણાંએ હોય પણ તે શું કરે? સરકારી સિપાહીઓ અને હુકમનામાનો સ્વામી ઘર કબ્જે લઈ બેઠો હતો. તેમાં બીજા લોકો શું કરે?"

નારાયણદેવે ઉંડો નિઃશ્વાસ નાંખી કહ્યુંઃ "જો તેમનામાં મનુષ્યત્વ હોત, જો તેમનામાં દયા કે પ્રમાણિકપણું હોત, જો તેમનામાં પોતાના જાતિબંધુને સહાયતા કરવાની પરોપકાર બુદ્ધિ હોત તો અવશ્ય તેઓ કંઇક કરી શકત! વખત કોઇનો સરખો રહેતો નથી. આજે એકનો તો કાલે બીજાનો વારો આવ્યા વગર રહેતો નથી. માટે જ મનુષ્યે મનુષ્યને સહાયતા કરવી જોઇએ. તેમના પ્રત્યે દયા બતાવવી જોઇએ. નિરાધાર, દુઃખીને આધાર–આશ્રય આપી તેમનાં દુઃખ ઓછાં કરવાનો યત્ન કરવો જોઇએ. છેક રાક્ષસી વૃત્તિ ધારણ ન કરવી જોઇએ. પોતાનાથી બને તેટલી સહાયતા કરવા મનુષ્ય માત્રે પ્રસન્ન ચિત્તે એવાં કાર્યોમાં જઈ ઉભા રહેવું જોઇએ. મ્હેં સાંભળ્યું છે કે તમારા શહેરમાં દયાળદાસ નામનો એક દયાળુ શ્રીમંત ગૃહસ્થ છે. તેને કાને એ વાત પહોંચાડી હતી ખરી? તે કંઈ કરી શકે એવો છે."

કાળીદાસઃ "તેનાથી જે બન્યું તે તેણે કર્યું છે. સિપાહીઓએ ઘર કબ્જે કર્યું અને ઘરની સ્ત્રીઓને ઘર–બ્હાર કાઢી અપમાન કરવાનો યત્ન કર્યો તે વખતે દયાળદાસે તેમને ધમકાવી તેમ કરતા અટકાવ્યા અને પ્રબોધચંદ્રની માતા તથા સ્ત્રી પુત્રને પોતાને ઘેર લઈ જઇ આશ્રય અને અભય આપ્યું. એથી વિશેષ તે શું કરી શકે?"

નારાયણદેવઃ "ખરેખર તે એક મનુષ્ય જ છે. મનુષ્ય હોય તે જ મનુષ્યનાં દુઃખ જાણી શકે છે. તેને જ મનુષ્ય ઉપર દયા આવે છે. તે જ મનુષ્યને સહાયતા કરી શકે છે. કાયદો ગમે તેવો હોય તો પણ હુકમનામાવાળા કે કૉર્ટના અમલદારો કે સિપાહીઓ જનમંડળ પ્રત્યે તોછડાઇથી વર્તવા કિંવા તેમનું અપમાન કરવા નિર્માણ થયા નથી! કેટલાક નોકરો અને અમલદારોને એવીજ કુટેવ પડી ગયેલી હોય છે કે તેઓ પોતાની કૉર્ટમાં આવતા મનુષ્યો પ્રત્યે તોછડાઇથી વર્તે છે! પરંતુ તેમને ખબર નથી કે અત્યારે તેઓ ઇશ્વરનો અંશ છે. ન્યાયાધિશ છે. તેમણે ન્યાય માંગવા આ-

વનાર પ્રજા જનોને પુત્રવત્ જાણી તેમની સાથે સ્નેહ મમતાથી વર્તવું જોઇએ. તેમને આશ્વાસન આપી, તેમના ઉપર ઉપકાર કરવો જોઇએ. મનુષ્ય મનુષ્યનાં કામમાં ના પડે તો બીજું કોણ પડે ? સર્વના આત્મા અને સર્વની લાગણીઓ એક સરખી છે ! મનુષ્યે મનુષ્યના શોક, તાપ સમાવવા યત્ન કરવો જોઇએ. શ્રીમંતનો તો એ પહેલો ધર્મ છે. તેમણે નિશ્ચિંત થઇને બેસી રહેવાનું નથી. તેમણે તો રંક જનોનાં કાર્યમાં સહાયતા કરી જીવન વ્યતીત કરવું જોઇએ. એ પરોપકાર—પર—સેવા જ તેમને માટે મોક્ષ પ્રદ છે. વારૂ, પછી શું થયું તે કહો."

કાળીદાસઃ "તે વાત કહેતાં અંતઃકરણ ચિરાઈ જાય છે. તેની માતા તથા સ્ત્રી પુત્રને ઘરમાંથી બ્હાર કાઢી મૂક્યાં તે વખતે તેના બાળક પુત્રને મૂર્છા આવી હતી!"

પ્રબોધચંદ્ર વ્યાકુળ ચિત્તે ઉશ્કેરાઈ જઈ બોલ્યોઃ "હરિ! હરિ! જાણે મ્હારા સ્હામુ જ તે બનાવ બનતો હોય એવું હું જોઉં છું. જાણે હું તે પ્રત્યક્ષ જોઈ શકું છું!"

એટલું કહી ઉછળીને તે નારાયણદેવના પગમાં પડયો અને ઘેર જવાની રજા માગવા લાગ્યો. આગલે દિવસે ગુસ્સામાં ને ગુસ્સામાં વિપિનનો અત્યાચાર યાદ લાવી પ્રબોધચંદ્ર તેનું માથું કાપી નાંખવા તૈયાર થયો હતો, અને તે ધૂનમાં ને ધૂનમાં જ તેણે ઉશ્કેરાઈ જઈ ભીંતને મુક્કી મારી હતી. તેના મનમાં એવું આવ્યું હતું કે નારાયણદેવને લીધે જ તે જાણે વિપિનને યોગ્ય શિક્ષા કરી શકતો નથી.

"ભાઈ! ઉતાવળો થઇશ ના. સ્મરણ કર. ઇશ્વર મંગલમય છે. ને દીનબંધુ છે. તે નિરાધારનો આધાર છે." એટલું કહી નારાયણદેવ પ્રબોધચંદ્રને બરડે હાથ ફેરવી તેને શાંત કરવા લાગ્યા. ત્યાર પછી કાળીદાસને પૂછ્યુંઃ "પછી શું થયું ?"

કાળીદાસઃ "બાળકને મૂર્છિત અવસ્થામાં જ દયાળદાસ વૈશ્યને ઘેર લઈ જવામાં આવ્યું હતું. વૈદ્યને બોલાવી ઔષધોપચાર કરાવવા માંડયા. પરંતુ બહુ દિલગીરી સાથે કહેવું પડે છે કે, તે મૂર્છામાંથી બાળક પુનઃ જીવતું થયું નહિ. બાળક—"

નારાયણદેવે તેને બોલતો અટકાવ્યો. વૈદ્યોને બોલાવી ઔષધોપચાર કરાવવા માંડયો, એટલે સુધી સાંભળવાથી પ્રબોધચંદ્રને આશ્વાસન મળ્યું હતું પરંતુ તે પછીની વાત તે સાંભળી શકે નહિ એવી ખુબીથી નારાયણદેવે તેને એક પછી એક ઉપરાછાપરી વાતો પૂછી. છેવટે કાળીદાસને કહ્યું: "સમજી ગયો. હવે કહેવાની જરૂર નથી."

પરંતુ પ્રબોધચંદ્રના પ્રબળ ઉદ્વેગ પ્રવાહ આગળ તેમની રેતીની પાળ કેટલી ઘડી ટકી શકે? પ્રબોધચંદ્ર ઉચ્ચ ચિત્કાર કરી ગગન ગજાવતો બોલી ઉઠયો: "ત્યારે શું સર્વનાશ થઇ ગયું? ત્યારે શું મ્હારૂં હૃદય રત્ન—મ્હારૂં પુત્ર રત્ન—મ્હારૂં—ર—ત્ન—ર—ત્ન! તું કયાં ગયોરે!" એમ કહી તે પૃથ્વી પર આળોટવા લાગ્યો.

નારાયણદેવે પ્રબોધચંદ્રની સેવા કરવાનું કામ બે શિષ્યોને સોંપ્યું. તેમણે કાળીદાસને પૂછયું: "ત્યારે હમણાં એની માતા તથા પત્નીની શી સ્થિતિ છે?"

કાળીદાસ: "બાળકના મૃત્યુ પછી તેની માતા ચુપચુપ એક સ્થાનમા બેસી રહી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે તેના નેત્રમાં એક પણ અશ્રુ બિંદુ કોઇ જોઈ શકયું નહિ! બાળકને જયારે સત્કાર કરવા લઈ ગયા ત્યારે તે સ્નાન કરવા ગઈ હતી. દયાળદાસના ઘરની પાસે જ નદીનો પ્રવાહ વહે છે. તેમની કન્યા સરોજિની અને એક દાસી વસ્ત્ર લઇને તેની સાથે ગઇ હતી."

નારાયણદેવ: "તે સમયે પ્રબોધચંદ્રની માતા કયાં હતાં?"

કાળીદાસ: "તે પૃથ્વી પર પછાડા ખાતાં આળોટતાં રડતાં હતાં. તેથી તેમને ત્યાંથી બીજા ઘરમાં લઈ જઈ આશ્વાસન આપવામાં આવતું હતું."

નારાયણદેવ: "પ્રબોધની પત્ની સ્નાન કરવા ગઇ હતી ત્યાર પછી શું થયું?"

કાળીદાસ: "દાસી એક ઘડો જળ ભરી ઉતાવળે ઘેર મૂકવા આવી હતી. સરોજિની વસ્ત્ર લઇને કિનારે બેસી રહી હતી. પ્રબોધચંદ્રની પત્ની જળમાં સ્નાન કરવા ઉતરી. વસ્ત્ર ધોવા લાગી. બાળકબુદ્ધિ સરોજિની વખતે આકાશ તરફ, વખતે જળ તરફ અને વખતે આવ જા કરતાં મનુષ્યો તરફ જોતી હતી. તે સમયે ચાંદનીનો સ્વચ્છ પ્રકાશ પડતો હતો. કાચનાં જેવાં

સ્વચ્છ નિર્મળ જળમાં ચન્દ્રનું પ્રતિબિંબ પડવાથી અતિ શોભાયમાન જણાતું હતું. પ્રકૃતિ દેવી હસી રહી હતી."

નારાયણદેવઃ "તમે તો કોઇ કવિ જણાઓ છો, ખરૂં વારૂ?"

સેવાવ્રતઃ "હા, મહારાજ. એમને બધા કાળીદાસ પંડિત કહે છે! કવિતાઓ બહુ સારી બનાવે છે."

કાળીદાસે આગળ ચલાવ્યુંઃ "સ્વચ્છ નિર્મળ આકાશમાં એકાએક કોણ જાણે કયાંથી કાળું વાદળુ આવી ચઢયું. ચંદ્ર ઢંકાઇ ગયો. નિર્મળ સ્વચ્છ જળે ઘોર કાળી મૂર્તિ ધારણ કરી, દયાળકાકાની કન્યા સરોજિનીએ ભય પામી બૂમો પાડીઃ" ઓ ભાભી! ઓ ભાભી! "પરંતુ પ્રબોધની પત્નીએ ઉત્તર દીધો નહિ. માત્ર વેગળે સરોજિનીનો પ્રતિધ્વનિ સંભળાયો."

નારાયણદેવઃ "જવા દે એ વાત, હવે વિશેષ કહેવાની જરૂર નથી."

એટલું કહી ઉંડો નિશ્વાસ નાંખી તેમણે દિલગીર થતાં કહ્યુંઃ "હરિ! હરિ! ત્યારે શું પ્રબોધની પત્ની ડૂબી ગઈ? પુત્ર શોકે ચિત્ત ભ્રમિત થયું હશે!"

થોડી વાર પછી આત્મસંયમ કરી નારાયણદેવે સેવાવ્રતને પૂછ્યુંઃ "પ્રબોધની માતાને તો તેં જોઈ હશે? તે હમણાં કેવી સ્થિતિમાં છે?"

સેવાવ્રતઃ "પ્રભુ, હું તે સ્થાને ગયો નથી."

નારાયણદેવ ચમકી ઉઠયા. તેમણે કહ્યુંઃ "શું? તું તે સ્થળે ગયો નથી?"

સેવાવ્રતઃ "ના પ્રભુ, મ્હારા મિત્રને મુખેથી એ બધી વાત સાંભળ્યા પછી તે સ્થળે જવાની મ્હને આવશ્યકતા જણાઈ નહિ."

નારાયણદેવઃ "ઓઃ! કર્તવ્ય—અકર્તવ્યનો નિર્ણય સુદ્ધાં તું સમજી શકયો નહિ? મૂઢ! યાદ રાખજે કે ત્હારાં કર્મનું તું જ ફળ ભોગવશે જ. એમાં વળી શંકા શી?"

સેવાવ્રતે નીચું જોઈ વિનીત સ્વરે કહ્યુંઃ "દેવ મ્હારી ભૂલ થઈ છે. ક્ષમા કરો." નારણદેવે ગંભીર સ્વરે કહ્યુંઃ "તમે થાકેલા છો. તમે ક્લેશ પામેલા છો. જાઓ હમણાં વિશ્રામ લો."

વિશેષ કાંઇ પણ નહિ કહેતાં સેવાવ્રતને અને તેના મિત્રને વિદાય કરી નારાયણદેવ અન્ય કાર્ય કરવા ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૭ મું.

ઇશ્વર મંગલમય.

પ્રબોધચંદ્ર શોક—દુઃખથી અધીર થઇ ઉઠયો. માતા, પુત્ર અને પત્નીની અવદશા જાણી તેનું હૃદય ચિરાઇ જવા લાગ્યું. તેને અનેક પ્રકારે સાન્ત્વન આપવામાં આવ્યું છતાં તેનું મન શાંત થયું નહિ. પ્રબોધચંદ્રને અતિ શોક—સન્તાપ કરતો જાણી નારાયણદેવ તેની પાસે ગયા.

નારાયણદેવે તેને કેટલાં દ્રષ્ટાંત—સિદ્ધાંત દ્વારા સમજાવ્યો. તેમણે તેને પુનઃ પુનઃ કહ્યું: " ભાઈ! ભગવાન ઉપર વિશ્વાસ રાખ. તે જે કાંઇ કરે છે તે મનુષ્ય પ્રાણીના મંગલને માટે જ કરે છે. ભગવાન મંગલમય છે. "

પુનઃ પુનઃ એ એકજ વાકય સાંભળી પ્રબોધચન્દ્ર બહુ ક્રોધે ભરાયો. તેણે ઉશ્કેરાઈ જઇ કહ્યું: " મ્હારો પુત્ર ગયો, સ્ત્રી ગઇ, માતા ગઇ, સર્વ ગયું! તો પણ હજી તમે ભગવાનને મંગલમય કહો છો! ભગવાન સારૂં કરે છે કહો છો! મહારાજ! મ્હને વૃથા શા માટે સંતાપો છો? મ્હારા હૃદયમાં શા માટે દુઃખ આપો છો? તમારો મંગળમય ભગવાન તમારે ઘેર રહેવા દો! એવા મંગળમય ભગવાન ઉપર તમને વિશ્વાસ આવતો હોય તો ભલે!"

નારાયણદેવે શાંત ચિત્તે કહ્યું: " ભાઇ! હું કહું છું તે વૃથા નથી. સત્ય જ છે. ઇશ્વિર મંગલમય છે, એ પણ સત્ય જ છે. તે કદી પણ કોઇનું અમંગલ કરતો નથી. તેના ઉપર વિશ્વાસ રાખનારનું તે કલ્યાણ જ કરે છે. દ્રઢ વિશ્વાસ જોઇએ, દ્રઢ શ્રદ્ધા જોઇએ. "

પ્રબોધચંદ્ર નિરાશ હૃદયે બોલ્યો: " ત્યારે શું ભગવાને મ્હારૂં સર્વ નાશ કર્યું તે પણ શું મ્હારા કલ્યાણને જ માટે કે? "

નારાયણદેવ: " નક્કી! નક્કી! નક્કી ભગવાન મંગલમય છે, તે સર્વનું કલ્યાણ જ કરે છે "

પ્રબોધચંદ્ર વિચારમાં પડયો. તેણે કહ્યું: " આપના કહેવામાં મ્હને

સમજણ પડતી નથી. સંસારમાં જે કાંઇ અનિષ્ટ થાય છે તે બધું કલ્યાણને માટે જ કે?" એમ કહી પ્રબોધચંદ્ર મશ્કરી કરતો ખડખડાટ હસી પડયો.

નારાયણદેવે તીવ્ર દ્રષ્ટિપાત કરી પ્રબોધ તરફ જોઈ કહ્યું: "ભાઇ! આ કંઇ હસવાની વાત નથી. આ કંઇ બાળકોની રમત નથી. હું જે કહું છું તે સત્ય જ છે. તદ્દન સત્ય જ છે. જગતના કોઇ પણ બનાવ તરફ લક્ષ્ય આપ. સર્વ બનાવો પરિણામે જીવ માત્રના કલ્યાણ કર્તા જ છે. પ્રત્યેક બનાવોમાંથી મનુષ્યને કાંઇ ને કાંઈ શિખામણ મળે છે અને અંતે તેમાંથી જ મનુષ્યને સુખ–શાંતિ મળે છે? આજે આપણે રાજ રાજેશ્વરનું અતુલ પદ પામ કરી આનંદ પામીએ છીએ અને કાલે આપણે અન્ન વસ્ત્ર વગર કંગાલ હાલતમાં ઘેરે ઘેર ટુકડા માંગતા ભિખારી થઈ ફરીએ છીએ! આજે આપણે સ્ત્રી પુત્ર સહિત અતિ ઉત્તમ સંસાર–સુખ ભોગવીએ છીએ અને કાલે આપણે અનાથ, બંધુ, બાંધવ, સ્ત્રી, પુત્રહીન થઈ નિર્જન અરણ્ય જેવા ઘરમાં શોક સંતાપ કરતા જણાઇએ છીએ! મનુષ્યની એવી સ્થિતિ બદલાવામાં પણ મંગલમય ભગવાનની મંગલમય કલ્પના જણાય છે. ભાઇ! હું તને વારંવાર કહું છું કે ભગવાન મંગલમય છે. તે જીવ માત્રનું કલ્યાણ કરે છે."

પ્રબોધચંદ્ર: "હા, હા, આપ તેવું જોઇ શકતા હશો પરંતુ સર્વ મનુષ્યો તેવું જોઈ શકતાં નથી તો."

નારાયણદેવ: "જે મનુષ્યો અંધ છે અને જેને દ્રષ્ટિશક્તિ નથી, તેને એક અતિ સુંદર ચિત્ર બતાવવામાં આવે તો તે દેખી શકતો નથી એ સત્ય જ છે. પરંતુ તે અંધ મનુષ્ય જોઇ શકે નહિ તેથી તે ચિત્રનું જ અસ્તિત્વ નથી એમ કેમ કહી શકાય?"

પ્રબોધચંદ્રે જરા શાંત થઇને કહ્યું: "હા, કદાચ તેમ હોય! પરંતુ મ્હારૂં સર્વનાશ થયું એ તો આપણી નજર આગળ જ છે! એમાં મ્હારૂં શું કલ્યાણ થયું!"

નારાયણદેવે શાંત ચિત્તે ઉત્તર દીધું: "ભાઇ! તું તે જોઇ શકયો નથી, પરંતુ સંસારના પ્રત્યેક કાર્યમાં તે મંગલમય ભગવાને મંગલમય વ્યવસ્થા કરી રાખી છે. માત્ર મનુષ્યો ઉપર જ ભગવાનનો મંગલ–હસ્ત–

તેમનું મંગલ સાધન કરી રહ્યો છે એમ નથી પણ પ્રકૃતિના સર્વ પ્રકારના ફેરફારોમાં પણ તે આનન્દમય ભગવાનની આનન્દમય લીલાનું દર્શન થાય છે. ઘન ઘટાથી ઘેરાયલાં આકાશનો ભયંકર ગડગડાટ, પ્રચણ્ડ સૂર્યનાં દગ્ધકારી અગ્નિ–કિરણો, વર્ષાદની પ્રલયકારક જળધારા, વાયુના ભયકારક વટોળીયા, એ સર્વ બનાવોથી જગત્નું મગલ જ થાય છે. ચદ્રની શીતળ ચાંદની, સૂર્યનો અગ્નિસ્રાવ, ઠંડો પવન પ્રવાહ, મસ્તક તૃપ્તકર પુષ્પ સૌગંધ, એ સર્વ પ્રત્યે વિચાર કરતાં જણાઈ આવે છે કે તે પ્રાણી માત્રના મંગલને માટે જ છે. પ્રકૃતિની સર્વ લીલામાં ભગવાને મંગલમય ઉદ્દેશ ભર્યો છે."

પ્રબોધચંદ્રઃ "આપ તો મહાત્મા પુરૂષ છો. આપ એવા જ વિચારો કરી શકો, પરંતુ અમારૂં મન એવા વિચાર કરી આનંદ પામી શકે નહિ. સર્વ કાર્ય મંગલપ્રદ છે એ કહેવામાં મ્હને સમજણ જ પડતી નથી. એ માત્ર આપ મ્હને શાંત પાડવા માટે જ કહેતા હો એમ જણાય છે."

નારાયણદેવઃ "તું એકાએક નહિ સમજવા છતાં ભગવાન તને તે સમજાવી આપશે. સમજવાનો આગ્રહ હોય તો એની મેળે સમજાય."

પ્રબોધચંદ્રઃ "ઘણી આશ્ચર્યજનક વાત !"

નારાયણદેવઃ "એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. તને એક વાત સંભળાવું છું. તે સાંભળવાથી ઇશ્વર મંગલમય છે, અને તે સર્વ કાર્યોમાં મંગલ પ્રેરણા કરે છે એ તું સારી પેઠે સમજી શકશે."

પ્રબોધચંદ્રઃ "તે વાર્તા કહો મહારાજ."

નારાયણદેવે વાર્તા કહેવાનું શરૂ કર્યું.

(૧)

"એક રાજાની પાસે એક વૃદ્ધ મંત્રી હતો. મત્રી પરમ ભગવદ ભક્ત હતો. સમ્પતિ કિંવા વિપત્તિમાં–સર્વ અવસ્થામાં "ઇશ્વર મંગલમય છે, તેણે સારૂં જ કર્યું છે." એમ કહી તે સર્વને બોધ આપતો. એક દિવસ રાજાની એક આંગળી કપાઇ ગઈ. રાજાને અસહ્ય દુઃખ થવા લાગ્યું. મંત્રીએ તે સમયે પણ "ઇશ્વર મંગલમય છે. તેણે સારૂં જ કર્યું છે." એ વાક્ય કહ્યું. રાજાને જે દુઃખ થતું હતું તેમાં મંત્રીએ આશ્વાસન આપ્યું નહિ. તેણે તો

પોતાનું પ્રિય વાક્ય જ કહ્યું. એ સાંભળી રાજાના મનમાં અતિશય દુઃખ થયું. સમય આવતાં જ મંત્રીને સખ્ત શિક્ષા કરવાનો રાજાએ સંકલ્પ કર્યો. કેટલાક દિવસ વીતી ગયા પછી રાજાની આંગળીએ સારૂં થઇ ગયું. રાજાની વેદના અને મંત્રીનો અભિપ્રાય, એ બન્ને ભૂતકાળના અંધારામાં ડૂબી ગયાં. એક દિવસ રાજાએ આપ્ત વર્ગ સાથે મૃગયા રમવા જવાની તૈયારી કરી. મંત્રી પણ છાંયાની પેઠે રાજાની સાથે જ રહ્યો હતો. શિકાર શોધતા શોધતા રાજા અને મંત્રી એ બન્ને જંગલમાં ઘણે વેગળે નીકળી ગયા અને માર્ગ ભૂલ્યા. ભયંકર જંગલ, સિંહ, વાઘ, રિંછ વગેરે ફાડી ખાનારાં પ્રાણીઓનો અતિશય ભય ! તે ઉપરાંત લૂંટારાઓનું લીલા ક્ષેત્ર હોવાથી અરણ્યે અતિ ભયંકર મૂર્તિ ધારણ કરી હતી. અરણ્યમાં એકલો ભૂલો પડેલો રાજા અતિશય વ્યાકુળ થઈ ગયો. પરંતુ રાજાને આશ્વાસન આપવા મંત્રીએ કહ્યું: "ઇશ્વર મંગલમય છે. તે જે કરે છે તે સર્વના કલ્યાણને જ માટે." આવા દારૂણ સંકટ સમયે મંત્રીના મુખમાંથી એવા શબ્દો સાંભળી રાજાને અતિશય ગુસ્સો ચ્હડયો. કેટલીએ ભૂતકાળની વાતો તેમના હૃદયમાં ઉદય પામી. આંગળી કપાઈ ગઇ તે વખતે પણ મંત્રીએ એવા જ શબ્દો કહ્યા હતા, એ વાત તેને યાદ આવી. બસ, પછી પૂછવું જ શું ? રાજા, વાજાં અને વાંદરાં ! રાજાના ગુસ્સાની અવધિ રહી નહિ. તેમના જવાના માર્ગમાં જ એક કુવો હતો. રાજાએ મંત્રીને એક ધક્કો મારી કુવામાં નાંખી દીધો ! કુવામાં પડતી વખતે પણ મંત્રીએ કહ્યું કે: "ઇશ્વર મંગલમય છે. તે જે કાંઇ કરે છે, તે સર્વના કલ્યાણને જ માટે." મંત્રી કુવામાં પડયો. રાજા આશ્ચર્ય પામતો કુવાને કાંઠે ઉભો રહ્યો. એટલામાં એકાએક લૂંટારાઓની એક ટોળી ત્યાં આવી ચ્હડી. તેમણે રાજા પર હુમલો કર્યો. લૂંટારાઓ પોતાની આરાધ્ય ચામુણ્ડા દેવીને નર–બલિ આપવા માટે કોઇ મનુષ્યને શોધતા હતા. પોતાની સ્હામે જ એક બળવાન રાજાને જોતાં જ તેમના આનન્દનો પાર રહ્યો નહિ. રાજાને પકડી તેના હાથ પગ બાંધી તેને ચામુણ્ડા દેવી સમક્ષ લઈ જવા માટે તૈયાર થયા. જે વખત રાજાના હાથ પગ બાંધતા હતા તે વખતે એકાએક એક લૂંટારાની દૃષ્ટિ તેની કપાયલી આંગળી ઉપર પડી. કપાયલી આંગળી જોઈ લૂંટારાના સરદારે કહ્યું:

"આ બલિદાન ચાલશે નહિ. એની એક આંગળી કપાયલી છે. અક્ષત શરીરના બલિદાન વગર ચામુણ્ડા દેવી તૃપ્ત થાય નહિ." રાજાના હાથ પગ બાંધી ત્યાં જ પડતો રહેવા દીધો, અને લૂંટારાઓ બીજો મનુષ્ય શોધવા આગળ ચાલ્યા ગયા. વિખુટા પડેલા રાજાને શોધતા શોધતા તેમના સેવકો તે જ સ્થળે આવી પહોંચ્યા. પોતાના સ્વામિને એવી સ્થિતિમાં જોઇ તેમની દિલગીરી અને ક્રોધનો પાર રહ્યો નહિ! તેમણે રાજાને બંધનમુક્ત કર્યો. રાજાને મુખેથી લૂંટારાઓની વાત સાભળી ત્યારે આશ્ચર્ય પામી સર્વે ઉચ્ચ કણ્ઠે બોલી ઉઠયા કે: "ઇશ્વિર મંગલમય છે. તે જે કરે છે તે સર્વના કલ્યાણને જ માટે." વૃદ્ધ મંત્રી કુવામાં પડયો પડયો સર્વ બનાવ જાણતો હતો. તેણે પણ બધાની સાથે જ રાજાને સભળાવવા ઉચ્ચ કણ્ઠે કહ્યું: "જુવો, મહારાજ! ઇશ્વિર મંગલમય છે કે નહિ? તે જે કરે છે તે સર્વના કલ્યાણને જ માટે જ કરે છે કે નહિ!" રાજાએ ઘણા માન સાથે મંત્રીને કુવામાંથી બહાર કાઢયો, અને પોતે કરેલા અપરાધની ક્ષમા માગી. સર્વ રાજ્યધાનીમાં ગયાં. ત્યારથી રાજ્યમાં સર્વત્ર "ઇશ્વિર મંગલમય છે." એ વાક્ય પ્રચલિત થઇ ગયું.

(૨)

નારાયણદેવે વાર્તા ટુંકામાં કહી દીધી અને પછી પ્રબોધને કહ્યું: "ભાઇ! વિશ્વાસ રાખ. ઇશ્વિર મંગલમય છે. વિશ્વાસ રાખજે કે તે જે કરે છે તે સર્વના મંગલને માટે જ."

પ્રબોધચંદ્રે નારાયણદેવના ચરણમાં દણ્ડવત પ્રણામ કરી કહ્યું: "દેવ! હું અધમ છું હું પાપી છું, ભગવાનનું મહાત્મ હું મૂર્ખ શું જાણું? આશિર્વાદ આપો કે જેથી આપનું વાક્ય સત્ય થાય."

નારાયણદેવે તેને આશિર્વાદ આપી કહ્યું: "ભાઇ! વિશ્વાસ રાખ. ઇશ્વિર મંગલમય છે. જીવનમાં, મરણમાં, સપદમાં, વિપદમાં, દુ:ખમાં, સુખમાં, સર્વ પ્રસગે યાદ રાખજે કે: "**ઇશ્વિર મગલમય છે.**""

એટલું કહી–સમજાવી પ્રબોધચદ્રને અનેક રીતે શાંત પાડયો! ત્યાર પછી નારાયણદેવ અન્ય કાર્યે ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૮ મું.

સત્ય ન્યાય.

પોતપોતાનું નિત્યકર્મ કરી રહ્યા પછી, સેવાવ્રતધારી બ્રહ્મચારીઓ, સાયંકાળને સમયે, પોતપોતાના કાર્યનું વિવેચન કહી સંભળાવતા હતા. સાધારણ રીતે જ એવી વ્યવસ્થા રાખવામાં આવી હતી તેમ છતાં કોઇ અગત્યને પ્રસંગે અન્ય સમયે એવું વિવેચન કરવા માટે અડચણ નહોતી. નારાયણદેવ સર્વદા આવશ્યકીય કાર્યોમાં ગુંથાઈ રહેતા.

સાયંકાળ થતાં પહેલાં જ આજે બે બ્રહ્મચારીઓ, નારાયણદેવ સમક્ષ આવી ઉભા. એક જણના હાથમા એક ન્હાની પેટી હતી. બીજા બ્રહ્મચારીએ તે પેટી પોતાની જણાવી. બન્ને વિવાદ કરતા નારાયણદેવ પાસે ઇન્સાફ કરાવવા આવ્યા.

તેમના સંબંધી વિશેષ હકિગત જાણતા પહેલાં નારાયણદેવે કહ્યું: "યાદ રાખજો કે તમે બન્ને સેવાવ્રતધારી બ્રહ્મચારીઓ છો, અને વળી વિશેષ યાદ રાખજો કે: લોભ એ જ મનુષ્યનુ સર્વનાશ કરનાર મૂળ કારણ છે. એ બન્ને બાબતો બરાબર લક્ષ્યમાં રાખીને જેને જે કહેવું હોય તે કહો."

બન્ને જણે એ પ્રકારની વાત કહી સંભળાવી. નારાયણદેવે ઉંડો નિશ્વાસ મૂકી મનમાં દિલગીર થતાં કહ્યું: "ધિઃક્ક છે તને લોભ!" બ્રહ્મચારીઓને કહ્યું: "લોભના સપાટામાંથી મુક્ત થઈ શક્યા નહિ? તમને ખબર છે કે લોભને લીધે મનુષ્યને કેવાં કેવાં અનિષ્ટ પરિણામો સહન કરવાં પડયાં છે? શું તમે લોભને લાત મારી શક્યા નહિ? એવા જ લોભના સપાટામાંથી મુક્ત થવા માટે એક કઠીઆરાએ અને તેની પત્નીએ શું કર્યું હતું તે તમે સાંભળ્યું છે કે?"

બન્ને બ્રહ્મચારીઓ નીચું જોઇ શરમાતા ઉભા હતા. નારાયણદેવે કહ્યું: "પ્રથમ તે કઠીઆરાની અને તેની પત્નીની વાર્તા ચિત્ત દઇને સાંભળો. ત્યાર પછી ન્યાય માંગજો. સાંભળોઃ—"

(૧)

એક નગરને એક છેડે એક કઠીઆરો રહેતો હતો. એક પત્ની સિવાય આ સંસારમાં તેને "પોતાનું" કહેવા જેવું અન્ય કોઈ મનુષ્ય નહતું. પતિ પત્ની બન્ને નિત્ય ઘણે વેગળે જંગલમાં જઇને લાકડાં કાપી લાવતાં અને તે વેચવાથી જે કાંઈ સામાન્ય દ્રવ્ય મળતું તે વડે પોતાનું ઉદરપોષણ કરતાં. નિત્ય પરિશ્રમ કરવાથી જે કાંઈ દ્રવ્ય મળે તે વડે પોતાની જીવનયાત્રા ચલાવવી એજ તેમનો ઉદ્દેશ હતો. થોડું થોડું દ્રવ્ય સંચય કરી રાખવું એવી તેમને કલ્પના પણ થઇ નહોતી તેથી નિત્ય લાકડાં કાપી લાવતાં અને નિત્ય ગુજરાન ચલાવી સંતોષ પામતાં. સમસ્ત દિવસના પરિશ્રમ પછી રાત્રિને સમયે પતિ પત્ની ભાંગલા ટુટલા ઘરમાં પડી રહી આનંદ પામતાં. ગમે તેમ છતાં તે બન્ને ભગવાનને ભૂલતાં નહોતાં. પ્રાતઃ સમયે ઉઠતાં ત્યારથી રાત્રિને સમયે નિદ્રાવશ થતાં સુધી તેઓ એક મન અને એક પ્રાણથી ભગવાનનું નામ સ્મરણ કરતાં.

કઠીઆરો અને તેની પત્ની નિત્ય ભગવાનના ગુણાનુવાદ ગાતાં, તેમ છતાં તેમને મહા કષ્ટે લાકડાં કાપી લાવી દુઃખે સુખે જીવન વ્યતીત કરવું પડતું હતું. એ કરૂણાજનક દેખાવ જોઇ ભગવતી પાર્વતીએ મહેશ્વર ભગવાનને કહ્યું કેઃ "મહારાજ! હજી એ બિચારાંને શા માટે કષ્ટ આપો છો? પતિ પત્ની બન્ને નીતિ અને ધર્મ પ્રમાણે વર્તે છે. જુઠ, પાપ, પ્રપંચનો તેમના મનને સ્પર્શ થયો નથી; પ્રમાણિકપણે વર્તી મહામહેનતે દિવસો વ્યતીત કરે છે. તેઓ આનંદપૂર્વક ઉદરપોષણ કરી શકે એવી કંઇ વ્યવસ્થા કરો તો ઘણું સારૂં. તેઓ ભગવાન સિવાય બીજું કશું જાણતાં નથી. ભગવદ ચિંતામાં તેમનુ ચિત્ત લીન થઈ ગયું છે. હવે તેમને વિશેષ કષ્ટ આપશો નહિ. એક વખત એમના સ્હામુ દષ્ટિપાત કરો. એક વખત એમના પર કૃપા કરો."

દેવાધિદેવ મહાદેવ મનમાં જરા હસ્યા, અને કહ્યુંઃ "પાર્વતી! તમારી ઇચ્છા હું જાણી શકયો છું. બહુ સારૂં, હું આજે જ એમને કંઇક દ્રવ્ય આપીશ. આવો, દ્રવ્ય આપીને આપણે એક સ્થાને સંતાઈ રહીએ. જોઇએ

તો ખરાં કે કઠીઆરો અને તેની પત્ની દ્રવ્યનો કેવો ઉપયોગ કરે છે!" એમ કહી શંકર–પાર્વતી થોડી સોના–મ્હોરો લઈ કઠીઆરાને આપવા જંગલમાં ગયાં.

(૨)

જે માર્ગે થઇને કઠીઆરો તેની પત્ની સહિત પ્રતિદિન કાષ્ટ કાપવા જતો હતો તે માર્ગમાં કઠીઆરો જોઈ શકે તેમ શંકરે સોના મહોરો મૂકી દીધી, અને હર–પાર્વતી બન્ને એક વૃક્ષ પાછળ સંતાઈ રહી કઠીઆરાની વાટ જોવા લાગ્યાં.

સમય થતાં જ કઠીઆરો અને તેની પત્ની તે માર્ગે થઇને વનમાં ગમન કરવા લાગ્યાં. કઠીઆરો આગળ આગળ ચાલતો હતો. તેથી માર્ગમાં પડેલી સોના મ્હોરો ઉપર પ્રથમ તેની દૃષ્ટિ ખેંચાઈ. બાજુમાં એક પત્થર પડયો હતો. કઠીઆરાએ ઉતાવળે ઉતાવળે પત્થર ઉંચકી મ્હોરો ઉપર ઢાંકી દીધો! મહોરો ઉપર તેની પત્નીની દૃષ્ટિ ના પડે એ જ કારણથી તેણે પત્થર ઢાંકયો હતો. કઠિયારાની પત્નીએ વેગળેથી પતિનું કાર્ય જોયું હતું. તેના પતિએ પત્થર નીચે કોઈ વસ્તુ ઢાંકી દીધી છે એવું તે સમજી શકી હતી. તેથી પતિ પાસે આવીને આશ્ચર્ય પામતી તે બોલી: "તમે આ પત્થર નીચે શું ઢાંકયું છે વારૂ? મ્હને કહો." પોતાનું ગુપ્ત કાર્ય પત્નીના જાણવામાં આવેલું હોવાથી કઠિયારો હવે તે છુપાવી શકયો નહિ. તેણે કહ્યું: "એ તો સોના મહોરો છે. તું સ્ત્રી છે. સોનાની મહોરો જોઈ વખતે લોભમાં પડે. એ શંકાથી જ મ્હેં મહોરો ઉપર પત્થર ઢાંકી ત્હારી દૃષ્ટિથી સંતાડી દીધી હતી. સોના મહોરો જોઈ ત્હારૂ ચિત્ત આકુળ વ્યાકુળ ના થાય, અને તું લોભ–લાલચમાં ના પડે એ જ મ્હારી ઇચ્છા હતી."

પતિનાં વાક્યો સાંભળી કઠિયારાની પત્નીએ જરા હસીને કહ્યું: "જે વસ્તુના લોભે મ્હારૂં ચિત્ત લોભાઈ રહ્યું છે તેના મ્હોં આગળ એ સોનાની મહોરો અતિશય તુચ્છ છે! અરે! તદ્દન તુચ્છ છે! એ મ્હોટામાં મ્હોટી–અમૂલ્ય–વસ્તુનો લોભ છોડી દઇને મ્હારૂં ચિત્ત એવી તુચ્છ વસ્તુ તરફ આ-કર્ષાય કેમ? તમે એવી ભૂલ કેમ કરો છો? એ સોનાની મહોરો મ્હારા

મનને લોભાવશે એવો સંશય તમારા મનમાં ઉત્પન્ન જ કેમ થયો? શું મ્હારૂં ચિત્ત હજી પણ તે મ્હારી નિત્ય પ્રિય થઈ પડેલી વસ્તુને ઓળખી શક્યું નહિ હોય? આટલા બધા દિવસથી હું આપની સેવામાં રહું છું છતાં આપ મ્હારો સ્વભાવ જાણી શક્યા નહિ?"

એ સાંભળી કઠીઆરાએ મનમાં જ પશ્ચાત્તાપ કરીને કહ્યું: "સત્ય છે મ્હને સંશય જ થયો હતો. જો કે એ સોના મહોરોને હું તો તુચ્છ જાણી શક્યો હતો પરંતુ કદાચ તું તેને લોભની દૃષ્ટિએ જોવા અસમર્થ થાય માટે જ મ્હેં તેના ઉપર પત્થર ઢાંકી દીધો હતો. પરંતુ હવે હું જોઇ શક્યો છું કે: મ્હારી ધારણામાં હું ભૂલ્યો છું. એ વસ્તુ મનુષ્ય માત્રને લોભ ઉપજાવે એવી જાણીને મ્હેં તેને ઢાંકવાની ઉતાવળ કરી હતી. હવે હું સમજી શક્યો છું કે: એ વસ્તુ ત્હને લોભ ઉપજાવે એવી નથી. ત્હારી વાત સાંભળી બહુ આનંદ થયો."

સોનાની મહોરો એમ ને એમ પડી રહી. કઠીઆરો અને તેની સ્ત્રી જંગલમાં લાકડાં કાપવા ચાલ્યાં ગયાં. તેમણે પુનઃ સોનાની મહોરો તરફ પાછું ફરીને જોયું પણ નહિ!

(૩)

શંકર અને પાર્વતીએ એ બનાવ નજરે જોયો. બન્ને તેમની નિર્લોભ વૃત્તિ ઉપર આશ્ચર્ય પામ્યાં. ત્યાર પછી બીજે કયે ઉપાયે તેમને સહાયતા કરી શકાય તે શોધવા લાગ્યાં. બન્નેએ નક્કી કર્યું કે: "એ બિચારાંઓને લાકડાં કાપતાં બહુ કષ્ટ થાય છે. માટે જો તેઓને જંગલમાંથી કાપેલાં લાકડાંના ભારા જ તૈયાર મળે તો તેમનો પરિશ્રમ ઓછો થઈ જાય." એવો નિશ્ચય થયા પછી શંકર ભગવાને જંગલમાં સ્થળે સ્થળે લાકડાના ભારા બાંધેલા તૈયાર રાખવાની વ્યવસ્થા કરી. જંગલમાં જતાં જ કઠીઆરો અને તેની પત્ની તે નજર સ્હામે જોઇ શકે અને તે જોતાં જ લઈ જાય, એવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

નિત્યના નિયમ પ્રમાણે કઠિઆરો અને તેની પત્નિ જંગલમાં ગયાં. ત્યાં જતાં જ તેમણે લાકડાના તૈયાર ભારા બાંધેલાં દ્રષ્ટિ સમ્મુખ જોયા.

જો તેમની ઇચ્છા થઈ હોત તો તેઓ વગર મહેનતે લાકડાના ભારા લઈ જઇ શકત, પરંતુ તેમને તેવી ઇચ્છા થઈ નહિ. પતિ પત્ની વાતચિત કરવા લાગ્યાં: “ કદાચ આપણા જેવા જ કોઇ ગરીબ દુ:ખી કઠિઆરાએ આ લાકડાં કાપી રાખ્યાં હશે ! કદાચ લાકડાં કાપ્યા પછી ઘણો થાક લાગ્યો હશે તેથી તે લાકડાં લઇ જઈ શક્યો નથી. લાકડાં નહિ લઈ જવાથી કદાચ તેને બિચારાને આજે ભૂખ્યાં રહેવું પડશે ! કદાચ જો તે કઠિઆરાની ખબર મળે તો આપણે તેનો માલ તેને ઘેર પહોંચાડી આવીએ.” એમ કહી ઉંડો નિશ્વાસ નાંખી કઠિઆરો અને તેની પત્ની પોતાના ગુજરાનનું સાધન એકત્ર કરવા લાગ્યાં. તે સમસ્ત અરણ્યમાં ફર્યાં, પરંતુ તેમને વેચવા જેવાં લાકડાં મળ્યાં નહિ. જ્યાં જાય ત્યાં લાકડાના ભારા બાંધેલા જોવામાં આવતા. તેને બીજા કોઇનો માલ જાણી પડયો રહેવા દેતાં. પરિણામ એ આવ્યું કે તેમને તે દિવસે લાકડાં મળ્યાં જ નહિ, તેથી પતિ પત્નિ બન્ને તે દિવસે ભૂખ્યાં રહ્યાં !

એ જોઈ પાર્વતીજીના આશ્ચર્યની સીમા રહી નહિ ! કઠિઆરો અને તેની પત્ની કેટલાં બધાં નિર્લોભી ! કેટલાં બધાં નિસ્પૃહી ! પાર્વતીજીએ પતિને કહ્યું: “ મહારાજ ! જેઓ આટલાં બધાં નિર્લોભી અને નિસ્પૃહી છે તેને શા માટે કષ્ટ સહન કરવા દો છો ? જેને આપના ચરણ સિવાય બીજો કશો લોભ નથી, આપના ચરણમાં સ્થાન મેળવવાની જ આકાંક્ષામાં જેઓએ પોતાના સકળ સુખને જલાંજલિ આપી છે તેને હજી પણ આપના ચરણમાં સ્થાન કેમ આપતા નથી ? પ્રભુ ! આપની લીલામાં હું કશું સમજી શકતી નથી ! ” મહેશ્વરે ઉત્તર દીધો: “ પાર્વતી ! હવે તમારે વિશેષ ચિન્તા કરવી પડશે નહિ. સંસાર એ તો પરીક્ષાનું સ્થાન છે. એ બન્ને કઠોર પરીક્ષામાંથી પસાર થયાં છે. સંસારના અનેક પ્રકારના લોભ મોહ એમના મનને ચલિત કરી શકયાં નથી. સંસારનાં અનેક સુખવિભવ તરફ એમનું ચિત્ત આકર્ષાયું નથી. એ જ ખરા પુણ્યશાળી જીવો છે. ઘણા મનુષ્યો ધનવિભવના લોભને લીધે પરસ્પર ઝેર વેર કરે છે અને એક બીજાનાં ગળાં કાપે છે ! વળી એ જ લોભને લીધે મનુષ્યો પ્રપંચ, કપટ,

વિશ્વાસઘાત કરી અનંત રૈરવ નરકમાં પડવાની સામગ્રી ભેગી કરે છે. પરંતુ ધન્ય છે આ કઠિઆરાને અને તેની પત્નીને ! ધન્ય છે એમનો નિઃસ્વાર્થ, નિર્લોભ સ્વભાવ ! પરંતુ હવે એમના દુઃખનો અંત આવ્યો છે. એ બન્ને ચિર આનન્દ ધામમાં નિવાસ કરશે. આ સંસારમાં જેઓ લોભને વશ થતા નથી એટલે જેઓ નિર્લોભી અને નિસ્પૃહી થઇને ભગવાનનું કાર્ય કરી જાય છે તેઓ દુઃખ પામતા જણાય છે ખરાં પરંતુ તેજ ચિર સુખ પામવાને અધિકારી થાય છે. મનુષ્ય માત્રે લોભનો પરિત્યાગ કરવાનો અભ્યાસ કરવો જોઇએ. તોજ તેમનાં કર્મબંધન શિથિલ થશે, અને કર્મબંધનમાંથી મુક્ત થતાં જ મનુષ્ય અવશ્ય ચિર આનન્દ અથવા મોક્ષ પ્રાપ્ત કરશે. અનેક પ્રકારનાં નઠારાં કર્મ બંધનમાં બંધાવાથી જ મનુષ્યને તેનાં કર્મફળ ભોગવવા જન્મ મરણ થાય છે. અનેક પ્રકારનાં સુખ દુઃખ તેથી જ ભોગવવાં પડે છે. લોભને પાપનું મૂળ કહ્યું છે એ સત્ય જ છે. એ લોભે અનેક મ્હોટા મ્હોટા પુરૂષોને ધર્મ માર્ગમાંથી ગબડાવી પાડ્યા છે. પાર્વતી ! તમારા કહેવા પ્રમાણે કઠિઆરાને અને તેની પત્નિને માટે વ્યવસ્થા કરી દીધી છે."

કઠિઆરો અને તેની પત્ની મધ્ય રાત્રે એક ચિત્તે ભગવાનનાં ભજન ગાઇ રહ્યાં હતાં એટલામાં ત્યાં એકાએક અતિશય તેજસ્વી વિમાન આવી ઉભું રહ્યું. શંકર ભગવાને તે બન્નેને ઇશારત કરી પોતાની સાથે બેસાડી દીધાં અને તેમને કૈલાસ ધામમાં લઇ ગયા.

(૪)

ઉપર પ્રમાણે કઠિઆરાની અને તેની પત્નીની વાત કહી રહ્યા પછી નારાયણદેવે કહ્યું: "એક ગૃહસ્થ વિદેશથી નોકરી કરી, જીવનપર્યંત દ્રવ્ય ભેગું કરી ઘેર આવતો હતો. માર્ગમાં કૉલેરા થતાં તે મરણ પામ્યો. બિચારાએ કેટલું કષ્ટ કરીને દ્રવ્ય ભેગું કર્યું હતું ! એ દ્રવ્ય ભોગવવાની તેને કેટલી બધી આશા—આકાંક્ષા હશે ? નોકરી પરથી પેન્શન લઇને ઘેર આવી શેષ જીવન, પુત્ર પરિજન સહિત સુખે વ્યતીત કરવાની તેને કેટલી બધી ઉત્કંઠા હશે ? તે મનુષ્ય મરણ પામતી વખતે તેનું સર્વ દ્રવ્ય તમારા જેવા અજાણ્યા પુરૂષોને સોંપી ગયો છે. તેના પુત્ર પરિજન એ દ્રવ્યની વાટ

જોયા કરતાં હશે. તેના સ્વજનો તેના દ્રવ્ય ઉપર કેટલી આશા બાંધી બેઠા હશે? તેમને વિમુખ રાખી, નિરાશ કરી, તેના સમસ્ત જીવનનું સંચિત ધન તમારા જેવા લોભી નિષ્ઠુર મનુષ્યોને સોંપી ગયો છે કેમ? સત્યવ્રત! સત્ય કહે, તે ગૃહસ્થનો નિવાસ ક્યાં છે? સત્ય કહે, એ દ્રવ્ય કોને આપવાનું તે કહી ગયા છે? પ્રિયવ્રત! તું આ જગત્‌નું પ્રિય કાર્ય કરે છે કે?"

નારાયણદેવની તેજસ્વી ઉગ્ર મુખમુદ્રા અને જુસ્સા ભરેલી વાણી સાંભળી સત્યવ્રત અને પ્રિયવ્રત કમ્પવા લાગ્યા. તેઓ ઉત્તર દેવા અસમર્થ થઈ પડયા.

નારાયણદેવે વજ્ર કઠોર કણ્ઠે કહ્યું: "શું તમે આટલા માટે જ સન્યાસવ્રત ધારણ કર્યું છે કે? શું આટલા માટે જ તમે સેવા વ્રત ગૃહણ કર્યુ છે કે? જાઓ, ચાલ્યા જાઓ, જે દ્રવ્ય લાવ્યા છો તે લઇને પાછા ચાલ્યા જાઓ. તમે "સેવાશ્રમ" માં પુનઃ પ્રવેશ કરશો નહિ. તમારી સેવાની અમને જરૂર નથી. એક વખત સન્યાસી થયા પછી આવો લોભ, મોહ અને પ્રપંચ રાખવો એ સન્યસ્ત ધર્મને કલંક લગાડનાર છે! સન્યાસીઓ નિર્લોભી અને સત્યવાદી હોવા જોઇએ. જાઓ, તમારા જેવા લોભી સન્યાસીઓની આ આશ્રમમાં જરૂર નથી."

સત્યવ્રત અને પ્રિયવ્રત થરથર કમ્પતા રડવા લાગ્યા. તેમણે કહ્યું: "દેવ! ક્ષમા કરો. અપરાધ થયો છે." એટલું કહી તેઓ નારાયણદેવનાં ચરણનો સ્પર્શ કરવા ગયા.

નારાયણદેવ વેગળા ખસી ગયા. તેમણે ગુસ્સામાં ને ગુસ્સામાં જ કહ્યું: "ઘણા આનંદથી તમારૂં નામ સત્યવ્રત અને પ્રિયવ્રત પાડયું! પરંતુ તમે નામનો મહિમા રાખી શક્યા નહિ. તમે તો તેનાથી ઉલટું જ વર્ત્યા છો. ઘણા સાધુ સન્યાસીઓ તમારા જેવા નીકળતા જણાયા છે! નામ એક અને કાર્ય બીજું! તમે પણ તેવા જ નીકળ્યા!" દાંત સાથે હોઠ દબાવી પૂછ્યું: "હજી પણ સાચું કહો. તે ગૃહસ્થ ક્યાં રહે છે? મરણ વખતે તેણે શું કહ્યું છે?"

સત્યવ્રતે કમ્પતાં કમ્પતાં કહ્યું: "પ્રભો! તેનું નામ હરિહર શર્મા. નિવાસ વડોદરા. આફ્રિકા નોકરી કરવા ગયો હતો. ત્યાં તેણે એટલા બધા

રૂપિયા સંચિત કર્યા હતા. વૃદ્ધાવસ્થા હોવાથી ઘેર આવી એટલા રૂપિયાના વ્યાજમાંથી સુખે જીવન વ્યતીત કરવાની તેની ઇચ્છા હતી."

નારાયણદેવે મનમાં જ કહ્યું: "મ્હેં અનુમાન કર્યું તેવું જ થયું છે." તેમણે પૂછ્યું: "ત્યાર પછી ?"

સત્યવ્રત: "ભરૂચ નર્મદા સ્નાન કરવા ઉતર્યો હતો. સ્ટેશન પરની ધર્મશાળામાં ઉતર્યા પછી એકાએક તેનું શરીર બગડયું. તેને ઝાડા ઉલટી થયા. મધ્ય રાતે તે પડયો પડયો તડફડીયાં મારવા લાગ્યો. ધર્મશાળાનો નોકર તેને કાઢી મૂકવા તૈયાર થયો. એ વખતે હું ત્યાં જઇ ચઢયો. ધર્મશાળાના નોકરને મ્હેં ધમકાવ્યો, અને તેનાં મળમૂત્ર સાફ કરી તેની સેવા કરવા લાગ્યો."

કહેતાં કહેતાં સત્યવ્રતનો કણ્ઠ જાણે રૂંધાઈ ગયો. એકાએક તે અટકી ગયો.

નારાયણદેવે પૂછ્યું: "કેમ બંધ રહી ગયો ? ત્યાર પછી શું થયું ? સત્ય કહેજે."

સત્યવ્રત બોલવા લાગ્યો: "થોડા અચેતન થયેલા હરિહરે પોતાના ગામ ઘરનુ ઠેકાણું કહ્યું, તેની પાસે એક ટ્રંક હતી તે ઉઘાડી તેમાંથી આ ન્હાનકડી પેટી કાઢવાનું મ્હને કહ્યું. મ્હેં તેને પેટી આપી એટલે તેણે તે મ્હારા હાથમાં આપી—"

પ્રિયવ્રતે તેને બોલતો અટકાવી કહ્યું: "ના, ના, પ્રભુ, તેની સેવા તો હું કરતો હતો. તેણે એના હાથમાં નહિ પણ મ્હારા હાથમાં—"

નારાયણદેવે ગર્જના કરી કહ્યું: "બસ કરો. તમારા બેમાંથી ગમે તેના હાથમાં તેણે આપી હોય તો તેથી શુ થયું ? તેણે હાથમાં આપીને શું કહ્યું ?"

સત્યવ્રત: "તેને ઘેર જઇ તેની માતા અથવા સ્રીને આપવા કહ્યું છે. તેના બે પુત્રો બાલ્યાવસ્થામાં છે. તેમનું કોઈ પાલન પોષણ કરનાર નથી. તેથી તેણે કહ્યું કે: તેના મરણ પછી આ પેટીમાંનું દ્રવ્ય સત્વર તેની પત્ની કિંવા માતાને પહોંચાડવું. એટલો જ તેનો આગ્રહ હતો."

નારાયણદેવે મનમાં જ કહ્યું: "તમે સાચા સન્યાસી છો ! તમે તે બિચારાની ઇચ્છા અને આગ્રહ ખરેખર પરિપૂર્ણ કર્યો ? જગતમાં તમારા જેવા દ્રવ્યલોભી, લોકોનું મફતનું પચાવી પડનાર, વિશ્વાસઘાતી, પ્રપંચી

સન્યાસીઓ કેટલા હશે? ઉપર ઉપરથી ભગવાં વસ્ત્ર પહેરી સન્યાસીનો ઢોંગ કરી હડહડતા ગૃહસ્થાશ્રમી-પ્રપંચી મનુષ્યોનો-ભગવાન શો ન્યાય કરશે? ધિક્ તમારો સન્યાસ! ધિક્ તમારાં ભગવાં વસ્ત્રને! લોભ, મોહ, દંભ, ઈર્ષા, ક્રોધ, વિશ્વાસઘાત અને ઠગાઈ કરનારા સાધુ-સન્યાસીઓ! યાદ રાખજો કે જગતપિતા પરમાત્માના દરબારમાં તમારે ઉત્તર દેવાનો છે? તે વખતે તમે શું કહેશો? હરિ! હરિ!" તેમણે પૂછ્યું: "વારૂ, પણ હરિહર શર્મા પછી મરણ પામ્યો કે?"

સત્યવ્રત: "ના, ના, પોતાની ઇચ્છા જણાવીને તુરત જ તે અચેતન થઇ પડયો. એટલે અમે ચાલ્યા ગયા."

નારાયણદેવના હૃદયમાં ક્રોધને લીધે જાણે વિજળીક પ્રવાહ છુટી રહ્યો. તેમણે ક્રોધ ભરેલાં લાલ નેત્ર, તીવ્ર કણ્ઠે કહ્યું: "દુષ્ટ, દુર્ભાગીઓ! ધિક્ છે તમારા સેવાવ્રતને! તમને અગ્નિમાં બાળી ભસ્મ કરવાથી પણ તમારૂં એ પ્રાયશ્ચિત ટળે એમ નથી! નિરાધાર બ્રાહ્મણને અચેતન અવસ્થામાં પડતો મૂકી, તેના સમસ્ત જીવનનું સંગ્રહ કરેલું દ્રવ્ય લઈ, તમે ન્હાસી આવ્યા? ધિક છે? ધિક છે? તમારા સન્યાસને ધિક છે! તમારા જીવનને ધિક છે! તમારા જેવા ઘણા પાખંડી, લોભી મનુષ્યો સન્યસ્ત ગ્રહણ કરતા હોવાથી દેશમાં હાહાકાર થઇ રહ્યો છે! કયાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શ્રોતા જનોમાં તે જ્ઞાનોપદેશ કરનાર નિર્લોભી સાચા સન્યાસીઓ અને કયાં તમે? તમારાં કૃત્ય આગળ હજારો લૂંટારા અને ચોર લોકોનો ત્રાસ તુચ્છ છે! ચોર લૂંટારાઓ, મનુષ્યની અજાણતામાં ચોરી-લૂંટ કરે છે જ્યારે તમને તો તે બિચારાએ પોતાનું દ્રવ્ય પોતાના કુટુંબને સોંપવા માટે હાથોહાથ આપ્યું છે! તમારાં ભગવાં વસ્ત્ર ઉપર વિશ્વાસ લાવીને તેણે તમને સોંપ્યું છે. ત્યારે તમે તેનો જ વિશ્વાસઘાત કરવા તત્પર થયા છો? વિશ્વાસઘાત કરનાર મનુષ્યો અંતે કેવાં ભયંકર પરિણામ ભોગવે છે તે તમે જાણો છો? ઘણા વિશ્વાસઘાતીઓ જીવતાં જીવત મહા કષ્ટ પામી, જન સમાજમાં આબરૂ ગુમાવી, કંગાલાવસ્થામાં રખડતા ફરે છે! હરિ! હરિ! **विषकुम्भ पयोमुख** જેવું તમે કર્યું! તમને કેવી શિક્ષા કરવાથી યોગ્ય શિક્ષા થઈ કહેવાય તે મ્હારી કલ્પનામાં પણ આવતું નથી."

એટલું કહી જરા વિચાર કર્યા પછી નારાયણદેવે એક સન્યાસીને બૂમ પાડીઃ " કઠોરવ્રત ? "

બૂમ પડતાં જ સન્યાસી કઠોરવ્રત ત્યાં આવી હાજર થયો અને માથું નમાવી બે હાથ જોડી તેમની આજ્ઞાની રાહ જોવા લાગ્યો.

નારાયણદેવે તેને કહ્યું: " સત્યવ્રત અને પ્રિયવ્રતને હમણાં નજરકેદી જેવી સ્થિતિમાં રાખજો. સર્વ એકત્ર બેસીશું તે વખતે એમનો ન્યાય થશે. તેમનો ન્યાય થાય નહિ ત્યાં સુધી તેઓ અન્યત્ર જઈ શકે નહિ. "

ત્યાર પછી બે અન્ય બ્રહ્મચારીઓને બે દિશામાં મોકલવાની વ્યવસ્થા થઈ. એકને ભરૂચ સ્ટેશનની ધર્મશાળામાં અને ત્યાં ના મળે તો શહેરમાં હરિહર શર્મ્માની તપાસ કરવા અને બીજાને વડોદરે હરિહરના કુટુંબ પરિવારના સમાચાર લેવાની આજ્ઞા ફરમાવી. તેની દ્રવ્ય ભરેલી પેટી "સેવાશ્રમ" માં સહીસલામત રાખવામાં આવી.

પ્રકરણ ૧૯ મું.

સત્ય-ધર્મ મહિમા.

દિવસનું કાર્ય પરિપૂર્ણ થયા પછી નિત્ય નિયમ પ્રમાણે રાત્રે સર્વ સભા ભરાઈ. સર્વ બ્રહ્મચારીઓ આવી બેઠા. નારાયણદેવે આજે ખાસ " સત્યધર્મ-પાલન " પ્રસંગ ઉપર ચર્ચા ચલાવી.

નારાયણદેવે કહ્યું: " સંસારમાં દુઃખ દારિદ્રનું અને અશાંતિનું એક મુખ્ય કારણ, સત્ય-ધર્મ-પાલન તરફ મનુષ્યોની બેદરકારી હોવાનું છે. મનુષ્યો જો સત્યવાદી હોય, મનુષ્ય જો સત્ય ધર્મ પાલન કરી શકે, મનુષ્ય જો અન્ય મનુષ્યોને પોતાના બંધુ સમજી તેમની સાથે પ્રમાણિકપણે વર્તે અને મનુષ્ય જો જુઠું નહિ બોલવાનું વ્રત લે તો પછી બીજું શું જોઇએ ? એક માત્ર સત્ય ધર્મ પાલન કરે તો મનુષ્યની સર્વ અશાંતિ અને સર્વ દુઃખ દૂર થાય. સુખ અને શાંતિ શોધતાં-ભટકતાં મનુષ્યોને બીજાં કોઈ

ક્રિયા કર્મ કરવાની જરૂર પડે નહિ. સત્ય વાક્ય બોલતાં શિખવાથી, સત્યનું પાલન કરવા માટે દ્રઢ વ્રત ગ્રહણ કરવાથી, કોઇ પણ વસ્તુની ઉણપ રહે નહિ એ નક્કી જ છે. ગમે તેવો દુઃખી દરિદ્ર મનુષ્ય પણ જો સત્યવ્રત ધારણ કરે તો સર્વ પ્રકારનાં સુખ–શાંતિ પુનઃ પ્રાપ્ત કરી શકે છે. આપણે કેટલા બધા દિવસથી કેવું સખ્ત સત્યવ્રત પાલન કરીએ છીએ, અને એવું જ વ્રત પાળવા સર્વને બોધ આપીએ છીએ ! આપણે કેટલા બધા દિવસથી કેટલાં બધાં દ્રષ્ટાંત બતાવીને સત્યવ્રત પાલન કરવાનું મહાત્મ્ય સર્વને નજરો નજર બતાવીએ છીએ છતાં પણ કેવો મોહ ! કેવો લોભ ! તેના પંજામાં સપડાઇ મનુષ્યો સત્યવ્રત પાલન કરવા માટે દ્રઢવ્રત ધારણ કરી શકતા નથી ! સંસારીજનો શાંત ચિત્તે વિચાર કરી જોશે તો તેમને સત્વર જણાઈ આવશે કે લોભ મોહમાં પડી પાપ કાર્ય કરવાથી જ તેમને દુઃખ અને અશાંતિના પંજામાં સપડાવું પડયું છે ! સુખ અને શાંતિ મેળવવા જતાં ઉલટું તેમને ક્ષણે ક્ષણે દુઃખ ભોગવવું પડે છે ! અરે ! તેમને ત્રાહ્ય ત્રાહ્ય પોકારવી પડે છે ! તેમને અનેક પ્રકારના ભયની જાળમાં જકડાવું પડે છે ! એટલું બધું દુઃખ અને ત્રાસ ભોગવવા છતાં પણ જો તે દુષ્ટ મનુષ્યો પોતાનાં પાપ કૃત્યો ત્યજી દે, અને તેજ ક્ષણથી સત્ય ધર્મ પાલન કરવાની પ્રતિજ્ઞા લે તો તેમના અવશેષ જીવનમાં તેમને અવશ્ય ચિરસુખ–ચિરશાંતિ મળે ! અરે ! એટલું જીવન સ્વર્ગ–સુખ ભોગવે પરંતુ કળિકાલનાં માનવીઓ ! ગમે તેટલાં દુઃખો ભોગવે, ગમે તેટલો ભય પામે, તેમને ગમે તેટલો બોધ કરીએ, તેઓ ગમે તેવાં દ્રષ્ટાંતો જુવે છતાં પાછાં તેનાં તે જ !”

એટલું કહી નારાયણદેવે સત્યવ્રત અને પ્રિયવ્રતના વિશ્વાસઘાતક આચરણનું વર્ણન સર્વને કહી સંભળાવ્યું. આ વખતે તેમને બન્ને સન્યાસીઓ ઉપર બહુ ક્રોધ ઉપજ્યો હતો. સન્યાસી થઇને તેમણે જે ઘોર પાપ કૃત્ય કર્યું હતું તે જોઇ તેમના ખેદનો પાર રહ્યો નહતો ! સત્યવ્રત અને પ્રિયવ્રતનું આચરણ સાંભળી સર્વ બ્રહ્મચારીઓ નીચુ મુખ કરી બેઠા. તેમના આશ્રમમાં, બ્રહ્મચારી સન્યાસીઓના સેવાવ્રતમાં પણ અસત્યનું પાપ પ્રવેશ કરી શક્યું છે એ જાણી તેઓ દુઃખ પ્રકટ કરવા લાગ્યા.

નારાયણદેવે કહ્યું: "એમાં દોષ કોઇનો પણ નથી. હમણાં કલિનું રાજત્વ છે. હમણાં સર્વત્ર પાપનું પ્રભુત્વ છે. એવો કોણ દૃઢવ્રતધારી મનુષ્ય છે કે જે આત્મરક્ષણ કરીને વર્તવા સમર્થ થાય? મનુષ્યોને માતાના સ્તનપાનમાંથી જ અસત્યનું શિક્ષણ મળે છે! બાળક ન્હાનું હોય છે ત્યારથી જ તેને તેનાં માતા પિતા અસત્ય બોલવાની ટેવ પાડે છે! બાળક ન્હાનું હોય છે ત્યારથી જ તેનાં માતા પિતા તેને ધર્મ અને નીતિથી ભ્રષ્ટ થવાનું શિખવે છે! તેથી જ ડગલે ડગલે તેઓ અથડાઈ પડે છે! તેથી જ ડગલે ડગલે તેઓ અનીતિ અને અધર્મ પ્રમાણે વર્તે છે! જેવાં માતા પિતા તેવાં તેમનાં સન્તાન! જ્યાં માતા પિતા પોતે જ અસત્યવાદી, લોભી, પ્રપંચી, વ્યભિચારી, વિશ્વાસઘાતી હોય, ત્યાં પછી તેનાં બાળકોમાં સત્યવ્રત ક્યાંથી હોય? શિવ! શિવ! બાલ્યાવસ્થાથી જ માતા પિતા સત્ય બોલે અને પોતાના બાળકોને "સત્ય" બોલવાની ટેવ પાડે, તો પછી અસત્યનું રાજ્ય રહે જ ક્યાંથી? પાઠશાળામાં વિદ્યાભ્યાસ કરતાં એક પુસ્તકમાં વાંચીએ છીએ ખરા કે: "સદા સત્ય બોલવું?" નિશાળના માસ્તરો પણ તે જ વાક્ય વાંચી સંભળાવી તેના પર કેટલીક વખત લાંબી પહોળી ટીકા કરી વિદ્યાર્થીઓને "સદા સત્ય" બોલવાનો આગ્રહ કરે છે ખરા, પરંતુ પાઠશાળામાંથી બહાર નીકળતાં જ આપણે તેને તુરત જ કેમ ભૂલી જઇએ છીએ? ભૂલવાનાં કારણો છે. પ્રથમ તો પાઠશાળાના માસ્તર જ ત્યાં ને ત્યાં કેટલીએ વાર જુઠું બોલતા જણાય છે! ત્યાર પછી પાઠશાળા બહાર ગયા પછી પણ તેમનાં ખાનગી આચરણ અને વ્યવહાર અસત્યતા ભરેલો જણાય છે. ત્યાર પછી ઘરનાં માતા પિતા–તે પણ ડગલે ડગલે અસત્યવાદી! જે જે વ્યાપારીઓ સાથે આપવા લેવાનો વ્યવહાર–તે પણ અસત્યવાદી! જ્યાં સર્વ અસત્યવાદીનું જ સંગ્રહસ્થાન ત્યાં પછી સત્યધર્મનુ કોણ પાલન કરે? પરંતુ જો એક વખત એકંજ મનુષ્ય સત્યધર્મ પાલન કરવાની દૃઢ પ્રતિજ્ઞા લે તો તે અને તેનું કુટુંબ, સુખ શાન્તિ પામે અને તેનું જોઇ તેના પાડોસી, તેના મિત્રો, તેનું ગ્રામ મંડળ અને તેનું જોઇને અ તે અનેક મનુષ્યો સત્યધર્મ પાલન કરી ચિરસુખ, ચિરશાંતિ પ્રાપ્ત કરે. આપણે ઘણી વખત દેવ દેવસ્થાનમાં જઇએ

છીએ ત્યારે ત્યાં કેવાં સત્ય આચરણ રાખીએ છીએ ! ત્યાં આપણે જરા પણ અસત્ય કે અધર્મથી વર્તતા નથી. કારણ શું ? ઉત્તર એજ છે કે અસત્ય-અધર્મથી દેવતાઓ નારાજ થશે ! દેવતા સન્મુખ તેવું નઠારૂં વર્તન ચલાવવાથી મનોવાંચ્છિત ફળ પ્રાપ્ત થશે નહિ ! એવો મનુષ્યોનો દ્રઢ વિશ્વાસ હોય છે પરંતુ ત્યાંથી બહાર નિકળતાં જ તેઓ અસત્ય અને અધર્મથી વર્તે છે ! તે વખતે દેવસ્થાનના દેવને ભક્તો મંદિરમાં જ બિરાજેલા જાણે છે ! મનુષ્ય માત્ર જાણે છે કે પરમાત્મા સચરાચર વ્યાપક છે. તેજ, આકાશ, વાયુ, જળ અને પૃથ્વીમાં તે વ્યાપી રહ્યો છે ? અરે ! તે ઘટ ઘટમાં–મનુષ્ય માત્રમાં–વ્યાપી રહ્યો છે. એમ જાણવા છતાં દેવસ્થાનમાંથી બહાર નીકળતાં જ વાર ! જાણે દેવસ્થાન બહાર પરમાત્માનું અસ્તિત્વ જ ન હોય તેમ મનુષ્યો જુઠ, પાપ, પ્રપંચ, આદિ અધર્મ કાર્યો કરે છે ! શંકર ભગવાનના ભક્તો શિવરાત્રિને દિવસે શંકરના દેવળમાં કેવા ભોળા અને પવિત્ર થઈ બિરાજેલા આપણે જોઇએ છીએ ? શ્રી કૃષ્ણ ભગવાનના ભક્તોને જન્માષ્ટમીને દિવસે કેવા પવિત્ર–ચિત્ત જોઇએ છીએ ! અને અંબાજી માતાના ભક્તોને અંબા માતાના દેવળમાં આપણે કેવા પવિત્રવ્રત ધારી જોઇએ છીએ ? સર્વના કરતાં અંબાજી માતામાં વિશેષ પવિત્રતા પળાતી જોવામાં આવે છે. ત્યાં આજે પણ એવો નિયમ છે કેઃ પોતાની પત્ની પ્રત્યે પણ પુરૂષોએ ભગિની ભાવ ધારણ કરવો પડે છે ત્યાં પછી અન્ય સ્ત્રીઓ પ્રત્યે વ્યભિચાર ભાવ રખાય જ કેમ ? ત્યાં કદી પણ અસત્ય બોલવામાં આવતું નથી. જો કોઈ અસત્ય બોલે કે વર્તે તો તેને મહાદેવીની અદ્રષ્ય સત્તા અત્યારે પણ સખ્ત દણ્ડ આપે છે એમ સાંભળ્યું છે. પરંતુ તેજ દેવી ભક્તોમાંના ઘણા મનુષ્યો માતાજીની યાત્રા કરી આબુરોડને સ્ટેશને આવ્યા પછી કેટલી સત્યતા, કેટલું પ્રમાણિકપણું, કેટલો ધર્મ, અને કેટલી નીતિ પાળે છે ? જો તેની તપાસ કરવામાં આવે તો ખરો દેવીભક્ત, ખરો સત્યવ્રત પાલન કરનાર મનુષ્ય તુરત જ જણાઈ જાય ! ખોટા ભક્તોની ગણત્રી કરવાની જરૂરજ નથી ! જે જે દુઃખ, ક્લેશ, ભય, ત્રાસ ભોગવતા જણાય તે સર્વને એ વર્ગમાં નોંધી શકાશે ! તાત્પર્ય એ છે કેઃ મનુષ્યો સર્વ જાણે છે. સર્વ

સમજે છે, સત્યથી સુખશાંતિ મળે છે તે તેમના જાણવામાં છે, અસત્યથી દુઃખ ક્લેશ મળે છે તે પણ જાણવામાં છે. તેમ છતાં લોભ, મોહમાં પડી જઈ ચિત્ત ભ્રમિત થઈ જાય છે. નહિ કરવાનું કરી બેસે છે. એવાં અધર્માચરણ કરી દુઃખ ત્રાસ ભોગવ્યા પછી કેટલીએ વાર મનુષ્યો પ્રતિજ્ઞા કરે છે કેઃ "બસ, હવે પુનઃ અધર્મ અનીતિને માર્ગે કદી પણ જઈશું નહિ." પરંતુ પાછા તેના તેજ ! કેટલીએ વાર ધર્મશીલ, સત્યવ્રતધારી દાતા મહાત્મા કરણની વાત વાંચી હોય છે, સાંભળી હોય છે, કેટલીએ વાર સત્યમૂર્તિ, સાક્ષાત્ ધર્મ રાજા યુધિષ્ઠિરનો ઇતિહાસ યાદ આવે છે, કેટલીએ વાર સત્ય પરાયણ રઘુવીર રામચંદ્રજીનું પૂજન કરવાની ઇચ્છા થઈ આવે છે, કેટલીએ વાર સત્ય ધર્મનું રક્ષણ કરવા માટે, સર્વ ત્યાગી, મહારાજ હરિશ્ચંદ્ર ઢેડને ઘેર વેચાયા હતા તે કરૂણ કથાનું સ્મરણ થાય છે અને કેટલીએ વાર અનંત રાજ્ય ઐશ્વર્યવાન નળ દમયંતીના વનવાસાશ્રમની કથા હૃદય પટ ઉપર ઉદય પામે છે ! પરંતુ બીજી ક્ષણે જ તે સર્વ અલોપ થઈ જાય છે ! છાયા છાયામાં મળી જાય છે ! પ્રકાશનાં કિરણો, ઘોર અંધારામાં ડૂબી જાય છે ! જગદીશ ! કૃપામય ! એ ભૂલી જવાના રોગનો કશો ઉપાય નહિ હોય ? એ રોગનું કોઇએ ઔષધ શોધ્યુ હશે ખરૂં ?"

એ પ્રમાણે શોક સંતાપ કરતા નારાયણદેવે કહ્યું: "એક પરમ ધાર્મિક રાજાનાં સત્ય-ધર્મ-પાલનનું વૃતાન્ત સાંભળો. માત્ર સત્ય ધર્મના પાલનથી જગતના સર્વ જીવોને કેવી રીતે વશ કરી શકાય છે. તેનું એમાં સુંદર વૃતાન્ત છે." તેમણે વાર્તા કહેવા માંડી:—

(૧)

એક ધર્મપરાયણ રાજા હતો. તેણે પોતાના રાજ્યમાં ધર્મનો ઢંઢેરો ફેરવ્યો હતો. તેણે નગરમાં એક નવીન બજાર બંધાવ્યું હતું. તેણે સર્વ પ્રજાજનોને કહ્યું હતું કેઃ "બજારમાં જે કોઈ વસ્તુ વેચાય નહિ તે સર્વ રાજાના ભણ્ડારમાં, યોગ્ય મૂલ્યે વેચાતી લેવામાં આવશે. વ્યાપારીઓએ પોતાની નહિ વેચાયલી વસ્તુઓ રાજભણ્ડારમાં મોકલી યોગ્ય મૂલ્ય મેળવી લેવું." રાજાએ પોતાના અમલદારોને પણ યોગ્ય આજ્ઞા ફરમાવી દીધી

હતી કે: "બજારમાં વેચાતાં જે વસ્તુ અવશેષ રહે તેનું મૂલ્ય રાજભણ્ડારમાંથી આપી ખરીદી લેવી. આ રાજપ્રતિજ્ઞા વિરૂદ્ધ કોઈ વર્તે નહિ. વર્તશે તેને સખ્ત શિક્ષા કરવામાં આવશે. કોઇ વસ્તુ વેચવા આવનાર વ્યાપારી નિરાશ થઇને પાછો જાય નહિ.

રાજાની આજ્ઞા યથાયોગ્ય રીતે પાલન થવા લાગી. બજારમાં વેચાવા આવેલી કોઈ પણ વસ્તુ પાછી જતી નહિ ! પરસ્પર પ્રજાજનો લઇ લેતા અને બાકી જે કાંઈ વસ્તુ રહેતી તે ઉચિત મૂલ્ય આપી રાજભણ્ડારમાંથી ખરીદી લેવામાં આવતી. દેશેદેશમાં રાજાની ખ્યાતિ પ્રસરી ગઈ. ચારે દિશામાંથી રાજાને ધન્યવાદ મળવા લાગ્યો. બજારમાં પણ અનેક વસ્તુઓ વેચાવવા આવતી. રાજા રાજધર્મનું રક્ષણ કેવી રીતે થાય તેનો પરિચય આપવા લાગ્યા.

(૨)

એકાએક કલિરાજનું આસન ડગમગ્યું ! કલિના રાજ શાસનમાં એક રાજાને એવો ધર્મ પાળતો જોઈ કલિને અસહ્ય થઈ પડયું. કલિરાજે, ક્રોધ ભરેલે નેત્રે પ્રતિજ્ઞા કરી કે: "યાદ રાખ બચ્ચા રાજા! જોઉં છું કે તું કેવી રીતે ધર્મનું પ્રતિ પાલન કરશે?" તુરતજ તેમણે એક કુંભારના વિચારમાં જન્મ લીધો, અને રાજાને યથાયોગ્ય દણ્ડ આપવાનો બંદોબસ્ત કર્યો.

બીજે દિવસે નિત્ય નિયમ પ્રમાણે બજાર ભરાયું હતું. યોગ્ય રીતે વેચવા લેવાનું કામ ચાલતું હતું. એજ સમયે એક ભયંકર દેખાવની અદ્ભૂત ભીષણ મૂર્તિ માથે લઇ એક કુંભાર બજારમાં આવી પહોંચ્યો. તે જોઈ બજારમાં એક પ્રકારનો વિષમ કોલાહલ મચી રહ્યો. સર્વ મનુષ્યો કુંભારની આસપાસ ભેગા થઇ પેલી ભયંકર મૂર્તિનું નામ પૂછવા લાગ્યા. કુંભારને ગભરાવી નાંખ્યો.

કુંભારે ઉત્તર દીધો: "એનું નામ "અલક્ષ્મી દેવી." લક્ષ્મીદેવીની કૃપાથી મનુષ્યો જેમ લક્ષ્મીવાળાં થાય છે તેમ અલક્ષ્મી દેવીની અવકૃપાથી મનુષ્યો લક્ષ્મીહીન, દુઃખી, દરિદ્રી, ભિખારી થાય છે! મનુષ્યની અવનતિને માટે, જીવના અમંગલને માટે, અલક્ષ્મી દેવીની મૂર્તિ બનાવવામાં

આવી છે. જે ઘરમાં એનાં પગલાં જશે ત્યાંથી ઐશ્વર્ય, ધન, સમ્પતિ ન્હાસી જશે, તે દુઃખી થઈ જશે."

એ સાંભળતાં જ પૂછનાર અનેક મનુષ્યો ગુસ્સે થઈ ઉઠયા! કોઇ ગુસ્સે થઈ ત્યાંથી ચાલ્યું ગયું. કોઇ તેને મારવા ધસ્યું. અને કોઈ આશ્ચર્ય પામી તેને પૂછવા લાગ્યું કેઃ "વારૂ, જ્યારે એ દેવીનાં પગલાંથી મનુષ્યનું અકલ્યાણ થાય છે ત્યારે તેં તેને બનાવી કેમ? બનાવી તોએ ચિંત્તા નહિ પણ લોકોની મશ્કરી કરાવવા માટે એને બજારમાં લાવ્યો છે શા માટે?"

કુંભારે ઉત્તર દીધોઃ "ભાઇઓ! શું કરૂં? લક્ષ્મી દેવીની મૂર્તિ બનાવવા જતાં ભૂલથી અલક્ષ્મી દેવી બની ગઈ! એમાં મ્હારો શો વાંક? પરમેશ્વરની મરજી. જગતમાં સર્વ વસ્તુઓને સ્થાન મળે છે ત્યારે આ દેવીને સ્થાન નહિ મળે?"

ઉત્તર સાંભળી કોઇએ મશ્કરી કરી, કોઇએ તેનો તિરસ્કાર કરી ચાલવા માંડયું! ત્યાર પછી સર્વ ત્યાંથી ચાલ્યા.

(૩)

બજારમાંથી વેચવા લેવાનું કામ બંધ થઇ ગયું. સર્વ વ્યાપારીઓ પોતપોતાની વસ્તુઓ વેચી ઘેર જવાની તૈયારી કરવા લાગ્યા. પરંતુ કુંભારના અલક્ષ્મી દેવી વેચાઈ નહિ. એવો કોણ ગાંડો હોય કે ગાંઠના પૈસા ખરચી ઘેર અલક્ષ્મીની મૂર્તિ લઈ જાય? પણ રાજાના અધિકારીઓ? રાજાની આજ્ઞા પ્રમાણે તેમને તો તે મૂર્તિ ખરીદી રાજમહેલમાં લઈ જવી જ પડશે! તેમ છતાં તેઓ પણ એવા લક્ષ્મીવાન રાજાના રાજમહેલમાં અલક્ષ્મી મૂર્તિ લઇ જવાનું સાહસ કરે શી રીતે? તેમણે કુંભારને બે ચાર ગાળો દઇ, ધમકાવી, બજારમાંથી કાઢી મૂકવાની વ્યવસ્થા કરી!

સમસ્ત દિવસ આશાએ આશાએ બેસી રહ્યા પછી, સન્ધ્યા સમય થતાં પહેલાં, રાજાના અમલદારો તરફથી ઉપર પ્રમાણેનો ઉત્તર મળવાથી કુંભાર બહુ દુઃખી થયો. રાજ અમલદારોનો કઠોર ઉત્તર સાંભળી, અલક્ષ્મી દેવીની મૂર્તિને માથે લઇ કુંભાર શોક સન્તપ્ત મુખે ઘેર જવા લાગ્યો.

કુંભાર ઘેર જવા નીકળ્યો તે વખતે જાણે કોઇએ રાજાના કાનમાં ગુપચુપ તે સમાચાર વિદિત કર્યા. રાજા સમસ્ત દિવસ પરિશ્રમ કર્યા પછી મહાલયમાં આવી જરા વિશ્રાંતિ લેતા હતા. એટલામાં જાણે કોઇએ તેને કહ્યું કેઃ "ઓ રાજાધિરાજ! ગયો! ગયો! ત્હારો ધર્મ ગયો! ત્હારા યજ્ઞ–યાગ ગયા! ત્હારૂં સર્વસ્વ ગયું!"

(૪)

રાજા ચમકી ઉઠયો! તે સમયે તેણે જે વસ્ત્રો પહેર્યાં હતાં તે સાથે જ ગાંડાના જેવો થઇ દિવાનખાનાની બહાર ગયો. આત્મારૂપી ભગવાને તેના મનને ખેંચી બજારના રસ્તા તરફ દોર્યો. એ જોઇ દાસ દાસી સર્વ ગભરાઈ ઉઠયાં. શરીર રક્ષકો તેની પાછળ પાછળ દોડયા! અંતઃપુરમાં હાહાકાર થઇ રહ્યો! અમાત્યાદિ તેમની પાછળ દોડતાં બોલ્યાઃ "ઉભા રહો! ઉભા રહો!" રાજાએ વેગળેથી જ કહ્યું:–"ઉભા રહો! ઉભા રહો!"

એ સાંભળી કુંભાર ચમકયો. તેણે પાછું ફરી જોયું. રાજાએ તેનો આદરસત્કાર કરી પાસે બોલાવી તેના માથા પરની મૂર્તિ સંબંધી પૂછપરછ કરી. કુંભાર ગભરાતો રાજા સ્હામુ ઉભો અને નમન કરી ફિનરેલે મુખે સર્વ વિગત કહી સંભળાવી. તેણે કહ્યું: "મહારાજ! આ મૂર્તિનું નામ અલક્ષ્મીદેવી છે. આપના બજારમાં વેચવા લાવ્યો હતો પરંતુ કોઇએ તે વેચાતી રાખી નહિ. સમસ્ત દિવસ બેસી બેસીને થાકયો. તેથી જ નિરાશ થઇ ઘેર પાછો જાઉં છું."

રાજાનું શરીર કમ્પાયમાન થયું. એકી વખતે સો વીંછીએ જાણે તેના અંતરાત્માને ડંખ દીધો હોય તેટલી વેદના થઈ! વિષાદ, ક્ષોભ, ક્રોધ સહિત અતિ દુઃખ પામતો બોલ્યોઃ "હાય! હાય! મ્હને શી ખબર કે આમ કેટલા પ્રકારે મ્હારો સત્ય ધર્મ નષ્ટ થતો હશે? હું કહી શકતો નથી કેઃ એવાં અગણિત પાપને લીધે મ્હને કયા નરકમાં સ્થાન મળશે? ભગવાન! અંતે મ્હારા અદ્રષ્ટમાં એવું જ લખ્યું હતું!" અતિશય આત્મશોક કરતાં રાજાએ કુંભારને કહ્યું: "ભાઈ! મ્હને ક્ષમા કરજે. જે થવાનું હતું તે થયું છે. ચાલ, મ્હારી સાથે આવ. રાજભણ્ડારમાંથી ત્હારી મૂર્તિનું યોગ્ય મૂલ્ય હું તને હમણાં જ આપું છું."

કુંભાર રાજી થતો રાજા સાથે ગયો. રાજાએ તેને એ વિચિત્ર મૂર્તિનું નામ પૂછ્યું, ત્યારે તેણે તેના ગુણ કર્મનું યથાસ્થિત વર્ણન કર્યું. રાજાએ જાણ્યું કેઃ એ મૂર્ત્તિ જેના ઘરમાં હશે તેનું ધન ધાન્ય નાશ પામશે, તેમ છતાં પણ ધર્મવ્રત પાલન કરવા રાજાએ "અલક્ષ્મી દેવી"ની મૂર્તિ વેચાતી લઈ તેને યોગ્ય મૂલ્ય આપી વિદાય કર્યો. અત્યારે કુંભારના આનંદનો પાર નથી. તે પોતાના ધર્મનિષ્ઠ રાજાને ધન્યવાદ આપતો પોતાને ઘેર ગયો.

રાજાએ ધર્મનું પ્રતિપાલન કર્યું. એ મૂર્તિને ઘરમાં રાખવાથી લક્ષ્મીનો નાશ થશે એવું જાણવા છતાં તેણે અલક્ષ્મી દેવીની મૂર્તિ રાજસંગ્રહાલયમાં યોગ્ય સ્થળે મૂકવાનો બંદોબસ્ત કર્યો. તે સાથે બજારમાં વેચાયા વગરની જે વસ્તુ પડી રહે તે રાજભંડારમાંથી તુરત જ ખરીદવા માટે રાજાએ સખ્ત આજ્ઞા ફરમાવી. પોતાના ધર્મવ્રતનું યોગ્ય રીતે પ્રતિપાલન કરવા માટે તેણે યોગ્ય વ્યવસ્થા કરી.

(૫)

એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ.! ત્રણ દિવસ વીતી ગયા. ત્રીજે દિવસે રાત્રે સ્વપ્ન આવતાં રાજા એકાએક ચમકી ઉઠયો. તેણે જોયુ કેઃ એક નયન-મન-ઉન્માદિની દેવી-મૂર્તિ તેના સ્હામુ રડતે મુખે ઉભી છે. તે લક્ષ્મીદેવી હતી. તેણે રડતાં રડતાં રાજાને કહ્યુંઃ " વત્સ ! હું હવે રજા લઉ છું. આટલા દિવસ થયા હું ત્હારા મહેલમાં રહેતી હતી, પરંતુ હું આજે જાઉં છું. ત્હારા મહેલમાં અલક્ષ્મીદેવીને ત્હે સ્થાન આપ્યુ છે. તેથી હવે હું શી રીતે રહી શકું ?"

એમ કહેતાં કહેતાં જ લક્ષ્મીદેવી અંતર્ધ્યાન થઇ ગયાં. રાજાના શરીરમાંથી જાણે અર્ધું અંગ કપાઈ ગયું ! રાજાએ સ્થિર ધીર ગંભીર ચિત્તે તે દુઃખ સહન કર્યું.

એ પ્રમાણે રાજમહેલમાંથી દયા, માયા, શ્રદ્ધા, ભક્તિ, વગેરે સર્વ દેવ દેવીઓ એક પછી એક રાજાની સ્હામુ આવી રજા માગવા લાગ્યાં. રાજાએ રાજમહેલમાં અલક્ષ્મીદેવીને સ્થાન આપ્યું હતું તે કારણથી જ સર્વ ચાલ્યાં જાય છે ! રાજા તેમને વિશેષ શું કહી શકે ? એક એક દેવ દેવીના ચાલ્યા જવાથી જાણે તેના શરીરનો એક એક અવયવ કપાઇ પડવા લાગ્યો !

રાજાએ ધર્મવ્રતનું પાલન કરવા માટે અતિશય સહન શક્તિ રાખી, સર્વ દુઃખ સહન કર્યું. તે કહેતો કે: "ગમે તેટલું સંકટ પડે તો પણ ધર્મવ્રતનું પાલન કરવું એ જ મનુષ્યનું કર્તવ્ય છે."

(૬)

ગયું ! બધુ જ ગયું ! અંતે રાજાનો અંતરાત્મા ધર્મદેવ આવી ઉભો. સ્થિર, શ્વેત, શાંત મૂર્તિ, દિવ્ય જ્યોતિપુંજ શરીર, સાક્ષાત્ સત્ય સ્વરૂપ ધર્મદેવે આવી રાજાને કહ્યું: "વત્સ ! મ્હને રજા આપ. હું જાઉં છું." રાજા અત્યાર સુધી સ્થિર ચિત્તે સર્વ દેવ દેવીઓનું કથન સાંભળી મનમાં શાંતિ રાખી બેઠો હતો; પરંતુ ધર્મ રાજાના શબ્દો સાંભળી તે ઉઠીને બેઠો થયો. હમણાં જાણે તેના શરીરમાં બમણું બળ આવ્યુ હોય તેમ થયું. તેણે ધર્મદેવને આસન આપી બેસાડયા. ત્યાર પછી કરૂણ ગદગદ કણ્ઠે કહ્યું: "મહારાજ ! આપ જવાને તૈયાર તો થયા છો, પણ આપ જઈ શકશો નહિ. સર્વ દેવ દેવીઓ મ્હારો ત્યાગ કરી ગયાં છે પરંતુ આપ મ્હારો ત્યાગ કરી શકશો નહિ ! આપને ખબર નથી કે મ્હેં કોને માટે અલક્ષ્મીદેવીને મ્હારા મહેલમાં સ્થાન આપ્યું છે ? હું કોને માટે આટલું બધું સુખ–સમ્પદ–ઐશ્વર્ય ભરેલું રાજ્ય ગુમાવવા બેઠો છું ? હું કોને માટે મ્હારા જીવનનું બલિદાન આપવા બેઠો છું ? ભગવન્ ! અલક્ષ્મીદેવીને મહેલમાં સ્થાન આપી મ્હેં મ્હારા સત્ય ધર્મનું પાલન કર્યું છે. એ જ ધર્મનું પાલન કરવા માટે અનેક સુખવિભવનો ત્યાગ કરી અસહ્ય દુઃખ ભોગવવા હું તૈયાર થયો છું. હે ધર્મદેવ ! હુ માત્ર આપનો જ આશ્રય કરી રહ્યો છું. આપનું રક્ષણ કરવા જતાં મ્હેં સર્વસ્વ ગુમાવ્યું છે. મ્હેં સંસારનાં સકલ સુખ, સમ્પદ, ધન, ઐશ્વર્ય, અને માયા, મમતા, ખોઇ દીધી છે ! ત્યારે પછી દેવ ! કહો વારૂ, આપ મ્હારો ત્યાગ કરી જવા શા માટે તૈયાર થયા છો ? વારૂ, કદાચ આપને તેવી જ ઇચ્છા હોય તો મ્હારૂં એક કામ કરો. લો, આ તીક્ષ્ણ તલવાર, લો આ અટ્ટહાસ્ય કરતી ચળકતી તલવાર લો, અને એ વડે પ્રથમ મ્હારૂં મસ્તક કાપી નાંખો, ત્યાર પછી જ્યાં ઇચ્છા હોય ત્યાં ચાલ્યા જાઓ. ત્યાર પછી તમને કોઈ રોકી શકે એમ નથી. પ્રત્યેક દેવતા

ચાલ્યા ગયા, તે સાથે મ્હારા શરીરનો એક એક ભાગ કાપી આપ્યો છે. હવે માત્ર પ્રાણ બાકી રહ્યા છે. તે આપને માટે જ મ્હેં રહેવા દીધા છે. તે નહિ લઇ જાઓ તો આપને રજા આપીશ નહિ. આપને જવા દઇશ નહિ. શાસ્ત્રોમાં ધર્મવ્રતનું પાલન કરવા માટે અતિશય આગ્રહયુક્ત આજ્ઞા ફરમાવી છે. ધર્મનું સંરક્ષણ કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે. મ્હેં તેમ કર્યું છે. તેમ છતાં પણ જો આપની એવી જ ઇચ્છા હોય કે મ્હારો ત્યાગ કરી જવું તો ઘણી જ ખુશીથી આપ જઈ શકશો. માત્ર મ્હારી ઇચ્છા પરિપૂર્ણ કરો. મ્હારા પ્રાણ આપની સાથે લઈ જાઓ !"

રાજા ગદગદ કણ્ઠે, રડતો રડતો, ગ્હેબાકળા જેવો થઈ ઉપર પ્રમાણે ધર્મરૂપી ભગવાનનાં ચરણ પકડી પ્રાર્થના કરવા લાગ્યો. તેણે બે હાથ જોડી વ્યાકુલ ચિત્તે અશ્રુ ભરેલે નેત્રે વારંવાર કહ્યું: "ભગવન્ ! જવું હોય તો જાઓ, પરંતુ મ્હારા પ્રાણ લેતા જાઓ."

ભક્તની પરીક્ષા લઇ ધર્મરૂપી ભગવાન પ્રસન્ન થયા. પરીક્ષા પૂર્ણ થઇ. ધર્મ–ભગવાને સ્નેહયુક્ત વાક્યો બોલી રાજાને કહ્યું: "વત્સ ! ત્હારા એ કઠોર સત્ય–ધર્મ પાલનથી હું અતિ પ્રસન્ન થયો છું. ધર્મનું પાલન કરવા માટે પ્રાચીનકાળમાં ઘણા રાજા મહારાજા અને સામાન્ય મનુષ્યોએ સુખ દુઃખ કે સમ્પદ, વિપદની દરકાર રાખી નથી. તેમણે કઠોર દુઃખ વેઠીને પણ ધર્મ પાળ્યો છે. રાજા ! ત્હેં પણ આજે તેમ જ કર્યું છે. ત્હારા હૃદયમાંથી ધર્મભાવના ઓછી થઈ નથી એ જોઈ હું બહુ પ્રસન્ન થયો છું. ઘણાં મનુષ્યો સુખવિભવનો નાશ થતાં ગભરાઈ જઈ ધર્મનો ત્યાગ કરે છે ! સુખ સમ્પતિને ખાતર ધર્મને લાત મારે છે! પરંતુ રાજા ! ધન્ય છે ત્હને ! તેં સુખ સમ્પતિની દરકાર નહિ કરતાં ધર્મનું પાલન કર્યું છે. હવે ત્હારે કશી ચિંતા કરવાની નથી. હવે જગતના મનુષ્યો ત્હારો આદર્શ જોઈ સત્ય ધર્મનું પાલન કરશે."

એટલું કહી ધર્મરૂપી ભગવાન અદ્રષ્ય થઈ ગયા. રાજા સંસાર–ક્ષેત્રમાં યશની વિજયમાળ ધારણ કરી વિભૂષિત થયો.

જે સ્થળે ધર્મ છે ત્યાં પછી કઇ વસ્તુની ખોટ હોય ? ત્યાં કયા દેવ

દેવીઓ અપ્રસન્ન હોય ? રાજાના મહેલમાં એક પછી એક સર્વ દેવ દેવીઓને પાછાં આવવું પડયું. માયા આવી, દયા આવી, લક્ષ્મી આવી, ભક્તિ આવી, વગેરે એક પછી એક દેવ દેવીઓ આવી પોતપોતાને આસને વિરાજ્યાં. રાજાનો સુખી સંસાર પાછો સુખી થયો. તેના ધાર્મિક સંસારમાં, ધર્મના રાજ્યમાં, ધર્મનો જયધ્વનિ થઈ રહ્યો. તેની પ્રજામાં ધર્મનો ડંકો વાગી રહ્યો '

(૭)

નારાયણદેવની આજ્ઞાથી તેમનો એક શિષ્ય, એક પુસ્તકમાંથી ઉપર પ્રમાણે કથાનક વાંચી રહ્યો.

એક રાજાના ધર્મવ્રત પાલન સંબંધી ઉપરોક્ત કથાનક વંચાઈ રહ્યા પછી નારાયણદેવે કહ્યું: " સત્યવ્રતનું પાલન કરવા સમાન બીજો અધિક ધર્મ નથી. સત્ય એ જ ધર્મ, સત્ય એ જ સુખ, સત્ય એ જ શાંતિ અને સત્ય એ જ મુક્ત છે. સત્યનું પાલન નહિ કરવાથી જ સંસારમાં અનેક પ્રકારનાં કષ્ટ અને અશાંતિ પ્રસરી રહી છે. "

એટલું કહી તેમણે દિલગીરી બતાવીને કહ્યું: " શિવ ! શિવ ! સંસાર પુનઃ ક્યારે સત્યનું પાલન કરવા અને સત્ય વચન બોલવાની દ્રઢ પ્રતિજ્ઞા કરતાં શિખશે ? ઓ માયા ભ્રમણામાં ફસાયલા, સ્વાર્થ લોભમાં અંધ બનેલાં માયાવી મનુષ્યો ! સત્યનું મહાત્મ્ય જાણવા છતાં પણ જો તમે અસત્યવાદી, અધર્મી રહેશો તો પરમાત્માને ત્યાં તમારી શી વલે થશે ?"

પ્રકરણ ૨૦ મું.

ઈશ્વરનું અસ્તિત્વ.

બ્રહ્મચારી દ્રઢવ્રતે કહ્યું: " આજકાલ સંસારમાં દિનપ્રતિદિન નાસ્તિક મનુષ્યોની સંખ્યા વૃદ્ધિ પામતી જાય છે. " ભગવાન છે." એવું ઘણાં મનુષ્યો માનતાં નથી. અનેક સ્થળે જગદીશ્વરના અસ્તિત્વ સંબંધી તર્કવિતર્ક થાય છે, અને ઘણાં મનુષ્યો કહે છે કે: " જગતમાં જગદીશ્વર નથી. ભગવાન નથી. "

ધર્મવ્રતે દ્રઢવ્રતના કથનને ટેકો આપતાં કહ્યું: " સત્ય છે. વાતવાતમાં લોકો પૂછે છે કે: " ઇશ્વર છે તેનું પ્રમાણ શું ? વળી એમ પણ કહે છે કે: "જો તે સર્વ વ્યાપક હોય તો અમે તેને કેમ દેખી શકતા નથી ? જો તે સર્વજ્ઞ અને પરમ દયાળુ છે તો અમે તેને આટલી બધી બૂમો પાડીએ છીએ છતાં તેનો અમે પ્રતિઉત્તર કેમ મેળવતા નથી ? " દર્શન શાસ્ત્રનું પ્રમાણ કહી સંભળાવી પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ વગેરે અનેક પ્રમાણો આપી; વિવિધ પ્રકારે અમે તેમને ઇશ્વરનું અસ્તિત્વ સમજાવવાનો યત્ન કરીએ છીએ. પરંતુ તેઓ સર્વ વાતો ઉડાવી દે છે ! તેઓ કદાચ એ બધું સમજી શકતા નહિ હોય કે ક્યાંતો તેઓ તે પ્રમાણે સમજવાનો યત્ન કરતા નહિ હોય. તેઓ તો યુક્તિથી સિદ્ધ કરે છે કે: પ્રકૃતિની લીલા વડે જગત ચાલી રહ્યું છે. પૃથ્વી, પ્રકૃતિ અને જીવાત્માઓ અનાદિકાળથી ચાલ્યાં આવે છે. એમાં ઇશ્વર શું કરે છે ? ઇશ્વર છેજ નહિ."

બ્રહ્મચારીઓમાંના ઘણા યુવકોએ સંસારમાં નાસ્તિકતા જ પ્રસરી ગયેલી હોવાની વાત સ્વિકારી તેનું સ્પષ્ટિકરણ થવાની જિજ્ઞાસા બતાવી.

નારાયણદેવે સર્વનો આગ્રહ જોઈ કહ્યું: " તમે કહો છો તે સત્ય છે. એટલા માટે જ આપણા શાસ્ત્રમાં અધિકાર–ભેદ અને યોગ્ય અધિકારીને યોગ્ય ઉદ્દેશ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમને ક, ખ, ગ, નું જ્ઞાન નથી, તેને વેદાન્તનાં ગ્રંથો વાંચવા આપ્યા હોય તો તે શું કરે ? જે બાળકને ઉભા રહેતાં આવડતું ન હોય તે પર્વતનાં વિકટ શિખર ઉપર શી રીતે ચ્હડી શકે ? અવસ્થા જોઇને વ્યવસ્થા કરવી જોઇએ. મનુષ્યનાં ધ્યાન–ધારણા અને જ્ઞાન–ગવેષણા જોયા પછી તે પ્રમાણે તેમને ધર્મોપદેશ આપવાનો યત્ન કરવો જોઇએ. એ સંબંધી એક બે દૃષ્ટાંત કહું છું તે સાંભળો. કોઈ એકાએક પૂછે કે: " ઇશ્વરને જ્યારે અમે જોઈ શકતા નથી ત્યારે તેનું અસ્તિત્વ છે તે શી રીતે આપણે જાણી શકીએ ? " એ પ્રશ્નનો ઉત્તર બહુ સરલ છે. એનો ઉત્તર એવો આપી શકાશે કે: " તમે તમારા પિતા, પિતામહ, અથવા પ્રપિતામહને કદાચ જોઇ શકયા ન હોય તો તેથી શું તેઓ ન હતા એમ કહી શકાશે ખરૂં ? " જે મનુષ્ય જેવી રીતે પ્રશ્ન

પુછે તેને તેવી જ રીતે ઉત્તર આપવો જોઇએ."

સર્વેએ એ યુક્તિ કબૂલ કરી. તેમ છતાં કોઇ કોઇએ કહ્યું કે: "હાલને સમયે એવો ઉત્તર આપવો એ કઠિન થઇ પડે એમ છે. આજનો જમાનો તર્કવાદનો છે. સામાન્ય અંગ્રેજી ભણેલા પણ લાંબા લાંબા તર્ક દોડાવે છે! અને આપણે એક કહીએ તો તે પાંચ કહે છે. આપણો વેદાંતવાદ એમની ક્ષુદ્ર બુદ્ધિમાં ઉતરતો નથી."

નારાયણદેવે કહ્યું: "તમે કહો છો તે સત્ય છે. મિથ્યા તર્કવાદીઓ તરફથી કયે સમયે કેવો પ્રશ્ન થશે તે કહી શકાય નહિ. તેથી અતિ બુદ્ધિમાન, સૂક્ષ્મતત્ત્વદર્શી પુરૂષો શિવાય તેમના એવા તર્કના ઉત્તર આપી તેમના મનનું સમાધાન થઈ શકે નહિ. તેમ છતાં પણ "નાસ્તિકની ઇશ્વિર ભક્તિ" એ વિષય ઉપર શાસ્ત્રમાં અનેક દૃષ્ટાંતો છે. તેનું સમયે સમયે સ્મરણ કરવાથી એવા પ્રશ્નોનાં સમાધાન કરવામાં સારૂં પરિણામ દર્શાવી શકાશે. એ સંબંધી બે વાર્તાઓ તમને કહું છું. એ બન્ને વાર્તાઓનું મનન કરવાથી મનુષ્યના મનના અનેક સંશય દૂર થશે—અનેક પ્રશ્નોનું સમાધાન થશે."

સર્વ બ્રહ્મચારિઓ—સન્યાસીઓ—તે બન્ને વાર્તા સાંભળવા માટે આતુર થઈ રહ્યા હતા.

નારાયણદેવે કહ્યું: "એ બન્ને વાર્તામાંની એક વાર્તા, એક નાસ્તિક નૈયાયિક પણ્ડિત સંબંધી છે," અને બીજી વાર્તા "ઇશ્વિર ઉપર અવિશ્વાસ રાખનાર એક દુષ્ટ પાખણ્ડી સંબંધી છે. સાંભળોઃ—"

(૧)

એક નાસ્તિક નૈયાયિક પણ્ડિત હતો. તેના મનમાં સદા એવો જ તર્કવિતર્ક થતો હતો કે: જગતમાં ઇશ્વિર છે કે નહિ! એ તર્કમાં ને તર્કમાં જ તે જીવનનો અંત લાવવા તૈયાર થયો હતો. તર્કની તીક્ષ્ણ ધાર વડે ઇશ્વિરનું અસ્તિત્વ છિન્નભિન્ન કરી શકાય. પણ્ડિતે એવો જ નિશ્ચય કર્યો હતો કે: "જગતમાં ઇશ્વિર છે જ નહિ. શાસ્ત્રો ખોટાં! ઋષિ મુનિયો ખોટા! અને ઇશ્વિરનું અસ્તિત્વ માનનાર મહાપુરૂષો ખોટા!" કોઇ વિદ્વાન તેની સાથે વાદવિવાદ કરવા શક્તિમાન ન હતો. પણ્ડિતજી, સંસ્કૃતમાં બહુ વિદ્વાન હતા.

વાદવિવાદ કરતી વખતે શબ્દના અનેક અર્થો કરી વાદ કરનારની શક્તિ છિન્ન-ભિન્ન કરી દેતા ! કોઇ તેને સમજાવી શકતું નહિ. કોઇ તેમની સમક્ષ ઇશ્વરનું અસ્તિત્વ સાબિત કરી શકતું નહિ. પણ્ડિતજીની તર્ક શક્તિ આગળ અને તેમની યુક્તિ જાળ આગળ સર્વેની તર્કશક્તિ અને યુક્તિજાળ નિર્માલ્ય થઈ જતી ! પણ્ડિતજી શબ્દે શબ્દ અને વાક્યેવાક્યનો અર્થ કરી બતાવી આપતા કેઃ "જગતમાં ઇશ્વર છે જ નહિ ! ઇશ્વરની પૂજા કરવાનું કે તેને માનવાનું કાંઈ કારણ જ નથી."

(૨)

એક દિવસ નાસ્તિક પણ્ડિત એક શિષ્યને ઘેર ગયા હતા. સાથે એક ગામડીઓ અભણ બ્રાહ્મણ હતો. પણ્ડિતજીનું લગભગ સર્વે કામકાજ તેજ કરતો હતો. બ્રાહ્મણ રસોઇનું અને બીજું સર્વ કામકાજ કરતો. તે દાઢીની દાઢી અને સાવરણી પેઠે કામ કરતો હતો ! વધારામાં કોઈ પ્રસંગે કોઈ બીજા મનુષ્યો નહિ મળતાં ત્યારે પાકશાસ્ત્રી મહારાજ જોડે પણ્ડિતજી મ-હારાજ ઇશ્વર સંબંધી તર્કવિતર્ક પણ કરતા ! અરે ! વખતે બન્ને જણ સ્હામ સ્હામા થઇ જતા ! બ્રાહ્મણનું નામ બળવંતરામ ત્રિવેદી હતું. ત્રિવેદી મહારાજ જન્મથી જ સરલ બુદ્ધિના હતા. તેમણે જન્મ્યા ત્યારથી તે અત્યારે પાંત્રીશ વર્ષની વયના થતાં સુધી પાટલા પર ધૂળ નાંખવાની તસ્દી લીધી નહોતી ! જ્ઞાતિમાં કુલિન ગણાતા હતા ! અને ન્યાત ભેગી મળતી તે વખતે તેમને પટેલને પાટલે બેસાડવામાં આવતા ! જેથી ન્યાય કરવાના કામમાં કંઇંક ચાલાકી બનાવી શકે એવા હતા ખરા !

પણ્ડિતજીના શિષ્યને ઘેર ભોજનની પુષ્કળ સામગ્રી એકઠી કરવામાં આવી હતી. જેટલી મિષ્ટ વસ્તુઓ મળી અને જેટલાં ઉત્તમ શાક મળ્યાં તેટલાં શિષ્યે ગુરૂદેવને માટે લાવી તૈયાર રાખ્યાં હતાં. દહીં, દુધ, વગેરે ગામડામાં મળી શક્યું તે પણ તેણે તૈયાર રાખ્યું હતું, એટલું જ નહિ પણ સ્હામેના શહેરમાંથી જે સ્વાદિષ્ટ વસ્તુઓ મળી તે પણ તેણે મંગાવી રાખી હતી. એ બધામાં કોબિજ નામની વનસ્પતિનો એક ગઠ્ઠો મંગાવ્યો હતો. કોબિજનું શાક હમણાં નવીન હતું. પુર્વે લોકોએ તે શાકનો સ્વાદ લીધો

ન હતો, તેથી હમણાં તેનો સર્વે ઉમંગથી આસ્વાદ લેતા હતા. મોંઘી કિમ્મતે મળવા છતાં ગ્રહસ્થો તેને ખરીદતા. પણ્ડિતજીના શિષ્યે પણ આજે કોબિજની એક ગાંઠ મોંઘી કિમ્મત આપીને ગુરૂદેવને માટે ખરીદી હતી.

રાંધવાનું કામ ત્રિવેદીજીને સોંપ્યું હતું. એક તરફ પણ્ડિતજી મહારાજ શિષ્યને તત્વ–જ્ઞાનનો ઉપદેશ દેતા હતા. ત્યારે બીજી તરફ પાકશાળામાં ત્રિવેદીજી મહારાજ રસોઇનું કામ કરવામાં એકચિત્ત થયા હતા.

(૩)

થોડી વાર પછી જમવાનો સમય થયો. ગુરૂ મહારાજ આહાર કરવા બેઠા છે. બ્રહ્માર્પણ, ઉપોસન અને આચમન કરી તેમણે ત્રણ ગ્રાસ મુખમાં મુક્યા છે, એટલામાં તેમણે કહ્યું કેઃ "કોબિજનું શાક ક્યાં ?" સાથે સાથે શિષ્યે પણ ત્રિવેદીજીને કહ્યું કેઃ "કોબિજનું શાક ક્યાં ?"

ત્રિવેદી મહારાજે પોતાના હસમુખા સ્વભાવ પ્રમાણે સ્મિત હાસ્ય કરી કહ્યુંઃ "મહારાજ ! કહેવાનું ભૂલી ગયો હતો. કોબિજવાળાએ આજે આપણને ખરેખર ઠગ્યા છે !"

"એમ કેમ ? એ શું કહો છો ?" ગુરૂ–શિષ્ય બન્નેના મુખમાંથી આશ્ચર્યકારક શબ્દો નીકળ્યા.

ત્રિવેદીએ કહ્યુંઃ "સાચી વાત કહું છું. જુઠું નથી મહારાજ. તેણે આજે જરૂર ઠગ્યા છે."

"અરે રે તું ત્રિવેદીનો થતો ! ઠગ્યા છે, ઠગ્યા છે શું ભસે છે ? જે વાત હોય તે સ્પષ્ટ ખુલાસા સાથે કહેને !" પણ્ડિતજીનો મિજાજ ગયો.

ત્રિવેદી મહારાજના મુખ ઉપર હજી હાસ્યની છટા વિકસી રહી છે, તેણે હજી પણ કહ્યુંઃ "સાચી વાત કહું છું. જુઠું નથી મહારાજ. તેણે આજે જરૂર ઠગ્યા છે."

પાકશાસ્ત્રી મહારાજ ત્રિવેદીજી વારંવાર એજ શબ્દો બોલતા હોવાથી ગુરૂ–શિષ્ય–બન્ને અતિશય ગુસ્સે થઈ ઉઠયા ! એટલું જ નહિ પણ તેઓ તેને મારવા ઉશ્કેરાઇ ગયા ! એટલું થયું ત્યારે મસ્કરા ત્રિવેદીએ થોડો ખુલાસો કર્યો અને કહ્યુંઃ "તેથી જ કહું છું તો કે તેણે આપણને ઠગ્યા છે. બધાં

જ પાંદડાં ! બધાં જ પાંદડાં ! દિકરાએ કોબિજ તો આપ્યું જ નથી. બધાં જ પાંદડાં આપ્યાં છે ! શું કહું પણ્ડિતજી મહારાજ ! કોબિજ જેમ જેમ ઉકેલ્યું તેમ તેમ પાંદડાં જ પાંદડાં ! કોબિજ નામનું શાક તો તેમાં મળે જ નહિ ! બધાં જ પાંદડાં ! બધાં જ પાંદડાં ! દિકરાએ આજે આપણુને ઠગ્યા છે ! જરૂર ઠગ્યા છે ! ”

એમ કહેતાં કહેતાં ત્રિવેદી મહારાજે હસતાં હસતાં ધીમે ધીમે કોબિજવાળાની સાતે પહેડી ઉથલાવવા માંડી !

(૪)

ગુરૂ શિષ્ય બન્ને ગુસ્સે થઈ ગયા હતા. ગુરૂદેવ વધારે ઉશ્કેરાઈ સાતમે આસમાને ચઢી બેઠા હતા. તેમણે આંખો ઘુરકાવી રસોઇઆ સ્હામું લાંબો હાથ કરી પાટલેથી ઉંચા થઈ જઈ કહ્યું: “ મૂર્ખ ! ગધેડા ! બેવકુફ ! પાજી ! દુષ્ટ ! ત્હારા બાપ જન્મારે કોબિજ કોઈ દહાડો દીઠું હોય ત્યારે કની ? જ્યારે તેં જોયું નહોતું ત્યારે તેનું શાક બનાવવા શા માટે તૈયાર થયો ? જે શાક તેં જોયું ન હોય, જે શાક તેં કદી રાંધ્યું ના હોય તેને માટે ત્હેં મ્હને પૂછ્યું કેમ નહિ ? ” આ પ્રમાણે ગુરૂદેવ તેને ગાળો દેવા લાગ્યા અને વચમાં વચમાં તેને મારવા તૈયાર થઇ જવા લાગ્યા. તેને ભય લાગતો હતો કેઃ વખતે પણ્ડિતજી તેના ઉપર લોટો, થાળી કે વાટકાનો પ્રહાર તો નહિ કરે ! ઘાટ તો તેવો જ હતો ! જાણે હમણાં જ તેના ઉપર પ્રહાર થયો—એ થયો ! શિષ્ય પણ ગુરૂનું જોઇ ત્રિવેદીજી પ્રત્યે એવો જ દેખાવ કરી રહ્યો હતો ! ગુરૂજીના કાર્યમાં ઉશ્કેરણી આપતો હતો.

ગાય જેવો બિચારો ત્રિવેદી મહારાજ ભય પામ્યો ! રડી પડયો. રડતાં રડતાં જ બોલ્યોઃ “ મહારાજ, ક્ષમા કરો. આપની પાસે નોકરી કરવાથી જ મ્હને એવી કુબુદ્ધિ સુઝી છે. નહિ તો કોઈ પણ નવીન વસ્તુ રાંધતાં પહેલાં પ્રથમ હું તે સંબંધી કોઇને પૂછી લીધા પછી રાંધતો હતો. અમારા ગામમાં એવી ઘણી ખરી કિંમતી વસ્તુઓનો ઉપયોગ જ થતો નથી. અમે તો સાદું સીધું રાંધીએ. આડું અવળું અમને ના આવડે. તેમાંએ કેટલાક મહિના થયા આપને ત્યાં નોકરી કરૂં છું ત્યારથી મ્હારી વિચાર

શક્તિ વધી ગઈ છે. આપની સંગતિમાં રહ્યો છું ત્યારથી મ્હને એવી દુર્મતિ ઉપજી છે !”

એ સાંભળી પંડિતજી મહારાજ પાટલા પરથી અર્ધા ઉભા થઈ જાણે હમણાં જ ત્રિવેદીના માથામાં મુક્કી પ્રહાર કરશે એવો દેખાવ કર્યો. આંખો ચઢાવી, દાંત કચકચાવી, હોઠ પીસી, મુઠ્ઠી ઉગામી બોલ્યાઃ “ ઓ અભાગી ! ઓ અધમમાં અધમ ! ઓ બેવકુફના સરદાર ! તું શું બોલ્યો ? સાબિત કરી આપ, નહિ તો ત્હારી જીભ કાપવી પડશે. બોલ, સત્વર.”

ત્રિવેદી મહારાજ તેમનાથી ઉતરે એવા નહોતા. ઘણા ચુલ્હાના તાપ સહન કરી કરીને તેમનું શરીર–મન–પ્રાણ સખ્ત થઈ ગયા હતા. તેમના હાથ નીચે પંડિતજી જેવા અનેક મનુષ્યોની ચોટલીઓ આવી ગઇ હતી ! તે ભાગ્યે જ ગુરૂ–શિષ્યથી ગાંજ્યા જાય તેવો હતો. તેમ છતાં બ્હીવાનો ઢોંગ કરી રડતાં રડતાં બોલ્યોઃ “ મહારાજ ! સત્ય જ કહું છું, આપની સંગતિમાં રહ્યા પછી જ મ્હને દુર્બુદ્ધિ ઉપજી છે. આપની નોકરીમાં રહ્યા પછી જ હું એવો થયો છું. આપ જેમ સર્વ શાસ્ત્રો ઉથલાવો છો, અને સર્વ ધર્મ–ગ્રન્થો વાંચો છો છતાં કોઇ પણ સ્થળે ઇશ્વરનું અસ્તિત્વ જોઈ શકતા નથી તેવી જ મ્હારી દશા થઇ પડી છે ! આપને ત્યાં નોકરી રહ્યા પછી આપનું જોઇને હું પણ ભૂતની પેઠે તર્કના વૃક્ષ ઉપર ચઢઉતર કરતાં શિખ્યો છું છતાં ક્યાંયે વિશ્રામસ્થાન નથી મળતું ! જેમ તમે શાસ્ત્ર ગ્રન્થોમાં ઇશ્વરનું અસ્તિત્વ જોઈ શક્યા નથી તેમ હું કોબિજનાં પાંદડે પાંદડાં શોધી વળ્યો છતાં તેમાંથી કોબિજ નામનો કોઈ પદાર્થ મને મળ્યો નહિ ! મ્હેં કેવળ કોબિજનાં પાંદડાં જ દીઠાં. કોબિજ નામની વસ્તુ હું જોઈ શક્યો નહિ. શાસ્ત્રને જૂઠાં માની–તેમાં ઇશ્વર નથી એમ જાણી–આપ જેમ સર્વ વ્યાપક ઇશ્વરને જોઇ શક્યા નથી તેજ પ્રમાણે મ્હારી અવદશા થઈ છે મહારાજ ! તેથી જ મ્હારે કહેવું પડે છે કેઃ આપની સંગતિ થઇ ત્યારથી હું બુદ્ધિ ભ્રષ્ટ થયો છું. આપનાં જેવી જ મ્હારી ભ્રમિત–ચિત્ત જેવી સ્થિતિ થઈ છે !” એમ કહેતાં ત્રિવેદી મહારાજ વ્યાકુલ ચિત્તે, મ્હોટા ઘાંટા કહાડી છુટે મ્હોડે રડી પડયા !

(૫)

ગુરૂદેવના હાથમાંનો કૉળીયો હાથમાં જ રહ્યો. તે મુખમાં મુકી શક્યા નહિ. થોડી વારમાં તો તેમના ન્હાના મગજમાં અનેક તર્ક વિતર્ક થઇ ગયા. કેટલીક વાર પછી તેમણે જરા શાંત થઈ કહ્યુંઃ " સાચી વાત છે ત્રિવેદી ! ત્હારૂં કહેવું સત્ય છે. મ્હારી ત્હારા જેવી અને ત્હારી મ્હારા જેવી દશા થઈ છે. કોબિજનાં પાંદડાંનો ગટ્ટો જોવા છતાં તેમાંથી જેમ કોબિજ નામની કોઇ વસ્તુ જોઇ શકાતી નથી, તેજ પ્રમાણે મ્હેં ઘણાં શાસ્ત્રો વાંચ્યાં અને તેમાં સર્વમાં ઇશ્વરનું અસ્તિત્વ બતાવ્યું છે પરંતુ વિશ્વાસ વગર, સર્વ વૃથા થાય છે. " ઇશ્વર આ રહ્યો, તેમાં પણ ઇશ્વર છે. ઇશ્વર સર્વમાં છે." એવો વિશ્વાસ ના રાખીએ તો ઇશ્વરને ક્યાંથી મેળવીએ ? કોબિજ જેવી મુખ્ય વસ્તુને શોધતાં તે નહિ મળવાથી તેં જેમ તેનાં પાંદડાં ફેંકી દીધાં તેમ સર્વ શાસ્ત્રનો ઉપદેશ માનીએ નહિ તો ઇશ્વરને ક્યાંથી મેળવી શકાય ? ત્રિવેદી મહારાજ ! આજે તેં મ્હને દિવ્ય જ્ઞાન આપ્યું છે. આજે તેં મ્હારા પર-જન્મનું સાર્થક્ય કર્યુ છે. તું આજથી મ્હારો નોકર નથી, તું મ્હારો ગુરૂ છે. આટલા બધા દિવસ પછી આજે ત્હારી પાસેથી હું શિખી શક્યો છું કે: વિશ્વાસ શિવાય, શોધ કર્યા શિવાય, ભગવાનને પ્રાપ્ત કરી શકાતા નથી. તર્ક વિતર્ક કરવાથી તેમને મેળવી શકાશે નહિ. ઓ તર્કવાદીઓ ! ઓ વિજ્ઞાન શાસ્ત્રીઓ ! તમે તર્ક અને વિજ્ઞાનવડે ઇશ્વરના અસ્તિત્વનો અસ્વિકાર કરો છો એ ઠીક છે પણ તમે તેને શોધો, તેના પર વિશ્વાસ રાખો. જેટલી વસ્તુનાં નામ જણાય છે તેટલી વસ્તુઓનો સાક્ષાત્કાર કરી શકાય છે એ સત્ય જ છે. વિશ્વાસ જોઇએ. યત્ન જોઇએ. "

એ સમયથી જ નાસ્તિક પણ્ડિતની નાસ્તિકતા નાશ પામી. અત્યાર સુધી તેમણે જે શાસ્ત્રોને ઇશ્વરની મિથ્યા સ્તુતિ કરનારાં કહી કચરામાં ફેંકી રાખ્યાં હતાં તે સર્વ પ્રત્યે પૂજ્યભાવથી જોઇ, તેને માન આપી, તેનું અધ્ય-યન કરવા માંડયું. એટલું જ નહિ પણ તે આજથી ઇશ્વરનો પરમ ભક્ત થઇ રહ્યો. આજથી તે રાત દિવસ ઇશ્વરની ધ્યાન–ધારણામાં ગુંથાઇ ગયો. હવે તેના ઉપદેશથી ગમે તેવો નાસ્તિક–પાખણ્ડિ મનુષ્ય પરમ સચ્ચરિત્ર-

વાન થાય છે. હમણાં તેના મુખમાંથી નિત્ય એક જ વાક્ય સંભળાય છે કેઃ "ઇશ્વર ઉપર વિશ્વાસ રાખો. ઇશ્વરની ભક્તિ કરો. તમે તેને મેળવી શકશો. ધ્રુવ, પ્રહ્‌લાદ, મીરાં, નરસિંહ મહેતો અને સુરદાસ જેવા અનેક ભક્તો ઇશ્વરને પ્રાપ્ત કરી શક્યા હતા તેનું કારણ ઇશ્વર ઉપર વિશ્વાસ, ઇશ્વર ઉપર ભક્તિ. તર્ક અથવા વાદવિવાદથી ઇશ્વર કદી પણ મળતો નથી. વિશ્વાસથી જ ભગવાન મળશે. તર્કથી તે બહુ વેગળો જતો રહે છે.*

(૬)

વાર્તા કહી રહ્યા પછી નારાયણદેવે કહ્યું: "જુવો ! કેવે સમયે કેવો બનાવ બનવાથી કેવું પરિવર્તન થઈ શકે છે ?"

સર્વેએ કહ્યું: "સારૂં જ થયું. વખતસર આઘાત લાગતાં ગમે તેવી દ્રઢ વસ્તુ ભાંગી જાય છે."

નારાયણદેવઃ "વારૂં, સાંભળો ઇશ્વર ઉપર અવિશ્વાસ રાખનાર એક દુષ્ટનું વૃતાન્ત કહું છું તે સાંભળો."

(૭)

એક ઘોર નાસ્તિક હતો. તેને ઇશ્વર ઉપર વિશ્વાસ નહતો. તર્કમાં અને ભાષણમાં, તે હમેશાં ઇશ્વરનું અસ્તિત્વ નથી એવું જ શ્રોતાજનોને સમજાવતો હતો. તેની તર્ક શક્તિ પાસે કોઇ પણ મનુષ્ય ઇશ્વરનું અસ્તિત્વ સાબિત કરી શકતું નહિ. તે સર્વને સમજાવતો અને સર્વને કહેતો ફરતો કેઃ "ઇશ્વર છે જ નહિ. માટે ઇશ્વરના નામથી કોઈની ઉપાસના કે પૂજા કરવી એ અનર્થક અને અનાવશ્યક છે."

---

* આ સ્થળે અમારે દિલગીરી સાથે કહેવું પડે છે કેઃ ગુજરાતના એક સુપ્રસિદ્ધ વિજ્ઞાન શાસ્ત્રીએ વિજ્ઞાન શાસ્ત્રને આધારે "ઈશ્વરનું અસ્તિત્વ નથી." એવું કેટલાક શ્રીમંતો સમક્ષ કહી સંભળાવ્યાની વાત અમારા સાંભળવામાં આવી છે ! લક્ષ્મીમદમાં મસ્ત બનેલા કિંવા વિદ્યા મદમાં મદોન્મત્ત બનેલાં મનુષ્યો એ પ્રમાણે નાસ્તિક બને એ કલિકાળમાં સંભવિત જ છે ! એવા સુપ્રસિદ્ધ વિદ્વાનો જ્યારે ઈશ્વર પ્રત્યે નાસ્તિક બને ત્યારે તેમનું જોઇને તેમના અન્ય શિષ્યો પણ નાસ્તિક થાય એમાં આશ્ચર્ય શું ? પ્રભુ એમને સદ્‌બુદ્ધિ આપો ! લેખક.

એ પ્રમાણે ઘણા દિવસ વીતી ગયા. તેની સાથે તર્ક વિતર્ક કરીને કોઈ ઇશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરી શકતું નહિ.

તેની પાસે આવનાર અને વાદવિવાદ કરનાર સર્વ મનુષ્યોને તર્ક–યુદ્ધમાં હરાવવાથી તે નાસ્તિકના મનમાં ઘણો અહંકાર ઉત્પન્ન થયો ! એક વખત તેણે એવો વિચાર કર્યો કેઃ "એજ તર્કવડે મ્હોટા મ્હોટા ઋષિ, તપસ્વી, અને સન્યાસીઓને પણ હરાવી શકીશ, અને વિનાકારણે થતી તેમની ઇશ્વર ઉપાસનાની ઉપાધિ મટાડી શકીશ !"

(૮)

એક દિવસ પ્રાતઃસમયે પથારીમાંથી ઉઠીને તે એક ગહન વનમાં ચાલ્યો ગયો. પ્રથમથી જ તે જાણતો હતો કેઃ એ વનમાં અનેક યોગી, તપસ્વીઓ ધ્યાન મગ્ન બેઠા છે. તેણે માર્ગમાં જતાં જતાં જોયું કેઃ થોડે વેગળે એક સન્યાસી નેત્રો બંધ કરી ભગવાનની આરાધના કરતો ધ્યાનાવસ્થ થઈ બેઠો છે. એ જોઇ તે સન્યાસીની પાસે ગયો, અને ઉચ્ચ સ્વરે તેને કહ્યું કેઃ "મહારાજ ! શા માટે દુઃખ પામો છો ? ઇશ્વર ક્યાં છે ? ઇશ્વર કોણ છે ? તમે ઇશ્વરનું નામ દઈ કોના ધ્યાનમાં મગ્ન થઈ બેઠા છો ? શું ઇશ્વર નામની કોઈ વસ્તુ આ જગતમાં છે ખરી ? કદી નહિ. મહારાજ, કદી નહિ. ઇશ્વરનું અસ્તિત્વ જ નથી. આપનું ચિત્ત ભ્રમિત થયું છે, તેથી જ વિના કારણે આપ આપનું સોના જેવું શરીર માટી કરવા બેઠા છો ! ઉઠો, મહારાજ, ચાલો ઘેર. વિના કારણે શા માટે કષ્ટ પામો છો ? અજ્ઞાનતાને લીધે એવાં ઘણાં મનુષ્યોને કષ્ટ પામતાં મ્હેં જોયાં છે. તમારૂ પણ એમ જ છે. ચાલો, મહારાજ ઉઠો. વિચાર કરી જૂવો કેઃ તમારાં સ્ત્રી પુત્ર ક્યાં ? તમારા આત્મીય–સ્વજન ક્યાં ? માટે જ કહું છુ કેઃ હજી પણ ઉઠો. ઘેર ચાલો. સ્ત્રી પુત્રને મળી આનંદ કરો."

નાસ્તિકે વિશેષમાં કહ્યું કેઃ "જો ઘેર ના આવવું હોય તો મ્હારી સાથે વાદવિવાદ કરી પ્રથમ ઇશ્વરનું અસ્તિત્વ છે એવું સિદ્ધ કરી આપો. તર્ક અને યુક્તિ વડે મ્હને સમજાવો કેઃ ઇશ્વર નામની કોઇ વસ્તુ છે ? અને તેની ઉપાસનાનું પ્રયોજન છે ? તેમ નહિ કરો તો હું કોઇ પણ રીતે તમને

ઇશ્વર–પૂજા કરવા દઇશ નહિ ! ઉઠો, ચાલો, હમણાં ઉઠો. સીધી રીતે નહિ ઉઠો તો બળપૂર્વક તમને અહિંથી ઉઠાડી મૂકીશ. ઢોંગનું રાજ કદી પણ ચલાવવા દઇશ નહિ.”

એ સાંભળી સાધુ નિરૂત્તર થઇ ગયો. તે ધ્યાનમાં બેઠો હતો તેમ જ બેસી રહ્યો. તે મુખેથી કાંઇ પણ બોલી શક્યો નહિ તેનામાં જ્ઞાનોદય થયો હોય એવું કોઈ લક્ષણ પણ જણાયું નહિ. એ જોઇ ઇશ્વરના શત્રુ નાસ્તિકને ઘણો ક્રોધ ચઢયો. તેણે ડોળા ધુરકાવી મનમાં જ કહ્યું: “શું મ્હારૂં અપમાન ? ઉત્તર સુદ્ધાં મ્હને આપતા નથી ?” એવો વિચાર કરી તે ઉતાવળે સાધુ પાસે ગયો અને તેનો હાથ ઝાલી ધ્યાનમાંથી તેને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો.

નાસ્તિકના અપવિત્ર શરીર–સ્પર્શવડે કિંવા બીજા કોઇ કારણે ગમે તેમ પણ પરબ્રહ્મ પરમાત્માના ધ્યાનમાં લીન થયેલા સાધુનું ધ્યાન ભંગ થયું, તે ચમકી ઉઠી ઉભો થયો.

નાસ્તિક તેને કહેવા લાગ્યો: “કેમ મહારાજ ! ઢોંગ, પ્રપંચ, શઠતા શા માટે કરો છો ? ઇશ્વર ક્યાં છે ? ઇશ્વરનું અસ્તિત્વ જ નથી. મ્હને તર્ક વડે સમજાવો જોઉં, કે ઇશ્વર જેવી કોઇ વસ્તુ છે કે નહિ ? એટલે હું જાણી શકીશ કે તમારા ઢોંગ કેવા પ્રકારના છે ? નહિ તો યાદ રાખજો કે હું તમને કોઇ પણ પ્રકારે એવો ઢોંગ–લુચ્ચાઇ–ચલાવવા દઇશ નહિ. હું તમને કોઈ પણ રીતે રાજ્યનું અમંગલ કરવા દઇશ નહિ. તમારૂં જોઇને તો સંસારના અજ્ઞાન લોકો સંસારનો ત્યાગ કરી, સ્ત્રી પુત્રને પડતાં મૂકી જંગલમાં ચાલ્યા જાય છે ! તેમનાં સ્ત્રી પુત્રનો કેટલો નિશ્વાસ પડે છે તે તમે જાણો છો ! હું એ જોઇ શકતો નથી.”

નાસ્તિકે પુનઃ કહ્યું: “જો તમે મ્હને ઇશ્વર અથવા ઇશ્વર નામની કોઇ વસ્તુ છે એવું બતાવી શકો તો અવશ્ય હું મસ્તક નમાવી તમારૂં દાસત્વ સ્વીકારીશ, અને હું પણ ઘેર જઇશ નહિ ! હું પણ તમારી પેઠે ઇશ્વર–ઉપાસનામાં નિમગ્ન થઇશ, નહિ તો મહારાજ ! હું તમને કોઇ પણ પ્રકારે ઇશ્વર–પૂજા નિમિત્તે આ પ્રમાણે વખતનો દુરૂપયોગ કરવા દઇશ નહિ. જે વસ્તુનું

નામ નિશાન કે અસ્તિત્વજ નથી, જે વસ્તુને જોઈ શકાતી નથી, તે કલ્પિત વસ્તુને માટે આટલી બધી વ્યગ્રતા કેમ ? આટલું બધું દુઃખ સહન કરવાની શી અગત્ય ?"

(૯)

સન્યાસી સાધુએ તેની બધી વાત સાંભળી લીધી. સાંભળી તે મનમાં હસ્યા. થોડી વાર મનમાં કોણ જાણે શા વિચારો કર્યા પછી પૃથ્વી ઉપરથી એક પત્થર ઉચક્યો અને હસતાં હસતાં નાસ્તિકના શરીર ઉપર જોરથી ફેંક્યો. તે તેને સખ્ત રીતે વાગ્યો, એટલે નાસ્તિક બૂમ પાડી ઉઠયો: "ઓ મા રે! ઓ બાપરે ! મરી ગયોરે !" સન્યાસી ત્યાંથી ચાલવા લાગ્યા.

નાસ્તિક સન્યાસીને બોલાવી વ્યાકુળ સ્વરે કહેવા લાગ્યો: "મહારાજ ! તમે આ શું કર્યું ? આપનો કેવો ન્યાય ? આપની કેવી ઈશ્વરપૂજા ? આવી ઇશ્વર ભક્તિ થતી હશે ? હું ઇશ્વર સંબંધી વાદવિવાદ કરવા આવ્યો ત્યારે આપે તો આવી નાલાયકી બતાવી ! આપનો વિનાકારણે સમય નષ્ટ થતો જોઇ, આપના જ કલ્યાણને માટે હું અહિં આવ્યો હતો. આપે આ પ્રમાણે મને કષ્ટ આપ્યુ તે શું ઉચિત છે ? ઓ–હોં ! બા–પ–રે ! બહુ દુઃખ થાય છે !"

નાસ્તિક વેદનાને લીધે પૃથ્વી પર તડફડવા લાગ્યો.

સન્યાસીએ મૃદુ હાસ્ય કરતાં કરતાં પૂછ્યું ! "કેમ ? કેમ ? શું થયુ ? વેદના કેવી ? વેદના ક્યાં થાય છે ? તમને થતી વેદના હું નજરે તો જોઇ શકતો નથી ? તમે નિરર્થક વેદના, વેદના, કહીને રડો છો ! તમને થતી વેદના તમે મ્હને એક વખત નજરે બતાવી શકશો ? નહિ તો તમે ઢોંગ કરો છો એમ જ હું માનીશ."

નાસ્તિક પ્રથમ કરતાં વિશેષ મૃદુ સ્વરે બોલ્યો: "મહારાજ ! આ શું મશ્કરી કરવાનો સમય છે ? વેદના તે શું નજરે જોઈ શકાતી હશે ? ઓ–બા–પ રે ! બહુ દુઃખ થાય છે ! એ દુઃખ હું તમને શી રીતે બતાવી શકું ?"

સન્યાસી: "શું કહો છો ? વેદના જોઈ શકાય નહિ ? વારૂં, ત્યારે તેનું અસ્તિત્વ શી રીતે થયું ? તમે જ કહ્યું છે કે: જે વસ્તુ નજરે જણાતી નથી તેનું અસ્તિત્વ હું માનતો નથી."

નાસ્તિક: "મહારાજ! એ શું કહો છો? જાતિ અનુભવ એજ વેદનાનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. જેને જે વસ્તુનો જાતિ અનુભવ; તેવી તે વસ્તુની અસ્તિત્વસિદ્ધિ માનવી જોઇએ."

સન્યાસી: "બહુ સારી વાત ભાઈ. ત્યારે અનુભવથી જ ઇશ્વિરનું અસ્તિત્વ પણ સ્વિકારતા કેમ નથી? વેદનાનું સામાન્ય અસ્તિત્વ જ્યારે અનુભવથી માની લેવામાં આવે છે ત્યારે એકવાર અનુભવ કરી જુવો કે: "આ રહ્યો ઇશ્વિર! આ રહ્યો પિતા! આ રહ્યો તે સૃષ્ટિ કર્ત્તા. આ રહ્યો તે અમારી દ્રષ્ટિ સમ્મુખ. આ રહ્યો તે સર્વ વસ્તુમાં વ્યાપક. પછી જુવો કે તમે તેને મેળવો છો કે નહિ? વિશ્વાસ રાખી શોધો તો તે ઇશ્વિર પ્રાપ્ત થયા વિના રહેશે નહિ. જુવો તો ખરા, કે પછી તમને કેવો આનન્દ મળે છે! જગતમાં એથી વિશેષ બીજો આનંદ જ નથી."

(૧૦)

તેજ સમયે–સન્યાસીના ઉપદેશથી નાસ્તિકના નેત્રમાંથી વેદનાનાં આંસુ લોપ થઇ ગયાં અને પ્રેમનાં આંસુ આવ્યાં. તેણે ગદગદ કણ્ઠે કહ્યું: "મહારાજ! આપ પવિત્ર છો. આપ પુણ્યશ્લોક છો. આપ ધન્ય છો! આટલા દિવસ પછી આજ તમે મ્હારાં જ્ઞાન–ચક્ષુ ઉઘાડયાં છે. ધન્ય છે આપને! ધન્ય છે ઇશ્વરની કૃપાને! તેજ ભગવાને આજે મ્હારા જેવાં પાખણ્ડીના ઉદ્ધારનો ઉપાય કર્યો છે."

નાસ્તિક ત્યાંથી ઘેર ગયો નહિ. તેજ સમથી ઇશ્વિર પ્રાપ્તિને માટે તેજ વનમાં ધ્યાન, ધારણા, ઉપાસના કરવા લાગ્યો.

પ્રકરણ ૨૧ મું.

સાચો ભક્ત.

ધર્મવ્રતે કહ્યું: "પ્રભો! ત્યારે શું સર્વ ધર્મનો સાર સન્યાસ–વ્રત ગ્રહણ કર્વું એજ છે?"

નારાયણદેવે અમૃતમય દ્રષ્ટિવડે જોઇ કહ્યું: "ભાઇ! ત્હારો પ્રશ્ન જરા

વિસ્તારથી કહી સંભળાવ. તેમ થવાથી સર્વ શ્રોતાજનો સમાનભાવે તેનો અર્થ જાણી શકે."

ધર્મવ્રત: "હું પૂછું છું કે, ત્યારે શું ગૃહસ્થાશ્રમી મનુષ્યોને મુક્તિ મળશે નહિ? સન્યસ્તાશ્રમ—સન્યસ્તવ્રત ગ્રહણ કરે તેને જ મુક્તિ મળે? મુક્તિને માટે માત્ર એક એજ માર્ગ છે?"

નારાયણદેવે કહ્યું: "ભાઇ! ત્હારો પ્રશ્ન હજી પણ વિસ્તારથી કહેવાયો નથી. હું ધારૂં છું કે તમારા પ્રશ્નનું તાત્પર્ય એ છે કે: "સન્યાસી થઇને જે મનુષ્યો નિત્ય જપ, તપ, પૂજામાં નિમગ્ન રહે છે તેમને જ મુક્તિ મળે છે અને ગૃહસ્થાશ્રમ ધર્મ પાળનાર મનુષ્યોને મુક્તિ મળતી નથી? કેમ વારૂ? તમારા પ્રશ્નથી એજ પૂછવા માંગો છો કે બીજું કાંઈ?"

ધર્મવ્રત: "જી, હા. નાસ્તિક જનોની ઇશ્વિર—આરાધનાની પ્રવૃત્તિ સંબંધી કહેવામાં આવે છે ત્યારે સાધારણ રીતે જ એ પ્રશ્ન મનમાં ઉદય પામે છે."

નારાયણદેવ: "આ સમયે બે વિષયનું સ્પષ્ટિકરણ થવાની આવશ્યકતા છે. પ્રથમ: સન્યાસ કોને કહે? બીજું: ગૃહસ્થાશ્રમનો ધર્મ શો? સાંભળો. એ બન્ને પ્રશ્નનો ઉત્તર સંક્ષેપમાં જ કહું છું. સન્યાસ નાના પ્રકારના હોય છે. કોઇ ગૃહસ્થાશ્રમી હોવા છતાં સન્યાસી હોય છે. કોઈ સન્યાસાશ્રમમાં રહેવા છતાં ઘોર સંસારી—ગૃહસ્થાશ્રમી છે. જુવો. આપણા આશ્રમમાં રહેવા છતાં સત્યવ્રત અને પ્રિયવ્રત નામના બે સન્યાસીઓ એક મરણતુલ્ય બ્રાહ્મણનું જીવન—સર્વસ્વ હરણ કરી લાવ્યા છે. એ સસાર—ક્ષેત્રના નરાધમ મનુષ્યનું કર્મ કહેવાય. હવે એક બીજા ગૃહસ્થ તરફ જુવો. આપણા આશ્રમમાં આવતા શ્રી હરિકાકા તરફ જુવો. તેઓ ઘોર ગૃહસ્થાશ્રમી—સંસાર આશ્રમી—હોવા છતાં પોતાની સર્વ ધન—સમ્પાત પર—સેવાને માટે દાન કરી દીધી છે. એ સન્યાસનું ખરૂં લક્ષણ છે. ખરૂં જોતાં સંસાર અને સન્યાસ, એ બન્ને દ્રવ્ય જુદાં જુદાં હોવા છતાં એ બન્નેમાં અવશ્ય પરસ્પરના ભાવ સમાયલા છે. એ હિસાબે જોઇએ તો કર્મ—સન્યાસ એજ ખરો સન્યાસ છે. ભગવાં વસ્ત્રો પહેરી સાધુઓના મઠમાં રહેવાથી જ કાંઈ સન્યાસી થઈ

શકાતું નથી. સાધુ જેવાં કર્મ કરવાં એજ ખરા સન્યાસીનું લક્ષણ છે. પછી સન્યાસી હો કે ગૃહસ્થાશ્રમી હો.”

ધર્મવ્રત: “એ સર્વ વાર્તા આપ સર્વદા સમજાવીને કહો છો. મ્હારો હમણાંનો પ્રશ્ન જો કે એ વાર્તામાં જ સમાઈ જાય છે પરંતુ મ્હારૂં પૂછવું અન્ય પ્રકારનું છે. ધારો કે: એક સન્યાસી નિત્ય ભગવાનની આરાધનામાં નિમગ્ન થઇ રહે છે, અને એક ગૃહસ્થાશ્રમી મનુષ્ય અંતઃકરણથી ભગવદ્-ભક્ત હોવા છતાં ગૃહકાર્યમાં ગુંથાઇ રહે છે. એ બન્નેમાંથી મુક્તિનો માર્ગ કોને માટે સરલ થઈ પડશે વારૂ ?”

શિષ્યોમાંથી એક જણે એકાએક કહ્યું: “એ પ્રશ્ન કરવાની અગત્ય જ નથી. જે મનુષ્ય સંસારના દ્રઢ બંધનમાં બંધાયલો છે તેને માટે મુક્તિ કેવી ? તેની મુક્તિનો ઉપાય હોય ખરો કે ?”

નારાયણદેવ: “સાધારણ રીતે જ આપણે એવું ધારી શકીએ ખરા. માત્ર તમારા કે મ્હારા મનમાં એવા વિચારો બંધાઇ ગયા છે એમ નથી. અનેક સમયે અનેક શ્રેષ્ઠ–સાધકો અને દેવચરિત મહાત્માઓ પણ એ તત્વ જાણી શકતા નથી. અદ્વિતીય હરિ પરાયણ ભક્ત શ્રેષ્ઠ નારદ એવા જ ભ્રમમાં પડી એક દિવસ વિસ્મય–મુગ્ધ ચિત્તે ભગવાનને પૂછવા લાગ્યા કે: “હે લીલામય ! તમારી લીલા હું અધમ શી રીતે સમજી શકું ?” ઘણી વખત બુદ્ધિમાન મનુષ્યો પણ એ તત્વ સમજી શકતાં નથી તો પછી મ્હારા–તમારા જેવા અલ્પજ્ઞ મનુષ્યો એમાં શું સમજીએ ?”

શિષ્યો: “મહર્ષિ નારદ કેવા ભ્રમમાં પડયા હતા પ્રભો ?” સર્વ તે વૃતાન્ત સાંભળવા આતુર થઈ ઉઠયા. તેમની આતુરતા શાંત કરવા માટે નારદજી સંબંધી વાર્તા કહેવા લાગ્યા.

(૧)

મહર્ષિ નારદ, એક દિવસ વૈકુણ્ઠ ધામમાં ગયા હતા. ત્યાં તેમણે ભગવાનના નિવાસ–મંદિરની પાસે એક અતિ સુન્દર મંદિર તૈયાર થયેલું જોયું. એકાએક એ નવીન મંદિરની આવશ્યકતા શી હશે ? એ જાણી નારદજીને અતિશય આશ્ચર્ય થયું.

નારદજીએ ભગવાનની પાસે જઈ પ્રણામ કરી પૂછ્યું: "પ્રભુ ! આ નવીન મંદિર જોવામાં આવે છે. શું આપ હવેથી તેમાં નિવાસ કરવાના છો ? એકાએક એવો ફેરફાર થવાનું કારણ શું છે મહારાજ ?"

નારાયણે સ્નેહ પૂર્વક કહ્યું: "વત્સ ! એ ત્હારે માટે નથી. એમાં નિવાસ કરવાને માટે મ્હેં એ મંદિર બંધાવ્યુ નથી. પરંતુ મર્ત્ય લોકમાં મ્હારો એક પરમ ભક્ત છે. મ્હેં નિશ્ચય કર્યો છે કે તેને મર્ત્ય લોકમાંથી આ મંદિરમાં લાવી રાખવો. નારદજી ! તેની અપૂર્વ ભક્તિ જોઇને, તેનો અપરિમેય પ્રેમ જોઇને, હું તેના પર બહુ પ્રસન્ન થયો છું. મેં ધાર્યું છે કે: "એ આનન્દપ્રદ મંદિરમાં તેને રાખી સુખ–શાંતિમાં દિવસો વ્યતીત કરે એવી વ્યવસ્થા કરીશ."

એ સાંભળી મહર્ષિ ચમકયા—આશ્ચર્ય પામ્યા કે ભગવાન આ શો પ્રપંચ રચે છે ? તેમનું કહેવું નારદજીના ધ્યાનમાં ઉતર્યું નહિ. ! તેમણે વિચાર્યું કે: મર્ત્ય લોકમાં એવો તે કોણ ભક્ત છે કે જે ભગવાનના મંદિરમાં જ સ્થાન મેળવવા લાયક છે? મહર્ષિ મનમાં અનેક વિચારો કરવા લાગ્યા. "હું સર્વ ત્યાગી છું, સદા હરિ નામ જપવામાં નિમગ્ન છું. તેમ છતાં ભગવાને મ્હને તો એકે દિવસ કહ્યું નહિ કે: "નારદ ! ત્હારે માટે આ કાર્ય કરૂં છું !" ગમે તેમ હો, એ ભક્ત મ્હારે એક વખત નજરે જોવો પડશે. તેની ભક્તિ એક વખત જોવી પડશે. જોઉં તો ખરો કે મ્હારા કરતાં તેની ભક્તિ કેટલી વિશેષ છે ?"

મનમા ને મનમાં એવા વિચારો કર્યા પછી મહર્ષિએ પુનઃ એક વખત શ્રી ભગવાનને પૂછ્યુ: "દયામય, આપે કહ્યું તે સમજ્યો. બહુ સારી વાત છે, પરંતુ આપનો તે ભક્ત કયાં રહે છે ? તેની ઓળખ આપવા કૃપા કરશો?"

ભગવાન મનમાં ને મનમાં જ જરા હસ્યા. તેમણે એક વખત જરા વાંકી દ્રષ્ટિએ જોયું. અંતે તેમણે મહર્ષિને એક નિરક્ષર ખેડુતની ઓળખ આપી અને કહ્યું: "એજ મ્હારો ભક્ત છે." તે ભક્ત કયા ગામમાં અને કયા સ્થાનમાં રહે છે તે સર્વ મહર્ષિએ બરાબર પૂછી લીધું. ત્યાર પછી થોડી વારે ભગવાનને પુનઃ પ્રણામ કરી મહર્ષિ વૈકુણ્ઠમાંથી ચાલ્યા ગયા.

(૨)

પૂર્વ દિશામાં પ્રકાશ જણાવા લાગ્યો. સૂર્યનાં કિરણોનો પ્રકાશ ધીમે ધીમે વૃક્ષનાં પત્રો અને શાખાઓ ઉપર રમતો, કુદતો, હિંચકા ખાતો, શહેર ગામ તરફ પ્રયાણ કરતો હતો. પ્રાતઃસમયનાં પક્ષીઓ, એ શોભા જોઇ મોહ પામી, પોતપોતાનાં પ્રેમીઓને, તે આનંદનો ઉપભોગ કરવા મધુર શબ્દરવથી બોલાવી રહ્યાં છે. જોવામાં, સાંભળવામાં, એવું નયન તૃપ્તિકર, હૃદય આનંદકર દ્રષ્ય બીજું ભાગ્યે જ હશે! સંસારરૂપી નાટયશાળાનું એ મધુર દ્રષ્ય કેવું ચમત્કારિક ! કેવું આશ્ચર્યકારક !

મહર્ષિ નારદ એ મધુર પ્રાતઃસમયે, પોતાના આશ્રમમાંથી બહાર નીકળ્યા. પ્રાતઃકાળમાં શય્યા ત્યાગ કરી ત્યારથી તે રાત્રિએ પુનઃ શય્યામાં શયન કરતાં સુધી તેમણે એકાન્તમાં રહીને ભગવદ ભક્ત ખેડુતનાં સર્વ કર્મોનું અવલોકન કર્યું. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ, એમ જોતાં જોતાં અઠવાડિયું વીતી ગયું. તે ખેડુત ભગવદ ભક્ત હતો તેનું મહર્ષિ નારદને બિંદુ માત્ર પણ પ્રમાણ મળ્યું નહિ. સમસ્ત દિવસમાં એક પણ વખત તેમણે તેને ભગવાનની ભક્તિ કરતાં દીઠો નહિ ! તેમણે તેને ભૂલેચૂકે પણ હરિનામ જપતો દીઠો નહિ ! ન દીઠી તેના હાથમાં માળા કે ન દીઠું તેના કપાળમાં તિલક ! તેમણે તો જોયું કે ખેડુત ખરેખરો ગૃહસ્થાશ્રમી—સંસારી છે. તે નિરક્ષર ખેડુત છે. તે પ્રાતઃસમયે ઉઠે છે ત્યારથી પોતાના નોકરોને લઇ ખેતરમાં હળ ખેડવા જાય છે. ખેતરમાં જ સ્નાન, આહાર કરે છે. ત્રીજે પહોરે ખેતરમાંથી ઘેર આવી ઘર સામગ્રી ખરીદવા સાંજે બજારમાં જાય છે. બજારમાંથી આવી નોકરચાકરોનો તેમ જ લેણદેણનો હિસાબ કરવાના કામમાં ગુંથાઈ જાય છે. મહર્ષિ નારદજીએ એક ક્ષણને માટે પણ તેને હરિનામ જપતો દીઠો નહિ. તેને ઘર—સંસારના કામમાં ગુંથાયલો દીઠો. " એવા સંસારી ગામડીઆ ખેડુતને ભગવાને શા કારણથી પોતાનો ભક્ત બનાવ્યો હશે વારૂ ? " નારદજીના મનમાં એજ પ્રશ્ન ગુંચવાવા લાગ્યો.

આ પ્રમાણે અઠવાડીયું વીતી ગયું. મહર્ષિના મનમાં અનેક વિચારોની ભાંજગડ ચાલી. તેમના મનનો સંદેહ વિશેષ દ્રઢ થતો ગયો. તેમણે

ધાર્યું કેઃ " નક્કી, ભગવાન મ્હને છેતરે છે. જે મનુષ્ય રાત્રે પણ એક વખત ભગવાનનું નામ દેતો નથી તે શું કદી પણ ભગવદ ભક્ત થઈ શકે ?" મહર્ષિ આકુળ વ્યાકુળ થઈ ઉઠ્યા. " ગમે તેમ પણ હજી બે દિવસ ખેડુતની તપાસ કરવી. હજી એક વખત રાતદિવસના ચોવીસે કલાક તેની પરીક્ષા કરવી. જોઉં વારૂં, ખેડુત એક વખત પણ ભગવાનનું નામ દે છે ખરો !" પરંતુ કેવી આશ્ચર્યની વાત ! ખેડુતના આચારવિચારમાં જરા પણ ફેર પડતો નથી. તે પ્રથમની પેઠે જ ગૃહસ્થાશ્રમમાં ગુંથાઇ રહે છે. તેમ છતાં વધારામાં તેમણે એટલું જોયું કેઃ મધ્ય રાત્રિએ, શયન સમયે માત્ર તે એક વખત કહેતો કેઃ "હે ભગવાન ! ભવ પાર ઉતારજે." એ શિવાય બીજી કોઈ પણ વખતે, કોઇ પણ વાક્ય બોલતાં મહર્ષિએ સાંભળ્યું નહિ. મહર્ષિનો સંદેહ સત્ય થયો. મહર્ષિએ ભગવાનની ભૂલ બતાવી આપવાનો સંકલ્પ કર્યો !

(૩)

બીજે દિવસે મધ્યાહ્નનો સમય છે. મધુર સૂર્યનારાયણ અત્યારે પ્રબળ કિરણો વર્ષાવી રહ્યા છે. ચારે દિશા તાપથી દગ્ધ થઇ રહી છે. જે પક્ષીઓ, પ્રાતઃસમયે બાળ સૂર્યનાં દર્શનથી આનંદ કલ્લોલ કરતાં હતાં તે હમણાં "ન્હાસો, ન્હાસો," કહેતાં હતાં, અને પોતાના આત્મીયસ્વજનને વેગળે ન્હાસી સંતાઇ જવાની ભલામણ કહેતાં હતાં.

સ્નાન આહ્નિક કર્યા પછી, સૂર્યના પ્રચણ્ડ તાપને નહિ ગણકારતાં, ભક્તરાજ નારદજી વીણા વગાડતા વગાડતા ભગવાન સમીપ જઇ પહોંચ્યા, અને ભક્તિ-ગદગદ કણ્ઠે પ્રાર્થના કરીને કહ્યુંઃ "દેવાધિદેવ ! આપે શું મ્હને છેતરવાની ધારણા રાખી છે ? આપ જેને પરમ ભક્ત તરીકે ઓળખાવો છો તેની મ્હેં બરાબર તપાસ કરી છે. મહારાજ ! તે તો પરમ અધર્મી છે. તે ભૂલેચૂકે પણ ભગવાનનું નામ દેતો નથી. તે સમસ્ત દિવસ, નોકર, ચાકર, ખેતર, બચ્ચાં, છોકરાં અને ઘર સંસારનાં કામોમાં ગુંથાઇ રહે છે ! એ આપની કેવી લીલા ! આપ તો કહો છો કે તે એક અદ્વિતીય ભક્ત છે ! પરંતુ મ્હેં તો તેની ભક્તિમાંનું કશુંએ દીઠું નહિ ! ભગવાન ! શું મ્હને પણ આપ છેતરવા માગો છો ? મ્હારી ભક્તિમાં શું કંઇ ખામી પડી છે મહારાજ?"

ભગવાને સ્નેહમય શબ્દોમાં કહ્યું: "વત્સ ! હું તને છેતરતો નથી. હું તને હમણાં જ બતાવી આપીશ કે તે મ્હારો કેવો ભક્ત છે?" એટલું કહેતાં કહેતાં એકાએક તેમને જાણે કંઇ સ્મરણ થયું હોય તેવી મુખમુદ્રા કરી ભગવાને કહ્યું: "વત્સ! ત્હારી સાથે વાત કરવામાં હું એક ખરૂં કામ ભૂલી ગયો છું. મ્હારો એક પરમ ભક્ત, એ નવીન મંદિરમાં, મ્હારે માટે થોડું દુધ મુકી ગયો છે. તે દુધ-પાત્ર તું જો મ્હને હમણાં લાવી આપે તો ઘણો ઉપકાર થાય. નારદ ! મ્હને ઘણી ક્ષુધા લાગી છે."

ભગવદ્-પ્રાણ મહર્ષિ નારદ, ભગવાનની ઇચ્છા જાણતાં જ તુરત ત્યાંથી ઉઠયા. ભગવાનના કાર્ય માટે વિલમ્બ કરી શકયા નહિ. તેઓ તુરત જ નવીન મંદિરમાં ગયા અને ત્યાંથી દુધનું પાત્ર સત્વર લાવવા તત્પર થયા.

પરંતુ ત્યાં ગયા પછી મ્હોટી અડચણ આવી પડી. દુધનું પાત્ર છેક છલ્લોછલ્લ ભરેલું હતું. વાસણનું મુખ પહોળું હતું. તેથી પાત્ર ઉંચકતાં જ તે છલકાવા માંડયું, કિંતુ ઉપાય નહતો. ગમે તે યત્ને લઇ જવું જ જોઇએ. નહિ લઈ જવાથી ચાલે તેમ નહતું. ભગવાનને ઘણી ક્ષુધા લાગી છે. તેમણે વ્યાકુલ ચિત્તે દુધની ઇચ્છા દર્શાવી છે. મહર્ષિએ અતિશય સાવચેતી રાખી દુધનું પાત્ર હાથમાં લીધું અને અતિશય સાવચેતીથી બે હાથે પકડી ધીમે ધીમે ભગવાનની પાસે લઇ જવા લાગ્યા. તેમનું ચિત્ત દુધ ઢોળાય નહિ તેમાં જ ચોંટયું હતું. તેઓ અતિ યત્નપૂર્વક, ક્ષણને બદલે એક ઘડી વ્યતીત કરી, ધીમે-અતિ ધીમે પગલે નારાયણની પાસે જઇ પહોંચ્યા. મહારાજે વિલંબ થવાનું કારણ પૂછ્યું ત્યારે નારદજીએ કહ્યું: "મહારાજ ! બહુ અઘરૂં કામ, એક તો વાસણનું મ્હોં પહોળું. બીજું દુધ છલ્લોછલ ભરેલુ. જો અતિશય સાવચેતી રાખવામાં ન આવે તો દુધ છલકાઇ ઢોળાઇ જાય, તેથી જ વિલમ્બ થયો છે. ત્યાંથી અહિં સુધી આવતાં બહુ કષ્ટ પડયું છે. શું કરૂં ? ક્ષમા કરજો મહારાજ."

(૪)

નારદજીની એ પ્રાર્થના સાંભળી, ભગવાને જરા પણ સહાનુભૂતિ પ્રકટ કરી નહિ. તે તો ઉલટા હસવા લાગ્યા. તેમણે કહ્યું: "વત્સ નારદ ! વારૂં,

કહે જોઇએ, દુધ લાવવામાં તેં જેટલો સમય વ્યતીત કર્યો, તેટલા સમયમાં ત્હેં ભૂલેચૂકે એક પણ વખત હરિનામનો જપ કર્યો છે ખરો ?"

નારદજીએ વિસ્મય પામી ઉત્તર દીધોઃ " મહારાજ ! એ શું કહો છો ? દુધનું પાત્ર લઇ આવતી વખત જો મ્હેં હરિ નામમાં ચિત્ત પરોવ્યું હોત તો શું હું એ દુધનું પાત્ર સહીસલામત અહિં લાવી શકત ખરો ? જો તેમ કર્યું હોત તો નક્કી છલકાઇ ઢોળાઇ જાત. એક બિન્દુ દુધ લાવી શકાત નહિ, અને આપનો સખ્ત ઠપકો મળત તે જુદું ? "

ભગવાને હવે પ્રપંચનો ત્યાગ કર્યો. હવે તેમણે પોતાની દિવ્યમૂર્તિ બતાવી મહર્ષિનો મોહ–અંધકાર દૂર કર્યો. તે સમયે મહર્ષિને દિવ્ય–જ્ઞાન આપી ભગવાને સમજાવ્યું કેઃ "વત્સ ! હવે તું સમજ્યો ? હવે એક વખત વિચાર કરી જો કે ભક્તની પૂજા પદ્ધતિ કેવી હોવી જોઇએ ! એક સાધારણ દુધના વાસણનો ભાર ઉંચકી લાવતાં તું અસ્થિર થઈ ગયો અને ત્હારા જેવો ભગવદ ભક્ત અત્યાર સુધીમાં એક પણ વખત ભગવાનનું નામ સ્મરણ કરવાનો સમય મેળવી શક્યો નહિ ત્યારે વિચારી જો કે કઠોર સંસારના ભારથી પીડાયલો, બાળ બચ્ચાંથી ભરેલા કુટુંબ પરિવારનું પોષણ કરવાની ચિંતાથી હાડકાં ચામડાં જણાતાં હોય એવો, અન્નવસ્ત્રને માટે ભિખારી જેવો બનેલો પેલો ખેડુત શી રીતે નિત્ય–વારંવાર ભગવાનનું સ્મરણ કરે ! બિન્દુ જેટલા દુધનો ભાર તને સોંપવાથી ત્હારા જેવો મ્હારો પરમ ભક્ત, જ્યારે મ્હને ભૂલી ગયો ત્યારે કહે જોઉ ? આટલો બધો ગૃહસ્થાશ્રમનો ભાર મસ્તકે ઉપાડવા છતાં પણ તે ખેડુત મ્હને ભૂલતો નથી એ કેવું આશ્ચર્ય ? નારદ ! તું આટલો બધો જ્ઞાની અને આટલો બધો ભક્ત છે છતાં તું તે મ્હારા ભક્તને ઓળખી શક્યો નહિ ? સમસ્ત દિવસ ગૃહસ્થાશ્રમ ચલાવ્યા પછી રાત્રે તે મ્હને એક વખત પ્રાર્થના કરી કહે છે કેઃ " હે ભગવાન ! તમે મ્હને ભવ પાર ઉતારજો. " એ શું એના જેવા અતિશય ભાર વહન કરનાર જીવ માટે પુરતું નથી ? તેના અંતઃકરણની પ્રાર્થના સાંભળીને અને તેના ભક્તિ ગદગદ રૂદનથી મ્હારૂં મન કેમ પિગળી જાય નહિ ? તમને સમય મળે છે, તમારામાં શક્તિ છે, ભક્તિ કરવાનો માર્ગ જાણો છો તેમ

છતાં પ્રસંગોપાત તમે મ્હને ભૂલી જાઓ છો પરંતુ તે—અહા ! તે બિચારો ખેડુત, નિષ્કપટી—ભલો—સરલ સંસારનું આટલું બધું કષ્ટ વેઠવા છતાં પણ મ્હને ભૂલી શકતો નથી ! વત્સ ! શું તું જાણતો નથી કે આ લોભથી ભરેલા સંસારમાં રહેવા છતાં લોભમાં નહિ લપટાતાં, અચંચલ—સ્થિર ચિત્તે એક વખત પણ જે મ્હારૂં સ્મરણ કરવાનો વખત મેળવે છે તેને ધન્યવાદ આપવો ઘટતો નથી ? વત્સ ! શું તું જાણતો નથી કે સંસારના અનેક લોભ—સ્વાર્થની વચ્ચે રહેવા છતાં અને સંસારનો કષ્ટ—ક્લેશદાયક ભાર વહન કરવા છતાં જે મનુષ્ય અચંચળ—સ્થિર ચિત્ત—ઉદ્વેગ શૂન્ય રહે છે તેને જ મ્હારો સાચો ભક્ત જાણું છું. લાલચ, લોભ, અને સ્વાર્થમાં લપટાય નહિ અને પવિત્ર અંતઃકરણે જે મ્હારૂં સ્મરણ કરે છે તેજ મ્હારો સાચો ભક્ત છે. જે માત્ર જગતને બતાવવા મ્હોટાં ટીલાં ટપકાં કરી પવિત્રતા ધારણ કરે છે કિંવા માત્ર પોતાના કલ્યાણને માટે જ હાથમાં માળા લઇ મ્હને ક્ષણે ક્ષણે ભજે છે તે મ્હારો ભક્ત નથી. મ્હારા ભક્તો તો ખેડુતના જેવા હોય છે ! હું તેના ઉપર જ કૃપા કરૂં છું "ભક્તની પૂજા પદ્ધતિ" એવી જ હોય છે. માત્ર બહારના આડંબરથી કોઇ ભક્ત થઇ શકતો નથી. અંતઃકરણમાં મ્હારૂં સ્મરણ જાગ્રત રાખી જે મનુષ્ય સત્ કર્તવ્યપાલન કરે છે તેજ મ્હારો સાચો ભક્ત છે."

ભગવાનનો એ ઉપદેશ સાંભળી મહર્ષિની ચમક ભાંગી ગઇ. તેમણે પશ્ચાતાપ ભરેલે અંતઃકરણે શ્રીહરિનાં ચરણમાં લાંબા થઇ પ્રણામ કર્યાં અને અશ્રુમય નેત્રે, ગદગદ કણ્ઠે કહ્યું: "લીલામય ભગવાન ! આપનો મહિમા, આપની લીલા, હું અધમ શું જાણું ?"

(૫)

ભક્તની પૂજા પદ્ધતિ સંબંધીની વાર્તા પૂરી કર્યા પછી નારાયણદેવે કહ્યું: "હું ધારૂં છું કે હવે તમે સન્યાસ અને સંસારનું સૂક્ષ્મતત્વ કંઇક સમજી શક્યા હશો. કર્તવ્યાનુષ્ઠાનને ધર્મમાં ગણવામાં આવે છે. કર્મમાં જ ધર્મ સમાયલો છે. કર્મ અને ધર્મ કંઈ જૂદા નથી. કર્મ એવું કરવું જોઇએ કે જેથી ધર્મ કરેલો કહેવાય. ભગવાને જ્યારે આપણને આ કર્મમય સંસા-

રમાં મોકલ્યા તે વખતે જ તેમણે આપણને કેટલાંક કર્તવ્યો નક્કી કરી આપ્યાં છે. તે કર્તવ્યનું પાલન કરતાં કરતાં જ આપણે તે ભગવાનના જ્યોતિ સ્વરૂપમાં લીન થઈ જવું જોઇએ. જ્યાં સુધી બુદ્ધિ શક્તિ પહોંચે છે ત્યાં સુધી સમજી શકાય છે કે મનુષ્યના કર્મમાં થઇને જ સુખ–દુઃખનો પ્રવાહ વહે છે. સત્કર્મ કરવાથી જ સુખ પ્રાપ્ત થાય છે. સુખને માટે સત્કર્મ કરવાં જોઇએ એ જ નિશ્ચય. મનુષ્ય માત્રે સત્કર્મ કરવું એ જ તેનું કર્તવ્ય કર્મ છે. એ જ તેના જીવનને સુખી બનાવનાર અને અંતે જીવન મરણના દુઃખથી મુક્તિ કરાવનાર છે. ”

ધર્મવ્રત: “ જો કોઈ કર્મમાં વિરત રહીને કેવળ માત્ર ભગવદ આરાધનામાં પ્રવૃત્ત થાય તો ? ”

નારાયણદેવ: “ નારદ અને ભગવાનનો જે સંવાદ હમણાં જ મ્હેં કહ્યો તેમાં એ જ તત્ત્વનું વિવેચન કરવામાં આવ્યું છે. તેમ છતાં તે વાર્તાનું રહસ્ય તમને જરા વિસ્તારથી સમજાવું છું. ધારો કે: એક ગૃહસ્થને બે પ્રભુ પરાયણ સેવકો છે. ગૃહસ્થે બન્નેને પોતાના બગિચાનું સંરક્ષણ કાર્ય સોંપ્યું છે. એક સેવક બગિચો સ્વચ્છ રાખવા જીવતોડ પરિશ્રમ કરે છે અને અન્ય એક સેવક માત્ર પોતાના માલિકના ગુણનું કિર્તન કરતો ફર્યા કરે છે. એ સ્થિતિમાં, ગૃહસ્થ કયા–સેવક ઉપર વિશેષ પ્રસન્ન થશે વારૂ ? કોના કૃત્યથી ગૃહસ્થ વિશેષ સંતુષ્ટ થશે વારૂ ? જે સેવક બગિચાનું સંરક્ષણ કરવા પ્રાણ પાથરી રહ્યો છે અર્થાત્ પોતાના શેઠ પ્રત્યે મનમાં ને મનમાં ભક્તિપરાયણ થઈ રહ્યો છે તે સેવક ઉપર શેઠ સંતોષ પામશે કે જે ભક્ત સોંપેલા કાર્ય પ્રત્યે દુર્લક્ષ્ય કરીને–બે દરકાર રહીને–માત્ર “ મ્હારા શેઠ, મ્હારા શેઠ ” કહીને ફરતો ફરે તેના ઉપર ? કહો જોઇએ કે કયા સેવક ઉપર તેના શેઠની વિશેષ કૃપા થશે ? એ પ્રશ્નનો ઉત્તર ઘણો સહેલાઇથી આપી શકાશે નહિ કે ? ભાઈ ! સંસારી–ગૃહસ્થાશ્રમી–અને સન્યાસીનાં કર્મ સંબંધી પણ એ પ્રમાણે જ સમજી લેવું ? સંસારી જનો સંસારમાં રહીને પોતાનું કર્તવ્ય પાલન દ્વારા જે ગતિ પ્રાપ્ત થાય છે તે જ પ્રમાણે સન્યાસીની પણ તેમના કર્તવ્ય–સાધન પ્રમાણે જ ગતિ થાય છે. પરંતુ જરા ઉંડો વિચાર કરી જોતાં

જણાશે કે સંસારી જનો કરતાં સન્યાસીનાં કર્તવ્ય ઘણાં જ કઠિન છે. સંસારી જનો સંસાર બંધનની હદમાં છે તેથી તેમના કર્મક્ષેત્રની હદ છે. પરંતુ સન્યાસી જનો તો તે બંધન છિન્ન કરી વિશાળ કર્મક્ષેત્રમાં આવી ઉભા છે, તેથી તેમના કર્તવ્ય–કર્મની હદ જ નથી.” સંસારનો ત્યાગ કરી સન્યસ્ત ગ્રહણ કર્યું, તેથી હવે સંસારની જોખમદારી કાપી નાંખી, એવું મનમાં ધારવું, એ કદી પણ સન્યાસીઓનું કર્તવ્ય કહેવાશે નહિ. સન્યસ્ત ગ્રહણ કરવાથી તો ઉલટું તે જોખમદારીમાં વૃદ્ધિ થાય છે એવું તેમણે ધારવું જોઇએ. સંસારમાં રહેનાર મનુષ્યોને માથે એક કુટુંબની સેવાનો કિંવા એક ગામડાની કે એક શહેરની સેવાનો ભાર હોય છે પરંતુ સન્યસ્ત ગ્રહણ કર્યા પછી તેમની તે જોખમદારીમાં અનેક ગણો વધારો થાય છે. સન્યસ્ત લીધા પછી તેણે દેશ તરફ જોવું પડશે, સમાજ તરફ જોવું પડશે, ધર્મ તરફ જોવું પડશે અને સમસ્ત વિશ્વ બ્રહ્માણ્ડને પોતાનું જાણી તે પ્રમાણે વર્તવું પડશે. સંસારી જનને માથે તેના એક બે પુત્ર પરિવારની સંભાળ લેવાની જોખમદારી હોય છે પણ સન્યાસીને તો સમસ્ત વિશ્વને પોતાના સન્તાન સમજી તેની સેવા–તેનું કલ્યાણ કરવાનો યત્ન કરવો પડે છે. ત્યારે જ તે ખરો સન્યાસ કહેવાય–ત્યારે જ સન્યસ્ત ધર્મનું સાર્થક્ય કહેવાય. ત્યારે જ મોક્ષને માર્ગે–ઇશ્વરના ધામપ્રતિ–જવાની તૈયારી કરેલી કહેવાશે. માત્ર મિષ્ટાન્નો ઉડાવી, કિંવા અનેક પ્રકારના ભોગવિલાસ ભોગવી, શરીર વધારી આળસુ બની પડી રહેવાથી સન્યાસ ધર્મનું પાલન કરેલું કહેવાશે નહિ ! ખરા સન્યાસીને તો જગતનાં પ્રાણી માત્રની ચિન્તા હોવી જોઇએ.”

પ્રકરણ ૨૨ મું.

ભેદ–અભેદ.

ત્રણ દિવસ ઉપરાઉપરી બેઠક થઈ તેમાં એક જ પ્રકારના વિષયની ચર્ચા થઇ–એક જ પ્રકારના વિષયનું સ્પષ્ટિકરણ થયું. આસ્તિક, નાસ્તિક, દ્વૈતવાદ, અદ્વૈતવાદ વગેરે પ્રત્યેક વિષયમાં

શાસ્ત્રીય પદ્ધતિએ ચર્ચા ચાલી. તેમ થતાં થતાં અંતે ભેદ—જ્ઞાનનો વિષય ઉપસ્થિત થયો.

ધર્મવ્રતે પૂછ્યું: " પ્રભુ ! ત્યારે ભેદવાદીને નાસ્તિક કહેવા જોઇએ કે ? "

નારાયણદેવ: " ભાઇ ! ત્હારો પ્રશ્ન બહુ કલ્યાણકારી છે. એ પ્રશ્નનો ઉત્તર તમે સર્વે લક્ષ્યપૂર્વક ધ્યાનમાં લેજો. પરંતુ ભેદવાદી શબ્દનો અર્થ તું કેવો કરે છે તે જરા વિસ્તારથી કહે તો ઘણું સારૂં. "

ધર્મવ્રતે કહ્યું: " મહારાજ ! કોઇ મૂર્તિની પૂજા કરે છે. કોઈ મૂર્તિ પૂજાના વિરોધી જણાય છે. કોઈ મૂર્તિમાં ભગવાનને જૂવે છે. કોઈ તેનાથી વિપરીત વિચાર કરે છે, એટલું જ નહિ પણ મૂર્તિ પૂજા કરનારા મનુષ્યોમાં પણ જૂદાં જૂદાં મનુષ્યો જૂદી જૂદી મૂર્તિઓમાં જૂદા જૂદા ભગવાનનાં દર્શન કરે છે. એવા ભેદભાવનું કારણ શું ? જે મનુષ્યની એવી ભેદબુદ્ધિ છે તેઓ નાસ્તિક કહેવાય કે નહિ ? "

નારાયણદેવ: " હજી પણ ત્હારા બોલવામાં બે પ્રશ્ન જણાય છે. પ્રથમ પ્રશ્ન એ છે કે: " ભેદભાવનું કારણ શું ? " પરંતુ ભાઇ ! એનો ઉત્તર શાસ્ત્રમા આપવામાં આવ્યો છે. જે મનુષ્યનાં જેવાં કર્મ હોય છે અને જે મનુષ્ય જેટલી દ્રષ્ટિ—શક્તિ પ્રાપ્ત કરી જેટલો અધિકારી થયો છે તે મનુષ્ય તેવું જ જોઈ શકશે. એટલા માટે તો શાસ્ત્રમાં અધિકાર ભેદ કહેવામાં આવે છે. દ્રષ્ટિ શક્તિની તીવ્રતાને લીધે કોઈ મનુષ્ય પરમાત્માને બ્રહ્માણ્ડમાં સર્વત્ર વ્યાપ્ત થયેલો જુવે છે. કોઇ મનુષ્ય કોઇ અમુક વસ્તુઓમાં જ પરમાત્માનું અસ્તિત્વ માને છે. એનું જ નામ અદ્રષ્ટ અથવા કર્મ ફળ. તેં જે બીજો પ્રશ્ન કર્યો છે અર્થાત્ તેઓ પણ નાસ્તિક ગણી શકાય કે નહિ ? એ જાણવાની ઇચ્છા રાખી છે તેનો ઉત્તર એ છે કે: " ના. " તેઓ પરમાત્માનું અસ્તિત્વ તદ્દન સ્વિકારતા નથી એમ તો છે જ નહિ ? એ પ્રમાણે ધારવાથી ભેદવાદીઓમાં સંપૂર્ણ જ્ઞાન જન્મ પામતું નથી એ ખરૂં પરંતુ તેઓને કદી પણ નાસ્તિક કહી શકાશે નહિ. એકમાં નહિ તો બીજામાં પણ તે ભગવાન છે. એટલું જ્ઞાન હોવાથી પણ તેઓ મુક્તિને માર્ગે આગળ વધી શકશે. એ સંબંધી એક સુંદર—બોધક—વાર્તા કહેવાની ઇચ્છા છે. "

સર્વ જનો બોલી ઉઠયાઃ “ કહો પ્રભુ ! અમને સાંભળવાની ઇચ્છા છે. તેમાંથી બોધ ગ્રહણ કરવાની ઇચ્છા છે.”

નારાયણદેવે એક ન્હાનકડા પુસ્તકમાંથી “ભક્તની પૂજા” એ મથાળા-વાળો એક નિબંધ કાઢી તેમણે ધર્મવ્રતને વાંચવાની આજ્ઞા કરી. એ નિબંધ “દેવીપૂજન”ને લગતો હતો. ધર્મવ્રત વાંચવા લાગ્યોઃ—

(૧)

એક ભિખારી પ્રાતઃ સમયે હાથમાં ખંજરી લઇને પ્રત્યેક ખડકી અને પોળોમાં ગાય છેઃ—

“ જૂવો જૂવો આ ગિરિરાણી, માતા નન્દિની તમ આવે છે,
દશ ભૂજા દશ હાથ વડે તે, જે માગો તે આપે છે.”

ભિખારી જેમ જેમ ગાવા લાગ્યો કેઃ “દશ ભૂજા દશ હાથ વડે તે-જે માંગો તે આપે છે.” તેમ તેમ બાળકૃષ્ણનું મન શંકાના હિંદોલામાં વધારે ને વધારે દોલાયમાન થતું ગયું. તે મનમાં ને મનમાં જ કહે છે કેઃ “ક્યાં છે ? માતા ક્યાં આવ્યાં છે ? જે જે માગે તેને તે આપે છે ક્યાં ?”

ભિખારી ગાવા લાગ્યોઃ—

“ સદા આનન્દમયી માત એ, તેથી દશ દિસ હસી રહી છે,
નિરાનન્દ ઘર જેનું ત્યાં પણ, હાસ્ય છટા વિકસી રહી છે.”

બાળકૃષ્ણ વિચાર કરી રહ્યો છેઃ “ ક્યાં છે આનંદ ? ક્યાં છે હાસ્ય ? આટલું બધું કરવા છતાં પણ હું મનવાંચ્છિત ફળ મેળવી શક્યો નથી ! ક્યાં છે આનંદ ? ક્યાં છે હાસ્ય ?”

(૨)

બાળકૃષ્ણ શર્મા દશ વર્ષ થયાં નવરાત્રિમાં દેવીની પૂજા કરે છે, પરંતુ પ્રત્યેક વર્ષે તેનો સંશય વૃદ્ધિ પામતો જાય છે.

તેનો સ્વર્ગીય પિતા દેવીની દશ ભૂજાવાળી મૂર્તિનું પૂજન કરતો હતો. ઘરના વિશાળ ચૉકમાં મંડપ બનાવી અનેક દિપકના ઉજ્વળ પ્રકાશમાં દેવી મૂર્તિ પધરાવતો, અને નવરાત્રિના દશ દિવસ પર્યંત માતાજીની ષોડશોપચાર પૂજા, નૈવેદ્ય, રંગરાગ, ગાનતાન કરવામાં આવતા. ત્યાર પછી કુટુંબી જનોની

સુંદરીઓ મધુર સ્વરે માતાના ગરબા ગાઇ દેવીને પ્રસન્ન કરવાનો યત્ન થતો. યોગ્ય પિતાનો યોગ્ય પુત્ર બાળકૃષ્ણ પણ પિતાની પેઠે જ નવરાત્રિમાં દેવીનું પૂજન અર્ચન, ભજન, કીર્તન કરતો અને ગરબા ગવડાવી આનંદ ઉત્સવ કરતો. તે પ્રતિવર્ષે દેવીના ચરણમાં ભક્તિપૂર્વક પુષ્પાંજલિ સમર્પણ કરતો, અને પ્રતિવર્ષે પ્રાર્થના કરતો કે: " હે આનન્દમયી મા ! હે જગતજનુની મહાદેવી ! મ્હને ધન આપો, માન આપો, પુત્ર આપો, ઐશ્વર્ય આપો, અને સર્વત્ર યશ આપો."

બાળકૃષ્ણ દશ વર્ષ થયાં એ પ્રમાણે પૂજા અને એ પ્રમાણે પ્રાર્થના કરે છે પરંતુ તેની સર્વ પ્રાર્થનાઓ અપૂર્ણ રહી ગઈ છે ! તેનો પિતા સદાનંદ શર્મા શાંતિ-સુખે સુખી હતો. તેણે પોતાનું જીવન આનન્દમાં વીતાડયું હતું. તેણે ધન, માન, પુત્ર, સુખ આદિ સર્વે મેળવી આનંદ કર્યો હતો પરંતુ બાળકૃષ્ણનું હૃદય નિત્ય અશાંતિમય ! નિત્ય શોક-ક્લેશ યુક્ત ! પિતાના સમયમાં ધનની જરા પણ તંગી ભોગવી નહોતી, પરંતુ બાળકૃષ્ણના ગૃહસ્થાશ્રમમાં નિત્ય ધનની તંગી ! નિત્ય ધનની મારા માર ! તેટલી જ આવક છે, તેટલો જ કુટુંબ પરિવાર છે, બધુ હેજ છે તેમ છતાં બાળકૃષ્ણનો પ્રાણ, હૃદયના ગુપ્ત અગ્નિમાં બળી ખાખ થાય છે ! હવે તેને દેવી પૂજા ઉપર સંશય કેમ ઉત્પન્ન થાય નહિ ?

તેના કુટુંબીજનો, તેના પાડોસીઓ કિંવા તેના મિત્રો ગમે તે ધારે પરંતુ તેણે નિશ્ચય કર્યો હતો કે: " મૂર્તિ પ્રાણહીન છે ! મૂર્તિ પ્રાણહીન ના હોય તો આટલી બધી પ્રાર્થના, આટલી બધી અંજલિ-દાન, અને આટલી બધી પૂજા કદી પણ નિષ્ફળ જાય કે ? "

બાળકૃષ્ણે તેના પિતાને મુખેથી સાંભળ્યું હતું કે: " જગજ્જનની, દશભૂજા દુર્ગામાતા કદી પણ ભક્તની મનોકામના અપૂર્ણ રાખતી નથી. તે ખરેખર ભક્ત માત્રની માતા જ છે. જેમ માતા સંતાનની મનોવાંચ્છના પરિપૂર્ણ કરે છે તેમ આનંદમયી મહાદેવી ભક્તોની ઇચ્છા પરિપૂર્ણ કરે છે જ." પિતાએ એમ પણ કહ્યું હતું કે: " પ્રથમ દ્રષ્ટિએ જડ જણાતી મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા થતાં જ તેમાં ચૈતન્ય આવે છે. તે વખતે તે સર્વે સાંભળે છે,

સર્વ જોઈ શકે છે, અને સર્વ કરી શકે છે." દશ વર્ષ થવા છતાં પણ માતાએ જ્યારે તેની પ્રાર્થના સાંભળી નહિ અને તેની મનોકામના પરિપૂર્ણ કરી નહિ ત્યારે તેને સંશય કેમ ના થાય? એક ઉપર એક વહેતા ચિન્તા પ્રવાહમાં બાળકૃષ્ણનું મન તરવા લાગ્યું. જેમ જેમ દિવસો વીતવા લાગ્યા તેમ તેમ તે વિચાર કરવા લાગ્યો કે: "ત્યારે હવે આ મૂર્તિમાં માતાજી મ્હને સાક્ષાત રૂપે દર્શન દેશે નહિ! મા દુર્ગા આ જુની મૂર્તિ પસંદ કરતાં નહિ હોય. વૃદ્ધ મનુષ્યો પોતાના જીર્ણ શરીરથી કંટાળે છે તેવી માતાજીની ઇચ્છા થઈ હશે!"

એ મૂર્તિ તેના પિતાએ પ્રતિષ્ઠિત કરી હતી. ઘણા દિવસની જીર્ણ હતી. બાળકૃષ્ણના મનમાં પુનઃ વિચાર આવ્યો કે: "ખરેખર! તેથી જ માતાજી આ જુનું ખોખું ત્યાગ કરી ચાલ્યાં ગયાં હશે!"

પિતાની મૂર્તિ ઉપર બાળકૃષ્ણને શ્રદ્ધા રહી નહિ. જુની મૂર્તિ ઉપર મૂર્ખ બાળકૃષ્ણને ઘણો ક્રોધ ચઢયો. તે અજ્ઞાને એક દિવસ ક્રોધમાં ને ક્રોધમાં જ દેવી-મૂર્તિને કહ્યું: "સારૂં થયું કે: હું આજે પણ સમજી શક્યો. દશ વર્ષ થયાં ત્હેં મ્હને ઠગીને પૂજાનો આનંદ ભોગવ્યા કર્યો? બસ, હવે ત્હારી પૂજા બંધ કરી નવી મૂર્તિ લાવી બેસાડીશ." તુરતજ બાળકૃષ્ણે એક ઉત્તમ કારીગરને બોલાવી કહ્યું: "આ મૂર્તિ પ્રાણ વગરની છે. તમે એક નવી સુંદર મૂર્તિ બનાવી આપો." નવી મૂર્તિ માટે બંદોબસ્ત થયો. જુની મૂર્તિને આસન પરથી વેગળી બેસાડવામાં આવી! તેનું કોઇ પૂજન અર્ચન કરતું નથી.

બાળકૃષ્ણ દેવીપુર ગામમાં રહેતો હતો. દેવીપુર એ પ્રસિદ્ધ ગામ-કસબો હતો. મહિ નદીને દક્ષિણ કિનારે દેવીપૂર આવ્યુ છે. એક સમયે દેવીપૂરની સમૃદ્ધિ માટે ગુજરાતમાં મ્હોટું માન હતું. ગામમાં પાંચસો બ્રાહ્મણનાં ઘર હતાં. એક હજાર પાટીદાર, અને તેટલી જ બીજી જ્ઞાતિઓનો નિવાસ હતો. પરંતુ "**તેહિનો દિવસા ગતાઃ**" હવે તે દિવસો નથી. હવે તો ગામના બ્રાહ્મણ, પાટીદારોએ કૃષીનો ઉત્તમ વ્યવસાય ત્યાગ કર્યો છે. તેમણે પોતાના કાર્યમાંથી ચિત્ત ખસેડયું છે. પિતા કૃષી કરે ત્યારે પુત્ર ગમે ત્યાં નોકરી કરતો જણાય છે! પિતાનો વ્યાપાર-વ્યવસાય પુત્ર કરતો

નહિ હોવાથી દિવસે દિવસે કૃષીનું કાર્ય નુકસાનકારક થતું જણાય છે. અંગ્રેજી—ગુજરાતી ભણ્યા પછી જુવાનીઆઓ વિદેશમાં નોકરી કરવા ચાલ્યા ગયા છે! બ્રાહ્મણ કરતાં પાટીદારો ઘણા ચાલ્યા ગયા છે! તેથી જ ખેતીમાં ઓછો કસ થઇ ગયો છે! તેથીજ ગામની સમૃદ્ધિ અને તેજ ઓછાં થઇ ગયાં છે! તેથી જ ગામમાં સત્વ જણાતું નથી. ગામમાં તાવ, કૉલેરા જેવા ઉપદ્રવો વર્ષોવર્ષ જણાય છે તેથી જાણે ગામ નિસ્તે જ ભયંકર જણાય છે! ગામમાં પ્રવેશ કરતાં બે દિશામાં જંગલ જણાય છે. અનેક ઉંચાં વૃક્ષો આકાશ પર્યંત મસ્તક ઉંચું કરી ઉભાં છે. માર્ગનાં અનેક મકાનોને વૃક્ષોએ ઘેરી લીધાં છે જેથી તેનાં દર્શન જ થતાં નથી! કેટલાંક—જુજ મકાનોનાં છાપરાં, વૃક્ષોમાં આકાશ તરફ ગયેલાં જણાય છે પરંતુ તે જોવામાં આવતાં વિશેષ કદરૂપાં જણાય છે. સ્થળે સ્થળેથી ઇંટ ચુનો ખરી પડયો છે, જુનાં ખખ જેવાં થઈ ગયાં છે, ભીંતો પર લીંબડા, પીપળાનાં મૂળ પ્રસરી ગયાં છે. તેથી તે મકાનોએ કંઈક વિચિત્ર ભયંકર આકાર ધારણ કર્યો છે. તેનું વર્ણન કરી શકાય એમ નથી. તેને જોતાં જ જાણે એક એક ભયંકર મૂર્તિ ધારણ કરેલા રાક્ષસો મ્હો પ્હોળું કરી, જીભ લબકાવી જોનારને ખાવા ધાતા હોય તેમ જણાય છે! પ્રથમ જ કહ્યું છે કે: 'ગામના સારા લોકો ખણુંખરૂ ઘેર રહેતા જ નથી. કોઈ ઘરમાં કવચિત કોઈની વિધવા પત્ની, વિધવા ભગિની અથવા વૃદ્ધ માતા, દેવને માથે ચઢી ઉતરેલાં નિર્માલ્ય પુષ્પવત્ ઘરમાં આગળા દઈને બેઠાં છે! ઘણાં ખરાં ઘરોને તાળાં દીધેલાં છે. બ્રાહ્મણ અને પાટીદારોનાં મકાનોની જ એવી દુર્દશા થઇ રહી છે. કારણ "નફ્ફટ નોકરી!" "શૉખિન નોકરી!" એમની તુલનામાં તો કણબી, ધારાળા, કોળી, ભરવાડ, મોચી, અને કુંભારનાં સાહસને ધન્યવાદ આપવો જોઇએ! બલિહારિ તેમના સ્વદેશ પ્રેમને! વારી જાઉ તેમની સ્વદેશ ભક્તિને! તેઓ ગમે તેટલા નિરક્ષર, મૂર્ખ હોવા છતાં, જીવન મરણ સાથે વિકટ સંગ્રામ કરીને, સ્વતંત્ર વ્યવસાય અવલંબન કરીને, આજે પણ તેમણે પોતાના પિતા પ્રપિતાનાં ઘર દ્વાર ઉઘાડાં રાખ્યાં છે! અને સુશિક્ષિત ગૃહસ્થ ગણાતા વિદ્વાનોએ સુખભોગની લાલસામાં ફસાઈ, માન, યશનો

જાળમાં લપટાઇ પારકાનું દાસત્વ સ્વિકારી, જનની જન્મભૂમિનો પરિત્યાગ કરી, પરદેશ નિવાસી બન્યા છે ! કદાચ કોઈ બી, એ. એલ. એલ. બી., કે ડૉક્ટર, બેરીસ્ટર, અને કંટ્રાક્ટર થયા હશે પરંતુ તેથી શું ? તેમાં સ્વદેશનું શું કલ્યાણ ? એમને ક્યા પ્રકારના સ્વદેશ ભક્ત, સ્વદેશ હિતૈષી કહેવા જોઇએ ? પોતાના ગામને નિસ્તેજ બનાવનાર, પોતાના પિતાના ઉત્તમ કૃષી–વ્યવસાયને રસાતળ પહોંચાડનાર, અને દેશની કૃષી–સમૃદ્ધિ પ્રત્યે નિષ્ઠુર વ્યવહાર ચલાવનાર મ્હોટા ગણાતા કલમ બહાદુરોને કેવા સ્વદેશપ્રેમી કહેવા જોઇએ વારૂ ? કેટલી શરમની વાત ! કેટલી દિલગીરીની વાત ! વાચક ! તમે કોઇ ઉત્તર આપી શકો એમ છો વારૂ ?

જવા દો એ વાત ! શું કહેવા જતાં શું કહેવાઈ ગયુ ! દેવીપુરની ભૂત–વર્તમાનની તુલના આટલેથી જ બંધ કરવી પડે છે. પુનઃ પૂજાની વાત કહેવાનો આરંભ કરીએ છીએ. દેવીપુરની એવી શોચનીય દશા છતાં બ્રાહ્મણ ફળીયામાં અને વૈશ્ય ખડકીમાં હજી પ્રતિ વર્ષે નવરાત્રિમાં પાંચ સાત ઘેર દેવીપૂજા થાય છે. જેઓ નોકરી માટે વિદેશ ફરતા ફરે છે, તેમાંના પણ કેટલાક નવરાત્રિને સમયે–દિવાળીનો ઉત્સવ કરવા–ઘેર આવી આનંદ મંગળ ઉડાવે છે. સમસ્ત વર્ષ નિસ્તેજ હોવા છતાં દિવાળી ઉપર દેવીપુરનું તેજ કંઇક પ્રકાશમાન થાય છે. ગામમાં કોઇકને ઘેર હારમોનિયમ તો કોઇને ઘેર ગ્રામોફોન તો કોઈને ઘેર તબલાં, ઢોલક ઠોકાતાં સંભળાય છે, અને વધારામાં સ્વદેશ નિવાસી, સ્વદેશ ભક્ત, દેવદેવીઓના મંદિરમાં ટકોરખાનાં સરણાઈના મધુર સ્વર સંભળાતા હોવાથી બે ઘડી આનંદ લાગે છે. આસો શુદ પડવા પહેલાંથી સ્ત્રીઓ નૂતન વસ્ત્રો ધારણ કરી ઘરમાં લીંપીઘુંપી સાફ સ્વચ્છ કરી રાખે છે, અને રાત્રે ગરબા ગાવાની શરૂવાત થાય છે. તેથી નવરાત્રિને પ્રથમ દિવસથી જ ગામમાં ચૈતન્ય આવેલું જણાય છે. બાળકોના મનમાં આનંદ સમાતો નથી. તે પણ નવાં વસ્ત્રો ધારણ કરી માતા પિતા સાથે દેવદેવીનાં દર્શને જતાં જોવામાં આવે છે. ગામમાં એક મારવાડી મિઠાઇવાળો ઘણા વર્ષથી નિવાસ કરી રહ્યો છે. તેની દુકાનમાં હમેશાં મિઠાઈ ઉપર ધૂળની રજકણો ચોંટતી પરંતુ હમણાં તેની ગમે તેવા ખોરા તેલની મિઠાઈ,

ચેવડા, ભજીયાંનું જરા ઠીક વેચાણ થાય છે! હાથ પગનાં ભાંગેલાં કહો કે મિષ્ટાન્ન બનાવતાં નહિ આવડતું હોવાથી કહો—ગમે તેમ પણ પટલાણી રાણીજી ઘરમાં બેઠાં બેઠાં જ મારવાડીને ત્યાં મિઠાઇ, ભજીયા, ચેવડાના ઑર્ડરો પર ઑર્ડરો છોડે છે ! નવરાત્રિ પછી દિવાળી આવવાની હોવાથી મારવાડીએ પણ દુકાનમાં જરા ચુનાના લપેડા કરી લાલ પીળા કાગળો ચ્હોંડી દુકાનને શણગારી છે ! નિત્યના કરતાં આજ તેનો વેચવાનો રૉફ પણ કંઈ ઓછો નથી! તે આજે જેની તેની સાથે જાણે મુંબઇનો કોઈ મ્હોટો જનરલ મર્ચંટ હોય તેમ મિજાજમાં જ વાત કરે છે ! ગામ નિવાસી જનો ચાર દહાડા કામ કાઢી લેવાના અભિપ્રાયથી તેના તેવા ચાર શબ્દો સહન કરી લે છે ! ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન ! ગમે તેમ છતાં તેના વડે ગામ ઉજળું છે, નહિ તો મિઠાઇની દુકાન વગર ગામ વાંઝીયું કહેવાત !

(૪)

નવરાત્રિના આનંદમય દિવસોને લીધે દેવીપુર ઘણે દિવસે આનંદમય જણાતું હતું. કોતરડામાં વ્હેતી કોઈ ન્હાનકડી નદી જાણે આજે જળથી ભરપૂર થઇ વહી રહી છે! જે જે ઘેર દેવીની પૂજા થાય છે ત્યાં રાત્રે ગરબા ગવાય છે. અનેક સ્ત્રી પુરૂષો એકત્ર થાય છે. લ્હાણીઓ લ્હવાય છે. તે ઘર આગળ શક્તિ અનુસાર શોભા થઈ રહી છે. કેટલાંક ઘરમાં દેવી પૂજા નહિ હોવા છતાં ઘર આગળનાં ઉંચાં વૃક્ષ કાપી ઘરની શોભામાં વૃદ્ધિ કરવામાં આવી છે. કેટલાંક ઘરની ભાંગેલી ભીંતો કાદવથી તૈયાર કરવામાં આવે છે. કેટલાંક ઘરને ચુનો ધોળવામાં આવે છે. અનેક ઘેર આખું વર્ષ તાળું દેવાતું ત્યાં હમણાં બારી બારણાં ઉઘાડી દીપકની જ્યોતિ જણાય છે! કેટલાંક ઘર આગળ ગરબા ગાવા માટે ચંદરવા બાંધવામાં આવ્યા છે, કેટલાંક ઘર આગળ મંડપો બંધાયા છે. કેટલેક સ્થળે તબલાં સારંગી સાથે ગરબા ગાવાની વ્યવસ્થા કરી છે ત્યારે કેટલાંક ઘરમાં બહારગામથી સુંદર કણ્ઠે કોઇ ગાનારીને બોલાવવાની ગોઠવણ થઈ રહી છે. આડોશપાડોશનાં બાળકો મંડપમાં ભરાઇ રમતો રમવા મંડી પડયાં છે. રાત પડતાં ગરબામાં આવી લ્હાણી લેવા હાથ લાંબો કરે છે !

બાળકૃષ્ણ શર્માના ઘરના ચૉકમાં સુંદર મંડપ બાંધવામાં આવ્યો છે. તેને ઘેર આ સમયે દર્શક જનોની હદ નથી ! એક તરફ ફોનોગ્રાફ તથા બીજી તરફ હારમોનિયમ વાગી રહ્યાં છે. પ્રસંગે એક બે સુંદર કણ્ઠના બાળકો ગાન ગાઈ રહ્યાં છે. જીર્ણ મૂર્તિને વેગળી મૂકી નવી સુંદર-તેજસ્વી મૂર્તિ લાવવામાં આવી છે. એ વાત જાણી અનેક મનુષ્યો-બાળકથી તે વૃદ્ધ પર્યંત સર્વે-તેને ઘેર આવી નૂતન દેવીનાં દર્શન કરે છે ! બાળકૃષ્ણ કેટલાંક મનુષ્યોને આડકતરી રીતે અને કેટલાકને સ્પષ્ટ રીતે કહે છે કે. " પિતાની પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિ પ્રાણહીન થઈ હતી તેથી જ આ નૂતન મૂર્તિ બેસાડી છે. અહા કેવી સુંદર ! કેવી મનોહર ! "

(૫)

કપિલા અને લલિતા, એ બન્ને બાળકૃષ્ણની ભગિનીઓ હતી. મ્હોટી બ્હેન કપિલા વિધવા હતી. લલિતા ન્હાની બ્હેન હતી, તેનાં ત્રણ વર્ષ થયાં લગ્ન થયાં છે. કપિલાને એક પુત્ર હતો. તેનું નામ ગોપાળ. લલિતાને હજી સંતાન થયું નહોતું. કપિલાને સાસરામાં પોતાનું કહેવા જેવું કોઈ નહતું. પરંતુ લલિતાને સાસરામાં સસરા, સાસુ વગેરે સર્વ હતાં. તેનો પતિ પ્રભાશંકર વકીલાતની પરીક્ષામાં પાસ થઈ એક વર્ષ થયુ, સુરતમાં મુન્સફ થયો હતો. તેથી તેનો સમય હમણાં ઘણો સારો હતો. ગયે વર્ષે દિવાળી ઉપર પ્રભાશંકરની સાથે ગોપાળ સુરત ગયો હતો. ગોપાળના ભવિષ્યનો વિચાર કરી તેને વિદ્યાભ્યાસ કરવાની સગવડ થાય એવી આશાથી કપિલાએ ભગિની પતિ પ્રભાશંકરના હાથમાં ગોપાળને સોંપ્યો હતો. એક વર્ષ થઇ ગયું તો પણ તેણે ગોપાળને દીઠો ન હતો. લલિતાએ પણ એક વર્ષ થયું પતિનાં દર્શન કર્યા નહોતાં. કપિલા હમણાં પિતાને ઘેર હતી, અને લલિતા પતિના પ્રેમ-સમાગમનું સુખ ભોગવવાની ઇચ્છાએ સાસરે ગઈ હતી. સાંભળ્યું હતું કે: પ્રભાશંકર દિવાળી પર એક મહિનાની રજા લઇ ગોપાળ સાથે પ્રથમ સાસરે આવશે, અને ગોપાળને દેવીપુર મૂકી તે લલિતાને મળવા પોતાની જન્મભૂમિ જશે. પૂરૂં એક વર્ષ થઇ ગયું હતું તેથી કપિલા જેમ ગોપાળની વર્ષાદની પેઠે રાહ જોતી હતી તેમ લલિતા પ્રભાશંકરનો માર્ગ

જોઈ રહી હતી. ક્યારથી રજા લેશે ? ક્યારે ઘેર આવશે ! નવરાત્રિ પહેલાંથી જ બન્ને બ્હેનો એ પ્રકારના વિચારમાં ગુંથાઈ ગઈ હતી. લગ્ન થયા પછી તુરત જ લલિતા પતિ સાથે બે વર્ષ પર્યંત રહી હતી. જન્મથી અત્યાર પર્યંત ગોપાળ માતાના ખોળામાં પ્રતિપાલિત થયો હતો. બન્ને બ્હેનો એકી વખતે વિરહ—વિયોગની અગ્નિમાં પડી હતી. બન્ને જણીઓ એક જ પ્રકારના અગ્નિમાં સમાન ભાવે દગ્ધ થતી હતી! એકના પ્રાણ પુત્ર સ્નેહમાં અને બીજીના પ્રાણ પતિ—પ્રેમમાં ગાંડા થયા હતા! બન્ને બ્હેનો દશભુજા દુર્ગા માતા પાસે પોતપોતાની મનોવાંચ્છના પ્રદર્શિત કરે છે: " માતા! મંગળમયિ! તેમને સુખે ઘેર લાવી આપો મા!"

દેવીપુરમાં બાળકૃષ્ણને ઘેર કપિલાના પ્રાણ વિશેષ વ્યાકુળ થઈ ઉઠયા હતા. કપિલા દિવસો પર દિવસો ગણવા લાગી. અંતે જોયું કે: મહિનાની રજાનો પ્રથમ દિવસ આવી પહોંચ્યો તેમ છતાં ગોપાળ ઘેર આવ્યો નહિ. તે વખતે તેના પ્રાણમાં અતિશય વ્યાકુળતા જણાઇ. પ્રથમ તેણે મનને બોધ આપ્યો કે: " વખતે પ્રભાશંકર તેને પોતાને ઘેર લઈ ગયા હશે. એક બે દિવસમાં નક્કી મૂકી જશે." પરંતુ નવરાત્રિના પ્રથમ દિવસથી દેવી મંદિરોમાં મધુર વાજીંત્રોની ગર્જના થવા લાગી અને સર્વ બાળકો નવીન વસ્ત્રો ધારણ કરી આનંદમંગળ કરવા લાગ્યાં ત્યારે તેના જીવને ધૈર્ય રહ્યું નહિ. તેના મને બોધ માન્યો નહિ. તેની મનોવાંચ્છના પ્રબળ થઈ ઉઠી. ગોપાળના વિચારોમાં કપિલા દિવસે દિવસે મરવા જેવી થઈ ગઇ. બાળકૃષ્ણ કપિલા બ્હેનને પૂજાની સામગ્રી તૈયાર કરવાનું કહે તો તે વખતે કપિલાનું ચિત્ત ઘરબ્હાર—રસ્તા ઉપર ચોંટયું રહેતું. બાળકૃષ્ણ પાડોસીને બોલાવવા માટે કપિલાને પાડોસમાં મોકલતો ત્યારે ચિત્તભ્રમિત થયેલી ઘર બ્હાર જઈ પ્રત્યેક આવતા જતાને પૂછતી કે: " ભાઈ! મ્હારા ગોપાળને દીઠો છે કે?" બાળકૃષ્ણે કપિલાને દેવી પૂજાની સામગ્રી તૈયાર કરવામાં ગુંથી રાખી હતી એટલામાં ઘર બહાર કોઈનાં પગલાં સંભળાયાં. એ સાંભળતાં જ કપિલા બોલી ઉઠી. " ગોપાળ ! ગોપાળ ! આવ્યો કે ભાઈ !" રાત્રે સ્વપ્નામાં પણ તે મ્હોટે બોલી ઉઠતી: " ભાઈ! ગોપાળ ! આવ્યો બા !" ધન્ય પુત્ર—પ્રેમ !

કપિલાનું ભ્રમિત ચિત્ત જોઇ બાળકૃષ્ણને જીર્ણ મૂર્તિ ઉપર વિશેષ અશ્રદ્ધા ઉત્પન્ન થઈ. તેનો સર્વ ક્રોધ, સર્વ દ્વેષ, સર્વ શોક, મૂર્તિ ઉપર જઇ પડ્યો! તેણે બ્હેનનું મન મનાવવા કહ્યું: "બ્હેન! મ્હારે પાપે જ એ બધું થયુ છે. આટલા બધા દિવસ થયા આ જુની મૂર્તિને જગતજનની દેવી જાણી એક પ્રાણહીન મૃતક મૂર્તિની પૂજા કરતો હતો. બ્હેન ! મ્હારૂ સર્વ કર્મ નષ્ટ થયું છે ! મ્હારી સર્વ પૂજા વ્યર્થ ગઈ છે ! તેથી જ સંસારમાં એવા અમંગલ બનાવો બને છે. ચિંતા નહિ, નવીન મૂર્તિની પૂજાથી સર્વ અમંગલ દૂર જશે. જુની પ્રાણહીન મૂર્તિ વેગળી પડી રહેવા દઇશ. નવીન મૂર્તિની પ્રતિષ્ઠા થતાં જ આનંદ આનંદ થશે."

ભાઇએ ઘણુંએ આશ્વાસન આપ્યું પરંતુ કપિલાનું દુરાગ્રહી મન કેમે કરતાં માનતું નહિ ! ભાઈના કોઈ પણ શબ્દો તેના પ્રાણને સાન્ત્વન આપવા સમર્થ થયા નહિ ! તે તો વારંવાર "ગોપાળ, ગોપાળ" કહીને બુમો પાડવા લાગી.

(૬)

આજે મહાપૂજાનો પ્રથમ દિવસ છે. આજે ગામમાં સર્વત્ર દેવીની મહાપૂજા સાથે હોમ હવન થશે, પરંતુ કપિલાનો ગોપાળ આવ્યો નહિ તેથી કોના પ્રાણ રડશે કહો જોઇએ ? જેનું રત્ન વસ્ત્રને છેડેથી છુટી પડે, જેના પારસમણિ અગાધ જળમાં ડૂબી જાય તેજ તેની શોધ કરે ! અન્ય મનુષ્ય શા માટે તેનો શોક કરે? અન્ય શા માટે તેનો વિચાર પણ કરે ? અન્ય શા માટે તે કામમાં સમય વ્યતીત કરે ? દેવીપુરમાં આનંદ કલ્લોલ વ્યાપી રહ્યો હતો તે ધીમે ધીમે પ્રબળ થઈ ઉઠ્યો. બાળકૃષ્ણને બારણે પ્રતિ વર્ષે જેમ ટકોરખાના સરણાઇના મધુર નાદ થતા તેમ આ વર્ષે પણ થવા લાગ્યા. તે સાંભળી અનેક મનુષ્યો આનંદમાં મસ્ત બની જતાં.

એક કપિલા સિવાય મહાપૂજાના આનંદમાં આજે સર્વે ગુલતાન બની રહ્યાં હતાં. સત્ય કે મિથ્યા તે તો જરા તપાસીને જોવામાં આવે તો જ જાણવામાં આવે. જૂવો તો ખરા ! કેટલીક સુંદરીઓ વાળનો નીચો અંબોડો વાળી, તેમાં સુંદર પુષ્પહાર બાંધી બહાર ફરે છે ! જુવો તો ખરા !

તેમનાં રાતાચોળ ચંચળ ચરણ અને અધરોષ્ઠ કેવાં સુંદર જણાય છે ! જુવો તો ખરા ! કોઈ પાતળી ઝીણી બનારસી સાડી પહેરી, વાદળની વચમાં વિજળી ઝમકતી હોય તેમ હસતી, કોઈ પોલકું પહેરી, માથે ઝુલ્ફાંની રચના કરી સૌંદર્યનો ફુવારો ઉછાળતી, ધીર–મંથર ગતિએ હાલતી, ડોલતી, મદમસ્ત થઇ ચાલતી જણાય છે ! કેટલું જોશો ? ઘરમાં જુવો ! બહાર જુવો ! અંદર જુવો ! અંતરમાં જુવો ! સર્વત્ર ઠમક ઠમક કરતી નેત્ર ચકિત ઇંદ્રની અપ્સરાઓ જાણે વિહાર કરી રહી છે ! બાળક વૃદ્ધ, યુવક યુવતી, જેનામાં જેટલું સામર્થ્ય. તેટલું દિવાળીના દિવસોમાં પહેરી ઓઢી આનંદ ઉત્સવ કરે છે. તેમ છતાં કપિલાનો ગોપાળ ક્યાં છે ? તેની તો કોઈ ખબર કાઢતું જ નથી. તે બિચારીના અંતરની પિડા કોણ જાણે ? તેના દુઃખે કોણ દુઃખી થાય ? કપિલા એકલી “ગોપાળ, ગોપાળ” કહીને રડતી હતી. ઘરમાં વર્ષો વર્ષ ઉત્સવની જેવી ધૂમ મચતી હતી તેવી જ આ વર્ષે પણ મચી રહી છે.

(૭)

પંચમીને દિવસે સમાચાર મળ્યા કે: “પ્રભાશંકર પોતાને ઘેર ગયો છે, પરંતુ ગોપાળ ત્યાં આવ્યો નથી !” બાળકૃષ્ણ નિત્યની પેઠે પૂજામાં બેસવા તૈયાર થયો હતો તે જ સમયે એવા સમાચાર મળ્યા. ચારે દિશામાં માંહોમાંહે કાનસોરીયાં થવા લાગ્યાં. તેઓ કહેવા લાગ્યાં: “તાપીમાં હોડી ડૂબી તેમાં ગોપાળ ડૂબી ગયો છે. પ્રભાશંકરે ઘણો યત્ન કર્યો છતાં ગોપાળને જળમાંથી બહાર કાઢી શકાયો નહિ. અંતે નિરાશ ચિત્તે તે ઘેર ચાલ્યા ગયા ! તે બિચારા કપિલાને શું મ્હોં બતાવે ? કપિલાનું હૃદય રત્ન તે શી રીતે પાછું લાવી આપે ? તેથી જ સાસરામાં તે મ્હો બતાવી શક્યા નથી !” કપિલાએ એ શોકજનક સમાચાર પ્રથમથી જ જાણ્યા હતા. તેથી તેના શરીર ઉપર એકાએક વિજળી પડી હોય એવું દારૂણ દુઃખ થતું હતું. કોણ જાણે કઈ અદૃષ્ટ સત્તાએ તેના પુત્રના મરણ સમાચાર તેના પ્રાણ સાથે વળગાડી દીધા હતા ! તેથી જ કપિલા “ગોપાળ, ગોપાળ” નામ સ્મરણ કરતી આકુળ વ્યાકુળ થઈ પડી હતી.

સપ્તમીને દિવસે પ્રાતઃ સમયે કપિલા ગંગા સ્નાન કરવા ગઈ તે વખત તેણે લોકોને ગુપચુપ પરસ્પર કાનમાં વાતચિત કરતા દીઠા હતા. તેથી તે તેમના સ્હામુ જોઈ દારૂણુ શંકા—સાગરમાં ગોથાં ખાતી હતી.

તેણે મનને જ પ્રશ્ન કર્યો: "ત્યારે શું મ્હારો ગોપાળ આ જગતમાં નથી?" પછી "ગોપાળ! ગોપાળ!" કહી રડવા લાગી. કપિલા નદીમાં સ્નાન કરવા ઉતરી, અને આકાશ સ્હામુ વ્યાકુલ ચિત્તે, સ્થિર નેત્રે, ક્ષણવાર જોયા પછી "ગોપાળ, ગોપાળ" બોલતી જળમાં ડુબકી મારી. કેટલાંક પરિચિત—પાડોસી સ્ત્રી પુરૂષો નદીના તટ ઉપર ઉભાં હતાં તેમણે જળના પરપોટામાંથી "ગોપાળ, ગોપાળ" એવો શબ્દ પ્રથમ સાંભળ્યો. તે ઉપરથી તેમણે મનમાં ધાર્યું હતું કે: "સ્નાન કર્યા પછી કપિલા હમણાં કિનારે આવશે." પરંતુ તેમની તે આશા વૃથા હતી. તેમની તે ધારણા વૃથા હતી. કપિલાએ પુનઃ મસ્તક જળ બહાર કાઢ્યું નહિ. કલાક પર કલાક ચાલ્યા ગયા, જળના પરપોટામાં પરપોટા મળી ગયા, પરંતુ કપિલાનાં કોઈ દર્શન કરી શક્યું નહિ. તેને ડૂબી ગયેલી જાણી ઉંડા જળમાંથી શોધી કહાડવા જેવું માણસ જ કોણ હતું? તે વિધવા હતી. સંસારમાં તેનું કોઈ હિતચિંતક નહોતું ત્યાં પછી કિનારા પર તો હોય જ કોણ!

થોડી વારમાં એ સમાચાર બાળકૃષ્ણને કાને પહોંચ્યા. પરંતુ તે વખતે તેને પૂજાનું શુભ મુહૂર્ત જતું રહેતું હતું. શુકલજી મહારાજે પૂજા કરાવવાનો આરંભ કર્યો હતો. તેથી તે ત્યાંથી ઉઠી નદી કિનારે જઈ બ્હેનના સમાચાર લઇ શકયો નહિ. બાળકૃષ્ણે જુની દેવી મૂર્તિ (ડોળા ઘુરકાવી, દાંત હોઠ દબાવી, ક્રોધ ભરેલે સ્વરે કહ્યું: "તેં જ મ્હારા સર્વ કાર્યમાં વિઘ્ન નાંખ્યું છે. તું જ મ્હારૂં સર્વ અમંગલ કરી રહી છે! તેંજ અનેક પ્રકારના ઉત્પાતની જાળમાં મ્હને સપડાવ્યો છે! પણ ચિન્તા નથી. નવીન મૂર્તિમાં જગન્માતાના પ્રાણ આવશે એટલે તુરત જ મ્હારાં સર્વ વિઘ્નો દૂર થશે. મ્હારૂં સર્વ પ્રકારે કલ્યાણ થશે. મ્હારાં સર્વ કષ્ટ પ્રબળ પ્રવાહે વહેતા જળ પ્રવાહમાં, એક તણખલાંની પેઠે વહી જશે! હું સુખી થઇશ."

(૮)

બાળકૃષ્ણ શાંત ચિત્તે દેવીની નવીન મૂર્તિ સ્હામું બેસી એક ચિત્તે પૂજા કરે છે. એક ચિત્તે તેનું ધ્યાન ધરે છે. એક ચિત્તે મંગલ આકાંક્ષા કરે છે. તે હમણાં કોઈ પણ દિશામાં દ્રષ્ટિપાત કરતો નથી.

ષોડશોપચાર વડે, દેવી પૂજાની તૈયારી થઈ છે. ધુપ, દીપ, ગન્ધ, પુષ્પ, વગેરે સુવાસિત દ્રવ્યોવડે ઘરમાં અને ઘર બહાર સર્વત્ર સૌગંધ પ્રસરી રહી છે. એક બાજુએ જુની મૂર્તિ ધૂળમાં રગદોળાતી પડી છે! એક બાજુએ નૈવેદ્ય વગેરે સુસજ્જિત કર્યું છે. મધ્યમાં ધામધૂમથી નવી મૂર્તિની પૂજા થઈ રહી છે. પૂજા કરતાં કરતાં બાળકૃષ્ણ એક એક વખત જુની મૂર્ત્તિ સ્હામુ જોઈ, ક્રોધ ભરેલી દ્રષ્ટિએ કહે છે કે: "પ્રાણ વગરની! અમંગલ-કારિણી! બસ, તું તો ત્યાં જ પડી રહે. નવી મૂર્તિની પૂજા જોઈ ઈર્ષા-ગ્નિથી ત્હારા પ્રાણ બળીને ખાખ થવા દે! તું તો એજ દાવની!"

સૌગંધિક ધૂપથી ચારે દિશા પરિપૂર્ણ થઈ રહી હતી એજ સમયે એકાએક બાળકૃષ્ણનું અંતઃકરણ ક્રોધાગ્નિથી પ્રજ્વલિત થઈ ઉઠયું. તેણે મનમાં ને મનમાં જ જુની દેવી મૂર્તિને કહ્યું: "ત્હારામાં આટલો બધો અહંકાર? ખુણામાં વેગળે પડી પડી ગુપચુપ સુગંધિત ધૂપનો લાભ લઈ મ્હારા તરફ હાસ્ય કટાક્ષ કરે છે? મેં ધાર્યું હતું કે ત્હારા દેખતાં નવી મૂર્તિની પૂજા કરી ત્હને ઈર્ષાગ્નિમાં ભસ્મ કરીશ. તને કષ્ટ આપીશ પરંતુ તું તો તેને બદલે સુખેથી સુગંધનો સ્વાદ લે છે! વારૂ, જોઉં છું કે તું હવે તેનો કેવો લાભ લે છે!"

એમ કહી બાળકૃષ્ણ એકદમ આસન ઉપરથી ઉઠયો. તેણે જુની મૂર્તિનું નાક ખુબ જોરથી દબાવી દીધું! તે બોલ્યો: "લે, જોઉં હવે! મ્હને ઠગીને તું સુગંધ લેતી હતી કેમ? લે, જોઉં વારૂ, ત્હારો એ યત્ન પણ મ્હેં વ્યર્થ કર્યો! હવે શું કરશે?"

(૯)

બાળકૃષ્ણે ખુબ જોરથી જુની દેવી—મૂર્તિનું નાક દબાવી રાખ્યું. તેમ કર્યા પછી બાળકૃષ્ણ દાંત કચકચાવી મૂર્તિ સ્હામુ ગુસ્સામાં ને ગુસ્સામાં જોઈ રહ્યો

હતો, એટલામાં જાણે તેણે જોયું કે: જુની દેવી મૂર્તિ ખડખડાટ હસે છે! એ જોઈ તેનું શરીર કમ્પી ઉઠયું, તેમ છતાં તેના શરીરમાંથી ક્રોધનો જુસ્સો ઓછો થયો નહતો. તેણે મૂર્તિને પૂછયું: " નફ્ટ ! હસે છે શું ? કંઇ લાજ શરમ છે ખરી ? આટલું બધું અપમાન થતાં બીજું કોઈ હોય તો તેને ક્રોધ ઉપજે. તેના નેત્રમાંથી આંસુની ધારા પડે અને મ્હારા કાલાવાલા કરે ! તેને બદલે તું હસે છે કેમ?" મૂર્તિએ પ્રથમની પેઠે જ હસતાં હસતાં જ ઉત્તર દીધો: "વત્સ ! હું હસું છું તેનું કારણ ત્હારી અજ્ઞાનતા છે ! ત્હને અજ્ઞાન, નાદાન બાળક જાણીને હસું છું. ત્હારા ભ્રમિત ચિત્તમાંથી મ્હારા ઉપર પ્રકટેલો અવિશ્વાસ જોઈને હસું છું. મ્હને જાણવા છતાં પણ મ્હને જાણી શકતો નથી તેથી જ હસું છું. બાળકૃષ્ણ ! તું મ્હારો પ્રિય પુત્ર છે. મ્હને પ્રાણહીન જડ મૂર્તિ જાણીને તેં ધૂળમાં નાંખી દીધી છે ! પરતુ હમણાં તેં આમ કેમ કર્યું ? જ્યારે હું પ્રાણહીન હતી અને જ્યારે હું જડવત્ છું એવું જ તું માને છે ત્યારે તેં મ્હારૂં નાક દબાવ્યું શા માટે ? જો તું મ્હને જડવત માને છે તો પછી મ્હને બતાવી બતાવીને નવીન મૂર્તિની પૂજા શા માટે કરે છે ? મ્હને પ્રાણહીન જડ માને છે ત્યારે પછી હું ત્હારી એ પૂજા જોઈ ઇર્ષાગ્નિમાં બળી મરીશ એવું તુ કેમ માને છે ? મ્હારામાં ચૈતન્ય જ નથી તો પછી મ્હારા પ્રત્યે ત્હને આટલો બધો ક્રોધ કેમ ? અને મ્હારા તરફ એવું આચરણ શા માટે કરે છે ? એ શું ત્હારી અજ્ઞાનતા, મૂર્ખતા નથી ? ગમે તેમ છતાં પણ આટલા દિવસ પછી ત્હને એટલુંએ જ્ઞાન થયું છે અને એક જડવત્ પ્રાણહીન મૂર્તિમાં ચૈતન્ય–પ્રાણ છે એવી ત્હને ધારણા થઇ છે એ જાણી મ્હને અતિશય આનંદ જ થયો છે. વત્સ ! એવો આનંદ થવાથી જ મ્હારા મુખ ઉપર હાસ્ય ઉત્પન્ન થયું છે સમજ્યો ?"

બાળકૃષ્ણ સ્તબ્ધ જ થઈ ગયો. દેવીની એ વાણી સાંભળી તેને જ્ઞાન થયું. તે સર્વ સમજી શકયો. ભેદ–બુદ્ધિને લીધે તેણે જે દુષ્કર્મ કર્યું હતું તે માટે પશ્ચાતાપના અગ્નિમાં તેનું હૃદય બળવા માંડયું. થોડી વાર વિચાર કર્યા પછી તે દેવીનાં ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કરી ગદગદ કણ્ઠે રડતાં રડતાં બોલ્યો: " જગજ્જનની, મા ! ક્ષમા કર ! મ્હારા અપરાધ ક્ષમા કર !

મ્હારે ધન નથી જોઇતું, અને માન પણ નથી જોઈતું. માત્ર મ્હને તમારી કૃપા જોઈએ. માત્ર તમારાં ચરણમાં સ્થાન જોઇએ છે. મા ! મ્હને કેવળ જ્ઞાન જોઇએ છે. મા ! મ્હારાં જ્ઞાન—નેત્ર ઉઘાડી આપ, મ્હારી ભેદ—બુદ્ધિ દૂર કર. હું સંસારની માયા જાળમાંથી છુટું અને લોભ, સ્વાર્થ જેવા પાપ-કર્મોથી બચવા પામું એવી કૃપા કર મા ! મા! મ્હને ત્હારો સંતાન જાણે છે ત્યારે કૃપા કર ! મ્હને જ્ઞાન દાન આપ ! " બાળકૃષ્ણ દેવીનાં ચરણ આગળ આળોટવા લાગ્યો. તે પુનઃ પુનઃ પ્રાર્થના કરવા લાગ્યોઃ " મા ! ભેદ—બુદ્ધિને વશ થવાથી મ્હારૂં ચિત્ત ભ્રમિત્ થયું હતું. તેથી જ મ્હેં એવું દુષ્કર્મ કર્યું છે ! તેથી જ મ્હેં તમારી મૂર્તિને જડ, ચૈતન્ય વગરની, પ્રાણ-હીન માની લીધી હતી. જગજ્જનની માતા ! જેના ગર્ભમાંથી અનંત વિશ્વ ઉત્પન્ન થયું છે, જેણે વિશ્વના જીવોના શરીરમાં ચૈતન્ય પ્રેર્યું છે તેને જ મ્હેં જડવત્ જાણવાની મ્હોટી ભૂલ કરી છે ! મા! આજે હું જાણી શક્યો છું કે તું જડ, ચૈતન્ય સર્વમાં વ્યાપક છે. આજે મ્હારી ભેદ—બુદ્ધિ નાશ પામી છે. આજે હું વિશ્વના પ્રત્યેક પ્રાણીમાં ત્હારી શક્તિ, ત્હારૂં ચૈતન્ય જોઈ શકું છું મા ! આજે મ્હારૂં ભેદ—જ્ઞાન લોપ થયું છે. આજે મ્હને અભેદ—જ્ઞાન પ્રાપ્ત થયું છે ! કૃપા કર ! મ્હારા પર દયા કર ! મા ! દયા કર ! " એમ કહી શોકાશ્રુ સારતો બાળકૃષ્ણ ડુસકે ડુસકે રડવા લાગ્યો.

જુની દેવી મૂર્તિએ પ્રેમપૂર્વક કહ્યું: " વત્સ ! તું મ્હારો સાચો ભક્ત છે ! સંસારની સકલ વિપત્તિ ભૂલી જઇને પણ તેં મ્હારી પૂજાનો ત્યાગ કર્યો નથી. તને સર્વ પ્રકારના મંગળ ઉપર દ્રઢ વિશ્વાસ છે. ભક્તિ કરનારનું કલ્યાણ જ થાય છે એ ત્હારી નસેનસમાં પ્રસરી રહ્યું છે. બ્હેન ભાણેજના મરણના શોકજનક સમાચાર સાંભળવા છતાં પણ તે ત્હારી માતાની પૂજા કરવાનું બંધ કર્યું નથી, માત્ર ભેદ—બુદ્ધિને લીધે જ ત્હને ક્લેશઅગ્નિનો સખ્ત તાપ સહન કરવો પડયો છે ! પણ આજથી ત્હને દિવ્ય જ્ઞાન થયું છે. આજથી તું મુક્તિ—માર્ગનો અધિકારી થયો છે. "

બાળકૃષ્ણ ઘણી વાર સુધી અજ્ઞાન અચૈતન્ય સ્થિતિમાં જગજ્જનનીનાં ચરણમાં પડી જ રહ્યો.

(૧૦)

ચૈતન્ય થતાં જ તે દ્રષ્ટિ ફેરવી આમતેમ જોવા લાગ્યો. ત્યાં આ શો ચમત્કાર ? ગોપાળને બે હાથ વચ્ચે દબાવી કપિલા બ્હેન તેની પાસે જ ઉભી ઉભી મા જગદમ્બાને પ્રણામ કરી રહી છે. ગોપાળ સ્તબ્ધ થઇ બે હાથ જોડી પ્રણામ કરતો આસપાસની રચના જોઇ રહ્યો છે.

* * * * *

વાતચિત કરતાં જાણવામાં આવ્યું કે: તાપીમાં નૌકા ડુબી ગઈ હતી. ગોપાળનો ઉદ્ધાર કરવા માટે પ્રભાશંકરે હજાર રૂપિયાનું ઇનામ છપાવી સર્વને લાલચ બતાવી હતી. તેમાં એમ પણ લખ્યું હતું કે નદીમાંથી જેને એ છોકરો મળી આવે તેણે પોતાને ઘેર પહોંચાડી દેવો. બીજી તરફ કપિલાએ પુત્ર શોકે નદીમાં પડી, બે ચાર ડુબકીઓ ખાઈ આત્મવિસર્જન કર્યું હતું, પરંતુ અજ્ઞાન અવસ્થામાં પેલે પાર જઇ એક લાકડાના પાટીઆ સાથે અટકી રહી હતી. એજ સમયે પ્રભાશંકર ગોપાળને લઈ નૌકામાં બેસી દેવીપુર આવતો હતો. કપિલાને નદીને કિનારે અજ્ઞાન અવસ્થામાં પડેલી જોઇ, પ્રભાશંકરે તેની સેવાશુશ્રૂષા કરી. થોડી વારે તેને ચૈતન્ય આવ્યું ત્યારે માતા પુત્રનું મિલન થયું. "ગોપાળ" ને જોતાં જ કપિલા ગાંડી જેવી થઈ ગઈ ! સાચી વાત છે. તેમ થવું સંભવિત હતું. કારણ કે તે ગરીબનું ધન હતું. સર્વે ઘેર આવી જગજ્જનનની મા અંબાનાં ચરણમાં પ્રણામ કરવા લાગ્યાં. એ જ સમયે બાળકૃષ્ણને ચૈતન્ય થયું હતું.

(૧૧)

ગોપાળને બે હાથે દબાવી કપિલા જગજ્જનનીને પ્રણામ કરે છે. એટલે સુધી વાંચવામાં આવ્યું. ત્યારે પ્રબોધચંદ્ર વ્યાકુળ ચિત્તે બૂમ પાડી ઉઠયો: "અસંભવિત ! અસંભવિત ! જે ડુબી મરે તે કદી પણ પાછું આવી શકે કે ?"

નારાયણદેવે તુરત જ તેને શાંત પાડતાં કહ્યું: "ભાઈ ! આ સંસારમાં કશું અસંભવિત નથી. ભગવાન ઉપર વિશ્વાસ રાખ. ભગવાન ઉપર વિશ્વાસ રાખ."

પ્રબોધચંદ્ર: "કપિલા અને તેનો પુત્ર તો તદ્દન ડુબી ગયાં હતાં ને ?"

નારણદેવ: "મા જગદમ્બાની કૃપાથી ઘણે વેગળે એક શ્રીમંતની ન્હાની

હોડીમાં ગોપાળને બચાવી લેવામાં આવ્યો હતો. કપિલાને પણ એક પાટીયાના કટકાએ અટકાવી—બચાવી હતી. તેની કૃપા થતાં કશું અસંભવિત નથી."

પ્રબોધચંદ્ર ઉંડો નિઃશ્વાસ નાંખી બોલ્યો: "મ્હારે માટે બધું અસંભવિત્ થઇ પડયું છે. મ્હારે માટે બધું અમંગળ થઈ રહ્યું છે."

નારાયણદેવ: "મા મંગલમયીની તેવી જ ઇચ્છા હશે, તો ત્હારૂં અમંગંળ થાય છે તે પણ ત્હારા મંગળને માટે જ સમજજે. તે જગજ્જનની, કોઇનું પણ અમંગળ—અકલ્યાણ કરતી નથી."

એ પ્રમાણે સાન્ત્વના—વાક્ય કહી નારાયણદેવે પ્રબોધચંદ્રને તે વખતને માટે શાંત પાડયો, અને ધર્મવ્રતને વાર્તાનો છેલ્લો ભાગ વાંચવાનું કહ્યું.

(૧૨)

ધર્મવ્રત વાંચવા લાગ્યો: "ચૈતન્ય પ્રાપ્ત થયા પછી બાળકૃષ્ણે જ્યારે જોયું કે ભગિની કપિલા ગોપાલને લઇ જગજ્જનનીને પ્રણામ કરે છે અને પ્રભાશંકર મુન્સફ ગદગદ કણ્ઠે માતાની મૂર્તિ સ્હામુ ઉભો રહી ભક્તિપૂર્વક નમન કરે છે ત્યારે તેના આનંદનો પાર રહ્યો નહિ. તેજ વખતથી બાળકૃષ્ણનું ભેદ—જ્ઞાન દૂર થયું. ત્યારે જ તે સમજી શકયો કે: ચૈતન્યમયી માતા, જડ મૂર્તિમાં કેવી રીતે ચૈતન્યમયા થઈ રહે છે. તે વખતે તેના મનમાં પેલા ભિખારીના શબ્દો શબ્દ સત્ય જણાયા. તે ગાતો હતો કે:—

'જૂવો જૂવો આ ગિરિ રાણી, માતા નંદિની તમ આવે છે,
દશ ભૂજા દશ હાથ વડે તે, જે માંગો તે આપે છે."

પ્રકરણ ૨૩ મું.

ગુપ્ત ધર્મ તત્ત્વ.

નારાયણદેવે કહ્યું: "બાળકૃષ્ણને જે પ્રકારની ભેદ—બુદ્ધિ ઉપસ્થિત થઈ હતી તે ભેદ—બુદ્ધિ દોષરૂપ નથી.: એવી ભેદ—બુદ્ધિ ભગવાનની કૃપાથી સમય આવતાં દૂર થઇ શકે છે.

ધર્મવ્રત: "એનામાં સરલ અને એકાગ્રતા હતી. તે ભક્ત હતો. સરલ અને એકાગ્ર ચિત્ત હતો. તેથી જ તેના ઉપર જગજ્જનનીની કૃપા થઇ હતી, પરંતુ એવું ઘણી વખત બને છે કે જેથી ત્યાં સરલતા અને એકાગ્રતાવડે વિપરીત ફળ જોવામાં આવે છે."

નારાયણદેવ: "તેમ પણ ઘણી વખત–ઘણે સ્થળે બને છે, પરંતુ એ ઘણો કઠોર, કઠિન, ગુંચવાડા ભરેલો વિષય છે. અધિકારી–ભેદ પ્રમાણે તેમને યોગ્ય હોય એવા વિષય પર વિવેચન કરવું જોઇએ. સાધારણ મનુષ્યોને તેવા તત્વજ્ઞાનનો ઉપદેશ આપવો ઉચિત નથી. તેઓ ઉચ્ચ કોટીનાં હોતાં નથી. તેઓ એવું ઉચ્ચ તત્વજ્ઞાન સમજી શકતા નથી. ઉલટું હિત કરવા જતાં વિપરીત થઈ પડે. મ્હારા અભિપ્રાય પ્રમાણે સાધારણ મનુષ્યોએ સરલ, એકાગ્ર ચિત્ત રાખી ભગવદ ભક્ત થવું જોઇએ. તેમ થવાથી જ તેમનું કલ્યાણ થશે."

ધર્મવ્રત: "પરંતુ એ સર્વ વિષયો માટે આજકાલ મનુષ્યો નાના પ્રકારના તર્ક વિતર્ક કરે છે."

નારાયણદેવ: "આજકાલ કેળવણીની ગતિ જુદા પ્રકારની થઈ ગઈ છે. સમાજમાં ભયંકર દોષ ભરાઈ ગયો છે. તેથી સરલ અને સુગમ માર્ગનો પરિત્યાગ કરી વિતર્ક–ભ્રમમાં પડી જઇને, મનુષ્યો દુઃખી દુઃખી થાય છે."

ધર્મવ્રત: "કયો માર્ગ સારો, કયો નઠારો, કયો સરલ, કયો અઘરો, એ પ્રશ્ન અનેક સ્થળે ઉપસ્થિત થાય છે."

નારાયણદેવ: "એ પ્રશ્નનો ઉત્તર કર્તવ્ય મીમાંસાથી, ધર્મ મીમાંસાથી થાય એમ છે. પરંતુ કર્તવ્ય મીમાંસા અથવા ધર્મના સૂક્ષ્મ તત્વનો નિર્ણય કરવો એ શું તેવા મનુષ્યોની વિચાર શક્તિને આધીન છે ખરૂં ?"

એમ કહી ધર્મવ્રતના હાથમાં પુનઃ એક પુસ્તક આપી નારાયણદેવે કહ્યું: "આ પુસ્તકમાં એ સંબંધી એક સુંદર વાર્તા પ્રસંગ છે. તે વાંચ જોઉં."

ધર્મવ્રતે વાંચવાનો આરંભ કર્યો:—

(૧)

" धर्मस्य तत्वं गुहायां निहितं ।
देवाः न जानाति कुतो मनुष्याः॥ "

"ધર્મનું તત્ત્વ અતિ ગુપ્ત રીતે રાખવામાં આવ્યું છે. દેવતાઓ તે એકાએક સમજી શકતા નથી તો પછી ક્ષુદ્ર બુદ્ધિનાં મનુષ્યોની તો વાત જ ક્યાં રહી!"

શાસ્ત્રમાં લખ્યું છે કે: "સત્ય કહેવું. શાસ્ત્રમાં લખ્યું છે કે: પરોપકાર કરવાથી મહા પુણ્ય થાય છે. તેથી પ્રાણ જતાં પણ પરોપકાર કરવો એજ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે. શાસ્ત્ર કહે છે કે: અહિંસા એ પરમ ધર્મ છે. શાસ્ત્ર કહે છે કે: ક્ષમાશીલ અને જિતેન્દ્રિય થાઓ. આપણે કબૂલ કરીએ કે એ બધાં વાક્યો શાસ્ત્રમાં લખ્યાં છે. સમજ્યા કે એ સર્વ કથનના પ્રત્યેક અણુ પરમાણુમાં ધર્મનું ફળ સમાયલું છે. તેથી એવો પણ નિશ્ચય કરી શકીએ કે: ધર્મનાં એ સર્વ સૂત્રોનું પાલન કરીશું. સત્ય શિવાય કદી પણ મિથ્યા બોલીશું નહિ. પારકાના ઉપર ઉપકાર શિવાય કદી પણ અત્યાચાર કરીશું નહિ. પરંતુ તેમ કરવાથી જ શું ધર્મનું પાલન થયુ કહેવાશે? માત્ર એકલા સત્યવાદી, માત્ર એકલા ક્ષમાશીલ અને માત્ર એકલા જિતેન્દ્રિય; એ પ્રમાણે ફક્ત એક એક ગુણ ધારણ કરવાથી શું ધર્મ સાધન કર્યું કહેવાશે?

એક પ્રકારનું કર્મ સાધન કરવાથી જ શું ધર્મ–સાધન થઇ શકશે કે? કેવળ માત્ર સત્યવાદી થવાથી ધર્મ–સાધન થશે કે? કેવળ માત્ર પરોપકાર કરવાથી ધર્મ–સાધન થશે કે? જો આપણે સર્વ સૂત્રો આવશ્યક જાણી શકીએ તો પરસ્પર વૈષમ્યની સમાનતા ક્યાં? અર્થાત્ સર્વ સમયે સત્યવાદી અને પરોપકારી, ક્ષમાશીલ અને જીતેન્દ્રિય, એ સર્વે ગુણની સમાન ક્રિયા બતાવી શકાશે એમ પણ કેમ કહી શકાય? કદાચ એવો વિરોધ આવીને ઉભો રહે કે: જે સ્થળે એકની મર્યાદા જાળવવા જઇએ ત્યાં બીજીની મર્યાદાની પાળ તૂટી જાય. એક ગુણને ધારણ કરવા જતાં અન્ય ગુણને મસ્તકે લાત વાગી જાય! પરંતુ તે સમયે કર્તવ્ય શું? તે વખતે કર્તવ્યના તત્વ–જ્ઞાનની આવશ્યકતા નથી? તે સમયે ધર્મનાં ગુપ્ત તત્વ શોધવાનું પ્રયોજન નથી કે?

મનમાં ધારો કે: "હું ક્ષમાશીલ અને જિતેન્દ્રિય–બન્ને ગુણવાળો છું, પરંતુ મ્હારી સમક્ષ, કોઈ દુષ્ટ પાપી કોઇએક નિરાધાર અબળા ઉપર બળાત્કાર કરવા તૈયાર થાય તો તે વખતે મ્હારૂં કર્તવ્ય શું ? એ કરૂણાજનક દ્રષ્ય નજરે દેખાવા છતાં પણ શું હું ક્ષમાશીલ અને જિતેન્દ્રિય થઇ ચુપ બેસી રહું કે ? શું એ જ મ્હારો ધર્મ કે ? નહિ, કદી પણ નહિ. તે સ્થળે મ્હારે ક્ષમાનો ત્યાગ કરી ક્રોધને વશ થયા વગર કદી પણ ચાલે નહિ. એવા સંકટ સમયે સમયોચિત કર્તવ્યનો નિર્ણય કરી લેવો એ જ ખરેખરૂં કર્તવ્ય કહેવાશે.

મીમાંસા કરતાં સંકટ તો પગલે પગલે આવી પડવાનો સંભવ હોય છે પરંતુ એવે સમયે શું કરવું જોઇએ ? ધર્મ–મીમાંસા એજ તે સમયે સહાયભૂત નથી ? કર્તવ્ય નક્કી કરવું એ જ શું તે સમયને માટે મુખ્ય કર્તવ્ય નથી ? એ સંબંધી હિન્દુ શાસ્ત્રમાં કેટલે દરજ્જે ઉચ્ચ સદુપદેશ આપ્યો છે તેની તુલના થઇ શકે એમ નથી. એવા અનેક બનાવો જોવામાં આવે છે કે એક સત્ય વાત કહેવામાં એક મનુષ્યના પ્રાણની હાનિ થવાનો સંભવ હોય છે. એવે સમયે શું કરવું તે માટે શાસ્ત્રમાં બહુ ઉત્તમ મીમાંસા કરવામાં આવી છે. સમય, કાળ અને પાત્ર જોઈ કર્મ કરવું એ પણ શાસ્ત્રે દર્શાવેલું એક મુખ્ય કર્તવ્ય છે. નહિ તો કદી પણ સૃષ્ટિનું કાર્ય યથાસ્થિત ચાલે નહિ."

(૨)

ગુંચવણ ભરેલે પ્રસંગે કર્તવ્ય નક્કી કરવા માટે એક સુંદર વાર્તા મહાભારતમાં લખવામાં આવી છે. સાંભળો:—

પ્રાચીન કાળમાં શિબિ નામક એક પરમ ધર્મપરાયણ રાજા રાજ્ય કરતો હતો. સત્યવાદીપણામાં, પરોપકાર અને ન્યાય કરવામાં, તેમ જ સર્વ વિષયમાં તેને સમાન–ધાર્મિક કહેવામાં આવતો. સર્વત્ર રાજાનાં ગુણગાન સાંભળવામાં આવતાં. સર્વત્ર તેની યશપ્રભા વિકસી રહી હતી. એક દિવસ રાજા રાજસભામાં બેસી ન્યાય કરતો હતો. એટલામાં એક કબુતર–પક્ષી ઉતાવળે મહારાજના આશ્રયમાં આવી બેઠું. તેણે કહ્યું: "મહારાજ ! મ્હારૂં

રક્ષણ કરો. મ્હને આશ્રય આપો. મ્હારા પ્રાણ જાય છે. થોડે વેગળે ઉભેલું બાજપક્ષી મ્હારી હત્યા કરવા આવે છે." આ વખતે ધર્મપરાયણ રાજાએ શું કરવું? આશ્રિતનું સંરક્ષણ કરવું એ તો ધાર્મિક મનુષ્યોનો પરમધર્મ છે. રાજા દિલગીર થતો કબુતરના પ્રાણ બચાવવા તૈયાર થયો. તેને આશ્રય અને અભયદાન આપી કહ્યું: "ભય રાખીશ નહિ. હું ત્હારૂં રક્ષણ કરીશ. ચિંતા કરીશ નહિ." કબુતરને આશ્વાસન મળતાં તેનો જીવ શાંત થયો. તેણે રાજાની પાસે જ આશ્રય લીધો.

એટલામાં ઉંડા શ્વાસ નિશ્વાસ મુકતું બાજપક્ષી ઉતાવળે રાજસભામાં આવી પહોંચ્યું. ત્યાં રાજાએ કબુતરને આશ્રય આપેલો જોઈ તે બોલ્યું: "મહારાજ ! આ શું આપ ધર્મ વિરૂદ્ધ કાર્ય કરતા નથી ! આપ મ્હારા આહાર–કાર્યમાં વિઘ્ન કરતા નથી ? શું આપ મ્હારા ઉપર અપકાર કરતા નથી ? શા માટે એમ કરો છો ? મ્હેં આપનું શું બગાડયું છે ? મ્હારા મુખનો કૉળીઓ કાઢી લેવાથી શું આપના ધર્મનું રક્ષણ થશે ? ઇશ્વરે અમારા આહાર માટે જ એ પક્ષીને જન્મ આપ્યો છે. એનો આહાર કરીને જ અમે જીવન ધારણ કરીએ છીએ. એવી સ્થિતિમાં મ્હારી ખાદ્ય વસ્તુ, મ્હારા મુખનો કૉળીઓ કાઢી લઇ સતાડી દેવો એ શું આપનું ધર્મ–કાર્ય કહેવાશે ? વારૂ, ન્યાયની એક વાત કહું તો મ્હેં તમારો આહાર કોઇ દિવસ ઝુંટાવી લીધો છે કે સંતાડી રાખ્યો છે? નહિ. તો પછી તમે એવું મહા પાપકર્મ કરી તેમાં આપનો ધર્મ શા માટે માનો છો? ગમે તેમ થાય પરંતુ મ્હારો આહાર મ્હને સોંપી દો. નહિ તો પારકાનો અપકાર કરવાથી આપનો ધર્મ સમૂળ નષ્ટ થશે. મ્હારા નિઃશ્વાસથી આપને મહાન પાપ લાગશે. ઇશ્વરે જે વસ્તુ જેને માટે રચી છે તે વસ્તુ તેના ઉપભોગમાં આપવી એજ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે. મહારાજ ! મ્હને અત્યંત ક્ષુધા લાગી છે; મ્હારા પ્રાણ જાય છે. જેના ઉપર મ્હારો હક્ક છે તે વસ્તુ મ્હને સોંપી દો. તમને બહુ પુણ્ય લાગશે."

રાજા ઉંડા વિચારોમાં પડી ગયા ! શું કરવું તે તેમને સૂઝ્યું નહિ. એક તરફ આશ્રમે આવેલા પ્રાણીના જીવનનું સંરક્ષણ કરવું, બીજી તરફ

અન્ય પ્રાણીના મુખનો કોળીઓ—આહાર—છિનવી લેવો ! એક જીવને બચાવી તેના પર ઉપકાર કરવા જતાં અન્ય એક ક્ષુધાતુર જીવના આહાર—કાર્યમાં વિઘ્ન લાવી તેનો અપકાર કરવો ! એ સ્થિતિમાં તેણે શું કરવું જોઇએ ! બરાબર વિચાર કરી જોતાં જણાય છે કે: તે સમયે બન્ને કાર્ય કરવા જતાં રાજાનો ધર્મ ભ્રષ્ટ થાય એમ છે. એ કઠિન પ્રસંગે રાજા આગળ ડગલું ભરી શકતા નથી, તેમ પાછળ પણ જઈ શકતા નથી ! તેથી એ સમયે તેને સૌથી પહેલાં પોતાનું કર્તવ્ય નક્કી કરી લેવા માટે વ્યાકુલ થવું પડયું. તેઓ વિચારતા હતા કે: " આવી સ્થિતિ વચ્ચે કેવી રીતે વર્તવું? બન્ને દિશામાં મહા પાપ છે. બે દિશામાં બે પ્રાણીની હત્યાનું પાપ લાગે છે. એક દિશામાં એક જીવનું રક્ષણ નહિ કરવાથી તે મરણ પામે છે, બીજી દિશામાં એક જીવને આહાર નહિ આપવાથી તે મરણ પામે છે ! બન્ને મરવા બેઠાં છે. શું કરવું ? કબુતર સ્હામુ જોતાં તે થરથર કમ્પી રહ્યું છે. તેના જીવમાં જીવ નથી ! માત્ર તે મ્હારે વિશ્વાસે જ અહિં ટોભ્યું છે. હરિ ! હરિ ! બુદ્ધિ આપો ભગવાન ! શું કરવું ? " એવા વિચારમાં ગુંથાયલા રાજાનું ચિત્ત બહુ ચંચળ થઇ ઉઠયું. આ સમયે રાજાએ બલહીનના બળ, અશક્તની શક્તિ, નિર્બુદ્ધિની બુદ્ધિ સ્વરૂપ શ્રી મધુસુદન ભગવાનની પ્રાર્થના કરી. તેણે કહ્યું: " ઓ ભગવાન ! ઉપાય બતાવો ! " પરમ દયાળુ પ્રભુએ કૃપા કરી. તેની પ્રાર્થનાની સાથે જ કોઇએ અદ્રષ્ટ રીતે જાણે ગુપ્ત રીતે રાજાના કાનમાં મંત્ર મૂક્યો—કોણ જાણે કોણે તેના કાનમાં કર્તવ્યનો સુંદર ઉપદેશ દીધો ! ક્ષણ વાર સ્તબ્ધ રહ્યા પછી રાજાએ બાજ પક્ષીને કહ્યું: " ત્હારી પ્રાર્થના મ્હેં બરાબર સાંભળી છે. ત્હારૂં કોઈ પ્રકારે અનિષ્ટ ન થાય એવો હું બંદોબસ્ત કરીશ. મ્હારા આશ્રયે આવેલા કબુતરના પ્રાણ બચે અને તે સાથે તને આહાર વગર પ્રાણ ત્યજવા ના પડે તેવો જ હું કોઈ ઉપાય રચીશ."

એટલું કહેતાં કહેતાં રાજાએ એક તીક્ષ્ણ ધારવાળી છરી લઇ પોતાના શરીરમાંથી થોડુંક માંસ કાપ્યું અને હસતાં હસતાં તે બાજ પક્ષીને આપી કહ્યું: " લે, આ ત્હારો આહાર. હવે કબુતરનો લોભ રાખીશ નહિ. મ્હારા શરીરના માંસ વડે જ તું તૃપ્ત થા ! "

રાજર્ષિ શિબિએ એ પ્રમાણે પોતાના શરીરનું માંસ આપી ધર્મનું પાલન કર્યું હતું.

સત્ય રીતે જોતાં ધર્મનું પ્રતિપાલન કરતી વખતે મનુષ્યે મહર્ષિ શિબિ રાજાની પેઠે સ્વાર્થ ત્યાગી, અને સદ્વિચારક થવું જોઇએ. માત્ર પોતાનો સ્વાર્થ સાધવાથી, અને પ્રસંગે આત્મદાન નહિ કર્યાથી ધર્મનું પ્રતિપાલન થતું નથી. એવાં સર્વ કારણોને લીધે જ શાસ્ત્રકારોએ કહ્યું છે કેઃ ધર્મનું તત્ત્વ બહુ ગુપ્ત રીતે સંતાઈ રહે છે. ધર્મ સંબંધી વિચાર કરવામાં જે વિશેષ બુદ્ધિમાન–શક્તિમાન–હોય છે, અને તે કાર્યમાં જેઓ વિશેષ પારદર્શી હોય છે તેને જ આ જગતમાં ધન્ય છે. તેના જ ધર્માભ્યાસનું સાર્થક્ય થયેલું કહેવાશે. આપણા શાસ્ત્ર ગ્રંથોમાં એવો જ આદર્શ જણાય છે.

પ્રકરણ ૨૪ મું.

પરોપકાર મહાત્મ્ય.

ધર્મ-મીમાંસાનો પ્રસંગ ચાલ્યો તે સમયે સર્વ બ્રહ્મચારીઓ–સન્યાસીઓ ચંચળ થઈ ઉઠયા. ધર્મની મીમાંસા કરવી એ અતિ કઠોર, કષ્ટ સાધ્ય વ્યાપાર છે એ હવે સર્વના જાણવામાં આવ્યું.

ધર્મવ્રતે કહ્યું: “ એ ઘણો કઠિન ગુચવાડા ભરેલો વિષય છે. સમજી શકાતું નથી કે મનુષ્ય કર્તવ્ય નક્કી કરવા અને ધર્મનું પાલન કરવા કેવી રીતે સમર્થ થશે ? જો માર્ગ નક્કી કરવામાં આવ્યો હોય તો મનુષ્ય તે માર્ગે પ્રવાસ કરવાનો યત્ન કરે ! પરંતુ ગુંચવાડા ભરેલા ભયંકર માર્ગે મનુષ્ય શી રીતે પ્રવાસ કરી શકે ? ”

નારાયણદેવે કહ્યું: “ કઠિન તો ખરો જ પરંતુ તે સાથે સરલ પણ છે. જે મનુષ્યનું હૃદય સરલતા ભરેલું નથી તેને માટે કઠિન જ છે. જે મનુષ્યનું હૃદય પાપથી પરિપૂર્ણ છે તેને માટે કઠિન જ છે ! પરંતુ જે મનુષ્યનું હૃદય સરલ અને પવિત્ર છે, જેને પરબ્રહ્મ પરમાત્મા ઉપર વિશ્વાસ છે,

તેને કશું કઠિન નથી. તેની વિવેક–વિચાર–રૂપી જ્યોતિ, તેને અમે તેવા ઘોર અંધકારમાં પ્રકાશ પાડી કર્તવ્ય માર્ગ બતાવી આપે છે. એક ન્હાની વાર્ત્તા કહું છું તે ઉપરથી એ તત્ત્વ સંબંધી સમજણ પડી જશે."

(૧)

ઘણાં વર્ષ પછી આજે અર્ધોદય યોગ આવ્યો છે. શુભ મુહૂર્તમાં નર્મદા સ્નાન કરવાથી અવશ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે, એવું જાણી નરનારી, બાળક, વૃદ્ધ સર્વે ટોળેટોળાં મળી નર્મદાસ્નાન કરવા જાય છે. નર્મદાને કિનારે તલ મૂકવાનું સ્થાન નથી. પ્રાતઃ સમયથીજ નર્મદાનો કિનારો જનસમાગમથી ભરપૂર થઈ ગયો છે. સ્નાન કરવા આવેલા સર્વે મનુષ્યો શુભ મુહૂર્તની વાટ જોઈ રહ્યા છે.

એ સમયે વિશ્વેશ્વરી પાર્વતી દેવીએ વિશ્વેશ્વર શંકર ભગવાનને પૂછ્યું: "શુભ મુહૂર્ત તો અલ્પ ક્ષણ પર્યંત છે, અતિ આગ્રહપૂર્વક નર્મદાસ્નાન કરવા આવવા છતાં કોઇ પણ મનુષ્ય કોઈ અગત્યના કાર્યમાં રોકાય અને તેનું શુભ મુહૂર્ત વ્યતીત થઇ જાય તો તેને નર્મદા સ્નાનનું ફળ જે મુક્તિ, તે મળે કે નહિ ?"

શંકર ભગવાન હસીને બોલ્યાઃ "દેવી પાર્વતી! એ પ્રશ્ન કેમ પૂછો છો ? સ્નાન માટે આવવા છતાં અનેક વિઘ્નને લીધે અનેક મનુષ્યો શુભ મુહૂર્ત વખતે સ્નાન કરી શકશે નહિ. તેથી શુભ મુહૂર્તમાં નર્મદા સ્નાનનું ફળ તો ઘણાં જ થોડાં મનુષ્યોને મળશે."

પાર્વતીઃ "પ્રબળ આકાંક્ષા હોવા છતાં પણ જો કાંઇ અનિવાર્ય વિઘ્ન. આવી પડે તો તેને માટે શું કાંઈ અન્ય ઉપાય નથી ?"

શંકરઃ "નાના પ્રકારનાં કારણોથી વિઘ્ન આવી શકે છે. તેમ છતાં એક બે કારણોથી મુક્તિ પ્રાપ્ત કરવામાં વિઘ્ન આવતું નથી."

પાર્વતીજીએ આશ્ચર્યચકિત થતાં પૂછ્યું: "તે કયાં કારણ મહારાજ ?"

શંકરઃ "મ્હોડેથી તમને શું કહું ? ચાલો, તમને નજરેનજર બતાવું. શુભ મુહૂર્ત વીતી જવા છતાં પણ નર્મદા સ્નાન કરવાથી સ્નાન કરવાનું પુણ્ય–ફળ–મુક્તિ પ્રાપ્ત થાય છે, તેનું પ્રત્યક્ષ દર્શન કરાવું. ચાલો, મ્હારી સાથે."

(૨)

નર્મદા સ્નાન કરવા જવાનો માર્ગ. દશાશ્વમેધના ઘાટ ઉપર આજે અનેક મનુષ્યોની ભીડ થઈ રહી છે. દાંડીયા બજારથી થોડે આગળ જતાં એક મ્હોટો ખાડો પડયો છે. ખાડામાં કમ્મર સુધી કાદવ જણાય છે. કાદવ ઉપર થોડું ચળકતું જળ જણાય છે. એક તૃષાતુર ગાય તે જળનું પાન કરવા ગઈ છે. જળપાન કરતાં ગાયના ચારે પગ કાદવમાં કળી ગયા છે. ગાયનું શરીર કાદવમાં પડી ગયું છે. તેણે બહાર નીકળવાને ઘણાંએ તડફ-ડીયાં માર્યાં પરંતુ તેનો યત્ન નિષ્ફળ ગયો છે. માથુ અને શિંગડાં હલાવીને તેણે પોતાની વ્યાકુલતા જણાવી છે. ગોવાળીયાનો બાળક તેની પાછળ દોડતો આવ્યો હતો પરંતુ તે ગાય માતાને ઉંડા કાદવમાંથી બહાર કાઢવા શક્તિવાન નહતો !

તે માર્ગે થઇને અસંખ્ય મનુષ્યો નર્મદા સ્નાન કરવા જાય છે. અર્ધ-યોગ પર્વ હોવાથી સ્નાન કરવાનું મુહૂર્ત ચુકી શકાય એમ નથી. અરે ! હમણાં ક્ષણ પણ ત્યાં થોભી શકાય એમ નથી. અનેક મનુષ્યો ગાય માતાની એવી અવદશા જોવા છતાં ત્યાંથી ચાલ્યાં ગયાં છે. ગોવાળનો બાળક ગાયને બહાર કાઢવાનો યત્ન કરવા છતાં અસમર્થ થયો ત્યારે માર્ગમાં ઉભો ઉભો ત્યાંથી પસાર થતા મનુષ્યોને કાલાવાલા કરી ગાયનો કાદવમાંથી ઉદ્ધાર કર-વાની પ્રાર્થના કરે છે. તેમ છતાં નર્મદા સ્નાન કરવામાં ઘેલાં બનેલાં મનુ-ષ્યો, ગોવાળ–બાળકની કરૂણ પ્રાર્થના સાંભળતાં નથી. કદાચ સ્નાન કરવાનું શુભ મુહૂર્ત વ્યતીત થઈ જાય એ ભયથી, દુઃખી ગોપ–બાળકને અને કાદ-વમાં કળી ગયેલી બરાડા પાડતી ગૌમાતાને જોવા છતાં તેઓમાંથી કોઈ તેનો ઉદ્ધાર કરવા જેટલો વિલંબ સહન કરી શકે એમ નથી ! કોઇના મનમાં ગૌમાતાનો ઉદ્ધાર કરવા જેટલી દયા ઉત્પન્ન થઈ ખરી પરંતુ સ્નાન કરવાનું શુભ મુહૂર્ત કદાચ વીતી જાય એ કારણથી જ કોઈ થોભી શક્યું નહિ ! " ગાયનું ગમે તેમ થાય પણ સ્નાનનું શુભ મુહૂર્ત કોણ જવા દે વારૂં ? એવી તો હજારો ગાયો કાદવમાં પડી સ્નાન કાર્યમાં વિઘ્ન ઉપસ્થિત કરે, તેને અમે શું કરીએ ? " એમ બબડતા સ્ત્રી પુરૂષો ત્યાંથી ચાલ્યાં જતાં !

ઘણો વખત વીતી ગયો. ગોવાળ–બાળકને કોઇએ સહાયતા કરી નહિ તે નિરાશ થઈ રડવા લગ્યો. બાળકનું ગજું કેટલું ? એજ સમયે એક ખેડુત ખાંધે હળ મુકી ઘાટ ઉપર સ્નાન કરવા જતો હતો. શુભ મુહૂર્ત વીતી જવાના ભયથી તે પણ બહુ ત્વરિત ગતિએ પગલાં ઉપાડતો હતો. એટલામાં એકાએક ગોવાળ–બાળકનો કરૂણ–રોદન ધ્વનિ ખેડુતે સાંભળ્યો. ખેડુતે ત્યાં જઈ જોયું તો તેને જણાયું કે: “ એક ગાય કાદવમાં કળી ગઈ છે–બહાર નીકળવા તડફડીયાં મારી રહી છે. ગોવાળ–બાળક તેનો ઉદ્ધાર કરવાનો યત્ન કરે છે તેમ છતાં પુનઃ પુનઃ નિષ્ફળ થઇ સહાયતાને માટે અનેક સ્નાનાર્થી જનોને બોલાવે છે.”

ગોવાળ–બાળકનો કરૂણ ધ્વનિ સાંભળીને અને ગૌમાતાની અવસ્થા જોઇને ખેડુત ત્યાં થોભ્યો. તેણે મનમાં ને મનમાંજ કહ્યું: ! “ ગમે તેમ થાય. શુભ મુહૂર્ત ભલે વીતી જાય પરંતુ ગૌમાતાની દુરાવસ્થા જોઇ હું કદી પણ નર્મદા સ્નાન કરવા જઈ શકીશ નહિ. ભલે, મુક્તિ નહિ મળે તો તેની ચિંતા નથી પણ ગૌમાતાની મુક્તિ થશે એટલે મ્હને સંતોષ થશે. એક ફળ પ્રત્યક્ષ થાય એમ છે, બીજું ફળ મળતાં ઢીલ થાય એમ છે. એક મુક્તિ તુર્તજ નજરે જણાય એમ છે. બીજી મુક્તિ આપણા મરણ પછી થશે ! તે ગમે તેમ થાય. પ્રથમ દ્રષ્ટિએ જણાતું ફળ અને મુક્તિ મળે તે કામ કરવું જોઇએ. ગૌમાતાનો ઉદ્ધાર કરીશ.” એમ કહી ખેડુતે ખાંધેથી હળ નીચે મૂક્યું. અને કમરે લુગડું બાંધી કાદવમાં ઉતર્યો.

સખ્ત પરિશ્રમ કરીને ખેડુતે ગૌમાતાને અલ્પ ક્ષણમાં કાદવ બહાર કાઢી–એક જીવનો ઉદ્ધાર કર્યો. ગોવાળ–બાળકના આનંદની સીમા રહી નહિ. ગાયને કાદવમાંથી બહાર કાઢી ખેડુત નર્મદા સ્નાન કરવા ગયો.

(૩)

અર્ધોદય યોગનું શુભ મુહૂર્ત વીતી ગયું હતું. શુભ મુહૂર્તમાં ખેડુત નર્મદા સ્નાન કરી શક્યો નહિ.

શંકર ભગવાને પાર્વતીને પૂછ્યું: “ કેમ દેવી ! શું કહો છો હવે ? શુભ મુહૂર્તમાં નર્મદા સ્નાન નહિ કરવાથી આ ખેડુત મુક્તિ મેળવવાનો અધિકારી થશે કે નહિ ? ”

પાર્વતી: "દેવ ! નર્મદા સ્નાનથી હમેશાં મુક્તિ પ્રાપ્ત થાય છે. તેમાં પણ એ મનુષ્યે જે કાર્ય કરવા માટે શુભ મુહૂર્તમાં નર્મદા સ્નાનનો લાભ ગુમાવ્યો છે, તે કાર્યજ તેને મુક્તિ ફળ અપાવે એવું છે! દેવ ! આપે જ ઘણી વખત કહ્યું છે કે: પરોપકાર–પર–સેવાથી અધિક બીજો કોઈ ધર્મ જ નથી. એ મનુષ્ય તેવો જ પરોપકાર–તેવી જ પર–સેવાને માટે યથા સમયે નર્મદા સ્નાન કરી શક્યો નથી, તેટલા માટેજ શું તેને મુક્તિનું ફળ નહિ મળે ? "

શંકર: "મળશે જ. જે જે મુખ્ય કારણો પ્રથમ કહ્યાં છે તેમાં પરોપકાર–પર–સેવા એ પણ મુખ્ય કારણો છે. પરોપકાર–પર સેવા કરવા જતાં નર્મદા સ્નાન કરવામાં વિઘ્ન આવ્યું તો પણ ખેડુત, શુભ મુહૂર્ત વગર પણ નર્મદા સ્નાનનું ફળ મેળવી કૃતાર્થ થયો છે."

એટલું કહી શંકરે પાર્વતીને કહ્યું: "પ્રિયે ! આ ગોવાળના બાળકનું અને ગૌમાતાનું ગુપ્ત તત્ત્વ તમે જાણી શકયાં છો કે ? "

પાર્વતી અતિ આશ્ચર્ય પામી તે જાણવા આતુર થઇ રહ્યાં.

શંકરે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું: "તમે જે ગોવાળનો બાળક જોયો તે સાક્ષાત્ શ્રી કૃષ્ણ ભગવાન છે. તેમણે એ વેશ ગ્રહણ કર્યો હતો, અને જે ગૌમાતા જોવામાં આવ્યાં તે ત્રિલોક–જનની પૃથ્વી દેવી હતાં. દેવી કાદવમાં પડયાં હતાં તેનો અર્થ એ છે કે: દેવીના ખોળામાં પડેલા સંસારના સર્વ જીવો પાપરૂપી કાદવમાં ડૂબી રહ્યા છે. ગૌમાતાના ઉદ્ધાર માટે ગોવાળ–બાળકની આકુળ વ્યાકુળતાનો અર્થ એ છે કે, પાપરૂપી કાદવમાંથી પ્રાણી માત્રનો ઉદ્ધાર કરવાનો ભગવાનનો પ્રયાસ છે. નર્મદા સ્નાને જતા ખેડુતે ગૌમાતાનો ઉદ્ધાર કર્યો તેનો અર્થ એ છે કે: સદ્બુદ્ધિ અને સરલ ચિત્તના મનુષ્યો દ્વારાજ મનુષ્યનો મુક્તિ–માર્ગ સરલ થશે. એ રૂપકમાં ભગવાન બોધ આપે છે કે: પરોપકાર- પર–સેવા રૂપી પરમ ધર્મનું પાલન કરતા સાથે મનુષ્ય પોતાનું પણ હિત સાધન કરી શકે છે, અને પતિત, દુર્દશામાં સપડાયલા અન્ય જનોનું પણ કલ્યાણ કરી શકે છે."

તે સમયે પાર્વતીજી દિવ્યજ્ઞાન વડે સર્વ સમજી શક્યાં.

ખેડુતે મુક્તિ મેળવી. પોતાના સત્ આદર્શ જીવનો મોક્ષમાર્ગ અતિ સરલ કરી લીધો.

(૪)

વાર્તા કહી રહ્યા પછી નારાયણદેવે કહ્યું: "કેમ સમજ્યા ? મીમાંસા કેટલી સરલ છે? મન જોઇએ, ધ્યાન જોઇએ, હૃદયમાં સદ્‌ભાવનો વિકાસ જોઇએ, સર્વ મંગલમય ભગવાન ઉપર વિશ્વાસ જોઇએ. ભગવાન ઉપર વિશ્વાસ રાખીને, તેમની જ આજ્ઞાપાલન કરીએ છીએ એમ જાણીને, સરલ ચિત્તે, સત્કાર્યો કરવાં. અવશ્ય ભગવાન તમને પોતાના ખોળામાં આશ્રય આપશે.

પ્રકરણ ૨૫ મું.

કર્મનું ફળ.

રાત્રિ બે પ્રહર વીતી છે. એ સમય પર્યંત બ્રહ્મચારીઓ સાથે નારાયણદેવ ધર્મતત્ત્વ વિષય પર ચર્ચા ચલાવી રહ્યા છે. એટલામાં એકાએક આશ્રમના દ્વાર આગળ કોલાહલ સાંભળવામાં આવ્યો.

કેટલાંક મનુષ્યો આશ્રમમાં પ્રવેશ કરવા ચ્હાય છે. દ્વાર રક્ષક તેમને પ્રવેશ કરવા દેતો નથી. ઘણી વારથી તેઓ વચ્ચે પરસ્પર તકરાર ચાલી રહી છે. અંતે તકરારે ન્હાનકડા યુદ્ધનું રૂપ લીધું. દ્વારરક્ષકે તેમને કોઇ પણ રીતે આશ્રમમાં પ્રવેશ કરવા દીધો નહિ ત્યારે તેમણે આશ્રમમાં પ્રવેશ કરવા માટે બળનો પ્રયોગ કર્યો. તે સમયે દ્વારરક્ષકની ભયંકર બૂમો વડે આશ્રમ કમ્પાયમાન થઈ ઉઠયું ! બ્રહ્મચારિઓમાંના અનેક આસન ભ્રષ્ટ થયા. ધર્મતત્ત્વ વગેરે વિષયોની ચર્ચા બંધ રાખવામાં આવી. નારાયણદેવ દ્વાર તરફ ગયા.

સન્યાસી કઠોરવ્રત ઉપર રાત્રિએ આશ્રમનાં દ્વારનું રક્ષણ કરવાનો ભાર સોંપવામાં આવ્યો હતો. સેવાવ્રતને તેની સાથે સહાયતા માટે નીમવામાં આવ્યો હતો.

આશ્રમનાં દ્વાર હમેશાં મુક્ત રહેતાં. તેમ છતાં હિંસક જીવજંતુ અને

ચોર લૂંટારાના ભયમાંથી મુક્ત રહેવા માટે દ્વાર આગળ પહેરેગીરોની ગોઠવણ કરવામાં આવી હતી. આશ્રમના બ્રહ્મચારી કિંવા સન્યાસીઓમાંથી વારા ફરતી બે જણની નિત્ય નીમણુક કરવામાં આવતી. આશ્રમનાં કોઈ પણ મનુષ્યની આવજા ઉપર દ્વાર રક્ષકોની દ્રષ્ટિ રહેતી નહોતી. તેમ છતાં અધિક રાત્રિ વીતતાં કંઇક તીવ્ર દ્રષ્ટિ રાખવામાં આવતી. આશ્રમમાં બહારના ઘણા ખરા મનુષ્યો કોઇ આવતાં જ નહિ. જે કોઈ આવતા તે બ્રહ્મચારીઓની સાથે જ આવતા. તેથી આશ્રમનાં દ્વાર નિત્ય મુક્ત જ રહેતાં. આ આશ્રમ કંઇ નાગા–સન્યાસીનો આશ્રમ નહતો ! આશ્રમ સાથે ધન સમ્પતિનો સંબંધ હતો. તેથી જ ત્યાં દ્વાર રક્ષક પહેરગીરોની વ્યવસ્થા કરવામાં આવતી.

અતિ ઉચ્ચ સ્વરે ચાલતો કોલાહલ સાંભળી નારાયણદેવ વિચારમાં પડી ગયા, અને ઉતાવળે દ્વાર તરફ જતા હતા એટલામાં સેવાવ્રત તેમની સ્હામુ આવી ઉભો. તેને જોઇ નારાયણદેવે પૂછ્યું: " દ્વાર આગળ કોનો કોલાહલ સંભળાય છે ? "

સેવાવ્રત ગભરાયલે, ઉશ્કેરાયલે મુખે બોલ્યો: " તે માટે જ હું આપની પાસે આવ્યો છું. બહુ આશ્ચર્યકારક વાત છે ! "

નારાયણદેવ: " આશ્ચર્યકારક કેમ ? શું થયું છે ? " એમ કરતાં કરતાં નારાયણદેવ દ્વાર તરફ જવા લાગ્યા.

દ્વારને અંદરથી આગળા દેવામાં આવ્યા હતા. દ્વાર ઉઘાડવા માટે બહારથી કોલાહલ થઈ રહ્યો હતો. કઠોરવ્રતે કઠોર ચિત્તે દ્વાર અટકાવી રાખ્યાં હતાં.

સેવાવ્રત કહેવા લાગ્યો: " એક ખાટલા ઉપર એક મડદાને સુવાડયું છે. તેને લઇ કેટલાંક મનુષ્યો આશ્રમમાં પ્રવેશ કરવા ચ્હાય છે. રાત્રિનો વખત છે, તેમાં વળી અપરિચિત મનુષ્યો જોવાથી મ્હને સંદેહ ઉપજ્યો. કોઇને પણ મડદું લઇને આશ્રમમાં પ્રવેશ કરવા દેવાય ખરૂં કે ? આશ્રમમાં મડદાનું સ્થાન કેવું ? મ્હેં કહ્યું: તેને લઈ જાઓ સ્મશાનમાં. બાળી ભસ્મ કરી, સ્નાન કરી આવો, પણ તેઓ કેમે કર્યા માનતા નથી. મ્હેં

તેમને પ્રવેશ કરવા દીધા નથી. તે લોકો પ્રવેશ કરવા બળ કરે છે. પરંતુ અંદરથી દ્વારના આગળા બંધ કરી રાખ્યા છે. એ લોકોની આકૃતિ–પ્રકૃતિ સંદેહજનક જણાય છે. તે લોકો લૂંટારા—નક્કી લૂંટારા છે ! પ્રપંચ કરી આશ્રમમાં પ્રવેશ કરી આશ્રમ લૂંટવા આવ્યા હોય એમ જણાય છે."

નારાયણદેવે ગંભીર શાંત ચિત્તે કહ્યું: "તેઓ કેટલાં મનુષ્યો છે કે જેથી તમને એવી શંકા કરવાનું કારણ મળ્યું ?"

સેવાવ્રત: "કેટલાં માણસો છે તે ગણવાનો સમય મળ્યો નથી. તો પણ ધારૂં છું અનેક મનુષ્યો હશે. પાછળ પણ ઘણા મનુષ્યો આવતાં હોય એમ જણાય છે."

નારાયણદેવ: "તોપણ તેં કેટલાં મનુષ્યો નજરે દીઠાં છે ?"

સેવાવ્રત: "ચાર મનુષ્યો તો ખાંધે ખાટલો લઇને જ ઉભાં છે. બીજાં કેટલાંએ માણસ–કેટલાંએ માણસ—"

નારાયણદેવે તેને ધમકાવીને કહ્યું: "કેટલાં માણસો છે તે પણ તેં જોયાં નથી ! ધારૂં છું કે: તારા માથામાં ભૂત ભરાયું હશે !" એટલું કહી તેમણે કઠોરવ્રતને પૂછ્યું: "લૂંટારાઓનાં કેટલાં માણસો જણાય છે ?"

કઠોરવ્રત: "મહારાજ ! તેની ગણત્રી કરવાનો સમય મળ્યો નથી."

નારાયણદેવ: "ત્યારે ?"

કઠોરવ્રત: "એક મડદું લઇને કેટલાંક મનુષ્યો બળપૂર્વક આશ્રમમાં પ્રવેશ કરવા ચ્હાય છે. તેથી જ દ્વાર બંધ કરી દીધાં છે."

નારાયણદેવે વજ્ર ગંભીર સ્વરે આજ્ઞા ફરમાવી કે: "જાઓ, દ્વાર ઉઘાડી નાંખો."

કઠોરવ્રત અને સેવાવ્રત બન્ને નીચે મુખે ચાલ્યા ગયા, અને આગળા ઉઘાડી દીધા. નક્ષત્રના પ્રકાશમાં દ્રષ્ટિ પહોંચી ત્યાં સુધી નારાયણદેવે તાકીને જોયું.

તેમણે જોયું કે: થોડે વેગળે આઠ અજાણ્યાં મનુષ્યો ઉભાં છે. તેઓ બારણાં ઉઘાડવા માટે થોડી થોડીવારે બૂમો પાડે છે. વળી પણ જોયું કે એક ખાટલા ઉપર એક નર દેહ પડયો છે અને એક મનુષ્ય તે ખાટલાની પાસે બેઠો છે. તે મનુષ્યનું મુખ ખાટલાની દિશામાં એટલે પાછળ આશ્રમ તરફ

છે. પ્રથમ દ્રષ્ટિએ સહસા મને એમ જ થતું કે જાણે તે મૃત દેહનો સ્પર્શ કરી તેની પાસે ઉભો છે. બીજા ઉભેલા મનુષ્યો ખાટલો ઉંચકી લાવનાર છે.

"તમે કોણ છો ?" એમ પૂછતા પૂછતા નારાયણદેવ ઉતાવળે પગલે ખાટલાની પાસે ગયા.

તેમના સુધામૃત જેવા કણ્ઠ સ્વરથી જાણે મૃત પ્રાણમાં સંજીવની શક્તિનો સંચાર થયો. ખાટલાની પાસે બેઠેલો મનુષ્ય ઉઠી ઉભો થયો અને નારાયણદેવના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા પછી તેણે ગદગદ કણ્ઠે કહ્યું: "ગુરૂદેવ ! આ દેવતાને બચાવી શક્યો નથી !"

નારાયણદેવે ચમકીને જોયું: "કોણ દેવવ્રત ! ત્હારે બે હાથે આમ કપડું કેમ વિંટાળ્યું છે ? શું વાગ્યું છે ? આ શું ? રક્તવડે કપડું પલળી ગયું છે ! શું ? શું ? શું થયું છે ?"

દેવવ્રતઃ "ગુરૂદેવ ! તે અનેક વાતો છે. મહારાજ ! મ્હારૂં મરણ નહિ થતાં આ દેવતાનું કેમ મૃત્યુ થયું ?"

ખાટલામાં બરાબર દ્રષ્ટિપાત કરતાં નારાયણદેવનું શરીર કમ્પાયમાન થયું. તેમણે ગભરાયલે સ્વરે કહ્યું: "કોણ ? કોણ ? હરિ કાકા ? કાકા ! કાકા ! કાકા !"

નારાયણદેવના નેત્રમાંથી નીકળતાં આંસુવડે તેમની છાતી પલળી ગઇ.

નારાયણદેવે તેમની છેક પાસે બેસી ગદગદ કણ્ઠે કહ્યું: "હરિ કાકા ! હું બોલાવું છું, ઉત્તર કેમ આપતા નથી ? મ્હારો સ્વર સાંભળીને તો તમે વેગળેથી દોડી આવતા ને આજે આમ કેમ ? મ્હને ઉત્તર નથી દેતા તે શું અભિમાન તો થયું નથી ?"

ખાટલા ઉપર પડેલા મનુષ્યના શરીર ઉપરથી ચાદર ઉઘાડી નારાયણદેવે એક વખત શ્રી હરિ કાકાને આલિંગન કરવાની ધારણા રાખી હતી પરંતુ આ શું ? ચાદર ખસેડતાં જ તેણે શું જોયું ? તેમણે જોયું કેઃ તેમનું સર્વાંગ બળી ગયું છે. શરીર ઉપર મ્હોટા મ્હોટા ફોલ્લા ઉઠયા છે.

એ જોઈ ચમકી નારાયણદેવે પૂછ્યું: "દેવવ્રત ! કહે, સત્વર કહે, મ્હારા ભાઇની આવી સ્થિતિ શાથી થઈ ? એ દેવાત્માએ કયું દેવકાર્ય

કરવા જતાં પ્રાણુની આહુતિ આપી ? કહે, બધું સ્પષ્ટ કહે. ”

દેવવ્રતે કપાળ કુટી રડતાં રડતાં કહ્યું: “ હાય હાય ! કોઇ પણ રીતે બચી શક્યા નહિ. ધારૂં છું કે હજી પણ એમનો શ્વાસ પ્રશ્વાસ રૂંધાઇ ગયો નથી. આપ સારી પેઠે તપાસ કરી જુવો. ”

નારાયણદેવે ચિત્ત શાંત રાખીને કહ્યું: “ શ્વાસ પ્રશ્વાસ બંધ હોય કિંવા તે વહેતો હોય, પણ હમણાં વૈદ્યરાજ પરીક્ષા કરશે. વૃથા શોક કરવાનું પ્રયોજન નથી. મ્હને કહે કે હરિ કાકાનું શરીર બળી જવાનું કારણ શું ? ત્હારા શરીરે પણ ઘણા ડહામ પડ્યા છે તેનું કારણ શું ? ”

દેવવ્રતે કહ્યું: “ રામદયાળ પટેલને ઘેર જઇ તેના અસહાય કુટુંબ પરિવાર માટે યોગ્ય બંદોબસ્ત કરી હું આશ્રમમાં પાછો આવતો હતો. સંધ્યા પહેલાં હું જ્યારે એક ખેતરમાં હતો તે વખતે શહેરમાં આગ લાગવાની ખબર મળી. તેથી હું તે તરફ દોડયો. શહેર નજીક જતાં બૂમરાણ થઇ રહ્યું હતું. આકાશમાં ધુમાડાના ગોટેગોટ અને અગ્નિની ચીણગારીઓ જણાતી હતી. તેથી આ દિશામાં નહિ આવતાં શહેર તરફ ગયો. ઇચ્છા એ હતી કે: મ્હારી ક્ષુદ્ર શક્તિવડે અગ્નિ ઓલવવાના કાર્યમાં મદદ કરવી. પરંતુ પાસે જઇને જોતાં જણાયું કે: અગ્નિએ ભયંકર રૂપ લીધું છે. હરિ કાકાનું જુનું નિવાસ સ્થાન ભડભડ બળી રહ્યું છે. તેમના કનિષ્ઠ બંધુ વિપિનના હાથ પગ બાંધી એક બાજુએ ઉભો રાખવામાં આવ્યો છે. એક મનુષ્ય તેને પકડી રહ્યો છે. વિપિન વ્યાકુલ ચિત્તે બૂમો પાડી રહ્યો છે ! “ઓ બાપ રે ! મ્હારૂં સર્વનાશ પામ્યું રે ! મ્હારૂં સર્વ ગયું રે ! મ્હારૂં પુત્ર–રત્ન એ ઘરમાં નિદ્રાવશ થયું છે રે ! ” વળી તે એમ પણ બોલતો હતો કે: “ મ્હારૂં બધું જાય તો જવા દો પણ કોઇ મ્હારા હૃદય–મણિને બચાવી શકો તો બચાવો ભાઇ. ” બાળકની માતા કરૂણ રોદન કરતી કરતી અગ્નિકુણ્ડમાં કુદી પડવા જતી હતી. પાડપાડોસીઓએ તેને મહા કષ્ટે પકડી રાખી હતી.

નારાયણદેવે મનમાં ને મનમાં જ કહ્યું: “ જેનાં જેવાં કર્મ તેવાં તેને ફળ મળ્યા વગર રહેતાં જ નથી ! આ જીવનમાં જ થોડા દિવસમાં તે

નજરો નજર જણાઈ આવ્યું. પરંતુ દિલગીરીની વાત એટલી જ છે કે એકનાં દુષ્કર્મને લીધે તેનાં માઠાં ફળ બીજાંઓને પણ ભોગવવાં પડે છે! જે વિપિને નિર્દોષ, પવિત્ર હૃદયના પ્રબોધચંદ્રને વિશ્વાસઘાત કરી સતાવ્યો હતો તેનું જ એ ઘર! તેનો જ તે બાળક! તેની જ તે પત્ની! એકને લીધે અનેકને દુઃખ! વિશ્વાસઘાતનું કેવું અનિષ્ટ ફળ?"

દેવવ્રત બોલ્યો: "મ્હેં ઘણે વેગળેથી કોઇનો રોદન ધ્વનિ સાંભળ્યો ત્યારે હું તેની પાસે ગયો. એકાએક મ્હારી દ્રષ્ટિ બીજી એક દિશા તરફ ખેંચાઈ. મ્હેં જોયું કે: ભડભડાટ બળતા અગ્નિકુણ્ડની વચ્ચેથી એક ન્હાનું બાળક લઈ હરિ કાકા બહાર આવતા હતા. અગ્નિ કુણ્ડમાંથી બહાર નીકળતાં જ હરિ કાકા પૃથ્વી પર પછડાઇ પડયા. એ વખતે કાકાનું સર્વાંગ અગ્નિમાં બળી ગયું હતું. પહેરેલું વસ્ત્ર પણ બળી ગયું હતું. બાળક ચૈતન્ય વગરનું સ્તબ્ધ થઈ ગયું હતું. મ્હેં તુરત જ દોડી જઇ તેમના હાથમાંથી બાળકને લઈ લીધું. તેમનાં પહેરેલાં વસ્ત્રો કાઢી નાંખ્યાં!"

નારાયણદેવ: "તેથી જ ત્હારા હાથ દાઝી ગયેલા જણાય છે કેમ? પણ આટલું બધું લોહી શાથી નીકળ્યું? આટલા બધા ઘા શાથી પડયા છે?"

દેવવ્રત: "આ સંસાર ભયંકર વિકાળ રાક્ષસોનું લીલા નિકેતન છે એ હું પ્રથમ જાણતો નહોતો! ધારૂં છું કે આ સંસાર કરતાં નરક—સ્થાન ઘણું સારૂં હશે!"

નારાયણદેવ: "એમ કેમ? આટલો બધો ક્રોધ બતાવે છે તેનું કારણ?"

દેવવ્રત: "ક્રોધ! મ્હારા એ ક્રોધની કંઈ હદ છે! વિપિનનો પ્રાણપ્રિય બંધુ હરિલાલ—ના, ના, હરિલાલ નહિ. પાખણ્ડીલાલ, મ્હારા હાથમાંથી બળપૂર્વક બાળકને છીનવી લેવા આવ્યો. તેણે કહ્યું—"

એટલું કહેતાં કહેતાં દેવવ્રતનો કણ્ઠ ગદગદ થઈ ગયો.

નારાયણદેવે પૂછ્યું: "હરિલાલ? તે વળી કયો હરિલાલ?"

દેવવ્રત: "તે વિપિનનો એક પ્રાણપ્રિય બન્ધુ છે. એક વખત તેઓ બન્ને જીવજાન મિત્રો હતા. જેના નામથી પ્રબોધચંદ્ર ઉપર વિપિને ગુપ-

ચુપ હુકમનામુ કરાવ્યું હતું, તેજ નરાધમ! તેજ વિશ્વાસઘાતક!"

નારાયણદેવ: "હરિલાલે શું કહ્યું?"

દેવવ્રત: "હરિલાલે કહ્યું: દુષ્ટ વિપિને મ્હને ખરેખરો દગો કર્યો છે. તેણે પ્રબોધની પેઠે મ્હારી જોડે પણ વિશ્વાસઘાત કર્યો છે. તેણે મ્હને ઠગ્યો છે, માટે હું તેના વંશનો ઉચ્છેદ કરી નાંખીશ. તેના વંશમાં હું કોઇને જીવતો રહેવા દઇશ નહિ. એને નિર્વંશ કરીશ! નિર્વંશ કરીશ!"

નારાયણદેવ સંસારને ધિઃક્કાર આપતા મનમાં ને મનમાં જ બોલ્યા: "અહાહા! દ્રવ્ય જેવી ક્ષુદ્ર વસ્તુને માટે મનુષ્યો કેવાં ભયંકર કૃત્યો કરી શકે છે? હરિ! હરિ! દ્રવ્ય લોભ એવો જ છે! એ દ્રવ્યને માટે સંસારમાં કેવાં કેવાં ભયંકર, શરીર કમ્પાવી દે તેવાં ભયંકર કાર્યો થાય છે! સ્વાર્થ અને લોભ! જગત્‌માં મ્હોટા મ્હોટા અપરાધીઓને દેશના રાજાઓ દેશનિકાલની અથવા ફાંસીની શિક્ષા કરે છે! પણ તમારા જેવા સંસારના એ મહાન અપરાધીઓને એવી ભયંકર શિક્ષા કરી તમને સમૂળ ઉખેડી નાંખવામાં આવતા નથી! જો એમ થાય તો જ સંસારમાં સ્વર્ગ સ્થાન થઇ રહે!" તેમણે આશ્ચર્યયુક્ત મુખે કહ્યું: "બસ, તેણે એટલું જ કહ્યું?"

દેવવ્રત: "એટલું જ કહ્યું કેમ? પાપીએ મ્હારા હાથમાંથી બાળક છિનવી લેવા માટે અને છિનવી લઇને બળતા અગ્નિમાં નાંખી દેવા માટે યત્ન કરવામાં જરા પણ બાકી રાખ્યું નથી."

નારાયણદેવ: "ત્યાર પછી?"

દેવવ્રત: "તેણે મ્હારા હાથમાંથી બાળક ઝુંટવવા સખ્ત બળ વાપર્યું. તેથી જ અગ્નિમાં બળેલા હાથને વધારે ઉઝરડા ભરાયા અને લોહીલુહાણ થયું. બીજો ઉપાય નહિ જોવાથી મ્હેં હરિલાલની છાતીમાં ઘણા જોરથી એક લાત મારી. તેથી હરિલાલ પૃથ્વી પર પડી ગયો. હું ત્યાંથી દોડી ગયો અને બાળકને તેની રડતી માતાના ખોળામાં સમર્પણ કર્યું. હરિલાલ પૃથ્વી ઉપરથી ઉઠી પુનઃ બાળકને છિનવી લેવા તેની માતા પાસે ગયો, અને તેની ટોળીના લુચ્ચા માણસોને પણ તેણે એની જ આજ્ઞા ફરમાવી. પરંતુ એ વખત બાળક તેની માતાના ખોળામાં આનંદપૂર્વક પડયું હતું. કોની મગદૂર કે તેની

પાસેથી બાળક છિનવી શકે? સિંહનું બાળક, ગુફામાં સિંહણની પાસે આશ્રય લેતું હોય ત્યાંથી રીંછ કદી પણ તેને લઈ જઈ શકે ખરૂ? સિંહણ પાસેથી રીંછ કદી પણ તેને લઇ જઇ શકે ખરૂં? સિંહણ પાસે રીંછના શા ભાર ? બાળકને ખોળામાં લઇ તેની માતાએ સિંહગર્જના કરી ચારે દિશાઓ કમ્પાવી મૂકી ! તેની પાસે કોઇ જઇ શકયું નહિ."

નારાયણદેવ: ! "એ તો ઘણું સારૂં થયું. પ્રભુએ નિર્દોષનું રક્ષણ કર્યું, પરંતુ વિપિન અને હરિલાલ વચ્ચે તકરાર થવાનું કારણ શું ?"

દેવવ્રત: "મહારાજ ! યુવાવસ્થા જેવી પ્રમત્ત અવસ્થા બીજી કઇ છે ? જુવાનીને દિવાની કહેવામાં આવે છે ! એ સમયે મનુષ્યનાં માતાપિતા તરફથી સન્તાનો ઉપર સખ્ત દેખરેખ રાખવામાં નથી આવતી તો તેઓ રખડેલ, ભટકેલ, મૂર્ખ, વ્યભિચારી, પ્રપંચી, જુઠું બોલી લોકોને ઠગનાર, ભોળાં મનુષ્યોને છેતરવાનો જ યત્ન કરનાર, અને કેફી થઈ જાય છે ! તેઓ અનેક પ્રકારે દ્રવ્ય મેળવી ઉડાવતાં શીખે છે ! એવું વિના પરિશ્રમનું દ્રવ્ય મેળવી તેમને મોજશોખ કરવાની કુટેવ પડી જાય છે. પછી ઘરમાં માતાપિતા કે સગાં અને સ્નેહિઓને ઉંધુ ચત્તું સમજાવી તેમને શાંત રાખે છે ! કેટલાક તો પોતાના પિતા, બંધુ કે સગાં સંબંધીઓ વકીલ કે અમલદાર હોય છે તો પછી અત્યાચારની હદ કરી મૂકે છે ! પોતાને ચારે તરફ "બદમાશ, લુચ્ચા, ઠગ" કહેવડાવી પોતાના પિતા પ્રપિતાની કીર્તિને કાળું કલંક લગાડે છે ! જો કે એવા વિશ્વાસપાતક ઠગારાઓને અંતે એક દિવસ સખ્ત શિક્ષા ભોગવવી જ પડે છે ત્યારે જ તેની શુદ્ધ બુદ્ધ ઠેકાણે આવે છે ! વિપિન અને હરિલાલનું પણ એવું જ થયું છે. એ બન્ને મિત્રોએ ભલા અને સરલ સ્વભાવના પ્રબોધચંદ્રને ઠગવા માટે કૉર્ટમાં તેના નામનું એક ખોટું હુકમનામુ કરાવ્યું. હરિલાલનો પિતા મુન્સફ સાહેબની કૉર્ટમાં સિરસ્તેદાર હોવાથી કૉર્ટમાં સર્વ તેનું માન રાખતા તેજ પ્રમાણે તેના પુત્રનું પણ બેલીફો કારકુનો વગેરે સર્વ માન રાખતા. એટલું જ નહિ પણ મુન્સફ સાહેબ સુદ્ધાં તેના ઢોંગી અને લુચ્ચા પિતાના ઉપર વિશ્વાસની નજરે જોતા ! એવા લાગવગથી જ વિપિન અને હરિલાલે પ્રબોધચંદ્ર ઉપર મુન્સફ

સાહેબ ના સમજે એવી ખુબીથી હુકમનામુ કરાવી લીધું. બન્ને વચ્ચે સરત થઈ હતી કે પ્રબોધનું ઘર જપ્ત કર્યા પછી તેને વેચી જે રૂપિયા આવશે તેમાંથી બન્નેએ અર્ધો અર્ધ વહેંચી લેવા ! પણ જ્યારે રૂપિયા આવે ત્યારે વિપિનની દાનત ભ્રષ્ટ થઈ! તે બધા રૂપિયા દબાવી પડયો અને હરિલાલને આડાં અવળાં નવાં નવાં બ્હાનાં બતાવવા લાગ્યો ! તેની આશામાં ધૂળ પડી ! અંતે રૂપિયાની બહુ ઉઘરાણી કરી ત્યારે વિપિને તેને તદ્દન ચોખ્ખો જવાબ દીધો કેઃ " તું મ્હારી પાસે રૂપિયા માંગતો જ નથી ! " તેથી જ બન્ને વચ્ચે તકરાર થઈ છે. મિત્રતા ટૂટી ગઈ છે. અંતે બન્ને વચ્ચે શત્રુતા બંધાઈ છે. "

નારાયણદેવ : " હરિ ! હરિ ! વગર મહેનતે પૈસા મેળવવાનો જુવાનીઆઓનો એ લોભ કેવાં કેવાં ભયંકર કૃત્યો કરાવે છે અને અંતે કેવું ભયંકર પરિણામ લાવે છે! નઠારાં કાર્યનું પરિણામ સારૂં કયાંથી આવે ! જે કાર્ય પ્રથમથી જ નઠારૂં છે તે સારૂં કદી પણ કહેવાય જ નહિ ! માતા પિતા બગડે ત્યારે યુવકો શા માટે ન બગડે ! માતાપિતાનું ચરિત્ર જોઇને જ યુવકો શીખે છે! "બાપ તેવા બેટા !" હરિલાલનો પિતા પ્રપંચી અને અસત્યવાદી હોય ત્યાં તેનો પુત્ર સત્યવાદી અને પવિત્ર હૃદયનો કયાંથી હોય ! તેમાં વળી દિવાની કૉર્ટમાં સિરસ્તેદાર ! અમલદારોમાં લાગવગવાળો ! ઓળખાણ પિછાનવાળો ! તેનો દુષ્ટ પુત્ર છાપરે છાપરે કુદે તેમાં નવાઈ શી ? ઉપરી અમલદારોમાં ઘણા એવા એ હોય છે કે જે પોતાના તાબાના નોકરોના કહેવાને વધારે વજન આપે ! પણ જો કોઇ સત્યપ્રિય અને ન્યાયી અમલદારો આવી ચ્હડે તો પછી તેના પ્રપંચી નોકરોની કેવી દુરાવસ્થા થાય ? ખરેખર, તેવા અસત્યવાદી, અહંકારી નોકરોની કુટેવ જ ભૂલાવી દે ! પરંતુ તે બધું ઇશ્વિરેચ્છા ઉપર આધાર રાખે છે ! પાપીઓનાં પાપનો ઘડો ભરાતો નથી ત્યાં સુધી તેવાં દુષ્ટ મનુષ્યોને શિખામણ મળતી નથી ! પ્રભુએ જે કર્યું તે સારૂં જ કર્યું છે ! પરંતુ દ્રવ્ય જેવી સામાન્ય વસ્તુને માટે મનુષ્યો એક બીજા સાથે કેવી ભયંકર શત્રુતા બાંધે છે તે બહુ આશ્ચર્યજનક જ કહેવાય ! આટલું બધું થવા છતાં મનુષ્યોને શિખામણ મળતી નથી ! "

દેવવ્રતઃ "પ્રભુ ! એ બન્ને મનુષ્ય ક્યારે છે કે એમને શિખામણ મળે ! તેઓ તો મનુષ્યના આકારમાં રાક્ષસ છે ! નરપિશાચ છે !"

નારાયણદેવઃ "જવા દો એ વાત. એમનાં કર્મનું ફળ એમને ઇશ્વર આપશે. ત્યાર પછી શું થયું તે કહો."

દેવવ્રતઃ "ઘરનો કેટલોક ભાગ બળીને ભસ્મ થયો. ઘણાં મનુષ્યોએ આવી ઓલવવા યત્ન કર્યો. પરંતુ આગ ઓલવાઇ નહિ. અંતે પોલિસ અને મ્યુનિસિપાલીટીનાં માણસો આવી પહોંચ્યાં. હરિલાલ અને તેની બદમાશ ટોળી ત્યાંથી પાછી ચાલી ગઇ !

નારાયણદેવઃ "એટલી વાર સુધી તમે શું કર્યું ?"

દેવવ્રતઃ "અગ્નિ ઓલવવા ચઢેલાં માણસોને ઉત્સાહ આપતો હતો, અને હું પણ છાપરે ચઢી અગ્નિમાં જળ રેડતો હતો. ત્યાર પછી હરિ કાકાની સેવા કરવામાં ગુંથાયો. પરંતુ હરિ કાકાને ચૈતન્ય આવ્યું નહિ, ત્યારે આઠ ભોઇઓને બોલાવી હરિકાકાને અહિં લાવ્યો."

નારાયણદેવઃ "ત્યાર પછીથી અત્યાર સુધીમાં હરિ કાકાને ચૈતન્ય આવ્યું જ નથી કે ?"

દેવવ્રતઃ "ના, મૃતવત્ જોઇને જ હરિકાકાને હું આ સ્થળે લાવ્યો છું. આપની કૃપાથી તેમને સારૂં થઈ જવાની મ્હને આશા છે. ભોઇ લોકો સપાટાબંધ વહન કરી પ્રથમ આવ્યા છે. મ્હારા હાથમાં સખ્ત દુઃખાવો થતો હોવાથી હું તેમની સાથે આવી શક્યો નહિ. ભોઇઓને કહ્યું હતું કેઃ આપનું નામ દઇને હરિ કાકાને આશ્રમમાં લઇ જઈ મૂકવા, ત્યાં આવ્યા પછી આપ યોગ્ય કરી લેશો એવી ખાત્રી હતી. એટલામાં હું આવી પહોંચીશ એમ ધાર્યું હતું પરંતુ કંઇને બદલે કંઇ થયું છે. મ્હેં આવીને જોયું તો આશ્રમનાં દ્વાર બંધ હતાં. ભોઈ લોકો ખાટલો પૃથ્વી પર મુકી પરસ્પર તકરાર કરતા હતા."

નારાયણદેવ મનમાં ને મનમાં જ બોલ્યાઃ "કેટલાએ સંસારમાં કેટલા પ્રકારની ભ્રાંતિ ઉપસ્થિત થાય છે તેની ગણત્રી ક્યાં ? એટલા માટે જ શાસ્ત્રકારોએ સંસારને માયા અથવા ભ્રાંતિ કહ્યો છે." તેમણે કહ્યુઃ "જે થવાનું તે થયું છે. દિવસની ગતિ અને મનુષ્યનો વિભ્રમ, અસમ્ભવિત

નથી. ભાવિ મિથ્યા થતું નથી." એમ કહી પ્રબોધ આપી નારાયણદેવે કહ્યુંઃ વારૂં, એક વાત પૂછવાની રહી જાય છે. હરિ કાકા ત્યાં શું કરવા ગયા હતા? પિતાનું જુનું ઘર નવું સુંદર બનાવ્યા પછી તેમણે તો તે વિપિનને અર્પણ કરી દીધું હતું. ત્યાર પછી તેઓ કદી પણ ત્યાં જતા નહોતા! તેમ છતાં અગ્નિ સળગ્યો તે વખતે ઓચિંતા ત્યાં ક્યાંથી જઈ ચઢ્યા!"

દેવવ્રતઃ "તે વાત મ્હેં પાછળથી સાંભળી છે. તેઓ વિપિનને પ્રબોધચંદ્ર સંબંધી ઠપકો દેવા ગયા હતા."

નારાયણદેવઃ "વિપિને તેમને શો ઉત્તર દીધો હતો?"

દેવવ્રતઃ "અસત્યવાદી, બદમાશ વિપિન પ્રથમ તો તેમનું સાંભળતો જ નહોતો! કેટલો યત્ન કર્યો ત્યારે તેણે તેમને આડું અવળું સમજાવી પ્રબોધનો જ વાંક બતાવ્યો, અને કહ્યું કેઃ "પૈસા ટકાના કામમાં કોઈની ભલામણ ચાલશે નહિ. તમે વચમાં પડશો નહિ, નહિ તો હું તમારૂં કહ્યું માનીશ નહિ! વળી તેણે કહ્યું. તમે સંસારમાંથી પેન્શન લીધું છે. હવે તમે હરિ નામનો જપ કરો બેઠા બેઠા! આટલી બધી ઉમ્મરે તમારે વિષય સમ્પતિની ચિન્તા શી? અમારી સંસારીઓની ખટપટમાં તમારે વચ્ચે પડવાની જરૂર શી?"

નારાયણદેવઃ "હરિકાકાને મ્હોડે તેણે એવું કહ્યું?"

દેવવ્રતઃ "હા, મહારાજ. જે યુવકો અસત્યવાદી, પ્રપંચી અને દુશ્ચરિત્રવાન થાય છે તેને ન્હાના મ્હોટાની કંઈ શરમ હોય છે ખરી? નહિ."

નારાયણદેવઃ "પછી હરિ કાકાએ તેને શું કહ્યું?"

દેવવ્રતઃ "તેમનાથી બને તેટલો ઠબકો દીધો અને છેવટે તેને સખ્ત ધમકી આપી, ઉંડો નિશ્વાસ મુકી, પોતાના દેવ જેવા પવિત્ર કુળમાં એક કુળ કંટક—રાક્ષસનો જન્મ થયેલો જાણી તેમણે અશ્રુપાત કરવા માંડયો. તેઓ નેત્રો લુછતાં લુછતાં બહાર ચાલ્યા ગયા!"

નારાયણદેવઃ! "કદાચ વિપિનના ભવિષ્યનું દુઃખદ પરિણામ ધારીને જ તેમને આંસુ આવ્યાં હશે! દુરાચરણી યુવકોનું ભવિષ્ય કદી પણ સારૂં નિવડે ખરૂં? તેમને એકને એક દિવસે માઠાં પરિણામ ભોગવવાં જ

પડે છે ! ભાઈ ! વાર્યું ના કરે તે યુવકો છેવટે હાર્યું કરે છે ! વારૂ પણ એ કયા દિવસની વાત ? "

દેવવ્રતઃ " જે રાત્રે હરિ કાકા આપણા આશ્રમમાંથી રવાના થયા તેને બીજે દિવસે પ્રાતઃકાળની."

નારાયણદેવઃ " તેઓ ત્યાં શી રીતે જઇ શક્યા ? વખત ક્યાં હતો ?"

દેવવ્રતઃ " હું જે અવસ્થામાં અને જે કારણે ગયો તે અવસ્થામાં અને તે કારણે હરિ કાકા પણ ગયા હતા. મ્હારા આવતાં પહેલાં થોડી વારે હરિકાકા સ્ટેશન નજીકના લીલાં ખેતરોમાં હવા ખાતા હતા, અને આશ્રમમાં આવવાની તૈયારીમાં હતા. ત્યાં તેમને અગ્નિના ભડકા જણાયા અને તતુડાં ફુંકાતાં સાંભળ્યાં, એટલે તેઓ શહેરમાં ચાલ્યા ગયા અને તપાસ કરતાં પોતાના જ જુના નિવાસ સ્થાનમાં, વિપિનને ઘેર અગ્નિ જણાયો. ત્યાર પછી જે બન્યું છે તે મ્હેં કહી સંભળાવ્યું છે. "

નારાયણદેવઃ " હરિ કાકાની આવી ભયાનક સ્થિતિ જોઈ વિપિન કાંઇ બોલ્યો કે ? "

દેવવ્રતઃ " એ વખતે વિપિન વ્યાકુલ ચિત્ત થઈ ગયો હતો. તેને બધી વાત યાદ આવી. મ્હોટાભાઇનો ઠમકો યાદ આવ્યો. તેણે કરેલાં પ્રપંચ, પાપનાં કૃત્યો યાદ આવ્યાં ! તેને બહુ પશ્ચાત્તાપ થવા લાગ્યો ! આજે જાણે કુદરતે તેના કાન મરડી, છાતીમાં મુક્કી મારી બોધ આપ્યો હોય એમ જણાતું હતું ! તેના મુખ ઉપરથી તેને ઘણી આત્મગ્લાનિ થતી હોય એમ જણાય છે. તે હરિ કાકાની પાસે જ ઉભો હતો, પણ શું કરે ? અમે તેને સમજાવી ત્યાંથી દૂર કર્યો અને હરિ કાકાને લઈ આશ્રમ તરફ ચાલ્યા આવ્યા. "

પ્રકરણ ૨૬ મું.

ઉપચાર.

વૈદ્યરાજે અનેક ક્ષણ પર્યંત હરિ કાકાના શરીરની પરીક્ષા કરી. વારંવાર એકત્રિશ વખત નાડીની ગતિ જોઈ. અંતે કહ્યું: "બચવાની આશા નથી એમાં તો સંદેહ જ નહિ. તેમ છતાં હજી થોડો થોડો પ્રાણવાયુ જણાય છે."

પ્રાણવાયુ થોડો થોડો વહે છે એમ જાણી હૃદયમાં આશાનો—ઉત્સાહનો સંચાર થયો. નારાયણદેવે ઉત્સાહના આવેગમાં કહ્યું: "ત્યારે શું હરિ કાકાને પુનઃ જીવન પ્રાપ્ત થશે ? વૈદ્યરાજ ! જુવો જુવો હરિ કાકાને જીવનદાન આપી શકાય તો એથી વિશેષ શ્રેષ્ટ કાર્ય કોઈ નથી."

વૈદ્યરાજ: "મહારાજ ! આપ સર્વ કરવા સમર્થ છો. આપ જાણો છો કે જીવન મરણ ઇશ્વરાધિન છે, તેમ છતાં આપના જેવા યોગીઓ ધારે તે કરી શકે એમ છે. અમે તો ક્ષુદ્ર, આપનાં બાળક છીએ. આપ કૃપા કરી એમને જીવનદાન આપો."

નારાયણદેવ: "એ સત્ય પણ નિમિત્ત જોઇએ. સમજ્યા વૈદ્યરાજ ? યત્ન કરો. ફળિભૂત થશે. આપનું ઔષધ અમૃત સમાન ગુણકારક થશે. યત્ન કર્યાથી ગમે તેવાં અસાધ્ય કાર્ય કરી શકાયાં છે. તમે શાસ્ત્રજ્ઞ છો. આજકાલ ઢોંગી અને લુચ્ચા ઠગારા લોકો વૈદ્યોનું નામ ધારણ કરી બેઠા છે તેવાં તમે નથી."

વૈદ્યરાજ: "આપ સર્વજ્ઞ છો. સર્વાન્તરયામી છો. મ્હને નિમિત્ત બનાવી મ્હારી ઔષધીમાં અમૃત ભરશો તો પછી બાકી શું રહેશે પ્રભુ ? આપ દયાળુ છો. દયાના સાગર છો. જેના પર દયા કરો તેને અભયદાન આપી શકો એમ છો. આપ જ વિધાતા છો. વિધાતાના લેખમાં ફેરફાર

કરવાનું આપનામાં સામર્થ્ય છે. આપ સાક્ષાત્ ઇશ્વર તુલ્ય છો."

નારાયણદેવ: "ત્યારે શું હરિ કાકાને હમણાં અહિં જ રહેવા દઇએ કે આશ્રમમાં લઇ જઇએ ?"

વૈદ્યરાજ: "થોડી વાર પછી. અત્યારના મધુર વાયુમાં થોડી વાર સુધી એમને એમ જ રહેવા દો. તેમને મૂર્છા થઈ છે. મૂર્છા ભંગ થયા પછી ઔષધ આપવાનો યત્ન કરીશું. બળી ગયેલા શરીર ઉપર પેલાં સફેદ પાંદડાંનો રસ ચોળી દો. હું અને દેવવ્રત બન્ને એમની સેવા કરીશું. ઇચ્છા હોય તો આપ પરિણામ જોવા માટે થોડી વાર ઉભા રહો. પરંતુ બીજા સર્વે મનુષ્યોએ, કોલાહલ બંધ કરી પોતપોતાને સ્થાને ચાલ્યા જવું જોઇએ."

એટલું કહી અન્ય સર્વે મનુષ્યોને વિદાય કરી, વૈદ્યરાજ અતિ સાવચેતીથી ધીમે ધીમે શ્રી હરિ ચતુર્વેદી અથવા હરિ કાકાની સેવા કરવા ગુંથાયા. તેમણે હરિ કાકાને શરીરે જ્યાં જ્યાં દઝાયું હતું ત્યાં એક પ્રકારની વનસ્પતિના સફેદ પાંદડાંનો રસ હલકે હાથે ચોપડયો. દેવવ્રતના ફોલ્લાઓ ઉપર પણ તેજ પાંદડાંનો રસ ચોપડવામાં આવ્યો.

પ્રકરણ ૨૭ મું.

કયો આશ્રમ સારો ?

નિત્ય નિયમ પ્રમાણે રાત્રે આશ્રમના સર્વે બ્રહ્મચારીઓ—સન્યાસીઓની સભા મળી છે—આજે પ્રશ્ન થયો છે કે: "મનુષ્યે કયો માર્ગ અવલમ્બન કરવો જોઇએ ?" સુખ—શાંતિની આકાંક્ષા રાખવામાં આવે તો સંસારી મનુષ્યે કયો આશ્રમ ગ્રહણ કરવો ? ગૃહસ્થાશ્રમ કે સન્યાસ્તાશ્રમ ? એ બેમાંથી કયો ?"

ચર્ચા ચાલી કે: સંસાર કે સન્યાસ, એ બેમાંથી કયો આશ્રમ પવિત્ર? કયો આશ્રમ પુણ્યપ્રદ ? અને કયો આશ્રમ સુખ—શાંતિનું નિકેતન ? સુખ શાંતિનું લીલા ધામ કયું ?

બે પક્ષ ચર્ચા ચલાવવા લાગ્યા. બન્ને પક્ષમાં બે વિષયની સ્તુતિ થવા લાગી. પરસ્પર વાદવિવાદ ઉપસ્થિત થયો.

પ્રથમ સંસાર–ગૃહસ્થાશ્રમ સંબંધી ચર્ચા ચાલી. સંસારમાં સ્નેહ છે, પ્રેમ છે, દયા છે, માયા છે, તેથી સંસાર–ગૃહસ્થાશ્રમ એજ સુખ–શાંતિનું ધામ સિદ્ધ કરવામાં આવ્યું.

ત્યાર પછી સન્યસ્તાશ્રમની ચર્ચા ચાલી. સન્યસ્તમાં કુટિલતા નથી, પ્રપંચ નથી, લોભ નથી, મિથ્યાનું રાજ્ય નથી. તેથી સન્યસ્તને જ ઉત્તમ આશ્રમ ગણી તેનો જ પક્ષ લેવામાં આવ્યો.

બે પક્ષમાં બે પ્રકારના મત હતા. યુક્તિ અને તર્ક એ બન્ને પક્ષમાં પ્રબળ હતા. કોઈ પક્ષે પરાજય કબૂલ કર્યો નહિ. પ્રશ્ન કઠિન થઈ પડયો. અંતે તેનો નિર્ણય કરવાનું કામ નારાયણદેવ ઉપર આવી પડ્યું.

જેઓએ પ્રથમ પક્ષ ધારણ કર્યો હતો તેમને સમજાવવા માટે–સંસારની પ્રીતિ, પ્રેમ, માયા, દયાનું ગૂઢ રહસ્ય બતાવી આપવાની ધારણાથી–નારાયણદેવે પ્રથમ એક વાર્તા કહી. તેમણે કહ્યુંઃ સાંભળોઃ—

(૧)

એક ગુરૂ શિષ્યની વચ્ચે ઘણા દિવસ થયાં સંસાર અને સન્યાસ સંબંધી પ્રશ્નોત્તર ચાલતો હતો. શિષ્ય કહે છે કેઃ "ગુરૂદેવ! સંસાર–ગૃહસ્થાશ્રમ–એજ પવિત્ર આશ્રમ છે. સંસારમાં કેવો પ્રેમ, કેવો સ્નેહ, કેવી સરલતા! એવી દયા, માયા, સ્નેહ, મમતા જે સ્થળે છે તે ઈશ્વરને લીલા કરવાનું જ સ્થાન છે. ચિર આનંદ ત્યાં નથી તો પછી છે ક્યાં? પત્નીનો પ્રેમ, પુત્રની ભક્તિ, પિતા માતાનો સ્નેહ, મિત્ર બાંધવોનો આનંદ, એ બધી સ્વર્ગીય વસ્તુ છે! એના મ્હો આગળ દેવ! સન્યાસનો પત્તો ક્યાં લાગે કહો જોઉં? સન્યસ્તમાં એમાંનું કશું નથી. તે સર્વ લુખું, ફીકું!" સંસારની પ્રીતિ–પ્રેમનાં ઉદારણ કહેતાં શિષ્યે વળી પણ કહ્યું કેઃ "મહારાજ! હું ઘણા દિવસથી સન્યસ્ત–ધર્મ ગ્રહણ કરવા તૈયાર થઈ રહ્યો છું પરંતુ મ્હારા પ્રત્યે મ્હારા કુટુંબીજનોનો કેટલો બધો પ્રેમ છે? કેટલી બધી માયા મમતા છે? જ્યાં હું સન્યસ્ત દિક્ષા લેવાની વાત કરૂં છું કે તુરત તે

બધાં મ્હારી સાથે ભગવાં વસ્ત્રો પહેરવા તૈયાર થઈ જાય છે ! તેઓ કહે છે કેઃ "ત્યારે અમને પણ સાથે લઈ જાઓ. અમારે અહિં રહીને શું કરવું છે ? જેવી તમારી સ્થિતિ તેવી અમારી. તમારી સાથે વનમાં રહી તમારી સેવા શુશ્રૂષા કરી અમારા જીવનનું સાર્થક્ય કરીશું." ગુરૂદેવ ! વિચાર કરી જુવો. સંસારનું સુખ ભોગવવાનું ત્યાગ કરી તેઓ મ્હારે માટે સન્યાસ લઈ વનવાસી થવા અને ફલમૂલનો આહાર કરી અનેક કષ્ટ સહન કરી જીવન ધારણ કરવા તૈયાર થઈ જાય છે. ત્યારે ગુરૂદેવ ! ગૃહસ્થાશ્રમ કરતાં સન્યસ્તાશ્રમને કેવી રીતે મ્હોટો કહેવો ? કેવી રીતે તેને વિશેષ સુખદાયક કહેવો ? મ્હારા અભિપ્રાય પ્રમાણે તો ગૃહસ્થાશ્રમ એજ શ્રેષ્ઠ આશ્રમ છે."

શિષ્યના ઉપરોક્ત શબ્દો સાંભળી ગુરૂદેવ મનમાં ને મનમાં જ હસ્યા. તેમણે કહ્યુંઃ "શિષ્ય ! ગૃહસ્થાશ્રમ સારો કે સન્યસ્તાશ્રમ એનો નિર્ણય કરવાનું કામ કંઇ સહેલું નથી ! તે સંબંધી ઘણું વિવેચન કરી શકાય, પરંતુ આજે તે બધું સમજાવવાનો વખત નથી. છતાં વત્સ ! મુખ્ય વાત એટલી જ ધ્યાનમાં રાખવી કે કર્મનું ફળ એજ જીવમાત્રનું ભાગ્ય રચે છે. કર્મને લીધેજ, આ સંસારમાં રહેવા છતાં પણ ભગવાનનો કૃપા પ્રસાદ, અનાયાસે મેળવી શકાય છે. માત્ર વનવાસી થઈ ફળમૂળનો આહાર કરી કઠોર સન્યસ્ત ધર્મ પાળવાથીજ તેને મેળવી શકાતો નથી, પરંતુ સંસારના જે મોહ માયાએ તને મધુર લોભ બતાવી આટલો બધો મુગ્ધ કરી દીધો છે, તેનું ગુપ્ત રહસ્ય આજે હું તને સ્પષ્ટ કરી બતાવીશ. ત્યારે જ તું જોઈ શકશે કે સંસારના પ્રેમ, સ્નેહ, દયા માયા એ સર્વ મનુષ્યથી કેટલાં વેગળે છે ? તને બતાવીશ કેઃ સંસારમાં "ત્હારૂં" કોણ છે ! તને બતાવીશ કે સંસારમાં ત્હારે સુખે દુઃખે કોણ સુખી દુઃખી છે ?"

એટલું કહી ગુરૂદેવે શિષ્યનો હાથ પકડી એક ઔષધની ગોળી આપી અને કહ્યુંઃ "આ ગોળી હમણાં ખાઇ જા, અને ઘેર જઈ પથારીમાં સુઈ જજે. એ ગોળી ખાવાથી ત્હારા શરીરમાં સંપૂર્ણ રીતે સખ્ત તાવ જણાશે. નાડી બંધ થઈ જશે. લોકો જાણશે કેઃ હવે ત્હારૂં મૃત્યુ થવામાં વિલંબ નથી. તને જોઈને સર્વ વૈદ્ય ડાકટરો અને હકીમો પણ નિરાશ થઈ જશે.

મવે તને કહેશે કે: "હવે તું બચશે નહિ." એવું કહે ત્યારે તું એક વખત મ્હને બોલાવવા મોકલજે. ત્યાર પછી જે કાંઇ કરવાનું હશે તે બધું હું કરી લઇશ. ત્હારા ઘરનાં સર્વ મનુષ્યો મ્હને ઓળખે છે. સર્વે મ્હને નમન કરે છે. સર્વેને મ્હારા ઉપર વિશ્વાસ છે. મ્હારી યોગ ક્રિયાના બળવડે વ્યાધિથી પિડાતા મનુષ્યનો વ્યાધિ સત્વર દૂર થાય છે તે પણ સર્વે જાણે છે. તેથી તું મ્હને બોલાવવાનું કહેશે એટલે તુરત જ તેઓ મ્હને તેડી જશે."

શિષ્યે કહ્યુંઃ "બહુ સારૂ મહારાજ." શિષ્ય ગુરૂ મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવા ગૃહસ્થાશ્રમની પરીક્ષા લેવા–તૈયાર થયો. શિષ્યે ગુરૂદેવે આપેલી ગોળીનું સેવન કર્યું અને ઘેર જઈ પથારીમાં સૂતો.

(૨)

ઘરનો માલિક પથારીએ પડયો છે. તેને સખ્ત તાવ ભરાયો છે. ડાકટર પર ડાકટર, વૈદ્ય ઉપર વૈદ્ય, હકિમ પર હકિમ આવે છે. ઔષધ અપાય છે. ઘરમાં ધામધૂમ થઇ રહી છે, પણ તેની બચવાની આશા નથી. કુટુંબી જનોનાં મ્હોં ઉતરી ગયાં છે. કોઇએ અન્નની, કોઇએ દુધ દહીંની, કોઇએ ઘી ખાંડની અને કોઇએ ભાતની બાધાઓ લીધી છે. પત્ની, પુત્ર, અને પુત્રીએ અનેક દેવદેવીઓની માનતા માની છે, અને પુત્રના નેત્રમાંથી આંસુની ધારાઓ ચાલી જાય છે. તેમના હૃદયમાં ફટફડાટ થઈ રહ્યો છે! કહો કે તેમના જીવ ઉડી ગયા છે! કંઇને બદલે કંઈ કામ કરી બેસે છે. તેમનો જીવ આજ ઠેકાણે નથી! કારણ ઘરનો મૂળ પુરૂષ મરણની પથારીએ પડયો છે!

આ સમયે શિષ્યે બરાબર લાગ જોઈ સર્વેને કહ્યુંઃ "તમે એક વખત મ્હારા ગુરૂદેવને બોલાવી લાવો. હું ધારૂં છું કે હવે અંતને સમયે તેમના ઔષધ શિવાય મ્હને સારૂં થશે નહિ. જો તેઓ બચાવશે તોજ બચી શકીશ, નહિ તો હવે બચવાની આશા નથી. નહિ બચાય તો કશી ચિંતા નથી પરંતુ શ્રી ગુરૂદેવનાં ચરણ–દર્શન કરતાં કરતાં મરણ પામીશ તો મ્હારા જીવને શાંતિ મળશે. એવા મરણથી મ્હને અતિ આનંદ થશે."

તેના એ શબ્દો સાંભળી કુટુંબનાં સર્વ મનુષ્યોનાં નેત્રમાં આંસુ આવી

ગયાં. સર્વ તેને જીવાડવા વ્યાકુલ થઈ રહ્યાં હતાં. તેથી ગુરૂદેવને સમાચાર પહોંચતાં વિલંબ થયો નહિ.

(૩)

થોડી વારમાં ગુરૂદેવને શિષ્ય સમીપ લાવવામાં આવ્યા. પરંતુ આ કેવી દારૂણ અગ્નિ જેવી પરીક્ષા! ગુરૂદેવે શિષ્યના આત્મીય–સ્વજન અને પુત્ર–કન્યા વગેરે સર્વને કહ્યું કેઃ “ હું એને અવશ્ય બચાવી શકીશ, પરંતુ રોગનું ઔષધ બહુ મોંઘુ અને વિચિત્ર છે. એ ઔષધ મેળવી આપે એવું સંસારમાં હું કોઇને જોતો નથી.”

ગુરૂદેવની વાત સાંભળતાં જ સર્વ બોલી ઉઠયાં. પુત્ર કન્યા સર્વેએ કહ્યુંઃ “એવું તે કેવું ઔષધ છે, એવું તે કેવું મોઘું અને વિચિત્ર છે ? કેમ અમે તે નહિ લાવી આપીએ ? આપ કહો એટલી જ વાર ! અમે તુરત જ લાવી આપીશું. પ્રાણનું બલિદાન આપીને પણ તે લાવી હાજર કરીશું. તે માટે આપ ચિન્તા શા માટે કરો છો મહારાજ ? કહો, ઝટ કહો.”

સ્મિત હાસ્ય કરી ગુરૂદેવે ઉત્તર દીધોઃ “ પ્રાણનું બલિદાન આપીને પણ તમે તે ઔષધ લાવી આપશો ? વારૂં, ત્યારે ઠીક. જો તેમ કરી શકો તો જરૂર મ્હારો શિષ્ય બચી જશે. બારણા પાછળ ઉભેલુ તેનું મરણ પાછું જશે ! એ હું ખાત્રીથી કહું છું. તમે તે ઔષધ લાવી આપશો તે છતાં પણ જો હું એને નહિ બચાવી શકું તો હું પણ આ સ્થળે મ્હારા પ્રાણ ત્યાગ કરીશ. પ્રતિજ્ઞા કરૂં છું. લાવો, ચાલો, તમે તે ઔષધ લાવી આપો જોઉં. ”

“ લો, આ કાગળ અને કલમ લો. કઈ કઇ વસ્તુઓ લાવવી તે લખી આપો. અમે ક્ષણ વારમાં તે લાવી હાજર કરીશું. તેને માટે તમારે જરા પણ ચિંતા કરવી નહિ. ” શિષ્યના કુટુંબનાં સર્વ મનુષ્યોએ એ પ્રમાણે ગુરૂદેવને કહી છાતી ઠોકી હિમ્મત બતાવી.

ગુરૂદેવે ગંભીર મુખે શિષ્યને માટે ઔષધનાં નામ લખવા માંડયાં. થોડી વાર કંઇક લખ્યા પછી કહ્યુંઃ “ લો, આ કાગળ સત્વર ઔષધ લાવી આપો. સત્વર ઔષધ નહિ આપીએ તો શિષ્યના પ્રાણ બચશે નહિ. પછી મ્હારે

માથે જોખમ નહિ." ગુરૂદેવના એ શબ્દો સાંભળી કુટુંબનાં સર્વે મનુષ્યો ઔષધનાં નામ વાંચવા લાગ્યાં.

પરંતુ થોડી વાર પછી કેવું વિપરીત દ્રશ્ય જણાય છે! જુવો તો ખરા! એક વખત, બે વખત, ત્રણ વખત, તેનો તે જ શબ્દ વંચાય છે! ગુરૂદેવે આ શું લખ્યુ છે વારૂ? છેલ્લી ઔષધીમાં લખ્યું છે કેઃ "શિષ્યના કુટુંબમાંથી કોઈ મનુષ્ય પોતાની છાતી ચીરી પાશેર લોહી આપી શકે તો જ શિષ્ય બચી જાય." આ શું? આ કેવું ભયાનક ઔષધ? ગુરૂદેવે કંઈ ભૂલ તો કરી નહિ હોય? ના, ના, સર્વની મૂર્છા ભંગ થઈ! સર્વનાં મ્હો ઉતરી ગયાં. સર્વે નીચું જોઈ રહ્યાં!

પરંતુ હજી ગુરૂદેવ તેમને છોડે તેમ ન હતું. તેમણે કહ્યુંઃ "પ્રથમથી જ કહ્યું છે કે તે ઔષધ તમે લાવી શકશો નહિ! જો તમે તે નહિ લાવો તો નક્કી શિષ્યના પ્રાણ બચશે નહિ. તેનું મરણ થશે."

ગુરૂદેવે થોડી વાર વાટ જોયા પછી શિષ્ય–પુત્રને કહ્યુંઃ "વત્સ! તું ત્હારા પિતાનો યોગ્ય પુત્ર છે. તેણે ત્હારૂં લાલન પાલન કરી ત્હને વિદ્યાભ્યાસ કરાવ્યો છે. તેણે તને અજ્ઞાનાવસ્થામાંથી જ્ઞાનદાન આપી મનુષ્ય બનાવ્યો છે. અત્યારે તું દ્રવ્ય કમાય છે, ત્હારી આબરૂ છે. તું ન હોય તો ત્હારા પિતાને કોણ બચાવી શકે એમ હતું? પુત્રની એજ ફરજ છે! પિતૃભક્ત પુત્રની ફરજ છે કે તેણે પિતાને માટે પ્રાણ–દાન દેવું. લાવ, ત્હારી છાતીમાંથી થોડું લોહી કાઢી લેવા દે. તેમ થવાથી ત્હારા પિતાનું રક્ષણ થશે. વત્સ! પિતાના પ્રાણનું રક્ષણ કરવા માટે પુત્ર પ્રાણ–દાન કરે તો તેનાથી શ્રેષ્ઠ કાર્ય બીજું શું હોઈ શકે? લાવ, ચાલ, તૈયાર થા."

પરંતુ પુત્ર, નિરૂત્તર! તે સ્તબ્ધ થઈ પૃથ્વી તરફ જોતો ઉભો છે. તેના મસ્તકમાં અનેક વિચારોની ઉથલ પાથલ થઈ ગઇ છે. થોડી વાર પછી તેણે કહ્યુંઃ "પ્રભુ! એમ તે કંઇ બની શકે? પિતા વૃદ્ધ થયા છે. એ તો ચાર દિસસ પછી મરવાના જ છે ત્યારે પછી એવા એક જીર્ણ શરીરને માટે મ્હારૂં યૌવન–મ્હારૂં નતન રસભર્યું જીવન–શા માટે ગુમાવવું? એમની ગેરહાજરીમાં સંસારનો ભાર હું ઘણાં વર્ષ ચલાવી શકીશ. પણ મ્હારા મર-

સુધી પિતાથી કશું થઈ શકે એમ નથી, એ તો આપ પણ કબૂલ કરશો. એમના શરીરમાં શક્તિ નથી, પગમાં બળ નથી, હૃદયમાં ઉત્સાહ નથી, ચામડી લબડી ગઈ છે, દાંત પડી ગયા છે, નેત્રો ઝાંખા થયાં છે ! કાન સાંભળતા નથી. એમનો મોહમાયામાં ગુંચાઈ રહેલો જીવ પરાણે પરાણે જીવન ધારણ કરી રહ્યો છે, અને હું ? હજી લોહીમાંસથી ભરેલું શરીર છે, હજી સ્મરણ શક્તિ, અને ઉત્સાહ તાજાં છે. હજી કામ કરવાનું બળ અખંડ છે. હજી સ્ત્રીપુત્ર પરિવાર સાથે સંસાર માંડવો છે. હજી જગતનાં અનેક સુખ વિભવ ભોગવવાં છે ! મહારાજ ! મ્હેં હજી જગતમાં શું દીઠું છે ? અને આ પેલી ઉભેલી મ્હારી નવીન સુંદર યુવતી પત્નીએ પણ શું દીઠું છે ? હજી અમારા બન્નેના મનમાં નવીન આશા, અને નવીન પ્રેમ રમ્યાં કરે છે ! હજી અમારે જગતમાં બહુ કરવાનું છે, પિતા બધું કરી ઉતર્યા છે. ગુરૂદેવ ! બીજું જે કહો તે લાવી આપું પણ એ વાત કહેશો નહિ ! હને તો શું પણ મ્હારી પત્નીને પણ કહેશો નહિ મહારાજ ! ક્ષમા કરો.”

ત્યાર પછી તેમણે શિષ્ય કન્યા તરફ ફરી કહ્યું: “વત્સ ! ત્હારા પિતાએ ત્હારે માટે કેટલું બધું કષ્ટ કર્યું છે ? અનેક કષ્ટ વેઠીને ત્હને સારે સ્થળે કન્યાદાન દીધું છે. ત્હારા પતિને માટે અનેક ઠેકાણે ભલામણો કરીને તેને સારી નોકરી અપાવી છે. ત્હારા સસરાનું પાંચ પૈસાનું દેવું હતું અને માગનારાઓ તેનું ઘર લઇ જતા હતા તે ત્હારા પિતાએ દેવું ભરી આપી તમને ઘર બ્હારવાળાં બનાવ્યાં છે. ત્હારા પુત્ર પુત્રીઓને અહિં રાખી પાળી પોષી ઉછેરી તેમને વિદ્યાદાન આપ્યું છે. એટલું જ નહિ પણ હવે હારૂ ઘર ચલાવે એવી પુત્ર–વધૂઓ ત્હારે ઘેર આવી રહી છે. ત્હારા ઉપર પેતાના ઉપકાર કંઇ જેવા તેવા નથી. બેટા ! પિતાને કાં તો સુપુત્ર હોય કે સુકન્યા હોય તો તે તેનું રક્ષણ કરે છે ! હવે ત્હને સંસારમાં શેની અપેક્ષા છે ? મ્હારી ખાત્રી છે કે તું ત્હારા પિતાની જીંદગી બચાવવા ત્હારી છાતીમાંથી લોહી કાઢી આપશે જ.”

ગુરૂદેવના એ શબ્દો સાંભળી કન્યાએ જરા મ્હોઢું મચકોડયું, અને નિરૂત્તર થઇ ઉભી રહી. તેણે મનમાં ને મનમાં જ કહ્યું: “મ્હારા પુત્ર પતિ

જીવતા રહે. મ્હારે બીજાની શી જરૂર છે? પિતાને ઘેર હાથી ઝૂલતા હોય તોયે તે પુત્રીને શા કામના? તેને તો ઝુંપડામાં નિવાસ કરતો-ભિક્ષા માગતો પતિ-પુત્ર હશે તો લાખ્ખો રૂપિયા! મ્હારે ક્યાં બારે દહાડા પિતાના રોટલા ખાવા છે? જેને એમના રોટલા ખાવા હોય અને જેને એમની પુંજી વાપરવી હોય તે છાતીમાંથી લોહી કાઢી આપે! મ્હારે તેમની પુંજી વાપરવીએ નથી ને લોહી આપવુંએ નથી!"

કન્યાને નિરૂત્તર જોઈ ગુરૂદેવે તેના મનનો મર્મ કળી લીધો. ત્યાર પછી તેમણે શિષ્યપત્નીને પૂછ્યું: "દેવી! જગતમાં સર્વત્ર પરીક્ષા ચાલી રહી છે. તમે મ્હારા શિષ્યનાં સહધર્મિણી છો. તેમણે તમારો હસ્તમેળાપ કર્યો ત્યારથી અનેક પ્રકારનાં લાડ લડાવ્યાં છે. તમને મ્હોં માગ્યા વસ્ત્રાલંકાર આપી ખુશી રાખ્યા છે. તમે જળ માગ્યું હશે ત્યાં તેમણે તમને દૂધ પાયુ છે. શાસ્ત્રમાં સ્ત્રીઓને માટે પતિ એજ ઇશ્વર મનાય છે. તમે અત્યાર સુધી એવું માનતાં આવ્યાં છો. તમે સુખ દુઃખમાં, સંપદ વિપદમાં સાથે ને સાથે રહ્યાં છો. તેમણે અનેક પુણ્યદાન કર્યા છે તેમાંથી તમને ભાગ મળે એમ છે. તમે અનેક પ્રકારના સુખ ઉપભોગ ભોગવી ચૂક્યાં છો. ઘરમાં મ્હોટા મ્હોટા પુત્ર અને પુત્ર વધૂઓ સંસાર-રાજ્ય ચલાવી રહ્યાં છે. હવે તમારે શી આશા અને શો લોભ છે? ચાલો, લો, આ તીક્ષ્ણ છરી, અને તમારી છાતીમાંથી થોડું લોહી કાઢી આપો. તમારો ઇશ્વર-તમારો પરમાત્મા-તમારા સુખ દુઃખનો ભાગીદાર, હમણાંજ પથારીમાંથી બેઠો થઇ જશે. તમારૂં સૌભાગ્ય અખંડ રહેશે. સંસારમાં "વિધવાપણા"નું મહાન દુઃખ કહેવાય છે તે તમારે ભોગવવું પડશે નહિ. ઉતાવળ કરો.

પ્રૌઢવયની શિષ્ય પત્ની ગુરૂ મહારાજના ઉપલા શબ્દો સાંભળતી હતી. તે પ્રથમથીજ મ્હોં સંતાડી રડતી આક્રંદ કરતી હતી. તે તો કહેતી હતી કે: "તમે તો જવા બેઠા પણ મ્હારૂં શું કર્યું? તમારા ગયા પછી છોકરાઓ મ્હારા હાથમાં નહિ રહે. તમને આટલી ઉમ્મરમાં આવું થશે એવું હું કદી પણ ધારતી નહોતી! ઓ જગદીશ્વર! શું તમારા મનમાં આવું જ હતું! હું અભાગિણી! મ્હારા નસીબમાં સુખ ક્યાંથી હોય!" ગુરૂદેવના

શબ્દો સાંભળી રહ્યા પછી તેણે મનમાંજ કહ્યું: " મ્હારાં પુત્ર–પુત્રીઓનું કલ્યાણ થાવ. છોકરાં જીવતાં રહેશે તો પછી મ્હારે બીજું શું જોઇએ છે! સુખેથી પેટ તો ભરાશે? હવે પછી એજ મ્હારૂં સર્વસ્વ. હવે પ્રભુ ભજન કરી આનંદે જીવન ગુજારીશું."

સ્ત્રી, પુત્ર, કન્યા સર્વનો એકજ ઉત્તર. થોડી વાર પહેલાં ઔષધનો સંગ્રહ કરવા જે લોકો ઉતાવળાં થઈ રહ્યાં હતાં, અને ગૃહસ્વામીનો જીવ બચાવવા આતુર થઇ અતિશય આગ્રહ કરી રહ્યાં હતાં તેજ સર્વે, ઔષધની વ્યવસ્થા સાંભળીને અને તેમાં પણ છાતી ચીરી થોડું લોહી રેડવાની વાત જાણીને સર્વ સ્તબ્ધ–ચકિત થઈ ગયાં! જે કુટુંબી જનોને થોડી વાર પહેલાં ગૃહસ્વામીને બચાવવાની કાળજી હતી તે હમણાં ઠંડાં ગાર થઇ ગયાં! અરે! તેનો જીવ જાય તો ભલે જવા દો! એવું મનમાં કહેવા લાગ્યાં.

(૪)

શિષ્ય સમીપ ઉભા રહી ગુરૂદેવે કહ્યું: "વત્સ! શું કરૂં? જ્યારે ત્હારા ઘરનાં કોઈ છાતી ચીરી થોડું લોહી આપી શકતાં નથી ત્યારે હવે મ્હારે છેવટે કંઇ બીજો ઉપાય કરવો પડશે." એમ કહી તેમણે કંઇક ઔષધ તેના મુખમાં મૂક્યું. ક્ષણ વાર પછી શિષ્ય રોગ મુક્ત થઇ સ્થિર નેત્રે ગુરૂદેવના સ્હામુ જોવા લાગ્યો. તેમણે કહ્યું: "વત્સ! કેમ તેં જોયું? ગૃહસ્થાશ્રમની દયા, માયા, પ્રેમ, સ્નેહ જોયો? ત્હારી સ્ત્રી, પુત્ર, કન્યાનો ત્હારા ઉપર કેટલો પ્રેમ છે તે તેં જોયો? આ સંસાર કેવો છે તે તેં જોયો? તેં જોયું કે કોણ ત્હારો સંગ કરે એમ છે? તેં જોયું કે કોણ ત્હારી સેવાનો બદલો વાળે એમ છે? તું નિત્ય ગૃહસ્થાશ્રમની સ્તુતિ કરતો હતો અને સંસારના પ્રેમ, સ્નેહ, અને ભક્તિને સ્વર્ગીય વસ્તુ જાણતો હતો તેજ બધાંની તે પરીક્ષા જોઇ! વત્સ! એજ ત્હારો ગૃહસ્થાશ્રમ કે? એજ ત્હારાં પુત્ર, કન્યા અને સ્ત્રી કે? તું કહેતો કે એ બધાં ત્હારી સાથે સન્યાસી થવા, અને ત્હારા કષ્ટમાં ભાગ લેવા, અને ત્હારી સેવા કરવા તૈયાર થાય છે તે આ રીતે કે? વત્સ! ત્હારી પ્રિય પત્ની, ત્હારો પ્રાણાધિક પુત્ર, ત્હારી પ્રિયતમા કન્યા, તેમાંનું કોણ ત્હારી સાથે કષ્ટ વેઠવા

તૈયાર થાય એમ છે ? ના, ના. તેઓ ત્હારી સંગતિ કરી શકે જ નહિ, જેઓ તારી સાથે વનવાસી થવા ચ્હાતાં હોય, જેઓ ત્હારી સાથે કષ્ટમાં ભાગ લેવા ચ્હાતાં હોય, જેઓ ત્હારી સેવા કરવા ચ્હાતાં હોય, અને જેઓ ત્હારે માટે પ્રાણુ આપી ત્હારા પ્રાણુ બચાવવા ઔષધ સંગ્રહ કરવા ચ્હાતાં હોય તે શું આવાં હોય કે ? ના, ના, એ તેઓ ન હોય ! કદાચ તું માર્ગ ભૂલી જઈને આ કોઇ બીજાના ઘરમાં આવ્યો હોઇશ ! કદાચ કોઇ મોહિનીમંત્ર વડે મુગ્ધ થઈ, અન્ય માર્ગે આવી, કોઇ રાક્ષસ, રાક્ષસીનાં પુત્ર, કન્યા ને ત્હારૂં કુટુંબ જાણી ભૂલમાં પડયો હોઇશ ! જે પુત્રને પિતા ઉપર, જે પત્નીને પતિ ઉપર અને જે પુત્રને પિતા ઉપર પ્રેમ હોય તે પિતાના જીવ બચાવવા પોતાના શરીરનું બલિદાન આપ્યા વગર રહે જ કેમ ? જે મનુષ્યો તેમ ન કરી શકે તેમને રાક્ષસ કહેવો જોઇએ. શિવ ! શિવ ! વત્સ ! હજી પણ તને ભ્રમણા લાગી રહી છે ! હજી પણ તું પત્ની, પુત્ર, કન્યાને "ત્હારાં" જાણી તેમને માટે તૃષાતુર થઈ રહ્યો છે ! આ સ્વાર્થમય સંસારમાં કયું મનુષ્ય કોની માયામાં નિત્ય બંધાઈ રહે છે ! ત્હારૂં કોણ છે ? તેનો જરા વિચાર તો કર.

" કોણ કોનો ભાઈબંધ, કોણ કોનાં માતપિતા;
અસાર સંસાર સત્ર, સાંસારિક માયા. "

સ્મરણ કરઃ—

" का तव कान्ता कस्ते पुत्रः
संसारोऽयमतीव विचित्रः ।
कस्य त्वं वा कुतो आयातः
तत्त्वं चिन्तय तदिदं भ्रातः ॥ "

શિષ્ય નિરૂત્તર થયો. તેનાં નેત્રમાં આંસુ છલકાઈ જાય છે. મુખ ફિક્કુ પડી ગયું છે. તે ઉંડા શ્વાસ નિશ્વાસ મૂકતો હતો.

પથારીમાંથી ઉઠી શિષ્યે ગુરૂદેવના ચરણુમાં દણ્ડવત પ્રણામ કર્યા. તેણે બે હાથ જોડી ગદગદ કણ્ઠે સન્યસ્ત ગ્રહણુ કરવાની પ્રાર્થના કરી. તેણે કહ્યુંઃ "ગુરૂદેવ ! આજે આપે મ્હને ચર્મ ચક્ષુને બદલે દિવ્ય ચક્ષુ આપ્યાં છે.

આજે મ્હને ગૃહસ્થાશ્રમની ઝુંસરી કેવી વિકટ અને કુટુંબીજનોનો કેવો સ્વાર્થી પ્રેમ છે તે બતાવી આપ્યું છે. ગુરૂ વગર જ્ઞાન નથી એવું કહેવામાં આવે છે તે આજે મ્હને પ્રત્યક્ષ થયું છે. આજે મ્હને પુત્ર, પત્ની, અને કન્યાના મ્હારા પ્રત્યેના પ્રેમ–સ્નેહનું જ્ઞાન થયું છે. દીનબંધુ ! મ્હારા પર ક્ષમા કરો. ”

(૫)

વાર્તા કહી રહ્યા પછી સન્યસ્તાશ્રમનો પક્ષ લેનારા બ્રહ્મચારીઓ આનંદ પામી તાળીઓ પાડી ઉઠયા ! તેમણે સન્યસ્તાશ્રમનો જય ધ્વનિ કરી આશ્રમ કમ્પાવી મૂકયું.

ત્યાં બેઠેલા સર્વ સભાસદોમાંથી એક પક્ષ આનંદ–પ્રફુલ્લિત થયો ત્યારે બીજો પક્ષ દિલગીર થઇ ગયો હતો. નારાયણદેવે કહ્યું: “ એમાં આનંદ પામવા જેવું કશું નથી, અને દિલગીર થવા જેવુંએ કશું નથી. જે પ્રમાણે ગૃહસ્થાશ્રમનું રહસ્ય કહી સંભળાવ્યું છે તેજ પ્રમાણે સન્યસ્તાશ્રમનું રહસ્ય પણ હમણાં કહી સભળાવ્યું છે તે ઉપરથી જોઈ શકાશે કે ગૃહસ્થાશ્રમમાં રચીપચી રહેલા ગૃહસ્થનાં પત્ની, પુત્ર, કન્યાએ જેમ તેના પર સ્વાર્થી પ્રેમ રાખ્યો હતો તેમ સન્યસ્તાશ્રમમાં રહેનારા બધા સન્યાસીઓ પણ સન્યસ્ત ધર્મ બરાબર પાળતા નથી. હું જે વાર્તા કહીશ તે ઉપરથી એ રહસ્ય યથા-સ્થિત તમને સમજાશે. ”

એ સાંભળી જે પક્ષનાં મનુષ્યો દિલગીર થઇ ગયાં હતાં તેમના મુખ ઉપર કંઇક આશ્ચર્યયુક્ત આનંદની છાયા જણાઇ, અને જેઓ આનંદમાં મસ્ત બન્યા હતા, તેઓ જરા દબાઇ ગયા. તેમનો આનંદ ઉદધિ એક વખત ઉછાળો મારી પુનઃ શાંત પડી ગયો.

નારાયણદેવે કહ્યું: “ સન્યાસીઓ દ્વારા સંસારમાં જેટલું અનિષ્ટ થાય છે તેટલું ગૃહસ્થાશ્રમી દ્વારા થવાનો સંભવ નથી. આપણા ભારતવર્ષના લોકો અતિશય ધર્મ વિશ્વાસુ છે. તેઓ ભગવાં વસ્ત્રધારી સાધુ સન્યાસીને જોતાં જ તેમને નમન કરી ભિક્ષા આપે છે, અને તેમના વચન ઉપર શ્રદ્ધા રાખે છે, અને ગૃહસ્થ મનુષ્ય ઉપર તેમના જેટલો વિશ્વાસ રહેતો નથી–

તેમને જોતાં જ સંદેહ ઉત્પન્ન થાય છે. કોઈ પણ અજાણ્યા સન્યાસીને માટે પણ ગૃહસ્થનાં દ્વાર હમેશાં ઉઘાડાં જ હોય છે, પરંતુ અપરિચિત ગૃહસ્થને અન્ય મનુષ્યો આશ્રય પણ આપશે નહિ; એવી સ્થિતિ હોવાથી સન્યાસી જો કપટી હોય તો તે ગૃહસ્થના ઘરમાં રહીને તેનું અનેક પ્રકારે અનિષ્ટ કરી શકે છે. એવા અનેક બનાવો બન્યા છે. ઘણા ગૃહસ્થાશ્રમી જનોએ અને સન્યાસીઓએ તે બનાવો પ્રત્યક્ષ જોયા હશે અને હજી પણ બન્યા જ જાય છે. તેથી જ ઘણા ગૃહસ્થોએ તો પ્રતિજ્ઞા લીધેલી પણ મ્હારા જાણવામાં છે કેઃ "ગમે તે સાધુ સન્યાસી હોય તેને ઘરમાં પ્રવેશ કરવા નહિ દેતાં તેને ભિક્ષા માટે જોઇએ એટલું અન્ન આપી વિદાય કરી દેવો. તેને રોકડા પૈસા કે વસ્ત્ર આપવું નહિ! વખતે વસ્ત્ર વેચી તેના પૈસા કરી લે!" નઠારા સાધુ-સન્યાસીઓનાં દુશ્ચરિત્રનો અનુભવ થતાં સારા-સાત્વિક-સાધુ-સન્યાસીઓ ઉપરથી પણ ગૃહસ્થાશ્રમીઓની શ્રદ્ધા ઉઠી જાય છે! એક અઠવાડીયામાં ત્રણ બનાવો મ્હારા સાંભળવામાં આવ્યા છે. એક સાધુનો શિષ્ય પોતાના ગુરૂદેવને પોતાને ઘેર લઈ ગયો હતો. શિષ્યના ઘરમાં શિષ્ય, તેની પત્ની અને એક વિધવા કન્યા મળીને ત્રણ મનુષ્યો હતાં. શિષ્ય ગુરૂદેવને પરમાત્મા સમજી તેમની સેવા કરતો હતો. ઘરનાં બીજાં બે પ્રાણી પણ ગૃહસ્વામીની પેઠે જ મહારાજની સેવા કરતાં હતાં. સાધુએ એક માસ પર્યંત શિષ્યને ઘેર સારી પેઠે સુખ ભોગવ્યું. શિષ્ય બિચારો ગુરૂદેવને માટે ઉત્તમ પ્રકારનો આહાર આપતો અને તેમની ઇચ્છાનુસાર વર્તતો. શિષ્યને ગુરૂદેવ ઉપર અતિશય વિશ્વાસ હતો. એટલું જ નહિ પણ ગુરૂદેવને ઘેર રહેવા દઇ શિષ્ય વખતો વખત નિશ્ચિંત જીવે કોઈ કામ માટે અન્ય સ્થળે જવામાં સંકોચ રાખતો નહિ. ગુરૂદેવને ઘરમાં રહેવા દઈ શિષ્ય કામધંધે બહાર જતો એટલું જ નહિ, પણ તે કોઈ પ્રસંગે એક બે દિવસ બહારગામ પણ જતો! ગુરૂદેવ ઘર અને ઘરની સ્ત્રીઓને સાચવતા! એક દિવસ શિષ્ય પાડોસના એક ગામમાં ગયો. રાત્રિપર્યંત ઘેર આવ્યો નહિ. શિષ્યની પત્ની સમસ્ત દિવસ ઘર-કામ કરી થાકી જવાથી સાંજ પડતાં જ નિદ્રાવશ થઈ ગઈ. એવી સ્થિતિ જોઈ ઢોંગી અને કપટી ગુરૂએ, સરલ

અને પવિત્ર હૃદયના વિશ્વાસુ શિષ્યનો વિશ્વાસઘાત કરી—તેને ગળે છરી દઇ ગુરૂ ન્હાસી ગયો !”

એ સાંભળી એક શિષ્યે પૂછ્યું: “ મહારાજ ! શિષ્ય તો બીજે ગામ ગયો હતો ત્યા પછી ગુરૂએ તેને ગળે છરી શી રીતે દીધી ? ”

નારાયણદેવે કહ્યું: “ તે લુચ્ચા ગુરૂના કપટી કાર્યનું વિવેચન કરતાં પણ જીભ કલંકિત થાય એમ છે. દુષ્ટ પાખણ્ડી સન્યાસી પવિત્ર હૃદયના વિશ્વાસુ શિષ્યની વિધવા યુવતી કન્યાને લઈ રાત્રિ પડતાં જ ન્હાસી ગયો !”

એ સાંભળી બ્રહ્મચારિઓએ કાનમાં આંગળીઓ ઘાલી દીધી ! જાણે તે અપવિત્ર ખબર કાનમાં પેસતાં કાન પણ અપવિત્ર થતા હોય તેમ તેમણે તે ખબરને કાનમાં પ્રવેશ કરવા દીધી નહિ ! નારાયણદેવે કહ્યું: “ એ વાર્તા સાંભળવાથી પણ પાપ લાગે છે. પરંતુ જે અપ્રિય પ્રસંગનું વર્ણન કરવાની ફરજ પડી છે. તેને લીધે એવી વાર્તાઓ સંભળાવ્યા વગર ચાલતું નથી. એક બીજો સન્યાસી પણ પવિત્ર હૃદયના વિશ્વાસુ શિષ્યને ઘેર સારી પેઠે આદરાતિથ્ય ગ્રહણ કર્યા પછી અને મિષ્ટાન્નો ઉડાવ્યા પછી એક દિવસ લાગ જોઈને શિષ્યની અને તેના પુત્રની હત્યા કરી તેના ઘરમાંથી પુષ્કળ દ્રવ્ય લઈ ન્હાસી ગયો હતો ! તેને શોધવા માટે એક દિવસ છુપી પોલિસનો ઇન્સ્પેક્ટર આપણા આશ્રમમાં આવ્યો હતો. એવા કેટલાક દુષ્ટ સન્યાસીઓને લીધે સર્વ સન્યાસીઓ ઉપર ગૃહસ્થો શકની દ્રષ્ટિએ જુવે છે, અને સારા સન્યાસીઓને પણ હાડમારી ભોગવવી પડે છે ! હજી એક બે એવી જ વાર્તા કહેવાની ઇચ્છા છે. સાંભળો.”

બ્રહ્મચારિઓએ તુરત જ હાથ હલાવી ના પાડતાં કહ્યું: “ પ્રભો ! એવી વાર્તાઓ સાંભળવાથી હૃદય કલંકિત થાય છે. હવે બીજા પ્રસંગની ચર્ચા ચલાવવા કૃપા કરો. દુષ્ટ અને કપટી સન્યાસીઓનાં દુષ્કૃત્યને લીધે ગૃહસ્થાશ્રમી જનોનું ઘણું અનિષ્ટ થઈ શકે છે એ સારી પેઠે સમજાયું છે.”

નારાયણદેવે કહ્યુ: “ સાંભળો. એ બે વાર્તા કહેવાથી તમને કંઈક વિશેષ જાણવાનું મળશે. એક વાત માટે તો આપણે વિશેષ આગળ શોધવા જવું પડશે નહિ. આપણા આશ્રમમાં રહેતા અને આપણા કુટુંબીજન જેવા

સન્યાસી દેવવ્રત અને પ્રિયવ્રત તરફ જુવો. તેમનાં કાર્યોનું એક વખત સ્મરણ કરો. જુવો તો ખરા. તેમણે એક મૂર્છિત બ્રાહ્મણનું જીવન સર્વસ્વ કેવી રીતે છિનવી લીધું છે ? તેમણે એક ગરીબ મનુષ્યની મહા મહેનતે મેળવેલી લક્ષ્મી કેવી રીતે પોતાને હસ્તગત કરી લીધી છે ? અને તેમ છતાં પણ ચોરીને બદલે શિરજોરી કરીને તેઓ આશ્રમમાં આવી ન્યાય માંગે છે ! કેટલું જુઠું ? કેટલો પ્રપંચ ? મ્હારા જેવાને પણ તેઓએ ઠગવાની કેવી યુક્તિ રચી છે ? એમના સન્યાસીપણાને, એમના પર–સેવાવ્રતને શું કહેવું ?

એ ઉપરાંત એક બીજા ઢોંગી સન્યાસીની સત્ય વાર્તા કહેવાથી તમને વિશેષ બોધ મળશે એવુ મ્હારૂં ધારવું છે. ઈ. સ. ૧૮૯૭ માં એક બંગાળી સન્યાસી આવ્યો હતો. તે બંગાળી ઉપરાંત અંગ્રેજી ભાષા સારી પેઠે જાણતો હતો પરંતુ તે સાથે પોતાના શરીરના સુખને માટે તે ઘણા પ્રપંચ રચતો હતો. તે પ્રથમ તો શહેર બહાર એક સાધુના મંદિરમાં ઉતર્યો હતો. મુંબઇથી આવતાં ત્યાંથી કેટલાક સજ્જનો પાસેથી...શહેરના જાણીતા ગૃહસ્થો ઉપર ભલામણ પત્રો લાવ્યો હતો. તે ગૃહસ્થોને મળી પ્રથમ તો તેણે વેદાંતની, ઉપદેશની, શાન્તિની વાતો કહી તેમનાં ચિત્ત ખેંચી લીધાં. વળી તેણે આ યુગમાં સસ્તી થઇ પડેલી વૈદ્યક વિદ્યા–ડાકટરી વિદ્યા–જાણવાનું પણ જણાવ્યું હતું ! તેથી ગૃહસ્થોએ સન્યાસીની તે માટે સલાહ અને દવા લેવાની શરૂવાત કરી હતી. તે બહુ અસત્યવાદી અને પ્રપંચી હતો. એકને એક અને બીજાને બીજું ભેરવી એક બીજા વચ્ચે વૈર કરાવતો. બન્ને પક્ષની તરફેણમાં બોલતો હોવાથી બન્ને પક્ષવાળાઓ તેને "મહારાજ" "મહારાજ" કહી શ્રદ્ધા કરતા, મિષ્ટાન્નો આરોગાવતા અને સુખ આપતા. "અમારે સાધુ–સન્યાસીઓને કોની પરવા છે ? અમારે ક્યાં બચ્ચાં છોકરાં પાળવાં છે કે જેથી અમે મિથ્યા ભાષણ કરીએ ? અમારે તો તમારૂ કલ્યાણ થાય એજ જોઇએ." વગેરે મીઠા શબ્દો બોલી ગૃહસ્થોને ભોળવી લેતો. તેનામાં કાવત્રાં રચવાની એવી કળા હતી કેઃ તે જોઈ સામાન્ય ચોર કે લૂંટારા, ગળાકાંસું કે ચાંચીયાને પણ આપણે ભૂલી જઇએ ! તે જેના કુટુંબમાં, જેના ઘરમાં પગ મૂકતો તેમનું સત્યાનાશ વાળી દેતો ! અને પોતાનું કામ કાઢી લેતો !

એ સન્યાસીએ એક સુપ્રસિદ્ધ કુટુંબમાં પ્રવેશ કર્યો હતો. ત્યાં બે પિત્રાઇઓ વચ્ચે ક્લેશ કરાવ્યો, ઉપરાંત એક યુવાનને વિષ દઇ મારી નાંખી તેની સાવકી માતા પાસેથી થોડી ઘણી લક્ષ્મી મેળવી ! તે દુષ્ટે લક્ષ્મીની લાલચે એક યુવકનું કાટલું કાઢી નાંખ્યું એ વાત આજ પણ સર્વત્ર સુપ્રસિદ્ધ છે ! તેણે યુવકની વિધવા સાવકી માતાને એવું કહીને ભોળવી હતી કે: " આ યુવકનું મરણ થતાં એનો દ્રવ્ય–ભાગ ત્હને મળશે, અને તું સુખી થઇશ." લક્ષ્મીની લાલચે એક વિધવા અબળાએ સાવકો છતાં પણ ઉત્તમ પુત્ર ગુમાવ્યો અને અંતે લક્ષ્મી નહિ મળવાથી તે પશ્ચાતાપની બળતી ચિતામાં પડી ! આજ પણ તે શોકાગ્નિમાં બળી રહી છે.

એ કપટાચારી સન્યાસીનાં દુષ્કૃત્ય કહેવા બેસીએ તો એક મ્હોટું પુસ્તક લખાય એમ છે. પરંતુ કેટલીક મુદ્દાની વાત ટુંકામાં કહ્યા વગર ચાલે તેમ નથી. તેણે એક અન્ય ગૃહસ્થ સાથે મૈત્રી કરી હતી. એક કુટુંબના યુવકનું અચાનક મરણ થતાં તેનાં સર્વ દુશ્ચરિત્ર જાણી ગયાં, તેથી તેને ઘણા ઘરમાં પ્રવેશ કરવાની ના પાડી હતી ! એક ભગવાં વસ્ત્રધારી સન્યાસી ઉપર ગૃહસ્થાશ્રમીજનોને કેટલી બધી શ્રદ્ધા અને પૂજ્ય ભાવ હોવો જોઇએ, તેને બદલે દુશ્ચરિત્રવાન સાધુઓ કેવા તિરસ્કાર પામે છે તે જુવો ! તેણે અન્ય ગૃહસ્થને ઘેર નિત્ય જવા માંડયું, અને ત્યાં જ ધીમે ધીમે ભોજન–શયન પણ થવા માંડયું. ગૃહસ્થ મધ્યાહ્નને જ્યારે બાર એક વાગે કાર્ય પ્રવૃત્તિમાં ગુંથાવા ઘર–બહાર જાય ત્યારે સન્યાસી મહારાજ તેને ઘેર જતા, અને સ્ત્રીમંડળમાં બેસી આનંદે ભોજન કરી વાતોના તડાકા મારતા ! તેમણે વાતમાં ને વાતમાં એક કરામત કરી સર્વને જણાવ્યું હતું કે તે પોતે મંત્રજંત્ર પણ જાણે છે ! ગુજરાતની ભોળી અને વહેમી સ્ત્રીઓને એ ખબર પડયા પછી બીજું શું જોઈએ ? વાત વાયે ઉડી–પ્રસરી. તેઓ સ્વામીજીની આસપાસ ભરાઈ કોઈ પુત્ર માગતી, તો કોઇ સાસુ, સસરા કે પતિને વશ કરવા ચ્હાતી, તો કોઈ ભાઇ ભોજાઇને મુઠ્ઠીમાં રાખવા મહારાજને વિનતિ કરતી ! સ્વામીજી હિંચકા પર આડો પડી ગંભીર મુખે ઉત્તર દેતા કે: "માઇ ! પુત્ર કુછ રસ્તે મેં પડા હૈ ! ઇસકે બાસ્તે તો પૈસા ખરચ કરના પડતા હૈ ! દેવકું બલિદાન દેના પડતા હૈ ! તુમ ગુજરાતકે ગાંડુ

લોક ઐસી બાતોમેં ક્યા સમજે ? " એમ કહી મનમાં ધન—તૃષ્ણાનો પ્રબળ પ્રવાહ વહેવા છતાં મ્હોડેથી તેમનો મૃદુ તિરસ્કાર કરતા ! કેટલીક સ્ત્રીઓને પોતાના આશ્રમમાં એકલી આવવા કહેતા ! કોઇને ત્યાં જ અમુક વખતે મળવાનું ફરમાવતા.

સ્વામીજી બંગાલા નિવાસી હતા. જેથી ગુપચુપ રીતે પંચમકારમાંથી ત્રણ પ્રકારનો ઉપયોગ નિત્ય થતો. તેમાં મદ્ય, મત્સ્ય, માંસ માટે એવી ખુબીથી ગોઠવણ કરી હતી કે બેથી ત્રીજું જાણી શકતું નહિ ! તેમને જેમ ધનની તૃષ્ણા હતી તેમ વળી રૂપની તૃષ્ણા પણ કંઇ ઓછી ન હતી ! કેટલીક નવયુવતી બાળાઓને ઔષધોપચાર કરવાને બ્હાને પોતાના આશ્રમે બોલાવતા, ત્યાં તેમને ઉત્તમ મેવા મીઠાઇ ખાવાની અને રૂપિયાની લાલચો આપી "યેન કેન પ્રકારેણ" તેમને અનીતિને માર્ગે ચઢાવવાનો યત્ન કરતા ! તે ઘણા ગૃહસ્થોને ઘેર જતા હોવાથી તેના પ્રપંચને પ્રતાપે ઘણા મિત્રો વચ્ચે અને ઘણાં કુટુંબો વચ્ચે પરસ્પર શત્રુતા ઉત્પન્ન થઇ ! અંતે તેમનો પાપનો ઘડો ફુટવાની તૈયારી થઇ ! પરમાત્માની લીલા કોણ જાણી શકે છે ? મદ અને અહંકારનો નાશ કરવાની તો ભગવાનને ટેવ જ છે ! તેમણે રાવણ, કંસ, હિરણ્યકશ્યપુ વગેરે અનેક રાક્ષસોનો મદ—મત્સર ઉતારી તેમનો નાશ કર્યો છે તો પછી સામાન્ય એક સન્યાસીનો મદ ઉતારવો તેમાં કેટલી વાર ? ભગવાને એક અન્ય ગૃહસ્થના શરીરમાં પ્રવેશ કર્યો, અને તેના દ્વારા તેનાં બોપાળાં, પાપી કૃત્યો ઉઘાડ પાડી દીધાં ! એક મનુષ્યે આવી તે ગૃહસ્થને તેના મદ્યમાંસાદિ આહારની ખબર આપી. ગુજરાતમાં એ આહાર પ્રત્યે સર્વત્ર તિરસ્કાર છે, અને તેમાં પણ સાધુ જેવું પવિત્ર જીવન ગાળનાર સન્યાસી એવી વસ્તુઓનો ઉપયોગ કરે તે કોઇ પણ ગુર્જર બંધુથી સહન થાય તેમ નહતું ! ભગવાં વસ્ત્રધારી—પરમહંસ દણ્ડી સન્યાસીઓને મદ્યમાંસાદિનો આહાર કરવાની શાસ્ત્રોએ કે તેમની જ્ઞાતિએ પૂર્વથી જ આજ્ઞા આપી નથી. તેમાં આ એક સન્યાસીને એવી તિરસ્કારજનક વસ્તુઓનો આહાર કરતો જોઈ અન્ય ગૃહસ્થના મનમાં ઘણું દુઃખ થયું. તેણે એ વાતની ખાત્રી કરી અને વિશેષ તપાસ કરતાં તે પ્રથમ કેદખાનામાં જઈ આવેલો હોવાનું પણ જણાયું. પછી વર્તમાન પત્રોમાં, મિત્રોમાં અને અંતે શહેરમાં સર્વેને તે

સમાચાર આપી દીધા. એ જોઇને ઢોંગી સન્યાસી મહારાજ ઘણા ગુસ્સે થઇ ગયા. એટલું જ નહિ પણ તેણે પોતાના મિત્ર જેવા ગૃહસ્થ ઉપર એક બનાવટી પત્ર બનાવી દિવાની અને ફોજદારી કૉર્ટોમાં ફરીઆદો પણ કરી ! ભાઇઓ ! આવી વખતે કોઇ કાચો પોચો મનુષ્ય હોય તો હિમ્મત હારી જઈ સન્યાસીને નમન કરે, અને માફી માગી ફજેતો તેના કાર્યમાં ટેકો આપે ! પરંતુ તે ગૃહસ્થ એક સામાન્ય સ્થિતિનો હેવા છતાં સત્ય વાત પ્રસિદ્ધ કરવા, ઢોંગને નિર્મૂળ કરવા અને કપટી સન્યાસીઓને હાંકી કહાડવા માટે ગમે તેવો આતિભોગ આપવા તૈયાર થયો. પરિણામ એ આવ્યું કે સન્યાસી બાવાએ દિવાની-સ્મોલકૉઝ-કૉર્ટમાં કરેલી ફરીઆદ વિદ્વાન જડજ સાહેબે કાઢી નાંખી અને પ્રતિવાદીનો ખર્ચ વાદી-સન્યાસી ઉપર નાંખ્યો ! એ જ દિવસે સન્યાસી મહારાજના હોંજા ગગડી ગયા ! ઉત્સાહનો ભંગ થયો ! કમ્મર ભાગી ગઈ ! બીજી કૉર્ટમાં તેમણે પત્રમાં લખેલી લીટીઓ પકડાઇ ગઈ ! લોકો તેમને ફિટકાર દેવા લાગ્યા ! અને અંતે ફોજદારી કૉર્ટની ફરીઆદ એમને એમ પડતી મૂકી રાતોરાત ન્હાસી ગયા ! ઘણા વર્ષ સુધી તેમનું નામ નિશાન જણાયુ નહિ ! એવા પ્રપંચી અને કપટી સન્યાસીઓનાં અનેક દૃષ્ટાંતો કહી શકાય તેમ છે. ખરૂ જોતાં એ વર્ગને સુધારવો જોઇએ. નહિ તો કોઈ ગૃહસ્થ કોઈ સાધુ-સન્યાસીને પોતાને બારણે ઉભો રાખશે નહિ ! ”

પ્રકરણ ૨૮ મું.

ઇર્ષ્યાનું ફળ—નરકવાસ !

સંસાર અને સન્યાસનાં બે બીભત્સ ચિત્રનાં દર્શન કરવાથી બ્રહ્મચારીઓ આશ્ચર્ય પામ્યા. કયો માર્ગ ગ્રહણ કરવો શ્રેષ્ઠ છે અને કયે માર્ગે મોક્ષ પ્રાપ્ત કરવાનો સંભવ છે ? તે સંબંધી અનેકના મનમાં સંશય ઉપસ્થિત થયો.

નારાયણદેવે કહ્યું: "તર્કવિતર્ક કરવાને લીધેજ મનુષ્ય ભ્રમમાં પડી જાય છે. તેથી તર્કવિતર્ક કરવાનું કશું પ્રયોજન નથી. મ્હેં પ્રથમ કહ્યું છે અને હમણા પણ કહું છું કે: મોક્ષ પ્રાપ્તિનો આધાર આશ્રમ ઉપર રહેતો નથી. ગૃહસ્થાશ્રમી હોય કે સન્યાસી હોય, ગમે તે હોય પણ સત્કર્મ ઉપર જ મોક્ષ મેળવવાનો આધાર રહે છે. સત્કર્મ કરો, દ્રઢ વિશ્વાસે એકાગ્રચિત્તે સત્કર્મ કરો. ભવિષ્યના વિચારે કરી અધીરા થવું પડશે નહિ. સત્કર્મ કરનારને સદા સુખ, સંતોષ અને આનંદ પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં ઘણાં સ્ત્રી પુરૂષો—યથાશક્તિ, યથાબુદ્ધિ, જુદી જુદી સંસ્થાઓ દ્વારા સત્કર્મ કરી રહ્યા છે! ત્યારે તેમનું જીવન સુખ, શાંતિ અને આનંદમય છે."

ધર્મવ્રત: "કર્મનો નિર્ણય કરવાનું કામ બહુ વિકટ છે. અવસ્થા ભેદને લીધે કેટલાંક કર્મ સત્કર્મ કહેવાય છે અને કેટલાંક કર્મ અસત્કર્મમાં ગણાય છે. ધર્મ—નિર્ણય કરતી વખતે આપે જે કઠોર પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તે પ્રશ્નનું સમાધાન, ક્ષુદ્રબુદ્ધિનાં માનવીઓ શી રીતે કરી શકે?"

નારાયણદેવ: "એ પ્રશ્નનું સમાધાન કરવા માટે થોડો થોડો ખુલાસો તો મ્હેં પ્રથમ કર્યો છે. પરંતુ એટલે બધે દરજ્જે વિચાર વિવેચન કરવાનું પ્રયોજન નથી. અનેક વિચાર અને તર્ક—વિતર્ક કર્યા પછી આપણે જે માર્ગ નક્કી કરી લીધો છે તેજ માર્ગે જવાનો યત્ન કરવો એજ આપણું કર્તવ્ય છે."

ધર્મવ્રત: "મહારાજ, જૂદાં જૂદાં કાર્યમાં જૂદા જૂદા માર્ગ નક્કી કરી શકાય, પરંતુ આપ ક્યા માર્ગે જવાનો ઉપદેશ કરો છો?"

નારાયણદેવ: "જે માર્ગ આપણે અત્યારે ગ્રહણ કર્યો છે તેજ માર્ગ-તેજ સેવાવ્રત. જીવ માત્રની સેવા કરવી એના જેવું ઉત્તમ કર્મ બીજું કાંઈ છેજ નહિ. સાધન ભજનમાં માત્ર રોકાઈ રહેવું અને હઠયોગ, રાજયોગ, જ્ઞાનયોગ, લયયોગ કે ભક્તિયોગમાં પચ્યા જવું એના કરતાં કર્મયોગ એજ શ્રેષ્ઠ છે અને પર—સેવા કરવી એજ સેવા-યોગ મહાન ઉત્તમયોગ છે. સંસારની અનેક ઉપાધિઓ રૂપી ચિતામાં ભડભડ બળતા જીવને સહાયતાનું જળ સિંચન કરવું અને તેના આત્માને શાંતિ આપવી એના જેવું એ રીતે પર—સેવા કરવા જેવું, ઉત્તમ કર્મ બીજું નથી. અર્થાત્ પર—સેવાવ્રતનું

પ્રતિપાલન કરવાથીજ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. મેં પ્રથમજ કહ્યું છે કેઃ "સ-ત્સ્વરૂપ—ચિદાનંદ—પરબ્રહ્મની સંગતિ મેળવવાની ઇચ્છા હોય તે મનુષ્યે સત્કર્મ કરવાં જોઇએ. સત્માર્ગે ગમન કરવું જોઇએ. સારી પેઠે જાણવામાં આવ્યું છે કેઃ પર—સેવાના જેવું સત્કર્મ અને સત્માર્ગ બીજો નથી. સત્કર્મનું સારૂં ફળ મળે છે એ નક્કી જ છે. તેથી એ જીવ સેવા—વ્રત પાલન કરવા રૂપ સત્કર્મ દ્વારા આપણે નિશ્ચય શુભ ફળ પ્રાપ્ત કરવા શક્તિમાન થઇશું. પર—સેવા—પરોપકાર—રૂપ સત્કર્મ—સદ્ અનુષ્ઠાન સંબંધી વિસ્તૃત વ્યાખ્યા હવે પછી કોઇ પ્રસંગે સંભળાવીશ; પરંતુ તે સેવાનું ફળ કેવું ઉત્તમ મળે છે તે એક દૃષ્ટાંત દ્વારા તમને સમજાવવાનો યત્ન કરીશ. કોઈ પણ રીતે અજ્ઞા-નતાને લીધે—ભૂલચૂકમાં—પણ જો કોઇ જીવાત્મા ઉપર ઉપકાર કરી શકાય છે તો તેનું પણ શુભ ફળ તમારૂં કલ્યાણ કરવા માટે વાટ જોઈ રહે છે. એ સંબંધી બૌદ્ધ જાતક ગ્રંથમાંની એક વાર્ત્તા કહું છું. સાંભળોઃ—

(૧)

એક હત્યાકારી લૂંટારો હતો. તે પોતાના દુષ્કૃત્યોને માટે કોઇ પણ દિવસ પ્રશ્ચાતાપ કરતો નહિ! તે કોઈ દિવસ કોઇને ન્હાતો નહિ! મૃત્યુ પામવાને સમયે પણ તેના અંતઃકરણમાં કિંચિત્ પશ્ચાતાપ થયો નહિ! જીવ રચનાના નિયમ પ્રમાણે પુનર્જન્મે તે દાનવ દેહમાટે રચાયલાં દુઃખમય નરકનો નિવાસી થયો. અર્થાત્ નરકમાં કિટક રૂપે જન્મ પામ્યો. ત્યાં અસ-હનીય અશાંતિ અને દુઃખે વ્યાકુલ થવાથી એક દિવસ કરૂણ સ્વરે રૂદન કરતો હતો. તે વખતે ઘનઘોર અંધકારમય નરક સ્થાન, એક દિવ્ય જ્યોતિ વડે પ્રકાશિત થઈ ઉઠયું. તેના વિચિત્ર પ્રભાવે નરકવાસી આશા રૂપી દાનવી જીવોના પ્રાણ એક પ્રકારના અપૂર્વ આનંદમાં મગ્ન થઇ ગયા. તે વખતે પેલા લૂંટારા જીવે કરૂણ કણ્ઠે કહ્યુંઃ "ઓ ભાઇ! જગતમાં એવું કોણ છે કે જે મ્હારા ઉપર દયા કરી શકે? મ્હારાં અસીમ દુઃખ દૂર કરો! હું પશ્ચાતાપના અગ્નિથી બળી ભસ્મ થાઉં છું."

મર્મભેદક પશ્ચાતાપ કરતા લૂંટારાના જીવનો કરૂણ રોદનધ્વનિ સાંભ-ળતાંજ દયાળુ બુદ્ધ પ્રભુ તે સ્થળે ઉપસ્થિત થયા. એકાએક નરકમાં સુગંધી

પ્રસરી રહી. એકાએક નરક સ્થાન સુંદર સુગંધીત પુષ્પોના બગિચા જેવું થઇ રહ્યું. દયામય બુદ્ધ ભગવાને પશ્ચાતાપ અને શોક કરતા જીવને કહ્યું: "પુત્ર! વિચારી જો કે જીંદગીમા એક ક્ષણને માટે પણ તેં કોઇ જીવાત્મા પ્રત્યે દયા બતાવી છે ખરી? વિચારી જો કે: આટલી બધી લાંબી જીંદગીમાં તેં એક દિવસ પણ કોઇ સામાન્ય બનાવ બનતાં પણ તે પરત્વે તેં ત્હારો પ્રેમ અથવા સહાનુભૂતિ બતાવી હોય એવું તને યાદ છે? જો તેં તેમ કર્યું હશે તો આજે ત્હારૂં તે વખતનું શુભ કર્મ, ત્હારી તે દયા અને તે સહાનુભૂતિ ત્હારા ઉન્નતિના કાર્યમાં—દુ:ખમાંથી નીકળી સુખ ભોગવવાના યત્નમાં—અવશ્ય ત્હને સહાયતા કરશે, અને ત્હારા કલ્યાણ—માર્ગમાં પ્રબળ મિત્ર રૂપ થઈ પડશે. નહિ તો જ્યાં સુધી ત્હારાં કર્મ ફળનો દુ:ખાગ્નિ ત્હારૂં આત્માભિમાન, સ્વાર્થપરતા, પરદ્રવ્ય ઇચ્છા, ક્રોધ અને એવાજ અન્ય રિપુઓ કે જે અન્ય જીવોના જીવને કલેશ ઉત્પન્ન કરી શકે છે તેને—સમૂળ ભસ્મીભૂત નહિ કરે, ત્યાં સુધી ત્હારી મુક્તિના કાર્યમાં સહાયતા કરવાનું મ્હારાથી બની શકે એમ નથી. ત્હારાં કાર્યોનું ફળ ત્હારે ભોગવવુંજ જોઇએ. આ જગત્ તો કર્મક્ષેત્ર છે. એ ક્ષેત્રમાં જે મનુષ્ય જેવાં બીજ વાવે છે તેવાં જ ફળ તે લણે છે. એમાં કોઇથી કોઇ પ્રકારે સહાયતા થાય જ શી રીતે? તેનો તુંજ વિચાર કરી જો."

મુક્તિની પ્રાર્થના કરતો તે નરક—કીટ, ભગવાનના એ પ્રશ્નનો ઉત્તર આપવા શક્તિમાન થયો નહિ. તે અતિશય દુ:ખ પામતો વ્યાકુલ દૃષ્ટિએ બોલ્યો: "ત્યારે શું મ્હને મુક્તિ મળે એવો કોઇ માર્ગ નથી? પ્રભો! મ્હારા પુણ્યનો મ્હને કશો આધાર જ નથી. મ્હેં આટલા બધાં વર્ષો જીવન ધારણ કર્યું છતાં કોઇ જીવ ઉપર મ્હેં દયા કરી નથી, કોઈ પર પ્રેમ રાખ્યો નથી, કોઇને દુ:ખી થતો જોઈ તેનો ઉદ્ધાર કરવાનો યત્ન કર્યો નથી, એક ક્ષણને માટે પણ મ્હેં કોઇ જીવના સુખને માટે, નિ:સ્વાર્થ ભાવે, કંઇ પણ સત્કાર્ય કર્યું નથી. પ્રભુ! મ્હેં કોઈ પણ એવું કૃત્ય કર્યું નથી કે જેને આધારે હું ઉદ્ધાર પામી શકું. આપ દયા નહિ કરો તો પ્રભુ મ્હારૂં શું થશે?"

એમ કહેતાં કહેતાં તેનાં નેત્રમાંથી આંસુની ધારાઓ નીકળવા માંડી.

તેણે તો એમ કહ્યું પરંતુ અન્તર્યામી બુદ્ધ ભગવાન તો ભૂત, ભવિષ્યના સર્વ બનાવો સારી પેઠે જાણે છે. તેમણે પાપી લૂંટારાના જીવનનો એક ક્ષુદ્ર પુણ્યમય બનાવ દિવ્ય દ્રષ્ટિથી જોઈ લીધો. તેમણે જોયું કેઃ "ઘણા દિવસ પૂર્વે તે લૂંટારો એક દિવસ એક જંગલમાં ફરતો હતો. એ સમયે એક મ્હોટું તીડ તેના પગ ઉપર આવી બેઠું. તે જોઇ તેણે વિચાર્યું કેઃ "આ નિરપરાધી પ્રાણીને હું કદી પણ મારી નાંખીશ નહિ. તેણે મ્હારૂ કોઈ પ્રકારનું અનિષ્ટ કર્યું નથી." એમ કહી તેણે તેને સાચવીને વેગળું મૂકી દીધું. બુદ્ધદેવ ભગવાને આનન્દ પામી કોમળ સ્વરે કહ્યુંઃ "વત્સ ! ત્હને ત્હારા જ પુણ્યનો આધાર છે. એટલા પુણ્ય બળવડે તું ભવસિંધુ પાર થઇ શકશે. નહિ તો કોઇની દયાને પાત્ર થાત નહિ."

ક્ષણવારમાં સર્વના આશ્ચર્ય વચ્ચે અનન્ત ઉચ્ચ આકાશમાંથી એક સૂક્ષ્મ સુતરની દોરી નરકમાં ત્રાહ્ય ત્રાહ્ય પોકારતા પેલા લૂંટારા જીવની પાસે આવી પડી. તે દોરી સાથે એક તીડ વળગેલું હતું. તીડે લૂંટારા જીવને કહ્યુંઃ "આ દોરીને તું સખ્ત રીતે પકડી લે અને નરકમાંથી ઉચે ચઢી આવ." તુરત જ લૂંટારાએ અતિ આગ્રહ સાથે, પરંતુ કમ્પતે શરીરે અર્ધી ખાત્રીમાં અને અર્ધી શંકામાં તીડવાળી સુતરની દોરી પકડી. તેણે જોયું કેઃ એક અતિ ઝીણી દોરી તેને ધીમે ધીમે ઉચ્ચ લોકમા ઉચકી લઈ જાય છે.

તે નિશ્ચિત થતો હતો—તેને ખાત્રી થતી હતી કેઃ "હવે દુઃખમાંથી ઉદ્ધાર થયો. બસ, હવે બીજું શું જોઇએ ?" એ સમયે તેણે એકાએક જોયું કેઃ તેણે પકડેલી સુતરની દોરી કમ્પાયમાન થાય છે. કારણ તપાસતાં તેને જણાયુ કેઃ તેની સાથે નરકમાં પડેલા અન્ય જીવાત્માઓ પણ તે દોરી પકડી ઉપર—ઉંચે ચઢે છે ! તેને તે વખતે ભય ઉત્પન્ન થયો. તેમ છતાં દોરી તુટતી નથી. તે તો તેની સાથે અન્ય જીવોને પણ ઉંચે ચઢાવે છે ! પરંતુ તેણે જ્યારે જોયું કેઃ અસંખ્ય નરકવાસી જીવો અતિ ભયંકર કોલાહલ કરતા સુતરની દોરી ઉપર ઝુલી રહ્યા છે અને નરકવાસી બીજા અસંખ્ય જીવો દોરી પકડવા દોડતા આવે છે ત્યારે તે અત્યંત ક્રોધે ભરાયો અને વિચાર કરવા લાગ્યો કેઃ "આવી પાતળી દોરી આટલા બધા જીવોનો

બાર શી રીતે ઉંચકી શકશે ?" તેણે બૂમ પાડી મ્હોટેથી બધા જીવોને કહ્યું કે: "છોડી દો, છોડી દો. મ્હારી દોરી પકડશો નહિ !"

હરિ ! હરિ ! એટલા શબ્દો કહેતાં જ દોરી કપાઈ પડી. લૂંટારો ક્ષણમાં જે નરકમાં દુઃખ ભોગવતો હતો તેમાં પુનઃ જઈ પડયો !

(૨)

પશ્ચાતાપ કરતા લૂંટારાની અને તીડની વાર્તા કહ્યા પછી નારાયણદેવે કહ્યું કે: "જોયું ! કર્મનું ફળ કેવું મળે છે તે ? સમજ્યા ? પરોપકારનો કેવો પ્રભાવ છે તે ? લૂંટારાએ દયાને લીધે ક્ષુદ્ર તીડનો નાશ કર્યો નહતો. એટલા કિંચિદ્ પુણ્યના ફળ રૂપે ભગવાને સૂક્ષ્મ સુતરની દોરી નરકમાં આપી, અને તેનો મુક્તિ–માર્ગ ઉઘાડો કર્યો, પરંતુ તેની સાથે દોરી પકડી બીજા જીવોને ઉદ્ધાર પામતા જોઈ–દુઃખમાંથી સુખમાં આવતા જોઈ–લૂંટારાને ઇર્ષા ઉત્પન્ન થઈ ! તેથી એ સામાન્ય ઇર્ષાને લીધે બીજાઓની સાથે તેનું પણ પતન થયું ! બીજાં કોઈ પણ કર્મનું પ્રયોજન રહ્યું નહિ. માત્ર સામાન્ય ઇર્ષાને લીધે તેને કેવું ભયંકર ફળ ભોગવવું પડયું ? લૂંટારાના મનમાં બે વખત બે પ્રકારના જૂદા જૂદા ભાવ ઉદય પામ્યા તેથી તેને બે પ્રકારનાં વિપરીત ફળ ભોગવવાં પડયાં. મનુષ્ય માત્રને કર્મનું ફળ એ રીતે ભોગવવું પડે છે."

ધર્મવતે કહ્યું: "લૂંટારાના મનમાં બે વખત બે પ્રકારના વિચારો થયા હતા, તેની સાથે કર્મને શો સંબંધ છે ?"

નારાયણદેવ: "લૂંટારાના મનમાં બે વખત બે વિચાર ઉત્પન્ન થયા તેને લીધે તો તેને પુનઃ નરક ભોગવવું પડયું. વિચાર એ શું એક પ્રકારનું કર્મ નથી ? પ્રત્યેક કાર્યની સિદ્ધિનો મૂળ આધાર અથવા મૂળ કારણ મનુષ્યના મન ઉપર છે, તેથી જ પ્રથમ મનુષ્ય માત્રે મનને તૈયાર કરવું જોઇએ. મન જેવા પ્રકારનું તૈયાર થશે તેવા પ્રકારનું કર્મ ફળ મળશે. કારણ કે મન એજ સર્વનો મૂળ આધાર છે. મનને તૈયાર કરવા માટે તો શાસ્ત્ર અનેક પ્રકારનો ઉપદેશ આપે છે. કર્મ એ પણ એક પ્રકારે મનને તૈયાર કરવા માટે જ છે. કર્મ અને મનનો સંબંધ અવિચ્છિન્ન છે. તે સંબંધ કદી પણ તૂટે એમ નથી. માટે પ્રથમ મનને તૈયાર કરવા–દ્રઢ સંકલ્પ કરતાં

શિખવા મનુષ્યે સતત યત્ન કરવો જોઇએ. પ્રથમ મનથી વિચાર થાય છે ત્યાર પછી કાર્ય થાય છે. જેનું મન જેટલું પ્રબળ, તેટલે દરજ્જે તેનું કાર્ય સિદ્ધ થાય છે. નિર્બળ મનના મનુષ્યો જગતમાં કોઇ પણ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત કરતાં નથી. આર્યશાસ્ત્રોમાં મનને તૈયાર કરવાનું—દ્રઢ કરવાનું મહાત્મ્ય કંઈ જેવું તેવું નથી. મન એ જ મનુષ્યને બંધન અને મોક્ષનું કારણ છે, માટે પ્રથમ મનને વશ કરવું, મનને દ્રઢ કરવું. "

ધર્મવ્રતઃ " મન એ બહુ ચંચળ છે, અને કર્તવ્યનો નિશ્ચય નથી, ત્યાં પછી ઉપાય શો ? "

નારાયણદેવઃ " કર્તવ્યનો વળી અનિશ્ચય કેવો ? કર્તવ્ય તો નક્કી કરી બતાવ્યું જ છે. કર્તવ્ય નક્કી થયાથી, તમે દ્રઢવ્રત ધારણ કર્યાથી, મન એની મેળે અચંચળ થઇ જશે અને તમારા ધારેલે માર્ગે ગમન કરશે. કાર્ય ક્ષેત્ર દ્રષ્ટિ સમીપ છે. મનરૂપી અશ્વને છોડવો એ તમારા હાથમાં છે. તીડ અને લૂંટારાની વાર્તા કહેવાનું મૂળ કારણ તમે જાણો છો ? "

ધર્મવ્રતઃ " પારકાનું અહિત ન કરવું, પારકા ઉપર ઇર્ષા ન કરવી. "

નારાયણદેવઃ " એ તો ખરૂ જ ! પરંતુ મૂળ કારણ હજી વિશેષ વિચારણીય છે—હજી થોડા ઉંડા પડદામાં છે. તેનું મૂળ કારણ આત્મ—જ્ઞાન છે. પારકાની સેવા કહો, પરોપકાર કહો, અહિંસા કહો, અથવા સ્નેહ—પ્રીતિ—પ્રેમ—ગમે તે કહો, સર્વનું સાફલ્ય આત્મજ્ઞાનમાં છે. જ્યારે મનુષ્ય, પ્રાણી માત્રને, સર્વ મનુષ્ય માત્રને, પોતાના આત્મીય, પોતાનાં કુટુંબીજનો જાણતાં શીખશે—અને જીવો પ્રત્યે અભેદ જ્ઞાન જન્મશે—ત્યારે જ તમારી સર્વ ધર્મ પાલન કર્યાની સાર્થકતા થશે. માત્ર પોતાનાં સ્ત્રી, પુત્ર, પરિવારને " પોતાનાં " જાણ્યાથી ચાલે નહિ. મનુષ્ય માત્રને જ પોતાનાં જાણી જગતનાં કાર્યો કરવાં જોઇએ. પ્રાણી માત્રને થતાં સુખ—દુઃખનો અનુભવ પોતાના જીવાત્માને થવો જોઇએ.* અને પ્રાણી માત્ર ઉપર કરૂણા ભરેલે નેત્રે દ્રષ્ટિ

---

* પ્રત્યેક આત્માને થતાં સુખ દુઃખનો અનુભવ પોતાનામાં થાય તો જ તેને અભેદ ભાવ કહેવામાં આવે છે. અને ત્યારે જ તેને આત્મદર્શી—મહાત્મા—બ્રહ્મનિષ્ઠ કહેવામાં આવે છે. એ સંબંધી એક પ્રસંગ શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવન સમયમાં જોવામાં આવે છે. શ્રી રામકૃષ્ણ પરમહંસને અસંખ્ય મનુષ્યો ઇશ્વરા-

પાત કરવો જોઇએ. એજ સર્વ શિક્ષણનું મૂળ છે. એજ સર્વમાં સાર વસ્તુ છે. **સર્વને "પોતાનાં જાણીને સેવાધર્મનું પ્રતિપાલન કરવામાં આવશે તો જ મનુષ્ય સુખ-શાંતિ પ્રાપ્ત કરવાના અધિકારી થઇ શકશે.** મનમાં નિશ્ચય માનજો કે: "ભગવાન મંગલમય છે." મનમાં ખાત્રી રાખજો કે: આપણા કલ્યાણને માટે જ તેમણે આપણને સેવાવ્રત-પાલનરૂપ મોક્ષ-માર્ગ બતાવ્યો છે."

વતાર માને છે એ સંબંધી તેમના વિસ્તૃત જીવનચરિત્રમાંથી અનેક દ્રષ્ટાંત સિદ્ધાંત મળી આવે છે. આ સ્થળે એક આખ્યાયિકા પ્રકટ કરી અભેદ ભાવનું દૃષ્ટાંત બતાવવા યત્ન કરીએ છીએ:-એક પ્રસંગે શ્રી રામકૃષ્ણ પરમહંસ એક શિષ્યને સાથે લઇ ગંગા સ્નાન કરવા જતા હતા. એક ખેડુત બળદ લઇને તેમની આગળ આગળ ચાલતો હતો, બળદ એકાએક રસ્તામાં પડેલી વસ્તુ ખાવા અટક્યો. ખેડુતે તેને આગળ ચલાવવા ઘણો યત્ન કર્યો છતાં બળદ ત્યાંથી ખસ્યો નહિ. ત્યારે ખેડુતે ક્રોધે ભરાઈ બળદના બરડા પર લાકડીનો એક એવો સપાટો ખેંચી કાઢયો કે જેથી બે આંગળનો સૉળ પડી રહ્યો. માર પડતા જ બળદ ઉતાવળે ચાલ્યો, પરંતુ પાછળ શુ થયું ? પાછળ ચાલતા ભગવદ સ્વરૂપ શ્રી રામકૃષ્ણ પરમહંસે થરથરતે શરીરે તુરત જ પોતાની સાથેના શિષ્યને કરૂણાજનક બૂમ પાડી કહ્યું: "ભાઇ, બરડો ભાંગી ગયોરે ! બહુ સખ્ત વાગ્યું રે !" એ સાંભળી શિષ્ય ચમકયો ! ત્યાં ત્રીજું કોઈ મનુષ્ય નહોતુ છતાં પરમહંસ દેવને કોણે માર્યું ? શુ માર્યું ? તે બિચારો ગાભરો બની આમ તેમ, ઉચે નીચે જોવા લાગ્યો. પરમહંસદેવે કહ્યું: "મ્હારો બરડો ઉઘાડી જો." શિષ્યે વસ્ત્ર ઉંચું કરી જોયું તો ત્યાં બે આંગળ ઉંચો સૉળ પડેલો જોયો. જાણે કાઇએ તેમના બરડા પર લાકડીનો ઝપાટો માર્યો ન હોય ! શિષ્ય સ્તબ્ધ થઇ ગયો. મહારાજના નેત્રમાંથી આંસુની ધારા પડવા લાગી. થોડીવાર સુધી કળ ચઢી ગઈ હોય તેમ ઉભા રહ્યા, પછી તેમણે ચાલવા માંડયું; અને શિષ્યને કહ્યું: "ભાઈ ! તું ન સમજ્યો ! પેલા ખેડુતે બળદને લાકડીનો ઝપાટો માર્યો તે તેણે જાણે મ્હને માર્યો હોય તેવો અનુભવ થયો છે ! બળદનો અને મ્હારો આત્મા, બળદની અને મ્હારી લાગણીઓ કંઈ જુદી છે ? સર્વ એક છે. જીવ માત્રને થતું દુ:ખ મનુષ્યને થાય ત્યારે જ તેને બ્રહ્મ જ્ઞાની-આત્મજ્ઞાની કહેવાય છે." મહારાજનો એ બોધ તેમના ઘણા શિષ્યોએ ગ્રહણ કરી સેવાવ્રત ધારણ કર્યું છે. ધન્ય છે તેમને !—લેખક.

પ્રકરણ ૨૯ મું.

સાધન ભજન અને જીવ સેવા.

નિત્ય નિયમ પ્રમાણે આજે ચંદ્રના સ્વચ્છ પ્રકાશમાં આશ્રમના સર્વ બ્રહ્મચારિઓ અને સન્યાસીઓ અગાશીમાં આવી બેઠા છે. નારાયણદેવ આવી બેઠા એટલે ધર્મવ્રતે કહ્યું: "ભગવન ! પર-સેવા-પરોપકારરૂપ સત્કર્મ કરવાથી મંગલમય ફળ પ્રાપ્ત થાય છે એ સંબંધી આપે વિસ્તૃત વિવેચન કરવાનું કહ્યું હતું તે આપને યાદ હશે ? આજે તે કહેવા કૃપા કરશો ? એ પ્રશ્ન વિસ્તારથી ચર્ચવાની આવસ્યકતા છે. કોઈ એક મનુષ્ય નિર્જનમાં બેસીને રાત દિવસ ઇશ્વિરનું નામ જપ્યા કરે છે અને કોઈ ઇશ્વિર સાધનામાં બિલકુલ ધ્યાન નહિ આપતાં સર્વદા પરોપકારમાં-સર્વદા જીવ-સેવામાં ગુંથાઈ રહે છે. એ બેમાંથી કયો મનુષ્ય શ્રેષ્ઠ ? કયો માર્ગ ગ્રહણ કરવા લાયક ? પ્રથમ ઇશ્વિર સાધન કરી, ઇશ્વિરતત્ત્વનો સાક્ષાત્કાર કરી, યથાર્થ રીતે જીવ સેવા કરવા યત્ન કરવો કે: પ્રથમ પરોપકાર વ્રતની-જીવ સેવા વ્રતની દીક્ષા લેવી જોઇએ ? એવા પ્રશ્નો આજકાલ વારંવાર ઉપસ્થિત થાય છે. મનુષ્યો ગુચવાડામાં પડે છે, માટે જ એનો નિર્ણય થાય તો ઘણું સારૂં."

નારાયણદેવ: "હા, એ પ્રશ્ન સબંધી વિશેષ વિસ્તૃત ચર્ચા કરવાનું મ્હેં ગઈ કાલે વચન આપ્યું હતું. આજે તે યાદ કર્યું એ ઘણું સારૂ થયુ. આજકાલ સાધારણ મનુષ્યો કરતાં અંગ્રેજી ભણેલા, બી. એ. અને એલ, એલ. બી. ઓ તેમ જ બીજા સુધરેલામાં ગણાતા ગૃહસ્થો આપણા શાસ્ત્રોમાં શંકા કરી તેમાંના ઘણા સિદ્ધાંતો ઉપર વારંવાર પ્રશ્નો કરતા જણાય છે ! તપસ્વી, ઋષિ મુનિ જેવા શાસ્ત્રકારો કરતાં જાણે તેઓ બહુ ડાહ્યા હોય તેમ એકમાંથી

અનેક કાઢે છે ! ભાઈ ! તેમાં એમનો શો વાંક ? વાંક આજની વિદ્યાનો ! વાંક તેમની ક્ષુદ્ર બુદ્ધિનો ! વાંક તેમના ગુરૂઓનો ! અને વાંક તેમની માતાનો ! અન્યનો વાંક કહાડવા જેવું નથી ! ગમે તેમ પણ આજે મ્હારી બુદ્ધિ પ્રમાણે એ પ્રશ્નનો યથાર્થ નિર્ણય કરવાની મ્હને પણ ઇચ્છા છે. સાંભળો.

આપણે પ્રથમ જ જોવું જોઇએ કેઃ મનુષ્ય જીવનનો ઉદ્દેશ્ય શો ? કઇ વસ્તુ પ્રાપ્ત કરવા માટે આપણે જાણતાં અથવા અજાણતાંમાં જીવનનું વિચિત્ર બખ્તર ધારણ કરી આગળ ધસી રહ્યા છીએ ? આપણાં સર્વ શાસ્ત્રો, એ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કેઃ "સચ્ચિદાનંદ સ્વરૂપ પરબ્રહ્મની પ્રાપ્તિને માટે જ મનુષ્ય જન્મ થાય છે. એથી જ જીવનનું સાર્થક્ય થાય છે. મનુષ્ય સંસારમાં અનિત્ય વસ્તુ પ્રાપ્ત કરે છે ત્યારે તે હમેશાં અતૃપ્ત રહે છે—તેને તૃપ્તિ થતી નથી. તેથી જ તેનું મન એક એવી વસ્તુ પ્રાપ્ત કરવા ચ્હાય છે કે જે મેળવ્યાથી તે નિત્ય શાંતિ—સમુદ્રમાં સ્નાન કરે—જે પ્રાપ્ત કરવાથી તેના ત્રણ પ્રકારના તાપની જ્વાળા એકદમ ઓલવાઈ જાય. પરંતુ તે મેળવવાનો ઉપાય શો ? તે મેળવવાનો માર્ગ કયો ? શાસ્ત્રો પણ કહે છે કેઃ "જ્ઞાનયોગ, ભક્તિયોગ, રાજયોગ, કર્મયોગ વગેરે જૂદા જૂદા માર્ગમાંથી ગમે તે એક માર્ગે પ્રયાસ કરવાથી તમે તમારી લક્ષ્ય વસ્તુ પ્રાપ્ત કરી શકશો." વળી કોઈ કોઇ સ્થળે એ સર્વ યોગમાંથી એકનો માત્ર આશ્રય નહિ કરતાં બે અથવા તેથી અધિક કિંવા સર્વનો એકત્ર અથવા ક્રમેક્રમે તેમનું અવલંબન કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. એ સુખશાંતિ પ્રાપ્ત કરવાને માટે જ્યારે શાસ્ત્રો યોગનો આશ્રય લેવાનું આપણને શિખવે છે ત્યારે પ્રથમ આપણે સરલ દ્રષ્ટિયે જોઇએ કે તે યોગ એટલે શું ? તેમ થવાથી આપણા પ્રશ્નનો ઉત્તર એની મેળે જ સ્પષ્ટ થઈ જશે.

પ્રથમ જોઈએ કેઃ જ્ઞાનયોગ એ આપણને કેવું શિક્ષણ આપે છે ? જ્ઞાનયોગ કહે છે કેઃ એક જ્ઞાન, એજ જ્ઞાન અને બહુ જ્ઞાન એ અજ્ઞાન. આપણે જ્યારે જ્ઞાનના અતિ નીચાં પગથિયાં ઉપર હોઇએ છીએ ત્યારે આપણે જગતમાં બહુ જૂદી જૂદી વસ્તુનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરી શકીએ છીએ. જેમકેઃ ઘડો, વાટકો, ટેબલ, ખુરશી, ઘર, બારણાં, મનુષ્ય, જીવજન્તુ, ઉદ્ભિદ્

વગેરે જે સમયે સર્વ જુદી જુદી વસ્તુઓના શ્રેણી વિભાગ કરવાનો યત્ન કરવામાં આવે છે તે સમયની અવસ્થાને જ્ઞાનની ઉદયાવસ્થા અથવા પ્રારંભનો સમય કહેવામાં આવે છે. ધારો કે, આપણે એક વસ્તુ જોઈ. તે શિંગડાં, ખરીવાળું ચોપગું જનાવર છે, વળી થોડે વેગળે જતાં એવી જ એક બીજી વસ્તુ જોઇ. એ પ્રમાણે જુદી જુદી વસ્તુઓ જોતાં જોતાં એકાએક આપણા મનમાં વિચાર આવ્યો કે: " એ જુદી જુદી વસ્તુઓ એક જ જાતની છે. આ તો "ગાય" છે, આ તો "ઘોડો" છે, અર્થાત્ આપણને "ગાય"નુ જ્ઞાન થયું. એ પ્રમાણે શ્રેણી વિભાગ કરવો એ માનવનો સ્વભાવસિદ્ધ ધર્મ છે. અતિ અસભ્ય અવસ્થામાં હતા તે વખતે પણ મનુષ્યો ચાલતાં, ફરતાં, બેસતાં, સૂતા, સર્વદા મનુષ્ય એ પ્રમાણે શ્રેણી વિભાગ કરતા હતા. જ્યારે તે થોડી ઉન્નત, સભ્ય પદવીએ આરૂઢ થાય છે, ત્યારે તે એ જ શ્રેણી વિભાગને બરાબર સરખા કરી શકે છે અને જ્ઞાન રાજ્યમાં વિવિધ વિદ્યાની સૃષ્ટિ કરે છે. પ્રાણિવિદ્યા, ઉદ્ભિદ્વિદ્યા, રસાયન, ભૂતવિજ્ઞાન, સમાજવિજ્ઞાન, એ સર્વ વિદ્યાઓ, મનુષ્યના એવા શ્રેણી વિભાગ કરવાના યત્નનું જ ફળ છે. ક્રમે એ સર્વ જૂદી જૂદી વિદ્યા પ્રાપ્ત કરવા છતાં પણ મનુષ્યને તૃપ્તિ થતી નથી. તે સમયે તેના મનમાં એની મેળે એવોજ પ્રશ્ન જાગ્રત થાય છે કે: " **कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति ।** " એવી કઇ વસ્તુ છે કે: જેને જાણવાથી આપણને એ સર્વ વસ્તુઓનુ જ્ઞાન પ્રાપ્ત થાય ? એવી કઇ વસ્તુ છે કે જેમાંથી સર્વ વસ્તુઓ જૂદે જૂદે રૂપે પ્રકટ થાય છે ? એ પ્રશ્નના ઉત્તરને માટે જ બ્રહ્મ વિદ્યાનો ઉદ્ભવ થયો છે. એ પ્રશ્ન, જ્ઞાનયોગના મૂળ સૂત્ર રૂપ છે, અને તેનો એક જ ઉત્તર એ છે કે:" એક જ્ઞાન તે જ જ્ઞાન. બહુ જ્ઞાન તે અજ્ઞાન છે."

સાધારણ રીતે બીજો એક પ્રશ્ન ઉદ્ભવે છે કે: આપણે વિદ્વાન્ કોને કહીએ છીએ ? સર્વ મનુષ્યો જેને જળ કહે છે તેને એક રસાયન શાસ્ત્ર રસાયન વિદ્યાની દૃષ્ટિથી $H._2O.$ તરીકે જાણે છે. (એટલે બે ભાગ હાઇડ્રોજન અને એક ભાગ ઑક્સિજન મળીને $H._2O.$ અથવા જળ થાય છે.) રસાયન શાસ્ત્રીઓ હીરાને અને કોયલાને આપણા કરતાં એક

જુદી વસ્તુ તરીકે ઓળખે છે. તેણે જગતને કેટલીક મૂળ વસ્તુઓમાં બદલી નાંખી છે. તે જે દિશામાં દ્રષ્ટિપાત કરે છે તે દિશામાં તે મૂળ વસ્તુઓને એકત્ર અથવા જૂદી જૂદી જોઇ શકે છે. પરંતુ તેમની જ્ઞાન પિપાસા શું એટલેથી જ તૃપ્ત થઇ છે ! તેમનું ચિત્ત એક એવી વસ્તુ પ્રાપ્ત કરવાની શોધમાં પડયું હોય છે કે જેમાંથી દ્રવ્ય સર્વ વસ્તુઓ ઉત્પન્ન કરી શકાય. પ્રાચીન રસાયન અથવા Alchemy અથવા કિમિયા વિદ્યાનું લક્ષ્ય એ હતું કે: હલકી જાતિની ધાતુ જેવી કે તાંબુ, કલાઇ વગેરેમાંથી ઉચ્ચ જાતિની ધાતુ જેવી કે સોનું, રૂપું વગેરે કેવી રીતે ઉત્પન્ન કરી શકાય ? વર્તમાન સમયના પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્રીઓ એવી શોધને એક પ્રકારનો દુર્ગુણ અથવા નઠારી ટેવ કહી વગોવે છે,–તેનું નામ સાંભળતાં જ મશ્કરી કરે છે તેમ છતાં એ જ આધુનિક રસાયન વિદ્યા ઉત્પન્ન થવાનું કારણ છે એ સ્વીકાર્યા વગર છુટકો જ નથી, અને કોણ કહે છે કે: વર્તમાન રસાયન વિદ્યા જ જો એક પદવી ઉન્નતિ પામશે તો તે જ પ્રાચીન શોધ માટે તેઓ અગ્રેસર નહિ થાય ? એના મૂળમાં મનુષ્યની સ્વાભાવિક જ્ઞાન પિપાસાનું અસ્તિત્વ છે એ શું જોઇ શકાતું નથી ? જે એક મૂળ વસ્તુમાંથી સર્વ પદાર્થોની ઉત્પત્તિ થાય છે તેજ એક પદાર્થ પ્રાપ્ત કરવાનો શું તેઓ યત્ન નથી કરતા અને નહિ કરે ? આધુનિક Evolution અથવા પરિણામ અથવા ક્રમવિકાશવાદનો મૂળ પાયો શો છે ? સમગ્ર જગતને એક મૂળ વસ્તુમાંથી રૂપાન્તરિત કરી બતાવવાનો શું તેઓ યત્ન કરતા નથી કે ? પ્રાચીન અને અર્વાચીન–પ્રાચ્ય અને પ્રાશ્ચાત્ય–સર્વ પ્રકારનાં દર્શન શાસ્ત્રનું શોધન કરવાનો મૂળ વિષય શો ? આપણા અતિ પરિચિત ષડ્ દર્શન સંબંધી જ વિચારીએ. ગૌતમ, કણાદનો જાતિ દ્રવ્ય ગુણ, દ્વયણુક, ત્રસરેણુ વગેરેથી આગળ વધી સાંખ્યનું અપૂર્વ પ્રકૃતિ તત્ત્વ–ત્રિગુણમયી પ્રકૃતિ તત્ત્વ–સર્વત્ર એજ સત્વ રજઃ તમો ગુણનું પ્રાણિ જગતમાં અને જડ જગતમાં–સર્વત્ર–એ ત્રણની સામ્ય અથવા વૈષમ્યમયી લીલાનું દર્શન કરો. હજી પણ આગળ વધીને વેદાંત પ્રત્યે દ્રષ્ટિ ફેરવો. જુવો. એ સ્થળે દ્વૈતભાવ નથી, એકની જ સર્વ લીલા ચાલી રહી છે. “**एक मेवाद्वितीयं तत्त्वना**” અપૂર્વ સંયોગોથી જીવ જગતને એટલુંજ નહિ પણ જીવ જગતના સ્રષ્ટા ઇશ્વરને સુદ્ધાં એક

મહાન સત્તાના રૂપમાં બદલી નાંખવામાં આવ્યો છે. અદ્વૈત ભાવના એ માથુ ફેરવી નાંખે એવા ઉચ્ચ શિખર ઉપર ચઢતાં અનેક વિદ્વાનોનાં માથાં ફરી ગયાં છે ! અનેક વિદ્વાનોએ દ્વૈતના–સમતલમાં ઉતરી આવી મનુષ્યને યોગ્ય એવો એક પ્રકારનો સંતોષ પ્રાપ્ત કર્યો છે. પરંતુ મનુષ્યની સ્વાભાવિક અદમ્ય જ્ઞાનપિપાસાએ–તેમને ઘણી વખત ઇતિહાસમાં એજ ઉચ્ચ અદ્વૈત–ગિરિશિખર પર આરોહણ કરવા માટે–તેના પવિત્ર વાયુનો પ્રાણપ્રદ નિઃશ્વાસ લેવા માટે ઉત્સાહ અને લોભ બતાવ્યો છે.

એવી અદ્વૈત અવસ્થા પ્રાપ્ત કરવી એનુંજ નામ જ્ઞાન યોગ. સર્વત્ર એકત્વ ભાવના અનુભવ માટે, મન પ્રાણથી યત્ન કરવો એનુંજ નામ જ્ઞાન યોગ. મંત્ર રચનાર ઋષિઓના વિમલ હૃદયમાં એજ **तत्वमसि, अहं-ब्रह्मास्मि,** તત્વનું સ્ફુરણ થતું તેનું જ સાધારણ જીવાત્માઓએ સ્મરણ, મનન અને નિદિધ્યાસન કરી તેજ તત્વનો સાક્ષાત્કાર કરવાનો યત્ન કરવો જોઇએ. એનું નામ જ્ઞાન યોગ. એને જ સર્વ સાધારણ જનસમાજ સમક્ષ જ્ઞાન યોગની અપૂર્વ ઘોષણા કહેવામાં આવે છે. જે જીવન જગતને દૃષ્ટિથી જૂદું જોવામાં આવે છે તે મિથ્યા છે–તેનુંજ નામ માયા છે. તત્વ દૃષ્ટિએ જોતાં જીવ જગત્ જેવી કોઇ વસ્તુ જ નથી–તત્વ જ્ઞાનની દૃષ્ટિએ જોતાં તે **एकमेवा द्वितीयं,** માત્ર એક પુરૂષ પ્રધાન પોતાના મહિમા વડે એકલા વિરાજેલા જોવામાં આવે છે. ધર્મવત ! જીવાત્માઓને માટે યોગ્ય છે કે તેમણે અજ્ઞાન નિદ્રામાંથી જાગૃત થવું, સદ્ગુરૂઓને પ્રણામ કરવા, તેમની સેવા કરવી, અને પ્રશ્નોત્તર દ્વારા તત્વજ્ઞાન પ્રાપ્ત કરવું. આ મહા મોંઘા જીવનમાં તે મૂળ વસ્તુ–જગત્ પિતાનો સાક્ષાત્કાર કરી ધન્ય થવું. જીવન્મુક્ત થવું. હુંજ સર્વઃ—

“ सर्व भूतस्थमात्मानं सर्व भूतानि चात्मनि ” (१)*

“ આત્માને સર્વ ભૂત માત્રમાં અને સર્વ ભૂત માત્રને આત્મામાં જોવો.”

“ यस्मिन् सर्वाणी भूतानि आत्मै वा भूद्विजानतः
तत्र को मोहः कः शोक एकत्वमनुश्यतः ॥”(२)+

* ગીતા. + ઈશોપનિષત્.

"જે અવસ્થામાં જ્ઞાનવાન્ મનુષ્યને સમુદય ભૂત—જીવાત્મા—આત્મ સ્વરૂપ થઈ જાય છે તે તત્વદર્શીની તેવી અવસ્થામાં મોહ અને શોક ક્યાં રહે વારૂ ?" એજ જ્ઞાન યોગની સાધના કરતાં ધીમે ધીમે આત્મ તત્વનો વિચાર કરવો જોઇએ. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, મૂર્છા, અને સમાધિ અવસ્થાનો વિચાર કરવો જોઇએ. પંચકોશનો વિચાર કરવો જોઇએ, પરમાણુવાદથી આરંભ કરીને ત્રિગુણવાદ, આરંભવાદ, પરિણામવાદ, અને વિવર્તવાદનો વિચાર કરવો જોઇએ. પ્રાતિભાસિક સત્ય, વ્યવહારિક સત્ય, અને પારમાર્થિક સત્યનો વિચાર કરવો જોઇએ. વ્યષ્ટિ અને સમષ્ટિ સંબંધી વિચાર કરવો જોઇએ. તેજ જગત્ કારણની તુરીયાવસ્થા, અથવા બ્રહ્મતત્વ, કારણાવસ્થા અથવા ઇશ્વિરતત્વ, સૂક્ષ્માવસ્થા અથવા હિરણ્યગર્ભ તત્વ અને સ્થૂલાવસ્થા અથવા વિરાટ્ તત્વનો વિચાર કરવો જોઇએ. કર્મ, ભક્તિ, યોગ, જ્ઞાન, વગેરે સર્વ પ્રકારની સાધન—પ્રણાલીનો વિચાર કરવો જોઇએ. સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય તત્વનો વિચાર કરવો જોઈએ. એ સર્વ જૂદા જૂદા વિચારોને પરિણામે એક અદ્વૈતામ્રતનો ઉદભવ થાયછે. એ આધ્યાત્મિક સમુદ્ર-મંથન કરવાથી સમયે સમયે વિષની પણ ઉત્પત્તિ થાય છે, તેમ છતાં એ જ્ઞાન—સમુદ્રનું મંથન કરવાનો યત્ન કરવા મનુષ્યો ચૂકતાં નથી, કારણ કે મનુષ્યો સદા અમૃત પ્રાપ્ત કરવાનો યત્ન કરે છે, અમૃતત્વ પ્રાપ્તિનો ઉપાય શો ? તેમ કરવા માટે શું ગ્રહણ કરવું ? અને કઈ વસ્તુનો ત્યાગ કરવો ? એ જ યત્ન કરવામાં મનુષ્ય સર્વદા ગુંથાયલો રહે છે. એ જ જ્ઞાનયોગના સાધનેજ મનુષ્યને સંસારથી વિમુખ, સન્યાસી બનાવ્યા છે, તેને ગિરિ ગુહાનિવાસી બનાવ્યા છે, તેને ફળ મૂળનો આહાર કરનાર બનાવ્યા છે. તેના પરિણામમાં સર્વ મનુષ્યો, સિદ્ધિના ઉચ્ચ શિખર પર આરોહણ કરી જ્ઞાનામૃત વડે તૃપ્ત થાવ કે ના થાવ તો પણ અનેકને તે પરમ માર્ગના પ્રવાસી અને પરમાર્ગના યાત્રાળુ બનાવ્યા છે. અનેક મનુષ્યો, નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરી આત્મજ્ઞાન વિસ્તૃત થાય છે. અને વળી કેટલાક તે અમૃતનું એકવાર પાન કરી, ઉન્મત્ત બની સમગ્ર જગદ્દનિવાસી જનોને તે અમૃતનો સ્વાદ લેવા માટે ઉચ્ચ સ્વરે આહ્વાન કરે છે. તેઓ કહે છે કેઃ—

" शृण्वन्तु विश्वे अमृतस्य पुत्रा ।
आ ये धामानि दिव्यानि तस्थुः ॥
* * * *
वेदाहमेतं पुरुषं महान्तं ।
आदित्य वर्णं तमसः परस्तात् ॥
तमेव विदित्वाति मृत्युमेति ।
नान्यः पन्था विद्यतेऽयनाय ॥" (१)

એમ કહી નામરૂપની ગાંઠ ભેદી નાંખીને અસ્તિ ભાતિ, જેવા પ્રિય સાગરમાં સ્નાન કરીને, અદ્વૈતકેશરીના, કાન બ્હેરા કરી નાંખે એવી ગર્જના વડે સર્વ જાળ તોડી નાખી અંતે સર્વ જગતને તે જ અમૃતનું પાન કરાવવા "सर्व भूतहितेरत" થઇને સર્વ જીવાત્માઓની સેવામાં અગ્રસર થયા છે.

હવે આપણે કિંચિત્ ભક્તિયોગ તત્વની વ્યાખ્યા કરીએઃ—

" अग्निर्मूर्द्धा चक्षुषी चन्द्रसूर्यो दिशः श्रोत्रे वाग् विवृताश्च वेदाः ॥ वायुःप्राणो हृदयं विश्वमस्य पद्भ्यां पृथिवी ह्येष सर्व-भूतान्तरात्मा ॥ " (२)

તે એક પરમ મહિમામય અને પરમ સુંદર—વિરાટ્ પુરૂષના સૌન્દર્યમાં જીવ, તું આત્મજ્ઞાન ભૂલી જા, મુગ્ધ થા, ભક્તિરૂપી ચક્ષુ ઉઘાડી તેના અપૂર્વ વિશ્વરૂપ દર્શનમાં તૃપ્ત થા. શ્રીમદ ભાગવતમાં કહ્યું છે કેઃ—

पातालमेतस्य हि पादमूलं ।
हासो जनोन्मादकरी च माया (१)

---

(૧) હે અમૃતના પુત્રો, હે દિવ્ય ધામ નિવાસીઓ, તમે સર્વ સાભળો* * મ્હેં તે પરમ પુરૂષને ઓળખ્યો છે, જે આદિત્યવર્ણ (સૂર્યના જેવા રંગવાળો) અને અજ્ઞાન અંધકારથી અતીત છે. તેને જાણવાથી જ મનુષ્ય. મૃત્યુને જીતી શકે છે. મુક્તિને માટે અન્ય માર્ગ નથી—"મુણ્ડકોપનિષત્."

(૨) અગ્નિ તેનું મસ્તક છે, ચંદ્ર સૂર્ય તેના ચક્ષુ છે, દિશાઓ તેના કર્ણ છે, સર્વ વેદ તેનાં વાગઇંદ્રિય છે, વાયુ તેના પ્રાણ સ્વરૂપ છે, સર્વ જગત્ તેનું અંતઃકરણ છે, પૃથિવી તેનાં બે પગમાંથી ઉત્પન્ન થઈ છે, તે સર્વ ભૂતમાત્રનાં અંતરાત્મા સ્વરૂપ છે.—"મુણ્ડકોપનિષત્."

" પાતાલ છે તે તે વિશ્વરૂપ ભગવાનના પગનાં મૂલ સ્વરૂપ છે, અને સમસ્ત પ્રાણીની ઉન્માદકારિણી માયા છે તે તેનાં હાસ્ય સ્વરૂપ છે. "

તેજ "**सहस्रशिर्षाः सहस्राक्षः सहस्रपात्**" પુરૂષના, તેજ "**सर्वानन शिरोग्रीव**" પુરૂષ પ્રથમના મહિમામાં અને સૌંદર્યમાં આત્મજ્ઞાન ભૂલી જાઓ. જો તેમ ના કરી શકો તો તે સર્વ અવતારના બીજ સ્વરૂપ, આદ્ય પુરૂષમાંથી નિકળતા, શક્તિ–મહત્વ–સૌંદર્યના મૂળસ્વરૂપ અવતારના આધાર સ્વરૂપના અપૂર્વ ધ્યાનમાં લીન થઇ જાઓ.

પ્રલયના અગાધ જળમાં આદ્ય પુરૂષ વિષ્ણુએ શયન કર્યું છે. તેમના નાભિપદ્મમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે, વિષ્ણુના કાનના મેલમાંથી ઉત્પન્ન થયલા રજ, તમરૂપી મધુકૈટભ તે જીવરૂપી બ્રહ્માનું ભક્ષણ કરવા તૈયાર થયા છે, તે સમયે તેઓ યોગનિદ્રા રૂપિણી આદ્યશક્તિ કે જેના બળ વડે વિષ્ણુ ભગવાન યોગનિદ્રામાં પોઢયા છે તેનેઃ—

"**त्वं स्वाहा त्वं स्वधा त्वं हि वषट्कार स्वरात्मिका**" (૧)

"હે દેવી ! તમેજ સ્વાહા, તમેજ સ્વધા, અને તમેજ વસટ્, એ સર્વ વૈદિક મન્ત્ર સ્વરૂપિણી છો." એમ કહીને અપૂર્વ સ્તુતિ કરી તેમની યોગનિદ્રા ભંગ કરે છે. બ્રહ્માની સ્તુતિમાં વળી પણ કહ્યું છે કેઃ—

"**सौम्या सौम्यतराशेष सौम्यभ्य स्त्वाति सुंदरी परापराणांपरमा.**"૨

"તું સૌમ્યા, સૌમ્યતરા, સમુદય સૌમ્ય અથવા શાંતમૂર્તિ સમુહમાં અતિ મનોહરરૂપા, તમે શ્રેષ્ઠ, શ્રેષ્ઠમાં પણ શ્રેષ્ઠ છો." હે ભક્તો ! હે ભક્તિયોગના ભાવિકો ! દેવીના ધ્યાનમાં એક વખત લીન થઈ જાઓ. મહિષાસુરના ઉત્પાતથી દેવતાઓ જ્યારે ત્રાહત્રાહ થઇ જઈ વિષ્ણુના શરણમાં ગયા, અને જ્યારેઃ—

"**कस्यं तद्भूत्सारी व्याप्तलोकत्रयत्विषा**" (૩)

"દેવતાઓના શરીરમાંથી નીકળતું સર્વ તેજ, કે જે ત્રિલોકમાં વ્યાપ્ત થઈ પડયું હતું તેણે એકત્ર થઇ એક નારી મૂર્તિ ધારણ કરી."

---

(૧) ચણ્ડીમાં બ્રહ્માકૃત દેવી સ્તુતિ.

(૨) ચણ્ડીમાં બ્રહ્માકૃત દેવી સ્તુતિ.

(૩) ચણ્ડી.

અહા ! તે અપૂર્વ નારી મૂર્તિને, તે અટ્ટહાસ્ય કરતી દેવીને એકવાર કલ્પનાના નેત્રે જુવો. તે રક્ત નેત્રવાળી, મહિષાસુર મર્દિની, મધુપાનકારિણી, દેવીની અતિ ભયંકર મૂર્તિનું એક વખત ધ્યાન ધરો.

ભક્તિયોગની ચર્ચામાં ઉતરવાથી એવાં એવાં દ્રષ્યો જોયા વગર નિર્ણય ઉપર આવી શકાશે નહિ. સર્વ દેવ દેવીઓમાં એવાં રહસ્યો જાણી ભક્ત આત્મજ્ઞાનરહિત થઇ જાય છે અને ઉપાસ્ય દેવતાના સ્તુતિસ્તોત્રમાં પચી જાય છે. શ્રી કૃષ્ણ, શ્રી રામ, શ્રી વિષ્ણુ, શ્રી શંકર, અને એજ પ્રમાણે જેટલા દેવદેવીઓ છે તે સર્વના ભક્તો તે શાસ્ત્રના મર્મ જાણી સમજી, એક રીતે ભગવાનની જ ઉપાસના કરી રહ્યા છે. એ જ ભક્તિયોગનું મૂળ છે. એમાંના એક અથવા સમુદય દેવોની ઉપાસનામાં આગળ વધી ભક્ત જ્યારેઃ—

"तव निःश्वसितं वेदास्तव स्वेदोऽखिलं जगत् ।
विश्वभूतानि ते पादौ शीर्ष्णो द्यौः समवर्तत ॥
नाभ्या आसीदन्तरीक्षं लोमानि च वनस्पतिः ।
चन्द्रमा मनसो जातश्चक्षु सूर्यस्तव प्रभो ॥
त्वमेव सर्वं त्वयिदेव सर्वं ईशत्वया वास्यमिदं हि सर्वम् ।
स्तोता स्तुतिः स्तव्य ईह त्वमेव नमोऽस्तु भूयोऽपि नमो नमस्ते॥"*

એમ કહી શકે ત્યારે જ તેઃ—

एवं सर्वेषु भूतेषु भक्तिरव्यभिचारिणी ।
कर्त्तव्यापंण्डतै ात्वा सर्व भूते मयं हरिम् ॥

અર્થાત્ પણ્ડિતોએ શ્રી હરિ ભગવાનને સર્વ ભૂતમય જાણી સર્વ ભૂત—

---

* વેદ તમારો નિઃશ્વાસ છે, સર્વ જગત્ તમારા સ્વેદ અર્થાત્ પરસેવાના જળ સ્વરૂપ છે, સર્વ જગત્ તમારા પગ સ્વરૂપ છે, સર્વત્ર તમારા મસ્તક સ્વરૂપ છે, તમારી નાભિમાંથી આકાશ ઉત્પન્ન થયું છે, સર્વ વનસ્પતિઓ તમારા રોમ સ્વરૂપ છે, ચંદ્રમા તમારા મનમાંથી ઉત્પન્ન થયો છે, હે પ્રભો ! સૂર્ય તમારા ચક્ષુ સ્વરૂપ છે તમે જ સર્વ છો. તમારામાજ સર્વ છે. હે ઈશ્વર ! એ સર્વ તમારા વડેજ આચ્છાદિત થઇ રહ્યું છે. તમે જ સ્તુતિ કર્તા છો, સ્તુતિ અને સ્તુતિનો ઉદ્દેશ પણ તમે જ છો. તમને વારંવાર નમસ્કાર છે.

જીવ–માત્રની એજ પ્રમાણે અકપટ ભાવે ભક્તિ કરવી, એવું તત્વ મેળવી શકે છે, ત્યારે જ હરિને સર્વ ભૂતમય જાણી સર્વ ભૂતો તરફ અવ્યભિચારિણી ભક્તિ દર્શાવી શકે છે. એ જ ભક્તિ યોગનું રહસ્ય છે.

હવે યોગ સાધનાની જરા ચર્ચા ચલાવીએ. યોગીનું લક્ષ્ય ચિત્તની એકાગ્રતા–સાધન કરવાનું હોય છે. ચંચળ ચિત્ત જૂદી જૂદી દિશાઓમાં દોડી રહે છે તેથી એવા ચિત્તમાં કોઈ પણ તત્વનું નિશ્ચિત નિરૂપણ થઈ શકતું નથી. અર્થાત્ ચિત્તમાં નિત્ય સંદેહ ઉત્પન્ન થયા કરે છે, પરંતુ જેમ આરસીના કાચ ઉપર સૂર્યનાં ચંચળ કિરણો એકત્ર કરીને અને તેમાંથી અગ્નિ ઉત્પન્ન કરી તેની પાછળ રાખવામાં આવેલી સર્વ વસ્તુઓને બાળી ભસ્મ કરી શકાય છે તે જ પ્રમાણે એકાગ્ર ચિત્તના બળ વડે જગત્‌નું એવું કોઈ પણ જ્ઞાન નથી કે જે પ્રાપ્ત કરી શકાય નહિ, અને જ્ઞાન આવ્યા પછી તેની સાથે જ શક્તિ આવે છે. અર્થાત્ યોગી જેમ જેમ યોગ માર્ગે–એકાગ્રતાને માર્ગે–આગળ વધે છે તેમ તેમ તેને નવીન નવીન જ્ઞાન અને નવીન નવીન શક્તિ એની મેળે જ પ્રાપ્ત થાય છે. તેમ છતાં પણ તેનુ લક્ષ્ય શુ હોય છે? તેને કઈ વસ્તુની આકાંક્ષા હોય છે? તેનું લક્ષ્ય અને તેની આકાંક્ષા માત્ર જગત્‌પિતાના સ્વરૂપનું દર્શન, આત્મા સ્વસ્વરૂપમાં નિશ્ચલ થઈને રહે એજ ત્હેનું લક્ષ્ય હોય છે. એ સમયે તેને પ્રાપ્ત થતી અન્ય શક્તિઓને તરછોડી દેવી પડશે, અષ્ટસિદ્ધિને કાકવિષ્ટાની પેઠે તુચ્છ ગણવી પડશે, મૈત્રિ કરૂણા આમોદ પ્રમોદ આદિથી વિરક્ત થઈ તેને ધર્મ–મેઘ સમાધિ પ્રાપ્ત કરવી પડશે, કે જે સમાધિ પ્રાપ્ત થતા તેના હૃદયમાંથી, અનેક ધારા રૂપે વર્ષતા મેઘની પેઠે, વિવિધ ધર્મના પ્રવાહ વહેશે.

એ યોગાભ્યાસનું મૂળ શું? પ્રાચીન યોગી સમ્પ્રદાય–પ્રવર્તક શિવના અવતાર રૂપ મનાતા ગુરૂ ગોરક્ષનાથના જીવનચરિત્રનું અવલોકન કરતાં જણાય છે કેઃ બાળક ગોરખ *ખેતરમાં ગયો હતો. પરિવ્રાજક યોગિગુરૂ મત્સ્યેન્દ્રનાથ ત્યાં આવી પ્હોંચ્યા. આજે દેવાધિદેવ મહાદેવની સાક્ષાત્ કૃપા પ્રાપ્ત થયેલા મત્સ્યેન્દ્રનાથે શિષ્ય ઉપર કૃપા કરવાને માટે જ જળ માંગ્યું. પરમ શ્રદ્ધાળુ

* તેથીંજ તેનું નામ ગો–રખ=ગાયોનો રખેવાળ નામ પાડયું છે.

ગોરખે પાંદડાના દડિયામાં ગાયનું દુધ દોહી તેમને આપ્યું. બદલામાં ગુરૂએ તેને કંઇ આપવાની ઇચ્છા બતાવી. કારણ કે સાધુ પુરૂષો બદલામાં કંઈ પણ આપ્યા વગર કોઇની વસ્તુઓ લેતા નથી. બાળક ગોરખો શું માંગશે? તે વિચારમાં પડયા. શું તે માન યશ માંગશે કે ધન રત્ન માંગશે કે રાજત્વ માંગશે કે પછી અષ્ટસિદ્ધિ માંગશે? યોગિરાજ, એમાંની કોઈ વસ્તુ તે માંગે એવું નહિ જાણવાથી ગુંચવણમાં પડયા. અંતે ગોરખાએ બે હાથ જોડી કહ્યું: "પ્રભો! આપ જે વસ્તુને સર્વ શ્રેષ્ઠ જાણતા હો તે મ્હને આપો." યોગિરાજે કહ્યું: "તથાસ્તુ. પરંતુ વત્સ! એ પ્રાપ્ત કરતા પહેલાં મ્હારૂં એક વચન ત્હારે પાળવું પડશે. કેમ પાલન કરી શકશે?" ગોરખે ઉત્તર દીધો: "પ્રભો! આપની કૃપાથી કેમ પાલન નહિ કરી શકું?" ગુરૂએ કહ્યું: "ત્યારે જો, હું જેટલા દિવસ પુનઃ અહિ ના આવું ત્યાં સુધી ત્હારે કશી વાંચ્છના કરવી નહિ!" એટલું કહી તેઓ ચાલ્યા ગયા. ગોરખો સ્તબ્ધ થઇ ઉભો હતો. ક્ષણવારમાં સ્વપ્ના જેવી આ શી ઇન્દ્રજાળની રમત થઈ ગઈ? તે ઉભોજ રહ્યો હતો. ઘણીવાર સુધી ઉભો રહેવાથી તેના બન્ને પગે વેદના થવા લાગી, અને બેસી જવાની ઇચ્છા થઈ. એટલામાં તેને યાદ આવ્યું કે: "ગુરૂદેવે તેને કોઇ પણ પ્રકારની ઇચ્છા કરવાનું ના કહ્યું છે." તેથી તે બેઠો નહિ. તેના બન્ને પગ ફુલી ગયા અને એટલા બધા દુઃખવા આવ્યા કે કહેવાની વાત જ નહિ. અંતે તેના માથામાં ચક્કર આવવાથી તે પૃથ્વી પર પડી ગયો. ઘણી વાર સુધી તે એક પાસાભેર પડી રહ્યો હતો. ત્યાર પછી તેને પાસુ ફેરવવાની ઇચ્છા થઈ, તેજ સમયે ગુરૂજીનું વચન યાદ આવ્યું. તેણે ઇચ્છાનો ત્યાગ કર્યો. ક્રમે શારીરિક ધર્મ પ્રમાણે ભોજન, શૌચ, મૂત્ર, વગેરે ઇચ્છાઓ થવા લાગી, અને તે વ્યર્થ જવા લાગી. બાળકને ઘણીવાર સુધી ઘેર પાછો ફરેલો નહિ જોવાથી તેના શેઠે તેની શોધ કરવા માંડી. ઘણી શોધ કર્યા પછી તેમણે ગોરખાને એક ખેતરમાં સુતેલો દીઠો, અને તેને ઉચકીને ઘેર લઈ ગયા પછી ઘણી પુછ-પરછ કરવા છતાં પણ તેણે કશો ઉત્તર દીધો નહિ. ત્યારે તેને કોઈ અસાધ્ય રોગ થએલો જાણી વૈદ્યરાજને બોલાવી તેને દવાઓ આપવામાં આવી. પરંતુ એ તો દૈવ-રોગ હતો! એ રોગની ચિકિત્સા યોગીરાજ સિવાય

બીજું કોણ કરી શકે તેમ હતું? એ પ્રમાણે કેટલાક દિવસ વીતી ગયા પછી જ્યારે મત્સ્યેન્દ્રનાથ ત્યાં પુનઃ આવ્યા ત્યારે તેનો રોગ જતો રહ્યો. ગોરખાને યોગિરાજે પોતાનો શિષ્ય બનાવ્યો અને કઠોર યોગ સાધના કરવાની દિક્ષા આપી. અંતે તે એક સિદ્ધ પુરૂષ થયો અને એક સમયે ગુરૂમહારાજનો ઉદ્ધાર કરવા તે સમર્થ થયો હતો.

એ પ્રમાણે સર્વ ઇચ્છાઓને દમન કરવાથી એક તીવ્ર ઇચ્છા શક્તિ ઉત્પન્ન થાય છે ત્યારે જ મનુષ્ય યોગ માર્ગે ચઢી શકે છે. એનુ મુખ્ય લક્ષ્ય બિન્દુ શું? લક્ષ્ય બિન્દુ અસમ્પ્રજ્ઞાત અથવા નિર્બીજ સમાધિ સ્થિતિ પ્રાપ્ત કરવી. જે અવસ્થામાં:—

“सर्व भूतस्थमात्मानं सर्व भूतानिचात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥” गीता.

“સર્વત્ર સમદર્શન કરવાથી એકાગ્રચિત્તનો યોગી, સર્વ ભૂતમાં–પ્રાણી માત્રમાં–પોતાના આત્માને અને સર્વ ભૂતને પ્રાણી માત્રને પોતાના આત્મામાં રહેલા જુવે છે.” વળી ભગવાન શ્રી કૃષ્ણ કહે છે તેમ:—

“आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्ज्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥ गीता.

અર્થાત્:—પ્રાણી માત્રના સુખ વા દુઃખને જોઇ જે યોગી, તેને પોતાનું આત્મસુખ અથવા આત્મદુઃખ માને છે, તેજ શ્રેષ્ઠ યોગી કહેવાય છે.” યોગી પારકાનું સુખદુઃખ જોઈ પોતાની જાતે તે સુખ દુઃખનો અનુભવ કરે છે, કારણ કે તે સર્વ ભૂત માત્રમાં–જીવમાત્રમાં–પોતાના આત્માનો અનુભવ કરે છે. એવી સ્થિતિમાં આવેલો યોગી–પુરૂપ–તે સમયે યોગમહિમા વિમણ્ડિત થઇને સમગ્ર જગતના સમગ્ર જીવોનું કલ્યાણ કરતો ફરે છે. કારણ કે જે પંચતત્ત્વોનું જગત બન્યું છે તે પાંચે તત્વો ઉપર યોગીઓ જય મેળવે છે. પૃથ્વી, જળ, વાયુ, તેજ અને આકાશ, એ પાંચે તત્વો યોગીઓના તાબામાં હોય છે. પવનને તે યોગી આજ્ઞા કરે તો પવન વહેતો બંધ થઇ જાય છે. તેજને આજ્ઞા કરતાં તેજ બંધ થઇ જાય છે. પૃથ્વીને આજ્ઞા કરે તો પૃથ્વી ફાટી જાય છે. જળને આજ્ઞા કરે તો જળ વહેતું બંધ થઈ જાય

છે. એવા સિદ્ધ યોગીઓને માટે કશું અસાધ્ય હોતું નથી. તે ઇચ્છાનુસાર કાર્યો કરી શકે છે. મૂશળધાર વર્ષતા વર્ષાદને યોગીઓ અટકાવી શકે છે. એટલુ જ નહિ પણ તે સંસારી મનુષ્યની દ્રષ્ટિએ અસાધ્ય જણાતાં પ્રત્યેક કાર્યો કરવા શક્તિવાન હોય છે. એ માટે પાતંજલિ ભગવાને, અને અન્ય ઋષિ મુનીઓએ મ્હોટા મ્હોટા યોગ શાસ્ત્રના ગ્રંથો લખ્યા છે પરંતુ કોઈ સિદ્ધ યોગી ગુરૂ મળે અને તેમની કૃપા થાય તો તે મનુષ્ય યોગી થઈ શકે છે, અને આત્મદર્શન કરી શકે છે. પરંતુ જેમ અનેક ખાણોમાંથી ક્વચિદ્ એ-કાદ બે સારાં રત્નો જણાય છે તેમ કઠોર તપસ્યા કર્યા પછી ભાગ્યેજ કોઇ યોગી થઈ શકે છે. તાત્પર્ય એ જ છે કે, એ યોગ મહાન કઠિન છે.

હવે આપણે કર્મયોગનું તત્વ જાણવાનો કંઇક યત્ન કરીએ. ભગવદ્-ગીતામાં એ કર્મયોગનું તત્ત્વ અતિ સુંદર રીતે પ્રકટ થયું છે. પ્રથમ આપણે "કર્મયોગ" એ શબ્દ તરફ લક્ષ્ય કરવું પડશે. આપણે જાણવું જોઇએ કે એનું નામ "કર્મયોગ" છે. માત્ર "કર્મ" નામ નથી. "કર્મ" એ તો બંધનનું કારણ છે, પરંતુ એનું નામ "કર્મયોગ" છે. **योगःकर्मसुकौशलं** । "કર્મ"માં એવું એક કૌશલ સમાયલુ છે કે જે દ્વારા એ બંધન કર્તા "કર્મ"ને પણ મુક્તિના પગથીઆંના રૂપમાં બદલી શકાય છે. આપણે કોઇ અમુક ફળ પ્રાપ્તિને માટે કર્મ કરીએ છીએ, પરંતુ "કર્મયોગી"નું લક્ષ્ય, પોતાને નિષ્કામ રૂપમાં ફેરવી નાંખવાનું હોય છે. તેથી જ તેનાં સર્વ કર્મોનું લક્ષ્ય, પોતાના હૃદયની શુદ્ધિ પરત્વે હોય છે. તેણે એવું દ્રઢ રીતે માની લીધું છે કેઃ "ગમે તેટલાં આપણે સત્કર્મ કરીએ તોપણ તેના ફળની ઇચ્છા ત્યાગ કરવી જ જોઇએ." માત્ર તે કર્મ દ્વારા પ્રાપ્ત થતી આત્મ-તૃપ્તિ–આત્માનો આનંદ–તે જ સર્વ સત્કર્મોનું શ્રેષ્ટ ઇનામ છે. કર્મ જીવસેવા-ત્મક હોવું જોઇએ. વળી એ જીવસેવા, વર્ણાશ્રમના ભેદને લીધે અર્થાત્ સાધકની જૂદી જૂદી અવસ્થાના ભેદને લીધે ઘણા પ્રકારે થઈ શકે છે. **અન્નવસ્ત્ર દાનથી તે રોગી અને દુઃખીઓની સેવા સુશ્રૂષા, વિદ્યાદાન અને અંતે મુક્તિપ્રદ જ્ઞાનદાન આપી શકાય છે. એ સર્વ કર્મોમાં કર્મયોગીનું લક્ષ્ય, ગૌણ રીતે પરોપકાર અને મુખ્ય રીતે આત્મહિત–સાધન કરવાનું હોય છે.**

"કર્મયોગ"માં સર્વદા મન સાથે યુદ્ધ કરવું પડે છે. મનને ધન, માન, સુખ, સમ્પતિની ઇચ્છા થાય છે, પરંતુ કર્મ યોગી એ સર્વનો ધીમે ધીમે ત્યાગ કરે છે. પોતાનું સુખ અને પોતાના વિભવ ભૂલી જઇને પારકાનાં સુખનેજ તેઓ આત્મસુખ માની લે છે. તમે અન્ય જીવાત્માની સેવા કરો છો પરંતુ તમારે લેશ પણ વિચાર કરવો નહિ કે: તમારા એ કાર્યને માટે કોઈ તમારી પ્રશંસા કરશે. તેમ કરવામાં તમે ઘણું દુઃખ અને ઘણી વિપતિ ભોગવશો પરંતુ **"मा ते संगोऽस्त्वकर्मणि"** જ્યાં સુધી તે કર્મ તમારો ત્યાગ કરે નહિ ત્યાં સુધી તમને કંઈ પણ ઇચ્છા ન થવી જોઇએ. "કર્મયોગી" પુરૂષ કદી ઈશ્વિર ઉપર વિશ્વાસ નહિ રાખે તો પણ તેને સંપૂર્ણ રીતે સ્વાર્થ વિસર્જન કરવાનો, અને સંપૂર્ણ રીતે અહંકાર વિસર્જન કરવાનો આદર્શ સમ્મુખ રાખી કર્મ કરવું પડશે, અને જો ઈશ્વિર ઉપર વિશ્વાસ રાખતો હશે તો તેણે સર્વ ફળ તેને જ સમર્પણ અર્થાત્ સર્વ જીવાત્માઓમાં નારાયણ–બુદ્ધિ સ્થાપવાનો યત્ન કરવો પડશે. સત્ય રીતે જોતાં કર્મયોગનું સાધન કરવામાં જે નિષ્કપટી છે તેનાં કર્મ અને ઉપાસના એકત્ર થઈ જાય છે–એ જ તેનું કર્મ, અને એ જ તેનું સાધન–ભજન. પૂર્ણ રૂપે અહંકાર વિસર્જન કરવાથી અને સર્વ જીવાત્માઓમાં નારાયણ–ભગવાનનો સાક્ષાત્કાર જાણવાથી "કર્મયોગ" સુસાધ્ય થયો કહેવાશે. તેથી જ બીજા યોગો કરતાં આ યોગ ઘણો સહેલો છે.

જૂદા જૂદા યોગનું અતિ સંક્ષેપમાં વર્ણન કરવામાં આવ્યું છે. તે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે: મનુષ્ય પોતાના સંસ્કારને લીધે, રૂચીને લીધે અને ઉન્નતિ પ્રાપ્ત કરવાની ઇચ્છાને લીધે અનેક માર્ગો ગ્રહણ કરે છે કિંતુ અંતે સર્વનું એક જ લક્ષ્ય હોય છે. તે લક્ષ્ય એટલે સર્વ જીવ માત્રમાં આત્મસાક્ષાત્કાર અથવા ભગવદ્ સાક્ષાત્કાર. તેથી એક માર્ગે પ્રવાસ કરતા પ્રવાસીને બીજા માર્ગનો પ્રવાસી પોતાનાથી શ્રેષ્ઠ કે નેષ્ટ કહી શકશે નહિ. અથવા "અમુક માર્ગે પ્રથમ પ્રવાસ કરવો, નહિ તો આગળ જઈ શકાશે નહિ." એમ પણ તે કહી શકશે નહિ. પ્રત્યેક પ્રવાસીને માટે સાધન, વ્યવસ્થા અને સિદ્ધિ હોય છે. પ્રત્યેક માર્ગમાં કેટલીક સગવડ અને કેટલાંક વિઘ્નો પણ હોય છે. તેથી એમાંની એકાદ સાધનામાં સિદ્ધ થયેલો મનુષ્ય અન્ય સાધના

પ્રવર્તક સાધકોને તેની નિમ્નાવસ્થા કિંવા દુર્બળતા બનાવી પોતાની સાધનાનું શ્રેષ્ઠત્વ વર્ણવી શકશે નહિ. અમને વિશ્વાસ છે કે ઇચ્છા થતાં જ પ્રત્યેક સાધનામાં સિદ્ધ થઇ શકાય છે, અર્થાત્ ઇચ્છા થતાં જ મૂર્ખ મનુષ્ય પણ જ્ઞાનને માર્ગે પ્રવાસ કરી શકે છે. આ સ્થળે એટલું યાદ રાખવું જોઇએ કેઃ જૂદા જૂદા યોગમાર્ગનું વિવેચન કરવામાં આવ્યું છે, તેમાં અધુરા ઘણા હોય છે. પ્રત્યેક માર્ગનો સંપૂર્ણ એકનિષ્ઠ સાધક તો અતિવિરલ જણાય છે, જેઓ સર્વદા ભગવદ–નામ સ્મરણમાં ઉત્સુક હોય છે, તે પણ સાધન કર્યા પછીના નવરાશના વખતમાં પ્રસંગે પ્રસંગે–પરોપકાર અથવા જીવ સેવા કરવાના વ્રતમાં ગુંથાયલા હોય છે.

સારાંશ એ છે કેઃ "સર્વ મનુષ્યોને કોઇ એક પ્રકારના સેવા–પરાયણ થવું પડે છે. આપણે જ્યારે પ્રત્યેક પળે જગતના જીવો પાસેથી કોઇ એક રૂપમાં સેવા ગ્રહણ કરીએ છીએ ત્યારે આપણે તેમના પ્રત્યે સેવાપરાયણ ના થઇએ તો તે એક પ્રકારનો ઘોર અધર્મ કહેવાશે! એટલા માટેજ શ્રી કૃષ્ણ ભગવાને ગીતાજીમાં કહ્યું છે કેઃ

" एवं प्रवर्तितं चक्रं नानुवर्त्तयतीह यः
अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति. ॥ "

" હે અર્જુન! જે મનુષ્યો એ પ્રમાણે પ્રવર્તતા જગચ્ચક્રનું અનુકરણ નથી કરતો અર્થાત્ દેવતાઓ પાસેથી ઉપકાર પ્રાપ્ત કર્યા પછી તેમને યજ્ઞ–ભાગનું દાન ન કરે તો (કારણ કે દેવતાઓને યજ્ઞ–ભાગ આપવાથી જ તે પ્રસાદ ઉપર સર્વ જીવાત્માઓનો અધિકાર થાય છે.) તેનું આયુષ્ય પાપમય અને માત્ર ઇન્દ્રિય સુખમાં જ તેની તૃપ્તિ થાય છે. એવા મનુષ્યો વૃથા જીવન ધારણ કરે છે."

કદાચ તમે કહેશો કે એ સેવામાં જ જૂદી જૂદી ભાવના અને ધારણા છે. પરંતુ માત્ર એક ભાવનાને સેવા કહી અન્ય ભાવનાઓને ઉડાવી દેવાનો યત્ન કરશો તો તેમ બનશે નહિ! સર્વદા તે એક મુખ્ય લક્ષ્ય મનઃચક્ષુ સમિપ રાખી વર્તવું પડશે.

એ પ્રકારના " કર્મયોગ " ની સાધનામાં એક મહદ્ ઉપકાર સમાયલો

છે. આપણે સર્વ થોડાવત્તા પ્રમાણમાં નાના પ્રકારની સંસ્કાર જાળમાં બંધાયલા છીએ. એ સંસ્કાર જાળ તુટી છિન્નભિન્ન ના થાય ત્યાં સુધી મુક્તિના પગથીઆં ઉપર ચઢવાનો અન્ય માર્ગ જ નથી. "કર્મયોગ" એ સંસ્કાર જાળ છિન્ન કરવાનું અમોઘ અસ્ત્ર-ઉપાય છે. એ જાણે પગમાં કાંટો વાગ્યો હોય તો અન્ય કાંટા વડે તે કાંટો કહાડયા પછી બન્ને કાંટા ફેંકી દઇએ છીએ તેની પેઠે છે. સદ્દગુરૂના ઉપદેશથી અથવા પોતાના જ વિચારથી-ઇચ્છાથી-કોઈ એક શુભ કર્મની દીક્ષા લઈ, તેમાં જ મસ્ગુલ થઈ જાઓ, અને સાથે સાથે બે હાથ જોડી, ભગવાનની પ્રાર્થના કરો કે: "હે પ્રભો ! મ્હારાં સર્વ કર્મબંધન તોડી નાંખો. મ્હને તમારો કરી લો." તમે જોઈ શકશો કે ધીમે ધીમે સંસ્કારને લીધે આવી પડેલું દાસત્વ અલોપ થઈ જશે. અજ્ઞાનરૂપી અંધકાર ધીમે ધીમે નાશ પામશે.

તમોગુણ એ સાધકોનો એક મહાન શત્રુ છે. તે મનુષ્યને આલસ્ય, તન્દ્રા, નિદ્રા, પ્રમાદ વગેરે લાવી આપી ઘોર બન્ધનમાં બાંધવા ચ્હાય છે, પરંતુ "**કર્મયોગ**" એ તમોગુણનો પ્રબળ શત્રુ છે. કર્મયોગનું તત્વ સમજી કાર્ય કરવાથી આલસ્ય, તન્દ્રા, નિદ્રા, વગેરેને સંપૂર્ણ રૂપે જીતી શકાય છે, અને મહાન રજોગુણ ઉત્પન્ન થાય છે. તેમાં પણ એ રજોગુણ સત્વપ્રધાન હોય છે. ધીમે ધીમે તીવ્ર યત્ન કરવાથી સાધકમાં રજોગુણનો સંહાર અને શુદ્ધ સત્વગુણનો પ્રકાશ થાય છે. શુદ્ધ સત્વગુણનો જન્મ થતાં જ મુક્તિ મુઠ્ઠીમાં આવી શકે છે.

હે સાધકો ! હે બ્રહ્મચારીઓ ! હે સન્યાસીઓ ! હે આશ્રમ નિવાસી જનો ! ઘોર કલિયુગના રાજ્યમાં જ્ઞાનયોગ અને હઠયોગ-રાજયોગની સાધના સદ્દગુરૂ-યોગી ગુરૂ વિના થવી બહુ કઠિન અને અનેક વિઘ્ન ઉપસ્થિત કરે છે. ભાગ્યેજ કરોડો મનુષ્યમાં કોઈ એક મહાત્મા એ માર્ગના પ્રવાસી-યોગીરાજ થઇ શકે છે. તેમ છતાં ભક્તિ સહિત "કર્મયોગ" એજ આ યુગનો "યુગ-ધર્મ" છે. એ યુગધર્મની દીક્ષા લેવી. ભગવાનનું નામ લઇને, તેને હૃદયમાં ધારણ કરી જીવસેવા વ્રતમાં, દેશસેવા વ્રતમાં, સમગ્ર માનવસેવા વ્રતની દીક્ષા લેવી, અને મહા પુરૂષોના . અને શ્રી કૃષ્ણ ભગવાનના આશિર્વાદથી સર્વ

યોગનું ફળ એકત્વ અનુભવ અને સમદર્શન પ્રાપ્ત કરી કૃતાર્થ થાઓ. પુનઃ પુનઃ હું એ જ કહું છું કેઃ મનુષ્ય માત્રને "પોતાનાં જ—આત્મીય" જાણી તેમની સેવ કરવાનું વ્રત લો. તમને સુખશાંતિ—આત્મ તૃપ્તિ એની મેળે પ્રાપ્ત થશે."

એમ કહી નારાયણદેવે કહ્યું: "આજનો વિષય ગહન છે. કદાચ કોઇને ન સમજાયું હોય તો અન્ય પ્રસંગે તે માટે પ્રશ્ન કરી ઉત્તર મેળવી શકાશે. આજે બહુ રાત વીતી છે, માટે હવે નિદ્રાવશ થાઓ. ૐ **શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

પ્રકરણ ૩૦ મું.

મતિ તેવી ગતિ.

આજે રાત્રે ભોજન કર્યા પછી ચાંદનીમાં બ્રહ્મચારીઓથી પરિવેષ્ઠિત થઈ નારાયણદેવ બિરાજ્યા છે. એ સમયે ધર્મવ્રતે કહ્યું: "ભગવાન ! ગઇ કાલે આપે "યોગતત્વ" સમજાવ્યુ તેથી અમારા જેવા પાપી જીવો ઉપર બહુ કૃપા થઈ છે. અમે સમજી શકયા છીએ કે સર્વ યોગનો સાર "કર્મયોગ"માં સમાઈ જાય છે અને તે સાથે બીજા યોગો કરતાં એ યોગ સ્હેલો—સરલ પણ છે. બીજા હઠયોગ—રાજયોગ, ભક્તિયોગમાં દશે ઇન્દ્રિયોને નેતી, ધોતી, બસ્તી, ભાતિદ્વારા નિર્મળ રાખવામાં અને ભજન, પૂજન કરવામાં ઘણો સમય નીકળી જાય છે. દશે ઇન્દ્રિયોનું કઠોર રૂપે દમન કરવું પડે છે. દેહને અનેક પ્રકારનાં કષ્ટ આપવાં પડે છે. પરંતુ "કર્મયોગ"માં તો માત્ર મનની ઇચ્છાશક્તિને જ જીતવી પડે છે અને અનેક નાશવંત ભોગની ઇચ્છામાંથી તેને પાછું ખેંચી લેવું પડે છે, અને તેમ કરીને માત્ર જીવ સેવામાંજ સર્વ ઇચ્છાઓને સમર્પવી પડે છે. પારકા આત્માને સુખ આપવું અને તેમાં જ માનવાત્માએ આનંદ માનવો એ જ તે યોગનું લક્ષ્યબિંદુ છે. પરંતુ કોઈ ગૃહસ્થાશ્રમી મનુષ્ય ઘરના કામધંધામાંથી પરવારતો

ના હોય, બાળબચ્ચાં, કુટુંબના સ્વજનની સેવામાંથી જ તેને નવરાસ મળતી જ ન હોય તો તેણે શું કરવું ? તેણે કયે પ્રકારે સંસ્કારની જાળ તોડવી?"

નારાયણદેવે મધુર હાસ્ય કરતાં ઉત્તર દીધું: " ધર્મવત ! ધન્ય છે તમને ! તમે જે પ્રશ્ન પૂછયો છે તે અનેક જનોનું કલ્યાણ કરી શકે એમ છે. જે મનુષ્ય કુટુંબ સ્વજનની સેવામાંથી પરવારતો ના હોય તેણે પેલા ખેડુતની પેઠે રાત્રે એક વખત પણ પરમાત્માની પ્રાર્થના કરવી. તેણે બાળ-બચ્ચાંમાં અને સ્ત્રી સ્વજનમાં છેક જ રચી પચી રાત ને દિવસ તેમને સુખી કરવાનું જ ધ્યાન ધરવું જોઇએ નહિ. તેમ કરવાથી તો પરમાત્માનું એક ક્ષણ પણ ધ્યાન ધરી શકાય નહિ. બાળબચ્ચાંની સેવા એ પણ એક પ્રકારની જીવસેવા જ છે, પણ તેમાં લોભ, મોહ આદિને વશ થઈ માત્ર તે જ કાર્ય પાછળ ચિત્તવૃત્તિને જોડી દેવી યોગ્ય નથી. તેમ કરવાથી કેવું અનિષ્ટ પરિણામ આવે છે તે માટે એક ઉત્તમ દષ્ટાંત કહું તે સાંભળોઃ—

(૧)

એક દિવસ ભગવદ્ ભક્ત મહર્ષિ નારદજી ભગવાનનાં દર્શન માટે વૈકુણ્ઠમાં જતા હતા. માર્ગમાં તેમણે જોયું કે: એક મ્હોટી હવેલીની નીચે અનાજ વગેરેની મ્હોટી દુકાનમાં એક વૃદ્ધ વૈશ્ય, કપાળે, કાને, હાથે, અને છાતીએ શ્રી કૃષ્ણ નામના તિલક છાપાં કરી "શ્રી કૃષ્ણ" નામનો જાપ જપતો બેઠો છે. દુકાન પર ઘરાકની ધમાલ એટલી બધી હતી કે તેને વાત કરવાની પણ ફુરસદ ન હતી. નારદજીએ તેને જોતાં જ ધાર્યું કે એ કોઈ મ્હોટો ભકત હોવો જોઇએ. તેની ગંભીર અને શાંત મુખમુદ્રા જોઈ નારદજીને તેના પર દયા ઉત્પન્ન થઈ. તેથી તેમણે વૈકુણ્ઠમાં જઈ ભગવાનની સ્તુતિ સ્તોત્ર કર્યા પછી પેલા વૃદ્ધ વૈશ્ય માટે કહ્યું: " ભગવન ! મર્ત્ય લોકમાં મ્હેં એક વૈશ્ય વ્યાપારી દીઠો છે તેને જોતાંજ મ્હને એવો વિચાર થયો છે કે: તેને હવે વૈકુણ્ઠમાં લાવી સુખ—શાંતિ આપવાં જોઇએ. આપ કૃપા કરી એ માટે બંદોબસ્ત કરશો તો ઘણો ઉપકાર થશે."

નારદજીનું કહેવું સાંભળી ભગવાને, ધર્મરાજાને બોલાવ્યા અને તે વૃદ્ધનાં કંઈ પાપ પુણ્ય જમે ઉધાર છે કે કેમ ? તે સંબંધી પૂછ્યું. ધર્મ

રાજાએ ના પાડી કે કશું જમે નથી. એ સાંભળી ભગવાને મનમાં જ કંઈક વિચાર કર્યા પછી કહ્યું: "નારદજી ! જ્યારે તમારા જેવા મ્હારા પરમ ભક્તની એવી ઇચ્છા છે અને ભલામણુ છે ત્યારે જાઓ, આપણું પુષ્પક વિમાન લઈ જાઓ, અને વૃદ્ધને વૈકુણ્ઠમાં તેડી લાવો."

(૨)

નારદજી પુષ્પક વિમાન લઈ વૃદ્ધ શેઠની હવેલી પાસે આવી પહોંચ્યા. તેમણે શેઠને કહ્યું: "હું નારદ છું." તને રોજ તિલક છાપાં કરેલાં જોઇને અને મ્હોડેથી રામ નામ જપતો જોઇને હું પ્રસન્ન થયો છું. મેં તને સ્વદેહે વૈકુણ્ઠ લઇ જવાની ઇચ્છાથી ત્હારે માટે ભગવાનને પ્રાર્થના કરી, અને ભગવાને મ્હારી ભલામણથી ત્હારે માટે વિમાન મોકલ્યુ છે. ભક્તરાજ ! હવે ઝટ કર. સંસારની માયા જાળમાં પડી રહેવાથી શો લાભ છે? બહુ દિવસ તેં એમની સેવા કરી. હવે ચાલ, તને ભગવાનનાં સુખ–શાંતિમય ધામમાં લઇ જાઉં. ત્યાં તને અતિ આનંદ મળશે."

નારદજીનું કથન સાંભળી વૃદ્ધ શેઠે બે હાથ જોડી સાષ્ટાંગ પ્રણામ કર્યાં અને ગદગદ કણ્ઠે કહ્યું: "મહારાજ ! ધન્ય છે આપના જેવા દયાળુ મહાત્માઓને ! જો અમારા જેવા પાપી પ્રાણીઓ ઉપર આપના જેવા મહાત્માઓની દયા ન હોય તો ભગવાનના કાન સુધી અમારો અવાજ પહોંચે શી રીતે? મહારાજ ! આપના દર્શનથી આજે હું કૃતાર્થ થયો. આપે મ્હારે માટે પુષ્પક વિમાન લાવી અતિશય પરિશ્રમ વેઠયો છે ! ભગવાન! હું પામર, આપનો બદલો શી રીતે વાળીશ? આપ કહો છો તે મ્હને કબૂલ છે, પરંતુ મ્હારી એક પ્રાર્થના છે મહારાજ ! ત્રણ મહિના પછી દિવાળી આવશે. હમણાં દુકાનનો હિસાબ ચોખ્ખો થાય છે. ઘરમાં ચાર દિકરા, ચાર દિકરીઓ, તેના દિકરા દિકરીઓ અને જમાઈ, ભાણેજોનું મ્હોટું કુટુંબ છે. એ બધાં લઢી ના મરે એટલા માટે દિવાળી પર બધું નક્કી કરી દેવાની તજવીજમાં છું. દિવાળી જાય કે તુરત જ આપની સાથે આવવા તૈયાર જ રહીશ. પ્રભુ ! દયા કરજો ! પુનઃ દર્શન દેજો. પરિશ્રમ માટે ક્ષમા કરજો."

વૃદ્ધ શેઠનાં નમ્ર અને દિનતા ભરેલાં વચનો સાંભળી ભક્તપ્રાણ નારદજી ત્યાંથી ચાલ્યા ગયા. ભગવાને પૂછયું: " કેમ નારદજી ? પેલા ભક્તને લઈ આવ્યા ? "

નારદજી: " ના, મહારાજ ! તેની આવવાની ઇચ્છા તો ઘણી છે પરંતુ મર્ત્ય લોકના માયાવી જીવોની અનેક પ્રકારની ઉપાધિઓ આપ ક્યાં નથી જાણતા ? તેણે દિવાળી પછી આવવાનો વાયદો કર્યો છે ! "

ભગવાન: " બહુ સારી વાત છે. આપની ઇચ્છા થાય ત્યારે વિમાન લઈ જજો. "

નારદજી અન્ય કાર્યોમાં ગુંથાયા.

(૩)

ચાર પાંચેક વર્ષ વીતી ગયા પછી નારદજીને પુનઃ તે વાત યાદ આવી. તેઓ પુષ્પક વિમાન લઇ વૃદ્ધ શેઠની હવેલી પાસે જઈ પહોંચ્યા. દુકાન ઉપર જોતાં શેઠ જણાયા નહિ. તેની જગ્યાએ તેનાજ જેવી મુખાકૃતિવાળો હૃષ્ટ પુષ્ટ એક ચાળીશેક વર્ષનો તરૂણ બેઠેલો હતો. નારદજીએ તેની પાસે જઇ વૃદ્ધને મળવાની ઇચ્છા દર્શાવી. તેણે કહ્યું: "મહારાજ ! તે તો અમારા પિતા હતા. ત્રણ વર્ષ થયાં દેવલોક પામી ગયા છે. " એ સાંભળી નારદજીએ નેત્ર બંધ કરી ધ્યાન ધર્યું. તેમાં જણાયું કે: શેઠની હવેલી પાછળ એક મ્હોટી વખાર હતી. તેમાં વૃદ્ધ શેઠે બિલાડાનો અવતાર ગ્રહણ કર્યો છે. નારદજીએ કહ્યું: " ભાઇ ! તમારી વખાર ઉઘાડો. મ્હારે જરા કામ છે." તરૂણે વખાર ઉઘાડી. બિલાડો બારણા પાસેજ બેઠો હતો. નારદજીને જોઇ તે હર્ષ પામ્યો હોય તેમ પુછડું હલાવી મ્યાઉં મ્યાઉં કરવા લાગ્યો. નારદજીએ મંત્ર ભણી તેને જળ છાંટયું. તેને વાચા થઇ. તે બોલ્યો: " મહારાજ ! આપના પરિશ્રમને માટે હું આપને કેટલો ધન્યવાદ આપું ? મ્હારા ઉપર આપની બહુ કૃપા થઇ છે ? " નારદજીએ કહ્યું: " એ તો ઠીક છે, પણ કેમ હવે ચાલવું છે ? ત્હારે માટે વિમાન લાવ્યો છું. મ્હારી ઇચ્છા છે કે તને સ્વદેહે વૈકુણ્ઠ લઇ જઈ ત્યાંનું અપૂર્વ સુખ અપાવું. ત્યાંના આનંદથી તું આ જગતનો આનંદ ભૂલી જશે. ઇચ્છા હોય તો ઝટ કર."

એ સાંભળી બિલાડા રૂપી વાણીયા શેઠે બે હાથ જોડી કહ્યું: "મહારાજ! આપની કૃપા માટે હું કેટલો ઉપકાર માનું? આપનો બદલો કદી વાળી શકાશે નહિ? મહારાજ! વૈકુણ્ઠ જેવા પવિત્ર ધામમાં આવવાની ક્યા અભાગીને ઇચ્છા ન થાય? જે પૂરેપૂરો પાપી હોય તેજ ત્યાંના આનંદથી વિમુખ રહે! હું ત્યાં આવવા અત્યંત આતુર છું પરંતુ મહારાજ! આપે જ્યારે મ્હારા ઉપર કૃપા જ કરી છે ત્યારે હવે બે મહિના વધારે કૃપા કરો. હમણાં ફસલનો વખત છે. ખેતરોમાંથી અનાજ ઘેર લાવી વખારમાં સીંચી દીધું છે. આ, જુવો! ગુણોના ઢગલે ઢગલા પડયા છે. ખેતરમાં ખાવાનું નહિ મળવાથી ત્યાંના ઉંદરો વખારો તરફ વળ્યા છે. હું અને બીજા મ્હારા જાતિ ભાઇઓ આખી રાત ઉજાગરા કરી ઉંદરોનો નાશ કરીએ છીએ! તેમ છતાં ખૂટતા જ નથી! દીનબંધુ! બે મહિનામાં આ અનાજ બધું વેચાઈ જશે એટલે હું જરૂર આપની સાથે આવીશ. આપ દયા કરી પુનઃ પધારજો."

બ્રાહ્મણભાઇ! ગમે તેમ પણ ભોળા, વિશ્વાસુ અને નિર્મળ સ્વભાવના હોય છે! ભક્તરાજ નારદજી, સ્વાર્થી અને માયાવી વાણીઆ શેઠની ઇચ્છા જાણી શક્યા નહિ! તેમણે સરલ અંતઃકરણે તેને થોડો ઉપદેશ દઇ વૈકુણ્ઠની સ્તુતિ કરી. અંતે ચાલવા માંડયું. ભગવાને વિમાનને ખાલી આવેલું જોઈ વૃદ્ધ શેઠ માટે પૂછયું. તેનો તેમણે પ્રથમની પેઠે જ ઉત્તર દીધો, અને અન્ય કામે ચાલ્યા ગયા.

(૪)

વળી ત્રણ ચાર વર્ષ વ્યતીત થઈ ગયા પછી નારદજીને વૃદ્ધ શેઠનું નામ યાદ આવ્યુ. તે સાથે જ તેને વૈકુણ્ઠનાં સુખ અપાવવાની ઇચ્છા રાખનાર નારદજી વિમાન લઇ તેની પાસે ગયા. શેઠની હવેલીએ જઇ શેઠના પુત્રને વખાર ઉઘાડી બિલાડાને મળવા દેવા કહ્યું. તેણે ઉત્તર દેતાં કહ્યું: "મહારાજ! તે તો ક્યારનોએ પરલોકમાં પહોંચી ગયો છે." એ સાંભળી નારદજીએ ધ્યાન ધર્યું. તેમાં જણાયું કે: શેઠના બારણા આગળ બાંધેલા ત્રણ બળદમાં એક રાતા રંગનો બળદ હતો તેના રૂપમા શેઠે જન્મ લીધો છે.

નારદજીએ બળદ પાસે જઈ મંત્ર ભણી તેના પર જળ છાંટયું, અને વૈકુણ્ઠ આવવા માટે વિમાનમાં બેસી જવા કહ્યું. નારદજીને જોઈ બળદ બહુ ખુશી થયો અને વારંવાર માથું નમાવી પ્રણામ કરવા લાગ્યો. તેણે કહ્યું: " ભગવાન ! મ્હારા ઉપર આપની અતિશય કૃપા છે. એવી કૃપા સાક્ષાત્ ભગવાનની પણ હશે કે નહિ તે હું કહી શકતો નથી ! ધન્ય છે મ્હારા જીવનને ! ખરેખર, હું અતિ ભાગ્યશાળી છું. આ જગતમાં મ્હારા જેવો ભાગ્યશાળી કોણ છે ! મહારાજ ! વૈકુણ્ઠ આવવા માટે અને ત્યાંનો અપૂર્વ આનંદ ઉપભોગ કરવા માટે મ્હારો જીવ તલપાપડ થઇ રહ્યો છે ! અને ભગવાનનાં દર્શન કરવા માટે તો હું એટલો બધો અધીરો થઈ રહ્યો છું કે: સમસ્ત જગતમાં મ્હારા જેવો કોઈ ભાગ્યે જ અધીરો થઈ રહ્યો હશે ! મહારાજ! બળ્યો આ સંસાર ! અને બળી આ સંસારની માયા ! હુ તો છેક જ એનાથી કંટાળી ગયો છું પણ શું કરૂ ? પેટના કાદવ ! છૈયાં છોકરાંના મુખ સ્હામુ જોઉં છુ ત્યારે દયા આવી જાય છે ! પણ હવે તો હું જરૂર આપની સાથે આવીશ. હવે તો થાકયો ! મહારાજ ! આપ તો જાણો છો કે આ વર્ષે વર્ષાદ ઓછો પડયો છે. ઘાસ ચારા વગર ઘણાં ઢોરો મરણ પામ્યાં છે. સેંકડો વીંઘાં જમીન છે. છોકરાંઓ ખાશે શું તેની મ્હને તો ચિંતા થઈ પડી છે. જમીન ખેડશે કોણ? મ્હારી સાથે ઉભેલા બીજા બે મ્હારા કાકાના છોકરા છે. એ બે અને હું મળીને ગમે તેટલાં દુઃખ સહન કરીને પણ બધી જમીન ખેડીશું. હવે એક મહિનાની વાર છે. એટલું કામ થઈ રહે કે પછી તુરત જ આપની સાથે આવીશ. મહારાજ ! મ્હારા પર દયા કરીને પુનઃ જરૂર પધારજો. આટલી બધી કૃપા કરી ત્યારે હવે એક મહિનો વધારે ! દયા કરીને પુનઃ પધારજો મહારાજ ! " એમ કહી બળદ મહારાજને વારંવાર પગે લાગવા મંડયો.

વિશ્વાસુ અને પવિત્ર નારદજીએ તેની વાત સાચી માની. તેને ચાર શિખામણના શબ્દો કહી ત્યાંથી ચાલવા માંડયું. વિમાન લઇને નારદજી વૈણ્કુઠ ગયા ત્યારે ભગવાને તેમને કારણ પૂછયું. સત્યવાદી નારદજીએ જે સત્ય હતું તે કહી સંભળાવ્યું. નારદજી ત્યાંથી ચાલ્યા ગયા.

(૫)

વળી બે ચાર વર્ષે નારદજીને વૃદ્ધ શેઠનું સ્મરણ થયું.

નારદજી પુનઃ પુષ્પક વિમાનને સારી પેઠે શૃંગારી વૃદ્ધ શેઠના ઘર તરફ ગયા. ત્યાં જઇને જોતાં બળદ દીઠો નહિ, એટલે શેઠના પુત્રને પૂછ્યું. તેણે ઉત્તર દીધોઃ "મહારાજ! તે તો ઘણા વખતથી મરણશરણ થયો છે! તે ખેતરમાં ઘાસ ચરતો હતો એટલામાં તેને એકાએક કોણ જાણે શુંએ થયું કેઃ ધડાક્ દઇને તે પૃથ્વી પર પડયો. તે સાથે જ તેના પ્રાણ નીકળી ગયા. મહારાજ! બળદ બહુ સારો હતો. બહુ સખ્ત મહેનત કરતો, તેમ છતાં ખાવાની તેને પરવાહ ન હતી!" એ સાંભળી નારદજીએ ધ્યાન ધરી જોયું તો જણાયું કેઃ બળદરૂપી વૃદ્ધ શેઠે ભુંડનો જન્મ લીધો છે, અને ગામ બહાર ઉકરડાની પાસે દુર્ગંધથી ભરેલા એક ખાડામાં પડયો છે! તેને ત્રણ ચાર સ્ત્રીઓ અને દશ બાર છોકરાં છે. ત્યાંથી થોડે છેટે તેનાં ખેતરો છે, જેથી પ્રસંગોપાત તે બધું લશ્કર ખેતર તરફ પણ જઇ આવે છે, અને રાતને વખતે તો તે બધાં ખેતરની આસપાસ ચૉકીપહેરો ભરે છે!

નારદજી ત્યાં જઈ પહોંચ્યા. તેમણે જોયું કેઃ એક દુર્ગંધમય ખાડામાં ભુંડરૂપી વૃદ્ધ શેઠ પડયો પડયો કાદવમાં આળોટે છે! તેની સ્ત્રીઓ તથા બાળકો આસપાસ રમતાં ફરે છે. તેની નજીકમાં જ ઉકરડો હોવાથી ગામના સર્વે લોકો ત્યાં જાજરૂ જતા હતા. ભુંડ અને તેનું કુટુંબ ઉકરડાનો ઉપયોગ કરી ખાડામાં પડી આનંદ માનતાં અને રાતે ખેતરમાં ફરવા જતાં! નારદજીએ નાકે લુગડું દઇ ભુંડની મુલાકાત લઇ વૈકુણ્ઠમાં આવવાની માંગણી કરી. તેમને જોતાં જ દુર્ગંધીમય શરીર લઇ ભુંડરૂપી શેઠ ત્યાં આવી વારંવાર નમન કરી કહેવા લાગ્યોઃ "ભક્ત વત્સલ ભગવાન! કહો વારૂ, હું આપનો કેટલો ઉપકાર માનું વારૂં? અહો હો હો! આપે મ્હારે માટે અતિશય પરિશ્રમ વેઠયો છે? બહુ કૃપા! બહુ કૃપા! મ્હારા જીવનને ધન્ય છે! ધન્ય છે! મહારાજ! આ અધમ અને પાપી જીવને વૈણ્કુઠનું અનુપમ સુખ અપાવવાની આપની ઇચ્છા માટે જેટલી પ્રશંસા કરૂં તેટલી ઓછી જ! અને હું? હું તો હવે આ સંસારના દુઃખોથી ત્રાસ પામી આપની સાથે વૈકુ-

ણ્ઠમાં આવવા એટલો અધીરો થઇ રહ્યો છું કે જો આપ મ્હને પાંખો આપતા ગયા હોત તો આપના આવતાં પહેલાં હું ત્યાં ક્યારનોએ આવી પહોંચ્યો હોત ! પણ શું કરૂં ? આપ તો ગયા તે જ ગયા ! ફરી કંઇ મ્હારી સંભાળ જ ના લીધી ! હરિ ઇચ્છા ! પણ હવ આપણે તૈયારી કરીએ તો શું મોડું થયું છે ? જ્યારે જઈશું ત્યારે ભગવાન ક્યાં ન્હાસી જવાના છે ? તે તો વૈકુણ્ઠમાં જ છે ને ? જુવો, મહારાજ ! આપે મ્હારા ઉપર આટલી બધી કૃપા કરી છે ત્યારે હવે માત્ર પંદર દિવસ વધારે કૃપા કરો. કારણ કે: હમણાં ખળાંમાં અનાજ ભર્યું છે. ગાડાંઓમાં ભરી ઘેર લઈ જતાં સુધી તેને સાચવવું પડે છે. ખેતરમાંથી રખાઓ ચોરીઓ કરતા હોવાથી તેમાંના ઘણાને રજા આપી છે. એટલે હવે ઘણો ખરો ભાર મ્હારે માથે છે. રાત પડતાં હું અને મ્હારૂં આ સમસ્ત કુટુંબ ખેતરમાં ચૉકી-પહેરો ભરવા જઇએ છીએ. જુવો મહારાજ ! અમારે માટે ઉકરડો પાસે છે એટલે છોકરાઓને અમારો રોટલા ખર્ચ થતો નથી ! એક રીતે અમારે તો મફતનું વૈતરૂં કરવું પડે છે પણ શું કરીએ ? પેટના કાદવ પડયા એટલે બધું જ કરવું પડે છે ! ”

નારદજીએ કહ્યું: “ એ બધી વાત રહેવા દે. ભલા માણુસ, આ દુર્ગંધમાં ત્હારો દિવસ કેમ જાય છે ? જો તો ખરો, પેલા વિમાનમાં કેવી સુગંધ પ્રસરી રહી છે તે ? તેમાં પારિજાતક નામનાં સુગંધીદાર પુષ્પો છે, તેમાં મધુર કણ્ઠવાળી અપ્સરાઓ ગાન કરી રહી છે, તેમાં જાત જાતનાં સ્વાદિષ્ટ પકવાન્નો ભર્યાં છે. તેમાં કેસર કસ્તુરી અંબર નાંખી ઉકાળેલાં દુધના વાટકા ભર્યા છે. તેમાં નરમ રેશમની સુંવાળી તળાઇઓ પાથરી છે. અહા ! તેમાં દેવોને ભોગવવા જેટલો વિભવ છે. બેહદ આનંદ પ્રાપ્ત થાય એમ છે અને વૈકુણ્ઠમાં તો એનાથી પણ વિશેષ ! ત્યાંનું તો પૂછવું જ શું ? ”

આ સમયે ભુંડ અને તેનું કુટુંબ નારદજીના મુખ સ્હામુ જોઇ રહ્યું હતું. ભુંડે આતુરતાથી કહ્યું: “ મહારાજ ! એ તો બધું કહ્યું તે ઠીક, પણ મ્હારે આપને એક પ્રશ્ન પૂછવો છે, તેનો ઉત્તર દો. વિમાનમાં અને વૈકુણ્ઠમ આપે કહ્યું તે બધું મળશે એ તો સમજ્યા પણ મહારાજ ! આપ એક બે

વસ્તુ ભૂલી ગયા હો એમ જણાય છે! વૈકુણ્ઠમાં બધું મળશે પણ પેલી તરફ નજર કરો. અમારા ઉપભોગ માટે પેલા ઉકરડાના જેવું ત્યાં આબેહુબ સ્થાન મળે એમ છે ખરૂં ? અને આવો ખાડો ? જો એ બે મળે તો હુ તો શું પણ મ્હારી સ્ત્રીઓ તથા બાળકો સુદ્ધાં ત્યાં આવીએ ? ઝટ કહો, મહારાજ ! એ બે ત્યાં મળે એમ છે ? ”

નારદજીએ કહ્યું: “ અરે મૂર્ખ ! વૈકુણ્ઠ ધામમાં તે વળી એવાં દુર્ગંધમય નરકસ્થાન હોય ખરાં ? ત્યાં તો ઉંચી જાતનાં સુગંધીદાર અત્તરો અને પુષ્પો મળશે ? ત્યાં જમવા માટે નિત્ય ઉત્તમ પ્રકારનાં મિષ્ટાન્નો મળશે. ત્યાં તો કસ્તુરી, કેસર અને અંબર જેવી કીમતિ વસ્તૂઓ ઉપભોગ કરવાની મળશે. ત્યાં એવી નઠારી વસ્તુ કેવી ? ”

ભુંડે ઉતરેલે ચ્હેરે કહ્યું: “ શું કહો છો મહારાજ ! ત્યાં આ ઉકરડો કે ખાડો નહિ મળે ? ત્યારે તો ક્ષમા કરો. તસ્દી માફ કરજો. તમારૂં વૈકુણ્ઠ તમારે ઘેર રહેવા દો. અમને જે વસ્તુના ઉપભોગની ટેવ પડી છે તે તો અમારે જોઇએ જ. તે ના મળે તો પછી અમને આનંદ કયાં ? ”

નારદજીએ તેને સમજાવતાં કહ્યું: “ અરે ભલા માણસ ! તું જે વસ્તુઓને ચ્હાય છે તેના કરતાં ત્યાં અતિ ઉત્તમ વસ્તુઓનો તને ઉપભોગ મળશે. તું મ્હારી સાથે ચાલ, અને એક વખત ત્યાં જોતો ખરો. તું પુનઃ મર્ત્ય લોકમાં આવવાનું જ ભૂલી જશે. ”

ભુંડે કહ્યું: “ મહારાજ ! એ બધું સમજ્યો, પણ હું કહું છું તે ત્યાં મળે એમ છે ? જાઓ, એક વખત ઉકરડા તરફ નજર ફેરવી આવો. આ પેલો ખાડો પણ સાથે લાગા જોતા આવજો. એ બન્ને મ્હારે મનથી વૈકુણ્ઠ કરતાં પણ અધિક છે. જો એ બે ત્યાં મળે એમ હોય તો જ ત્યાં આવું; નહિ તો નાહક તમારા વિમાનને ભારે મારવું અને વૈકુણ્ઠમાં ભીડ કરવી હું યોગ્ય ધારતો નથી! આપે જે તસ્દી લીધી છે તે માટે હું વારંવાર આપનો ઉપકાર માનું છું. ક્ષમા કરજો.” એમ કહી ભુંડ પોતાના કુટુંબ પરિવાર સહિત ખાડામાં જઇ પડયો. તેનાં સ્ત્રી બાળકો ઉકરડામાં જઇ યથેચ્છ વિહાર કરવા લાગ્યાં !

એ જોઇ નારદજી આશ્ચર્ય પામતા, દિલગીર થતા, વિમાન લઇ વૈકુણ્ઠ પાછા ચાલ્યા ગયા. નારદજીને ઉતરેલે ચ્હેરે આવેલા જોઈ ભગવાને પૂછ્યુંઃ " કેમ નારદજી ! પેલો વૃદ્ધ શેઠ ક્યાં ? "

નારદજીએ શોકાતુર મુખે કહ્યુંઃ " ભગવાન ! આપ તો સર્વજ્ઞ છો. આપ સર્વ જાણો છો. હું વિશેષ શું કહું ? "

ભગવાને કહ્યું: " ભક્તરાજ ! તમારી ઇચ્છા તો ઘણીએ તેને વૈકુણ્ઠમાં લાવવાની હોય પણ તેને તો નરકમાં જ પડી રહેવું છે તે ? તેનાં કર્મોનું ફળ તેને મળવું જ જોઇએ ! કર્મનું ફળ મિથ્યા કોણ કરી શકે છે? તેણે જીંદગી પર્યંત " મ્હારી પત્ની, મ્હારાં છોકરાં ! " એજ શબ્દનો જાપ જપ્યો છે ! ઉપર ઉપરથી તિલકછાપાં કર્યાં અને લોકોને બતાવવા ઘરમાં રાજસેવા રાખી મિષ્ટાન્નો ઉડાવ્યાં તથા મ્હોડેથી રામ કે કૃષ્ણના જાપ જપ્યા તેથી શું થયું ? તેનું અંતઃકરણ તો રાત દિવસ સ્ત્રી બાળકોમાં ગુંથાઈ રહ્યું છે, તે ક્ષણે ક્ષણે તેમને સુખ આપવા માટે તલપાપડ થઇ રહ્યો છે ! ગમે તેટલાં પાપ પ્રપચ કરીને પણ તેમને માટે પૈસો સંગ્રહ કરી રહ્યો છે ! એવા જીવોને જોઈ તમારા જેવા પવિત્ર અંતઃકરણના ભક્તો ભોળવાઇ જાય એ સત્ય જ છે. એમાં તમારો વાંક નથી. તમે તો તમારી ફરજ બજાવી છે. તમે તો તેને વૈકુણ્ઠમાં લાવી અનંત સુખ અપાવવા ઘણો પરિશ્રમ કર્યો છે પણ તેનાં કર્મો–તેની ઇચ્છા–વાસના તેને નરક તરફ લઈ જાય છે ! તેમાં તમે શું કરો ? તમારા જેવા સાત્વિક જીવોને વૈકુણ્ઠ સુખમય ભાસે છે, ત્યારે શેઠ જેવા સ્વાર્થી જીવોને નરક સુખમય ભાસે છે ! માયાની લીલા એવી જ છે ! તેઓ સર્વ કર્મ મને અર્પણ કરતા નથી અને તેનો ભાર પોતાને માથે લે છે તેને માટે નરક સ્થાન જ નિર્માણ થયું છે ! જે જીવો માત્ર લોકોને બતાવવા માટે ભક્તનો ડૉળ કરે છે અને અંતરમાં સ્વાર્થ વૃત્તિ રાખે છે તેને એવું જ ફળ મળે છે. જો તે લાયક થયો હોત તો હું તેને માટે વિમાન ના મોકલત ? ભક્તરાજ તુકારામને સ્વદેહે વૈકુણ્ઠ લાવવાની મ્હેં વ્યવસ્થા કરી હતી. શું જીવોને તેમનાં કર્મ પ્રમાણે ફળ આપવાનું હું ભૂલી શકું એમ છું ? ભક્તશ્રેષ્ઠ તમે ભોળા છો. વિશ્વાસુ છો.

તેથી જ તમને એ દ્વારા શિખામણ આપી છે. અધિકારી મનુષ્યોનો અધિકાર થતાં હું જ તેને યોગ્ય સુખ અર્પણ કરૂં છું."

ભક્તરાજ નારદજીએ સાષ્ટાંગ પ્રણામ કરી પોતાની ભૂલ કબૂલ કરી, અને પુનઃ તેમ નહિ કરવા પ્રતિજ્ઞા લીધી. ભગવાનની સ્તુતિ કરી નારદજી સ્વગૃહે ગયા."

(૬)

એટલું કહી નારાયણદેવે કહ્યું: "ધર્મવ્રત! સમજવામાં આવ્યું હવે? જે ગૃહસ્થાશ્રમી મનુષ્યો માત્ર સ્વાર્થ, લોભમાં પડી રહી ભગવાનનું નામ ભૂલી જાય છે તેનું એવું પરિણામ આવે છે! આજે જગતમાં એવા બગલા-ભક્તો ઘણા ફરતા જણાય છે! ખરા ભક્તો જવલ્લે જ! ગૃહસ્થાશ્રમી ભલે ઘર સંસારનાં કાર્યો કરે પરંતુ તેમાંથી "અસત્ય"નો ત્યાગ કરે અને પ્રત્યેક કાર્યોનું ફળ મ્હને સોંપી દે તો પછી તેમને સંસારમાં વૈકુણ્ઠનું અનુપમ સુખ પ્રાપ્ત થાય છે! એવું સુખ પ્રાપ્ત કરવા માટે જીવ–સેવાવ્રત ઉત્તમ માર્ગ છે. ગૃહસ્થાશ્રમી મનુષ્યો પ્રતિ વર્ષે પોતાની કમાણીનો અમુક ભાગ "સેવાશ્રમ" જેવી સંસ્થામાં મોકલી દે અને ત્યાંના વ્રતધારી બ્રહ્મચારી, સન્યાસીઓ જગતના ખુણે ખુણામાં ફરી વળી દુઃખી દરિદ્રીઓનાં દુઃખ ટાળવાનું કાર્ય કરે તો પછી શું બાકી રહે? અશક્તોને અન્ન, વસ્ત્ર અને વિદ્યાદાન આપવાનું અને નિરૂદ્યમી જીવોને ઉદ્યમે વળગાડવાનું બહુ પુણ્ય છે. માત્ર પોતાની જાતે સુખો ભોગવી મરણ પામવું એ કાંઈ ખરૂં સુખ નથી. ખરૂં સુખ તો અન્ય જીવોની સેવા કરવામાં જ છે. નિષ્કામ કર્મ કરવામાં જ છે."

પ્રકરણ ૩૧ મું.

"ભાઈ"નો અર્થ.

આજે "સેવાશ્રમ"માં કેટલાક સદ્‌ગૃહસ્થો આવવાની નારાયણદેવને સૂચના મળી હતી. "સેવાશ્રમ" દ્વારા થતી જગતનાં પ્રાણી માત્રની સેવાનું કાર્ય બહુ ગુપ્ત રીતે થતું હતું તેમ છતાં કેટલાક શ્રીમંત

ગૃહસ્થોમાં તે સ્થાન જાણીતું હતું. તેઓ પ્રતિ વર્ષે પોતાની કમાણીનો થોડો ભાગ ગુપ્ત રીતે "સેવાશ્રમ"માં મોકલી દેતા હતા. માત્ર નારાયણદેવ શિવાય દ્રવ્ય મોકલનારનું નામ ભાગ્યે જ કોઈ જાણતું. તે શ્રીમંતો કીર્તિ માટે કિંવા વર્તમાનપત્રોમાં તેમનો ડંકો વાગે તેટલા માટે દાન કરતા નહતા પણ પરમાત્માના બનાવેલા સર્વ જીવોને પોતાના બંધુ સમાન સમજી તેઓ તેમનાં દુઃખ દારિદ્રય ટાળવા માટે તેવું દાન કરતા. તેઓ એમ જાણતા હતા કેઃ "પરમાત્મા આપણને જે લક્ષ્મી આપે છે તે માત્ર પોતાને એકલાને માટે નહિ પણ જગતના અન્ય જીવરૂપી બંધુઓને મદદ કરવા માટે પણ છે." એવા કેટલાક શ્રીમંત ગૃહસ્થો પોતાનાં ઘરની સુશિક્ષિત નારીઓને લઈ "સેવાશ્રમ"ની મુલાકાત લેવા અને ભગવદ સ્વરૂપ નારાયણદેવનાં દર્શન કરી તેમની અમૃતમયી વાણી શ્રવણ કરવા આજ આવવાના હતા. તેથી ધર્મવત આદિ બ્રહ્મચારિઓ પોતાના કાર્યમાંથી પરવારી તે સમયે મહારાજ દ્વારા ગૃહસ્થોને અપાતો બોધ શ્રવણ કરવા તૈયાર થઇ રહ્યા હતા.

સૂર્ય ભગવાનનો પ્રચંડ તાપ ઓછો થઇ ગયો હતો. તેમનાં વજ્રબાણ જેવાં તીવ્ર કિરણો કોમળ થઇ ગયાં હતાં. નર્મદાનાં પવિત્ર જળ ઉપરથી વહેતો ઠંડો પવન જનમંડળને શરીરે ઠંડકનો લેપ કરતો હતો. એક તરફ મા નર્મદા કલ્ કલ્ નાદ કરતી ધીર મંથરગતિએ વહન કરી રહી છે. બીજી તરફ વાયુ દેવતા ઠંડક પ્રસારી રહ્યા છે. નર્મદા કિનારે ઉભા રહેનાર પ્રવાસી જનનું અંતઃકરણ આનંદથી ઉભરાયા વગર રહે તેમ નથી. નારાયણદેવ આશ્રમના મધ્ય વિભાગમાં સેવાકાર્યમાં ગુંથાઇ રહ્યા છે. એટલામાં દ્વારપાળે આવી કેટલાક ગૃહસ્થો આવ્યાના સમાચાર આપ્યા. નારાયણદેવે પોતાનું કાર્ય કરવાનું છોડી નહિ દેતાં દ્વારપાળને જ આજ્ઞા કરી કેઃ "ગૃહસ્થોને તેમની પાસે તેડી લાવવા." આ સમયે નારાયણદેવ એક ખેડુતની બાળકી વૃક્ષ પરથી પડી જવાથી તેના માથામાં સખ્ત ઘા પડયો હતો તે ધોઈ પાટો બાંધતા હતા. ગૃહસ્થો અને સ્ત્રીઓનું ટોળું ત્યાં આવી પહોંચ્યું. તેમણે નારાયણદેવને એક નવ વર્ષની બાળકીના માથા પર પાટો બાંધતા દીઠા. એક સન્યાસી હાથમાં જળપાત્ર, રૂ, વસ્ત્રનો કટકો વગેરે લઇ તેમને સહાયતા

આપતો હતો. જાણે બાળકી તેમની જ પુત્રી હોય તેટલી માયા મામતાથી નારાયણદેવ તેને પાટો બાંધતાં મિષ્ટ વચનો કહી ધૈર્ય આપતા. એ જોઇ ગૃહસ્થો અને નારીઓને આશ્ચર્ય થયું.

થોડી વારમાં તે કાર્યથી પરવારી નારાયણદેવે આગંતુક ગૃહસ્થોને આશ્રમમાં સર્વત્ર ફેરવી વ્યવસ્થા બતાવી. એક તરફ અન્ન વસ્ત્ર ભણ્ડાર, તેની જ પાસે ઔષધી ભણ્ડાર, તેની સ્હામુ દુઃખી દરદીઓના બિછાનાં, તેની સાથે નિરાધાર, અપંગ નરનારી બાળકોનું આશ્રમ, તેની સ્હામે અને વચલા વિશાળ ચૉકમાં મંડપ નીચે રૂમાલ, મોજાં, ગંજીફરાક, દેશી સાબુ, મીણબત્તી, દેશી સાકર, બટનો, વગેરે અનેક ન્હાના ન્હાના ઉદ્યોગો માટેનું ઉદ્યોગાશ્રમ બતાવ્યું. ત્યાં અનેક નિરાધાર, નિરૂદ્યમી મનુષ્યો તે કાર્ય કરવામાં ગુંથાયાં હતાં. એ વસ્તુઓ તૈયાર થતાં જ સ્વચ્છતાથી પૅક કરી આશ્રમના સન્યસ્ત બ્રહ્મચારિઓ દેશવિદેશ જઈ વેચી આવતા. આશ્રમનો વહિવટ એટલો બધો સરલ અને ચોકખો રાખ્યો હતો કે જેથી ત્યાં મુલાકાત લેનાર કોઇ પણ મનુષ્યને સંતોષ થતો. આશ્રમમાં આવેલા ગૃહસ્થોમાં મ્હોટા મ્હોટા સોલીસીટરો, વકીલો અને વ્યાપારીઓ હતા. તે જોઇ આશ્ચર્ય પામ્યા! દેશને એક ખૂણે પડેલો સાધુ જગત ઉપર કેવો મહદ પકાર કરે છે અને પોતે હજારો લાખો રૂપિયા કમાવા છતાં તેમાંનું યત્કિંચિદ્ પણ કરી શકતા નથી એ જોઈ તેમને મનમાં ને મનમાં જ ખેદ થયો! એ કાર્યમાં વેગળે રહીને માત્ર પૈસા આપવાથી જે આનંદ થાય તે કરતાં અનેક ગણો વિશેષ—આનંદ તો પૈસા આપવા સાથે જ જાત મહેનત લઈ "સેવાકાર્ય" કરવાથી જ થાય એવું તેમને જણાયું. આશ્રમના સર્વ વિભાગ જોઈ રહ્યા પછી એક બે ગૃહસ્થોએ નારાયણદેવને પ્રાર્થના કરી કેઃ "થોડી ક્ષણ ફુરસદ લઈ આવેલાં મનુષ્યોને કંઇક બોધ આપવા કૃપા કરવી."

સંસારની માયા જાળમાં ફસાયલા, લોભ, મોહ ભરેલા શ્રીમંત ગૃહસ્થોને જ્યારે બોધ સાંભળવાની ઇચ્છા થતી ત્યારે મહાત્મા નારાયણદેવને બહુ આનંદ થતો. તેઓ એમ જ ધારતા કેઃ "એમ કરતાં કરતાં તેમનું હૃદય કોમળ થશે, અને કોઇક દિવસ પણ તેઓ "ભગવદ મહાત્મ્ય"

જાણુશે. તેમણે સ્મિત હાસ્ય કરી તેમની પ્રાર્થના સ્વિકારી અને સર્વ મનુષ્યોને સાથે લઈ ઉપલા માળ ઉપર વિશાળ દિવાનખાનામાં ગયા. સર્વના બેઠા પછી તેમણે કહ્યું:—

"ગૃહસ્થો અને બહેનો ! તમે ઘણે વેગળેથી આવી આશ્રમની મુલાકાત લીધી એથી અમને આનંદ થયો છે. એના કરતાં વિશેષ આનંદ તો એજ છે કે તમે સર્વ સજ્જનો તમારી આવકમાંથી થોડો વિભાગ પ્રતિ વર્ષે આશ્રમના કાર્ય માટે, નિષ્કામ દાન કરો છો. તમે એ દાન કરી કીર્તિની આશા રાખી નથી. તેથી મ્હારે કહેવું જોઇએ કે જીવાત્મા રૂપી પરમાત્માની સેવામાં તમારી કમાણીનો સદ્ઉપયોગ થાય છે. એજ તમને ભગવદ સમીપ લઈ જવાનો માર્ગ સરલ કરે છે."

એટલામાં ધર્મવ્રતે કહ્યું: "ભગવન્ ! ગૃહસ્થાશ્રમી મનુષ્યોને બોધ મળે એ હેતુથી એક વિષયની સૂચના કરવાની મ્હને પ્રેરણા થાય છે. આપની આજ્ઞા હોય તો તે નિવેદન કરૂં."

નારાયણદેવ અને અન્ય ગૃહસ્થો: "ઘણી ખુશીથી, ઘણી ખુશીથી."

ધર્મવ્રતે કહ્યું: "આજે ઘણા ગૃહસ્થો એક બીજાને પત્ર લખે છે તેમાં "ભાઈ" શબ્દનો વારંવાર ઉપયોગ કરે છે. તેમ જ વાતચિત કરતાં પણ "ભાઇ" કહે છે. વળી કેટલાંક મંડળોને "મિત્રમંડળ" અને "બ્રધરહુડ"નાં નામ આપવામાં આવ્યાં છે, પરંતુ તેઓ પરસ્પર એક બીજા પ્રત્યે જોઇએ તેવો ભ્રાતૃભાવ તો રાખતાં નથી. માટે આપશ્રી એ સંબંધી કંઇક કહેશો તો યોગ્ય થઇ પડશે."

નારાયણદેવ: "હા, તમારૂં કહેવું પ્રત્યેકને કલ્યાણકારી થઇ પડે એમ છે. સર્વ મનુષ્યો એક બીજાને "ભાઇ" કહે છે. અંગ્રેજીમાં પત્ર લખતાં તેઓ "Dear brother" શબ્દનો પ્રયોગ કરે છે. એ ઉપરથી એવું ધારવામાં આવે છે કે જ્યારે પ્રત્યેક મનુષ્ય એક બીજાને "ભાઈ" કહે છે ત્યારે તે સર્વનાં કોઇ માતા પિતા હોવાં જોઇએ. જેને "ભાઇ" હોય તેને અવશ્ય માતા પિતા હોવાં જ જોઇએ. ભ્રાતૃત્વના મૂળમાં માતૃત્વ અને પિતૃત્વ હોવું જ જોઇએ, અને તેમ છે ત્યારે પૃથ્વીના સમસ્ત મનુષ્યોનો માતા

પિતા પરમેશ્વર જ કહી શકાશે. તે માતા પણ છે અને પિતા પણ છે. આપણે નિરીશ્વરવાદી—નાસ્તિક મનુષ્યો સંબંધી કહેતા નથી. તેઓ "ભાઇ" કહીને બોલાવી શકશે શી રીતે? તેમનાં માતા પિતા કયાં છે? જેને માતા પિતા નથી તેનો "ભાઇ" હોય શી રીતે! નાસ્તિક કોઇને પણ "ભાઇ" કહી શકશે નહિ, પરંતુ જેઓ ઇશ્વરને માને છે તેઓ તો મનુષ્ય માત્રને તે એક પિતાનાં સન્તાન જાણી તેમને "ભાઇ" કહી શકશે.

મનુષ્ય મનુષ્યને "ભાઇ" કહે છે ખરો પરંતુ કાર્ય કરવામાં તેને પોતાના "ભાઇ" પ્રમાણે જાણે છે કયાં? મોઢેથી "ભાઇ" કહેવો સહેલું છે પરંતુ એ પ્રમાણે કાર્ય કરવું બહુ કઠિન છે. મોઢેથી ભાઈ કહેવો અને જીવન પર્યંત તેની સાથે "ભાઇ" પ્રમાણે વર્તવું એ બન્ને જુદું જુદું છે. જેઓ એક જાતનો વ્યાપાર કરે છે તેઓ પરસ્પરને "વ્યવસાય બંધુ"—Professional brother—કહે છે. કોઈ પણ કાર્ય એક સાથે કરવાથી પરસ્પર ભાઈ થાય છે, પરંતુ ભાઈ શબ્દનો ખરો અર્થ એ નથી. ખરો અર્થ તો એક માતા પિતાનાં સન્તાન હોય તેને જ "ભાઈ" કહેવાય છે. ઇશ્વરને જગત પિતા માનનાર કોઇ પણ મનુષ્ય જ્યારે અન્ય મનુષ્યને ભાઈ કહે ત્યારે તે તેના ખરા અર્થમાં જ બોલે છે, એમ કહેવું પડશે.

ઇશ્વરને માનનાર મનુષ્યો અન્યને ભાઈ કહે છે અને મનુષ્ય પ્રત્યે "ભાઇ"ના જેવો જ વ્યવહાર કરે છે, પરંતુ જગતનાં સર્વ મનુષ્યો એ પ્રમાણે વર્તે છે? મોઢેથી "ભાઇ" કહે છે ખરા પણ કાર્ય કરતી વખત તે પ્રમાણે વર્તે છે કયાં? જગતમાં કેટલા બધા ધર્મ સમ્પ્રદાય છે? સર્વ સમ્પ્રદાયના મનુષ્યો પોતાના સમ્પ્રદાયના લોકોને "ભાઇ" કહે છે, તેમ છતાં વર્તવામાં કેટલા સત્ય નિવડે છે? ઉલટું કેટલા નાસ્તિકો એવા છે કે, જેઓ મનુષ્યો સાથે "ભાઇ"ના જેવો વ્યવહાર કરે છે, પરંતુ અનેક મનુષ્યો પોતાને ઇશ્વરનાં સન્તાન ગણવા છતાં મનુષ્યો પ્રત્યે "ભાઇ"ના જેવો વ્યવહાર કરતા નથી! ત્યારે હવે આપણે નાસ્તિક કોને કહેવા? જે ઇશ્વર ઉપર વિશ્વાસ રાખે છે, જે ઇશ્વરને પોતાનો પિતા ગણે છે તે અન્ય મનુષ્ય સાથે પોતાના "ભાઈ" જેવો વ્યવહાર રાખે નહિ તેને આપણે નાસ્તિક

કહેવો કે નહિ ? કોઈ પણ મનુષ્યને આપણે "ભાઈ" કહીએ કે લખીયે તેથી કાંઈ તે "ભાઇ" થઈ જતો નથી પણ તેની સાથે "ભાઇ"ના જેવો વ્યવહાર કરવો જોઇએ તો જ તેને ભાઈ કહેવાનું સાર્થક થયુ કહેવાશે, નહિ તો તેને "ભાઇ" કહીને આપણા પિતા ઇશ્વિરને ઠગવા જેવું થશે ! જે દિવસ જગતમાં કેવળ "ભાઇ" કહેવામાં નહિ પણ તેની સાથે તેવો પવિત્ર વ્યવહાર રાખવામાં આવશે ત્યારે જ મનુષ્યોને સંસારમાં સ્વર્ગ સમાન સુખ મળશે—ત્યારે જ સર્વત્ર આનંદ નિકેતન જોવામાં આવશે.

હમણાં સંસારની અવસ્થા જોતાં આશ્ચર્ય ચકિત થવું પડે છે! અરે! દિગ્મૂઢ થવું પડે છે ! મનુષ્યો પ્રત્યે મનુષ્યોનો કેવો ભયંકર વ્યવહાર ચાલે છે ! મનુષ્યો એક બીજાનું કેવું સર્વનાશ કરી રહ્યા છે ! તેમના જેવું ભયંકર કાર્ય તો જગતનાં હિસક પ્રાણીઓ પણ નથી કરતાં ! વાઘ અથવા રીંછનો મનુષ્યને ભય લાગે છે પરંતુ એવાં પણ કેટલાંક મનુષ્યો જગતમાં છે કે જેમનો વ્યવહાર વાઘ અને રીંછ કરતાં પણ વિશેષ ભયંકર છે ! એવાં ઘણાં મનુષ્યો પ્રતિદિન તમારા સમાગમમાં આવે છે !

મનુષ્ય શું કરી શકતો નથી ? મનુષ્ય એક રીતે દેવતા છે તેમ જ બીજી રીતે હિંસક પ્રાણી કરતાં પણ અધમ હોય છે. મનુષ્યને હિંસક પ્રાણી કહીએ તો નિર્દોષ જંતુઓને અપમાન કરવા જેવું થાય, કારણ કે હિંસક પ્રાણીઓ પોતાના ગુણ ધર્મ પ્રમાણે વર્તે છે. પરંતુ મનુષ્ય, પોતાની ઇશ્વિરદત્ત પ્રકૃતિને વિકૃત કરી કેવાં નિન્દનીય, તિરસ્કરણીય, ભયંકર કામો કરે છે ! મનુષ્યને તેના સદ્ગુણો વડે જેમ સ્વર્ગનો દેવ કહી શકાય છે તે જ પ્રમાણે તેના દુર્ગુણોને લીધે તેને શયતાનનો મિત્ર કહી શકાશે ! એ કંઈ અતિશયોક્તિ ભરેલું નથી. સત્ય જ છે.

મનુષ્યના "ભ્રાતૃભાવ" સંબંધી કહેવા જતાં અનેક વિષયોનું સ્મરણ થાય છે. સત્ય કહીએ તો જગત્માં સાચો ભ્રાતૃભાવ જ નથી; તેમાં પણ સાંસારિક મનુષ્યોમાં તો નક્કી છેજ નહિ. જેઓ ધર્મનું અધ્યયન આલોચના કરે છે અને જેઓ ધર્મનું અનુસરણ કરે છે, તેમની વચ્ચે પણ સાચો "ભ્રાતૃભાવ" જોવામાં આવતો નથી. એક શૈવી બીજા શૈવીને,

એક વૈષ્ણુવ બીજા વૈષ્ણુવને, એક શાક્ત બીજા શાક્તને અને એક ગાણ-પત્ય બીજા ગાણુપત્યને; એમ પ્રત્યેક ધર્મના મનુષ્યો પોતાના સમ્પ્રદાયના મનુષ્યોને "ધર્મબંધુ" કહેવા છતાં તે પ્રમાણે વર્તતા નથી. તેમને પોતાના "ભાઇ" પ્રત્યે માન નથી, અભિમાન નથી, તેને માટે લાગણી નથી. ઇશ્વરને માતા પિતા જાણી જે મનુષ્યો તેની સાચી ભક્તિ કરે છે તેઓ જ સાચા "ભ્રાતૃભાવ"નો અર્થ સમજી તે પ્રમાણે વ્યવહાર કરી શકે છે પરંતુ તેવાં કેટલાં મનુષ્યો જોવામાં આવે છે? મોઢેથી માત્ર બોલવામાં, પત્રો લખવામાં, અને લાંબાં લાંબાં ભાષણો કરવામાં જ્યાં ત્યાં "ભાઈ, ભાઇ." કહેવામાં આવે છે પરંતુ અંતઃકરણપૂર્વક ઇશ્વરભક્તિ, ઇશ્વરને માતાપિતા જાણી તેના ઉપર અંતઃકરણપૂર્વક વિશ્વાસ રાખવો એ તો સંસારમાં દુર્લભ્ય થઇ પડયું છે!

તાત્પર્ય એ છે કેઃ આપણું ભારતવર્ષ ઇશ્વર ઉપર સાચી ભક્તિ રાખતું નથી. જે સ્થળે સાચી ઇશ્વિર ભક્તિ હશે ત્યાં જ મનુષ્યો પરસ્પર એક બીજા ઉપર સાચો ભ્રાતૃભાવ રાખશે. એ બન્ને વિષયો એક બીજાને સ્હાય કરે એવા છે. જેટલે દરજ્જે ઇશ્વિર પ્રત્યે પિતૃભાવની ઉન્નતિ થશે તેટલે દરજ્જે જ તેનાં સન્તાન–મનુષ્યો–પ્રત્યે ભ્રાતૃભાવની ઉન્નતિ થશે. ઇશ્વિર ઉપર ભક્તિ રાખવાથી તેનાં સન્તાન–મનુષ્યો ઉપર નિર્મળ પ્રેમ વૃદ્ધિ પામશે. તે જ પ્રમાણે મનુષ્યો ઉપર જો પ્રેમ ઉત્પન્ન થશે તો તે ઇશ્વિર ભક્તિમાં વૃદ્ધિ કરશે.

જગતમાં ધર્મોને માટે કેટલો બધો અધર્મ પ્રવર્તી રહ્યો છે! અધર્મ તો જગતમાં ઘણોએ છે પરંતુ ધર્મને માટે અધર્મ થાય એજ બહુ ભયંકર કહેવાય. અધર્મ ધર્મના વસ્ત્રો પહેરીને આવે તેના જેવું ભયંકર કાર્ય બીજું કયું હોઈ શકે? સ્પષ્ટ અધર્મ ઘણો સારો કહેવાશે પણ ધર્મના ગુપ્ત વેશમાં જે અધર્મ આવે છે તે તો અતિ ભયંકર જ કહેવાશે!

જગતમાં અનેક ધર્મ સમ્પ્રદાયો ચાલી રહ્યા છે. પ્રત્યેક સમ્પ્રદાયના મનુષ્યો પોતાના ટોળાનાં મનુષ્યો ઉપર પ્રેમ રાખે છે; પરતુ દુઃખની વાત એ છે કેઃ મનુષ્યો અન્ય ધર્મના મનુષ્યને મીઠી નજરે જોઇ શકતા નથી. સમ્પ્રદાયો વચ્ચે ઉત્પન્ન થયેલા દ્વેષ ભાવે જગતનું અનેક પ્રકારે અનિષ્ટ

કર્યું છે. સાક્ષી માટે ઇતિહાસનાં પુસ્તકો તૈયાર છે. પ્રેમનો પ્રસાર કરવાને બદલે જગતમાં તિરસ્કાર અને દ્વેષનો પ્રસાર થયો છે. ધર્મને નામે તેવા મનુષ્યો—ઉપદેશકો—પ્રચારકો—અધર્મ કરી રહ્યાં છે! પોતાના એવાં કર્મને "ધર્મ" જાણી મનુષ્યો કેટલાં મહા પાપ કરી રહ્યાં છે! સર્વ કરતાં મહા પાપ જે નરહત્યા તે પણ અનેક વિદ્વાન ગણાતા મનુષ્યોએ ધર્મને નામે કરી છે! સમ્પ્રદાયો વચ્ચેના વિદ્વેષને લીધે એવી અનેક નરહત્યાઓ થઇ છે! અને સ્વધર્મના મનુષ્યોને બચાવવા તથા પરધર્મીને દુઃખ દરિદ્રતામાં પીડાઇ—રીબાઇ—મરવા દેવામાં તેમણે પરોક્ષ રીતે અનેક હત્યાઓ કરી છે તે તો જૂદી જ! સાક્ષી માટે જન્મ મૃત્યુનો ઇતિહાસ જૂવો.

ધર્મનાં બે મૂળ સત્ય તત્ત્વો છે. એક ઇશ્વરનું પિતૃત્વ અને બીજું મનુષ્યોનું ભ્રાતૃત્વ, એ બે સત્ય તત્ત્વો સારી પેઠે સમજી મનુષ્યો તે પ્રમાણે વર્તે તો સંસારની કેટલી બધી ઉન્નતિ થાય? ઇશ્વરને પિતા સમજે અને મનુષ્યોને પોતાના "ભાઈ" સમજે તો પછી સ્વર્ગનું સુખ કેટલું વેગળે રહે?

મનુષ્ય જેમ જેમ ઇશ્વરની પાસે જતો જાય છે તેમ તેમ તે મનુષ્યની પણ પાસે આવતો જાય છે. મનુષ્ય જેટલે દરજ્જે ઇશ્વરને ઓળખી શકે છે તેટલે દરજ્જે તે મનુષ્યને પણ ઓળખી શકે છે. એ બન્ને તદ્દન સત્ય જ છે. કારણ કે મનુષ્યો ઇશ્વરનાં રચેલાં છે. એક એવા પ્રકારનો ધર્મ છે કે જેમાં ઇશ્વર ઉપર ભક્તિ રાખવાનો ઉપદેશ છે પરંતુ તેમાં મનુષ્ય ઉપર પ્રેમ રાખવાની વાત જ નથી! એનું કારણ એવું કહેવામાં આવે છે કેઃ "તે ધર્મનાં મનુષ્યો જો કે ઇશ્વરને માને છે. પરંતુ સંસારને માયા કહે છે. સર્વ દ્રવ્ય પદાર્થને માયા કહે છે, અને તેને મિથ્યા જાણે છે. જ્યારે સર્વ માયા અને સર્વ મિથ્યા છે ત્યારે તેના ઉપર પ્રેમ થાય શી રીતે? એક રીતે કહીએ તો એ માયાવાદીઓ જ મિથ્યા છે. જગત્ મિથ્યા છે ત્યારે જેઓ માયાવાદનું સમર્થન કરે છે તેઓ પણ મિથ્યા જ છે! એ બાતનો કશો પાયોજ નથી!

મનુષ્યોના "ભ્રાતૃભાવ" સંબંધી કહેવા જતાં કેટલાંક તત્ત્વો સિદ્ધ થાય છે. પ્રથમઃ ભ્રાતૃભાવમાંથી જ પિતૃભાવ. જે સ્થળે ભ્રાતૃભાવ છે તે

સ્થળે એક પિતાનો સ્વિકાર કરવો જ પડશે. બીજું: મનુષ્યને "ભાઇ" કહેવાથી તેની સાથે એક પ્રકારનો સ્વાર્થ સંબંધ રાખવો પડશે. તે સંબંધને લઇને કેટલીક ક્રિયાઓ કરવાની હોય છે. તે ક્રિયાઓ કઇ ? પ્રથમ, એ કે કેવળ " ભાઈ " શબ્દ મોઢેથી બોલવામાં કશો અર્થ નથી. " ભાઇ " કહ્યા પછી પ્રેમ રાખવો પડશે, કારણ કે મનુષ્ય માત્ર પ્રેમને પાત્ર છે. મનુષ્ય જ્યારે મનુષ્યનો ભાઇ છે ત્યારે અવશ્ય તે ભ્રાતૃ પ્રેમને પાત્ર કહેવાશે અને જ્યારે તે ભ્રાતૃ પ્રેમને પાત્ર છે ત્યારે ભ્રાતૃ સેવાને પણ તે પાત્ર જ છે. "પ્રેમ" એ માત્ર મોઢે બોલવાથી થાય તેમ નથી. પ્રેમનો અર્થ "સેવા" છે. એટલે મનુષ્યને "ભાઇ" કહેતાં તેની સેવા કરવી જોઇએ, કારણ કે: આપણે સર્વ તે એક પિતાનો પરિવાર છીએ. "

પરંતુ અત્યારે જગતની જે દુરાવસ્થા જોવામાં આવે છે તે ઉપરથી કહી શકાશે કે કયા ધર્મમાં ભ્રાતૃ પ્રેમ અને ભ્રાતૃ સેવા છે વારૂ ? શિવને માનનારા–શંકરાચાર્ય ભગવાનના શિષ્યો તરફ જોઇશું તો તેઓ પરસ્પર અસત્યવાદી થઇ રહ્યા છે. એક માતાની કુખમાં આળોટેલા બે ભાઇઓ પરસ્પર એક બીજાને શત્રુ સમાન દેખે છે ! અને એક બીજાને વિશ્વાસઘાત કરી, એક બીજાને ગળે છરી ફેરવવા તૈયાર થાય છે ! પોતાને સુધરેલામાં ગણતી પ્રાશ્ચાત્ય પ્રજાઓ સુદ્ધાં પોતાના આચાર્યના ઉપદેશને સાતમે પાતાળ પહોંચાડી " ભાઈ " શબ્દના અર્થ પ્રમાણે વર્તતા નથી ! જો મનુષ્ય ઇશ્વિરને યથાર્થ રીતે " જગત્ પિતા " જાણી તેના ઉપર વિશ્વાસ રાખતા હોત તો તેઓ નિશ્ચય અન્ય મનુષ્યોને પોતાના "ભાઇ" જેવા ગણી તેમના ઉપર પ્રેમ રાખતા હોત. સાચુ કહીએ તો મૂળ પિતા ઉપર જ મનુષ્યોને વિશ્વાસ રહ્યો નથી, ત્યાં પછી ભ્રાતૃ પ્રેમ આવે ક્યાંથી ? તેઓ કાંઇક કાંઇક નાસ્તિક મનુષ્યો સાથે સારો વ્યવહાર રાખે છે, તેમ છતાં તેવા અનેક મનુષ્યો પોતાને ઇશ્વિર–ભક્ત, ઇશ્વિર–સન્તાન કહેવા છતાં અન્ય મનુષ્યો પ્રત્યે અત્યન્ત અન્યાય વ્યવહાર કરવામાં સંકુચિત થતા નથી ! તેઓ મનુષ્ય જેવું વર્તન ચલાવતા નથી !

મોઢેથી " પ્રેમ " " પ્રેમ " કહેવાની કશી કિંમત નથી. જો પ્રેમ ના રાખી શકો તો ભલે પરંતુ મનુષ્યો પ્રત્યે તમારૂં કર્તવ્ય છે એમ જાણીને

પણ તેમની સેવા કરો. આજે તમે શ્રીમંત સુખી છો. ન કરે નારાયણને કાલે તમે અનાથ–દુઃખી થઇ પડો તો તમે શ્રીમંતો પાસેથી સહાયતા મેળવવાની પ્રાર્થના કરશો કે નહિ? જગતમાં સર્વની સમાન સ્થિતિ રહેતી નથી. એક શ્રીમંત સમય આવતાં ભિખારી થઇ જાય છે અને એક ભિખારી સમય આવતાં શ્રીમંત બની જાય છે. પરમેશ્વરને જ માત્ર માનતા હો તો પણ તેની આજ્ઞા છે કેઃ દુઃખીઓનાં દુઃખ ટાળવાં એ મહા પુણ્યનું કામ છે. પ્રભુની એ આજ્ઞા–એ કાર્ય તમારે કરવું જ પડશે. જેને જેટલું આધ્યાત્મિક જ્ઞાન હોય તેણે તેટલે દરજ્જે એ આજ્ઞા માન્ય કરવી જ પડશે. જેઓ ઇશ્વર પ્રેમી છે તે માનવી પ્રેમમાં મસ્ત બની પ્રેમપૂર્વક કાર્ય કરશે. તેમણે મનુષ્યને પોતાનો "ભાઇ" જાણી તેની સાથે "ભાઇ" જેવો વ્યવહાર કરવો પડશે. "ભાઇ" સાથે કપટ કે લુચ્ચાઈ થઇ શકતી નથી. "ભાઇ" ઉપર તો હમેશાં ઉપકાર જ કરી શકાય છે–હમેશાં તેની સેવા જ થાય છે. જે મનુષ્યને એટલું બધું જ્ઞાન ન હોય તેમણે પોતાનું કર્તવ્ય જાણીને એ કાર્ય કરવું. "ભાઇ" ઉપર જો પ્રેમ ન ઉત્પન્ન થાય તો છેવટે તેના પ્રત્યેની ફરજ બજાવવા માટે પણ તમારે તેમની સેવા કરવી જોઇએ. કારણ કે તે એક પિતા–પરમાત્માનાં સંતાન છે.

પરમેશ્વર જ્યારે આપણી સેવા કરે છે, અર્થાત્ તે જ્યારે આપણા ઉપર કૃપા કરી ધન સમ્પતિ આપે છે ત્યારે તેમાંથી થોડું આપણા અન્ય માનવ બંધુઓને અગત્યને સમયે આપવું અને પ્રભુના સન્તાનોની સેવા કરવી એ આપણી ફરજ છે. અરે! તેમ કરવા આપણે બંધાયલા છીએ, એ આપણે આપણા અંતઃકરણમાં સારી પેઠે સમજી શકીશું અને એ ઇશ્વરી વાણી છે–ઇશ્વરી સંદેશો છે એ પણ આપણે માની શકીશું. વિવેક હમેશાં કહે છે કેઃ પરોપકાર કર. એ આદેશ તે ઇશ્વરી વાણી છે. એની બીજી કોઇ વ્યાખ્યા થઈ શકે તેમ નથી. વ્યાખ્યા કરવા જતાં સ્વાર્થપરતા દ્વારા જ તેની વ્યાખ્યા થઇ શકે. તેમ કરીએ તો પરોપકાર શબ્દ રહે ક્યાં? પછી તો આત્મ ઉપકાર જ થાય. અન્યનો ઉપકાર કરી શકાય શી રીતે? એટલા માટે જ કહેવું પડે છે કેઃ સર્વ મનુષ્યો પરસ્પર એક બીજા ઉપર

ઉપકાર કરે તો તેથી સર્વ જન સમાજ ઉપર ઉપકાર થશે, અને પરોપકારનું મહાત્મ્ય સમજાતાં—પરોપકાર કરવામાં આવતાં—સંસારમાં સ્વર્ગીય સુખનો વિમલ પ્રકાશ પ્રકાશિત થઇ રહેશે.

આસ્તિક હો વા નાસ્તિક પણ તેને પરોપકાર કરવાની ઇચ્છા થાય છે એ પણ સત્ય છે. દર્શન શાસ્ત્રનાં સિદ્ધાંતો પ્રમાણે એ કથનની સત્યતા સાબિત કરી શકાય એમ છે. મનુષ્યમાં સ્વાભાવિક રીતે જ પરોપકાર વૃત્તિ ઉદય પામે છે એ કોણ ના કહી શકશે? એ સંબંધી સૂક્ષ્મ તર્ક વિતર્ક કરવાનું પ્રયોજન નથી. એ તો મનુષ્યોના હૃદયમાં ઇશ્વર સ્રજિત સ્વાભાવિક વૃત્તિ છે. તે ઉપરથી કહી શકાશે કે એ સાક્ષાત પરમેશ્વરનો આદેશ જ છે. સંસારી જીવોને તે પરમ પિતાનાં સંતાન જાણી જીવ માત્રનું યથાશક્તિ હિત કરવું એજ આપણું કર્તવ્ય છે. પ્રેમથી કરો કિંવા કર્તવ્ય જાણીને કરો, ગમે તે રીતે પણ તે જીવ—સેવા મનુષ્યનું સર્વદા મંગલ જ કરશે. તેમ નહિ કરવામાં આવે તો મનુષ્ય પોતાનું એક મહાન કર્તવ્ય ચૂકશે, અને પરમેશ્વરની એક મહાન આજ્ઞાનું ઉલ્લંઘન કરવા જેવું થશે. સર્વ મનુષ્યો સર્વ કાર્ય કરી શકતાં નથી, છતાં પણ જેની જેવી શક્તિ હોય તેવું તેણે કાર્ય કરવું જોઈએ.

કેટલાક નીતિજ્ઞ મહા પુરૂષોનું એવું કહેવું છે કે: "સર્વ ધર્મો એ "પરોપકાર" શિવાય બીજું કશું નથી." જો કે એ મત કેવળ સત્ય નથી. ન્યાય, પવિત્રતા, ભક્તિ, કૃતજ્ઞતા અને દયા, એ સર્વ માનવ હૃદયની ભિન્ન ભિન્ન વૃત્તિયો છે. મનુષ્યની માત્ર એક દયાવૃત્તિ જોતાં તેની સર્વ મનોવૃત્તિની વ્યાખ્યા કરવી એ કઇ યુક્તિયુકત કહેવાશે નહિ. તેમ છતાં પણ દયા એ મનુષ્યનો એક મુખ્ય ધર્મ છે એમાં સંદેહ નથી. પ્રાચીનકાળથી આપણા દેશમાં એક વાક્ય પ્રચલિત છે કે: "**नोपकारात परो धर्म।**" "ઉપકારથી વિશેષ બીજો કોઈ ધર્મ જ નથી." એ તદ્દન સત્ય જ છે. માનવ ધર્મમાં ચાર મૂળ સત્ય છે તેમાં એક એ છે કે: "**तस्मिन् प्रीतिस्तस्य प्रिय कार्य साधनं च तदुपासनमेव।**" "તેના (ઇશ્વર) ઉપર પ્રીતિ રાખવી અને તેનું પ્રિય કાર્ય કરવું એનું નામ જ તે (ઇશ્વર) ની ઉપાસના.

પ્રશ્ન એ છે કે તે (ઇશ્વર)નું પ્રિય કાર્ય કયું ? ન્યાય પરાયણતા, સત્ય પરાયણતા અને પવિત્રતા એ તેનાં પ્રિય કાર્યો છે ખરાં, પરંતુ "પરોપકાર" એ શું તેને વિશેષ પ્રિય નથી ? તે (ઇશ્વર) પ્રેમ સ્વરૂપ છે. તે અખિલ વિશ્વ ઉપર પ્રેમ રાખે છે. વિશ્વના પ્રત્યેક જીવો તેનાં સન્તાન છે. તે પરમાત્મા સર્વદા સર્વ જીવોની સેવા કરે છે. પરંતુ અમે તેની સેવા શી રીતે કરી શકીએ ? તેની સેવા કરવા જેવું કયુ કાર્ય છે વારૂ ? તે તો પૂર્ણ બ્રહ્મ, પરાત્પર, પૂર્ણાનન્દ પુરૂપ છે. તેને કઈ વસ્તુની ખોટ છે ? તેને કયું દુઃખ છે ? આપણે તેની સેવા શી રીતે કરીએ ? પરંતુ તેની સેવાનો જો કોઇ પણ અર્થ હોય તો તે એજ છે કે: તેનાં સન્તાનોની સેવા કરવી.

ભગવાનની ઇચ્છા છે કે: મનુષ્યે મનુષ્ય ઉપર ઉપકાર કરવો—સેવા કરવી. પ્રેમમય પરમાત્માની ઇચ્છા છે કે: આપણે તેમનાં પ્રિય સન્તાનોની સેવા કરવી, એ જ આપણો મુખ્ય ધર્મ છે. ઘણાં મનુષ્યો—ગૃહસ્થો—શ્રીમંતો—નકામી વાતોના તડાકા મારવામાં ઘણો વખત, શક્તિ અને દ્રવ્ય નિરર્થક ગુમાવે છે. તેમ નહિં કરતાં જીવ માત્રના હિતસાધનમાં તેનો વ્યય કરવાનો યત્ન કરવો એ જ અતિશય શ્રેષ્ઠ કાર્ય છે ?

હવે ધર્મ એટલે શું ? એ પ્રશ્નનો બહુ ટુંક ઉત્તર દઇએ તો એટલું જ કહેવું પડશે કે ધર્મ એટલે પરમેશ્વરની ઇચ્છાનુસાર કાર્ય કરવું તે. પરંતુ તેની ઇચ્છા અને અનિચ્છા જાણવાનું શાધન શું ? તે સાધન માત્ર જ્ઞાન છે. જ્ઞાનની સહાયતા વિના પરમેશ્વરની ઇચ્છા જાણી શકાશે નહિ. ત્યારે સત્ય જ્ઞાન કયું ? એ પ્રશ્નના ઉત્તરમાં કહેવું પડશે કે: જ્ઞાન બે પ્રકારનું છે. એક પ્રકારનું જ્ઞાન સરલ, એની મેળે પ્રાપ્ત થાય છે. અને બીજા પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે મહેનત કરવી પડે છે. ધર્મનાં જે મૂળ સત્ય છે તે સરલ અને એની મેળે પ્રાપ્ત થાય એવાં છે. સત્ય પરાયણ થવું, પવિત્ર થવું, ન્યાય પરાયણ થવું, પરમેશ્વર અને વડિલો ઉપર ભક્તિ રાખવી. એ પ્રકારનું જ્ઞાન એની મેળે જ પ્રાપ્ત થાય છે, અને એજ આપણો ધર્મ છે.

એજ પ્રમાણે પરોપકારનું પણ સમજવું. અન્ય જીવોનું કલ્યાણ કરવું, તેના દુઃખ ટાળવાનો યથાશક્તિ યત્ન કરવો એ આપણો સ્વાભાવિક ધર્મ

જ છે. તર્ક કરનાર વિદ્વાનો વાક્ય ઉપર ગમે તેટલો તર્ક કરે પરંતુ કહેવું પડે છે કે તે મિથ્યા વાક્ જાળ જ છે! તેમના વાક્ યંત્રનો દુરૂપયોગ જ કરે છે! વાક્યની ચતુરાઈ અને સરલ સત્ય, એ બન્ને એક પદાર્થ નથી. અનેક મનુષ્યો એવા વક્તા હોય છે કે જેથી તેઓ સત્યને મિથ્યા અને મિથ્યાને સત્ય બતાવી શકે છે! જાણે થોડી ક્ષણને માટે તો તેમનું કહેવું સત્ય હોય એમજ ભાસે છે! પરંતુ તેથી કંઇ સત્ય મિથ્યા થતું નથી, અને મિથ્યા સત્ય થતું નથી. શું આ તે કંઈ જાદુગરની રમત છે કે માટીની મિઠાઈ બને અને મિઠાઇની માટી બને? સત્ય સ્વરૂપ પરમાત્માના રાજ્યમાં એવું કદી પણ સંભવિત જ નથી. જે સત્ય છે તે અનંતકાળ પર્યંત સત્ય જ રહેશે. જે મિથ્યા છે તે મિથ્યા જ!

એ પ્રમાણે જ ભ્રાતૃભાવનું પણ સમજવું. મનુષ્યો સાથે ભ્રાતૃભાવ રાખવો એ ધર્મનું એક મુખ્ય અંગ છે. ઇશ્વર પિતા છે. તેણે જગત રચ્યું છે, તેણે જીવો રચ્યા છે. તેથી મનુષ્યો એ આપણા "ભાઇ" છે. ધર્મનાં એ બે મુખ્ય અંગ છે. જે સ્થળે પ્રથમ અંગની સાધના તેના ખરા સ્વરૂપમાં થાય છે તે સ્થળે તેના બીજા અંગની સાધના નક્કી જ થઇ શકશે. જગતમાં ધર્મના પ્રથમ અંગની સાધના યોગ્ય રીતે થતી નહિ હોવાથી જ બીજા અંગની સાધના થતી નથી. જગતમાં એ બેમાંથી કોઈ પણ અંગની સાધના બરાબર થતી નથી એમ કહેવું જ પડશે. અત્યારે ધર્મની અવસ્થા બહુ શોચનીય થઈ પડી છે! અત્યારે તો ધર્મ માત્ર મનુષ્યના મુખમાં આવી રહ્યો છે! કાર્ય કરવાનો ધર્મ અતિ દુર્લભ થઈ પડયો છે! ધર્મ-કાર્ય કરવાનો સમય આવતાં "ધર્મ, ધર્મ" કહેનારા વાક્ પંડિતો કોણ જાણે ક્યાંએ મ્હો સંતાડે છે! ધર્મ ને નામે બાહ્યઆડંબર ઘણો પ્રસરી રહ્યો છે! માત્ર ઉપર ચોટીયો ધર્મ થઇ રહ્યો છે, પરંતુ સત્ય ધર્મ ક્યાં છે?

પુનઃ કહેવામાં આવે છે કે સત્ય ધર્મ-ક્યાં છે? ઉત્તરમાં કહેવું પડે છે કે જે મનુષ્યના હૃદયમાં પરમેશ્વર પ્રત્યે યથાર્થ ભક્તિ છે ત્યાં છે. જે મનુષ્યના હૃદયમાં ઇશ્વર ભક્તિ છે તેના હૃદયમાં મનુષ્ય માત્ર ઉપર સત્ય ભ્રાતૃ પ્રેમ હોવો જ જોઇએ. તેવાં હૃદયો-મનુષ્યો-જગતમાં કેટલાં છે? ઇશ્વર

ભક્તિ અને મનુષ્ય પ્રેમ, એ બન્ને તો જગતમાં અતિ દુર્લભ થઇ પડયા છે ! ઇશ્વિર પ્રેમ નથી તેથી મનુષ્ય પ્રેમ નથી. મનુષ્ય જે સમયે ઇશ્વિર ઉપર સત્ય પ્રેમ–ભક્તિ રાખશે તે જ સમયે જગતમાં સત્ય ભ્રાતૃ પ્રેમ પ્રસરી રહેશે. અત્યારે જગતના જીવોની જે–દયા માયાહીન સ્થિતિ જોવામાં આવે છે તે ઉપરથી કહી શકાય છે કેઃ ભ્રાતૃ પ્રેમ અતિ દુર્લભ છે !

સજ્જન ગૃહસ્થો અને સાધ્વી બહેનો ! એ સંબંધી વિશેષ શું કહું ? પરમાત્માની પાસે અમારી એ જ પ્રાર્થના છે કે તે સત્વર આપણને એવો દિવસ જોવા ભાગ્યશાળી કરે કે જે દિવસે જગતના સર્વ મનષ્યો એક મન, પ્રાણ વડે પરમાત્માને "પિતા" જાણી તેના ઉપર ભક્તિ રાખે અને તેઓ મનુષ્ય માત્રને "ભાઇ" કહીને બોલાવી તેમને ગળે ગાઢ આલિંગન કરી તેમનાં સુખ દુઃખમાં સહાયતા કરે. પ્રેમ રાખે. પ્રેમ રાખવાનું પરિણામ તેમની સેવા કરવી એ જ. પ્રેમ રાખવાથી તેમની સેવા કરવી જ પડશે. ગૃહસ્થો અને બ્હેનો ! હાથ ઉંચા કરી, નેત્ર બંધ કરી, શાંત ચિત્તે પ્રાર્થના કરો કેઃ " હે પ્રભો ! હે જગત પિતા ! જગતનાં પ્રત્યેક મનુષ્યો આપને પિતા કહીને બોલાવે અને પ્રત્યેક મનુષ્યો એક બીજાને " ભાઇ " કહીને એક બીજા ઉપર પ્રેમ રાખે એવો સારો દિવસ અમને બતાવો. જગત્માં કેટલાં બધાં દુઃખ અને કેટલો બધો ત્રાસ વ્યાપી રહ્યો છે ? પ્રભો ! મનુષ્યો અન્ય મનુષ્યોને " ભાઇ " તરીકે ઓળખતાં શીખે એવો શુભ દિવસ બતાવો. તેમ નહિ થાય તો જગતનાં દુઃખ દૂર થવાનો અન્ય ઉપાય જોવામાં આવતો નથી. પ્રભો ! દયા કરો ! દયા કરો ! દયા કરો ! "

નારાયણદેવ ઉભા થઈ નેત્ર બંધ કરી, હાથ ઉંચા કરી ભગવાનની પ્રાર્થના કરતા હતા તે સમયે ત્યાં બેઠેલાં સર્વ મનુષ્યોએ પણ તેમ જ કર્યું હતું. નેત્ર ઉઘાડી જોતાં તેમણે જોયું કે કેટલાક શ્રીમંત પુરૂષો અને સ્ત્રીઓનાં નેત્રમાંથી ભગવદ પ્રેમનાં, ભ્રાતૃ ભાવનાં આંસુંઢળી રહ્યાં છે. નારાયણદેવે ગદગદ કણ્ઠે કહ્યુંઃ " અમારા કાર્યથી જો એક પણ મનુષ્યનું હૃદય ભગવદ ભક્તિ અને ભ્રાતૃ પ્રેમ જાણશે તો તે સફળ થયું જાણીશું. " તે જ ક્ષણે એક સોલીસીટરે કહ્યુંઃ " દેવ ! આપના અમૃતમય ઉપદેશથી અમારા હૃદ-

ચમાં અમૃત સિંચન થયું છે. અમે મુંબઈમાં સોલીસીટરનો વ્યવસાય કરી બહુ પાપ કર્યું છે ! અનેક ગરીબ અસીલોના ગજવામાં જ્યાં સુધી નાણું હોય ત્યાં સુધી અમે તેના મિત્ર રહ્યા છીએ ! અને જ્યારે તેનાં નાણું ખૂટતાં કે તુરત જ અમે તેના મિત્ર મટી શત્રુ થયા છીએ ! અમે જે વ્યાપાર કર્યો છે તેમાં ભલે શ્રીમંત હો કે ગરીબ હો, પણ અમે દયા, માયા, વિશ્વપ્રેમ, કે ભ્રાતૃભાવનું નામ નિશાન કદી જાણ્યું જ નથી ! અમે માત્ર અમારી ત્રિજોરી શી રીતે ભરાય ? એ જ લક્ષ્ય રાખી લાખો રૂપિયા પ્રાપ્ત કર્યા છે ! ગાડી, ઘોડા, વાડી બંગલા વગેરે સર્વે પ્રાપ્ત કર્યું છે પરંતુ આપનો આશ્રમ અને કાર્ય જોઇને તેમ જ આપની અમૃતમય વાણી સાંભળીને આજે અમને કંઇક જ્ઞાન થયું છે ! હું અત્યાર સુધી ગુપ્ત દાન કરીને જ મ્હારા અનેક પાપનું નિવારણ થયેલું માનતો હતો પણ હું આજે સંસારમાં સાચું સ્વર્ગ જ જોઇ શક્યો છું ! અનેક પ્રકારના તાપ–ક્લેશથી ભરેલા સંસારમાં હું આજે પૂર્ણ શાંતિનિકેતન જોઇ શક્યો છું ! પ્રભો ! દયા કરો ! અમારા જેવા મહાન પાપી અધમ જીવો ઉપર દયા કરો ! અમારા ધંધામાં અમે કોઇના ઉપર દયા નહિ કરેલી હોવાથી આપની પાસે તેમજ પરમાત્મા પાસે–દયા માંગવાનો અમારો હક્ક નથી એ હું કાયદામાં પ્રવીણ હોવાથી સારી પેઠે જાણું છું તેમ છતાં સંત પુરૂષોને કલ્પવૃક્ષ કહેવામાં આવે છે અને એ કલ્પવૃક્ષ પાપી કે પુણ્યશાળી ગમે તે હોય તો પણ તેને મનોવાંચ્છિત ફળ આપે છે ! માટે જ આપની પાસે દયા ભિક્ષા માગું છું. અમારે ઘેર બધુ છે. માત્ર જીવ સેવા નથી. અમો પતિ પત્ની આપના તે કાર્ય માટે અમારૂં જીવન સમર્પણ કરીએ છીએ. આપ અમને સ્વિકારો. આપ જે સમયે કહેશો તે સમયે આપના ચરણમાં હાજર થઈ આપ જે કાર્ય બતાવશો તે કરવા તૈયાર થઇશું. અમને માત્ર આપના ચરણરજ સેવક સમજીને અમને કોઈ પણ કાર્ય બતાવજો. મ્હને મ્હારાં પાપકૃત્યો માટે આજે અતિશય પશ્ચાતાપ થાય છે ! હું મ્હારાથી બનતે યત્ને મ્હારા જેવા દયા, માયા વિનાના, દ્રવ્યના લોભી, સ્વાર્થી વ્યવસાય બંધુઓનો ઉપદેશ કરીશ અને તેમને સન્માર્ગે વર્તવાનો બોધ કરીશ."

સોલીસીટર સાહેબે અત્યાર સુધી મુંબાઇમાં ગાડીઘોડે ફરી ખુબ મોજ ઉડાવી હતી. અત્યાર સુધી તેઓ સેવાશ્રમમાં ગુપ્ત દાન મોકલતા હતા, અને મુબઇ આદિ શહેરોમાં ભગવદ કથા થતી તો ત્યાં હાજર રહેતા, તેમ છતાં પોતાના વ્યવસાયમાં જ્યાં ગળે છરી ફેરવવાનો પ્રસંગ આવતો ત્યાં કસાઈ કરતાં પણ વિશેષ નિષ્ઠુર થઈ જતા ! જીવસેવા જેવું મહાન વ્રત નથી. ઇશ્વિર ભક્તિ અને ભ્રાતૃ પ્રેમ જેવો અન્ય ધર્મ નથી. એ તેમણે પ્રત્યક્ષ જોયું છે તેથી જ તેમણે સેવાવ્રત સ્વિકારવાનો નિશ્ચય કર્યો છે.

નારાયણદેવે તેમની તીવ્ર ઇચ્છા જાણી પતિ પત્નીને "સેવાશ્રમ"ના સેવકો તરીકે સ્વિકાર્યા છે. આવતી કાલથી તેઓ સેવાશ્રમનું કાર્ય કરવા મંડી પડશે.

એ જોઇ પ્રબોધચંદ્ર ચકિત થઇ ગયો ! તેણે મનમાં જ કહ્યું: " ઓ ભલા માણસ ! ત્હારે શી ખોટ છે કે તું સાધુ થઇ જાય છે ! સાધુ તો અમારા જેવાએ થવું જોઈએ ! હજી જા, જા, ઘેર ચાલ્યો જા. વાડી, લાડી ને ગાડી બંગલામાં કોણ મ્હાલશે ? " એમ કહી તે સોલીસીટર સાહેબને કંઇક કહેવા જતો હતો એટલામાં નારાયણદેવે કહ્યું: " જો પ્રબોધચંદ્ર ! સેવાધર્મનો કેવો પ્રભાવ છે ? " તે જાણે સ્વપ્નમાંથી જાગ્યો હોય તેમ બોલ્યો: " હા, પ્રભુ ! મહાન પ્રભાવ. "

થોડી વાર પછી સર્વ વિસર્જન થયાં, અને બીજે દિવસે પુનઃ મહારાજશ્રીના અમૃતમય બોધનો લાભ લેવાની ઇચ્છા જણાવી.

પ્રકરણ ૩૨ મું.

બ્રહ્મચર્ય મહિમા.

સેવાશ્રમમાં અવલોકન કરવા જતાં કેટલાક ગૃહસ્થોને જે ઉપદેશ મળ્યો હતો તેને પરિણામે એક સોલિસીટર અને તેની પત્નીએ સંસારમાંથી વિરક્ત થઈ વાનપ્રસ્થાશ્રમ સ્વિકાર્યો અને સેવાશ્રમના સેવક થયાં એ વાત જનસમાજમાં ચર્ચાયા પછી વર્તમાન પત્રોમાં પ્રકટ થઇ. એમ

થવાથી આશ્રમ સંબંધી સર્વત્ર ચર્ચા ચાલવા લાગી. કોઈ નારાયણદેવને ઢોંગી અને ઠગારો સાધુ કહી નિંદવા લાગ્યા ત્યારે કોઈ વળી તેને સોનેરી ટોળીનાં પરાક્રમો જણાવવા લાગ્યા ! કોઇ તેને કળજુગનાં કૌતુક કહી વાત જ ઉડાવી દેવા લાગ્યાં ત્યારે કેટલાંક ભાવિક મનુષ્યો કહેવા લાગ્યાં કે: "સંસ્કાર વગર સેવાવ્રત લઈ શકાતું નથી. સંસ્કાર વગર સ્ત્રી, પુત્ર અને લક્ષ્મી ઉપરથી મોહ ઓછો કરી શકાતો નથી. સંસ્કાર વગર સારૂં કામ કરવાની બુદ્ધિ થતી નથી. સોલીસીટરે વાનપ્રસ્થાશ્રમ સ્વિકાર્યો તે બહુ ઉત્તમ થયું છે. એમની પેઠે લક્ષ્મીવાન વ્યાપારીઓએ અને અન્ય ગૃહસ્થોએ પણ મ્હોટી વયે સેવાધર્મ સ્વિકારવો જોઈએ. ઘણા મનુષ્યો સરકારી પેન્શન લીધા પછી વાતોના ગપાટામાં સમય વ્યતીત કરે છે તેઓ જો આવાં પરોપકારી કાર્યોમાં ગુંથાય તો તેમના અવશેષ જીવનનું સાફલ્ય થાય." એ પ્રમાણે જેને જેમ ફાવ્યું તે બોલવા લાગ્યું. તેમ છતાં સોલીસીટર સાહેબે તો પત્ની સહિત સેવાવ્રત ગ્રહણ કર્યું તે કર્યું જ.

તેમણે સેવાવ્રત ગ્રહણ કર્યા પછી પ્રથમ ઉપનિષદ્ આદિ શાસ્ત્રોનો અભ્યાસ કરી આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. અને ત્યાર પછી જે જે વ્યાપારીઓ પોતાના વ્યવસાયમાં જૂઠ, પ્રપંચ, કપટ, વિશ્વાસઘાત કરતા હતા તેમનું એક લિસ્ટ બનાવી તેમને અવકાશે મળવા લાગ્યા, અને પ્રપંચ, તથા વિશ્વાસઘાતથી તેમને વંશપરંપરા કેવી હાનિ ભોગવવી પડે છે તે દ્રષ્ટાંત સિદ્ધાંતથી બતાવવા માંડયું. તેમ થવાથી અનેક વ્યાપારીઓએ "સત્ય" થી વર્તવાની પ્રતિજ્ઞા લીધી. તેમના અને તેમની પત્નીના પ્રયાસથી અનેક વ્યાપારીઓ જ નહિ પણ અને કુટુંબોમાં "સત્ય" નો પ્રવેશ થયો. નર, નારી, બાળકો "સત્ય" થી વર્તવા લાગ્યાં, અને તે સર્વે પોતાની કમાણીમાંથી પ્રતિ વર્ષે અમુક રકમ સેવાશ્રમમાં મોકલવા લાગ્યાં.

દિવસે દિવસે "સેવાશ્રમ"નું કામ એક મ્હોટા રજવાડા જેવું ચાલવા લાગ્યું. અનેક સાત્વિક પ્રકૃતિના બ્રહ્મચારીઓ અને સન્યાસીઓ ઉપરાંત કેટલાક ગૃહસ્થો પોતાના જીવનનો બાકી રહેલો સમય સેવા કરવામાં વ્યતીત કરવા માટે તેમાં દાખલ થયા.

એક તરફ એ કાર્ય ચાલવા માંડયું. બીજી તરફ શહેરમાંથી અને આસપાસનાં અન્ય શહેરોમાંથી નિત્ય કેળવાયલા સ્ત્રી પુરૂષોનાં ટોળાં આશ્રમમાં આવવા લાગ્યાં. સાંજના પાંચથી સાત વાગ્યા સુધી આશ્રમમાં મહારાજશ્રી બોધ દેવાનું કાર્ય કરતા. તેમની અમૃતમયી રસાળ વાણીથી અનેક નરનારીઓ બોધ ગ્રહણ કરી તે પ્રમાણે વર્તવાનો યત્ન કરતા. સ્વાર્થ, માયા, અને લોભથી ખરડેલાં હૃદયો ઉપર નારાયણદેવની પવિત્ર વાણી રૂપી જળધાર પડતાં તે પવિત્ર થતાં—સ્વચ્છ થતાં.

આજે પાંચ વાગે આશ્રમમાં અનેક નરનારીઓ નારાયણદેવનો બોધ શ્રવણ કરવા આવ્યાં હતાં. સર્વ આતુર નેત્રે જેમ વર્ષાદની વાટ જોતાં હોય તેમ નારાયણદેવના મૃગચર્મ—આસન સ્હામું જોઈ રહ્યાં હતાં. એટલામાં તેમણે આવી આસન ગ્રહણ કર્યું. સર્વેએ તેમને નમન કર્યું. એટલે ધર્મવ્રતે કહ્યું: "ભગવન્! આજે ઘણા ગૃહસ્થાશ્રમી મનુષ્યો આવી પહોંચ્યાં છે. તેમની ઇચ્છા છે કે: આજ આપ "બ્રહ્મચર્ય" સંબંધી તેમને કંઈક શ્રવણ કરાવો. "બ્રહ્મચર્ય" એજ જ્ઞાનોપદેશ ગ્રહણ કરવાનું મૂળ કારણ છે. "બ્રહ્મચર્ય" એ શરીરનો પાયો છે. જો એ પાયો કાચો હશે તો તે મનુષ્ય તેટલો જ બળબુદ્ધિમાં કાચો રહી જશે. માટે આપ એ સંબંધી કંઇ કહેશો તો ગૃહસ્થાશ્રમી જીવો ઉપર મહદ ઉપકાર થશે."

નારાયણદેવે કહ્યું: "બહુ સારી વાત છે ધર્મવ્રત. હું પણ એજ વિચાર કરતો હતો એટલામાં તમે તે વાત કહી એ બહુ સારૂં થયું છે. આપણા આર્યાવર્તમાં જ એક વખત "બ્રહ્મચર્ય"નો મહિમા જાણવામાં આવતો હતો, અને પ્રત્યેક આર્ય ૨૫–૩૦ થી ૪૦ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પાળતો હતો. તેથી જ તેઓ બળવાન, બુદ્ધિમાન હતા એટલું જ નહિ પણ તેઓએ પૃથ્વીના અનેક વિભાગો ઉપર પોતાની વિજયધ્વજા ફરકાવી હતી. પરંતુ જ્યારથી આર્ય પ્રજા "બ્રહ્મચર્ય"નો મહિમા ભૂલી ગઈ છે ત્યારથી જ તેઓ અનેક પ્રકારના દુઃખ, કલેશ ભોગવી રહ્યા છે. તે દિવસના અને આજના આર્યોનાં શરીર, મન, બુદ્ધિ અને કાર્યોની તૂલના કરી જોતાં સ્પષ્ટ જણાશે કે: આજે તે વખતના આર્યોનું શુદ્ધ લોહી જ રહ્યું છે ક્યાં? તેમના જેવાં

બળવાન શરીર, તેમના જેવો દ્રઢ નિશ્ચય—ભીષ્મ પ્રતિજ્ઞા—તેમના જેવી તીક્ષ્ણ બુદ્ધિ અને તેમના જેવાં ગૌરવાન્વિત, મહદ્ કાર્યો કોણ કરી શકે એમ છે? આજે તો આઠ દશ વર્ષનાં છોકરાં છોકરીઓનાં લગ્ન કરી દેવામાં આવે છે! અને તેમની ૧૨—૧૩ વર્ષની વય થતાં તો તેમના માતાપિતા પૌત્ર પૌત્રી રમાડવાની વાટ જોતાં હોય છે! અરે! ઘણાં માતાપિતા તો પુત્રી કે પુત્ર વધૂ ૧૩—૧૪ વર્ષની થતાં અનેક દેવદેવીઓની બાધા રાખી તેમને પેટે સંતાન માગે છે! એ કેવું આશ્ચર્ય? એટલી ન્હાની વયમાં પુત્ર પુત્રીના શરીરના અવયવો અપક્વ હોય છે, તેમના શરીરમાં વીર્ય બરાબર ઉત્પન્ન થતું નથી, અને તેઓ સંતતિ ઉત્પન્ન કરવાને બિલકુલ લાયક હોતાં નથી તે સમયે આપણા દેશના લોકો પોતાનાં પુત્ર પુત્રીને પેટે સંતતિ માંગે છે! ગૃહસ્થો! જે દેશના લોકો એટલી કુમળી વયમાં પોતાનાં બાળકોને પેટે સંતતિ માગે તેમનું કલ્યાણ કેવી રીતે થાય? તેમની સંતતિ બળ બુદ્ધિમાં શ્રેષ્ઠ શી રીતે થાય? વીશ પચીશ વર્ષ પહેલાં શરીરમાં વીર્ય પરિપક્વ થતું નથી. તેથી જેમ ભઠ્ઠીમાં નાંખેલી ઈંટ બરાબર પક્વ થતાં પહેલાં તેનો ઉપયોગ કરવામાં આવે તો તે મજબૂત કામ આપતી નથી તેજ પ્રમાણે મનુષ્યના શરીરનું સમજવું. જેટલાં મનુષ્યો અપક્વ વીર્યનો વ્યય કરે છે તેટલાં સ્ત્રી પુરૂષો જીવન ધારણ કરવાને લાયક રહેતાં નથી! તે સર્વ હમેશાં માંદાં સાજાં ચાલ્યાં કરે છે! તેમને રોજ રોજ દવાના ઘુંટડા પીવા પડે છે! તેમનાથી નથી થતો વિદ્યાભ્યાસ કે નથી થતાં પોતાનાં સંસાર વ્યવહારનાં કામ! ત્યાં પછી પરોપકારનાં કામ કરવાની તો વાત જ ક્યાં? આજનાં નરનારીઓનાં સ્હામુ જોઇએ છીએ ત્યારે આપણને દિલગીરી થયા વગર રહેતી નથી!

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને આઠમે વર્ષે જેમ ઉપવિત સંસ્કારની જરૂર હોય છે. તેજ પ્રમાણે તેમને વિદ્યાર્થિ અવસ્થામાં "બ્રહ્મચર્ય" પાળવાની જરૂર છે. મનુસંહિતાના ચોથા અધ્યાયના આરંભમાં જ કહ્યું છે કે: "બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યે, વિદ્યાર્થિ અવસ્થામાં બ્રહ્મચારી થઇને ગુરૂને ઘેર નિવાસ કરવો. વિદ્યાભ્યાસ પૂરો થયા પછી ગુરૂદેવની આજ્ઞા લઇને ઘેર જઇ લગ્ન કરવું—ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો. વ્યાસ, વશિષ્ઠ અને યાજ્ઞવલ્ક્ય

વગેરે સંહિતાઓમાં પણ વિદ્યાભ્યાસ કરતી વખતે "બ્રહ્મચર્ય" પાળવાનું કહ્યું છે. તેમ છતાં બ્રાહ્મણ આદિ હિન્દુ જાતિ, વિદ્યાર્થિ અવસ્થામાં હોવા છતાં લગ્નના બંધનમાં બંધાઈ જતાં જોવામાં આવે છે તેનું કારણ શું? તેનું કારણ તેમના પૂર્વ પુરૂષોની બેદરકારી! તેમણે પોતે જ વિદ્યાભ્યાસ કરતી વખતે બ્રહ્મચર્યનો ભંગ કર્યો છે! તેથી જ તેઓ ધર્મ અને કર્મનો ત્યાગ કરી બળ, બુદ્ધિ અને ધન પ્રાપ્ત કરવામાં અધમ સ્થિતિએ પહોંચ્યા છે! જે મનુષ્ય પોતાનો ઇશ્વર દત્ત ધર્મ ભૂલે છે તેને પરમાત્માની અદ્રષ્ય સત્તા સખ્ત શિક્ષા કરે છે! આર્ય પ્રજાને પણ તેવી જ શિક્ષા થઇ છે! પ્રત્યેક આર્ય પોતાના અંતઃકરણમાં વિચાર કરી જોશે તો તેમને જણાશે કે તે હવે આર્ય કહેવડાવવાને લાયક છે ખરો? જે આર્યો વર્ણાશ્રમનો સનાતન નિયમ બ્રહ્મચર્ય સખ્તાઇથી પાળતા હતા તે હવે તેઓ પાળે છે ખરા?

પ્રાચીન શાસ્ત્રોમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈષ્યને માટે જેમ બાલ્યાવસ્થામાં ઉપવિત સંસ્કારની વિધિ છે તેજ પ્રમાણે બ્રહ્મચર્ય પાળવાની સખ્ત આજ્ઞા છે. એમાં મતભેદ છેજ નહિ. રામાયણ, મહાભારત વગેરે પ્રાચીન અને રાજપુત મરાઠા, શીખ વગેરે વીર જાતિના ઇતિહાસમાંથી પણ તેનાં અનેક પ્રમાણો મળી આવે છે. વિશ્વામિત્ર ઋષિ મહારાજ દશરથ પાસેથી વિદ્યાભ્યાસ કરતા તેમના બે પુત્રો, રામ લક્ષ્મણને અસુરોનો વધ કરવા લઇ ગયા હતા. ત્યાર પછી જ જનકરાજાની પુત્રી સાથે રામનું લગ્ન થયું હતું. લગ્ન થયા પછી રામચંદ્રજી પોતાનો અભ્યાસ પરિપૂર્ણ કરવા માટે વશિષ્ઠ મહારાજ પાસે ગયા નહોતા. તે સમયે મેટ્રીક કે સ્કુલફાઇનિલની પરીક્ષા આપ્યા પછી લગ્ન કરવાં અને તે પછી બી. એ., કે એલ. એલ. બી. થવાનો નિયમ નહતો! સંસ્કૃત ભણનારાઓને માટે પણ આજની પેઠે ન્યાયની "આદ્ય" કિંવા "સ્મૃતિ"ની મધ્ય પરીક્ષામાં પાસ થયા પછી લગ્ન કરવું અને તે પછી પુનઃ વિદ્યાભ્યાસ કરી "મધ્ય" કિંવા "પ્રાજ્ઞી"ની પરીક્ષા આપવામાં આવતી નહોતી! તે સમયે પરિપૂર્ણ વિદ્યાભ્યાસ કરવામાં આવતો હતો, અને ત્યાર પછી જ એટલે વિદ્યાર્થિ સ્વતંત્ર રીતે ગૃહ સંસારનું પાલન પોષણ કરવા સમર્થ થતો ત્યારે જ તેનું લગ્ન થતું. લગ્ન થયા

પછી તે પુરૂષને વિદ્યાભ્યાસ કરવાનો રહેતો નહિ. એક વખત લગ્ન થયા પછી ગુરૂ ગૃહે નિવાસ કરવાનું બંધ થતું. પછી તો તેને માત્ર પોતાનો ગૃહ સંસાર ચલાવવાનું જ કાર્ય રહેતું.

શાસ્ત્રોક્ત પ્રાચીન નિયમ સારો કે આજનો શાસ્ત્ર વિરૂદ્ધનો નિયમ સારો તેનો વિચાર કરવાનું કાર્ય શ્રોતા બંધુઓને જ સોંપું છું. તેમણે પોતાના પુત્ર પુત્રીઓના શરીર સ્હામું, તેમનાં બળબુદ્ધિ સ્હામુ જોઇ વિચાર કરી લેવો ઉચિત છે. પુરૂષને માટે વીશ વર્ષ પહેલાં અને સ્ત્રીને માટે પંદર સોળ વર્ષ પહેલાં વીર્યનો ઉપયોગ થવો ન જોઇએ. એ સમયે વીર્ય અપકવ હોવાથી શારીરિક બંધારણમાં નુકસાન પહોંચે છે, અને તેજ કારણથી તેમની સંતતિ રોગીષ્ટ, બુદ્ધિહીન અને અલ્પાયુ થાય છે ! પ્રાચીન ઋષિઓએ પ્રત્યેક યુગને માટે જૂદાં જૂદાં શાસ્ત્રો લખ્યાં છે. પરંતુ તે સમય આજના જેવો વિચિત્ર અને શાસ્ત્રાજ્ઞા ઉપર પાણી ફેરવનાર ન હતો ! તે વખતની જાતિઓ ધર્મ ગુરૂઓને ઇશ્વર સમાન જાણતી અને તેમની આજ્ઞા માન્ય કરતી. તે સમયે વિદ્યાર્થિઓના ટોળેટોળાંથી ગુરૂઓનાં ઘર ઉભરાઈ જતાં. ત્યાં તેમને વિદ્યા ઉપરાંત સંસાર વ્યવહારની અનેક પ્રકારની શિક્ષા અપાતી. તેમની વર્તણુક ઉપર સખ્ત દેખરેખ રખાતી. ગુરૂઓ તેમને "સત્ય" બોલવાનો અભ્યાસ કરાવતા. વિદ્યાર્થિ કદી પણ જુઠું ન બોલે તે માટે બહુ સાવચેતી રખાતી. આજે તો ઢેડ, ચાંડાળ સુદ્ધાં વિદ્યાલયમાં પ્રવેશ કરી શકે છે ! અને વિદ્યાર્થિઓ હોટેલોમાં કિંવા ભોજન ગૃહોમાં નિવાસ કરી સ્વતંત્ર રીતે લહેર ઉડાવે છે ! તે વખતે આજની પેઠે બહુ વિદ્વાનમાં ગણાતા મહા પુરૂષો વર્ણાશ્રમ ધર્મ ઉપર લાત મારી સર્વને એક પંક્તિએ ભોજન કરાવતા નહોતા તેમ જ આજની પેઠે તેમના કહેવાના અને કરવાના દાંત જૂદા જૂદા નહોતા ! તે સિદ્ધ પુરૂષો જે કહેતા તે જ કરતા ! આજના પંડિતો સર્વને સમાન ગણવાનો હક્ક કરે છે ! સ્ત્રી અને પુરૂષ એ સર્વના સમાન હક્ક કહે છે ! અને તેમનું જોઇને લુહાર, મોચી, હજામ, કોળી, ભીલ, ધારાળા, વાઘરી વગેરે પોતાને ક્ષત્રિય કહેવડાવવા નીકળ્યા છે ! અરે ! શૂદ્રોના કાનમાં પણ કળી રાજે મંત્ર ફુંકી દીધો છે કે: નાસ્તિ

તુ પંચમઃ ॥ " મનુસંહિતા કહે છે તેમ પાંચમી જાતિ જ નથી. " હજામ કેવા ? તેલી, તંબોલી કેવા ? ઘાંચી મોચી કેવા ? કોળી વાઘરી કેવા ? બધા જ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની ગણનામાં છે ? વળી કોઇક જ શૂદ્રની ગણનામાં છે. સર્વે મનુષ્યો વેદ ભણી શકે છે ! બધા જ એક બીજાને સ્પર્શ કરી શકે છે ! અરે ! બધા જ એક બીજાનું અન્ન જળ અને વરકન્યા ગ્રહણ કરી શકે છે ! હવે કહેવાનું શું રહ્યું ? કળિ કાળમાં જેવું થવું લખ્યું હતું તેવું જ થયું છે ! પણ હવે બુદ્ધિમાન મનુષ્યોએ જગતની એ દુર્દશાનાં કારણો જાણી તેને સુધારવાં જોઇએ. એ સુધારવા જતાં હિંદુ માત્ર—પ્રત્યેક જાતિ માત્રે-પ્રથમ એવી જ પ્રતિજ્ઞા લેવી પડશે કેઃ " અમારાં પુત્ર કન્યાને અમે બરાબર વિદ્યાદાન આપ્યા પછી જ પરણાવીશુ. તેઓ ગૃહસ્થાશ્રમ ધર્મ—દાંમ્પત્ય ધર્મ સમજશે ત્યારે જ અમે તેમને પરણાવીશું. " અર્થાત્ "અમે કન્યાને ૧૫–૧૬ વર્ષ પર્યંત અને પુત્રને ૨૦–૨૫ વર્ષ પર્યંત સખ્ત રીતે બ્રહ્મચર્ય પળાવીશું. " તેમ થશે તો જ આર્ય સંસાર પુનઃ પોતાનું પ્રાચીન ગૌરવ પ્રાપ્ત કરશે. રાજસ્થાનના રાજપૂતોએ મોગલ અને મુસલમાન બાદશાહો સાથે પ્રાણનું બલિદાન આપતાં સુધી યુદ્ધ કર્યાં હતાં. તેમનો એ દુરાગ્રહ રખાવનાર તેમનું "બ્રહ્મચર્ય" હતું. ક્ષત્રિય રાજાઓ રાજકુમારને અને રાજકન્યાઓને મ્હોટી વય પર્યંત બ્રહ્મચર્ય પળાવી બળબુદ્ધિમાં શ્રેષ્ઠ બનાવતા અને ત્યાર પછી જ તેમને ગૃહસંસારમાં નાંખતા. તેમ થવાથી જ રાજપૂત જાતિએ પોતાનો ટેક અને ગૌરવ અખંડ રાખ્યાં છે ! પરંતુ આજે તો સર્વે જાતિ પોતાનું કર્તવ્ય કર્મ ભૂલ્યા છે. સર્વે જાતિમાંથી " બ્રહ્મચર્ય "નું મહત્વ ઉડી ગયુ છે ! તેથી જ તેઓ દુઃખી દુઃખી થઇ રહ્યા છે ! વિદ્યાર્થિ અવસ્થામાં લગ્ન કરવામાં નહિ આવે તો વિધવાની સંખ્યા અને બાળમૃત્યુની સંખ્યા બહુ જ ઓછી થઈ જશે. અને એ અવસ્થામાં યુવાનોને પુત્ર કન્યાને હિંચકા નાંખવાનો તથા તેનું પાલનપોષણ કરવાનો ભાર ઓછો થઈ સંસાર—સંગ્રામમાં પ્રવૃત્ત થવું પડશે નહિ ! એક હાથમાં પુસ્તકો અને બીજા હાથમાં બાળકોનાં ઘોડીયાંની દોરી પકડવી પડશે નહિ ! અને **આર્ય સંસારને માટે અતિ લાભદાયક કાર્ય થશે.** આજે તો પ્રત્યેક જાતિ-

જનો પરસ્પર ઈર્ષા—અગ્નિમાં બળી રહ્યા છે ! તેમ થવાથી પ્રત્યેકનો ક્ષય થઈ રહ્યો છે. તેને બદલે તેઓએ પોતાની જ્ઞાતિમાં જે જે અનિષ્ટકારક રિવાજો હોય તેને નિર્મૂળ કરવા અને જ્ઞાતિજનોમાં વિદ્યા હુન્નરની વૃદ્ધિ કરવાનો ઉદ્યોગ કરવો જોઇએ. હવે આળસ નિદ્રામાં પડી રહેવાનો વખત નથી ! હવે તો જાગ્રત થવાનો વખત છે ! હવે તો આડે માર્ગેથી સીધે માર્ગે વળવાની અગત્ય છે ! અને હવે તો ધન ધાન્યથી ખાલી પડેલા આર્ય ભણ્ડારોને પુનઃ ભરપૂર કરવાની અગત્ય છે ! યુરોપ, અમેરિકા અને ચીન, જાપાન જાગ્રત થયું છે. તેમણે બ્રહ્મચર્યનો મહિમા જાણી તે પ્રમાણે વર્તવા માંડયું છે. તેઓ આર્ય પ્રજા કરતાં પણ આગળ વધી પુત્રોને ૩૦—૩૫ કે ૪૦ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પળાવી વિદ્યાભ્યાસ કરાવે છે અને કન્યાઓને પણ ૨૫—૩૦ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પળાવી વિદ્યાભ્યાસ કરાવે છે ! તેને પરિણામે યુરોપ અમેરિકાદિ દેશના સ્ત્રી પુરૂષો, બળવાન અને બુદ્ધિમાન થાય છે અને તેઓ બુદ્ધિ ચાતુર્યને પ્રતાપે અનેક ઉદ્યોગો કરી, પૃથ્વીના અનેક દેશાંતરથી અનરગળ લક્ષ્મી ઘસડી લઈ જઈ સુખ શાંતિમાં દિવસો નિર્ગમન કરે છે. આર્યો ! જો તમારી ઇચ્છા હોય કેઃ આપણે પણ તેમની પેઠે લક્ષ્મી પ્રાપ્ત કરી સુખી થવું તો તમે તમારૂં એક વખતનું વ્હાલું બ્રહ્મચર્યવ્રત ધારણ કરો, અને પરિપૂર્ણ વિદ્યાભ્યાસ કર્યા પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરો, તોજ તમારૂં કલ્યાણ થશે.

હવે એક બીજા વિષય ઉપર આપનું લક્ષ્ય ખેંચવાનું મ્હને યોગ્ય જણાય છે. માત્ર વિદ્યાર્થિ અવસ્થામાં જ બ્રહ્મચર્ય પાળવું અને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી તેનું મહત્વ ભૂલી જવું યોગ્ય નથી. મનુમહારાજ કહે છે કેઃ “ બ્રહ્મચર્યાશ્રમ પૂર્ણ થયા પછી ગૃહસ્થાશ્રમમાં પણ પતિ પત્નીએ નિયમિત રીતે, શાસ્ત્રોક્ત રીતે વ્યવહાર રાખવો, અને વીર્યનો દુરૂપયોગ કરવો નહિ. અતિશય સ્ત્રી સંસર્ગ કરવાથી પુરૂષોને ક્ષયરોગ થાય છે અને તેથી જ તેમના અમૂલ્ય પ્રાણની હાનિ થાય છે. સ્ત્રીઓએ પણ મર્યાદામાં રહીને વર્તવું. વિશેષ સંસર્ગથી બન્નેનાં શરીરની હાનિ થાય છે, અને સંતતિ નિર્બળ રોગીષ્ટ જન્મે છે, તેમની સેવા કરતાં કરતાં ત્રાહ ત્રાહ

થાય છે. તેના કરતાં પતિ પત્નીએ વિષય વાસના દબાવી, તેને હદમાં રાખી નીતિ પ્રમાણે વર્તવું. વીર્યનો સંચય કરવો, અને બળવાન, બુદ્ધિમાન સંતતિ ઉત્પન્ન કરવા વિશેષ લક્ષ્ય રાખવું. વિદ્યાર્થિએ તેમ જ સર્વ મનુષ્યોએ ઉત્તમ વિચારોનું સેવન કરવું, સત્યના વ્યાપાર કરવા અને મનને અતિશય પવિત્ર રાખી વર્તવું, તો જ તેઓ અનેક પ્રકારના દુઃખથી ભરેલો સંસારસાગર તરી પાર ઉતરશે. આજે તો સ્કુલ અને કૉલેજના વિદ્યાર્થિઓ વડિલોની આજ્ઞા માનતા નથી, બુટ પાટલુન અને કોટ પાછળ ભારે ખર્ચ કરી દ્રવ્યનો દુરૂપયોગ કરે છે અને નૃત્યગીત તથા નાટક સીનેમેટોગ્રાફ જોઇ આનંદ ઉત્સવ કરે છે ! અરે ! ઘણા વિદ્યાર્થિઓ બ્રહ્મચર્યનો ભંગ કરી શરીરને નિર્બળ બનાવી દે છે ! અને અંતે મરણ પામતાં તેમનાં માતા પિતાને જીવન પર્યંત રડતાં મૂકી જાય છે ! માટે જ સુજ્ઞ મનુષ્યોએ પોતાની સંતતિને "બ્રહ્મચર્ય"નો મહિમા સમજાવી, શરમ છોડી દઇને તેમને વિષય વાસના જીતવાનો ઉપદેશ કરી ઉત્તમ પ્રજા બનાવવી, તેમ થવાથી તેમની પ્રજા ભવિષ્યનાં રત્નરૂપ નીવડશે અને આર્યોના પવિત્ર સનાતન ધર્મની પુનઃ પ્રતિષ્ઠા થશે. આર્યોનું નામ ધારણ કરનારા પ્રત્યેક સુજ્ઞ મનુષ્યે આર્ય શાસ્ત્રો પ્રમાણે વર્તવું જોઇએ, નહિ તો તેમણે "આર્ય" નામ ધારણ કરવું નહિ એજ યોગ્ય કહેવાશે. સૌથી પહેલાં મનુષ્યોએ વિદ્યાભ્યાસ કરતાં પોતાની વિદ્યાર્થિ સંતતિને બ્રહ્મચર્ય પળાવવા લક્ષ્ય રાખવું. તેમ કરવાથી તેમના દ્રવ્ય ખર્ચ્યાનું સાર્થક થશે, તે સાથે પોતાના જીવનનું પણ સાર્થક થશે, અને પૃથ્વીમાં આર્યપ્રજા ધન્ય કહેવાશે. આર્યાવર્ત એ બ્રહ્મચારીઓનો દેશ હતો. પરંતુ આજે ત્યાંથી બ્રહ્મચર્યનું નામ નિશાન લુપ્ત થઈ ગયું છે ! યુવાવસ્થામાં પ્રવેશ કરતાં પહેલાં તો બાળકો શરીરનું અપક્વ વીર્ય ક્ષય કરી ચિરજીવન માટે બળહીન, બુદ્ધિહીન, ઉત્સાહ હીન અને રોગીષ્ટ થઈ ક્લેશમય જીવન ગાળે છે ! ૨૫ વર્ષનો યુવક એક ૫૦ વર્ષના વૃદ્ધની સાથે ચાલી શકતો નથી અને તેના જેટલું કાર્ય કરી શકતો નથી ! દેશના અનેક યુવકો એવી દુર્દશા ભોગવે છે. તેમનાં સન્તાન વળી તેથી પણ વિશેષ દુર્બળ જણાય છે ! દેશમાંથી સંયમ, સાધના, આનંદ, મનુષ્યત્વ

ક્રમે ક્રમે કોણ જાણે ક્યાંએ ચાલ્યું જાય છે ! એવી સ્થિતિ હોવાથી આપણા દેશમાં બ્રહ્મચર્યની અતિશય જરૂર છે. જે મનુષ્ય બાલ્યાવસ્થાથી બ્રહ્મચર્ય પાળતો નથી તેની સ્મરણશક્તિ, લોપ થાય છે તે ઋદ્ધિ, સિદ્ધિ અને શાંતિ સુખ પ્રાપ્ત કરતો નથી.

विर्य धारणं ब्रह्मचर्यम् વીર્ય ધારણ કરવું એનું જ નામ બ્રહ્મચર્ય છે. વીર્ય એટલે શુક્ર, શૌર્ય, ઉત્સાહ, સામર્થ્ય વગેરે સમજવું. **ब्रह्मचर्य प्रतिष्ठायां वीर्य लाभः** બ્રહ્મચર્ય ધારણ કરવું એટલે વીર્ય નિરોધ કરવાનુ સામર્થ્ય આવ્યાથી શરીરમાં અતિશય બળ ઉત્પન્ન થાય છે. તેમ થવાથી બુદ્ધિ અને મનની શક્તિ વધે છે. લાંબુ આયુષ્ય થાય છે. ચિત્તની પ્રકાશ—શક્તિ વધે છે. કામ, ક્રોધ, રાગ, દ્વેષ આદિ લોપ થાય છે. યુરોપ અમેરિકાની પ્રજા આધ્યાત્મિક જ્ઞાનમાં આગળ વધી નથી તેમ છતાં બ્રહ્મચર્ય ધારણ કરવામાં તો અવશ્ય તેમની પ્રશંસા કરવી પડશે.બ્રહ્મચર્યને લીધે જ તેમની બુદ્ધિ શક્તિ વધી છે એ આપણે સ્પષ્ટ જોઇ શકીએ છીએ. આર્ય પ્રજા અંગ્રેજોના સમાગમમાં આવી ત્યારથી તેમની નકલ કરી બુટ, પાટલુન, હૅટ, નેકટાઈ, કૉલર પહેરતાં શીખી છે ! ભર ઉન્હાળે ચહાના પ્યાલા પીતાં શીખી છે! સખ્ત સખ્ત ટાઢના દિવસોમાં આઇસક્રીમ પીતાં શીખી છે! પેટ ભરીને જમવા છતાં પાછા હૉટેલોમાં જઇ બીસ્કીટ પાઉ ખાતા શિખ્યા છે! દિવસે કે રાતે દારૂના બાટલા ઉડાવતા શીખ્યા છે! અને આવી અનેક રીતે આચારવિચારથી અને ધર્મ કર્મથી ભ્રષ્ટ થઈ ખર્ચના ખાડામાં પડયા છે! પરંતુ તેમની એવી નકલને બદલે તેમની બ્રહ્મચર્ય પાલન વિધિ, તેમની અભ્યાસ નીતિ અને તેમની દ્રવ્ય ઉપાર્જન કરવાની કળા જો શીખે તો આર્ય પ્રજાનું કેટલું કલ્યાણ થાય ? તેઓ કેટલા સુખી થાય ?

વીર્ય રક્ષા માટે—બ્રહ્મચર્ય પાલન માટે—જેટલું કહીએ તેટલું ઓછું છે. એને માટે આર્ય શાસ્ત્રોએ એટલી બધી પ્રશંસા કરી છે કે ન પૂછો વાત! શિવસંહિતામાં કહ્યું છે કે:—

मरणं बिन्दुपातेन जीवनं बिन्दु धारणात् ।
तस्माद्गति प्रयत्नेन कुरुते बिन्दु धारणम् ॥

"બિન્દુપાત—એટલે વીર્યનો ક્ષય થતાં જ મનુષ્યનું મૃત્યુ થાય છે. બિન્દુ

ધારણ કરવાથી–વીર્યનો શરીરમાં સંચય કરવાથી–જીવન ટકી રહે છે. તેથી યોગીઓએ યત્નપૂર્વક બિન્દુ–વીર્ય–ધારણ કરવું." વળી આગળ કહ્યું છે કેઃ–

जायते म्रियते लोको बिन्दुना नाम संशयः ।
एतज्ज्ञात्वा सदायोगी बिन्दु धारणमाचरेत् ॥

"બિન્દુ (વીર્ય) વડે જ જીવોની ઉત્પત્તિ અને વિનાશ થાય છે. એમ જાણીને જ યોગીઓએ નિત્ય બિન્દુ ધારણ કરવાનો યત્ન કરવો."

सिद्धे बिन्दौ महायत्ने किं न सिध्यति भूतले ।
यस्य प्रसादान्महिमा ममाप्येतादृशो भवेत ॥

"જ્યારે બિન્દુ ધારણ કરવાની ક્ષમતા પ્રાપ્ત થશે ત્યારે પછી પૃથ્વીમાં શું સિદ્ધ નહિ થાય? એને પ્રભાવે તો મ્હારો બ્રહ્માંડ ઉપર આટલો બધો મહિમા ગવાય છે."

શિવ ભગવાન કહે છે કેઃ—

बिन्दु करोति सर्वेषां सुखदुःखस्य संस्थितिम् ।
संसारिणां विमूढाणां जरामरण शालिनाम् ।
अयंशुभ करो योगो योगिनामुत्तमोत्तमः ॥

"જરા–વૃદ્ધાવસ્થા અને મરણ પામનારા, મૂર્ખ સંસારીજનોને માટે બિન્દુ–વીર્ય–એજ સુખ દુઃખનું કારણ છે. યોગીઓને માટે બિન્દુ ધારણ કરવું એજ સર્વ શ્રેષ્ઠ છે.*

---

* અંગ્રેજી ભણેલા મહાપુરૂષો તેમના અંગ્રેજ ગુરૂ–વિદ્વાનોને મુખેથી વીર્યની પ્રશંસા નહિ સાંભળે તો ઉપરોક્ત વાક્યો ભાગ્યે જ તેમના પવિત્ર અંતઃકરણમાં ઉતરશે ! એમ જાણી અંગ્રેજ વિદ્વાનોના અભિપ્રાય ટાંકવામાં આવે છેઃ—

ડાક્ટર લુઈસ કહે છે કેઃ–All eminent physiologists agree that, the most presious atoms of the blood enter into the composition of the semen. " અર્થાત્ સર્વ સુપ્રસિદ્ધ શારીર વિજ્ઞાનવિત્ પણ્ડિતોએ એકે મતે કબૂલ કર્યું છે કેઃ રક્તનો શ્રેષ્ઠ અંશ અથવા સાર–અંશ હોય છે તેજ વીર્યના રૂપમાં બદલાય છે." ડાક્ટર નિકોલસ્ કહે છે કેઃ "It is a Medical -Physiological fact, that the blood in the body goes to form elements of reproduction inboth sexes. In a pure and

આર્યોમાં પ્રાચીન સમયે વિદ્યાર્થિઓને ગુરૂગૃહે રાખવામાં આવતા આવતા તેનું મૂળ કારણ બ્રહ્મચર્ય પળાવવા માટે જ. ગુરૂ મહાશય તેમને વિદ્યાભ્યાસ કરાવવા સાથે બ્રહ્મચર્યરૂપી મહા શિક્ષા આપતા. તેથી જ તેઓ વીર્યને અટલ, અચળ, અને અવિકૃત અવસ્થામાં રાખતા. બ્રહ્મચર્ય પાળનાર મનુષ્યો અકાલમૃત્યુથી બચી જાય છે, તેમને અકાલે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતી નથી. તેઓ સદાસર્વદા હૃષ્ટપુષ્ટ, બળવાન, નિરોગી, તેજસ્વી અને ઉત્તમ સન્તાન ઉત્પાદન કરી શકે છે. એ શિક્ષાને લીધે જ મનુષ્યો આત્મોન્નતિ કરી પરલોકમાં

---

orderly life this matter is reabsorbed, it goes back into the circulation ready to form the finest brain, nerve, and muscular tissue, this life of man arrived back and deffused through his system, makes him manly, strong, brave, heroic." અર્થાત્ ચિકિત્સા શાસ્ત્રમા અથવા શારીર–વિજ્ઞાન શાસ્ત્રમાં નિર્ણય થયો છે કે: રક્તનો સાર અંશ (વીર્ય) એજ નરનારીઓની જનન–શક્તિની મૂળ વસ્તુ છે. જેનું જીવન પવિત્ર, અને નિયમિત અર્થાત્ જે સ્વેચ્છાચારી અથવા વ્યભિચારી નથી તેના રક્તનો સારઅંશ (વીર્ય) રક્તદ્વારા પ્રવાહિત થઇને, ઉત્કૃષ્ટ મસ્તિક, સ્નાયુ અને માસ પેશીઓને પુષ્ટ બનાવે છે. તાત્પર્યઃ વીર્ય એજ મનુષ્યને મનુષ્યત્વ, દ્રઢ શરીર, ઓજસ્વી, તેજસ્વી, ઉદ્યમશીલ અથવા પરિશ્રમી અને વીર્યવાન અથવા બળવાન બનાવે છે. વીર્યનો ક્ષય કરવાથી તેની શારીરિક અને માનસિક શક્તિઓ નાશ પામે છે." બ્રહ્મચર્યનો મહિમા પ્રકટ કરવા માટે ડાકટર લુઇસે સેન્ટપોલ અને સર આઇજાક ન્યુટનનું ઉદાહરણ આપી કહ્યું છે કે: "She (Nature) finds use for them all in building up a keener brain and more vital and enduring nerves and muscles." અર્થાત્ પ્રકૃતિદેવી, રક્ત બિંદુઓદ્વારા અર્થાત્ રક્તના ઉત્તમ અંશ વીર્ય બિંદુઓદ્વારા તીક્ષ્ણ બુદ્ધિવાળું મસ્તક, જીવનશક્તિ પૂર્ણ સ્નાયુ અને માંસ પેશીઓ નિર્માણ કરે છે." ડાકટર ફેલરેટે લખ્યું છે કે: "Debility of intellect and especially of the memory characterzes the mental alimation of the licentious." અર્થાત્ વ્યભિચારી મનુષ્યોની બુદ્ધિ વૃત્તિ અને સ્મૃતિ શક્તિ અતિશય દુર્બળ થાય છે તેથી જ તેમના મનની અધોગતિ થાય છે. ધારવામાં આવે છે કે: અંગ્રેજી વિદ્વાનોના અભિપ્રાય સાંભળ્યા વગર સુકાઈ જતા ગૃહસ્થોને આટલા અભિપ્રાયો બસ થશે !—લેખક.

સ્વર્ગ અથવા મોક્ષ પ્રાપ્ત કરે છે. બ્રહ્મચારી સત્યવાદી, જિતેન્દ્રિય અને ધર્મ-નિષ્ઠ થાય છે. તેની સ્મરણ શક્તિ બહુ તેજ, દીર્ઘ આયુષ્યમાન, અને નીરોગી થાય છે. આજે બ્રહ્મચારીઓ વગર દેશ પાયમાલ થતો જાય છે! પુરૂષો શક્તિહીન, યુવાવસ્થામાં જ જાણે વૃદ્ધાવસ્થા આવી હોય તેવા જણાય છે તેથી જ તેઓ દીન, હીન, કંગાલ, આળસુ, રોગીષ્ટ પ્રજા ઉત્પન્ન કરે છે! તેથી જ ભારતભૂમિ સ્મશાનના રૂપમાં ફેરવાતી જાય છે! પૃથ્વીમાં સ્વર્ગ સ્વરૂપ ગણાતો ભારત પ્રદેશ નરકસ્થાનના રૂપમાં ફેરવાતો જાય છે. હજારો જાતિઓમાંનો આર્ય પુણ્ય–મહિમા ગવાતો હતો તે ક્લેશ-રૂપી–બરફથી ગળી ગયો છે. જે દેશની પ્રજાને સ્વર્ગીય સમાજ કહે-વામાં આવતો તે સમાજ અદ્રષ્ય થઇ ગયો છે. નંદન વન સમાન આર્ય શ ભયંકર સ્મશાનના રૂપમાં બદલાઈ ગયો છે! આ દેશનું કર્તવ્યજ્ઞાન, આ દેશનું મનુષ્યત્વ અને આ દેશનું ધર્માનુશીલન સમગ્ર જગતને માટે આદર્શ અને અનુકરણીય હતું તે ભારતવાસીઓ, વિધિની લીલા વડે અન્ય દેશીય વિદ્વાનોનાં બે ચાર સૂત્રો સાંભળી ગદગદ થઈ જાય છે! એક સમયે ભારત-વર્ષમાં જે બ્રહ્મચર્યનો આદર્શ હતો, જે કઠોરતા હતી, જે તપસ્યા હતી, તેનો સોમો વિભાગ પણ અન્ય દેશમાં હતો કે નહિ તે કહી શકાય નહિ. તેમ છતાં એટલું જ કહેવું બસ થશે કે: ભારત પ્રદેશ એક સમયે પૃથ્વી માત્રનો "ગુરૂ" હતો! તેજ ભારતવર્ષમાંથી અત્યારે બ્રહ્મચર્યનું નામ નિશાન ચાલ્યું ગયું છે! તેની સાથે જ માતા પિતા અને ગુરૂજનો ઉપરથી ભક્તિ શ્રદ્ધા ઉઠી ગઈ છે! વડિલોની શિખામણ નહિ માનવા માટે ભારત-વર્ષ આજે પ્રખ્યાત થયું છે! માત્ર મનસ્વીપણે વર્તવું, અને કામ, ક્રોધ, લોભ, સ્વાર્થ આદિ રિપુઓને મિત્ર જાણી તેને વશ થવું એજ તેઓ શિખ્યા છે! યુવકો પોતાનું ઇષ્ટ અનિષ્ટ સમજી શકતા નથી, તેમ છતાં તેમને સ્વતંત્ર રહેવું છે! એજ કારણથી યુવકોમાં રોગ, ક્લેશ અને અંતે મરણ પ્રસરી રહ્યાં છે. માતા પિતાઓને માટે ઉચિત છે કે તેમણે પોતાનાં સંતાનોને બ્રહ્મચર્ય પળાવીને અને યોગ્ય વિદ્યાદાન પ્રાપ્ત કરાવીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવવો, એજ તેમનું યથાર્થ કર્મ છે. જે શિક્ષા દ્વારા સંતાનો વિદ્યા, બુદ્ધિ, બળ, સાહસ અને દીર્ઘ જીવન લાભ કરે, અને જે શિક્ષાદ્વારા

તેઓ નીરોગી રહી મનુષ્યત્વ પ્રાપ્ત કરી શકે, અને નીતિમાન તથા ધર્મનિષ્ઠ થઈ શકે તેવી જ શિક્ષા આપવી જોઇએ.

ગૃહસ્થો અને બહેનો! બ્રહ્મચર્ય સંબંધી ઘણું કહ્યું છે. બ્રહ્મચર્ય એટલે વીર્યનું રક્ષણ કરવું અને ગૃહસ્થાશ્રમ ધર્મ પાળવો. તેમ કરવાથી ઉત્તમ સંતાન ઉત્પન્ન કરી શકાશે, અને મનુષ્ય બળ બુદ્ધિ સંપાદન કરી વારંવાર જન્મ મરણથી છુટશે. આજે ઘણા વક્તાઓ હજારો મનુષ્ય સન્મુખ ઉભા રહી ભાષણો કરે છે પરંતુ હજારો સાંભળનારાઓમાંથી ભાગ્યે જ એક મનુષ્ય "બ્રહ્મચર્ય" ધારણ કરવાની પ્રતિજ્ઞા કરતો હશે! તમે સર્વ જાણો છો કે જન્મ મરણ વખતે મનુષ્ય પ્રાણીને કેવું ભયંકર દુઃખ થાય છે? એ દુઃખમાંથી છુટવા–કર્મબંધન શિથિલ કરી પરમાત્માની જ્યોતિમાં મળી જવું એને જ મુક્ત દશા કહે છે. તમારી એવી ઇચ્છા હોય તો તમે આજથી જ પ્રતિજ્ઞા કરો કેઃ અમે શાસ્ત્રોક્ત રીતે "બ્રહ્મચર્ય" પાળીશું, "અને એ પ્રમાણે વર્તવાનો નિશ્ચય કરો તો તમારે માટે સ્વર્ગીય સુખ વેગળું નથી."

એ જ ક્ષણે દિવાનખાનું ગર્જી ઉઠયું. ત્યાં બેઠેલાં લગભગ બસો અઢીસો નરનારી આનંદભેર બોલી ઉઠયાંઃ "હા, મહારાજ! અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે અમે આજથી શાસ્ત્રોક્ત રીતે બ્રહ્મચર્ય પાળીશું, અને અમારી સંતતિને પણ પળાવીશું."

એ સાંભળી નારાયણદેવનાં નેત્રમાં હર્ષનાં આંસુ આવી ગયાં. તેમણે કહ્યુંઃ! "અહા! જો આર્યાવર્તમાં તમારા જેવાં સર્વ મનુષ્યો હોય તો "સત્યયુગ" પ્રવર્તવામાં શું બાકી રહે? સત્યતાથી વર્તવાની પ્રતિજ્ઞા લેવી–સત્ય માર્ગે વર્તવું–એનું જ નામ સત્યયુગ છે. પ્રભુ તમારૂં કલ્યાણ કરો."

આ દ્રષ્ય જોઈ પ્રબોધચન્દ્ર મનમાં જ બોલ્યોઃ "મહાપુરૂષોને પારસમણી કહે છે તે ખોટું નથી. મહાત્મા શ્રી નારાયણદેવના ભાષણને પ્રતાપે આ સર્વ મનુષ્યો કેવાં દિગ્મૂઢ થઈ ગયાં છે! હરિ! હરિ! એ સર્વ "સત્ય" પણે વર્તે તો પછી સંસારમાં જ સ્વર્ગ સમાન સુખ પ્રાપ્ત થાય." એમ કહી તે એક વખત નારાયણદેવ સ્હામુ અને એક વખત શ્રોતા સમાજ સ્હામુ જોતો આશ્ચર્ય પામી અનેક વિચારો કરતો હતો.

નારાયણદેવે અંતે કહ્યું: "ઇશ્વિર મંગળમય છે. શ્રોતાઓનું કલ્યાણ જ થશે. મનુષ્ય માત્રને પોતાનાં આત્મીય સ્વજન જાણીને જ સેવા વ્રતની દિક્ષા લેવી જોઇએ. તેમ થવાથી સુખ શાંતિ એની મેળે જ પ્રાપ્ત થશે. એ સૂત્ર ભૂલવું જોઇતું નથી. સમય મળતાં પુનઃ આપણે પુનર્જન્મ, બ્રહ્મ, સત્ય, દયા, પરોપકાર, પરસેવા આદિ વિષયો પરત્વે દ્રષ્ટાંત સિદ્ધાંત સહિત કથાનક કહી સંભળાવીશું. તમે સર્વે મ્હારા આત્મા છો, તમે સર્વ મ્હારા શરીરના અવયવો છો. બ્રહ્મચર્ય વ્રત પાળવું, સત્યપણે વર્તવું અને પરસેવા કરવી: એ ત્રણે પ્રતિજ્ઞા દ્રઢ રીતે પાળવી. હરિઃ ॐ तत्सत्"

એટલું કહી રહ્યા પછી થોડાં ભજનો ગવાયાં. ત્યાર પછી સભા વિસર્જન કરવામાં આવી. શ્રોતા મંડળે ઘેર જઇ પ્રતિજ્ઞા પ્રમાણે વર્તવા માંડયું.

પ્રકરણ ૩૩ મું.

રાતોરાત પલાયન !

મનુષ્ય માત્રને "પોતાનાં" જ આત્મીય–સ્વજન જાણીને સેવાવ્રતની દિક્ષા લેવી જોઇએ. સુખ શાંતિ એની મેળે જ પ્રાપ્ત થશે. નારાયણદેવના એવા ઉપદેશે પ્રબોધચન્દ્રના હૃદયમાં પ્રવેશ કરી દારૂણ ઘાત–પ્રાતઘાત ઉપસ્થિત કર્યો.

"ઇશ્વિર મંગળમય છે." એ શબ્દો પ્રબોધચન્દ્રના હૃદયમાં પુનઃ પુનઃ ગડમથલ કરી રહ્યા હતા. દ્રષ્ટાંત ઉપર દ્રષ્ટાંતો સાંભળીને નારાયણદેવના ઉપલા સ્વર્ગીય વાક્ય પ્રત્યે તેના મનમાં થોડી આસ્થા ઉત્પન્ન થઇ હતી. પરંતુ કર્મમય ચંચળ જીવન, તે માત્ર સ્મરણ કે મનનથી નિશ્ચિંત થઇ શકતું નથી. તેથી ભગવાન ઉપર દ્રઢ શ્રદ્ધાવાન થવા માટે ઉપદેશ મેળવવા છતાં તે સ્વાભાવિક રીતે જ કર્મ શોધવા ફરતો હતો. નારાયણદેવના ઉપદેશથી તે પ્રસંગોપાત કર્મનો માર્ગ જોઇ શકતો હતો પરંતુ પુનઃ મોહને વશ થઇ ભ્રમિત ચિત્ત થઇ જતો હતો !

તેના મનમાં હમણાં એવો વિચાર ઉત્પન્ન થયો કે: "સત્ય છે ! નારાયણદેવે જે કહ્યું છે તે સત્ય છે ! પિતા, માતા, સ્ત્રી, પુત્ર, કન્યા, વગેરે કુટુંબી જનોને લીધે મનુષ્ય સંસારની માયા જાળમાં બંધાઇ આત્મતત્વ ભૂલી જાય છે. એ વાત તદન સત્ય જ છે. માયા જાળના બંધનમાં પડવાથી મનુષ્ય પોતાનું વિસ્તૃત કર્મક્ષેત્ર શોધી શકતો નથી ! ઘાંચીની ઘાણીમાં જોડાયલા બળદની પેઠે તે કેવળ "મ્હારૂં, મ્હારૂં," કરતો ફરે છે ! સુખ–શાંતિની વિમળ જ્યોતિ તેની ટુંકી દ્રષ્ટિયે જણાઈ શકતી નથી ! કોની પત્ની અને કોનો પુત્ર ! કોની માયા અને કોની મમતા ! કોનો સંસાર અને કોનો વ્યવહાર ! એ બધું કોનું ? આજે છે, કાલે નથી ! એવી ક્ષણ ભંગુર વસ્તુઓને માટે આટલી બધી વ્યાકુળતા ! દ્રષ્ટિ સ્હામે અસીમ અનન્ત સંસાર જણાય છે. દ્રષ્ટિ સ્હામે અગણ્ય અનન્ત પુત્ર–પરિવાર વિદ્યમાન છે. નારાયણદેવે નિત્ય નિત્ય મ્હને એજ ઉપદેશ આપ્યો છે. તેમણે પુનઃ પુનઃ કહ્યું છે કે: હજી પણ મ્હને જો એવું જ્ઞાન પ્રાપ્ત થશે, હજી પણ જો હું સ્વરૂપ તત્વ જાણી શકીશ તો મ્હારૂં સકલ મનકષ્ટ સત્વર દૂર થઈ જશે. હું જે સુખ–શાંતિ શોધવા માટે ભટક્યા કરૂં છું તે પણ મ્હને પ્રાપ્ત થઇ શકશે."

વિચારો કરતાં કરતાં જ પ્રબોધચન્દ્રે પ્રતિજ્ઞા કરી કે: "ના ! આજથી હું સર્વ ભૂલી જઇશ. આજથી મ્હારૂં પૂર્વ સ્મરણ–બધા પાછલા બનાવો હું ભૂલી જઇશ. એ બધાંને ભૂલવા માટે હું આજથી દ્રઢ પ્રતિજ્ઞા કરૂં છું."

એજ ક્ષણે તેના પિતાએ ઘર ત્યાગ કર્યું હતું તેનો ચિતાર તેના હૃદયપટ ઉપર ઉદય પામ્યો. પ્રબોધચન્દ્રે પોતાના મનમાં જ કહ્યું: "મ્હારા પૂજ્યપાદ પિતા, મ્હારી શૈશવ અવસ્થામાં જ મ્હને નિઃસહાય પડતો રહેવા દઈ, મ્હારી જનનીને રડાવી કોણ જાણે ક્યાં ચાલ્યા ગયા છે ! તેમના મનમાં કદી પણ પાછલા બનાવો યાદ આવ્યા નહોતા !, મ્હારા સુખ દુઃખનો વિચાર કરી તેઓ તો કંઇએ પાછા ફર્યા નહિ ! તેમણે અમારૂં રક્ષણ કર્યું નહિ કિંવા અમારી સંભાળ લીધી નહિ તેમ છતાં પણ અમે તો જીવી શક્યાં છીએ ! અમે તો કંઇએ મરણ પામ્યાં નહિ ! ત્યારે પછી મ્હારી

ગેરહાજરીમાં મ્હારા સંસારનું શું થયું હશે તેનો વિચાર કરવાનું મ્હને શું પ્રયોજન છે? પરમાત્માની સૃષ્ટિ છે. કીડીને કણ અને હાથીને મણ પુરૂં પાડવાની જેને ચિંતા છે તે પરમાત્મા તેમની ચિંતા કરશે. હું તેમની ચિંતા કરીશ નહિ. મિથ્યા માયા! મિથ્યા મોહ!"

પ્રબોધચન્દ્રે પ્રતિજ્ઞા કરી: "પુનઃ હું કદી પણ પુત્ર પરિવારનો વિચાર કરીશ નહિ. મિથ્યા માયા! મિથ્યા મોહ!"

પરંતુ તેની એવી પ્રતિજ્ઞા સાંભળી ઉપરના એક મનુષ્યે મનમાં ને મનમાં હાસ્ય કર્યું! સંસારની માયામાં બંધાયલા મૂઢ જીવ! તું સુખ–શાંતિ શોધવા માટે વ્યાકુળ થઈ રહ્યો છે! શું તું ત્હારા પુત્ર પરિવારનો વિચાર ભૂલી શકશે!

પ્રબોધચંદ્રે પ્રતિજ્ઞા કરી પરંતુ થોડી વાર પછી પાછું તેનું મન ચંચળ થઈ ઉઠયું.

વળી તેના મનમાં વિચાર ઉદ્‌ભવ્યો: "હુ કેવી નિરાશ્રય સ્થિતિમાં દુરાવસ્થામાં પુત્ર પરિવારને પડતાં મૂકી આવ્યો છુ!" થોડી વારે વિચાર ઉપજ્યો કે: "મ્હારી વિધવાવ્રત ધારિણી સ્નેહમયી માતા મ્હારી ગેરહાજરીમાં કેવું મર્મભેદી દુઃખ ભોગવતી હશે? તેનો પતિ ન્હાસી ગયો હતો. આજે તેનો પુત્ર પણ ન્હાસી ગયો છે. તે બિચારી નિરાધાર શી રીતે જીવન ધારણ કરશે?" વળી કાળીદાસે તેના પરિવારની દુર્દશાનું જે વર્ણન કર્યું હતું. તે ચિતાર તેના નેત્ર આગળ તાદ્રષ્ય થયો. તેણે નજરે જોયુ કે જાણે તેનો બાળક પુત્ર મૂર્છિત થઈ પડ્યો છે! તે મૂર્છામાં જ તેના જીવનનો અંત આવ્યો છે."

અંતે એ ચિત્ર પ્રબોધચન્દ્રના સ્મરણ પટપર ઉદય થયું. એ શોચનીય ચિત્ર તેને યાદ આવ્યું તે વખત તેનું મસ્તક ચક્કર ચક્કર ફરવા લાગ્યું. તેમ છતાં તેણે મનને વશ રાખી દાંત કચકચાવી હોઠ પીસી કહ્યું: "ઓહ બદલો! બદલો! બદલો લીધા સિવાય મ્હારા દુઃખની નિવૃત્તિ થશે નહિ." ત્યાર પછી શોકવિહ્વલ થઈ ગાંડી બનેલી પત્ની નદીના ગર્ભમાં આત્મ વિસર્જન કરે છે એવો દેખાવ તેના નેત્રદ્વારમાં આવી ઉભો રહ્યો. તે વખતે તે ચીસ પાડી ઉઠયો: "એનો બદલો વિપિનના પુત્ર પરિવારને જળમાં ડુબાડવા સિવાય વળશે નહિ!"

પ્રબોધચન્દ્રના હૃદયમાં વૈરનો અગ્નિ ભડભડવા લાગ્યો. શરીર થર થર કમ્પવા લાગ્યું. પર–સેવાવ્રતનો જે મધુર ભાવ તેના હૃદયમાં સંચિત થયો હતો તે ક્રોધાગ્નિ વડે બળીને ભસ્મ થઈ ગયો. પ્રબોધચન્દ્ર બૂમ પાડી ઉઠયો: "ના! ના! હવે હું આ આશ્રમમાં રહીશ નહિ! હજી સંસારમાં મ્હારે માટે ઘણાં કાર્યો બાકી છે. આ આશ્રમમાં હું વૃથા શા માટે પડી રહ્યો છું?"

વિવેક–રૂપી દયાળુ અંતરાત્માએ આ સમયે તેને પુનઃ સાવચેત કર્યો. પ્રબોધચન્દ્રનું હૃદય કમ્પાયમાન થયું. વિવેકે કહ્યું:–

"કેમ પ્રબોધચન્દ્ર! શા વિચારો કરે છે! એ નઠારા વિચારને પરિણામે તને ભવિષ્યમાં અતિશય કષ્ટ સહન કરવું પડશે. પશ્ચાતાપ કરતા લૂંટારાની અને તીડની વાર્તા તેં સાંભળી છે કે નહિ? શું તે વાત એટલામાં ભૂલી ગયો! બદલો લેવાની ઇચ્છા રાખવી એ જીવતાં જીવત અગ્નિ કુણ્ડમાં પડવા સમાન છે. વૈરને અગ્નિ કહેવામાં આવે છે. ત્હારી ઇચ્છા હોય તો તે અગ્નિ કુણ્ડમાં પડ."

પ્રબોધચન્દ્ર ચમક્યો! તેણે પાછું ફરીને જોયું. તે બોલ્યો: "ના, ના, હવે હું મનમાં નઠારા વિચારોને પ્રવેશ કરવા દઈશ નહિ. ના! ના! હું વૈરાગ્નિના કુણ્ડમાં પડીશ નહિ. બદલો લેવાની હવે મ્હને આવશ્યકતા નથી."

તે પોતાના મન સાથેજ બોલી ઉઠયો: "ના, ના, હવે બદલો લેવાની શી આવશ્યકતા છે?" તેની સાથે જ કોઈએ ઉત્તર દીધો: "એવું બોલવું એ તો કાયર પુરૂષનું કામ છે. જેનામાં બળ નથી તેજ એવી વાત કહી મનને શિખામણ આપે છે."

મધ્યરાત્રે એક ઓરડામાં પ્રબોધચન્દ્ર એકલો બેઠો બેઠો એ પ્રમાણે વિચાર પ્રવાહમાં તણાતો હતો. એકાએક તેના કાન ઉપર ઉપલો ઉત્તર અથડાયો.

તે વિચારમાં પડયો: "કોણે ઉત્તર દીધો!" તેણે ધારી ધારીને જોયું, સ્હામે કાળીદાસને ઉભેલો જોયો.

કાળીદાસે કહ્યું: "વૈરનો બદલો લેવાની કદાચ ત્હારામાં શક્તિ નહિ હોય પરંતુ તેથી ત્હારી વૃદ્ધ જનનીને, નિર્દોષ બાળકને, અને નિરાશ્રિત

પત્નીને જો તું મનુષ્ય હોય તો આ પ્રમાણે કદી પણ રખડાવી શકે નહિ! અરે! તેમના સુખ દુઃખની ચિંતા તજી દઇ અહિં બીજો કોઇ પડી રહે ખરો કે! પ્રબોધચન્દ્ર! મનુષ્ય હોય તે પોતાનાં સ્ત્રી પુત્રને રખડતાં મૂકે ખરો કે! જો તું મનુષ્ય હોય તો મનુષ્યત્વ બતાવવા યત્ન કર. આ બધા સાધુ સન્યાસીઓના ટોળામાં પડયો રહીને શા માટે કર્તવ્ય ભ્રષ્ટ થાય છે? આ લોકો તો છોકરાં પકડી લાવે છે અને અનેક મનુષ્યોના ગૃહસ્થાશ્રમનું સત્યાનાશ વાળે છે! બાવાઓને શું? એમને કયાં બચ્ચાં છોકરાં છે? એમને તો મંત્ર જંત્ર આવડે એટલે મનુષ્ય ઉપર ભૂરકી નાંખી તેમને વશ કરી લે છે! જાગ્રત થા, પરમેશ્વરે મ્હને ત્હારા કલ્યાણને માટે જ મોકલ્યો છે. ત્હારાં સ્ત્રી, પુત્ર, માતાની જરાયે દયા આવે છે ખરી કે નહિ?"

પ્રબોધચન્દ્ર ચકિત નેત્રે બોલ્યોઃ "સંસારમાં હવે "મ્હારૂં" કહેવા જેવું કોણ રહ્યું છે? હવે તો મ્હારૂં કોઈએ નથી."

કાળીદાસઃ "છે, કેમ નથી? તેં તેમની તપાસ કરી છે ખરી? એક વખત તેમની તપાસ કરવી એ શું ત્હારો ધર્મ નથી? મનુષ્ય હોય તો તે પોતાના કુટુંબની તપાસ લે કે નહિ?

પ્રબોધચન્દ્રને હવે ડહાપણ આવ્યું. તેણે મનમાં જ કહ્યુંઃ "સત્ય છે. અરેરે! કોણ જાણે કેવા મોહ–મંત્રમાં પડી હું અહિં ભ્રમિત ચિત્ત થઇ રહ્યો છું! જાણે આ આશ્રમને જ જોઈ રહ્યો છું!"

કાળીદાસે તેને ચુપ બેઠેલો જોઇ કહ્યુંઃ "પ્રબોધચન્દ્ર! ચાલ, આવ, મ્હારી સાથે આવ. હું તને રાતે નિરાંતે ત્હારે ઘેર પહોંચાડી આવીશ."

પ્રબોધચન્દ્રને વિચાર કરવાનો સમય મળ્યો નહિ. કાળીદાસ તેનો હાથ ઝાલી આશ્રમનું નદી તરફનું દ્વાર ઉઘાડી બહાર નીકળી પડયો. સેવાવ્રતનો પહેરો હોવાથી તે દ્વાર બંધ કરી સૂતો હતો. કાળીદાસે તે ઉઘાડી તૈયાર રાખ્યો હતો અને ત્યાર પછી જ પ્રબોધચન્દ્ર પાસે જઈ ઉપદેશ દીધો હતો. તેથી જ તેઓ અત્યારે સહેલાઇથી આશ્રમ બહાર જવા સમર્થ થયા છે.

પ્રકરણ ૩૪ મું.

તપાસ.

થોડી વારમાં જ રાત્રિની સ્તબ્ધતા ભંગ થઇ. સેવાશ્રમ ખળભળી ઉઠયું. સન્યાસીઓ બ્રહ્મચારિઓ માંહોમાંહ ગડબડાટ કરવા લાગ્યા. એ ઉપરથી જણાય છે કેઃ "કાળીદાસ આશ્રમમાંથી રૂપિયા ભરેલી એક કોથળી લઇ ન્હાસી ગયો છે! એ વાત સર્વેએ જાણી છે. તેથી ગડબડ મચી રહી છે. પરંતુ પ્રબોધચંદ્ર તેની સાથે જ ન્હાઠો છે એ કોઇ જાણતું નહોતું.

કાળીદાસના ન્હાસી ગયા પછી આશ્રમમાં સર્વનાં ચિત્ત ઉદાસ થયાં હતાં. કેટલાક બ્રહ્મચારિઓ ફરિઆદ કરવા નારાયણદેવની પાસે ગયા.

તેમને જોઇ નારાયણદેવે સ્મિતહાસ્ય કરી કહ્યું: "કેમ! પરીક્ષા બરાબર થઇ છે કે નહિ?"

ધર્મવ્રત: "કાળીદાસ આવું કાળું કર્મ કરશે, તે કોણ જાણતું હતું? તેની બધી વાતો જુઠ્ઠી પ્રપંચ ભરેલી હતી તે અમે સમજી શકયા નહોતા' તેથી જ તેને આશ્રમમાં રાખવા ભલામણ કરી હતી. હરિ! હરિ! જગતમાં આવા ઢોંગી અને લુચ્ચા માણસો પણ હોય છે."

નારાયણદેવે કહ્યું: "કેમ? હવે એનાં કારસ્થાન જોયાં કે? આપણો પરમાત્મા મહાન દયાળુ કે જેથી તે પોતાની મેળે જ આટલો ઉતાવળો આશ્રમમાંથી ચાલ્યો ગયો!"

ધર્મવ્રત: "કાળીદાસની વાતચિત સાંભળતાં, સત્યની પ્રતિજ્ઞા આપવા લેવાનો અજાયબી ભરેલો નિયમ જોઈ, તેને સાધારણ રીતે એક સજ્જન ગૃહસ્થ ધારવામાં આવ્યો હતો. મ્હેં તો ધાર્યું હતું કે તે આશ્રમની સત્ય કસોટીમાંથી પસાર થયો છે."

નારાયણદેવ: "પરીક્ષામાં પાસ થયો હોત તો કાળીદાસનું ભાગ્ય ફરી જાત. પરંતુ તે ભાગ્યહીણ, આપણે ત્યાં ટકે કેમ?"

એટલામાં એક બ્રહ્મચારીએ આવી કહ્યું: "પ્રભો! પ્રબોધચંદ્ર પણ આશ્રમમાં નથી."

નારાયણદેવ: "ઘણું સારૂં થયું છે. ભગવાન જે કરે છે તે કલ્યાણને માટે જ."

બ્રહ્મચારી: "પ્રબોધચંદ્ર અને કાળીદાસ એક સાથે ન્હાસી ગયા છે."

નારાયણદેવે મનમાં જ કહ્યું: "એમ હોય તો વિચાર કરવા જેવું ખરૂં. પ્રબોધચંદ્ર કાળીદાસની સાથે ગયો એ વાત સાચી છે? તેના પુષ્પ જેવા કોમળ પ્રાણમાં કાળરૂપી વિષમય કીટનો પ્રવેશ થતાં તેનું વિષમય પરિણામ આવી શકે. જવા દો, હરિ ઇચ્છા બળવાન છે. એ ચિન્તાની આપણને શી જરૂર? કદાચ એ બનાવમાં પણ ભગવાનનો મંગલમય ઉદ્દેશ જ સમાયલો હશે. ભગવાન મંગલમય છે. મ્હારી ખાત્રી છે કે તે પ્રભુ જે કાંઇ કરે છે તે જીવ માત્રના કલ્યાણને જ માટે."

ત્યાર પછી રૂપિયાની થેલીની વાત નીકળી. નારાયણદેવે કહ્યું: "હજી એ કાચો ચોર! તેથી જ એટલા થોડા રૂપિયાનો લોભ થોભાવી શક્યો નહિ. પાકો ચોર હોત તો આપણે ત્યાંથી કેટલાં બધાં અમૂલ્ય રત્ન ચોરી લઇ જઈ શકત?"

ધર્મવ્રત: "ત્યારે શું પ્રબોધચંદ્ર પણ એ ટોળીમાંનો જ એક હશે? કાળીદાસ સાથે તે પ્રથમથી મળેલો તો નહિ હોય?"

નારાયણદેવ: "હરિ, હરિ! એમ બને જ નહિ. પ્રબોધ નિષ્કપટી, પવિત્ર હૃદયનો, નિર્લોભી અને સદ્ગુણ સમ્પન્ન છે. તેનું હૃદય ક્ષેત્ર સારૂં, ઉપદેશરૂપ સાધારણ ખેતી થતાં જ તેમાંથી સુફળ ઉત્પન્ન થઈ શકે એમ છે."

ધર્મવ્રત: "ત્યારે પછી પ્રબોધચંદ્રને લોભાવી આશ્રમમાંથી ન્હાસી જવાનું કાળીદાસને શું પ્રયોજન?"

નારાયણદેવ: "તેનો જ વિચાર કરૂં છું. એ સંબંધી આપણે જરા તીક્ષ્ણ દેખરેખ રાખવાની આવશ્યકતા હતી." એટલું કહી નારાયણદેવે સેવાવ્રતને બૂમ પડી.

સેવાવ્રતે આવી પ્રણામ કર્યા. નારાયણદેવે પૂછ્યું. "સેવાવ્રત! જે પુછું તે સત્ય કહેશે ?"

સેવાવ્રત: "પ્રભો ! સેવાવ્રતે ગમે તેવો અપરાધ કર્યો હશે તો પણ તે આપની પાસે કદી પણ મિથ્યા નહિ બોલે. મ્હને મિથ્યા બોલવાનો અભ્યાસ જ નથી. આશ્રમમાં સર્વેએ "સત્ય"ની પ્રતિજ્ઞા લીધી તે સમયે મ્હેં પણ લીધી છે. તે શું મિથ્યા બોલવા માટે ?"

નારાયણદેવ: "વારૂં, કાળીદાસનો પ્રબોધચંદ્ર ઉપર કેવો મનોભાવ હતો તે તું સમજી શક્યો છે ખરો ?"

સેવાવ્રત: "પ્રભો ! પ્રથમ સમજી શક્યો નહતો. અંતે સમજી શક્યો છું. પ્રબોધચંદ્ર ઉપર તેને કંઈક વૈર હતું. તેથી તે મનમાં ને મનમાં જ તેના પર શત્રુતા રાખતો હતો. પ્રબોધચંદ્રના વંશમાં કોઈ ન રહે એજ તેના મનની આકાંક્ષા હતી ! તે પ્રબોધચંદ્રનો પ્રાણ નાશ કરવા માટે જ તેની પાછળ પાછળ ફરે છે !"

નારાયણદેવના શરીરમાં કમ્પ થયો. તેમનાં રૂંવાડાં ઉભાં થયાં. તેમણે કહ્યું: "આ વાત તેં આટલા બધા દિવસ પર્યંત મ્હને કેમ કહી નહિ ?"

સેવાવ્રત: "એ વાત હું છેક આજે સાંજે જાણી શક્યો છું. ત્યાર પછી એ વાત આપને કહેવા જેટલો મ્હને વખત જ મળ્યો નથી."

નારાયણ: "તદ્દન જુઠું બોલે છે ! આવી ભયંકર વાત તેં સાંભળી તેજ ક્ષણે મ્હને ત્હારે કહેવી જોઇએ. કેમ કહ્યું નહિ ?"

સેવાવ્રત સજ્જડ થઇ ગયો. તે ગભરાતાં ગભરાતાં બોલ્યો: "પ્રભો ! કહેવા આવવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં વખત જ મળ્યો નહિ."

નારાયણદેવે આંખો ચઢાવી કહ્યું: "મૂર્ખ ! મ્હારી નજર આગળથી વેગળો જા. ત્હારા જેવા મૂર્ખનું અહિં કામ નથી. એક ભયંકર કાર્યમાં આટલી બધી બેદરકારી ? ત્હારા જેવાને સેવાશ્રમમાં સ્થાન આપવાથી કોઇ દિવસ આશ્રમને કલંક લાગે !"

એટલું કહ્યા પછી નારાયણદેવે આશ્રમના બ્રહ્મચારી સમ્પ્રદાયમાંના બે હૃષ્ટપુષ્ટ બળવાન, બ્રહ્મચારીઓને બોલાવી કહ્યું કે: "તમે અત્યારે ને

અત્યારે જાઓ, અને કાળીદાસ તથા પ્રબોધચંદ્રની શોધ કરો. જો વિલંબ કરશો તો પ્રબોધચંદ્રના પ્રાણ બચશે નહિ. ક્ષણનો પણ વિરામ કર્યા વગર આસપાસ તીક્ષ્ણ દ્રષ્ટિ રાખતા જજો. પ્રબોધચંદ્રને મારી નાંખવા માટે જ, કાળીદાસ તેને ભોળવી–ભૂલ થાપ ખવાડી–ન્હસાડી લઈ ગયો છે."

બ્રહ્મચારીઓએ કહ્યું: "જો તેઓ મળે તો તે બન્નેને આશ્રમમાં પાછા લાવીએ ?"

નારાયણદેવે કહ્યું: "તેઓ સ્વેચ્છાથી ગયા છે. તેમને જવા દેજો. આશ્રમમાં લાવવાની કંઈ પણ આવશ્યકતા નથી. તેમ છતાં તેની પાછળ પાછળ ગુપ્ત રીતે છાયાની પેઠે ફરતા રહેજો. દુષ્ટ કાળીદાસ તેનો પ્રાણ નાશ કરે નહિ એટલી તપાસ રાખજો."

ત્યાર પછી કાળીદાસ અને રૂપિયાની કોથળીનું શું કરવું ? તે સંબંધી ખુલાસો પૂછ્યો.

નારાયણદેવે ઉત્તર દીધો: "જે રૂપિયા લઇ ગયો છે તે તેને જ સમર્પણ. એમાં ખેંચતાણ કરવાની કશી જરૂર નથી. એ વિષયનું સ્મરણ કરીને ચિત્તને વિચલિત કરવાનું કશું પ્રયોજન નથી."

પ્રકરણ ૩૫ મું.

બે ભયંકર પાપ-કર્મ.

પ્રબોધચંદ્રને લઈ આશ્રમ બહાર આવ્યા પછી કાળીદાસ ઉંડા વિચારમાં પડી ગયો ! પ્રબોધચંદ્ર થોડી વાર આગળ ચાલતો અને વળી પાછો પાછળ ખસતો ! તે કહેતો કે: "તમારી સાથે હું ક્યાં આવું ? હું તો આશ્રમમાં પાછો જઇશ." પણ થોડી વાર પછી તેના મનમાં કોણ જાણે કંઇક ભય પામતો. તે વિચારતો કે: "પાછો જઇને નારાયણદેવને શું મ્હો બતાવીશ ?" એ વિચારમાં ને વિચારમાં તેનું મુખ ફિક્કું થઈ ગયું ! કાળીદાસને ભય લાગતો કે વખતે વિલમ્બ થતાં પકડાઈ જવાશે

તો ધારેલો ઉદ્દેશ પાર પડશે નહિ. એટલું જ નહિ પણ અપમાન અને તિરસ્કારની હદ રહેશે નહિ !" પ્રબોધચંદ્ર વિચારતો હતો કે, પકડાઈ જવાય એ તો ઘણું સારૂં. દુષ્કર્મ કર્યું છે તેનું પ્રાયશ્ચિત થશે."

આકાશમાં નક્ષત્રોની ક્ષિણ જ્યોતિ ઝબુક્યા કરતી હતી. અરણ્યના માર્ગમાં, પત્ર પલ્લવની વચમાં થઇને પ્રકાશનાં ઝાંખાં કિરણો ચળકતાં હતાં.

તે પ્રકાશને આધારે કાળીદાસ, પ્રબોધચંદ્રને લઇ આગળ ચાલતો હતો. આકાશમાં કાળાં વાદળાં આવતાં અંધકાર પ્રસરી રહેતો. તે સમયે કાળીદાસ અટકી ઉભો રહેતો, વળી પાછો પ્રકાશ જણાતાં આગળ ચાલતો. પરંતુ તેના મનમાં સદા શંકા રહેતી કેઃ "વખતે પકડાઇ જવાય," પાછળ વૃક્ષનાં પાંદડાંનો ખખડાટ થતાં કાળીદાસ ચમક્યો. તેણે જાણ્યું કેઃ "કોઈ પકડવા તો નહિ આવ્યું હોય ?" એક શિયાળ પાછળથી દોડતું આગળ ચાલ્યું ગયું. પાંદડાનો ખખડાટ સાંભળી તે ચમક્યો. તેણે ધાર્યું કેઃ "ઓ પકડાઇ ગયા !" એવું જાણી કાળીદાસ ભયથી કમ્પી ઉઠયો. કાળીદાસે આ વખતે પ્રબોધચંદ્રને બહુ ઉતાવળે પગલાં ઉપાડવા ધમકાવ્યો.

અત્યાર સુધી પ્રબોધચંદ્ર મૂઢ જેવો, વિચારમાં ને વિચારમાં ચાલ્યા કરતો હતો. કાળીદાસે તેને ઉતાવળે ચાલવા કહ્યું તે વખતે તેની દ્રષ્ટિ તેના હાથમાંની રૂપિયાની થેલી પર પડી. પ્રબોધચંદ્રે પૂછ્યુંઃ "તમારા હાથમાં આ શું ?"

"તે પછીથી કહીશ. હમણાં તો તું ઉતાવળે મ્હારી સાથે ચાલ, હમણાં વાત કરવાનો વખત નથી." એટલું કહી કાળીદાસ ઉતાવળે પગલે રસ્તો કાપવા વ્યાકુળ થઇ ઉઠયો.

પ્રબોધચન્દ્રે તેનું કથન સાંભળ્યું નહિ. તેણે કહ્યુંઃ "આ રૂપિયાની થેલી ત્હમને ક્યાંથી મળી ? એ તો મ્હેં એક દિવસ સેવાશ્રમમાં જોઇ હતી. તમે એ કેમ લઈ આવ્યા છો ?"

કાળીદાસઃ "તે બધી વાતનો ખુલાસો પછીથી કહીશ. એ તો રૂપિયા મ્હારા છે. મ્હેં આશ્રમમાં સાચવવા આપ્યા હતા."

પ્રબોધચન્દ્રઃ "ના, જુઠી વાત ! તમે એ રૂપિયા ચોરી લાવ્યા છો. તમે ચોર છો ! હું તમારી સાથે આવીશ નહિ. ચોરી થાય જ કેમ !"

કાળીદાસે પ્રથમ પ્રબોધચંદ્રને શિખામણ આપી સમજાવવાનો યત્ન કર્યો, પરંતુ પ્રબોધચન્દ્રે તેની શિખામણ માની નહિ ! તેણે કહ્યું: "તમે ચોર છો, તમે બદમાશ છો, તમે નાલાયક છો, હું તમને હમણાં જ પકડાવી દઇશ."

બન્ને ઉભા ઉભા જે સ્થળે વાતચિત કરતા હતા તેની ડાબી બાજુએ ખળખળ નાદ કરતી નર્મદાની ઉંડી ભયંકર ખો હતી. ખોના એક કિનારા ઉપર ઉભા રહીને બન્ને વાદવિવાદ કરતા હતા. એ જ સમયે કાળીદાસના મનમાં પ્રથમની વાત યાદ આવી. વર્તમાન સમયે તે વાતમાં ઉશ્કેરણી કરી ! કાળીદાસે મનમાં ને મનમાં જ કહ્યું: "હવે વિલંબ શા માટે કરવો જોઇએ? Delay is dangerous ! આ પીડા ટાળવી જ જોઇએ. આ સમયે જ સારો લાગ છે !"

કાળીદાસનાં નેત્રો સંકુચિત થયાં. મુખ ઉપર ક્રોધે દર્શન દીધું. તેણે એક વખત દાંત તળે હોઠ દબાવી કંઇક મનમાં જ બબડયો. પ્રબોધચંદ્રના શબ્દો તેને વજ્ર સમાન લાગ્યા. "ચોર, બદમાશ," એ શબ્દોએ તેના હૃદયને વિશેષ ઉશ્કેર્યું. તેણે એક વખત ઉંડી ખોમાં નજર ફેંકી. તે કેટલી ઉંડી હતી તેની અટકળ થઇ નહિ. અર્થાત્ ઘણી ઉંડી હતી. તેમ છતાં જળ પ્રવાહ પ્રબળ વેગે વહેતો હતો. તેણે એકાએક પ્રબોધચંદ્રને ધક્કો મારી ખોમાં ફેંકી દીધો ! સરળ અને નિષ્કપટી હૃદયના પ્રબોધચંદ્રના મનમાં એ સંબંધી અગાઉથી શંકા પણ થઇ નહતી, તેથી તે આત્મરક્ષણ કરી શક્યો નહિ ! મ્હોટો ભાર પડવાથી જળમાં મ્હોટો ધબાકો થયો. પરંતુ પ્રવાહના પ્રબળ શબ્દમાં તે શબ્દ કોણ જાણે ક્યાંએ ઉડી ગયો !

પ્રબોધચંદ્રને નદીના પ્રવાહમાં ફેંકી દીધા પછી કાળીદાસે એક ઉંડો નિઃશ્વાસ મૂકી કહ્યું: "હા–આ–શ ! એક મ્હોટો કાંટો દૂર થયો, પા–પ–ગ–યું ! પીડા ટળી !" તે અન્ય માર્ગે ચાલવા લાગ્યો. વળી મનમાં બોલ્યો: "હવે તે ઉંડી ખોમાંથી ભાગ્યે જ બચી શકશે ? ઘણાં વર્ષોથી જે સંકલ્પ કર્યો હતો તે આજે સહજ પ્રયાસે પરિપૂર્ણ થયો. મનુષ્ય જે કાર્યને ઘણું વિકટ ધારે છે; પરમાત્મા તે કાર્યને બહુ સહેલું કરી આપે છે."

એ જ સમયે કાળીદાસની દ્રષ્ટિ રૂપિયાની થેલી ઉપર પડી. તે આનંદ મગ્ન થઇ બોલ્યો: "આટલા બધા રૂપિયા મળ્યા છે ત્યાં પછી હવે મ્હારે ચિંતા શી છે? હવે હું અનાયાસે સમસ્ત સમ્પત્તિ તાબામાં લઇ તેનો સુખે ઉપભોગ કરીશ."

સમસ્ત જીવન પર્યંત કાળીદાસે પાપકર્મ કરેલાં હોવાથી ગમે તેવાં ભયંકર પાપકર્મો કરવાનો તેને દ્રઢ અભ્યાસ થઈ ગયો હતો. તેથીજ તેણે આ સમયે એકી વખતે ચોરી અને નરહત્યા જેવાં બે મ્હોટાં પાપકર્મો કર્યાં હતાં. તેમ છતાં તેના મનમાં કિંચિત્ પણ પશ્ચાતાપ થતો ન હતો એ જ અજાયબી!

આજકાલ ઘણા યુવકો એવાં અનેક પાપકર્મો કરી આનંદ માને છે પરંતુ તેમના પાપનો ઘડો ભરાતાં તેમને સખ્ત શિક્ષા થાય છે એ પણ સત્યજ!

પ્રકરણ ૩૬ મું.

શુભ સમાચાર.

વૈદ્યરાજના સતત યત્નથી શ્રીહરિકાકાને ચૈતન્ય આવ્યું હતું. તેમના મરણવત થઇ પડેલા દેહમાં પુનઃ પ્રાણ સંચાર થયો હતો. ચૈતન્ય આવતાં જ નારાયણ દેવનાં દર્શન કરતાં હરિકાકાના આનંદનો પાર રહ્યો નહોતો. તેમણે આનંદમાં ગદ્દગદ્ થઈ જતાં કહ્યું: "એક સારૂં કાર્ય કરી આવીને આપને તેના શુભ સમાચાર આપવાની આશા નહોતી! શુભ સમાચાર આપી શક્યો નહિ, એ શોક હૃદયમાં ધારણ કરીને મરણ પામવા માટે ઘણું કષ્ટ થતું હતું! પરંતુ દેવ! જો હવે મરણ આવે તો હું ઘણી ખુશીથી મરવા તૈયાર છું."

નારાયણ દેવે પ્રેમ ભરેલે સ્વરે કહ્યું: "બંધુ! અમને મૂકીને ક્યાં જવાની ઇચ્છા છે? માત્ર અમનેજ નહિ પણ સંસારના અસંખ્ય અગાણુત અનાથ આતુર નરનારીઓ તમારા મુખ તરફ જોઈ રહ્યાં છે! આ સમયે

તમે ચાલ્યા જાઓ તો તેમની શી ગતિ થાય ? "न देवा सृष्टिनाशकाः" ભગવાનનો ઉદ્દેશ સૃષ્ટિનો નાશ કરવાનો નથી. તમારા જેવા દયાળુ મહાત્માઓને જોઇને જ ભગવાન સૃષ્ટિનું રક્ષણ કરતા રહે છે."

હરિ કાકાએ મુખ અવનત કરી કહ્યું: "દેવ! શા માટે મ્હને વિશેષ શરમાવો છો? હું ભગવાનનો એક સેવક માત્ર છું. તેમણે મ્હને જે આજ્ઞા ફરમાવી છે તે પ્રમાણે વર્તું છું. ગર્ભવાસમાં તેમને જે વચન આપ્યું હતું–જે પ્રતિજ્ઞા કરી હતી–તેનું પ્રતિપાલન કરી ત્યાં પાછો જઈશ, એથી જ મ્હને અતિશય આનંદ થાય છે."

નારાયણદેવ: "તમે ઘણું કર્યું છે. ગર્ભવાસમાં ઘણાંએ–અરે! પ્રત્યેક મનુષ્યો પ્રતિજ્ઞા કરે છે કેઃ હું સંસારની મોહમાયામાં ફસાઇ જઇશ નહિ. હું માત્ર મ્હારી ફરજ સમજી સેવા કાર્ય કરી આવીશ." પરંતુ ભાઇ! અનેક મનુષ્યો તે ભૂલી જાય છે. જન્મ્યા પછી મોહ, માયા, લોભ, કામ, ક્રોધ, ઇર્ષા, વેર, આદિ દુર્ગુણોમાં ફસાઈ આ લોકમાં ધન, માન, આબરૂ ગુમાવે છે. પછી પરલોકની તો વાત જ શી? ત્યાં તો એવા પાપી, પ્રપંચી, વિશ્વાસઘાતી મનુષ્યો માટે નરક સ્થળ તૈયાર જ છે! પ્રત્યેક મનુષ્યોએ જગતમાં જન્મીને પોતાની ફરજ બજાવવાની છે. પ્રત્યેક મનુષ્યને પોતાનાં બંધુ જાણી તેની સાથે પ્રેમભાવથી વર્તવાનું છે. તમે તે પ્રમાણે વર્ત્યા છો. તમે અનેકગણું સત્કાર્ય કર્યું છે. તમારા કાર્યની તૂલના થઈ શકે એમ નથી! મ્હોટા મ્હોટા કરોડાધિપતિનો–અરે! મ્હોટા મ્હોટા રાજાઓથી જે ન થાય તે સેવાકાર્ય તમે કર્યું છે! તેવી ઉદારતા તમે બતાવી છે! તમે જીવનનું સાર્થક્ય કર્યું છે."

હરિ કાકા: "એ વાત જવા દો. મ્હને લજ્જા આવે છે. મ્હેં મ્હારી ફરજ બજાવી છે, તેમાં વિશેષ શું કર્યું? વારૂં પણ એક વખત પ્રબોધચંદ્રને મ્હારી પાસે બોલાવો. મ્હેં તેને ઘણા દિવસથી દીઠો નથી. મ્હને શોધવા માટે તો તે ઘરમાંથી બહાર નીકળ્યો છે. તેણે મ્હારા ઉપર તો મ્હોટી આશા બાંધી હતી. મ્હને મળવાથી તેનો ઉદ્દેશ સિદ્ધ થશે, એવી તેને ખાત્રી હતી. ભગવાને તેનો ઉદ્દેશ સિદ્ધ કર્યો છે. તેને મ્હારી પાસે

લાવો. તેને શુભ સમાચાર સંભળાવી તેના મનનો ક્લેશ દૂર કરૂં. ક્યાં છે? મ્હારો પ્રબોધ ક્યાં છે ?"

નારાયણદેવ શો ઉત્તર દઈ શકે ? હરિ કાકાએ વ્યાકુળ નેત્રે પુનઃ પૂછ્યુંઃ " મહારાજ ! નિરૂત્તર કેમ ? શુભ સમાચાર સાંભળ્યા વિના પ્રબોધને મ્હારી પાસે લાવવાની ઇચ્છા થતી નથી ? ત્યારે લ્યો, સાંભળો. પ્રથમ હું આપને જ કહું છું."

એટલું કહીને હરિકાકાએ બધી વાત સવિસ્તર કહેવાનું શરૂ કર્યું. તેમણે કહ્યું; " આપની પાસેથી રજા લઈને પ્રથમ હું વિપિન પાસે ગયો હતો. મ્હારી ખાત્રી હતી કે તે મ્હારી શિખામણ માન્યા સિવાય રહેશે નહિ. પરંતુ હરિ! હરિ! કલિની કેવી કુટિલ ગતિ! મ્હારા મેળવેલા દ્રવ્યવડે મ્હેં જેનું પાલન પોષણ કર્યું છે, તેજ વિપિને મ્હને મિજાજ કરીને ઉત્તર આપ્યો. એ ઉત્તર આપને સંભળાવવાની ઇચ્છા નથી. વિપિનનો ઉત્તર સાંભળી મ્હારા હૃદયમાં મ્હને બહુ ખેદ થયો. હું પ્રબોધચંદ્રને ઘેર ગયો. ત્યાં તેના ઘરની દુર્દશા જોઈ નેત્રનાં આંસુવડે મ્હારી છાતી પલળી ગઇ. ઘરમાંથી પ્રબોધચંદ્રની માતા, પત્ની અને પુત્રને હાંકી કહાડવામાં આવ્યાં હતાં. ઘરને સરકારી માણસોએ સીલ કરી તાળુ માર્યું હતું. અને બે સિપાહીઓ ત્યાં પહેરો ભરતા હતા. એ જોઇ કશો ઉપાય નહિ સૂઝતાં હું પરોપકારી દયાળદાસને ઘેર ગયો. અહાહા ! ધન્ય છે એ દયાળુ મહાત્માને ! ધન્ય છે એની ઉદારતાને ! ધન્ય છે એના પરોપકારને ! ધન્ય છે એના બ્રાહ્મણુ ધર્મને !"

નારાયણદેવે આકુળ ચિત્તે પૂછ્યુંઃ " ત્યાં શું જોયું ?"

હરિ કાકાઃ " ત્યાં જોયું કેઃ પ્રબોધચંદ્રના દુઃખી મૂર્છિત પુત્રને આરામ કરવા માટે દયાળુ દયાળદાસ પોતાનું સર્વસ્વ ખર્ચવા તૈયાર હતો. ગામના સારા સારા વૈદ્યાને બોલાવી તેમનો અભિપ્રાય લીધો હતો, અને ઔષધ ચાલતું હતું. મ્હારી ખાત્રી થઈ કેઃ મનુષ્ય પોતાના પુત્રને માટે પણ એટલા બધા પૈસા ખર્ચવાની હિંમત કરે નહિ. બે દિવસ તો બાળકે જીવન-મરણની સન્ધિમાં ગાળ્યા. બાળકને જીવવાની આશા સર્વેએ મૂકી હતી. હું અને દયાળદાસ, વગેરે સર્વે અશરણનો શરણ, દીનના બંધુ, કૃપાના સાગર ભગ-

વાનની પ્રાર્થના કરવા લાગ્યાં. નિર્દોષ બાળકને સારૂ થાય તે માટે તેના કાલાવાલા કરવા લાગ્યા. બાળકની માતાઃ "ઓ પ્રભુ! ઓ જગદીશ્વર! આ શું કર્યું?" એમ કહીને અધીરી થઇ પડતી! એમાં ને એમાં જ બે દિવસ વીતી ગયા. ત્રીજે દિવસે સૂર્યોદય થવાની સાથે જ ભગવાને અમારી પ્રાર્થના સાંભળી. પ્રાતઃ સમયે જ બાળકને ચૈતન્ય આવ્યું. ધીમે ધીમે નાડીની ગતિ ફરવા લાગી."

નારાયણદેવે આશ્ચર્ય પામી પૂછયું: "ત્યારે શું પ્રબોધચંદ્રનો પુત્ર હજી પણ જીવતો છે? ભગવાન્! તમારી કરૂણા અપાર છે."

હરિ કાકા: "આપ એ પ્રશ્ન શા માટે પૂછો છો? આપને મુખે તો મ્હેં અનેક વખતે સાંભળ્યું છે કેઃ "**अरक्षितं तिष्ठति दैव रक्षितं ॥**" "જેનું કોઇ રક્ષણ કરતું નથી તેનું ભગવાન રક્ષણ કરે છે." તે અનાથનો નાથ છે. તેની કૃપા વડે તો દયાળુ દયાળદાસના હૃદયમાં દયાનો પ્રવાહ વહ્યો અને તેણે અનાથ, અરક્ષિત બાળકનું રક્ષણ કર્યું."

એટલું કહી હરિ કાકાએ ભગવાનને બે હાથે પ્રણામ કર્યા.

નારાયણદેવે પૂછયું: "ત્યાર પછી શું થયું?"

હરિકાકા: "સર્વ મંગલમય ભગવાનની કૃપાથી બધું મંગલમય જ થયું. દયાળ કાકાએ કોર્ટમાં જઇ પ્રબોધચંદ્રના તરફથી એક વકીલ ઉભો કરી સત્ય વાત જાહેર કરી. તેમાં દયાળદાસની સાક્ષી લેવાઈ, અને તુરત હુકમનામું રદ થયું. દયાળ કાકાની મહેનતને પરિણામે પ્રબોધનું ઘર તેને પાછું મળ્યું. એ શુભ સમાચાર ઉપરાંત બીજા એક શુભ સમાચાર છે. ભવિષ્યની વાત કહી શકતો નથી, પરંતુ અત્યારે તો દયાળદાસે પોતાની પુંજીમાંથી એક લાખ રૂપિયા પ્રબોધચંદ્રના પુત્રના નામ ઉપર સમર્પણ કરવાની ઇચ્છા દર્શાવી છે."

નારાયણદેવે કહ્યું: "ધન્ય છે એ ઉદાર મહાત્માને! પરંતુ એમ કરવાનું કારણ?"

હરિ કાકા: "દયાળદાસે પોતાના મનમાં પરોપકાર કરવા માટે કેટલાક સંકલ્પ કર્યા છે. તેમાંનો એ પણ એક હોવો જોઈએ. તેમને પુત્ર નથી.

તેથી પોતાની પુત્રીનો વિવાહ પ્રબોધના પુત્ર સાથે કરી તેને એક લાખ રૂપિયા અર્પણ કરશે. તેમણે એજ મતલબનો એક દસ્તાવેજ તૈયાર કરી રાખ્યો છે. મ્હેં તે વાંચ્યો છે. તેમાં તેમણે પોતાની સમસ્ત સમ્પત્તિની ઉત્તમ રીતે વ્યવસ્થા કરી છે. અનાથ જીવોની સેવાને માટે જ તેમણે પોતાનું સમસ્ત અર્પણ કર્યું છે."

નારાયણદેવ: "દયાળદાસ શ્રેષ્ઠ પુરૂષ છે તે હુ પ્રથમથી જ જાણું છું. ભરૂચ શહેરમાં ઘણાએ શ્રીમંત પુરૂષો છે પરંતુ તેમની છાતીએથી દ્રવ્ય છુટતું નથી! તેમનાથી જીવ–સેવા થતી નથી. તેમનાથી અનાથોને દાન થતું નથી. તેમનાથી દુઃખી દરિદ્રીઓનાં દુઃખ કપાતાં નથી. તેઓ તો લોભ લાલચમાં સપડાયા છે ત્યારે જ અસંખ્ય લક્ષ્મી ગુમાવે છે! મ્હેં સાંભળ્યું છે કેઃ ભરૂચની ઈન્ડિસ્ટ્રીયલ મીલનાં પાટીયાં દેવાઈ ગયાં છે! તેમાં લોકોના હજારો રૂપિયા ગયા છે! પરંતુ તેજ લોભી મનુષ્યોને કોઇ પરોપકારી કાર્યમાં પૈસા આપવા જણાવ્યું હોય તો એક પાઇ પણ દાન કરે ખરા કે? ભાઈ! ભગવાન પોતાનો વિભાગ લીધા વિના રહેતા નથી. અગ્નિરૂપે, જળરૂપે, ચોરરૂપે, વૈદ્યરૂપે અથવા એવાંજ અનેક રૂપમાં ભગવાન મનુષ્યો પાસેથી પોતાનો વિભાગ લે છે જ. જે મનુષ્યો પવિત્ર અંતઃકરણે દાનધર્મ કરતા નથી તેમની પાસેથી ભગવાન બીજા રૂપે લઈ જાય છે. દયાળદાસે ભગવાનની લીલા જાણી છે. તેને ભગવાન ઉપર બહુ શ્રદ્ધા છે. તે જગત્‌ના જીવોને પોતાના બંધુ સમાન જાણે છે, જે દુઃખી દરિદ્રીને તે ઓળખતો ન હોય, જેની સાથે જરા પણ પરિચય ન હોય છતાં તેમને તે અન્ન, ધન કે વસ્ત્રની સહાયતા આપે છે. એ જાણી મ્હને ઘણો જ આનંદ થાય છે. એજ ખરો મનુષ્ય છે. એનું નામ જ મનુષ્યત્વ. તે ખરો દયાળુ છે. તેણે નામનું સાર્થક કર્યું છે.

હરિ કાકાઃ "એમ ના હોય તો તે એકલા દ્રવ્ય ઉપાર્જન કરે છે તેમ છતાં અઢલક લક્ષ્મી પ્રાપ્ત કરે શી રીતે? એમણે ધર્મપૂર્વક લક્ષ્મી મેળવી છે. એમણે "સત્ય" વ્રત ગ્રહણ કર્યું છે. તેઓ કદી અસત્ય વદતા નથી. તેઓ કહેતા હતા કેઃ પ્રબોધચંદ્રના દાદાએ મ્હારા પિતા ઉપર એક વખત મ્હોટો ઉપકાર કર્યાની વાત મ્હેં મ્હારાં ડોસી પાસેથી સાંભળી છે. એ હું

કદી પણ ભૂલતો નથી." તે જેને તેને મ્હોડે એ ઉપકાર વાર્તા કરી પ્રબોધના ઋણિ હોવાનું કબુલ કરે છે. આજે તો ઘણાં મનુષ્યો ઉપકારને ભૂલી જાય છે. અરે! ઓળખાણને પણ ભૂલી જાય છે ત્યાં પછી કહેવાની વાત જ શી? તેઓ કહે છે કે: પ્રબોધના કુટુંબ સાથે અમારે ઘણી પેઢીઓ થયાં સદ્‌ભાવ છે—ઘરવટ છે. પરસ્પર જીવ—સંબંધ કરવાની તેમને ઇચ્છા હતી. અમને પણ ઇચ્છા છે. પ્રભુએ તે પરિપૂર્ણ કરવાની આજે તક આપી છે."

નારાયણદેવે પૂછ્યું: "વારૂ, પ્રબોધચંદ્રની માતા અને તેની પત્ની અત્યારે ક્યાં છે? તેમની સ્થિતિ કેવી છે?"

હરિ કાકા: "મ્હને જોતાં જ પ્રબોધચંદ્રની માતાનો ક્લેશ દૂર થઈ ગયો. પ્રબોધચંદ્ર મ્હારી પાસે આવ્યો છે અને હજી મ્હારે ઘેર જ રહ્યો છે એવો તેને વિશ્વાસ છે. એવું જાણીને તો તેને નિરાંત થઇ છે"

એમ કહી હરિ કાકાએ પ્રબોધચંદ્રને પોતાની પાસે તેડી લાવવાનો આગ્રહ કર્યો. તેને તેની માતા પાસે નહિ મોકલવાથી તે બિચારીના પ્રાણને સંપૂર્ણ શાંતિ મળશે નહિ, એ પણ તેમને સમજાવ્યું.

પરંતુ હરિ! હરિ! પ્રબોધચંદ્ર ક્યાં? કોણ તેને તેની માતાની પાસે મોકલી દે?

નારાયણદેવને પ્રબોધચંદ્ર સંબંધી નિરૂત્તર જોઈ હરિ કાકા બહુ દિલગીર થયા. તેમણે આતુર થઇ પૂછ્યું: "પ્રબોધચંદ્ર ક્યાં છે? શું તે આશ્રમમાં નથી? તે ક્યાં ગયો છે?"

નારાયણદેવ હજી પણ ઉત્તર દઇ શક્યા નહિ. એટલામાં પ્રબોધચંદ્ર અને કાળીદાસને શોધવા ગયેલા બે બ્રહ્મચારીઓ ખાલી હાથે પાછા આવ્યા. તેઓ કંઇ પણ ખબર આપી શક્યા નહિ. કાળીદાસે તો સર્વત્ર એવું જ કહ્યું છે કે: તે પ્રબોધચંદ્ર સંબંધી કંઇ પણ જાણતો જ નથી.

ત્યારે પ્રબોધચંદ્ર ક્યાં ગયો? કાળીદાસે તેને નદીમાં ફેંકી દીધો છે, તે વાત બીજું કોઈ જાણી શક્યું નથી. માત્ર કાળીદાસ જાણતો હતો, માત્ર પ્રબોધ જાણતો હતો. તે ઉપરાંત એક જણ બીજું જાણતું હતું. તે કોણ? તે એજ પેલો અનંત વિશ્વનો સ્વામી—જે ઉપર છે તે!"

પ્રકરણ ૩૭ મું.

વાત અંધારામાં!

આજે ન્યાય કરવાનો દિવસ છે. ભરૂચના સ્ટેશન ઉપરની ધર્મશાળામાં, અચેતન અવસ્થામાં મરણ પથારીએ પડેલા બ્રાહ્મણનું જીવન–સર્વસ્વ હરણ કરી સત્યવ્રત અને પ્રિયવ્રતે જે અપરાધ કર્યો હતો તેનો આજે ન્યાય થવાનો છે. જે બે બ્રહ્મચારીઓને તે બ્રાહ્મણના કુટુંબ પરિવારની શોધ કરવા મોકલ્યા હતા તેઓ પાછા આવ્યા છે. તેમણે ઘણી શોધ કરી પરંતુ બ્રાહ્મણનો પત્તો લાગ્યો નથી. વડોદરામાં ઘણી તપાસ કરવા છતાં તે નામનો કોઇ બ્રાહ્મણ જ નથી એવું સર્વેએ કહ્યું હતું. સત્યવ્રત અને પ્રિયવ્રતે તેની જે ઓળખ આપી હતી તે ઉપરથી તપાસ કરાવવામાં આવી હતી. હજી પણ તેઓ એવી જ ઓળખ આપે છે!

નારાયણદેવ ઉંડા વિચારમાં પડી ગયા. બન્ને બ્રહ્મચારીઓને જુદા જુદા ઓરડામાં લઈ જઇ તપાસ કરવા છતાં વડોદરાના બ્રાહ્મણનું જે ઠેકાણું હતું તેનું તેજ જાણવામાં આવે છે. કંઇ નવું જાણવામાં આવતું નથી.

નારાયણદેવે છેવટે એક વખત સત્યવ્રતને અને પ્રિયવ્રતને કહ્યુ: " સાંભળો ! તમે બધી વાત સત્ય કહી છે ખરી. પરંતુ તમારી એક વાતમાં હજી મ્હને સંદેહ છે."

સત્યવ્રત: " કઇ વાતમાં આપને સંદેહ છે પ્રભુ ? "

નારાયણદેવ: " પેલા અચેતન બ્રાહ્મણને તમે કેવી સ્થિતિમાં મૂકીને આવ્યા હતા તે હજી તમે ચોક્કસ કહેતા નથી."

પ્રિયવ્રત: " કેમ ? એવો સંદેહ ઉત્પન્ન થવાનું કારણ શું ? "

નારાયણદેવ: " ધર્મશાળાની બહારનો દુકાનદાર કહે છે કે: તે બ્રાહ્મણને બે માણસો લઇ ગયા છે." તે બે માણસના ચ્હેરાનું જે વર્ણન કરે

જે તે ઉપરથી તો તમારી જ કલ્પના થાય છે. તમને શૂળી પર ચઢાવીશું નહિ તેમ જ ફાંસી દઇશું નહિ. તમે સત્ય હોય તે કહો. બ્રાહ્મણની અંતે શી સ્થિતિ થઇ છે ?”

સત્યવ્રત અને પ્રિયવ્રતે એક સાથે ઉત્તર દીધો: “પ્રભો ! અમે જે કહ્યું છે તે સત્ય જ છે. એ સિવાય અમે બીજું કશું જાણતા નથી.”

નારાયણદેવ: “તે દુકાનદારને બોલાવી મંગાવી તમને ઓળખાવીશ. જો તે તમને ઓળખશે તો ?”

સત્યવ્રત અને પ્રિયવ્રત: “આપ અમારૂં મસ્તક ઉડાવી દેજો.”

“યાદ રાખજો કે તમે કેવી શિક્ષા ખમવાનું વચન આપો છો !”

એટલું કહી નારાયણદેવે બૂમ પાડી: “કઠોરવ્રત ! તે દુકાનદાર ક્યાં છે ? તેને મ્હારી પાસે લાવો.”

દુકાનદારનું નામ વિષ્ણુદાસ હતું. તેને તુરત જ નારાયણદેવ સમક્ષ હાજર કરવામાં આવ્યો. નારાયણદેવે તેને પૂછ્યું: “કેમ ? તમારી પાસેની ધર્મશાળામાંથી આ બે મનુષ્યો પેલા અચેતન બ્રાહ્મણને ઉપાડી ગયા હતા ખરા કે ?”

વિષ્ણુદાસે એક બે વખત સત્યવ્રત અને પ્રિયવ્રત સ્હામુ જોઈ કહ્યું: “હા, મહારાજ એ જ બન્ને તેને ઉપાડી ગયા છે.”

એ સાંભળી સત્યવ્રત અને પ્રિયવ્રત દુકાનદારને ગાળો દેવા લાગ્યા, અને તેને મારવા માટે તેના શરીર પર ધસી ગયા.

“ખબરદાર !” કહી નારાયણદેવે આંખો કહાડી તેમના તરફ દ્રષ્ટિ ફેરવી, એ દ્રષ્ટિમાંથી જાણે તીવ્ર અગ્નિજ્વાળા નીકળી સત્યવ્રત અને પ્રિયવ્રતને દગ્ધ કરી રહી છે. તેમના ધમકાવવાથી દુકાનદાર થરથર કમ્પવા લાગ્યો. નારાયણદેવનો ક્રોધ જોઈ તેનો અંતરાત્મા પણ કમ્પાયમાન થઈ ઉઠયો.

થરથરતે શરીરે તે બન્નેએ કહ્યું: “પ્રભો ! દુકાનદાર જુઠું બોલે છે.”

નારાયણદેવ: “તેને જુઠું બોલવાનું કારણ શું ?”

સત્યવ્રત અને પ્રિયવ્રત: “બ્રાહ્મણના બાકી રહેલા પૈસા તથા સરસામાન એ દુકાનદારે ઉચાપત કર્યા છે. એ વાત દબાવી દેવાને માટે જ તે અમારે માથે બધો દોષ મૂકે છે.”

નારાયણુદેવઃ "કેમ વિષ્ણુદાસ! એ સંબંધી તમારે શું કહેવું છે ?"

વિષ્ણુદાસઃ "મહારાજ ! એ બન્ને બ્રાહ્મણુની જેવી ખંતથી સેવા શુશ્રૂષા કરતા હતા તે ઉપરથી તો આ બન્નેને તેના કુટુંબી જનો જ ધારવામાં આવ્યા હતા. એક ભાડાની ગાડીમાં અચેતન બ્રાહ્મણનું સર્વે ભરી એ બન્ને ત્યાંથી નર્મદા કિનારે લઇ ગયા છે."

નારાયણુદેવઃ "તે ગાડીવાળાને તમે ઓળખો છો ?"

વિષ્ણુદાસઃ "મરણ પથારીએ પડેલા તે બ્રાહ્મણુને કોઈ પણ ગાડીવાળો પોતાની ગાડીમાં બેસાડવા દેતો નહોતો. અંતે એક નવીન ગાડીવાળો પૈસાના લોભે તેને નર્મદા કિનારા સુધી લઇ ગયો. પછી શું થયું તે તો એ બન્ને જાણે. હું તે ગાડીવાળાને ઓળખતો નથી."

નારાયણુદેવે સત્યવ્રતને અને પ્રિયવ્રતને કહ્યું: "શું ત્યારે તમે તે બ્રાહ્મણુને જીવતાં જ નર્મદાના જળ પ્રવાહમાં તો નથી ફેંકી દીધો ? સત્ય કહો. એટલું સત્ય કરી મ્હારા જીવને શાંતિ આપો."

પ્રિયવ્રત અને સત્યવ્રત પ્રથમથી જે ઉત્તર દેતા હતા તે જ હમણાં દેવા લાગ્યા. બ્રાહ્મણુ સંબંધી કોઇ નવીન વાત તેઓ કહેતા નહોતા. બ્રાહ્મણુ પાસે જે જે વસ્તુઓ હતી તેનું વિસ્તૃત વર્ણન દુકાનદારે કહી સંભળાવ્યું. પ્રિયવ્રત અને સત્યવ્રતે પણુ તે કબૂલ કર્યું.

ઘણી તપાસ કરવા છતાં એ બનાવ સંબંધી વિશેષ ખુલાસો જણાયો નહિ. બ્રાહ્મણુ સંબંધી વિશેષ પત્તો લાગ્યો નહિ. નારાયણુદેવનો અંતરાત્મા કેટલુંક જાણી શક્યો પરંતુ પ્રકટ રીતે તેમણે પોતાનું અનુમાન કહી સંભળાવ્યું નહિ. વાત અંધારામાં ને અંધારામાં જ રહી !

નારાયણુદેવે ઉંડો નિઃશ્વાસ મૂક્યો. આટલો બધો પ્રયત્ન કરવા છતાં ગુપ્ત રહસ્ય પ્રકટ થયું નહિ. એ જાણી તેમને બહુ ખેદ થયો.

તપાસ ચલાવવા છતાં કશું ફળ મળ્યું નહિ. કોઇ પ્રકારના સિદ્ધાંત ઉપર આવી શકાયું નહિ. વિષ્ણુદાસને રજા આપી વિદાય કર્યો. પ્રિયવ્રતને અને સત્યવ્રતને ત્રણુ દિવસ નજર કેદ રાખવાની વ્યવસ્થા કરવામાં આવી.

પ્રકરણ ૩૮ મું.

બાળકની શ્રદ્ધા.

નારાયણદેવે કહ્યું: "સંસાર-ધર્મ અને સન્યાસ ધર્મ" નો પ્રસંગ નીકળ્યો તે દિવસે મ્હેં કહ્યું હતું કે: "સંસારી-ગૃહસ્થાશ્રમી કપટી હોય તો ચાલે પરંતુ સંન્યાસીએ કદી પણ કપટાચરણ કરવું નહિ. સન્યાસીનું એ પાપકૃત્ય કદી પણ ભૂલાય તેમ નથી એનું પ્રત્યક્ષ ઉદાહરણ તમે બધાએ જોયું કે?"

સર્વ બ્રહ્મચારીઓ નીચું મુખ કરી રહ્યા હતા, કારણ કે તેમના આશ્રમમાં જ એ કપટી દુરાચારી બ્રહ્મચારીએ બ્રહ્મચારીના નામને કલંક લગાડયું હતું! એમ થવાથી સર્વને અતિશય પશ્ચાતાપ થતો હતો. સર્વને જ નીચું જોવાનું થયું હતું! એકને પાપે હોડી ડૂબે એમ કહેવામાં આવે છે તે શું ખોટું હશે?

નારાયણદેવે કહ્યું: "ઓ પવિત્રતા! તું મનુષ્યના હૃદયમાંથી એકદમ લોપ થઇ ગઇ કે શું? શું તું પૃથ્વી પરથી વિદાય થઇ ગઇ કે શું? પાપી મનુષ્યોનો તને ભય લાગ્યો કે શું? ઓ કપટતા! તેં પવિત્રતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે કે શું? શું તે પાપી મનુષ્યોના હૃદયમાં નિવાસ કર્યો છે કે? સન્યસ્તાશ્રમમાં પ્રવેશ કરવાનું કારણ શું? સન્યાસીઓએ તો બાળકના જેવી પવિત્રતા અને બાળકના જેવો અખંડ વિશ્વાસ રાખવો જોઇએ. પરંતુ તે કયાં છે? કેટલા સન્યાસીઓ બાળકના જેવા પવિત્ર અને સરલ અંતઃકરણના હોય છે? કેટલા સન્યાસીઓ બાળકની પેઠે વિશ્વાસુ જણાય છે? બાળક પવિત્ર છે. તે અગ્નિમાં ભૂસકો મારી શકે છે! તે સર્પને પકડી રમત કરી શકે છે! કેટલા સન્યાસીઓ અગ્નિમાં ભૂસકો મારી શકે એમ છે? કેટલા સન્યાસીઓ સર્પને પકડે એમ છે? સેવાવ્રતનું પાલન કરવાની વાત

તો વેગળી રહી પણ બાળકોના જેવા સદ્દગુણ એક પછી એક ગુમાવવા બેઠા છે એ જોઇ મ્હને બહુ ખેદ થાય છે! વયોવૃદ્ધિની સાથે સાથે શરીરના અવયવો વધે છે, તે સાથે કપટ પણ વધતું જઇ હૃદય ઉપર વિજય મેળવે છે! શું આપણે સેવાવ્રત ગ્રહણ કર્યું છે? ધિક્ક છે આપણને! જો આપણે બીજી કોઇ પણ વિદ્યા પ્રાપ્ત નહિ કરતાં માત્ર બાળકોના જેવું પવિત્ર અંતઃકરણ રાખ્યું હોત અને તેના જેવો દૃઢ વિશ્વાસ રાખ્યો હોત તો પણ આપણા આશ્રમનું સાર્થક્ય થાત."

ધર્મવ્રતે કહ્યું: "પ્રભો! ધ્રુવ અને પહ્‌લાદ વગેરે સત્પુરૂષનાં અનેક દૃષ્ટાંત આપણી દૃષ્ટિ સમક્ષ તરતાં હોવા છતાં દુષ્ટ મોહ અને લોભને લીધે આપણે ક્ષણે ક્ષણે મૂર્ખ બનીએ છીએ. ક્ષણે ક્ષણે આપણું ચિત્ત ચળાયમાન થાય છે. હરિ! હરિ!"

નારાયણદેવે કહ્યું: "ધ્રુવ અને પ્રહ્‌લાદ એ તો સ્વર્ગના દેવો હતા! હાલનાં ક્ષુદ્ર શક્તિવાળાં મનુષ્યો એમના જેવી મહાન શક્તિ શી રીતે પ્રાપ્ત કરી શકે? પરંતુ તે દિવસે આપણે એક સામાન્ય બાળકની પવિત્રતાનું અને ભગવદ્દ વિશ્વાસનું દૃષ્ટાંત સાંભળ્યું તે છતાં તે આદર્શ જોઇને પણ આપણે તે પ્રમાણે વર્તી શકીએ નહિ એ કેવું અજાયબ?"

બ્રહ્મચારીઓમાંથી અનેક બોલી ઉઠયા: "ભગવન્! તે બાળકનું દૃષ્ટાંત સંભળાવવા કૃપા કરો."

નારાયણદેવે કહ્યું: "તે બાળકનું વૃત્તાંત કહી સંભળાવું છું. પરંતુ યાદ રાખજો કે બીજાં દૃષ્ટાંતોની પેઠે એ દૃષ્ટાંત પણ વિસ્મૃતિ રૂપ ઉંડા ખાડામાં અદ્દશ્ય ના થઇ જાય! આર્ય પ્રજામાં એક મ્હોટો દોષ એ જ ભરાઇ ગયો છે કે તેઓ ક્ષણે ક્ષણે ભૂલ બહુ કરે છે! સામાન્ય નોકરથી તે મ્હોટા મ્હોટા અધિકારીઓ પર્યંત "ભૂલ"ના ઉંડા કુવામાં પડી પાછળથી પશ્ચાત્તાપ કરે છે! એ જ અભાગિણી ભૂલને પ્રતાપે આર્યાવર્તે પોતાનું ગૌરવ, માન, યશ સર્વ ગુમાવ્યું છે. હજી પણ એ "ભૂલ"ને દેશનિકાલ કરે તો આર્ય પ્રજાનું કલ્યાણ થાય. આર્ય પ્રજાના બીજા વર્ગ કરતાં સાધુ સન્યાસીઓએ તો "ભૂલ" શબ્દ બોલવાની જરૂર જ ના પડે તેવી રીતે વર્તવું જોઇએ.

તેમની સામાન્ય ભૂલથી તેમના આદર્શનો લાભ લેનાર આર્ય પ્રજાનું કેટલું અકલ્યાણ થાય છે? માટે જ પુનઃ કહું છું કેઃ તમે એ દૃષ્ટાંત હૃદયમાં કોતરી રાખજો."

એટલું કહ્યા પછી તેમણે બાળકની વાત કહેવાનું શરૂ કર્યું:—

(૧)

એક દુઃખી વિધવા હતી. તેને જગતમાં પોતાનું કહેવા જેવું માત્ર એક બાળક હતું. તે બિચારીને મનથી તેનું બાળક એ આંધળાની લાકડી જેવું અને દરિદ્રીનાં રત્ન જેવું હતું. તેને કુટુંબમાં બીજું કોઈ નહતું. તેના દરિદ્રનું પૂછવું જ શું? કોઈ દિવસ એક વખત ખાવાનું મળતું તો કોઈ દિવસ ઉપવાસ કરવા પડતા! કુલિન ઘરની સ્ત્રી હતી. ભિક્ષાવૃત્તિને તિરસ્કાર-જનક કાર્ય માનતી હોવાથી તે પણ બની શકે એમ નહતું.

બાળકને પાંચમુ વર્ષ ઉતરવા આવ્યું હતું. તેના ગૃહસંસારની દરિદ્રાવસ્થા તે સારી પેઠે સમજતો હતો. ઘરની સ્થિતિ જાણીને કોઇકિ કોઇકિ વખત તે ઉંડો નિઃશ્વાસ નાંખતો હતો!

તેણે એક દિવસ માતાને કહ્યુંઃ "બા! તું કહે છે કેઃ પરમેશ્વર પરમ-દયાળુ છે. પરંતુ તેણે તો આપણા ઉપર કંઇએ દયા કરી નહિ! આપણે આટલું બધું કષ્ટ ભોગવીએ છીએ તે શું તે જોતો નહિ હોય? તું તો કહે છે કેઃ તે જગતમાં બનતા સર્વ બનાવો જુવે છે. ત્યારે શું તે એવો નિષ્ઠુર હશે કે આપણા પર દયા કરતો નથી?"

માતાએ ઉંડો નિઃશ્વાસ નાંખી મનમાં ને મનમાં જ કહ્યુંઃ "બેટા! આપણે આપણાં કર્મફળને લીધે જ આવું દુઃખ ભોગવીએ છીએ. આપણે એવું કયું કર્મ કરીએ છીએ કે જેથી આપણી દુઃખી દરિદ્રી સ્થિતિના સમાચાર તે દયાળુ પરમેશ્વર પાસે પહોંચી શકે?"

માતાના મુખ સામું જોઇ તેના મનમાં ચાલતા વિચારોનું બાળકે અનુમાન કરી લીધું. તેણે કહ્યુંઃ "શો વિચાર કરે છે બા! મ્હારા પ્રશ્નનો ઉત્તર કેમ આપ્યો નહિ?"

માતાએ પ્રેમપૂર્વક બાળકના મુખ ઉપર ચુંબન કરી તેને ખોળામાં લઈ

કહ્યુંઃ " ના, બેટા ! હું કશા વિચાર કરતી નથી. આપણે ગરીબ, દરિદ્ર, આપણે સહાય સમ્પત્તિ વગરનાં છીએ, આપણી સ્થિતિના સમાચાર ત્યાં કોણ લઈ જાય ? તેનો જ વિચાર કરૂં છું બેટા."

બાળકે થોડી વાર વિચાર કર્યા પછી પૂછ્યુંઃ " વારૂં, બા ! પણ પરમેશ્વર ક્યાં રહે છે ? તેનું ઠેકાણું તું જાણે છે કે ? "

માતાએ મનમાં ને મનમાં જરા હસીને કહ્યુંઃ " ગાંડો રે ગાંડો ! પરમેશ્વરનું ઠેકાણું જાણવા ચ્હાય છે ! જો હું તેનું ઠેકાણું જાણતી હોત તો પછી ત્હારૂં આટલું દુઃખ જોઇને શું હું બેસી રહેત ખરી કે ? તને સારૂં જમાડી શકતી નથી, સારૂં પહેરાવી શકતી નથી, એ દુઃખ શું મ્હારાથી જોઇ શકાતું હશે ખરૂં કે બેટા ! "

માતાને વિચારમાં પડેલી જોઇ પુત્રે પુનઃ પૂછ્યુંઃ " બા ! શું તું તેનું ઠેકાણું જાણતી નથી ? "

માતાએ જરા વિચારમાં પડી જઈ કહ્યુંઃ "ના—ના—હા—હા—જાણું છું—સ્તો. તેનું ઠેકાણું સ્વર્ગ ધામમાં છે."

"ઓહો !" કહી બાળકે ગંભીર મુખે ઉત્તર દીધોઃ "ચિન્તા નહિ ત્યારે તો."

તેના કણ્ઠમાંથી જે સ્વર નીકળ્યો તે ઉપરથી તેના હૃદયનો ભાવ તેની માતાએ જાણી લીધો.

૨)

એ સંબંધી રાતે બાળકના મનમાં અનેક તર્કવિતર્ક થયા. બીજે દિવસે પ્રાતઃસમયે પાઠશાળામાંથી આવીને ઉતાવળે ભોજન કરી પરવારી તે એકાંતમાં જઇ કાગળ, ખડીયો, કલમ લઇને લખવા વાંચવા બેઠો. પાઠશાળામાંથી આવ્યા પછી બપોરને સમયે તે નિત્ય લખવા વાંચવા બેસતો હતો. આજે જરા વહેલો બેઠો હતો ખરો પરંતુ તે તરફ કોઇનું લક્ષ્ય ખેંચાયું નહોતું.

એકાંતમાં બેસીને બાળકે એક પત્ર લખ્યો. પોતાની સરલ દેવભાષામાં, જેવા નીકળ્યા તેવા અક્ષરો કહાડી, જેમ મનમાં આવ્યું તેમ પત્રમાં લખ્યું. પત્ર એક પરબીડીયામાં બંધ કર્યો અને તે ઉપર શિરનામું પણ કર્યું. ત્યાર પછી બાળક પત્ર લઈ પોષ્ટ ઑફિસમાં નાંખવા ચાલ્યો.

ટપાલની પેટી એક થાંભલા પર ઉંચી લટકતી હતી. બાળકે ઘણી વાર સુધી પત્ર નાંખવાનો યત્ન કર્યો તેમ છતાં તે પત્ર નાંખી શકયો નહિ. એટલામાં એક ગૃહસ્થ તે માર્ગે થઇને જતા હતા. ટપાલની પેટીમાં પત્ર નાંખતાં એક બાળકને નિષ્ફળ થયેલો જોઇ ગૃહસ્થ ત્યાં ઉભા રહ્યા. તેમને જોઇ બાળકે પ્રણામ કરી નમ્રતાથી કહ્યું: "મુરબ્બી શ્રી! જો આ પત્ર ટપાલની પેટીમાં નાંખી આપશો તો ઘણી કૃપા થશે. આપનો ઉપકાર નહિ ભૂલું."

બાળકની નમ્રતા અને બોલવાની મધુરતા જોઈ ગૃહસ્થે તેના હાથમાંનો પત્ર લીધો. તે ઉપરનું શિરનામું વાંચતાં જ ગૃહસ્થને આશ્ચર્ય થયું. બાળકના વાંકાચુંકા ન્હાના મોટા અક્ષરો જોઇ તેમને આશ્ચર્ય થયું, પણ તેણે જેનું શિરનામુ કર્યું હતું તે નામ અને ઠેકાણું વાંચીને વિશેષ આશ્ચર્ય થયું. પત્ર ઉપર શિરનામુ લખ્યું હતું કે: "પરમપૂજનીય પરમારાધ્ય પરમેશ્વરને પહોંચે. ઠેકાણું: સ્વર્ગ ધામ" શિરનામું વાંચી આશ્ચર્ય પામી ગૃહસ્થે બાળકને પૂછ્યું: "ભાઈ! તું આ પત્ર કોને મોકલવા ધારે છે?"

બાળકે નિર્ભય ચિત્તે પણ જરા વ્યાકુળ થઇને ઉત્તર દીધો: "કેમ? ઠેકાણું તો ઉપર જ લખ્યું છેને? મ્હારા અક્ષર સારા નહિ હોવાથી પરમાત્માને નહિ પહોંચે એમ તો નથી ને?"

બાળકની નિર્ભયતા અને વ્યાકુળતા જોઇને ગૃહસ્થના મનમાં કંઇક નવીન વિચારો ઉદય પામ્યા. તેમણે કહ્યું: "ના, ના, એ તો પહોંચશે. તે પરમ દયાળુ પરમેશ્વર પાસે જે કોઈ મનુષ્ય જેવા વિચારથી સમાચાર મોકલે છે તે તમામ તેને પહોંચી જાય છે પણ—" એટલું કહી તેમણે બાળકને પૂછ્યું: "વારૂ પણ ભાઇ! આ પત્રમાં તેં શું લખ્યું છે? તે મ્હને કહી શકશે ખરો કે?"

બાળકનું હૃદય સરલ અને પવિત્ર હતું. તે સાચું જુઠું કે પાપ પ્રપંચ જાણતો નહોતો. તેણે અકપટ ભાવે ઉત્તર દીધો: "અમે બહુ દુ:ખી છીએ. બે વખત પેટ પુરતું અમને અન્ન મળતું નથી. મ્હારે બાપ નથી. મા બિચારી સુતર કાંતી જે કંઇ મેળવે છે તે બધું અને ખવડાવી

દે છે. તેનું બરાબર પુરૂં થતું નથી. તેથી જ પરમપિતા પરમેશ્વરને પત્ર લખ્યો છે. મ્હારી માએ કહ્યું છે કે તે પરમેશ્વર પરમ દયાળુ છે. આપણા દુઃખની વાત તેને કાને જશે તો તે કદી પણ નિશ્ચિંત રહેશે નહિ. તે જરૂર અમારા દુઃખ દરિદ્રનો કંઇ ઉપાય કરશે."

બાળકના ગરીબડા મુખમાંથી નીકળતા સરલ શબ્દો સાંભળી ગૃહસ્થના નેત્રમાંથી અશ્રુ નીકળવા લાગ્યાં. તેમણે ગજવામાંથી રૂમાલ કાઢી નેત્રો લુછી નાંખી બાળકને કહ્યું: "ભાઈ! હું તે પરમ પિતા પરમાત્માનો એક દાસાનુદાસ છું. હું તેમને મળવા જાઉં છું. જો ત્હારો પત્ર હું મ્હારી સાથે લઈ જાઉં તો તને કંઇ અડચણ છે?"

સરલ હૃદયનો બાળક આનંદમાં ગદગદ થઇ બોલ્યો: "શું તમે તેમના દાસાનુદાસ છો? તેમને મળવા માટે જ જાઓ છો? ઘણું સારૂં થયું. તેમને મ્હારા પ્રણામ કહી મ્હારો પત્ર આપજો અને અમારી દુઃખી સ્થિતિના સમાચાર પણ કહેજો."

"અવસ્ય કહીશ ભાઇ! ચિંતા કરીશ નહિ." એમ કહી ગૃહસ્થે પોતાના ગજવામાંથી એક સોના મહોર કાઢી બાળકના હાથમાં મૂકી, અને કહ્યું: "લે ભાઇ, હમણાં તો આ એક ગીની ત્હારી માતાને આપજે અને પરમ દયાળુ પરમેશ્વરના એક દાસાનુદાસ સાથે ત્હારો મેળાપ થયો હતો, અને તે દયામયના અનન્ત ભણ્ડારમાંની એક કણિકા મ્હારી પાસે હતી તે મેં આજે તને આપી છે, તે પણ તેને કહેજે; અને એટલું પણ કહેજે કે: "તે દયામયની પાસે ત્હારી અવસ્થાનું વર્ણન હું બરાબર કહી સંભળાવીશ. એટલે તે તમારે માટે બહુ સારી વ્યવસ્થા કરશે."

બાળક એકી દ્રષ્ટિએ ગૃહસ્થના મુખ સ્હામું જોતો હતો. તેના પવિત્ર અને નિષ્કપટી હૃદયમાં વિશ્વાસ ઉપજ્યો કે: "નિશ્ચય, એ ગૃહસ્થ ભગવાનનો મોકલેલો કોઈ દેવાત્મા હશે."

બાળકે ઘુંટણીએ પડી ગૃહસ્થને પ્રણામ કર્યા. તેજ ક્ષણે તેને બગલમાં ઉંચકી લેતાં ગૃહસ્થે કહ્યું: "ભાઇ! ત્હારૂં હૃદય પવિત્ર છે. પરમેશ્વર ઉપર ત્હારો દ્રઢ વિશ્વાસ છે. ત્હારૂં હૃદય એવું જ પવિત્ર અને વિશ્વાસ એવો જ

દૃઢ રાખજે. વિશ્વાસની દોરીથી બંધાયલા ભગવાન નિત્ય ત્હારા હૃદય મંદિરમાં નિવાસ કરશે. ”

એટલું કહી તેને શિખામણ આપી ગૃહસ્થે બાળકને ઘેર મોકલી દીધો. પરમેશ્વરનું અપૂર્વ દાન પ્રાપ્ત કરી બાળક આનન્દે નાચતો નાચતો માતા પાસે જઈ પહોંચ્યો.

(૩)

બાળકના હાથમાં જેણે સોના મહોર આપી હતી તે પરમપિતા પરમેશ્વરનો એક પ્રિય સેવક હતો એમાં સંદેહ નહિ. તે એક સુપ્રસિદ્ધ દેવાલયના ધર્માચાર્ય પદ ઉપર પ્રતિષ્ઠિત હતો. ધર્મ—તૃષાતુર જનોની ધર્મ તૃષાનું નિવારણ કરવા માટે, ઉપદેશામૃત વર્ષાવવા માટે જ તે પોતાના ધર્માલય તરફ જતો હતો. એકાએક માર્ગમાં પેલા બાળક સાથે મેળાપ થયો. દેવાલયમાં ઉપદેશ આપવાના સ્થાનકે જઇને તેણે પેલા બાળકનું સરલ હૃદય અને તેની ઇશ્વિર શ્રદ્ધા સંબંધી વિસ્તારથી વિવેચન કહી સંભળાવ્યું. તેનો પત્ર સભામાં તેણે વાંચી સંભળાવ્યો. પ્રત્યેક શ્રોતાઓએ તે પત્રનાં આગ્રહપૂર્વક દર્શન કર્યાં અને એક ચિત્તે સાંભળવા લાગ્યા. જે જે મનુષ્યોએ પત્ર સાંભળ્યો અને જે જે મનુષ્યોએ ધર્માચાર્યનો આજનો ઉપદેશ સાંભળ્યો, તે સર્વ મનુષ્યો પેલા બાળકની દુઃખી દરિદ્રી માતાને સહાયતા કરવા ઉત્સાહિત થઈ ઉઠ્યા. બાળકની સહાયતા માટે ત્યાં સર્વના હાથમાંથી રૂપિયાનો વર્ષાદ વરસ્યો. એટલું જ નહિ પણ તેઓએ પોતાના અન્ય મિત્રો અને કુટુંબીઓને પણ સહાયતા કરવાની ભલામણ કરી. છેવટે ધર્માચાર્યે શ્રોતાજનોને કહ્યું. “ એ બાળકના જેવું સરલ અને નિષ્કપટી હૃદય આપણામાંના કેટલાં મનુષ્યોનું છે ? એ બાળકના જેવો ભગવદ—વિશ્વાસ આપણા હૃદયમાં ક્યારે આવશે ? જ્યાં સુધી આપણે પવિત્ર હૃદયના અને ભગવદ વિશ્વાસુ નહિ થઇએ ત્યાં સુધી આપણે ભગવદ કૃપા મેળવવા ભાગ્યશાળી થઈશું નહિ.”

(૪)

બાળકની વાર્તા કહ્યા પછી નારાયણદેવે પણ તે ધર્માચાર્યની પેઠે જ કહ્યું: “ બ્રહ્મચારીઓ અને સન્યાસીઓ ! બાળકની વાત સાંભળી તેથી શું

થયું ? તેના જેવું સરલ, પવિત્ર અને નિષ્કપટી હૃદય જોઇએ. તેના જેવો ભગવદ્ વિશ્વાસ જોઇએ. ઘણા વક્તાઓ, વ્યાખ્યાનો કરે છે અને ઘણા પુરાણીઓ, તથા સાધુ સન્યાસીઓ પુરાણની કથાઓ કહી ઉપદેશ આપે છે પણ તેમનો ઉપદેશ કેટલાં મનુષ્યોના હૃદયમાં ઠરે છે ? તે ઉપદેશ પ્રમાણે કેટલાં મનુષ્યો વર્તે છે ? થોડું સાંભળવું પણ તે ઉપર વિચાર કરી તે પ્રમાણે વર્તવું જોઇએ. તોજ સાંભળ્યાનું અને ઉપદેશ કર્યાનું સાર્થક્ય થશે. આજે જ પ્રતિજ્ઞા લો ! આજથી દૃઢ નિશ્ચય કરો કેઃ અમારૂ હૃદય અમે નિષ્કપટી રાખીશું, અને અમે બાળકના જેવો દૃઢ ભગવદ્ વિશ્વાસ રાખીશું."

તેમની મધુર વાણી સાંભળી અનેક બ્રહ્મચારી અને સન્યાસીઓ ગર્જના કરી બોલી ઉઠ્યા : " પ્રતિજ્ઞા–પ્રતિજ્ઞા. "

પ્રકરણ ૩૯ મું.

અટલ વિશ્વાસ.

નારાયણદેવે કહ્યું: " સરલતા–પવિત્રતા અને ભગવદ્ શ્રદ્ધા નહિ હોવાથી જ મનુષ્યને અનેક પ્રકારનાં કષ્ટ વેઠવાં પડે છે અને તેમના મુક્તિ–માર્ગમાં પગલે પગલે વિઘ્નો આવી નડે છે ! એ સંબંધી એક સુંદર ઉદાહરણ કહું છું તે સાંભળોઃ—

(૧)

મહર્ષિ નારદ એક દિવસ વૈકુંઠમાં જતા હતા. માર્ગમાં બે સાધુઓ સાથે તેમને મેળાપ થયો. એક સાધુ એક આંબલીના વૃક્ષ નીચે બેસી ભગવાનનું ધ્યાન ધરતો હતો. એક બીજો સાધુ એક વડના વૃક્ષ નીચે બેસી ધુણી સળગાવી શિષ્ય સેવકો સાથે મહાન આડંબર કરી ભગવદ્ પૂજનમાં લીન થયો હતો.

મહર્ષિ નારદને વૈકુણ્ઠમાં જતા જાણી એક પછી એક બન્ને સાધુ મહર્ષિને સંદેશો કહેવા આવ્યા. તેમણે નારદજીને કહ્યું કેઃ " અમને કેટલા

દિવસ પછી મુક્તિ પ્રાપ્ત થશે તે ભગવાનને પૂછતા આવજો." પ્રથમ સાધુએ નમ્રતા ભરેલા શબ્દોમાં અને બીજા સાધુએ અહંકાર ભરેલા શબ્દોમાં સંદેશો કહાવ્યો હતો.

મહર્ષિ યથાસમયે ભગવાનના વૈકુણ્ઠ ધામમાં પહોંચ્યા. ત્યાં ભજન-પૂજન કર્યા પછી બન્ને સાધુનો સંદેશો કહી સંભળાવ્યો. નારદજીએ કહ્યું: "ભગવાન! એ બન્ને સાધુઓની મુક્તિને માટે કેવી વ્યવસ્થા કરવા ધાર્યું છે? તેમણે મ્હને આગ્રહ સાથે આપને પૂછવાની ભલામણ કરી છે."

ભગવાન સ્મિતહાસ્ય કરી બોલ્યાઃ "નારદજી! એ બેમાંથી કોણ મ્હારો સાચો ભક્ત છે તે તમે કહી શકો છો?"

નારદજીએ કહ્યું: "ભગવન્! મ્હેં તો જે જોયું છે તે ઉપરથી હું એવું ધારું છું કે: જે સાધુ વડના વૃક્ષ નીચે બેસી ઈશ્વિર આરાધના કરે છે તે જ સાચો ભક્ત છે. ઓહો! તેને કેટલા બધા શિષ્ય સેવકો છે! તેની ધૂણીમાં નિત્ય પુષ્કળ ઘીની આહુતિઓ અપાય છે! તેનો કેવો જબરો પ્રભાવ! અને જે સાધુ આંબલીના વૃક્ષ નીચે બેસી ઉપાસના કરે છે તેનો તો કશો નિયમ જ નથી. તે નથી સમજતો કોઈ જાતના વિનય વિવેકમાં! તે તો ચકિત નેત્રે, શૂન્યકાર જેવો બેસી જ રહે છે! શરીરે પણ દુર્બળ સુદામા જેવો! તેની મુક્તિ થાય એવો સંભવ જણાતો નથી. અવિવેક અને અ-વિનયને લીધે તેની દુર્ગતિ થાય એમ જણાય છે."

ભગવાને થોડી વાર વિચાર કર્યા પછી કહ્યું: "નારદજી! તમે એક કામ કરો. પાછા જતી વખત બન્ને સાધુને બે પ્રકારના ઉત્તર દેતા જજો. જે સાધુ વડના વૃક્ષ નીચે બેઠો છે તેને કહેજો કે: "વડના વૃક્ષ ઉપર જેટલાં પાંદડાં છે તેટલાં વર્ષ પર્યંત ત્હારે મ્હારી આરાધના કરવી પડશે. ત્યારે હું તને દર્શન દઈશ, અને ત્યારે જ ત્હારી મુક્તિ થશે."

એ સાંભળી મહર્ષિ કમ્પી ઉઠયા. તેમણે કહ્યું: "એ શું કહો છો મહારાજ! તે આપનો પરમભકત છે. તેને આવી કઠોર આજ્ઞા!"

ભગવાને તેને શિખામણ આપતાં કહ્યું: "તમે તેને કહેજો તો ખરા."

નારદઃ "અને બીજા સાધુને શો ઉત્તર દેવો?"

ભગવાનઃ " તેને કહેજો કેઃ આંબલીના વૃક્ષ ઉપર જેટલાં પાંદડાં છે તેટલાં જન્મપર્યંત ત્હારે તપસ્યા કરવી પડશે. ત્યારે ત્હારો ઉદ્ધાર થશે. નહિ તો નહિ."

" સારૂં મહારાજ. એમ જ કહીશ." એમ કહી નારદજી ભગવાનને પ્રણામ કરી ચાલ્યા ગયા.

(૨)

બે માર્ગની બે બાજુએ બે સન્યાસીઓ નારદજીની વાટ જોતા બેઠા હતા. વડના વૃક્ષ નીચે બેસી શિષ્ય સેવક મંડળી સાથે બેઠેલા સાધુ સાથે પ્રથમ મહર્ષિનો મેળાપ થયો. મહર્ષિને આવતા જોઈ તે સાધુએ પૂછ્યુંઃ " મહારાજ ! આપે ભગવાનને મ્હારે માટે પૂછ્યું હતું કે ? "

નારદઃ " હા, તમારી વાત મ્હેં તેમને પૂછી હતી."

સાધુઃ " તેમણે શો ઉત્તર દીધો છે ? "

મહર્ષિ અતિ સંકોચ પામતાં બોલ્યાઃ "ભગવાને કહ્યું છે કેઃ આ વડના વૃક્ષને જેટલાં પાંદડાં છે તેટલાં વર્ષ તપસ્યા કરશો ત્યારે આપની મુક્તિ થશે."

સાધુ ચમકયો ! ક્રોધમાં તેનું શરીર કમ્પી ઉઠયું. તેના નેત્રમાંથી અગ્નિના તણખા વર્ષવા લાગ્યા. તેણે ઉત્તર દીધોઃ " શું કહો છો મહર્ષિ ? હું તો ધારૂં છું કે ભગવાનની વૃદ્ધાવસ્થા થઇ છે તેથી તેમની બુદ્ધિ ભ્રષ્ટ થઈ છે! મ્હારી આટલી બધી તપસ્યા અને આટલા બધા યજ્ઞ–યાગ ભગવાન બધુ ભૂલી ગયા કે શું? મ્હારી તો ખાત્રી થાય છે કેઃ તેમનામાં હવે કાંઇ પણ શક્તિ જ રહી નથી. બસ ! હવે હું વૃથા તેમની ઉપાસના કરી શરીરને કષ્ટ આપીશ નહિ ! વિના કારણે ઇંદ્રિયોનું દમન કરીશ નહિ ! " એમ કહી સાધુ ક્રોધથી કમ્પતે શરીરે આસન ઉપરથી ઉઠી ચાલતો થયો. શિષ્યો પણ તેની સાથે ચાલ્યા ગયા !

મહર્ષિ દિલગીર થતાં આંબલીના વૃક્ષ નીચે બેઠેલા બીજા સાધુ પાસે ગયા. મહર્ષિને જોઈ અતિ પ્રેમપૂર્વક હાસ્યભરિત વદને સાધુએ તેમને પ્રણામ કરી પૂછ્યુંઃ " મહારાજ ! ભગવાનને મ્હારો સંદેશો પહોંચાડયો હતો કે ? "

નારદજીઃ "હા, કહ્યા વગર કેમ રહું ?"

સાધુઃ "તેમણે શો ઉત્તર દીધો મહારાજ ?"

નારદજીએ અતિ દુઃખિત સ્વરે કહ્યુંઃ "તેમણે કહ્યું છે કેઃ આ આંબલીના વૃક્ષને જેટલાં પાંદડાં છે તેટલા જન્મ પર્યંત તપસ્યા કરશો ત્યારે તમારો ઉદ્ધાર થશે."

એમ કહી મહર્ષિએ ઉંડો નિઃશ્વાસ નાંખ્યો.

પરંતુ સાધુનું મન એકાગ્ર થઇ રહ્યું હતું. તેની નસેનસમાં આનંદનો પ્રવાહ વહન થઈ રહ્યો હતો.

સાધુએ ગદગદ કણ્ઠે કહ્યુંઃ "મહારાજ ! ધન્ય છે મ્હારા જીવનને. ભગવાનની મ્હારા પર બહુ કૃપા છે. એટલા જન્મ થશે ત્યાર પછી પણ મ્હારી મુક્તિ થશે ખરી ! ભગવાને શ્રી મુખે કહ્યું છે કેઃ મ્હારી મુક્તિ થશે. બસ ! હવે મ્હારે બીજું શું જોઇએ ? જય ! ભગવાન !" એમ કહી તે નાચવા કુદવા લાગ્યો.

નારદજીએ આશ્ચર્ય પામી કહ્યુંઃ "મહારાજ ! એ તો ઘણા જન્મ પર્યંત તપસ્યા કરવી પડશે ?"

સાધુઃ તેમાં શું થયું ? એ તો જોતજોતામાં ચાલ્યાં જશે ! આજે હવે હું નિશ્ચિંત થયો. તે દયામય મ્હને પોતાના ચરણમાં સ્થાન આપશે એ જાણીને મ્હને અતિ આનંદ થયો."

એમ કહી સાધુએ પોતાનાં નેત્રો બંધ કરી સ્થિર ચિત્તે ભગવદ્ ઉપાસના કરવા માંડી.

મહર્ષિના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એ દ્રષ્ય જોઈ દેવલોકના દેવતાઓને પણ આશ્ચર્ય જ થયું.

(૩)

એટલી વાર્તા કહ્યા પછી નારાયણદેવે કહ્યુંઃ "કયો સાધુ મુક્તિના માર્ગે વળ્યો તે કહેવાની હવે આવશ્યકતા છે કે ? એક સાધુ એક ક્ષુદ્ર વડનાં પાંદડાં જોઇ તેટલાં વર્ષ તપસ્યા કરતાં ભય પામ્યો અને બીજો સાધુ આંબલીનાં પુષ્કળ ઝીણાં પાંદડાં હોવા છતાં તેટલાં જન્મ પર્યંત તપસ્યા કરવા

ખુશીથી તૈયાર થયો એનો અર્થ શો ? એકને ઇશ્વિર ઉપર શ્રદ્ધા નહિ તેથી એક કર્તવ્યભ્રષ્ટ થયો અને બીજાને ઇશ્વિર ઉપર અટલ શ્રદ્ધા હોવાથી તેણે તે કાર્ય આનંદપૂર્વક ચાલુ રાખ્યું. પરંતુ કોની મુક્તિ કેટલી સત્વર થશે તે સમજી શકાય એવું છે. એવું સરલ અને પવિત્ર હૃદય થવુ જોઇએ. એવો દૃઢ વિશ્વાસ ઉત્પન્ન થવો જોઇએ. એમ થશે ત્યારે જ ભગવદ કૃપા. થશે, અને ત્યારે જ અનંત આનંદ પ્રાપ્ત થશે. ઓ મન ! તું કેટલે દિવસે તૈયાર થશે ? અત્યારથી એવો અભ્યાસ કરશે ત્યારે જ વ્હેલે મોડે મુક્તિનો માર્ગ સરલ થઈ જશે.”

બ્રહ્મચારીઓઃ “મહારાજ ! જે કહો છો તે સત્ય છે. મન એ જ સર્વ ધર્મકર્મનો ગુરૂ છે. મન એ જ બંધન અને મોક્ષનું કારણ છે. મન એંજ પાપ અને પુણ્ય કરવાનું સાધન છે. મન એ જ નરક અને સ્વર્ગ પ્રાપ્ત કરવાનું હથિઆર છે, અને મન એ જ સુખ દુઃખ અપાવે છે, માટે મનને પ્રથમ સ્થિર કરવું જોઇએ. પ્રભો ! તે માટે કંઇ ઉપાય છે ખરો ?”

નારાયણદેવઃ “ હા, ઉપાય વગરનો કોઈ રોગજ નથી. જેટલા રોગ છે તેટલી દવાઓ પણ છે. મન એજ સર્વ કર્મનું મૂળ છે. તેથીજ મનને પ્રથમ યોગ્ય કરી લેવું જોઇએ. પરંતુ એ કાંઈ સહેલું છે ? એક દિવસ નરશ્રેષ્ઠ અર્જુન ઉદ્ધત મનને સ્થિર નહિ કરી શકવાથી ક્રોધે ભરાઇ બોલ્યો છે કેઃ—

“ **चंचलं हि मनः कृष्ण प्रमाथि बलव द्दढम् ।**
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करं ॥ ”

“ હે ભગવન્! મન બહુ ચંચળ, વશ નહિ થાય એવું અને અજેય છે. તેણે શરીરની ઇન્દ્રિયોને વશ કરી દીધી છે. મનને વશ કરવું અને તેની ગતિને રોકી રાખવી એ અસાધ્ય છે. સ્વછંદે વિહાર કરતા વાયુની ગતિ જેમ રોકી શકાતી નથી તેજ પ્રમાણે મનની ગતિ પણ રોકી શકાતી નથી.”

એ સંબંધી એક નિબંધનો કેટલોક વિભાગ વાંચવાની ભલામણ કરૂં છું. ધર્મવ્રત ! વાંચ તો.”

ધર્મવ્રત વાંચવા લાગ્યોઃ—

(૧)

મનુષ્ય જન્મથીજ સદુપદેશ અને સતશિક્ષા મેળવે છે. પિતા, માતા અને વડિલો, બાળકને બાલ્યાવસ્થાથીજ સતશિક્ષા અને સદુપદેશ આપે છે.

આ સંસારમાં કોણ એવું હશે કે જે પોતાના સન્તાનને અથવા આત્મીય સ્વજનને સુશિક્ષા નહિ આપતું હોય ? સત્શિક્ષા આપવા માટે તો પ્રત્યેક મનુષ્ય સ્વાભાવિક રીતે આતુર હોય છે. કોઈ પણ મનુષ્યનું મન ગમે તેટલું પાપથી ભરેલું હોય તો પણ સત્શિક્ષા રૂપી જ્ઞાન પ્રકાશ પ્રસંગોપાત તેના હૃદયમાં પ્રકટયા વગર રહેતો નથી. પરંતુ કેવા આશ્ચર્યની વાત છે કે: મનુષ્ય બાલ્યાવસ્થાથી સત્શિક્ષા મેળવે છે તે છતાં તે સન્માર્ગે વર્તતો નથી. ડગલે ડગલે અસત્ય બોલે છે, જરા જરામાં વિશ્વાસઘાત કરે છે, અને લાગ મળતાં ચોરી કરી માર્ગ ભ્રષ્ટ થાય છે ! એ જોઈ સહજ વિચાર ઉપજે છે કે તેમને આપવામાં આવતી સત્શિક્ષા અને સદુપદેશ કયાં ઉડી જાય છે ? માતા પિતાની ઘણીએ ઇચ્છા હોય છે કે પોતાનું સન્તાન "સારૂં" થાય. જગતમાં મનુષ્ય-શ્રેષ્ટ કહેવાય." તેમ છતાં તે દુષ્કર્મ કરે છે, અવળે માર્ગે ચઢે છે ત્યારે તેમનાં માતા પિતાનું અંતઃકરણ કેટલું દુઃખ પામે છે ?

પરંતુ એમ થવાનું કારણ શું ? મનુષ્ય સદુપદેશ અને સત્શિક્ષા કેમ અધિક કાળ પર્યંત યાદ રાખતો નથી ? મદમસ્ત હાથીના મસ્તક ઉપર વિવેક રૂપી મ્હાવત નિત્ય સદુપદેશ રૂપ અંકુશ લઇ બેઠો હોય છે, તેમ છતા મનુષ્ય શા માટે નિત્ય અવળે માર્ગે ચઢે છે ? એવી સ્થિતિ આપણા જેવા સાધારણ મનુષ્યની થાય છે એમ જ નથી, નરશ્રેષ્ઠ અર્જુનની પણ એવીજ સ્થિતિ થઈ હતી. તેથીજ અર્જુને દિલગીર થઇ શ્રી કૃષ્ણ ભગવાનને કહ્યું હતું કે:–" **चंचलं हि मनः कृष्ण प्रमाथि बलव द्दढम् । तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करं ॥** " અર્થાત્ હે ભગવાન !, હું મ્હારૂં ચિત્ત સ્થિર કરી શકતો નથી. મન અતિશય ચંચળ છે, અતિશય બળવાન છે, વિવેક દ્વારા કોઈ પણ રીતે હું તેનું દમન કરી શકતો નથી. જે મન આટલું બધુ ચંચળ છે. જે મને શરીરેન્દ્રિયોને વશીભૂત કરી રાખી છે, જે મન આટલું બધું અજિત ઉચ્છૃંખલ છે, તે મનને હું કેવી રીતે વશ રાખી શકું ? કેવી રીતે તેને સ્થિર કરી શકું ? સ્વચ્છંદે વિચરતા વાયુને વશ કરવો એ જેમ અસંભવિત છે તેજ પ્રમાણે મનને વશ કરવું અસંભવિત જ છે." અર્જુન જેવા પુરૂષ-શ્રેષ્ઠ મહાત્મા ચંચળ ચિત્તને વશ કરવા માટે વ્યાકુળ થઇ ગયા તો પછી સામાન્ય મનુષ્યોની તો વાતજ શી ?

અર્જુનની એ શંકા માટે શ્રીમચ્છંકરાચાર્ય આદિ ટીકાકારોએ વિશદ વ્યાખ્યાદ્વારા મનની ચંચળતા કેટલી બધી પ્રબળ છે તે એક પ્રકારે સમજાવી આપ્યું છે. શ્રીમચ્છંકરાચાર્યે કહ્યું છે કેઃ—" મન માત્ર ચંચળ નથી પરંતુ તે શરીરેન્દ્રિયોને વશ કરનાર છે, તે બળવાન છે. તેને કોઇ વશ કરી શકે તેમ નથી ! તે દ્રઢ અર્થાત્ તન્તુ નાગવત્ (નાગપાશના જેવું) અચ્છેદ્ય છે. એના મ્હો આગળ વિવેક શું કરી શકે ? જે મન એવું દ્રઢ અને એવું ચંચળ છે તેના ઉપર વિવેક કોઈ પણ રીતે સામર્થ્ય બતાવી શકશે નહિ." નીલકણ્ઠે કહ્યું છે કેઃ—" અનેક લુંટારાઓદ્વારા હુમલો થતાં જેમ મુસાફર ગભરાઇ જાય છે તેજ પ્રમાણે મન પોતાના અનેક અંગદ્વારા આત્મા ઉપરે ઘેરો નાંખે છે." શ્રી મધુસુદને કહ્યું છે કેઃ " આકાશમાં વાયુ પ્રવાહ વહન થાય છે તેને જેમ રોકી શકાતો નથી તેજ પ્રમાણે મનનુ ચાંચલ્ય રોકી શકાતું નથી." મનની ગતિ રોકવા માટે અધિક સંશયગ્રસ્ત થઇ શ્રીધર સ્વામીએ કહ્યું છે કેઃ " પ્રચંડ વાયુ પ્રવાહ વહેતાં જેમ કુંભ આદિ પાત્રમાં તેને પુરવાનું કામ અસંભવિત છે તેજ પ્રમાણે ઉચ્છૃંખલ ચિત્તને વશ રાખવાનું કામ અસંભવિતજ છે." શ્રીમદ્ બળદેવ અને શ્રીમદ્ વિશ્વનાથ, મનની સ્થિરતા સાધ્ય કરવા માટે તદ્દન નિરાશ થઈ ગયા હતા એમ કહેવું અતિશયોક્તિ ભરેલું નથી. તેમના અભિપ્રાય પ્રમાણે "જાડા લોખંડના પતરામાં જેમ સૉયની અણીથી છિદ્ર પાડી શકાતું નથી, અને જેમ જળ અથવા વાયુને મુઠ્ઠીમાં રોકી શકાતો નથી તેમ ચંચળ ચિત્તને સ્થિર રાખવું અસંભવિત છે."

પરંતુ ચિત્તવૃત્તિનો નિરોધ કર્યા શિવાય જીવન્મુક્તિ પ્રાપ્ત કરવી અશક્ય છે. " પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે જન્મેલા પુરૂષનાં કર્તૃત્વ અને ભોક્તૃત્વ—રાગદ્વેષાદિ લક્ષણ—ચિત્તના ધર્મો તેના બંધનના હેતુભૂત થાય છે તેથી ચિત્તવૃત્તિનો નિરોધ નહિ થાય તો મુક્તિ પ્રાપ્ત થઇ શકશે નહિ." એવાં અનેક કારણોને લીધે મુક્તિ સંબંધી અતિશય શંકાસ્પદ થતા અર્જુને જ્યારે શ્રી કૃષ્ણ ભગવાનને પૂર્વોક્ત પ્રમાણે પ્રશ્ન પૂછ્યો ત્યારે ભગવાને તેને જે ઉત્તર દીધો છે તે પ્રમાણે મનુષ્ય માત્રે વર્તવું જોઇએ. ભગવાને કહ્યું છે કેઃ

" असंशयं महाबाहो मनोदुर्निग्रहं चलम् । अभ्यासेन तु कौन्तेय

[illegible]न च गृह्यते ॥ असंयतात्मना योगो [illegible]प्राप इति मे मतिः। व[illegible]श्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥ અર્થાત્—તેં મનને ચંચળ કહ્યું અને તેને નિરોધ કરવાનું અસંભવિત કહ્યું છે, તેમાં કશો સંશય જ નથી. પરંતુ હે પાર્થ! અભ્યાસવડે અને વિષયો પ્રત્યે વૈરાગ્ય ધારણ કરવાથી—તૃષ્ણા રહિત થવાથી—તેને વશ કરી શકાય છે. જે મનુષ્યનું ચિત્ત, અભ્યાસ અને વૈરાગ્યને લીધે વશીભૂત થતું નથી તે મનુષ્ય યોગ પ્રાપ્તિને માટે લાયક સમજવામાં આવતો નથી. પરંતુ જેનું ચિત્ત વશ થયું છે, તે યોગ્ય માર્ગે યત્ન કરે તો તેને યોગની સિદ્ધિ થાય છે." અર્જુનની આ શંકા ખોટી નથી. ચંચળ મનને વશ કરવું બહુ જ કઠિન કાર્ય છે; એ વાત શ્રી કૃષ્ણ ભગવાને પણ સ્વિકારી છે અને ઉત્તર દીધો છે કે: "અભ્યાસ કરીને—ટેવ પાડીને—આત્મ સંયમ કરવો જોઇએ, અને ધીમે ધીમે સમાધિ દ્વારા અને વિષયો પ્રત્યે વૈરાગ્ય દ્વારા મનને વશ કરવું જોઇએ." ચિત્તને વશ કર્યા શિવાય બીજો ઉપાય જ નથી. સર્વ કલ્યાણનું મૂળ ચિત્તને વશ રાખવામાં છે.

ચિત્તને વશ રાખવાનો અર્થ શો? તે આપણે સમજવું જોઇએ. ક્ષોભ ઉપજાવે એવા પદાર્થનું દર્શન નહિ કરવાથી અથવા પ્રીતિ ઉપજાવે એવો સ્વર નહિ સાંભવાથી સર્વ મનોકામના સિદ્ધ થતી નથી. મન જો તે સર્વ વસ્તુઓના ઉપભોગને માટે વ્યાકુળ હોય તો પછી જોરજુલ્મથી ઇન્દ્રિય નિરોધ કરવાથી કોઇ પણ શુભ ફળ પ્રાપ્ત થવાનો સંભવ હોતો નથી. અંકુશ શિવાય જેમ દુષ્ટ હાથીને વશ કરવો અસંભવિત છે તેજ પ્રમાણે અધ્યાત્મ વિદ્યા, સાધુસંગ, વાસનાત્યાગ, અને શ્વાસની ગતિનો નિરોધ, એ ચાર ઉપાય વગર ચિત્ત ઉપર વિજય પ્રાપ્ત થઇ શકતો નથી. યુક્તિપૂર્વક એ ચારે ઉપાયોનું સાધન કરવું જોઇએ; તેમ નહિ કરતાં ચિત્તને વશ રાખવા જનાર મનુષ્ય દીપકને વેગળો ખસેડી મૂકી, નેત્ર દ્વારા અંધકારમાં અવલોકન કરવાનો યત્ન કરે છે એમ કહેવું પડશે." અધ્યાત્મ-વિદ્યાને પ્રભાવે સમસ્ત દ્રવ્ય પદાર્થ માયા—જડિત અને મિથ્યારૂપે દ્રશ્યમાન થાય છે, અને સર્વત્ર તે એક પરમાનન્દ સત્ય પરબ્રહ્મ પરમાત્મા વિરાજિત

થઇ રહ્યો છે એવું જાણી શકાય છે, તેમ થવાથી મિથ્યા દ્રવ્ય પદાર્થ પ્રત્યેનો મોહ ઉતરી જશે અને પરમાર્થ સત્ય અને પરમાનન્દ સ્વયં પ્રકાશ પદાર્થ સાથે સંમિલન થાય એજ માત્ર એક પ્રયોજનરૂપે જણાશે. તે સમયે ચિત્ત, કાષ્ટ વગરના અગ્નિ જેવું સ્વતઃ વાસના–રૂપ નિરર્થક–અનિષ્ટકર–વ્યાપાર પાછળ મંડવાનું ભૂલી જશે. જે મનુષ્યને એ સંબંધી સમજાવવા છતાં સમસ્ત તત્વ સુંદર રૂપે સમજી શકે નહિ અને કોઇ તે સમજ્યા છતા પુનઃ ભૂલી જાય તેને માટે નિત્ય સાધુ સંગતિ અતિ આવશ્યકીય છે. કારણ કે દયાળુ, કૃપાળુ સાધુઓ પુનઃ પુનઃ ગૂઢ તત્વોની વ્યાખ્યા કરીને અને તે સંબંધી સ્મરણ કરાવીને મુમુક્ષુને સાચે માર્ગેથી ભ્રષ્ટ થવા દેતા નથી. જે મનુષ્યો પોતાની વિદ્યાનું અભિમાન રાખી સાધુ સંગતિ કરી શકતા નથી તેમણે પ્રથમ કહ્યું છે તેવી રીતે વાસનાને રોકવી એજ તેનું કર્તવ્ય છે. વાસના અતિ પ્રબળ છે. તેથી તેને વશ રાખવાની ઇચ્છા હોય તેણે પ્રથમ શ્વાસની ગતિને રોકવી એજ શ્રેષ્ઠ છે. વાસના અને શ્વાસોશ્વાસ એજ ચિત્તને વિષય, રાગ, ભોગાદિ ભોગવવા ઉશ્કેરણી કરે છે તેથી એ બન્નેનો નિરોધ થતાં જ ચિત્ત શાંતિનો જન્મ થશે. અભ્યાસ કરવાથી શ્વાસોશ્વાસનો નિરોધ થઇ શકે છે. થોડો થોડો વખત શ્વાસ અટકાવતાં અટકાવતાં ઘણો લાંબો વખત શ્વાસ અટકાવી શકાશે, ચિત્તવૃત્તિને હૃદયમાં–આત્મામાં–લીન કરી શકાશે, અને વૈરાગ્ય દ્વારા વાસનાનો નિરોધ કરી શકાશે. પ્રત્યેક વસ્તુ નાશવંત છે એમ જાણી તેના ઉપરથી આસક્તિ ઉઠાડી લેવી જોઇએ, અને ચિરસ્થાયી, અનંત આનન્દદાયક પરબ્રહ્મને પ્રાપ્ત કરવાની જ તીવ્ર આકાંક્ષા રાખવી જોઇએ. અભ્યાસ અને વૈરાગ્ય એ બન્ને ચિત્તને શાંત કરવાના અમોઘ ઉપાય છે. જેમ પ્રબળ વેગે વહેતી નદીની વચમાં મજબુત દિવાલ ચણી લેવાથી તેનો પ્રવાહ રોકી શકાય છે અને ન્હાની નહેર ખોદી વાંકે માર્ગે થઇને ખેતરમાં નદીનું જળ લાવી શકાય છે અને તેનો મૂળ પ્રવાહ રોકી શકાય છે તે જ પ્રમાણે વૈરાગ્યદ્વારા ચિત્તરૂપ નદીનો વિષયરૂપ પ્રવાહ અટકાવી સમાધિના અભ્યાસવડે તેને શાંત માર્ગે વહેવડાવી શકાય છે. એ માટે જ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને અભ્યાસનું પ્રયોજન વારં-

વાર કહ્યું છે. ચિત્ત સ્થિર કરવા માટે અભ્યાસ અને વૈરાગ્ય એ બે ઉપાયો મનુષ્ય માત્રે ગ્રહણ કરવા જોઇએ અને એ વાક્ય યાદ રાખી કર્મક્ષેત્રમાં આગળ વધવું જોઇએ. ઘણાં મનુષ્યો કહે છે કે: "ભાઈ! અમે ભગવાનનું પૂજન અર્ચન અથવા માળા પાઠ કરવા બેસીએ છીએ તે વખતે અમારૂં ચંચળ ચિત્ત અનેક લોકોની, અનેક ગૃહ સંસારની અને અનેક દેશોની ખબર લેવા દોડી જાય છે! હાથમાના ઠાકોરજી અથવા માળાનુ કામ ચાલતું જ હોય છે પણ ચિત્ત તો ભૂતની પેઠે કોણ જાણે ક્યાંએ ભટકતું હોય છે! એનો કંઈ ઉપાય બતાવો." એવાં મનુષ્યોએ ઉપરોક્ત ઉપાય પ્રમાણે વર્તવું અને ભજન પૂજન કરવુ. તો તે સફળ થશે. એક દિવસ ભગવાનનાં દર્શન કરી શકાશે અને અખંડ સુખ શાંતિ પ્રાપ્ત થશે.

(૨)

નિબંધ વંચાઈ રહ્યા પછી નારાયણદેવે કહ્યુ: "એટલા માટે જ બ્રાહ્મણે સન્ધ્યા સ્નાન આદિ આહ્નિક કર્મ નિત્ય કરવું જોઇએ. સન્ધ્યા કરવામાં પ્રાણાયામની ક્રિયા મનને સ્થિર કરવા અને ચિત્તને પવિત્ર કરવા સમર્થ છે. એક સમયે બ્રાહ્મણો યોગની ક્રિયામાં પ્રવીણ હતા. આકાશમાં વસ્ત્રો સુકવતા. અગ્નિ વિના અગ્નિ પ્રકટાવતા. ઇચ્છા થતાં જ મેઘવૃષ્ટિ વર્ષાવતા પરંતુ આજ? આજ મ્હોટા મ્હોટા શાસ્ત્રી, પુરાણીઓ ધર્મ કર્મથી ભ્રષ્ટ થયા છે! સન્ધ્યા, સ્નાન, ધ્યાન, ધારણા, ઉપાસના, વગેરે સર્વ કર્મો ચૂકયા છે; કામ, ક્રોધ, લોભ, ઇર્ષા, દ્વેષરૂપી અગ્નિથી પ્રજળી રહ્યા છે. ત્યાં પછી બીજાની શી વાત કહેવી? ધર્મવ્રત! જો પ્રથમ બ્રાહ્મણો પોતાનો ધર્મ સમજી તે પ્રમાણે વર્તે તો અન્ય વર્ણની પ્રજાને સુધરતાં વિલંબ નથી. બ્રાહ્મણો બોધ આપી તે સર્વને ધીમે ધીમે સુધારી શકે એમ છે. જ્યાં બ્રાહ્મણોનું જ મન સ્થિર નથી, તેઓ જ લોભ પાપમાં રચ્યા પચ્યા રહે છે ત્યાં અન્ય પ્રજાને શું કહેવું? મનની સ્થિરતા હોય તો પંચમહાભૂતનું આકર્ષણ કરી તેને હથેલીમાં નચાવી શકાય છે. આપણા યોગીઓ શું કરે છે? એજ. મનને સ્થિર રાખ્યાથી જ તેઓ અષ્ટસિદ્ધિ નવનિધિ પ્રાપ્ત કરી શકે છે."

પ્રકરણ ૪૦ મું.

ત્રણ શિખામણ.

મનને સ્થિર રાખવાની આવશ્યકતા જાણવા છતાં, અતિ દ્રઢ મન પણ પ્રસંગોપાત ચલિત થઈ જાય છે. પરંતુ તેનું કારણ સંસારના લોભ, મોહ, માયા ! જે વિવેકી મનુષ્યો તેમાં અસાર અને અનિત્યતા જૂવે છે તેઓ તો કદી પણ મનને ચલિત કરતા નથી. મદમસ્ત હાથી જેવા મનને તેઓ સૂક્ષ્મ વિવેકરૂપ અંકુશથી વશ રાખે છે.

"પણ પ્રબોધચંદ્ર ક્યાં ગયો ? તેનું શું થયું ? તે સંબંધી વારંવાર પ્રશ્નો પૂછી હરિ કાકાએ નારાયણદેવને વ્યાકુળ કરી દીધા હતા. હરિ કાકા જેવા ગૃહસ્થ–સન્યાસી પણ મનનો ચિંતા–પ્રવાહ રોકી શક્યા નહિ ! હરિ કાકાને વ્યાકુળ થયેલા જોઈ નારાયણદેવ અચંચલ રહી શક્યા નહિ. તેમનું ચિત્ત પણ વ્યગ્ર થઈ ઉઠ્યુ.

સત્ય છે ! પ્રબોધચંદ્રનું શું થયું ? તે ક્યાં ગયો ? કાળીદાસે તેને નદીના ઉંડા જળમાં ફેંકી દીધો છે ! શું પ્રબોધચન્દ્રની જીવન લીલા ત્યાંજ સમાપ્ત થઈ ગઈ છે ?

કાળીદાસે તેને જે સમયે ધક્કો મારી નદીમાં ફેંકી દીધો હતો તે સમયે જળમાં માત્ર એક મ્હોટો શબ્દ થયો હતો. કાળીદાસે તે શબ્દ શિવાય બીજું કશું સાંભળ્યુ નહોતું. નદીમાં પડતાં પડતાં પ્રબોધચંદ્રના મુખમાંથી શબ્દો નીકળ્યા હતા કે: " પ્રભુ મંગલમય છે. ભગવાન જે કરે છે તે મંગલને માટેજ. એક ચોરના હાથમાંથી હું છૂટયો. "

જે સમયે કાળીદાસ સાથે તેને વાદવિવાદ થતો હતો તે સમયે તેના મનમાં અનેક વિચારો ઉત્પન્ન થતા હતા. તેના હૃદયમાં મ્હોટી ઉથલપાથલ થઈ રહી હતી. તે વિચારતો હતો કે: " શી રીતે આ પાપિષ્ઠના સંસર્ગમાંથી

છુટકો મેળવી શકું ! ” પરંતુ પ્રકૃતિ દેવીએ એની મેળેજ એ કાર્ય કરી લીધું ! કાળાદાસે કાળુ કર્મ કર્યું. તેણે તેને જળમાં ફેંકી દીધો. પ્રબોધ બિચારો તેના હાથમાંથી છૂટ્યો !

અતિશય ઉંડી ખોમાં વહેતા જળપ્રવાહમાં પડવા છતાં પ્રબોધચંદ્ર મૃત્યુના પંજામાં સપડાયો નહિ. “ જેને રામ રાખે તેને કોણ મારી શકે છે ? ” અજ્ઞાન મનુષ્યોને ઇશ્વિર ઉપર શ્રદ્ધા હોતી નથી, તેથી તેઓ અનેક સંશયને વશ થાય છે, અને જરા જરામાં મરણને આમંત્રણ કરે છે, પરંતુ ઇશ્વિર મંગલમય છે. તેની ઇચ્છા હોય છે તેને તે બચાવે છે. નદીનો પ્રવાહ પ્રબોધને અનુકૂળ થયો. પ્રબોધચંદ્રને તરતાં આવડતું હતું, તેથી ભય નહિ પામતાં પ્રબળ પ્રવાહમા તરતો તરતો સ્હામે કિનારે જઇ પહોંચ્યો.

આ સમયે પ્રબોધચન્દ્રના મનમાં અનેક વિચારો ઉત્પન્ન થવા લાગ્યા. તે પોતાના મન સાથેજ વાતો કરવા લાગ્યો. “ સાચી વાત છે. મ્હારૂં મૃત્યુ થવાની તે મંગલમયની ઇચ્છા નથી. હજી મ્હારા દ્વારા તે મંગલમયનો કોઈ મંગલમય ઉદ્દેશ પાર પડવાનું સ્રજાયલું હોવું જોઇએ. નારાયણદેવે કહ્યું છે કે: પરસેવા એજ મંગલમય ભગવાનનું પ્રિય મંગલ કાર્ય છે. શું ત્યારે ભગવાને મ્હને તે કાર્યને માટે જીવન દાન દીધું હશે ? શું ત્યારે હું તે સેવાવ્રત પાલન કરી શકીશ ? ભગવાન મ્હારા સેવાવ્રત–પાલન કાર્યમાં સહાયતા નહિ કરે ? ”

પ્રબોધચન્દ્રનું હૃદય ભક્તિથી ગદગદ થયું. તેણે બે હાથ જોડી નર્મદા માના સ્હામુ ઉભા રહી કહ્યું: “ માતર્નર્મદે ! ત્હારે કિનારે, ત્હારા ખોળામાં માથું મુકી આજ હું સેવાવ્રત ગ્રહણ કરૂં છું. માતા ! તમે મ્હારા હૃદયમાં બળ આપો. કર્મ ક્ષેત્રમાં કર્મ કરતાં કોઇ દિવસ દુઃખ જણાય તો તેને તમે દૂર કરજો ! ”

પ્રબોધચન્દ્ર મન સાથેજ વાતો કરવા લાગ્યો: “ મ્હને ત્રણ શિખામણો મળી છે. એક મૂખ્ય શિખામણ તો એજ મળી છે કે: “ **ભગવાન મંગળમય છે.** તેના ઉપર અટલ શ્રદ્ધા રાખવાથી મનુષ્યની સર્વ પ્રકારની અશાંતિ દૂર થઇ શકે છે. બીજી શિખામણ એ મળી છે કે: **સત્ય અને**

પવિત્રતા. પવિત્ર અને સત્યવાદી—સત્યાચરણી થવાથી અનાયાસે ભગવાનની કૃપા મેળવી શકાય છે. તેની કૃપા એજ સુખ શાંતિનું પવિત્ર મંદિર છે. અનેક મનુષ્યો લોભ મોહમાં પડી અનેક પ્રકારનાં પાપ કરે છે. ત્યારે તેમના હૃદયમાં સ્વપ્ને પણ શાંતિ નથી—સ્વપ્ને પણ સુખ નથી. એ સત્યજ છે. મનુષ્ય ગમે તેટલી ખટપટો અને પ્રપંચ રચે પરંતુ પાપ તે પાપજ. પાપ એટલે અશાંતિ ! પાપ એટલે અસુખ ! ન્હાનું જેવું પાપ થાય તો પણ મ્હોટી અશાંતિ—અસુખ આવી મનુષ્યના હૃદયને ભેટે છે ! સામાન્ય વાતમાં જુઠું બોલવામાં આવે છે તો પણ તે મનુષ્યને પકડાઇ જવાનો અને આબરૂ જવાનો ભય રહે છે તેમજ તે નિત્ય ભય પામતો રહે છે તો પછી બીજા મ્હોટા મ્હોટા પ્રપંચ, અને કાવત્રાં રચનાર લુચ્ચા, ઠગ, સોનેરી ટોળીવાળા-ઓના ચિત્તમાં રાત દિવસ કેટલી અશાંતિ ! કેટલું અસુખ ! કેટલો ભય ! હરિ ! હરિ ! એ બધું કેટલા કાળ માટે ! અવિદ્યા અને અજ્ઞાનુંજ એ પરિ-ણામ છે. ત્રીજી શિખામણ એ મળી છે કેઃ જે કર્મ કરવાથી પરમાત્માની કૃપા અવશ્ય પ્રાપ્ત કરી શકાય છે **તે કર્મ પર–સેવા વ્રતજ છે.** જગતના દુઃખી દરિદ્ર જીવોની સેવા કરવાથી જ ભગવાનની કૃપા પ્રાપ્ત કરી શકાય છે. ”

આ સમયે પ્રબોધચંદ્રના મનમાં પૂર્વના બનાવોનું સ્મરણ થયુ. તેથી તેને ઘણો ક્લેશ થયો. તેના નેત્ર આગળ પાછલા બનાવોનું ચિત્ર જણાયું. તે દિલગીર થતો મનને કહેવા લાગ્યોઃ “ અહો ! કેટલાં બધાં વર્ષ મ્હેં પરમાત્માની કૃપા મેળવ્યા વગર ગુમાવી દીધાં ? ભૂતકાળના આટલા બધા દિવસો નિરર્થક ગયા ! માતા, પુત્ર અને પત્નીના મોહમાં પડી રહી રાત દિવસ તેમનું જ ધ્યાન ધર્યા કર્યું ! એક દિવસ પણ પરમાત્માની કૃપા મેળ-વવા જેવું કોઈ કાર્ય કર્યું નહિ ! ” તેના હૃદયમાં દિલગીરી ઉત્પન્ન થઈ. આટલા દિવસ પર્યંત એવી શિખામણ તેને કોઈએ આપી નહિ તેથી તેને બહુ ક્લેશ થયો. બાલ્યાવસ્થામાં માતાપિતાએ આપેલો સદુપદેશ તેને યાદ આવ્યો. પરમેશ્વરની કૃપા મેળવવા માટે પરોપકાર કરવો, પર—સેવા કરવી, એ પણ તેને યાદ આવ્યું. એ સદુપદેશ પ્રમાણે, માતાપિતાની આજ્ઞા પ્રમાણે તે વર્ત્યો નથી એ પણ તેને યાદ આવ્યું. તેથી તેના હૃદયમાં તેને બહુ

પશ્ચાતાપ થયો. તેના નેત્રમાંથી પશ્ચાતાપ—અગ્નિની જ્વાળા નીકળવા લાગી. તે વારંવાર ઉંડો નિઃશ્વાસ મૂકી બોલ્યોઃ "માતપિતા દ્વારા સત્શિક્ષા અને સદ્દઉપદેશ પ્રાપ્ત કરવા છતાં હું તે કેમ ભૂલ્યો ? મ્હેં આટલા દિવસ પર્યંત પરમાત્માની કૃપા મેળવવા કેમ યત્ન કર્યો નહિ ?"

સ્હામેથી જાણે આશાનો પ્રકાશ જણાવા લાગ્યો. તેણે મનમાં જ કહ્યુંઃ "જે થવાનું હતું તે થયું છે ! પરંતુ હજી સમય છે. નારાયણદેવે મ્હને જે દિવસે બ્રાહ્મણનું નિત્ય કર્મ સન્ધ્યા આહ્નિક કરવાની પ્રતિજ્ઞા લેવડાવી તે દિવસે કહ્યું છે કેઃ "પશ્ચાતાપ એજ થયેલાં પાપ કર્મનું પ્રાયશ્ચિત છે." ત્યારે પછી હવે મ્હને ભય શો ? હજી પણ સમય છે, "જાગ્યા ત્યાંથી સ્હવાર" સમજવું. મ્હારી દ્રષ્ટિ સમક્ષ વિશાળ કર્મક્ષેત્ર પડયું છે ! શા માટે મ્હારે ભયભીત થવું જોઇએ ! "બ્રહ્મ વાકય જનાર્દનં" નારાયણદેવ યોગીરાજ છે. બ્રહ્મ પરાયણ છે. નિત્ય મુક્ત, નિત્ય શુદ્ધ, પુરૂષ શ્રેષ્ઠ છે, તેમણે કહ્યું છે કેઃ "કર્મરૂપ કાષ્ટવડે કર્મરૂપ પાપ ભસ્મીભૂત થાય છે." મ્હારાં અનેક પાપ મ્હારા વર્તમાન કર્મ દ્વારા—ભવિષ્યનાં કર્મ દ્વારા, ભસ્મીભૂત નહિ કરી શકુ ? જરૂર તેમ કરી શકીશ. હા, હા. જરૂર તેમ કરી શકીશ."

નર્મદાને સ્હામે કિનારેથી પ્રતિધ્વનિ સંભળાયોઃ "હા, હા, જરૂર તેમ કરી શકીશ."

પ્રબોધચંદ્રે જાણે આશ્વાસન ભરેલી આકાશ વાણી સાંભળી હોય તેમ અંતરીક્ષમાંથી સાંભળ્યુઃ "હા, હા, જરૂર તેમ કરી શકીશ."

પ્રબોધચંદ્ર પૂર્વ દિશામાં મુખ ફેરવી ઉભો રહ્યો. તેણે જોયું કેઃ સૂર્યનારાયણ ઉદય પામવાની સૂચનારૂપ આકાશમાં રાતો પ્રકાશ જણાય છે, તરૂણ સૂર્ય સર્વ સામગ્રી સાથે જગતની સેવા કરવા ઉંચે ચઢવાની તૈયારી કરી રહ્યો છે. પ્રબોધચંદ્રે બે હાથ જોડી પ્રણામ કરી કહ્યુંઃ "નરનારીઓના પ્રત્યક્ષ દેવતા ! હે જ્યોતિર્મય ! મ્હારા હૃદયમાં તમારા પ્રકાશનાં કિરણો એક વાર પ્રસારો ! તમારો દિવ્ય પ્રકાશ પ્રાપ્ત થતાં અચેતન પ્રાણમાં નવું જીવન આવે છે. મ્હારા મૃતવત્, નિરાશ જીવનમાં તમારો જ્યોતિ-પ્રકાશ પ્રકટાવી મ્હને સત્કર્મમાં પ્રવૃત્ત કરો. દેવ ! પુનઃ આડે માર્ગે જવાની

ઇચ્છા ના થાય એવી કૃપા કરો! આજથી હું સંસારના હિત–સાધન–વ્રતમાં પ્રવેશ કરૂં છું. મ્હારૂં એ સેવા કાર્ય પરિપૂર્ણ કરી શકું એવું બળ આપો પ્રભુ!"

એટલું કહી પ્રબોધચંદ્ર નર્મદા કિનારેથી ઉઠી પોતાનું કર્મક્ષેત્ર શોધવા તત્પર થયો. "સત્ય માર્ગે, પવિત્ર હૃદયે, ભગવદ શ્રદ્ધા રાખી, કર્મ કરીશ." એવા આનંદથી તેનું હૃદય નાચી ઉઠયું.

પ્રકરણ ૪૧ મું.

વૃદ્ધ રોગી.

સેવાવ્રતની પ્રતિજ્ઞા લઇ, ચિત્તમાં આનંદ પામતો, પ્રબોધચંદ્ર ધીમે ધીમે નદીને કિનારે ચાલતો હતો. એટલામાં એકાએક કોઇના રડવાનો ક્ષીણ સ્વર તેને કાને પડયો. તેણે એક ચિત્ત થઈ જોયુ તો જણાયું કે: થોડે વેગળે આવેલા જંગલમાં કોઇ મનુષ્ય રડે છે. તે ઉતાવળે પગલે જંગલ તરફ વળ્યો. વૃક્ષોની ઘટામાં થઇને, કાંટા કાંકરાવાળો માર્ગ પસાર કરી આગળ વધ્યો. તેણે જોયું કે: એક વૃદ્ધ મૃત્યુની શય્યામાં સૂતો છે. તેના શ્વાસ નિઃશ્વાસથી જંગલ કમ્પી ઉઠે છે. એક શિયાળ તેનાથી થોડે વેગળે બેસી વૃદ્ધ તરફ એક દ્રષ્ટિયે જોઇ રહ્યું છે. શ્વાસ નિઃશ્વાસ બંધ થતાં જ તે વૃદ્ધ ઉપર તરાપ મારે છે અને શ્વાસ નિઃશ્વાસ સાંભળતાં જ તે પાછું ખસી જાય છે!

પ્રબોધચંદ્રને મૃતવત્ વૃદ્ધ પાસે આવતો જોઇ શિયાળ ત્યાંથી ચાલ્યું ગયું. પાસે જઇ જોતાં પ્રબોધને જણાયું કે: વૃદ્ધનું સમસ્ત શરીર મળમૂત્રથી લીંપાઇ ગયું છે! તેના મુખમાંથી લાળ નીકળી રહી છે! ઉલટી થવાથી બહાર નીકળેલી દુર્ગંધમય વસ્તુ મુખે અને ગળામાં ચોપડાઈ ગઈ છે!

પ્રબોધચંદ્રે વૃદ્ધને બે ત્રણ વખત બૂમો પાડી બોલાવ્યો, પરંતુ તેનામાં ચૈતન્ય નહોતું. તેનામાં શક્તિ નહોતી! તેને શરીરે પુનઃ પુનઃ

હાથ ફેરવી બોલાવવા છતાં કંઇ પણ ઉત્તર મળ્યો નહિ. તેનામાં ચૈતન્ય આવ્યું નહિ.

હવે શું કરવું ? એકલો મનુષ્ય, જંગલમાં વૃદ્ધની સેવા કરવા માટે કેવી વ્યવસ્થા કરવી તે તેને કશું સૂજ્યું નહિ.

એટલામાં પ્રબોધચંદ્રે નદી તરફ દ્રષ્ટિ ફેરવી તો તેને એક ન્હાની હોડી જતી જણાઈ. તેણે તુરતજ નદી કિનારે આવી માછીઓને બૂમો પાડી. અનેક બૂમો પાડયા પછી સ્હામે કિનારે જતી હોડીના માછીઓએ નૌકા સ્હામે કિનારે–પ્રબોધચંદ્રની પાસે લીધી. પ્રબોધે કહ્યું: "જો માછી ! સ્હામે ત્રિવેણી સંગમ આગળ અમને લઇ જવાં પડશે."

માછીઓએ પ્રથમ તો ના કહી. તેમણે કહ્યું: "અમારે આજે ને આજે રાતેજ ભાડભૂત જવું છે. જેનો માલ ભર્યો છે તેને પહોંચાડવાનો છે. માણસને લેવા થોભાય એમ નથી."

પ્રબોધચન્દ્રે તેને સમજાવી કહ્યું: "જો, ભલા માણસ, ત્હારે જવાનો એજ માર્ગ છે. અમારે માર્ગમાંજ ઉતરવું છે. તને જરા પણ વિલંબ કરીશું નહિ. અમે હમણાંજ આવવા તૈયાર છીએ."

માછીએ ધાર્યું કે: હજી કોઇ માણસ બીજે ગામથી આવવાનું હશે. તેથી તેણે કહ્યું: "ના, ભાઇ ! અમારાથી નહિ બને. અમે તો જઇશું !" એમ કહી માછી હોડી હંકારવા લાગ્યો.

પ્રબોધચંદ્રે ઉતાવળમાં જઇ માછીના બે હાથ પકડી ગદ્દગદ કણ્ઠે કહ્યું: "ભાઇ ! હું બ્રાહ્મણ છું. બહુ દુ:ખી છું. મ્હારો એક સગો મરવા પડ્યો છે."

માછીએ તેના હાથમાંથી હાથ છોડાવતાં કહ્યું: "ના, ભાઇ ના ! હજી તો તમે ભાઠામાં જશો. ત્યાંથી માણસ લાવશો ત્યારે ને ? બહુ વાર થઇ જાય. ત્યાં સુધી હું હોડી થોભાવી શકીશ નહિ. બહુ વાર થઇ જાય !"

પ્રબોધચન્દ્ર: "તું ગભરાય છે કેમ ? તે માણસ તો આ પેલું ઝાડ છે ત્યાં આગળ છે. વેગળે નથી. ચાલ, તું મ્હારી સાથે આવ. આપણે તેને ઉચકીને લઈ આવીએ. બ્રાહ્મણનો જીવ બચાવ્યાનું પુણ્ય લાગશે. બ્રાહ્મણની વ્હારે ધા ! ચાલ ભાઇ !"

એમ કહી પ્રબોધચન્દ્રે જંગલ તરફ આંગળી બતાવી. તેના કાલાવાલા જોઇ માછીનું મન પીગળ્યું. તેણે કહ્યું: " બોલો, શું આપશો ? હું તો મ્હારૂં કામ મુકી માણસ લઉં છું. વિચાર કરી જુવો. "

પ્રબોધચન્દ્રનું હૃદય ચિરાઇ ગયું. તેના નેત્રમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. તેણે આંસુનો વેગ રોકી અતિ વિનય સહિત કહ્યું: " જો ભાઇ ! મ્હારા ઉપર દયા કર. હું ત્હારી પાસે દયાની ભિક્ષા માંગું છું. મ્હારી પાસે એક પાઈ પણ નથી, પરંતુ જે સ્થળે જવા ધારૂં છું ત્યાંથી જો કાંઇ મળશે તો અવશ્ય તને આપીશ. "

માછીએ ક્રોધે ભરાઇ ઉત્તર દીધો: " જા, જા, હોડીમાં બેસનારનું મ્હો નથી કહેતું ! હું તો આ ચાલ્યો. "

માછી કિનારે ઉતર્યો હતો. તે પાછો હોડીમાં જઈ છોકરાને કહેવા લાગ્યો: " ચાલ, ચલાવ રે ! ચાટવો લે હાથમાં ! "

પ્રબોધચન્દ્રથી હવે રહેવાયું નહિ. તે આત્મ જ્ઞાન શૂન્ય થઇ રડતો રડતો માછીના પગ પકડવા લાગ્યો. તેણે કહ્યું: " ભાઇ માછી ! આ વિપત્‌માંથી તું મ્હારૂં રક્ષણ કર. તું જ મ્હારો ભાઈ—દ—યા—"

માછી વેગળો ખસી જઈ બોલ્યો: " મહારાજ આ શું કરો છો ? તમે બ્રાહ્મણ છો. હું માછી. મ્હારા પગ—"

પ્રબોધચન્દ્રે રડતાં રડતાં વ્યાકુળ કણ્ઠે કહ્યું: " ના, ભાઈ, તું માછી નથી પણ મ્હારો ભાઇ છે. દયા કર. અમને લઇ જવાનું કબૂલ કર. "

માછીથી તેનું કલ્પાંત જોઇ શકાયું નહિ. તેણે તેમને લઇ જવાનું કબૂલ કર્યું. તેણે કહ્યું: " ચાલો, ઉતાવળ કરો. ક્યાં છે તમારો સગો ? ચાલો, તેને લઇ આવીએ. "

માછીને સાથે લઇ પ્રબોધચન્દ્ર જંગલમાં પેલા વૃક્ષ તળે જઇ પહોંચ્યો. માંદા મનુષ્યનો ગળાનો ઘરેડો જરા જરા ઓછો થયો હતો. તે ઉપરથી તેનામાં વિશેષ અશક્તિ આવી હોય એવી ધારણા થતી.

પ્રબોધચંદ્રે માછીને કહ્યું: " આવ, માથું ઝાલ, હું પગ ઝાલું છું. "

માછી તેની પાસે ગયો પણ તુરત જ પાછો ખસી ગયો. વૃદ્ધના શરીરમાંથી અતિશય દુર્ગંધ નીકળતી હતી. તેથી તેમનું માથુ ભમી ગયું. વૃદ્ધના શરીરે મળમૂત્ર લીંપાયું હતું, તેને જોતાં જ ચીતળી ચઢતી! માછીએ નાકે લુગડું દઇ કહ્યું: "ના, ભાઇ! હું એને ઝાલી શકીશ નહિ! મ્હારી હોડીમાં એવા રોગીને બેસાડી શકાશે નહિ, તું બીજી કોઇ હોડીની તપાસ કર."

માછીએ જવાનો યત્ન કર્યો. પ્રબોધચંદ્રે વિહ્‌વળ ચિત્તે કાલાવાલા કરી તેના બે હાથ ઝાલી પગે લાગી નમ્રસ્વરે કહ્યું: "ભાઇ! ઓ ભાઇ! જરા ઉભો રહે. હું એનું મળમૂત્ર સાફ કરૂં છું. હમણાં સ્વચ્છ થઇ જશે."

પ્રબોધચંદ્રે કાલાવાલા કરી માછીને ઉભો રાખ્યો. ત્યાર પછી તેણે નર્મદાના જળમાં પોતાનું પહેરેલું વસ્ત્ર પલાળી વૃદ્ધનું સર્વ શરીર સાફ કર્યું. તે વારંવાર નર્મદા જળમાં પોતાનું વસ્ત્ર પલાળી વૃદ્ધનું સર્વ શરીર ધોવા લાગ્યો. એ જોઇ માછીના જીવમાં જીવ આવ્યો. તેણે નાકેથી લુગડું ખસેડી લીધું. તેને પણ દયા આવી તેથી તે હોડીમાંથી એક ઘડો લઇ તેમાં પાણી ભરી પ્રબોધ સાથે વૃદ્ધનું શરીર ધોવા લાગ્યો. વૃદ્ધનું શરીર બરાબર ધોવાઇ રહ્યા પછી પ્રબોધચંદ્રે કહ્યું: "ભાઈ! જો તું ત્હારૂં એકાદ જુનું વસ્ત્ર આપે તો વૃદ્ધનું મેલું પહેરણ બદલાવી દઉં."

માછી કંઇક વિચારમાં પડયો. તેના કાનના દ્વાર આગળ જાણે કોઇએ કાંઇ કહ્યું. પ્રબોધચન્દ્રે માછીને કહ્યું: "જો ભાઇ! વૃદ્ધ બ્રાહ્મણ છે. નિરાધાર છે. દુ:ખી છે. આ વખતે જો એને મદદ કરશે તો પરમેશ્વર ત્હારૂં કલ્યાણ કરશે. માણસની સાથે પરલોકમાં બીજું કશું આવતું નથી. માત્ર પાપ અને પુણ્ય આવે છે. જો પરમેશ્વર મ્હને સારો વખત આપશે તો ત્હારા ઉપકારનો બદલો હું કદી પણ ભૂલીશ નહિ.

"બ્રાહ્મણ! દુ:ખી!" એ શબ્દોએ માછીના હૃદયમાં પ્રવેશ કરી લાગણી ઉત્પન્ન કરી. માછી તુરતજ પોતાની નૌકામાં ગયો અને એક વસ્ત્ર લઇ આવ્યો. પ્રબોધે તે વૃદ્ધને શરીરે પહેરાવી દીધું. હમણાં તેને તિરસ્કાર ઉપજ્યો નહિ. હવે તો તેને વિલમ્બ થતો હતો તે તેમજ તેને ભાડભૂત માલ

પહોંચાડવાનો હતો તે બધું ભૂલી ગયો. વૃદ્ધ રોગીની નિરાધાર સ્થિતિ અને પ્રબોધને તેની સેવા કરતો જોઇ તેના હૃદયમાં દયાની લાગણી થઇ. પ્રબોધચન્દ્રને મદદ કરવા માટે માછી પણ વૃદ્ધ રોગીના હાથ પગ શરીર લુછવા લાગ્યો. છેવટે માછીનું વસ્ત્ર વૃદ્ધને પહેરાવી મૃત્યુ મુખમાં પડેલા રોગીને બન્નેએ ઉપાડયો અને તેને હોડીમાં મૂક્યો.

પ્રકરણ ૪૨ મું.

મેળાપ.

હરિ કાકાની વ્યગ્રતાને લીધે નારાયણદેવે પ્રબોધચંદ્રને શોધવા બ્રહ્મચારીઓને મોકલ્યા હતા. પ્રબોધચંદ્ર વૃદ્ધ રોગી બ્રાહ્મણને લઈ હોડીમાં બેસી આશ્રમ તરફ આવતો હતો તે સમયે આશ્રમના એક બ્રહ્મચારીની દ્રષ્ટિ તેના તરફ આકર્ષાઇ. બ્રહ્મચારી મનમાં વિચારતો હતો કે: આશ્રમમાંથી રૂપિયાની થેલી લઇ કાળીદાસ સાથે ન્હાસી જવાથી પ્રબોધચંદ્રને કેટલીએ શરમ લાગતી હશે ! નારાયણદેવને તે કદી પણ પોતાનું મ્હો બતાવી શકશે નહિ પરંતુ હોડીમાં પ્રબોધચંદ્રને જોતાં જ તેને આશ્ચય થયું. કાળીદાસ સાથે બનેલો પાછલો બનાવ જાણે હમણાં પ્રબોધચંદ્રના સ્મરણમાં જ નથી ! નર્મદાને કિનારે આશ્રમના એક બ્રહ્મચારીને જોતાં જ પ્રબોધચંદ્રને આશ્વાસન મળ્યું. તેણે બ્રહ્મચારીને બૂમ પાડી. તેણે જો હોડીમાંથી બૂમ ના પાડી હોત તો બ્રહ્મચારી કદી પણ તેને જોઇ શકત નહિ. તેમ છતાં પણ આશ્રમના બ્રહ્મચારીનો જ જયજયકાર થયો. જાણે તેજ પ્રબોધચંદ્રને શોધીને લઇ ગયો હોય એવી વાત સર્વત્ર પ્રસરી ગઈ.

આશ્રમમાં પ્રવેશ કર્યા પછી પ્રબોધચંદ્રે પ્રથમ નારાયણદેવ સમક્ષ જઇ તેમને દણ્ડવત્ પ્રણામ કર્યા. ત્યાર પછી મૃત્યુ મુખમાં પડેલા વૃદ્ધ બ્રાહ્મણ સંબંધી હકિગત નિવેદન કરી.

બ્રાહ્મણને સત્વર આશ્રમમાં લાવવાની વ્યવસ્થા કરવામાં આવી. નારા-

યણુદેવ તુરત જ સમજી શક્યા કે સત્યવ્રત અને પ્રિયવ્રત જે બ્રાહ્મણનું જીવન-સર્વસ્વ હરણ કરી લાવ્યા છે તે એજ બ્રાહ્મણ હોવો જોઈએ. તે સમયે તો કંઈ પણ વિશેષ ચર્ચા કર્યા વગર નારાયણુદેવે વૃદ્ધ રોગીની સેવા શુશ્રૂષા માટે વ્યવસ્થા કરી. હરિ કાકાનું શરીર હજી જોઇએ તેવું સારૂં થયું નહોતું. તેથી વૃદ્ધની સેવાનું કાર્ય અન્ય બ્રહ્મચારીઓને સોંપવામાં આવ્યું.

રોગી બ્રાહ્મણની સેવાનો બંદોબસ્ત કર્યા પછી પ્રબોધચન્દ્રને સાથે લઇ નારાયણુદેવ એક બીજા ઓરડામાં હરિ કાકાની પાસે ગયા.

પ્રબોધચન્દ્રને પોતાના ચરણમાં દણ્ડવત્ પ્રણામ કરતો જોઈ હરિ કાકાના નેત્રમાંથી આંસુની ધારા ચાલવા લાગી. તેમનું હૈયું ભરાઇ આવ્યું. પ્રબોધચન્દ્ર પણ " કાકા ! કાકા ! મ્હારી માતા ક્યાં છે ? " એમ કહી રડવા લાગ્યો. એ વખતે તેને પોતાનો પુત્ર, પત્નિ, માતાનું સ્મરણ થયું. જાણે તેની દ્રષ્ટિ સમક્ષ તેના ઘરની દુર્દશા તાદ્દશ્ય થવા લાગી. તે બાળકની પેઠે રડવા લાગ્યો.

હરિ કાકાએ તેને સાન્ત્વન આપતાં કહ્યું: " ભાઇ ! હવે તે ગઇ ગુજરી વાત શા માટે પૂછે છે ! ત્હેં સાક્ષાત ભગવાન સ્વરૂપ નારાયણુદેવ પાસેથી જે મંત્રની દિક્ષા પ્રાપ્ત કરી છે તે મંત્રનું સ્મરણ કર. **अरक्षितं तिष्ठति दैव रक्षितं ॥** " જેનું કોઇ રક્ષણ કરતું નથી તેનું પરમાત્મા રક્ષણ કરે છે. " એ મંત્ર તું કેમ ભૂલી જાય છે ? " ઇશ્વર મંગલમય છે. " એ મંત્રનો મનમાં જપ કરવાથી તેના રાજ્યમાં સર્વત્ર મંગલમયજ જોવામાં આવશે. જ્યાં ત્યાં આનંદના સમાચારજ સંભળાશે. "

પ્રબોધચંદ્રનું ચંચળ ચિત્ત પુનઃ દ્રઢ થયું. પ્રબોધચન્દ્ર મનમાં ને મનમાં જ બોલ્યો: " સત્ય છે. હું શા માટે ઘર સંસારના વિચારો કરૂં છું ? ઇશ્વર મંગલમય છે. તે કોઇનું કદી પણ અમંગલ કરતો નથી, પછી તે મ્હારૂં શા માટે અમંગલ કરશે ? કદી નહિ, કદી નહિ. તે મ્હારૂં કલ્યાણ જ કરે છે. "

પ્રબોધચંદ્રને વિચારમાં પડેલો જોઈ હરિ કાકાએ કહ્યું: " ભાઇ, શા

વિચારોમાં ગુંથાયો છે ? ઘરનાં બધાં આનંદમાં જ છે. તેમને માટે કશી ચિંતા કરતો નહિ."

પ્રબોધચંદ્ર: "ના, કાકા! તે વિચાર હું કરતો નથી. મ્હને મંગલમય ઈશ્વર ઉપર શ્રદ્ધા છે. જેનું કોઈ નથી તેનો તે છે. તે જીવ માત્રનું કલ્યાણ જ કરે છે. જેને કીડીથી હાથી પર્યંતની ચિંતા છે તેનેજ તેમની ચિંતા સોંપી છે. તે મંગલમય છે, એ સત્ય જ."

હરિકાકા: "પરંતુ ત્હારે એક વખત ઘેર જવાની આવશ્યકતા છે. ત્હારી માતા અને પત્નિ એક વખત ત્હને જોવા આકુલવ્યાકુલ થઇ રહ્યાં છે. અહા! માતાનો દિવ્ય પ્રેમ!"

માતા અને પત્નિની વ્યાકુલતાની વાત સાંભળી પ્રબોધચંદ્ર વળી પાછો ચંચળ થઈ ઉઠયો. તેણે આતુરતાથી પૂછયું: "ત્યારે શું તે બધાં જીવતાં છે? તે બધાં ખુશીમાં છે?"

પ્રબોધચંદ્રે મનમાં ને મનમાં જ ભગવાનને પ્રણામ કરી કહ્યું: "હે પરમાત્મા! તમે સત્ય છો! તમે મંગલમય છો!"

હરિ કાકા: "ભાઈ! એક વખત ઘેર જઈ આવ અને ત્હારી માતા તથા પત્નિ સાથે પુત્ર માર્કંડશંકરને પણ જોતો આવ. અહા! તેણે કેટલા બધા દિવસથી ત્હને જોયો નથી!"

"માર્કંડ! પુત્ર! માર્કંડ! શું તું હજી જીવતો રહ્યો છે? ઓ જગદીશ્વર! મ્હારા માર્કંડને શું હું જોઈ શકીશ? ત્હમારી અપાર દયા! અપાર કરૂણા!"

પ્રબોધચંદ્રનું મન આનંદથી નાચી ઉઠયું. તેના મુખ ઉપર એક પ્રકારની તેજસ્વિતા જણાઇ. તે મનમાંજ બોલ્યો: "હા, એક વાર જઇ આવીશ. તેમને બધાને જોઇ આવીશ."

પ્રબોધચંદ્રને ચુપચુપ ઉભો રહી વિચાર કરતો જોઇ હરિ કાકાએ કહ્યું: "શા વિચાર કરે છે ભાઈ? ચિન્તા કરવા જેવું કશું નથી. ત્હારી સર્વ આપત્તિઓ અને વિપત્તિઓ ટળી ગઇ છે. હવે તું રાહુથી મુક્ત થયેલા પૂર્ણિમાના તેજસ્વી ચંદ્ર જેવો સંસારમાં આનંદ કરજે. જા, એક વખત ઘેર જા."

પ્રબોધચંદ્રને ઇચ્છા થઈ કેઃ " ઘેર જાઉં. એક વાર માતા, પત્નિ, પુત્રને જોઇ આવું." પરંતુ બીજી ક્ષણે વિચાર થયો કેઃ " જે વૃદ્ધ રોગીને આશ્રમમાં લાવ્યો છું તેની સેવામાં વિઘ્ન થશે." તેણે કહ્યુંઃ " કાકા ! આપની આજ્ઞા છે તો અવશ્ય ઘેર જઇશ પરંતુ એક દિવસનો વિલંબ થશે."

બીજે દિવસે પ્રાતઃ સમયે પ્રબોધચંદ્રે ઘેર જઈ માતા, પત્નિ અને પુત્રને મળવા જવાનો નિશ્ચય કર્યો.

પ્રકરણ ૪૩ મું.

સેવાનું ફળ.

સેવા શુશ્રૂષાને લીધે વૃદ્ધ રોગીને થોડો થોડો આરામ થવા લાગ્યો. તેને ધીમે ધીમે ચૈતન્ય આવ્યું. જ્યારે તે બરાબર મનુષ્યોને ઓળખવા લાગ્યો ત્યારે એક દિવસ સત્યવ્રતને અને પ્રિયવ્રતને તેની પાસે લાવવામાં આવ્યા. પ્રથમ તો તેમણે એ અજાણ્યા બ્રાહ્મણને કદી જોયો જ નથી એવું કહ્યું. પરંતુ તેઓને જે સમયે બ્રાહ્મણ સંબંધી પ્રશ્ન કર્યા ત્યારે તેમનાં મ્હોં કંઇક ઉતરી ગયાં હતાં ! તેમના મ્હો ઉપર ફિક્કાશ છવાઇ ગઈ હતી. તિક્ષ્ણ બુદ્ધિમાન નારાયણદેવે તેમના મુખ ઉપરથી જાણી લીધું હતું, પરંતુ તેમનાં કૃત્યનું કોઇ પ્રત્યક્ષ પ્રમાણ નહતું. તેથી તે વાત ઉપાડવામાં આવી નહિ. તેમણે મનમાં ધાર્યું હતું કેઃ "બ્રાહ્મણ જીવતો રહેશે તો તેની તપાસ કરીશું." ભરૂચ રેલ્વે સ્ટેશન ઉપરના પેલા દુકાનદારને એક વખત બોલાવીને પુનઃ તપાસ કરવાની તેમને ઇચ્છા થઈ હતી. પરંતુ હવે બ્રાહ્મણ જ જીવતો રહ્યો છે ત્યાં પછી બીજા કોઈની આવશ્યકતા રહી નહિ. બ્રાહ્મણે પોતેજ પોતાને મુખે સર્વ વૃતાંત નારાયણદેવને તથા આશ્રમના અન્ય મનુષ્યો સમક્ષ કહી સંભળાવ્યું. તેથી બીજા કોઈના સાક્ષી પુરાવાની આવશ્યકતા રહી નહિ. વૃદ્ધ બ્રાહ્મણનું વૃતાંત સાંભળી સર્વેને આશ્ચર્ય ઉત્પન્ન થયું.

બ્રાહ્મણને જરા શક્તિ આવ્યા પછી નારાયણદેવે તેને એક ટૂંક બતાવી કહ્યું: "આ તમારી છે કે?"

એ જોઇ બ્રાહ્મણ ચમક્યો. તેણે નેત્રમાં આંસુ લાવી ક્ષીણ કણ્ઠે કહ્યું: "હા, મહારાજ. મ્હારી છે. અહિં ક્યાંથી આવી? એમાં તો મ્હારૂં સમસ્ત જીવન છે." એટલું કહી બ્રાહ્મણે ઉંડો નિઃશ્વાસ મૂક્યો.

નારાયણદેવે કહ્યું: "તમે નિરાશ થશો નહિ. એ ટૂંક તમને જ મળશે."

બ્રાહ્મણે કપાળમાં હાથ મારી કહ્યું: "હવે મળવાથી ફળ શું? જેને માટે સમસ્ત જીવન પર્યંત પરિશ્રમ કરી એ દ્રવ્ય સંચય કર્યું હતું તેને આપી શકાયું નહિ, ત્યારે હવે એ શા કામનું? એ ડાઘ મરણ પર્યંત ભૂલાશે નહિ."

કોણ જાણે ભૂતકાલની કઇ વાતનું સ્મરણ થતાં બ્રાહ્મણના નેત્રમાંથી અશ્રુધારા નીકળવા લાગી. નારાયણદેવે તેને આશ્વાસન આપી કહ્યું: "ભાઇ! રડવાનું પ્રયોજન શું? તમે જેને માટે એ દ્રવ્ય સંચય કર્યું છે તેના જ ઉપયોગમાં આવશે. પછી શું? સેવા શુશ્રૂષા કરતાં તમને આરોગ્ય પ્રાપ્ત થાય એટલે બસ છે. તમને તમારા એ દ્રવ્ય સાથે ઘેર પહોંચાડી દઇશું. ચિંતા કરશો નહિ."

બ્રાહ્મણે પથારીમાં ઢળી પડતાં કહ્યું: "મહારાજ! મ્હને જીવવાની ઇચ્છા નથી. હવે બચવાની આશા પણ નથી. હવે તો નર્મદાના જળમાં શરીરની ભસ્મ પડે તો જીવનનું સાર્થક્ય થાય. મનમાં દિલગીરી એટલી જ થાય છે કેઃ મૃત્યુ વખતે તેમને એક વખત–" એટલું કહી બ્રાહ્મણનો કણ્ઠ સ્વર રૂંધાઈ ગયો."

નારાયણદેવઃ "હજી અમને તમારી ઓળખાણ આપી નથી. તમે કયે ગામ રહો છો? તમારૂં નામ શું? તમારે કોણ કોણ સગાં છે? જો મ્હને કહેશો તો હું હમણાંજ તેમને તમારી સ્થિતિની ખબર કહાવીશ."

બ્રાહ્મણે ધીમે ધીમે ક્ષીણ સ્વરે પોતાની ઓળખ આપી. બ્રાહ્મણ એક એક વાક્ય બોલતો હતો તે સાંભળી નારાયણદેવ ચમકી ઉઠતા! ટુંકામાં ઓળખ આપ્યા પછી તેણે કહ્યું: "હવે મ્હારો અંતીમ સમય આવી પહોંચ્યો છે. મ્હારાં એવાં સદ્‌ભાગ્ય ક્યાંથી કેઃ સગાં સંબંધીને હાથે હું અગ્નિ સંસ્કાર પામું?"

નારાયણદેવે દિલગીર થઇ વિસ્મય પામી વ્યાકુળ ચિત્તે કહ્યું: "તમારી ઇચ્છા પ્રમાણે અવશ્ય થશે. ચિન્તા કરશો નહિ. તમે કંઈ સારાં કૃત્ય કરેલાં હોવાથી જ આ આશ્રમમાં આવી પહોંચ્યા છો. ભગવાનનો કેવો અપૂર્વ મહિમા! તે કોઇની પણ આકાંક્ષા અપૂર્ણ રાખતો નથી!"

બ્રાહ્મણ: "ત્યારે શું હું તેમને જોઈ શકીશ? શું હું તેમના હાથનું જળપાન કરી શકીશ?"

નારાયણદેવ: "જોઈ શકશો શું? અવશ્ય જોઈ શકશો અને અવશ્ય તેમના હાથનું જળપાન કરી શકશો? અનેક તપસ્યાનું ફળ હોય તો જ મનુષ્ય પોતાના પુત્રનો અગ્નિ સંસ્કાર પામી શકે છે? તમે એવી તપસ્યા કરી છે. તમને પુત્રના હાથનું જળ અને પુત્રના હાથનો અગ્નિ સંસ્કાર પ્રાપ્ત થશે. જેણે જંગલમાંથી તમને અહિં લાવી સેવા કરી છે તેજ તમારો પુત્ર છે."

બ્રાહ્મણ: "હેં! હેં! પ્રબોધ—પ્રબોધ! ક્યાં છે મ્હારો પ્રબોધ? મ્હેં તો તેને દીઠો જ નહિ!"

નારાયણદેવ: "તમે અજ્ઞાન અવસ્થામાં હતા. તેથી જ તમે તેને જોઇ શક્યા નથી. તમે તેને જુવો તો ઓળખો પણ નહિ. તે વીશ વર્ષ ઉપરની વાત છે. વીશ વર્ષના બાળકમાં આજે કેટલો બધો ફેરફાર થયો હશે તે સમજાવવાની અગત્ય નથી. તમે તે સમજી શકશો. પ્રબોધ પણ તમને ઓળખી શકશે નહિ. તે શી રીતે ઓળખે? પાંચ વર્ષથી ઓછાંનો બાળક, વીશ વર્ષ પર્યંત જેને જુવે નહિ તેને શી રીતે યાદ રાખી શકે? તમારી સ્થિતિમાં કેટલું બધું પરિવર્તન થઈ ગયું છે? સ્મરણના દ્વારમાં પ્રકાશનાં કિરણો પ્રવેશ કરે તોપણ તે વિસ્મૃતિના અંધકારમાં વિલુપ્ત થઇ જાય!"

બ્રાહ્મણ જાણે સ્વપ્ન દશા ભોગવતો હોય તેમ બધું સાંભળ્યા કરતો હતો. તેના હૃદયમાં જે આનન્દનો પ્રવાહ વહેતો હતો તેનું વર્ણન કરવું અશક્ય છે. તે પ્રસંગોપાત શોકમાં મૂર્છિત થતો અને પુનઃ ચેતન આવતાં પશ્ચાતાપ કરતો. તેણે કેવી નિરાધાર સ્થિતિમાં પુત્ર પત્નીને પડતાં મૂકી ઘર ત્યાગ કર્યું હતું અને કવી ગુપ્ત રીતે તે ચાલ્યો ગયો હતો તે સર્વ એક

પછી એક તેના હૃદય પટ ઉપર ચિતરાવા લાગ્યું. આ સમયે એક વખત પ્રબોધચંદ્રને અને હરિ કાકાને વૃદ્ધ બ્રાહ્મણ પાસે લાવવા નારાયણદેવે એક બ્રહ્મચારીને આજ્ઞા કરી.

તુરત જ બન્ને ત્યાં આવ્યા. ઓરડામાં પ્રવેશ કરતાં જ બ્રાહ્મણને જોઇ "ભાઈ! ભાઇ! તમે–તમે!" એમ કહી ઉતાવળે હરિ કાકાએ બ્રાહ્મણના પગમાં માથું નમાવ્યું. તેમના નેત્રમાં આંસું આવી ગયાં. કણ્ઠ ગદગદ થઈ ગયો. તેમણે પ્રબોધચંદ્રને કહ્યું: "પ્રબોધ! શું તું આ મહાપુરૂષને ઓળખી શકે છે! તું ઘણો ભાગ્યશાળી છે. તેથી જ પિતાની સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત કરી શકયો છે."

પ્રબોધચંદ્ર અશ્રુપાત કરતો બે હાથે પ્રણામ કરતો પિતાના ચરણમાં પ્રણામ કરવા લાગ્યો. તેણે કહ્યું: "પિતૃદેવ! તમે અમને નિરાધાર અવસ્થામાં મૂકી કયાં ચાલ્યા ગયા હતા? મ્હારી નિર્દોષ પવિત્ર માતા! હું બાળક! અમે શા અપરાધ કર્યા હતા વારૂ!"

બ્રાહ્મણ કાંઇ પણ બોલી શકયો નહિ. તેના હૃદયમાં થતા પશ્ચાતાપનાં ચિહ્ન સ્વરૂપ નેત્રમાંથી માત્ર આંસુ નીકળ્યા કરતાં હતાં! ને બોલવાનો ઘણોએ યત્ન કરેતો છતાં તેનાથી બોલી શકાયું નહિ. નારાયણદેવે કહ્યું: "પ્રબોધ! ત્હારા પિતા ત્હારે બરડે હાથ ફેરવવા આતુર થઈ રહ્યા છે. જા, તેમની પાસે જઇને બેસ."

પ્રબોધ પિતાની પાસે જઈ બેઠો. પિતાએ બે હાથવડે તેને આલિંગન દીધું. એ સમયે તેના મુખમાંથી માત્ર "આહા" શબ્દ નીકળ્યો. એ સાંભળવાથી કલ્પી શકાય છે કે: પ્રબોધચંદ્રને આલિંગન કરી બ્રાહ્મણના હૃદયમાં કેટલું સુખ અને કેટલી શાંતિ વળી હશે?"

બ્રાહ્મણથી વિશેષ બોલાયું નહિ. ઓલવાઇ જવાની તૈયારી કરતા દીપકની છેલ્લી જ્યોતિ ઝબુકી ઉઠે છે તેમ બ્રાહ્મણને ચૈતન્ય આવ્યા પછી તે પાછો અચેતન થઇ પડયો. વૈદ્યે તેની નાડી જોઇ કહ્યું: "હવે આ રોગીનાં મરણ કાષ્ટ તૈયાર રાખવાં જોઇએ."

જોતજોતામાં તેને આશ્રમના નીચલા વિભાગમાં લઈ ગયા, અને એક

પાટપર સૂવાડયો. સર્વે બ્રહ્મચારીઓ એકઠા થઈ ગયા. તેમણે ભગવાનનાં ભજનો ગાઈ આશ્રમ ગજાવી મૂક્યું. થોડી વારમાં જ બ્રાહ્મણનો જીવ ક્ષણ-ભંગુર દેહ છોડી ચાલ્યો ગયો. તેના શરીર ઉપરની ચાદર ખસેડી લેતાં જોવામાં આવ્યું કે તેણે હાથમાં જનોઇ ઝાલી છે. તે ઉપરથી તે મનમાં ઇષ્ટ નામનો જપ કરતો કરતો પરલોકમાં ગયો હોય એવું અનુમાન થયું.

પિતાને અગ્નિ સંસ્કાર કર્યા પછી પ્રબોધચંદ્ર આકુળ વ્યાકુળ થઇ રડવા લાગ્યો.

નારાયણદેવે તેને બોધ આપતાં કહ્યું: " ભાઇ ' એમાં શોક કરવા જેવું કશું નથી. આ બનાવથી ભગવાને તને બતાવી આપ્યું છે કે તે કેવો મંગલમય છે? આ બનાવ ઉપરથી તું જોઈ શકશે કે પર–સેવા કરવાનો કેવો અપાર મહિમા છે! તું એક પારકા મનુષ્યને પોતાનો કુટુંબી–આત્મીય જાણીને તેની સેવા કરવા ગયો હતો. જો ભાઈ! તે પારકો મનુષ્ય કેવી રીતે ત્હારો પોતાનો થયો? વળી પણ જો કે સત્ય અને સરલતાનું કેવું મહાત્મ્ય છે? પેલા બે બ્રહ્મચારીઓ તમારા પિતાનું જીવન–સર્વસ્વ હરણ કરી લાવ્યા હતા. જો તો ખરો! અધર્મનો પડદો ધર્મના પવનથી કેવો ઉઘડી ગયો છે! તું સત્યવાદી, સન્માર્ગી હતો તેથી તને અનેક કષ્ટ પડવા છતાં ત્હારી મનોવાચ્છના પરિપૂર્ણ થઈ છે. એક તરફથી પિતા અને બીજી તરફથી ધન; એ બન્નેની ત્હને પ્રાપ્તિ થઈ છે. સુખ અને શાંતિ શોધવા માટે તું જ્ઞાન શૂન્ય થઇ ચારે દિશાઓમાં ભટકતો હતો પરંતુ જો! કર્મનાં ફળનો કેવો પ્રતાપ છે! સત્કર્મ કરનાર મનુષ્યને ભગવાન સુખ અને શાંતિ કેવી રીતે મેળવી આપે છે? અરે! સત્યવાદી મનુષ્યોને સુખ, શાંતિ શોધતાં ફરે છે, એમજ કહેવું પડશે! પવિત્ર હૃદય, સત્ય વચન અને પર–સેવા: એ ત્રણે તે મંગલમય ભગવાનની વ્હાલી વસ્તુઓ છે, જે જીવાત્મા એ ત્રણ કાર્ય કરે છે તેના ઉપર ભગવાનની પ્રીતિ ઉત્પન્ન થાય છે. તે સંસારમાં સદા સુખ શાંતિમાં નિવાસ કરે છે.

પ્રકરણ ૪૪ મું.

ગુપ્ત ઉપદેશ.

મધ્ય રાત્રિનો સમય છે. સેવાશ્રમના કાર્યમાંથી પરવારી સર્વ બ્રહ્મચારિઓ નિદ્રાવસ્થ થયા છે. માત્ર નારાયણદેવ અગાશીમાં ઉભા ઉભા શીતળ પવનનું સેવન કરે છે. ધર્મવ્રત અગાશીની જોડેના ઓરડામાં બેઠો બેઠો દર્શનશાસ્ત્રનું અવલોકન કરી રહ્યો છે. ચંદ્રની શીતળ ચાદની સર્વ દિશામાં અમૃત રસ ઢાળી રહી છે. નર્મદાના મનોહર જળ ઉપર ચાંદનીનો પ્રકાશ પડવાથી જાણે તેમાં કોઈએ રૂપાની રેતી વેરી દીધી હોય તેવો ચળકાટ જણાય છે. નારાયણદેવે કહ્યું: “ ધર્મવ્રત ! ”

પુસ્તક બંધ કરી ધર્મવ્રત નારાયણદેવ પાસે અગાશીમાં આવી ઉભો. નારાયણદેવે કહ્યું: “ ભાઇ ! તું અધિકારી છે, મુમુક્ષુ છે, આશ્રમના સર્વ મનુષ્યોમાં તુ શ્રેષ્ઠ છે, ત્હારૂં ચિત્ત નિર્લોભ છે, ધર્મનિષ્ઠ છે, ત્હને પાત્ર જાણી અત્યારે કંઇક ગુપ્ત ઉપદેશ આપવાની ઇચ્છા થઇ છે. હું થોડા સમયમાં હવે નિવૃત્તિ પરાયણ થઇ જઇશ. અમારે યોગીઓને આવું બંધન જીવન પર્યંતને માટે ન જોઇએ. જગતના જીવોને કર્તવ્યબોધ આપવા માટે અમે કેટલાંક પરોપકારી કાર્યો કરીએ છીએ ખરાં, પરંતુ યોગ્ય મનુષ્યો તે કાર્ય ઉપાડી લેવા તૈયાર થતાં જ અમે તે કાર્યોમાંથી સર્પ–કંચુકીવત્ જૂદા પડી જઇએ છીએ–બંધન મુક્ત થઇએ છીએ. મ્હને ઇશ્વિરોપાસના કાર્યમાં અહિં અડચણ નડે છે. તેથી હું હિમાલયની કંદરાઓમાં જવા ઇચ્છું છું. તું સેવાશ્રમનું સર્વ કાર્ય ઉપાડી લે એવો છે, સર્વના સમક્ષ હું તને આશ્રમના અધિષ્ઠાતાના પદ ઉપર પ્રતિષ્ઠિત કરીશ.

પરંતુ હવે તને કેટલીક યોગની ક્રિયાઓ બતાવવાની ઇચ્છા છે. તે તું ધ્યાન દઇને સાંભળ અને તે પ્રમાણે વર્તવાનો યત્ન કર. હૃદયની પવિત્ર-

તાથી મનુષ્ય સાત્વિક વૃત્તિવાળો થાય છે પરંતુ યોગની ક્રિયાઓથી મનુષ્યને આત્મદર્શન થાય છે. આત્મદર્શન વિના મનુષ્ય [illegible] થઈ શકતો નથી. યોગીઓએ આત્મદર્શન કરેલું હોવાથી દિવ્ય દ્રષ્ટિને લીધે તેઓ પ્રત્યેક મનુષ્યનાં ભૂત, ભવિષ્ય, વર્તમાન અને પૃથ્વીમાં બનતા બનાવો જાણી શકે છે. હું તને તેમાંની જ કેટલીક ક્રિયાઓ ક્રમે ક્રમે કહું છું તે સાંભળ.

બ્રહ્મચારીએ પ્રથમ પ્રાણાયામ કરવા જોઇએ. બ્રહ્મચર્ય અને વીર્યધારણની સાથે પ્રાણાયામનો નિકટ સંબંધ છે. બ્રહ્મચર્ય શબ્દનો અર્થ જ વીર્ય ધારણ કરવું તે છે. તેથી દેહ બળવાન, ચિત્તની શુદ્ધિ અને ચિત્તની ઉન્નતિ થાય છે. તેમ થવાથી બ્રહ્મચારીઓ ઉત્તમ વિચારો અને ઉચ્ચતર કાર્યો કરવા શક્તિમાન થાય છે. પ્રાણાયામ નહિ કરવાથી સુંદર રમણીના અને લોભમોહના આકર્ષણમાંથી મનને પાછું હઠાવી શકાતું નથી. "અસત કાર્ય કરવું નહિ." એવો ઉપદેશ સર્વ મનુષ્યો આપે છે પરંતુ અસત્ કાર્ય તરફ મન ખેંચાય જ નહિ એવી ક્રિયા શિખવી જોઇએ. નહિ તો માત્ર ઉપદેશ આપવાથી શું ફળ? પ્રાણાયામ દ્વારા પ્રાણનું સંયમ થઈ શકે છે. પ્રાણાયામનું બીજું નામ પ્રાણસંયમ કહેવાય છે. આપણે દેવની પુજા કરીએ અને તે વખતે પણ જો પ્રાણ અન્યત્ર ભટકતા હોય તો પછી પૂજા, જપ, તપ, ધ્યાન, ધારણા, કશું યથાસ્થિત થઈ શકતું નથી. માટે પ્રથમ જ પ્રાણને વશ રાખતાં શીખવું જોઈએ. ઇચ્છા કરતાંજ પ્રાણને વશ કરી શકાતો નથી. તેને માટે તો ક્રિયા કરવી જોઈએ. તે ક્રિયાનું નામજ પ્રાણાયામ.

प्राण संयमनं नाम देहे प्राण विधारणम् ।
एष प्राण जयोपायः सर्व मृत्यु भयापहः ॥

"પ્રાણવાયુને શરીરમાં રોકી રાખવો એનું જ નામ પ્રાણસંયમ અથવા પ્રાણાયામ કહેવાય છે. એનાથી મરણને જીતી શકાય છે. પ્રાણાયામ દ્વારા અનેક રોગો મટાડી શકાય છે.

ધર્મવ્રતઃ "પ્રાણાયામ દ્વારા બહારના પ્રાણ અંદર આવે છે? પ્રાણસંયમ થાય શી રીતે? તે હું સમજી શકયો નથી."

નારાયણદેવઃ "આપણે જેને પ્રાણ કહીએ છીએ તે માત્ર વાયુ છે.

શરીરમાં દશ પ્રકારના વાયુ છે. તેમનાં નામ, પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન, નાગ, કૂર્મ, કૃકર, દેવદત્ત અને ધનંજય. હૃદયમાં પ્રાણવાયુ, ગુદામાં અપાન, નાભિમાં સમાન, કણ્ઠમાં ઉદાન અને શરીરમાં સર્વત્ર વ્યાન, એ પ્રમાણે સર્વે વાયુઓ વહન થાય છે. પ્રાણ અપાન વગેરે પાંચ વાયુ મુખ્ય અને પ્રખ્યાત છે. નાગાદિ બીજા પાંચ વાયુના સ્થાન કહું છું. બોલવામાં નાગવાયુ, નેત્ર બંધ ઉઘાડ કરવામાં કૂર્મ, છીંકવામાં કૃકર, બગાસું ખાવામાં દેવદત્ત, અને સર્વ શરીરમાં ધનંજય, એ પાંચ વાયુ પાંચ સ્થાનમાં છે. મનુષ્યનું મૃત્યુ થવા છતાં ધનંજય વાયુ મનુષ્યનું શરીર ત્યાગ કરી જતો નથી. જીવાત્માઓના જીવનરૂપી એ સર્વ વાયુઓ સમસ્ત નાડીમાં ભ્રમણ કરી રહ્યા છે.”

ધર્મવ્રતઃ “ એમાં હું બરાબર સમજી શક્યો નથી. ”

નારાયણદેવઃ “ પુનઃ કહું છું તે સાંભળ. જે વાયુ નાકના દ્વારવડે ખેંચાઈ નાભિ પર્યંત આવ જા કરે છે તેને પ્રાણવાયુ કહે છે. નાભિથી ગુદા સ્થાન પર્યંત—નીચલા વિભાગમાં—જે વાયુ આવ જા કરે છે તેને અપાન વાયુ કહે છે. જે સમયે નાકના દ્વારવડે વાયુ ખેંચાઈ નાભિમંડલ પર્યંત જાય છે તેજ સમયે અપાનવાયુ ગુદામાંથી ખેંચાઈ નાભિ પર્યંત આવે છે અર્થાત્ પેઢુનો ભાગ ફુલાવે છે. એ પ્રમાણે નાકના દ્વાર અને ગુદા સ્થાન એ બન્ને દિશામાંથી પ્રાણ અને અપાન વાયુ પૂરક સમયે નાભિ તરફ આકર્ષાય છે અને રેચક સમયે બન્ને વાયુ બે દિશામાં—ઉપર અને નીચે—ચાલ્યા જાય છે.

અપાન પ્રાણ વાયુનું અને પ્રાણ અપાન વાયુનું આકર્ષણ કરે છે. જેમ બાજ પક્ષીને પગે દોરી બાંધેલી હોય છે તે થોડું ઉડે છે ખરૂ પરંતુ પુનઃ પાછું આવે છે. તેમ પ્રાણવાયુ પણ નાકના દ્વારમાંથી બહાર નીકળવા છતાં પુનઃ અપાન વાયુ દ્વારા આકર્ષાઈ પુનઃ શરીરમાં પ્રવેશ કરે છે. એ બન્ને વાયુની આવ જા વડે મનુષ્ય જીવન ધારણ કરે છે. જ્યારે એ બન્ને વાયુ નાભિની ગાંઠ ભેદીને એકત્ર થઈ ઉડી જાય છે, ત્યારે મનુષ્ય મરણ પામે છે. મરણ વખતે એનેજ નાભિ—શ્વાસ કહે છે. એ બન્ને વાયુની મધ્યમાં નાભિમંડલ વચ્ચે રહેતા વાયુનું નામ સમાન વાયુ છે.

આયુર્વેદ અને અન્ય ગ્રન્થોમાં લખ્યું છે કેઃ પાંચ મુખ્ય વાયુ અને પાંચ ઉપવાયુ છે. તે સર્વમાં શ્વાસ નિશ્વાસની ક્રિયા કરતો પ્રાણવાયુ મુખ્ય છે. સ્થાન ભેદ થવાથી એજ વાયુનાં દશ નામ પડયાં છે. તંત્ર શાસ્ત્રમાં લખ્યું છે કેઃ "દેહમાંની કુન્ડલિની નામક શક્તિમાંથી એ પ્રાણવાયુ ઉત્પન્ન થયો છે. યોગીઓએ કુન્ડલિની શક્તિને વાયુ અને અગ્નિનો સુક્ષ્મ અંશ, વિજળીક પદાર્થ કહ્યો છે. એ શક્તિ મેરૂ દણ્ડ (બરડાના દણ્ડ)ના મધ્યમાં રહી જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા, એમ ત્રણ રૂપમાં વિભક્ત થઈ બાહ્યેન્દ્રિયનું તેમજ આંતર ઇન્દ્રિયનું કાર્ય—દેહનું સમસ્ત કાર્ય—કરવાની શક્તિ આપે છે. અસંખ્ય શૂન્ય અથવા વાયુ વાહિની ધમણીઓ મેરૂ દણ્ડ સાથે જોડાયલી જણાવવામાં આવે છે. તેમાં જ્ઞાન શક્તિ વાહક, ઇચ્છા શક્તિ વાહક અને ક્રિયા શક્તિ વાહક, એ ત્રણ નાડીઓ મુખ્ય કહેવામાં આવે છે. એ સર્વ નાડીઓને માર્ગે થઇને, વિજળિક શક્તિમય સુક્ષ્મવાયુ સહિત, જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા શક્તિ, એ ત્રણ સર્વ દેહમાં અને દેહના સકલ યંત્રમાં જોડાય છે.

પ્રાણાયામદ્વારા એ સર્વ વાયુઓનો સંયમ થાય છે. તેથી જ જ્ઞાન શક્તિ, ઇચ્છા શક્તિ અને ક્રિયા શક્તિ મનુષ્યને વશ થાય છે.

પ્રાણાયામ કરનાર મનુષ્યના પ્રાણ વશ હોવાથી અર્થાત્ શરીરનો વાયુ ઇચ્છા પ્રમાણે ત્યાગ અને ગ્રહણ કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે તેથી જ જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા મનુષ્યને આધિન થઈ પડે છે. તેથી પ્રાણ એકાએક બહાર નીકળી શકતા નથી.

ધર્મવ્રતઃ "પ્રાણાયામ શી રીતે કરી શકાય તે કહેવા કૃપા કરો."

નારાયણદેવઃ "યોગશાસ્ત્રના આચાર્ય પતંજલિ ભગવાને કહ્યું છે કેઃ **तस्मिन् सति श्वास प्रश्वास योर्गतिविच्छेदः प्राणायामः ॥** મનુષ્યોની શ્વાસ પ્રશ્વાસની ગતિ કુદરતી અવસ્થામાં હોય છે, તે ગતિનો ભંગ કરી શાસ્ત્રોક્ત નિયમને આધિન કરવી અથવા અમુક સ્થાને ધારણ કરવી એનું નામ પ્રાણાયામ. પ્રથમ આસન સિદ્ધ કર્યા પછી પ્રાણાયામ કરવામાં આવે તો તે અતિ સહજે સિદ્ધ થાય છે. શિવસંહિતામાં કહ્યું છે કેઃ "સોળ પ્રાણાયામ કર્યાથી સાધક પૂર્વ જન્મ અને આ જન્મના જ્ઞાનાજ્ઞાનથી થયેલાં

વિવિધ પ્રકારનાં પાપ અને પુણ્ય વિનષ્ટ કરી શકશે."

ધર્મવ્રતઃ "પુણ્ય પણ વિનષ્ટ કરી શકે ?"

નારાયણદેવઃ "હા, નિશ્ચય. પાપ અને પુણ્ય એ બન્ને બંધનનાં કારણ છે. ફેર એટલો જ કે એક સોનાની સાંકળ અને બીજી લોઢાની સાંકળ છે. પ્રાણાયામના સાધનથી કર્મબીજ દગ્ધ થઇ જાય છે. શિવજી ભગવાને શિવ સંહિતામાં કહ્યું છે કેઃ—

पूर्वार्जितानि कर्माणि प्राणायामेन निश्चितम् ।
नाशयेत साधको धीमानि्‌ लोकोद्भवानि च ॥

"પ્રાણાયામદ્વારા સાધકના પૂર્વ જન્મનાં અને આ જન્મનાં સર્વ કર્મો વિનાશ થાય છે." અગ્નિ જેમ રૂના ઢગલાને ક્ષણમાં બાળી ભસ્મ કરે છે તેમ પ્રાણાયામ રૂપ અગ્નિદ્વારા પાપ અને પુણ્ય સર્વ કર્મો દગ્ધ કરી શકાય છે. એટલુંજ નહિ પણ તે વ્યક્તિ આદિઅનાદિ આઠ સિદ્ધિઓ પ્રાપ્ત કરી પાપ પુણ્યરૂપ મહા સમુદ્રમાંથી તરી પાર જાય છે અને ત્રિલોકમાં પર્યટન કરી શકે છે અને એ અવસ્થા પાછી ત્રણ કલાક સુધી જો પ્રાણ વાયુ ધારણ કરી શકે તો તે મનુષ્યનાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે. તે યોગીને વાક્‌સિદ્ધિ થાય છે. તે તેની ઇચ્છા પ્રમાણે વિહાર કરી શકે છે. તેને દૂર દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે. ગમે તેટલે વેગળે બનતા બનાવો જાણી શકે છે. પરકાયા પ્રવેશ કરી શકે છે, માટીનું સુવર્ણ, રત્ન બનાવી શકે છે. ગમે તેવી ગુપ્ત વાતો જાણી શકે છે, તે અંતર્ધાન થઇ શકે છે, યોગને પ્રભાવે એ બધી શક્તિઓ તેનામાં જન્મ પામે છે, એટલુંજ નહિ પણ તેવા યોગીઓ આકાશ માર્ગે આવ જા કરી શકે છે. પ્રાણાયામનો અભ્યાસ કરનાર યોગીની જે સમયે ઘટાવસ્થા થાય છે, તે સમયે આ સંસારની એવી કોઈ પણ વસ્તુ નથી કે જે તેને માટે અલભ્ય–અશક્ય હોય. એ સમયે પ્રાણ, અપાન, નાદ, બિન્દુ, જીવાત્મા અને પરમાત્મા; એ સર્વનું એકત્ર મિલન થાય છે તેથી તે અવસ્થાને ઘટ અવસ્થા કહેવામાં આવે છે.

જો યોગી શરીરમાં એક પ્રહર વાયુ ધારણ કરી શકે અને પ્રત્યાહારમાં પણ તેટલુંજ સામર્થ્ય હોય તો તે યોગીને એક પ્રકારનો અદ્દભુત પદાર્થ

કહી શકાશે. તેને મુક્ત થતાં વિલંબ લાગતો નથી. યોગીજનો વિશ્વના સમસ્ત પદાર્થો જાણી શકે છે.* તેઓ વિશ્વમાં દ્રષ્યમાન થતા સર્વે પદાર્થને પોતાના આત્મારૂપે જાણે છે. જગતમાં આત્મા સિવાય અન્ય કશું નથી એજ તેમનું ધ્યાન હોય છે. તેઓ જગતમાં પોતાનાથી કશું ભિન્ન માનતા જ નથી. યોગીઓને અભ્યાસને લીધે એક પ્રહર વાયુ રોકવાનું સામર્થ્ય આવે છે ત્યારે તે યોગી એક અંગુઠા ઉપર ઉભો રહી શકે છે. એ અવસ્થા પછી અભ્યાસ વધતાં યોગીનો પ્રાણવાયુ ઇંડા અને પિંગલા નાડીનો ત્યાગ કરી આગળ જાય અને સુષુમ્ણા નાડીના મધ્યમાં છિદ્ર માર્ગે ગમન કરે ત્યારે તેને પરિચય અવસ્થા કહેવામાં આવે છે. એ વાયુ ક્રિયા શક્તિ ગ્રહણ કરીને સમસ્ત ષટ્ ચક્રો ભેદ કરી જ્યારે સુનિશ્ચિત અવસ્થા પ્રાપ્ત કરે છે, ત્યારે સાધક યોગીને નિશ્ચિત ત્રિકુટ કર્મનાં દર્શન થાય છે. અર્થાત્ કર્મજન્ય આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિ દૈવિક નામના ત્રિવિધ તાપનો અનુભવ થાય છે. તેમ થવાથી સ્વસ્વરૂપનાં દર્શન થાય છે અને પ્રકૃતિ જાણી શકાય છે. યોગીઓ પ્રણવ ૐ દ્વારા એ કર્મોનો વિચાર કરી શકે છે. જો યોગીઓને સ્વકર્મોને લીધે અનેક જન્મ ગ્રહણ કરવાની આવશ્યકતા જણાય છે તો તેઓ પોતાના યોગૈશ્વર્યદ્વારા કાયવ્યુહ ધારણ કરી એક જન્મમાં જ અનેક જન્મ લઈ કર્મનાં ફળ પૂરાં કરી લે છે."

ધર્મવ્રતઃ "પ્રાણાયામ શબ્દનો અર્થ શો ?"

નારાયણદેવઃ "પ્રાણાયામનો અર્થ પ્રાણનો આયામ અર્થાત્ પ્રાણનો સંચય કરવો તે."

ધર્મવ્રતઃ "પ્રાણાયામની ક્રિયાદ્વારા શ્વાસપ્રશ્વાસની કુદરતી ગતિ ભંગ કરી તેને શાસ્ત્રોક્ત નિયમમાં લાવવી, અથવા અમુક સ્થળ ઉપર સ્થિર કરવી." એ વાત પાતંજલ દર્શનમાં કહી છે અને આપ પણ કહો છો શ્વાસપ્રશ્વાસની એવી ક્રિયાથી દૈહિક ઉપકાર થઇ શકે છે. પરંતુ તેની

*યોગી પુરૂષોની અદ્ભૂત શક્તિ સંબંધી પ્રાચીન ઋષિ પ્રણિત ગ્રન્થમાં જે લખ્યું છે તે સત્ય છે. આ લેખકની એ સંબંધી સંપૂર્ણ ખાત્રી થઇ છે—જાતી અનુભવ થયો છે—નજરોનજર જોવામાં આવ્યું છે. લેખક.

સાથે પ્રાણુસંયમને શો સંબંધ છે તે હું સમજી શકતો નથી."

નારાયણદેવઃ "બહુ સારી વાત છે. આ બધી યોગની ક્રિયામાં જ્યાં જ્યાં સમજણ ના પડે ત્યાં ત્યાં અવશ્ય પૂછવું. સમજ્યા વિના કોઇ પણ ક્રિયા કરવી નિરર્થક છે એટલું જ નહિ પણ કોઈ વખત મનુષ્યોને ભયંકર રોગો થઇ ગયેલા સાંભળ્યુ છે. પ્રથમ તું શ્વાસપ્રશ્વાસ એ શું છે તે સાંભળ. એક મહેશ્વરમાંથી આકાશ ઉત્પન્ન થયુ છે. તે નિરંજન અને આકાર રહિત છે. આકાશમાંથી વાયુ ઉત્પન્ન થયો છે. વાયુમાંથી તેજ, તેજમાંથી જળ, અને જળમાંથી પૃથ્વિ ઉત્પન્ન થઇ છે.

આકાશને પાશ્ચાત્ય વિદ્વાનો ઇથર કહે છે. આપણી દ્રષ્ટિએ જે કોઇ વસ્તુ જણાય છે, જેનો આકાર છે, તે સર્વ આકાશમાંથી ઉત્પન્ન થયું છે. તેથી આકાશને જ જડ વસ્તુની માતા કહી શકાશે. આકાશ એ એક સર્વ વ્યાપી મહા સત્તા છે. ચંદ્ર, સૂર્ય, ગ્રહનક્ષત્ર, પર્વત, નદી, સરોવર, વૃક્ષ, લતા, મનુષ્ય, તૃણ, રેતી વગેરે જે કહો તે સર્વ એ આકાશના એક એક રજકણ સ્વરૂપ છે. એનાથી કોઇ પૃથક નથી. સર્વ એક જ છે. માત્ર ચક્કર ફરવું એજ છે. સમસ્ત જગત્ નિત્ય પરિવર્તનશીલ જડ છે. આપણે પ્રત્યેક જીવ–પદાર્થો એના ક્ષુદ્ર ક્ષુદ્ર (ભમરડાની પેઠે–કુંડાળાની પેઠે–) ફરનાર છીએ. એ કુંડાળું ફરતું ફરતું ક્યાં જઇને કેવી રીતે સ્થિતિ પામે છે તેની ગણત્રી જ નથી. કેટલાંક ભૂતની સમષ્ટિએ આ જગતરૂપ મહાન કુંડાળામાં પ્રવેશ કર્યો, અને કેટલાક દિવસ પર્યંત એ કુંડાળામાં ફર્યા કર્યું, અને કેટલાક દિવસ પર્યંત એ કુંડાળામાં ફર્યા પછી તેણે મનુષ્ય દેહ ધારણ કર્યો. ત્યાર પછી કદાચ તેણે જન્તુનુ રૂપ ધારણ કર્યું, ત્યાર પછી કેટલાંક વર્ષ પછી તેણે જ ખનિજ પદાર્થને નામે એક પ્રકારનો આકાર ધારણ કર્યો; એ પ્રમાણે ક્રમે ક્રમે પરિવર્તન થતું જ ચાલ્યુ. એ મહાન પરિવર્તનનુ કેવું પરિણામ આવે છે તે સહજે સમજી શકાય તેવું નથી.

આકાશ એ સાકારરૂપે દ્રવ્ય પદાર્થ થયો છે. જે બહાર જણાય છે તેજ મનુષ્યના શરીરમાં પણ છે. પ્રાણની સૂક્ષ્મ સ્પંદનશીલ અવસ્થામાં આકાશ એજ મનનું સ્વરૂપ સમજી લેવું. યોગબળવડે જો

કોઇ યોગી પોતાના મનમાં સૂક્ષ્મ કમ્પન ઉત્પન્ન કરી શકે તો તે જોઇ શકશે કે સમગ્ર જગત્ કેવળ સૂક્ષ્માસૂક્ષ્મ કમ્પનનીજ સમષ્ટિ છે. કોઇકિ ઔષધની શક્તિ એવી હોય છે કે તે આપણી ઇન્દ્રિયોને અતીત રાજ્યમાં લઈ જઇ શકે છે. એવી અવસ્થામાં આપણે તે સૂક્ષ્મ કમ્પન (sublle vibration)નો સ્પષ્ટ અનુભવ કરી શકીએ છીએ.

તને સારી પેઠે યાદ હશે કે વર્ત્તમાન સમયના પાશ્ચાત્ય વિજ્ઞાને અને આધુનિક સમયના પદાર્થ વિજ્ઞાને નક્કી કર્યું છે કેઃ જગત્‌ના સમસ્ત પદાર્થમાં એક અખણ્ડ શક્તિ રહેલી હોય છે. એ શક્તિનો બે પ્રકારે અનુભવ થઈ શકે છે. અર્થાત્ તેની બે અવસ્થા હોય છે. એક અવ્યક્ત અને બીજી વ્યક્ત. એ શક્તિ તેજ પ્રાણ અને પ્રાણનો સંયમ એજ પ્રાણાયામ.

ધર્મવ્રતઃ "જરા થોભો. ઘણા વિષયો જાણવાની જરૂર છે. આપે કહ્યું કેઃ પ્રાણનો સંયમ એ પ્રાણાયામ અને પ્રાણનો અર્થ શક્તિની સમષ્ટિ કહી. ત્યારે શું શક્તિનો સંયમ કરવો એનું જ નામ પ્રાણાયામ કહી શકાય કે ?"

નારાયણદેવ: "મુખ્ય રીતે એમજ ધારી લેવું."

ધર્મવ્રતઃ "શક્તિનો સંયમ કરવાની જરૂર શી ?"

નારાયણદેવઃ "સંયમ કરવાથી શક્તિને પોતાના વશમાં રાખી શકાય છે સંયમનો અર્થજ વશ કરવું તે. આપણી શક્તિ જો આપણા વશમાં હોય તો આપણે ધારીએ તે પ્રમાણે તેનો ઉપયોગ કરી શકીએ છીએ. આપણે ધારીએ તેટલાં વર્ષ જીવન ધારણ કરી શકીએ. દેવતાઓને આપણે આજ્ઞા કરી બોલાવી શકીએ, મૃતક આત્માને પ્રશ્નો પૂછી શકીએ, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રદ્વારા ધારેલાં કાર્યો કરાવી શકીએ. શક્તિ એ એક અખણ્ડ સમુદ્ર જેવી છે. ત્હારી શક્તિ, મ્હારી શક્તિ, ચન્દ્ર, સૂર્યની શક્તિ, એમાં કશો ભેદ નથી. તેમ છતાં તેમાં દેહને લીધે ભેદ જણાય છે. પ્રાણાયામ અથવા પ્રાણ–સંયમ વડે તે ભેદ નષ્ટ કરી શકાય છે અને તેમ થવાથી મનુષ્ય સર્વ શક્તિમાન થાય છે. પવન વિજય સ્વરોદયમાં લખ્યું છે કેઃ " પંચતત્વમય શરીરમાં પાંચ તત્વો સૂક્ષ્મરૂપે વિદ્યમાન રહ્યાં છે. એ તત્વજ્ઞાનીઓ જાણે છે. શરીર સ્વરોદયની રીતે કહેતાં શ્વાસ એ જીવના શરીરમાં "હંસ"

ની પેઠે વહન થાય છે. તે વડે ભૂત, ભવિષ્ય અને વર્તમાન—ત્રિકાળનું—જ્ઞાન થાય છે."

શ્વાસપ્રવાસ લેતાં "હંસ" શબ્દનો ઉચ્ચાર થાય છે. શ્વાસ લેતી વખતે "હ" અને મૂકતી વખતે "સ" એવો શબ્દોચ્ચાર થાય છે. "હ" એટલે શિવ અને "સ" એટલે શક્તિ, શ્વાસ ગ્રહણ કર્યા પછી જો તેનો ત્યાગ કરી શકાય નહિ તો તેથી મૃત્યુ થાય છે અર્થાત્ "હં" શિવસ્વરૂપ અથવા મૃત્યુ. "સ" થી શ્વાસનો ત્યાગ એ જ શક્તિરૂપ. જ્યાં સુધી જીવાત્મા શ્વાસ મૂકે છે ત્યાં સુધી તેનું મૃત્યુ થતું નથી. શ્વાસ રોકાઈ જાય છે ત્યારે જ મૃત્યુ થાય છે. એ પ્રમાણે શ્વાસપ્રશ્વાસ થવો એનું નામ જીવનું જીવત્વ. મનુષ્યથી તે ક્ષુદ્ર કીટ પર્યંત "હંસ" રૂપ છે. રાત દિવસ મળી પ્રત્યેક મનુષ્ય ૨૧૬૦૦ વખત શ્વાસપ્રશ્વાસની ક્રિયા કરે છે.

"હંસ" એજ જીવાત્મા છે એવું શાસ્ત્રમાં પણ કહ્યું છે. તને યાદ હશે કેઃ ભૂત શુદ્ધિમાં કહ્યું છે કેઃ "**हंस इति जीवात्मानं ।**" હંસ એજ જીવાત્મા.

પરંતુ વાસ્તવિક રીતે શું આપણે જે સ્થૂળ વાયુ શ્વાસપ્રશ્વાસનો અનુભવ કરીએ છીએ તેજ જીવાત્મા છે? જો તેમજ હોય તો વાયુ એજ આપણો જીવાત્મા કહી શકાય, પરંતુ વાસ્તવિક રીતે તેમ નથી. આપણાં યોગ શાસ્ત્રોનું અંગ્રેજી ભાષાંતર તેં કદાચ જોયું હશે. અંગ્રેજી લેખકોએ પ્રાણ શબ્દનો અર્થ શ્વાસપ્રશ્વાસ કર્યો છે, આપણા દેશના ઘણા—અમુક ધર્મ સંપ્રદાયનાં અંગ્રેજી ભણેલાં મનુષ્યો શ્વાસપ્રશ્વાસને પ્રાણ કહે છે. પરંતુ એનું કારણ તેમની ઓછી બુદ્ધિ! તેઓ યોગ શાસ્ત્રમાં સમજી શક્યા નથી તેથી જ એવા ગપાટા ઠોકે છે!

મૂળ વાત એ છે કે પ્રાણ એજ જીવનશક્તિ છે. શ્વાસ પ્રશ્વાસ દ્વારા જીવ દેહમાં સર્વત્ર શક્તિનો સંચાર થાય છે. શ્વાસપ્રશ્વાસ એ શક્તિને આવવા જવાનો માર્ગ છે. એ સ્થૂળ માર્ગ દ્વારા સૂક્ષ્મ શક્તિની ક્રિયા કરવી, શક્તિને વશ કરવી, એનુંજ નામ પ્રાણાયામ કહેવાય છે. શ્વાસપ્રશ્વાસની ક્રિયાનું નામ પ્રાણાયામ નથી. તો પણ રાંધતી વખતે અથવા ચોખાને

સ્વેચ્છા પ્રમાણે નરમ કરવા માટે જેમ સ્થૂલ અગ્નિ શક્તિની સહાયતા લેવાની જરૂર પડે છે તેમ પ્રાણશક્તિને વશ કરવા માટે શ્વાસ ક્રિયાની સ્થૂળ સહાયતાની જરૂર છે. શ્વાસપ્રશ્વાસને દેહ યંત્રની ગતિ નિયામક મૂળયંત્ર (Fly wheel) કહી શકાશે. એ મૂળયંત્ર ચલાવવાથી સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ અને તેનાથી પણ અતિ સૂક્ષ્મ અને તેથી પણ વિશેષ સૂક્ષ્મ જીવન શક્તિ પ્રાપ્ત કરવી અથવા પ્રાણમાં એ ક્રિયા કરવી એનું નામ પ્રાણાયામ છે.

ધર્મવ્રતઃ "પ્રાણાયામ કેવી રીતે કરવા ?"

નારાયણદેવઃ "પ્રાણાયામ કરતાં આવડવાથી નર–જીવ દેવત્વ પ્રાપ્ત કરે છે. એ ક્રિયા કઠિન છે ખરી પરંતુ તેમ હોવા છતાં અભ્યાસથી સર્વ વસ્તુઓ શીખી શકાય છે. બ્રાહ્મણોમાં અનેક એ ક્રિયા જાણતા નથી. માત્ર નાક પકડી બેસવુ એને તેઓ પ્રાણાયામ જાણે છે ' વળી ઘણા મનુષ્યો એ ક્રિયાને કઠિન જાણી કરતા નથી, પરંતુ હું પુનઃ કહું છું કેઃ અભ્યાસ કરવાથી જણાશે કે કોઈ પણ વસ્તુ કઠિન છે જ નહિ. કઠિન કહેનારાઓનું મન દ્રઢ નહિ હોવાથી એવાં, કાયર પુરૂષોનાં જેવાં, વચનો તેઓ બોલે છે. જેઓ દ્રઢ મનના છે તેઓ તો ગમે તેવાં કઠિન કાર્યો કરી શકે છે. એ ક્રિયા એવી ઉત્તમ ફળપ્રદ છે કે જેની વિશેષ પ્રશંસા કરવી વ્યર્થ છે. જેમ જેમ થોડો અભ્યાસ થતો જશે તેમ તેમ યોગનું ફળ દર્શન કરી શકાશે.

યોગની ક્રિયાઓ કરવામાં જેટલાં વિઘ્નો ઉપસ્થિત થતાં જોવામાં આવે છે તેમાં "શંકા" એ સર્વથી મહાન વિઘ્ન છે. યોગની ક્રિયાઓ ઉપર અને યોગની આશ્ચર્યકારક સિદ્ધિઓ ઉપર "શંકા" રાખવી એજ મનુષ્યોને તેના કાર્યમાં સુફળ પ્રાપ્ત કરવા દેતું નથી. "હું આટલી બધી મહેનત કરૂ છું, આટલા બધા કઠિન નિયમો પાળું છું તેમ છતાં તેનું ફળ મળશે કે નહિ ?" એવી શંકા કરવી એજ યોગની ક્રિયાઓમાં મ્હોટું વિઘ્ન નાંખે છે. ઋષિ મુનિઓના અનુભવથી લખાયલાં યોગ શાસ્ત્રો તદ્દન સત્ય છે. તેના ઉપર શ્રદ્ધા રાખીને પ્રત્યેક ક્રિયાઓ કરવી, તો તેથી મનુષ્ય ઈશ્વરરૂપ થશે. અનેક પ્રકારની આશ્ચર્યજનક શક્તિઓ પ્રાપ્ત કરશે. ત્રિકાળ

જ્ઞાનિ, દિવ્ય દ્રષ્ટિમાન અને આત્મદર્શી થશે. પ્રાણયામમાં એક ખુબી એ છે કે: જેમ જેમ એ ક્રિયાનો અભ્યાસ થતો જશે તેમ તેમ ઉત્તમ ફળ પ્રાપ્ત થશે. કઠિનતા તો છે, પરંતુ માત્ર જેમ બને તેમ વીર્યનું રક્ષણ કરવું અને સત્કર્મ કરવાં. એટલી કઠિનતા સહન કરવાથી પ્રાણાયામ બહુ સહેલાઇથી સાધ્ય કરી શકાશે. ગૃહસ્થાશ્રમી મનુષ્ય ગૃહસ્થાશ્રમ ચલાવે અને શાસ્ત્રોક્ત રીતે બ્રહ્મચર્ય પાળે તો તેથી તેને માટે પ્રાણાયામ કઠિન નથી. પ્રાણાયામ શિખનાર માટે જાણવા જેવી બાબતો પ્રથમ કહું છું તે સાંભળ.

પ્રાણાયામ સાધન કરવામાં સિદ્ધિ પ્રાપ્ત કર્યાથી સર્વ વ્યાધિ નષ્ટ થાય છે, પરંતુ પ્રથમ શિખનાર મનુષ્યે એ માટે ગુરૂપદેશ પ્રાપ્ત કરી ક્રમે ક્રમે અભ્યાસ કરવો, કારણ કે એમાં જીવ સાથે રમત કરવાની છે. વાયુને શરીરમાં લેતાં મૂકતાં ન આવડે તો વાયુ પ્રકોપ થાય છે, અને તેથી શ્વાસ, શિરપીડા, આંખ, કાન, માથું વગેરેમાં સખ્ત દરદ થાય છે, અને કેટલીક વખત જીવનું જોખમ થાય છે. માટે શ્વાસ મૂકતી વખતે અર્થાત્ રેચક સમયે યોગ્ય રીતે મૂકવો અને પૂરક કરતી સમયે યોગ્ય રીતે પૂરક કરવો. કુમ્ભક સમયે પણ તેમ જ કરવું. ક્રમે ક્રમે અને યોગ્ય રીતે પ્રાણાયામ શિખ્યાથી તે સત્વર આવડે છે, અને કોઈ પ્રકારનો રોગ થતો નથી. તેમ નહિ કરવાથી–ઉતાવળે ઉતાવળે કામ પતાવી દેવાનો યત્ન કરી શ્વાસપ્રશ્વાસ લેવા મૂકવામાં નિયમ નહિ રાખવાથી–તેનું પરિણામ અનિષ્ટ કરવામાં આવે છે. પ્રાણવાયુ જો એકાએક શરીરમાં રોકાઈ જાય તો તે બધો વાયુ રોમકૂપમાંથી નિકળે છે અને તે વડે દેહ નાશ પામે છે. માટે જંગલના મદમસ્ત હાથીની પેઠે એને ક્રમે ક્રમે વશ કરવો જોઇએ. જંગલના હાથી અને સિંહ જેમ ધીમે ધીમે મનુષ્ય સાથે હળી જાય છે, વશ થાય છે અને તેના ઉપર પ્રેમ રાખતાં શીખે છે તેજ પ્રમાણે પ્રાણવાયુ પણ ધીમે ધીમે મનુષ્યને વશ થાય છે–મૃદુ થાય છે. એકદમ કોઇ પણ કામ થતું નથી."

ધર્મવ્રતઃ "યોગ્ય રીતે રેચક, પૂરક અને કુંભક કરવાની ક્રિયા બતાવો. યોગ્ય રીતે એટલે કેવી રીતે ?"

નારાયણદેવઃ "પ્રાણ અથવા અપાન વાયુને ઉતાવળે–જોરથી મૂકી

દેવો નહિ. એટલા બધા ધીમા વેગથી શ્વાસ મૂકવો કે જેથી હથેલીમાં લીધેલી રેતીનો રજકણ ઉડી જઇ શકે નહિ. શ્વાસ લેવામાં અને મૂકવામાં બહુ ધીમી ગતિ રાખવી. કદી પણ ઉતાવળે એ કામ કરવું નહિ. રેચક, પૂરક અને કુમ્ભક સમયે શરીરનો કોઇ ભાગ કમ્પે નહિ અથવા વાંકો વળે નહિ એ માટે સાવચેતી રાખવી."

ધર્મવ્રતઃ "વાયુ ધીમે ધીમે લેવો અને મૂકવો એ તો ખરૂ પણ તે માટે કાંઈ નિયમ છે ખરો? યોગ્યશાસ્ત્રનાં સર્વ કામ ગણત્રીથી થતાં હોવાં જોઇએ. તે જાણવામાં ન આવે તો પછી ધીમે ધીમે એટલે કયા પ્રકારે શ્વાસ લેવા મૂકવાની ક્રિયા કરી શકાય?"

નારાયણદેવઃ "યોગ્યશાસ્ત્રમાં, બીજાં શાસ્ત્રોની પેઠે ગણત્રી વગર જરા પણ આગળ ચલાય તેમ નથી. પ્રાણવાયુ શરીરમાંથી બાર આંગળ પર્યંત બહાર નીકળે એજ તેનું સાધારણ પ્રમાણ છે. નાકના દ્વારથી બાર આંગળ પર્યંતનો એક લાકડીનો કટકો કાપી તે સ્થળે એક રૂનું પુમડું મૂકવું. જો શ્વાસ મૂકતી વખતે રૂના પુમડાથી વેગળો શ્વાસ જાય તો કેટલે વેગળે સુધી જાય છે તેનું માપ કાઢવું. જો—નાકના દ્વારથી—બાર આંગળથી વેગળે શ્વાસની ગતિ જાય તો એમ જાણવું કે તેનું જીવન ક્ષયને માર્ગે ચઢ્યુ છે. પ્રાણાયામની ક્રિયા જાણવામાં આવે તો ઘણી સહેલાઇથી ક્ષયનું નિવારણ કરી શકાય છે. સંગિત કરતી વખતે સોળ આંગળ, આહાર કરતી વખતે વિશ આંગળ, ચાલતી વખતે ચોવીશ આંગળ, નિદ્રા વખતે ત્રિશ આંગળ અને સ્ત્રી—સંસર્ગ સમયે છત્રિશ આંગળ પર્યંત શ્વાસ નીકળે છે. મહેનતનું કામ—કસરત કરતી વખતે તેથી પણ અધિક વેગળે સુધી શ્વાસ નીકળે છે. યાદ રાખજે કેઃ સાધારણ રીતે બાર આંગળ શ્વાસ વહે છે તેથી જો વિશેષ આગળ વધે તો મનુષ્યના પ્રાણને હાનિ સમજવી. કોઈ પણ કાર્ય સમયે બાર આંગળથી અધિક પર્યંત ગતિ થવી ના જોઇએ. પ્રાણાયામ દ્વારા એવી અનિયમિત ગતિને નિયમમાં રાખવી એજ કર્તવ્ય છે. સ્ત્રીસંયોગથી જીવનને હાનિ થાય છે. તેનું મુખ્ય કારણ શ્વાસની વિશેષ ગતિ થાય છે. એથી જેમ શ્વાસની ગતિને શરીરમાં રોકી શકાય અર્થાત્ શ્વાસ ઓછા મૂકાય તેમ તેનું

આયુષ્ય લંબાય છે—તેમ તે નિરોગી રહે છે. જેની જીવનશક્તિ ઓછી થઈ છે, અર્થાત્ બીજી રીતે કહીએ તો જેની ધાતુ નિર્બળ થઈ છે તે બહુ ઉતાવળે શ્વાસ મૂકે છે. એટલે તેનો શ્વાસ એંશી આંગળ જેટલે વેગળે જઇ પડે છે તેથી જ તે સત્વર મૃત્યુના મુખ તરફ જાય છે એમ કહેવું જોઇએ.

પ્રાણાયામની ચોક્કસ ક્રિયા દ્વારા નિશ્વાસને સ્વાભાવિક અવસ્થામાં અર્થાત્ સર્વ કાર્ય કરતી વખતે, સર્વ સમયે, બાર આંગળની હદમાં રાખવાથી જ જીવની શક્તિનું રક્ષણ થઇ શકે છે, પરંતુ પ્રાણાયામની ઉચ્ચ અવસ્થામાં પહોંચવાથી તે યોગી ઘણા દિવસ પર્યંત શ્વાસની ગતિને રોકવા શક્તિમાન થાય છે. તેઓ ઘણા દિવસ પર્યંત શ્વાસહિન સ્થિતિમાં રહી શકે છે.

ગમે તેમ હો, પ્રાણાયામ શિખવાની ઇચ્છાવાળા પુરૂષે શ્વાસપ્રશ્વાસની સ્વાભાવિક ગતિ તરફ લક્ષ્ય રાખી પ્રાણની સાધના માટે પ્રાણાયામ કરવા જોઇએ. શિખાઉ પુરૂષ જ્યારે કુમ્ભક પછી રેચક કરે અર્થાત્ બહારથી આકર્ષેલા વાયુનો પરિત્યાગ કરે ત્યારે તેણે વિશેષ સાવચેતી રાખવી જોઇએ.

ધર્મવ્રત: "પ્રાણાયામનો આરંભ શી રીતે કરવો તે મ્હને શિખવો."

નારાયણદેવ: "પ્રાણાયામ કરતાં પહેલાં પ્રથમ નાડી શોધન કરવું જોઇએ."

ધર્મવ્રત: "નાડી શોધન શી રીતે કરી શકાય ?"

નારાયણદેવ: "હઠયોગ—શાસ્ત્રમાં નેતિ, ધૌતિ, બસ્તિ વગેરે બાહ્યક્રિયાઓ દ્વારા નાડી શોધન કરવાની ક્રિયાઓ બતાવી છે પરંતુ એ ગૃહત્યાગી, સાધુ સન્યાસીઓને ઉપયોગનું છે. ગૃહસ્થાશ્રમી જનોને માટે એ ક્રિયાઓ દુષ્કર છે. આંતરપ્રયોગ દ્વારા નાડી શોધન થઇ શકે તે જ ક્રિયા તને શિખવવામાં આવશે. એ ક્રિયા સર્વ જનોને માટે સરલ છે. પરમયોગી શંકરાચાર્ય ભગવાને નાડી શુદ્ધિને માટે જે ક્રિયા કહી છે તે જ તને કહું છું. પરંતુ તે પહેલાં આસનસિદ્ધિ કરવી જોઇએ. આસનસિદ્ધિ થયા પછી નાડી શુદ્ધિ કરવી. અને નાડી શુદ્ધિ થયા પછી પ્રાણાયામ કરવા.

પ્રાણાયામ દ્વારા મનના મળ ધોવાઈ જાય છે, તે નિર્મળ મન બ્રહ્મમાં સ્થિર થાય છે, તેથી જ શાસ્ત્રમાં પ્રાણાયામની ક્રિયા કથવામાં આવી છે.

પરંતુ પ્રથમ નાડી શોધન કરવું એ કર્તવ્ય છે. નાડી શુદ્ધ થવાથી પ્રાણાયામ કરવાની શક્તિ જન્મે છે. અંગુઠા વડે નાકનું જમણું છિદ્ર બંધ કરી ડાબા નસ્કોરા દ્વારા ધીમે ધીમે બહારને વાયુ યથાશક્તિ ખેંચવો અને જરા પણ વિલંબ કર્યા વગર ડાબુ નસ્કોરૂં બંધ કરી જમણા નસ્કોરા દ્વારા તે વાયુ ધીમે ધીમે બહાર કાઢી નાંખવો. વળી પાછો જમણા નસ્કોરા દ્વારા યથાશક્તિ વાયુ ખેંચવો અને ડાબા નસ્કોરા દ્વારા બહાર કાઢવો. શ્વાસ ધીમે ધીમે ખેંચ્યા પછી તુરત જ ધીમે ધીમે બહાર કાઢવો. તેમ કરવામા વિલંબ કરવો નહિ. આ પ્રમાણે દિવસ અને રાત્રિ મળીને ચાર વખત કરવું."

ધર્મવ્રતઃ "કયે કયે સમયે એ ક્રિયા કરવી ?"

નારાયણદેવઃ "પ્રાતઃસમયે, મધ્યાહ્ન સમયે, સાંજે અને રાત્રે; મળીને ચાર વખત."

ધર્મવ્રતઃ "એક વખત શ્વાસ ખેંચવો અને એક વખત બહાર કાઢવો, એ પ્રમાણે દરેક સમયે કેટલી વખત કરવું ?"

નારાયણદેવઃ "એક વખત વાયુ ખેંચવો અને એક વખત મૂકવો, વળી પાછો ખેંચવો અને વળી પાછો મૂકી દેવો. એ પ્રમાણે પ્રથમ શરૂવાતમાં પ્રત્યેક વખત એક વખત કરવું. ત્યાર પછી વધતાં વધતાં એક એક નસ્કોરાંમાંથી ત્રણ વખત, પછી પાંચ વખત અને પછી સાત વખત કરવું. યત્નપૂર્વક અભ્યાસ કરવાથી એક મહિનામાં અથવા કોઈ પ્રસંગે દોઢ કે બે માસમાં નાડી શોધન સિદ્ધિ પ્રાપ્ત થશે. શરીર જ્યારે ઘણું હલકું જણાય ત્યારે એમ જાણવું કે સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. નિદ્રા, આળસ, જડતા દૂર થઈ જશે. તમારી ઇન્દ્રિયોમાં એક પ્રકારની સૂક્ષ્મજ્ઞાન શક્તિ વૃદ્ધિ પામશે. તેનાથી કેટલાક ચમત્કારિક બનાવો જોવામાં આવશે. પાશ્ચાત્ય વિજ્ઞાન–પણ્ડિતો જે બનાવો કબૂલ કરતા નથી તેવા બનાવો બની શકે છે. યોગ શક્તિનો એવોજ અલૌકિક પ્રભાવ છે. નાડી શોધન–સિદ્ધિ થવાનાં અનેક પ્રમાણ જોવામાં અને સાંભળવામાં આવશે. ક્વચિત્ મન નિર્મળ આનન્દથી મસ્ત થશે, ક્વચિત્ નાકમાં અપૂર્વ સુગંધીનો અનુભવ થશે. વિશેષ સાધના કરવાથી અન્ય મનુષ્યના મનના વિચારો તું જાણી શકશે. અન્ય મનુષ્યના વિચારો છબીની

પેઠે ત્હારી દ્રષ્ટિ સમીપ તાદ્રશ્ય થશે. સમયે ઘણે વેગળે થતી વાતચિત ત્હને સંભળાશે. આવું સર્વ સમયે બનતું નથી. કોઇ પ્રસંગે જ બને છે. ત્યાર પછી પ્રાણાયામ કરવાથી જે સિદ્ધિ પ્રાપ્ત થાય છે તે પૂર્વે કહેવામાં આવ્યું છે, ભવિષ્યમાં પણ કહેવામાં આવશે. પરંતુ યાદ રાખજે કે: યોગની વિભૂતિ પ્રાપ્ત કરવી એ યોગનો ઉદ્દેશ નથી. યોગ શિખવાનો ઉદ્દેશ તો આત્માની મુક્તિ છે. દીર્ઘ—જીવન પ્રાપ્ત કરવું, નીરોગી થવું, વીર્ય સ્તંભન કરવું, અનેક ચમત્કારો કરી બતાવવા એ સર્વ બાજીગરની રમત જેવું છે! યોગ સાધના કરવાથી એ બધુ પોતાની મેળે જન્મ પામે છે. પરંતુ એમાં આસક્ત થઇને અથવા સંસારી જનોમાં માન પામવા કે લોભ તૃષ્ણાથી એવી રમતો કરવી નહિ! તેમ થવાથી ઉદ્દેશ વિફળ થશે. જાળમાંથી મુક્ત થવા જતાં કાંટાના પિંજરામાં પૂરાવું પડશે!

ધર્મવ્રત: " જીવની જીવન શક્તિ અથવા શક્તિ—કેન્દ્ર કોને કહે છે?"

નારાયણદેવ: " પ્રાણને જીવની શક્તિ કહે છે. પ્રાણની શક્તિનું કેન્દ્ર કુણ્ડલિની શક્તિમાં છે."

ધર્મવ્રત: " કુણ્ડલિની શક્તિનું સ્થાન ક્યાં?"

નારાયણદેવ: " યોગિઓએ યોગ શક્તિ વડે જે શોધ કરી છે તે ઉપરથી જાણવામાં આવ્યું છે કે: " બરડાના મેરૂદણ્ડની બે બાજુએ ઇડા અને પિંગલા નામક બે સ્નાયવીય શક્તિ પ્રવાહ વહે છે, અને મેરૂ દણ્ડના મજ્જામાં—વચલા ભાગમાં—સુષુમ્ણા નામક એક શૂન્ય નળી છે. એ શૂન્ય નળીના નીચલા ભાગમાં કુણ્ડલિનીના આધારભૂત પદ્મ છે. એ પદ્મ ત્રિકોણાકાર છે. તેને ચાર પાંખડાં છે. તે ગુદા અને જનનેન્દ્રિય એ બેના મધ્યસ્થાનમાં કેન્દ્ર છે. સર્પની આકૃતિ જેવી છે. તે કેન્દ્રમાં કુણ્ડલિની શક્તિ સર્વ નાડીઓને વિંટળાઇ અર્ધ ત્રિકુટિલાકૃતિ, સર્પરૂપ, પુછડું મુખમાં રાખી સુષુમ્ણાના છિદ્રને રોકી રહી છે. સર્પિણીના આકારે કેન્દ્રસ્થાને કુણ્ડલિની શક્તિ નિદ્રાવસ્થામાં રહે છે ખરી પરંતુ તે પોતાના તેજવડે સર્વદા પ્રકાશમાન છે. સન્ધિસ્થાનમાં સર્પવત તે વાક્યના બીજ સ્વરૂપ વાગિન્દ્રિય છે.

કુણ્ડલિની શક્તિ એ પ્રચણ્ડ સ્વર્ણ વર્ણની, તેજ સ્વરૂપ દેદિપ્યમાન અને

સત્વ, રજ તથા તમ, એ ત્રણ ગુણને જન્મ આપનાર બ્રહ્મ શક્તિ છે. જે સ્થળે કુણ્ડલિની છે તે ત્રિકોણાકાર કન્દમાં બિડાયલા પુષ્પ જેવું રક્તવર્ણનું કામ-બીજ છે. તે બીજ સ્વચ્છ કરેલા સુવર્ણ અક્ષરરૂપે ધારવું. સુષુમ્ણા નાડી તેને આલિંગન કરી રહી છે. તે બીજ કેન્દ્રમાં સ્થિત છે. શરત ઋતુના સંપૂર્ણ ચન્દ્રની પેઠે શોભાયમાન, મહા તેજ પૂર્ણ દેદિપ્યમાન છે. કોટિ સૂર્યની પેઠે પ્રકાશમાન છે. વળી કોટિ ચન્દ્ર સમાન સુશીતલ, વળી અગ્નિ, સૂર્ય, ચન્દ્ર અથવા લં ખં ઠં એ ત્રણ એકત્ર થઇ ત્રિપુરા ભૈરવીદેવી જેવી, એને કામ-બીજની સંજ્ઞા પ્રાપ્ત થઈ છે, અર્થાત પરમ તેજ સ્વરૂપ બીજ સંજ્ઞા પ્રાપ્ત થયેલી દેવી ત્રિપુરા મૂળાધારમાં સ્થિતિ કરી રહી છે.

એ બીજ ક્રિયા શક્તિ અને જ્ઞાનશક્તિ સાથે યુક્ત થઈ સર્વ શરીર-માંના ચક્રોમાં ભ્રમણ કરે છે. ક્વચિત્ ઉંચે, ક્વચિત્ જનનેન્દ્રિય પાસેના મૂલાધાર ચક્રના જળમાં પ્રવેશ કરે છે. અતિ સૂક્ષ્મ સ્વરૂપ અગ્નિ શિખાની પેઠે જ્વાળા વિશિષ્ટ, કેન્દ્રમાં સ્થિત, પરમ તેજ સ્વરૂપ સ્વયંભૂ સંજ્ઞાવાળુ મૂળાધારનું અધિષ્ઠાતા છે.

તું સમજી શક્યો હશે કે એ શક્તિ તેજ આપણી જીવન શક્તિ છે. એ શક્તિને વશ કરી શકાય અને શક્તિ સાથે શિવનો અર્થાત્ આત્માનો સંબંધ સાંધી શકાય તો આપણી મુક્તિ થાય.

શક્તિ એજ જીવાત્મા છે, કારણ કે વાસના એજ શક્તિ. એ શક્તિ અતિશય સૂક્ષ્મ શક્તિમાંથી અથવા એ શક્તિ કેન્દ્રમાંથી, પાશ્ચાત્ય પણ્ડિતો કબૂલ કરે છે કે: "Moleculesમાંથી આ સ્થૂલ વિશ્વ શરીર ઉત્પન્ન થયુ છે: તેની પાછળ હજી પણ એક સૂક્ષ્મ શક્તિ અને તેની પાછળ તેથી પણ એક સૂક્ષ્મ શક્તિ રહેલી છે. એક અદ્રષ્ય શક્તિએ તેની આગળની શક્તિઓને સજીવન કરી રાખી છે*

એજ શક્તિ એટલે પ્રાણ અને તેજ પ્રાણનો સંયમ કરવો એનું નામ પ્રાણાયામ કહેવાય છે. પ્રાણાયામ શિખવાનો સહેલો ઉપાય કહું છું તે સાંભળ. બાહ્ય વૃત્તિ, આભ્યન્તર વૃત્તિ અને સ્તંભ વૃત્તિ, એ ત્રણ પ્રકારના

* The unseen universe P. P 198, 199.

પ્રાણાયામ છે. તે દેશ, કાલ અને સંખ્યા દ્વારા દીર્ઘ સૂક્ષ્મ રૂપે સિદ્ધ થતા જોવામાં આવે છે. પ્રથમ જ કહ્યું છે કે: પ્રાણાયામની ક્રિયા કરવી એ એક પ્રકારનો પ્રાણવાયુનો વ્યાપાર છે, અર્થાત્ પ્રાણવાયુ એ સ્વાભાવિકરૂપે સદા સર્વદા અંતરમાં અને બહાર આવ જા કરે છે. તે ક્રિયા અને યત્નવડે તેની સ્વાભાવિક ગતિનો ભંગ કરી અન્ય એક પ્રકારના નવન નિયમમાં વશ કરવો, એનું નામ પ્રાણાયામ.

ધર્મવ્રત: "એક દિવસ આપે મુદ્રાની વાત કરી હતી, તે મુદ્રાનો અભ્યાસ ન કરવામાં આવે તો પ્રાણાયામનો અભ્યાસ થાય કે નહિ?"

નારાયણદેવ: "પ્રથમ પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઇએ. આગળથી મુદ્રાનો અભ્યાસ કરવાની અગત્ય નથી. મુદ્રા એ પ્રાણાયામનું એક અંગ છે. પરંતુ મુદ્રાનો અભ્યાસ કર્યા વગર જ માત્ર પ્રાણાયામના અભ્યાસથી જ કુણ્ડલિની શક્તિને જાગ્રત કરી શકાય છે અને ષટ્ચક્ર ભેદ થઇ શકે છે."

ધર્મવ્રત: "પ્રાણાયામનો અભ્યાસ શરૂવાતથી કેવી રીતે કરવો તે કહેવાની કૃપા કરો."

નારાયણદેવ: "એક એકાંત સ્વચ્છ ધુપદીપ, પુષ્પથી સુગંધિત કરેલી ઓરડીમાં દર્ભાશન ઉપર પૂર્વાભિ મુખે અથવા ઉત્તરાભિ મુખે બેસવું. આયુર્વેદ શાસ્ત્ર પ્રમાણે દર્ભનું આસન અનેક રોગોનો નાશ કરે છે. દોઢ હાથ કે બે હાથનું આસન જોઇએ. જો તે ના મળે તો જ અંતે શેતરંજી, ગુણપાટ અથવા ઘાસની સાદડી વાપરવી. ત્યાર પછી એક સ્વચ્છ લંગોટી વાળવી. યોગશાસ્ત્રના નિયમ પ્રમાણે હાથ પગ વડે કેટલાંક આસનો કરી શકાય છે. એ આસનો દીર્ઘ આયુષ્ય આપે છે. શરીર કમ્પાયમાન થાય નહિ, વેદના થાય નહિ, ચિત્તમાં કોઇ પ્રકારનો ઉદ્વેગ થાય નહિ, ચિત્ત ચંચળ થાય નહિ, એવી રીતે બેસવું એનું નામ આસન છે: પ્રથમ અભ્યાસ કરતી વખતે થોડું કષ્ટ થાય છે પરંતુ પછીથી તો મનમાં એક પ્રકારનો આનંદ જ થાય છે. આસન કરતાં પહેલાં એક વખત ગુરૂદેવ પાસેથી તે શિખી લેવું જોઇએ તો વિશેષ સુખપ્રદ થાય છે. શરૂવાતમાં શિખનાર માટે પદ્માસન

ઠીક થઇ પડે છે. પલાંઠી વાળી બેઠા પછી જમણો પગ ડાબી જાંગ ઉપર ચઢાવી તેના પર ડાબો હાથ ચત્તો રાખવો, અને ડાબો પગ જમણી જાંગ ઉપર ચઢાવવો, અને તેના પર જમણો હાથ ચત્તો રાખવો. ત્યાર પછી પોતાની નાસિકાના અગ્ર ભાગ ઉપર દ્રષ્ટિ રાખવી. દંતના મૂળમાં જીભ સ્થાપવી. દાઢી અને છાતી ઉન્નત કરી નાક દ્વારા ધીમે ધીમે યથાશક્તિ વાયુ ખેંચવો (એને પૂરક કહે છે), અને થોડીવાર શરીરમાં રોકી રાખવો (એને કુમ્ભક કહે છે). પછી પુનઃ તેને ધીમે ધીમે છોડી દેવો (એને રેચક કહે છે). એનું નામ પદ્માસન. એનાથી શરીરના અનેક વ્યાધિ નષ્ટ થાય છે. અભ્યાસ કરતાં નાક હાથ વડે બંધ કર્યા શિવાય રેચક, પૂરક, કુમ્ભક કરી શકાય છે. વાયુ જેમ શરીરમાં વધારે વખત રોકી શકાય તેમજ સારૂં. એ આસનથી સાધકને અનેક લાભ પ્રાપ્ત થાય છે. એ આસન પછી બીજાં આસનો શીખી શકાશે. હાલ તુરત એજ આસન કરવું.

હવે પ્રાણાયામની વાત કહું છું. પ્રાણાયામ બે પ્રકારના છે. એક સગર્ભ અને એક નિગર્ભ. "ૐ" અથવા ઇષ્ટ દેવતાના બીજ મંત્ર સહિત પ્રાણાયામ કરવામાં આવે તેને સગર્ભ પ્રાણાયાણ કહે છે અને મંત્રાદિ હિન, કેવળ એક, બે, એમ સંખ્યા ગણીને જે પ્રાણાયામ કરવામાં આવે તેને નિગર્ભ પ્રાણાયામ કહે છે. ૐ અથવા કોઇ બીજ મંત્ર સાથે જે પ્રાણાયામ કરવામાં આવે છે તે અતિ શીઘ્ર ફળદાયક થાય છે, અને નિગર્ભ પ્રાણાયામથી ફલ મળવામાં થોડો વિલંબ થાય છે. જે મનુષ્યને મંત્ર સાથે પ્રાણાયામ કરવાની સગવડ છે તેણે તે પ્રમાણે જ કરવા. પરંતુ જેને તેવી સગવડ ના હોય તેણે એક, બે, ત્રણ એમ સંખ્યા ગણતાં ગણતાં પ્રાણાયામ કરવા. પરંતુ મંત્ર અથવા સંખ્યાની ગણત્રી કર્યા વગરના પ્રાણાયામથી ફલ પ્રાપ્તિમાં વિશેષ વિલંબથાય છે અથવા ફળ પ્રાપ્ત થતું નથી. કારણ કે તાલ સાથે નિશ્વાસ પ્રવાસનું કાર્ય પરિપૂર્ણ કરવું જોઇએ.

આસન કર્યા પછી જમણા હાથના અંગુઠા દ્વારા જમણું નસ્કોરૂં બંધ કરી—વાયુ રોધ કરી—ૐ અથવા ઇષ્ટ દેવતાનો મૂળ મંત્ર ૧૬ વખત જપ કરતાં કરતાં ડાબા નસ્કોરા દ્વારા બહારનો વાયુ પેટમાં પૂરવો. પછી કનિષ્ઠ

અને અનામિકા આંગળીવડે ડાબું નસ્કોરૂં બંધ કરવું, અને વાયુને રોકી ૐ અથવા મૂળ ઇષ્ટ મંત્રનો ચાર ગણી વાર એટલે ૬૪ વખત જપ કરતાં કરતાં કુંભક કરવો. ત્યાર પછી જમણા નસ્કોરા પરથી અંગુઠો ઉંચકી લઇ તેમાંથી ૩૨ વખત જપ કરતાં કરતાં વાયુને ધીમે ધીમે બહાર કાઢી નાંખવો અર્થાત્ રેચક કરવો. ડાબા હાથની આંગળીઓના કાપા ઉપર અંગુઠાવડે જપની સંખ્યા ગણવી.

એજ પ્રમાણે પુનઃ જમણા નસ્કોરાથી વાયુ પૂરવો, રોકવો અને ડાબે નસ્કોરેથી બહાર કાઢવો. વળી પાછો ડાબે નસ્કોરેથી પૂરી, કુમ્ભક કરી જમણે નસ્કોરેથી બહાર કાઢવો. દરેક વખતે ૐકાર અથવા ઇષ્ટમંત્રનો જપ કરવો. ધીમે ધીમે બન્ને નસ્કોરાં વડે વાયુ ખેંચી કુમ્ભક કરવો અને બન્ને નસ્કોરાંમાંથી બહાર કાઢી રેચક કરવો. આ પ્રમાણે પ્રાણવાયુને વશ કરવાની–પ્રાણાયામ નામની ક્રિયા કરવી.

શરૂવાતમાં પ્રાણાયામ કરતાં જો ૧૬ ની સંખ્યા પૂરી કરતાં કષ્ટ જણાય તો ૮–૩૨–૧૬ રાખવી. અથવા ૪–૧૬–૮ રાખવી.

પ્રાણાયામ કરતી વખતે એક બીજી સૂચના ધ્યાનમાં રાખવાની છે તે સાંભળ. પ્રથમ ડાબા નસ્કોરા દ્વારા પેટમાંનો વાયુ ૧૦–૧૫ વખત બહાર કાઢી નાંખ્યા પછી વાયુને ખેંચવો. વળી આસન કર્યા પછી ગુદાને સંકોચી નાભીને બરડા તરફ ખેંચવી જેથી વાયુ ગુદા દ્વારે થઇને બહાર નીકળી જાય નહિ. એને ઉડ્ડીયાન બંધ કહે છે. ત્યાર પછી દાઢીને છાતી સાથે લગાડવી. એને જાલંધર બંધ કહે છે. એ સમયે હૃદયમાં ૐ અથવા ઇષ્ટ-દેવતાનું–ગુરૂદેવનું ધ્યાન કરવું. પ્રાણાયામ કરતાં પહેલાં ઉડ્ડીયાન બંધ અને જાલંધર બંધ કરવા. પછી પ્રાણાયામ કરવા.

તને પ્રાણાયામના હ્રસ્વ, દીર્ઘ અને સૂક્ષ્મ સબંધી કહ્યું હતું તે શ્વાસ પ્રશ્વાસની અતિ દીર્ઘતા, હ્રસ્વતા અથવા સૂક્ષ્મતા જાણવી. તેલની ધાર પડતી હોય તેમ અવિચ્છિન્ન શ્વાસ વહે તેજ શ્રેષ્ઠ. શ્વાસ ત્રુટક વહેવો જોઇએ નહિ.

પ્રાણાયામની દીર્ઘતા અથવા સૂક્ષ્મતા માત્ર સ્થાન કાલ અને સંખ્યા દ્વારા જાણવામાં આવે છે. પ્રથમ ત્હારે પરીક્ષા કરી જોવું કે ત્હારો બહાર

કાઢેલો શ્વાસ વાયુ કેટલે દૂર પર્યંત વેગળો જાય છે. પિંજેલું સારૂં રૂનું પુમડું લઇ શ્વાસ મૂકવો. પછી ધીમે ધીમે તે પુમડું થોડુ થોડું વેગળું મૂકી શ્વાસ મૂકી તેને ઉરાડી જોવું, કે નિશ્વાસ વાયુથી તે કયાં મૂકેલું હોય છે ત્યાંથી કયાં ઉડી શકે છે? તે ઉપરથી હ્રસ્વ, દીર્ઘતા જણાશે. કુમ્ભકની હ્રસ્વ દીર્ઘતા જાણુ-વાનો ઉપાય એ છે કે: કુમ્ભક સમયે સર્વ શરીરમાં વાયુ પૂર્ણ થઇ ગયો છે એવું જાણવામાં આવે તો તે દીર્ઘ જાણવો. પ્રાણાયામમાં સર્વત્ર દીર્ઘ હોય તે સારૂ. જે કાંઇ હ્રસ્વ હોય તે દીર્ઘ કરી લેવું.

એ પ્રમાણે હ્રસ્વ અને દીર્ઘ કરવાનો ઉપાય ૐકાર અથવા બીજ-મંત્રની સંખ્યા ઉપર આધાર રાખે છે તે તને પ્રથમજ કહ્યું છે. એ સમયે શરીરમાં ચોક્કસ પ્રમાણમાં શ્વાસ ગ્રહણ કરતાં અને ચોક્કસ પ્રમાણમાં પરિ-ત્યાગ કરતાં કરતાં દેહ સમાન ભારવાળું થશે. પ્રાણાયામ કરતી વખતે મનમાં ને મનમાંજ વિચારવું કે ૐકાર અથવા બીજમંત્ર તાલની સાથે પુરક સમયે શરીરમા જાય છે. કુંભક સમયે તાલે તાલે પ્રત્યેક શિરાઓમાં, સ્નાયુની સમસ્ત ગ્રંથિઓમાં, અને સમસ્ત શરીરમાં પ્રવેશ કરે છે. અને રેચક સમયે તાલે તાલે બહાર જાય છે.

આ પ્રમાણે પ્રાણાયામનો અભ્યાસ કરવો. એનાથી પ્રથમ ત્હને અતિ-શય શાંતિ જણાશે. ખરો આનંદ કોને કહે છે તેનો તને અનુભવ થશે. સમસ્ત દિવસ ગદ્ધાવૈતરૂ કરીને આવ્યા પછી એક વખત પ્રાણાયામ કરવાથી અત્યંત વિશ્રાંતિ સુખનો અનુભવ થશે. એવું સુખ જીવનમાં કદી પણ અનુ-ભવ્યું નહિ હોય. વિશેષ અભ્યાસ થતાં મુખ તેજસ્વી થશે. નિસ્તેજપણું, કદ્રુપપણું દૂર થશે, ગળાનો સ્વર મધુર મિષ્ટ થશે, નેત્રની જ્યોતિ વધશે, શરીર નિરોગી થશે, સ્મરણશક્તિ વધશે, અને નવી જુવાની જણાશે.

એ પ્રમાણે કેટલાક દિવસ પ્રાણાયામનો અભ્યાસ કર્યા પછી પાતંજ-લયોગ દર્શન, ઘેરંડસંહિતા, શિવસંહિતા, યાજ્ઞવલ્કય અને અષ્ટાવક્ર સંહિ-તાનું અધ્યયન કરજે, અને તે પછીથી ક્રિયાઓ કરવા માંડજે. તને સિદ્ધિ પ્રાપ્ત થશે. જે સમયે ત્હને અડચણ પડે તે સમયે તું મ્હારૂં સ્મરણ કરજે. આપણો આત્મા એકજ છે. હું જ્યાં હોઇશ ત્યાંથી ત્હારા હૃદયમાં પ્રવેશી

ને તે ક્રિયાઓમાં ત્હને સિદ્ધ કરી દઇશ. પ્રભુ ત્હારૂ કલ્યાણ કરશે.

હવે બીજી એક બે ક્રિયાઓ કહું તે ધ્યાનમાં ઉતારી લે. પ્રાણાયામ પછીની એ ક્રિયાઓ બહુ ફલદાયક છે. પ્રથમ ઇડાનાડી અર્થાત્ ડાબા નસ્કોરા દ્વારા ધીમે ધીમે વાયુ ખેંચી ફેફસાં ભરી દેવાં. કે સમયે સ્નાયુ પ્રવાહ સાથે મનનો સંયોગ કરી ત્હારે ધારણા કરવી કે તું એ સ્નાયુ પ્રવાહને ઇડાનાડીમાં થઇને નીચેની બાજુએ લઇ જઇ, કુણ્ડલિની શક્તિના આધારભૂત મૂલાધારના ત્રિકોણ પદ્મ ઉપર અતિશય દ્રઢ રૂપે આઘાત કરે છે. એ પ્રમાણે કર્યા પછી એ સ્નાયુ પ્રવાહને થોડી વાર એ સ્થાને જ સ્થિર કરવો. ત્યાર પછી કલ્પના કરવી કે એ સમસ્ત સ્નાયવીય શક્તિ પ્રવાહને શ્વાસની સાથે ઉચેની દિશા તરફ ખેંચી લેવામાં આવે છે. ત્યાર પછી જમણા નસ્કોરા દ્વારા વાયુને ધીમે ધીમે બહાર કાઢી નાંખવા. એ પ્રમાણે ક્રિયા કર્યા પછી એક બીજી ક્રિયા કરવાની છે તેને કુંભક કહે છે.

અધ રાત્રિને સમયે ઉપર પ્રમાણે ફેફસામાં વાયુ પૂર્ણ કર્યા પછી બન્ને કાનનાં છિદ્રો હાથ વડે બંધ કરી કુંભક કરવો. અભ્યાસ થતાં થતા ધીમે ધીમે જમણા કાન દ્વારા શરીરમાંથી શબ્દ થતો સંભળાશે. પ્રથમ સૂં સૂં સૂં જેવો શબ્દ સંભળાશે. કેટલાક દિવસ અભ્યાસ કર્યા પછી ધીમે ધીમે બંસી ધ્વનિ, મેઘગર્જના, ઝાંઝ વાગતી હોય તેવો ધ્વનિ, ભ્રમર ગુંજન, ઘંટા ધ્વનિ, તુરી–ભેરી, મૃદંગ, દુંદુભિ, વગેરે વિવિધ પ્રકારનાં વાદ્યોનો ધ્વનિ સંભળાશે.* નિત્ય અભ્યાસ કરતાં કરતાં ક્રમશઃ એવાં સર્વ વાદ્યોનો ધ્વનિ સાંભળી શકાય છે. ત્યાર પછી વિશેષ અભ્યાસ કરવાથી હૃદયસ્થિત અનાહત નામક ચક્રમાંથી અતિ આશ્ચર્યકારક શબ્દ અને તેમાંથી અનેક

* અંગ્રેજી વિદ્યાને પ્રતાપે અને નવીન સંપ્રદાયના શિક્ષણને પ્રતાપે પિંડ પોષક મહા પુરૂષો આ બધી વાતોને ગપાટા માનશે પરંતુ આ લેખકે એક મહાન નિઃસ્વાર્થી યોગીરાજનાં દર્શન વખતે એવા ધ્વનિ સાંભળ્યા છે, અને એ સિવાય યોગશાસ્ત્રની બીજી કેટલીક અદ્ભૂત–આશ્ચર્યજનક ક્રિયાઓ નજરે જોઈ છે, એટલે તે સર્વ સત્યજ છે. માત્ર તેને ગપાષ્ટક માનનારાઓ ઢોંગી અને કાયર પુરૂષો છે એમ કહેવું પડશે. **લેખક.**

શબ્દો સંભળાશે. અંતે યોગીજનો નયન બંધ કરી—ધ્યાનાવસ્થ થઇ અંતરમાં, અનાહત પદ્મમાંથી નીકળતા પ્રતિધ્વનિની અંદર રહેલી જ્યોતિનું દર્શન કરે છે. તે દીપકની જ્યોતિ જેવા જ્યોતિર્મય બ્રહ્મમાં યોગિ જનોનું મન જોડાઇ બ્રહ્મ રૂપી વિષ્ણુના પરમપદમાં લીન થવા શક્તિમાન થાય છે.

ધર્મવ્રત! તને અગત્યની સર્વ સૂચના આપી છે. હું આજથી ત્રણ દિવસ સુધી સમાધિ ગુહામાં રહીશ. એટલા વખતમાં તું પ્રાણાયામ બરાબર શીખી લે. તેમાં તને કંઇ વિઘ્ન આવશે તો હું બતાવીશ. આજથી ચોથે દિવસે હું સૂક્ષ્મ દેહ ધારણ કરી આકાશ માર્ગે ઉતરાખંડ ચાલ્યો જઇશ. મ્હારો આશિર્વાદ છે કે તું એક મહાન યોગી થશે અને થોડા વર્ષ પછી આશ્રમનું કાર્ય અન્ય એક લાયક બ્રહ્મચારીને સોંપી તું પણ ઉતરાખંડમાં જશે. ત્હારી ગાદી પર આવનાર પ્રત્યેક બ્રહ્મચારીને એ પ્રમાણે બ્રહ્મ લાભ થશે. આશ્રમના કાર્ય માટે પેલા સોલીસીટર વગેરે ગૃહસ્થો તૈયાર થયા છે તે હવે કેટલાંક કામો કરશે. એ કાર્ય ધીમે ધીમે ભારતવર્ષમાં પ્રચલિત થશે."

ધર્મવ્રતે કહ્યું: "દિનબંધુ! આપની મ્હારા ઉપર અતિશય કૃપા થઇ છે. મ્હારા જેવા અધમનો આપે ઉદ્ધાર કર્યો છે! આપ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ છો. આપની આજ્ઞા શિરોમાન્ય કરૂં છું."

એમ કહી તે નારાયણદેવને સાષ્ટાંગ દણ્ડવત્ કરવા નીચે પડયો. થોડી વારે બેઠો થવા ગયો તે ક્ષણે તેણે જોયું કે નારાયણદેવને બેઠાં બેઠાં સમાધિ થઇ ગઇ છે. તેમનું શરીર જડવત્ થઇ ગયું છે. તેણે બે બ્રહ્મચારીઓને બોલાવી મહારાજને ગુહામાં લઇ જઇ આસન પર બેસાડી દીધા.

ઉપસંહાર.

પ્રબોધચન્દ્રના પિતાએ જીવનના અંતીમ ભાગમાં લાખો રૂપિયા સંચય કર્યા હતા. ક્રોધને લીધે તેમણે દેશત્યાગ કર્યો હતો, અને આફ્રિકા જઇ દ્રવ્યોપાર્જન કર્યું હતું. તે ઘેર જવા માટેજ ભરૂચ આવી પહોંચ્યા હતા, પરંતુ શરીર બગડવાથી સ્ટેશનની ધર્મશાળામાં થોડી વાર રોભ્યા. એટલામાં ધર્મવ્રત અને પ્રિયવ્રતનો મેળાપ થયો. શરીર અચેતન થતાં બન્ને બ્રહ્મચારીઓએ તેમની ટ્રંક ઉચાપત કરી હતી. પિતાનું સર્વ દ્રવ્ય પ્રબોધચંદ્રને મળ્યું. તેણે તે દ્રવ્ય "સેવાશ્રમ"માં દાન કરવાની ઇચ્છા દર્શાવી પરંતુ નારાયણદેવે તે લેવાની ના કહી. તેમની કઠોર પરીક્ષામાં પ્રબોધચંદ્ર પાસ થયો છે. એ દ્રવ્ય લઇને પ્રબોધચંદ્ર થોડાં વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહેશે તો તેથી અનેક દુઃખી દરિદ્રી મનુષ્યોનું કલ્યાણ સધાશે, એમ જાણીને પ્રબોધચન્દ્રનો ઘણો આગ્રહ હોવા છતાં નારાયણદેવે તે દ્રવ્ય લેવા ના કહી. જે ઉદ્દેશથી નારાયણદેવે પ્રબોધચંદ્રના હાથમાં તેના પિતાના દ્રવ્ય ભંડારની વ્યવસ્થા સોંપી હતી તે દ્રવ્યનો ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી પ્રબોધચંદ્રે સદ્ઉપયોગ કરવા માંડયો હતો.

ઘેર ગયા પછી પ્રબોધચંદ્રે પિતાની શ્રાદ્ધ, દાનાદિ ક્રિયા કરી. તે સમયે શહેરનાં અનેક અનાથ દુઃખી જનોને ભોજન વસ્ત્ર આપવામાં આવ્યાં. તે ઉપરાંત અનાથોને માટે એક "અનાથાશ્રમ" અને નિરૂદ્યોગી જનોને માટે એક "ઉદ્યોગાશ્રમ"ની પ્રતિષ્ઠા કરી. પિતાના દ્રવ્યમાંથી તેણે એક પાઇ પણ પોતાના સુખભોગના ઉપયોગમાં લીધી નહિ. તેમાંથી તેણે જે બે આશ્રમો ઉઘાડયાં હતાં, તેની ઉપર સતત દેખરેખ રાખી અનેક દુઃખી દરિદ્રીઓના અંતઃકરણનો આશિર્વાદ લેવા માંડયો હતો. દેશમાં અનેક મનુષ્યો વિદ્યા અને હુન્નર વગર ભૂખ્યા તરસ્યા આમતેમ અથડાતા ભટકાતા વિચ-

રતા હતા! તેમને શોધી શોધાવી પોતાના અનાથાશ્રમમાં અને ઉદ્યોગાશ્રમમાં લાવી રાખવા માંડયા. દેશસેવા અને અતિથિસેવા કરવામાં પણ તે પાછળ પડયો નહતો. દેશમાં ચારે તરફ તેનો યશ ગવાઈ રહ્યો હતો. પ્રખ્યાત વર્તમાનપત્રના અધિપતિઓ અને મ્હોટા મ્હોટા અમલદારો તેનાં આદર્શ આશ્રમો જોવા આવતા અને ત્યાંની સુંદર વ્યવસ્થા જોઇ સંતોષાનંદ પ્રદર્શિત કરતા. તે સર્વને કહેતો કે: " **ભાષણો કરીને બેસી રહેવાનો આ વખત નથી. આ વખતે તો સ્થળે સ્થળે "અનાથાશ્રમો" અને "ઉદ્યોગાશ્રમો" સ્થાપી દેશબંધુઓને ઉન્નતિને માર્ગે લઇ જવાથીજ દેશનું કલ્યાણ થશે.** " પરોપકાર કરવાનું બ્હાનું કાઢી અનેક આશ્રમો સ્થપાયાં છે ખરાં પરંતુ સ્વાર્થનો ભોગ આપીને દેશ બંધુઓની દાઝ જાણીને ભાગ્યેજ કોઇ કામ કરતું હશે! સ્વાર્થનો ભોગ અપાવો જોઇએ. દેશબંધુઓની દુઃખ દરિદ્રતાની લાગણી થવી જોઇએ. તેમને પોતાના કુટુંબી જનો જાણી સન્માર્ગે દોરવા જોઇએ. તો જ દેશનુ કલ્યાણ થશે. ઉચ્ચ વિદ્યાના વિસ્તારની આવશ્યકતા છે તેના કરતાં દેશી ઉદ્યોગો વધારવાની વિશેષ આવશ્યકતા છે. ઘણા શ્રીમંતો દ્રવ્ય એકઠું કરી જાણે છે પણ તેનો દેશ–સેવાના મહદ્ કાર્યમાં સદુપયોગ થતો નથી! જ્યારે દેશ બંધુઓ " અનાથાશ્રમ–સેવાશ્રમ " અને સાથે સાથે " ઉદ્યોગાશ્રમો " સ્થાપશે ત્યારે જ આર્યાવર્તમાં પુનઃ " આર્યો "નાં દર્શન થશે." પ્રબોધચંદ્રનો એ નિર્ભય અભિપ્રાય સાંભળી ઘણા શ્રીમંતો અને અમલદારો તેની પ્રશંસા કરતા.

પરંતુ આ સમયે વિપિનચંદ્રની બહુ માઠી અવસ્થા હતી. તેણે નઠારી સંગતિને લીધે અધર્મ અને અનીતિનો માર્ગ પકડયો હતો. તે તેને શરૂવાતમાં તો લાભદાયક જણાયો પરંતુ થોડા સમયમાં જ તેનાં માઠાં ફળો તેને ચાખવાં પડ્યાં. દુશ્ચરિત્રવાન મિત્રોએ તેને જ ધીમે ધીમે વિશ્વાસઘાત કરવા માંડયો. અંતે બિચારા પ્રબોધચંદ્ર જેવા પવિત્ર અંતઃકરણના સન્માર્ગી પુરૂષને વિશ્વાસઘાત કર્યા પછી તેનું જે પરિણામ આવ્યું તે વાંચકોથી અજાણ્યું નથી! વિપિનનું ઘર બળી ગયા પછી તે એક ભાડાના ઘરમાં હમણાં પત્ની

પુત્ર લઇને નિવાસ કરતો હતો. પિતાની મરણક્રિયા કર્યા પછી પ્રબોધચંદ્ર તુરતજ વિપિનચંદ્રની પાસે ગયો. તેને જોતાં જ વિપિન ચમક્યો !

પ્રબોધચંદ્રે કહ્યું: "ભાઈ! મ્હારા સર્વ અપરાધ ભૂલી જા. સાચું હોય કે જુઠું હોય, તેની ચિંતા નથી. મ્હારી પાસે ત્હારૂં જે કાંઈ માંગતું હોય તે હું ત્હને આપવા તૈયાર છું."

પ્રબોધની નમ્ર વાણી સાંભળી વિપિન નીચું જોઇ રહ્યો. જેને તેણે અનેક કષ્ટ આપ્યાં છે, જેની તેણે આબરૂ લીધી છે, જેનાં પત્ની પુત્રને તેણે રસ્તાનાં ભિખારી બનાવ્યાં હતાં તે પ્રબોધચંદ્ર કેવા નમ્ર શબ્દો બોલે છે! અહા! આવી રીતે બીજું કોણ વર્તી શકે? શત્રુની શત્રુતા કોણ ભૂલી શકે? દુઃખ દેનારને કોણ સુખ આપવા તૈયાર થાય? અપમાન આપનારને કોણ માન આપે? જીવન–સર્વસ્વ છીનવી લેનારને કોણ દ્રવ્ય આપવા જાય! ધન્ય પ્રબોધચંદ્ર! અપકાર કરનાર ઉપર ઉપકાર કરવાનું તો તું જ શિખ્યો છે! ધન્ય નારાયણદેવ! જગતમાં ત્હમારા જેવા મહાપુરૂષો હોય તો જ મનુષ્યને સત્શિક્ષા પ્રાપ્ત થાય! તો જ મનુષ્યો અપકાર, અપમાન, વૈર અને દ્વેષ ભૂલી જઇ સર્વત્ર બંધુતા સ્થાપી શકે! ઉપદેશકનું હૃદય ઉપદેશ પામ્યું હોય તો જ તેના ઉપદેશની સચોટ અસર થાય છે. જેનું હૃદય પ્રેમમય છે હોય તે જ સર્વત્ર પ્રેમ પ્રસારી શકે છે!

વિપિન હજી નીચું જોઇ રહ્યો હતો. તે મનમાં જ બોલ્યો: "પ્રબોધ મનુષ્ય નથી. તે સ્વર્ગનો કોઈ દેવ છે. દેવ સિવાય અન્ય કોઈ ભયંકર અપરાધની ક્ષમા આપી શકે નહિ. દેવ શિવાય કોઇ વૈર દ્વેષ ભૂલી શકે નહિ. ખરેખર! પ્રબોધ સ્વર્ગનો દેવ છે. મ્હેં એના વિરૂદ્ધ કેવું ભયંકર કપટ રચ્યુ હતું! મ્હેં એના વિરૂદ્ધ ખોટું હુકમનામુ કરાવી તેને ઘરબહાર કાઢયો હતો! મ્હેં તેનાં સ્ત્રીપુત્રને રખડાવી દીધાં હતાં! જો કોઇ બીજો હોય તો મ્હારા એ અપરાધની મ્હને શિક્ષા આપ્યા વગર રહે કે? નહિ, કદી નહિ. પરંતુ આ દેવતા તો તે બધું ભૂલી ગયો! તેણે સત્યનો માર્ગ છોડયો નહિ. તેનું ફળ તેને મળ્યું! આજે તે અઢળક લક્ષ્મીનો માલિક થયો છે અને હું? હરિ! હરિ! હું જ્યારે જુવાનીનાં પાપકર્મો યાદ કરૂં છું ત્યારે મ્હારૂં

હૃદય બળીને ખાખ થાય છે! મ્હેં મ્હારાં કર્મનું ફળ ભોગવ્યું છે! મ્હારા જેવા અનેક જુવાનો માયા લોભમાં લપટાઈ અનેક પાપકર્મો કરતા હશે! અને તેનાં નઠારાં પરિણામ વહેલાં મોડાં ભોગવતા હશે! ઓ પ્રભુ! રક્ષણ કરો! સદ્બુદ્ધિ આપો!'" એમ કહી તેણે એક ઉંડો નિઃશ્વાસ મૂકયો.

વિપિનને ચિંતાગ્રસ્ત સ્તબ્ધ બેઠેલો જોઇ પ્રબોધે કહ્યું: "ભાઇ! બધુ ભૂલી જા. ગઇ વાત યાદ કરવી નહિ. થયુ તે ઇશ્વરેચ્છા માની પુનઃ તેવું નહિ કરવાની પ્રતિજ્ઞા લેવી. જગતમાં ઘણા જુવાનીઆઓ પૈસાના લોભને ખાતર ત્હારી પેઠે દુષ્કર્મો કરે છે, ભલા લોકોને ઠગે છે, વિશ્વાસઘાત કરે છે, ચોરીઓ કરે છે, તે ઉપરાંત મદ્યપાન, જુગાર, વ્યભિચાર જેવાં તિરસ્કારજનક કાર્યો કરે છે. પરંતુ એ સર્વ પાપકર્મોનો તેમને કોઇ એક દિવસ બદલો મળ્યા શિવાય રહેતો નથી! નઠારાં કર્મની નઠારી–દુર્ગંધ જનસમાજમાં પ્રસર્યા શિવાય રહેતી નથી. સર્વે મનુષ્યો તેમને ધિઃકારે છે, તેમના ઉપર અવિશ્વાસ રાખે છે, એટલું જ નહિ પણ તેમની સંગતિમાં ન અવાય એવી તેઓ સાવચેતી રાખે છે! ભાઈ! જે કાંઇ નઠારૂં તે નઠારૂં જ. એમાં જરા પણ શંકા નથી. અનેક મ્હોટા મ્હોટા ચોર લુંટારાઓનાં નામ આપણે સાંભળ્યાં છે ખરાં પરંતુ તેમણે કોઇએ હવેલીઓ બંધાવી છે ખરી? તેમણે ચોરીના દ્રવ્ય વડે વ્યાપારી પેઢીઓ ચલાવી છે ખરી? ચોરને પોટલે ધૂળની ધૂળ જ સમજવી! મનુષ્યને સત્ય ધર્મને માર્ગે જે દ્રવ્ય મળે છે તેનો તે સુખશાંતિથી ઉપભોગ કરી શકે છે પરંતુ અસત્ય–અધર્મને માર્ગે મેળવેલું દ્રવ્ય કદી પણ ટકતું નથી, એ નક્કી સમજજે. તે તો કોઇ ને કોઈ માર્ગે ચાલ્યું જ જાય છે! ત્હારાથી જે કાંઇ થયું છે તે ભૂલી જા. હવે પુનઃ તેવું દુષ્કર્મ નહિ કરવાની મનમાં જ પ્રતિજ્ઞા લે એટલે બસ છે. તેથી ત્હારૂં કલ્યાણ થશે. ભગવાન મંગલમય છે. તે જીવમાત્રનું મંગલ જ કરે છે. ત્હેં જો મ્હારાપર એટલું દુઃખ ના પાડયું હોત તો આજે હું આવી સ્થિતિમાં શી રીતે આવત? ભાઇ! હું તો ત્હારો ઉપકારજ માનું છું. લે, આ ત્હારા દયાના બદલામાં."

એમ કહી પ્રબોધચંદ્રે રૂપિયા ભરેલી એક કોથળી વિપિનચંદ્રના

હાથમાં મૂકી. પશ્ચાતાપના અગ્નિમાં બળતો વિપિન અતિશય આશ્ચર્ય પામ્યો ! જેનું ઘર દ્રવ્ય લૂટી લઇ અપમાન આપ્યું હતું તેજ પ્રબોધ આ શું કરી રહ્યો છે ? તેણે તો બદલામાં મ્હારૂં નામ દેવું ના જોઇએ ! મ્હારૂં અપમાન કરવું જોઇએ તેને બદલે આ શું ? ”

હજી પણ તે પ્રબોધ સાથે વાત કરતાં સંકોચાતો હતો. તેનાથી બોલાતું નહોતું. પ્રબોધે કહ્યું: “ શા માટે બોલતો નથી ભાઈ ? મ્હેં ત્હારૂં કે ત્હેં મ્હારૂં કશુંએ બગાડયું નથી. હોય, જગતમાં એમ જ ચાલે છે. મ્હને જરૂર હોય તે વખત તું આપે અને ત્હને જરૂર હોય તે વખતે હું આપુ. એનુ જ નામ મિત્રતા, એનું જ નામ ભ્રાતૃત્વ. ઘણા લોકો કહે છે કે મિત્રતા હોય ત્યાં પૈસા આપવા લેવાની વાત કરવી નહિ, પણ હું તેવાં મનુષ્યોને સ્વાર્થી, લોભી, અને કપટી કહું છું. દ્રવ્યનો સર્વ સંસાર છે. દ્રવ્યનો સર્વત્ર વ્યવહાર છે. કોઇ મિત્ર કે બંધુ દ્રવ્યની તંગીમાં આવી પડે તો તેને દ્રવ્ય ના આપવું એનું નામ શું મિત્રતા કે બંધુતા છે ? એને કયા પ્રકારની મિત્રતા કહેવી ? એ તો એક પ્રકારની સ્વાર્થાંધતા અથવા શઠતા કહેવાય ! મિત્ર કે કુટુંબી જનને માટે દ્રવ્યનો ઉપયોગ નહિ થાય તો પછી તે દ્રવ્યનો સદ્‌ઉપયોગ શો ? પોતાની જાતના સુખ માટે દ્રવ્યનો વ્યય કરવો એ શું દ્રવ્યનો સદ્ ઉપયોગ છે ? નહિ. લે ભાઇ, ત્હારે ચિંતા ન કરવી. આ દ્રવ્ય હુ પાછું માગીશ નહિ. ભગવાને મ્હારા ઉપર કૃપા કરી છે. તેણે મ્હને પુષ્કળ દ્રવ્ય આપ્યું છે. ભગવાનના દ્રવ્યનો ભગવાનના કાર્યમાં જ ઉપયોગ કરવો જોઇએ. મનુષ્ય માત્ર ભગવાનનાં સંતાન છે. તેને જરૂરને સમયે દ્રવ્ય ન આપું તો ભગવાન મ્હારા પર ક્રોધે ભરાય ! મ્હેં તેમની નોકરી બરાબર બજાવેલી કહેવાય નહિ ! લે, ભાઇ ! હું અને તું તેજ ભગવાનના પુત્રો છીએ. ચાલ, પ્રફુલ્લિત ચિત્તે વાત કર. ”

વિપિનનો હૃદય સાગર હદ ઓળંગી ગયો. દૈવભાષામાં વાત કરતા પ્રબોધની દેવવાણી સાંભળી વિપિનના હૃદયમાં એક પ્રકારનો આનંદ જ થયો. તેણે મનમાં જ પ્રબોધના જ્ઞાનની પ્રશંસા કરી. તેના નેત્રમાં આંસુ આવી ગયાં. તે બોલ્યો: “ ભાઈ પ્રબોધ ! મ્હારા અનેક અપરાધ ક્ષમા કર.

નઠારા મિત્રોની સંગતિથી અને તેમની અવળી સલાહથી મ્હેં ઘોર દુષ્કર્મો કર્યા છે! તેનું ભયંકર પરિણામ મ્હારે ભોગવવું પડ્યું છે હવે મ્હને જ્ઞાન થયું છે કેઃ નઠારા મિત્રોની સંગતિનું પરિણામ નઠારૂં જ આવે છે. તેમની દુઃસંગતિમાં મનુષ્ય અનેક નઠારાં કર્મો કરતાં શીખે છે, અને તેને તેનો અનુભવ પણ થાય છે છતાં ટેવ પડેલી સહજે જતી નથી. જ્યારે તેનું ભયંકર પરિણામ સહન કરવું પડે છે ત્યારે જ નઠારાં મનુષ્યો પોતાનાં કૃત્યોનો ત્યાગ કરે છે! ભાઇ! ક્ષમા કરજે. મ્હેં ત્હારા ઉપર બહુ અત્યાચાર કર્યાં છે. ત્હને બહુ દુઃખ દીધું છે. ત્હારા અને ત્હારાં માતા પત્નીના નિર્દોષ આત્માને વિના કારણે મ્હેં બહુ ત્રાસ–ક્લેશ આપ્યો છે! ત્હારા પવિત્ર કુટુંબને મ્હેં બહુ સતાવ્યું છે! તમને આપેલા એ ત્રાસનો બદલો પરમાત્માએ મ્હને આપી દીધો છે! “ કરવું તેવું પામવું.” એ કહેવત સત્ય છે. પ્રત્યેક આત્મા એ એક ઇશ્વરનાં સન્તાન છે. તેને દુઃખ દેવામાં આવતાં સર્વનો પિતા ઇશ્વર દુઃખ દેનારને સખ્ત શિક્ષા કરે છે. પાપ કર્મ કરીને ખુશી થનાર પાપી જનોને મ્હારી સલાહ છે કેઃ તેમણે કદી પણ પાપકર્મ કરવાં નહિ. નઠારૂં તે નઠારૂ જ. ભાઈ! તું મ્હને ઉદાર મનથી ક્ષમા કર.”

પ્રબોધચંદ્રે તેનો હાથ પકડી ઉભો કર્યો, અને સ્મિતહાસ્ય કરી ગાઢ આલિંગન દીધું. તેણે કહ્યું: “ આવ, બંધુ, આવ. આજે આપણે ઘણે દિવસે મળીએ–ભેટીયે. એક દિવસ આપણે આવા જ મિત્રો હતા. દુષ્ટ મિત્રોને લીધે આપણો વિયોગ થયો હતો પરંતુ પ્રભુ કૃપાથી પુનઃ આપણો સંયોગ થયો છે. પુનઃ આપણે મિત્રત્વના સૂત્રમાં સંધાઇએ છીએ. અહા! કેવો આનંદ! કેવી સુખ–શાંતિ ?!

* * * * *

સર્વને પોતપોતાનાં કર્મનું ફળ મળ્યું. કાળીદાસ પ્રથમ ઉત્તર હિંદુસ્થાનમાં નોકરી કરતો હતો. ત્યાં શેઠના પૈસા ઉચાપત કરી ગયો હોવાથી તેનો શેઠ વારંટ લાવી તેને પકડી ગયો હતો, અને અંતે તે કેદખાનામાં ગયો હતો. પ્રબોધચંદ્રના પિતાએ કાળીદાસનો પત્તો બતાવેલો હોવાથી તેને જેલમાં જવું પડ્યું હતું. એ જાણીને જ કાળીદાસ પ્રબોધ ઉપર

વૈર લેવા તૈયાર થયો હતો. એજ કારણને લીધે પ્રબોધ ઉપર તેને અતિશય ક્રોધ ઉપજ્યો હતો. વળી તે પ્રબોધનો વેગળેનો સગો હતો તેથી તેને મારી નાંખવામાં આવે તો એક બે સગાંનો તેને વારસો મળે તેમ હતું, અને તેની સમ્પત્તિ પણ તેને મળે તેમ હતું. લોભ અને દ્વેષને લીધે કાળીદાસે તેને નદીમાં ધક્કો મારી ફેંકી દીધો હતો, પરંતુ પરમાત્માની ગતિ ન્યારી છે! મનુષ્યનું ધારેલું કાર્ય સફળ થતું હોય તો કોઈ મનુષ્ય દરિદ્ર રહે નહિ' કોઈ દુઃખી રહે નહિ' તે સાથે અનેક પ્રકારની ઉથલપાથલ પણ થયા વગર રહે નહિ. મનુષ્ય ધારે છે એક ત્યારે પરમાત્મા ધારે છે બીજું! કાળીદાસે અખંડ સુખ ભોગવવા પ્રબોધને નદીમાં ફેંકી દીધો ખરો પરંતુ પરમાત્મા તેને જ સુખ ભોગવવા સ્વતંત્ર રાખી શક્યો નહોતો. સેવાશ્રમમાંથી ચોરી કર્યા પછી એક સન્યાસી તરીકે એક શ્રીમંત ગૃહસ્થને ઘેર અતિથિ તરીકે રહ્યો હતો. ત્યાં થોડા દિવસ પછી તેણે ગૃહસ્થને ત્યાં ચોરી કરી તેનું તે કાર્ય પકડાઈ જવાથી તેને કેદખાનામાં જવું પડયું હતું!

પ્રબોધચંદ્રનો પિતા વિશ વર્ષ ઉપર ઘર ત્યાગ કરી ક્યાંય ચાલ્યો ગયો હતો. બાર વર્ષ પર્યંત કોઈ તેનો પત્તો જાણી શક્યું નહોતું, તેથી પ્રબોધની માતાએ વૈધવ્ય વ્રત અવલંબન કર્યું હતું. પતિનું સ્મરણ પતિવ્રતા જનનીના હૃદયમાં નિત્ય જાગ્રત હોવા છતાં તેણે પોતાના વિચારો કોઇને દર્શાવ્યા નહતા. તે મનનો અગ્નિ મનમાં ને મનમાંજ સમાવી પતિ ભક્તિ કર્યા કરતી હતી. હમણાં પતિનું દ્રવ્ય પ્રાપ્ત થવાથી તેણે દેવસેવા, અનાથ–સેવા, અતિથિ સેવા વગેરે ઉત્તમ કાર્યો કરવા માંડ્યાં છે.

થોડા દિવસ પછી શ્રીમંત દયાળદાસની પુત્રી સાથે પ્રબોધચંદ્રના પુત્રનો વિવાહ થયો. દયાળદાસે એક વીલ બનાવ્યું હતું. તેમાં એક લાખ રૂપિયા પ્રબોધના પુત્રને આપવાના લખ્યા હતા તે તેમ જ તેમની સર્વ સમ્પત્તિ તેમણે પ્રબોધચંદ્રને સોંપી દીધી હતી, અને તેનો ઉપયોગ પરોપકારી કાર્યમાં કરવાની તેને આજ્ઞા કરી હતી. પ્રબોધચંદ્ર તે સમ્પત્તિનો સેવાવ્રતમાં ઉપયોગી કરવા લાગ્યો. તેનો એક વખતનો દુઃખી સંસાર સુખશાંતિની શીતળ છાયા ભોગવવા લાગ્યો.

* * * * *

સત્યવ્રત અને પ્રિયવ્રત વગેરે કપટી બ્રહ્મચારિઓને "સેવાશ્રમ"માંથી કાઢી મૂકવામાં આવ્યા. મહાત્મા નારાયણદેવ હિમાલયની કન્દરાઓ તરફ વિચર્યા તે સમયે તેમણે ધર્મવ્રતને સેવાશ્રમનું અધિષ્ઠાન સ્થાન સોંપ્યું હતું. તેથી તે જ હમણાં આશ્રમનો આત્મારૂપ હતો. તેની જ આજ્ઞા પ્રમાણે આ-શ્રમનું સર્વ કાર્ય ચાલતું હતું. તેની પાસે જે કોઈ નવીન બ્રહ્મચારી કે સેવક આવી સેવા કાર્યની દિક્ષા લેવા ઇચ્છા પ્રદર્શિત કરતા તે સમયે તે તેને કહેતો કે: "જાઓ, પ્રથમ ગૃહસ્થાશ્રમમાં રહી કુટુંબી જનની સેવા પરાયણતા શીખી આવો, માતાપિતા આદિ વડિલોની સેવાભક્તિ શીખી આવો, સ્નેહી જનોને સ્નેહદાન આપતાં શીખી આવો, અને સંસારના અનેક તાપક્લેશ શાંત ચિત્તે સહન કરતાં શીખ્યા પછી આ આશ્રમમાં પ્રવેશ કરજો. તો જ તમે જગતના જીવોને તમારાં પોતાનાં આત્મીય જાણી તેમની યથાર્થ સેવા કરી શકશો. તમારા કુટુંબી જનોની સેવા કરતાં કરતાં પાડોસીઓની, પાડો-સીઓની સેવા કરતાં ગામની અને ત્યાર પછી દેશની સેવા કરતાં આવડશે. **સુખ-શાંતિ** પ્રાપ્ત કરવાનો એજ ઉત્તમ ઉપાય છે."

સમાપ્ત.

परिशि अ.

સદ્‌ગુણ શી રીતે ધારણ કરી શકાય ?

— —

મંહા પુરૂષોમાંના કેટલાક તો એવા છે કે તેમનાં ચરિત્ર વાંચી તેનું મનન કર્યું હોય તો મનુષ્યને કદી પણ પાપ બુદ્ધિ ઉત્પન્ન થાય નહિ. વળી કેટલાક મહા પુરૂષોએ પોતાની સાધારણ પ્રકૃતિનું દમન કરીને કેવી રીતે દેવત્વ લાભ કર્યું છે તે સાંભળવાથી અજાયબી ઉત્પન્ન થાય છે. સુપ્રસિદ્ધ મહા પુરૂપ બેન્જામિન ફ્રાંકલીને પોતાના સ્વભાવને વશ કરવા માટે તેર સદ્‌ગુણને એક કોઠામાં લખ્યા હતા. તેણે પ્રત્યેક અઠવાડિયામાં પ્રત્યેક સદ્‌ગુણ ધારણ કરવાનો અને પ્રત્યેક દુર્ગુણ ત્યાગ કરવાનો દઢ સંકલ્પ કર્યો હતો. પહેલાં અઠવાડીયામાં તેણે પ્રથમ સદ્‌ગુણ, નિયમિત પાન—અહાર તરફ વિશેષ લક્ષ્ય રાખ્યુ હતું. કોઇ પણ રીતે કોઈ પણ દિવસ અનુચિત આહાર ના થાય તે માટે તે બહુ સાવચેત રહેતો હતો. એ પ્રમાણે પ્રત્યેક સદ્‌ગુણ માટે વર્તતો હતો. દરરોજ રાત્રે તે પોતાનું આખા દિવસનું કાર્ય તપાસી જોતો. જે દિવસે જે સદ્‌ગુણ ધારણ કરવામાં કચાશ રહેતી તે દિવસના કોઠામાં ચોકડી (×) કરતો. પ્રથમ અઠવાડિયામાં પાન આહાર તરફ તેનું લક્ષ્ય હતું. તેમ છતાં તે દિવસે બીજા કોઈ સદ્‌ગુણમાં ખામી પડતી તો તે ખાનામાં પણ ચોકડી કરતો, અને તે સુધારવા યત્ન કરતો. મહાત્મા ફ્રાકલીને એ પ્રમાણે પ્રત્યેક સદ્‌ગુણ ધારણ કર્યા હતા, અને દુર્ગુણોનો ત્યાગ કર્યો હતો. તેમનો તે કોઠો આ સાથે પ્રકટ કર્યો છે. જે મનુષ્યો પોતાના અને કુટુંબના દુર્ગુણો સુધારી સદ્‌ગુણ ધારણ કરવા ચ્હાતાં હોય તેમણે એનો ઉપયોગ કરવો.

અમારી પ્રાર્થના છે કે પ્રત્યેક ગૃહસ્થોએ એ કોઠાનો ઉપયોગ કરવો. વિદ્યાર્થિઓને માટે એ કોઠો બહુ ઉપયોગી થઈ પડશે.

ફ્રાંકલીનના સદ્ગુણનો કોઠો.

સદ્ગુણનું નામ.	રવિ.	સોમ.	મંગળ.	બુધ.	ગુરૂ.	શુક્ર.	શનિ.
નિયમિત પાનાહાર.							
વાક્સંયમ.	×	×		×		×	
નિયમિતપણું(સુવ્યવસ્થા)	×	×			×	×	×
કર્તવ્ય સાધનમાં દ્રઢ પ્રતિજ્ઞા.		×				×	
મિતવ્યયિતા.							
પરિશ્રમ અને સમયનો સદ્ ઉપયોગ.			×				
અકપટતા (સત્યતા).							
ન્યાય પરાયણુતા.							
સ્થૈર્ય અને તિતિક્ષા.							
ઇન્દ્રિય સંયમ.							
વનય.							

બીજા વર્ષનાં પુસ્તકો ૧૫૦૦ ઉપરાંત પૃષ્ઠ!

થોડાં થોડાં પુસ્તકો સિલિકમાં છે. **લવાજમ કાચા** જાડા પૂઠાનું **રૂ. બે** અને **પાકા** પૂઠાનું **રૂ. ત્રણ**. વી. પી. ૦–૧–૦ વધુ. **આફ્રિકાનાં ગ્રાહકો માટે** કાચા પૂઠાના **રૂ.** ૨–૧૦–૦ તથા પાકા પૂઠાના **રૂ. ચાર.** પોષ્ટેજ સાથે.

૧. અનુપકુમારી—અથવા **કાશ્મીરપર હલ્લો.** આ ઐતિહાસિક નવલકથામાં શીખ વીર મહારાજા રણજિતસિંહે કાશ્મીરપર હલ્લો કર્યો તેનું આકર્ષક વૃત્તાંત છે. એમાં રણજીતની રાણીનો દેશનિકાલ, રાણીની પતિભક્તિ, રાજભક્તિ, દેશભક્તિ, કુદરતનું વર્ણન, અ ંતે પુણ્યનો જય અને પાપનો ક્ષય. **પૃષ્ઠ ૩૫૬.**

૨. બ્રહ્મચારિણી—અથવા **સમાજ સેવિકા**—આ સામાજિક ધાર્મિક નવલકથા પ્રત્યેક હિંદુ ભાઇઓએ અવશ્ય વાંચવી જોઇએ. આર્ય સંસારમાં આદર્શ રમણી રત્નો કેવાં હોવાં જોઇએ? અને જીવન પર્યંત બ્રહ્મચર્ય પાળી સમાજની સેવા કેવી રીતે કરી શકે તથા પરોપકારનાં કામો કરી આ લોક અને પરલોકમાં કેવી રીતે મુક્તિ મેળવી શકે? તેનું અતિ ઉત્તમ દ્રષ્ટાંત છે. **પૃષ્ઠ ૩૭૦.**

૩. શહેનશાહ જહાંગીર—મોગલ શહેનશાહ જહાંગીરે પોતાને હાથે લખેલું ઉપદેશમય અને રસિક જીવનવૃત્તાંત પ્રત્યેક મનુષ્યે અવશ્ય વાંચવા જેવું છે. આ પુસ્તક વાંચતાં બોધ અને આનંદ મળે છે. **પૃષ્ઠ ૨૦૪.**

૪. મહારાષ્ટ્રીય કથાકુંજ—(ઐતિહાસિક વાર્તાઓ.) એમાં મહારાષ્ટ્રપતિ **શ્રી શિવાજી છત્રપતિ** મહારાજ અને પેશ્વા રાજાઓના વખતમાં બનેલા સત્ય બનાવો લઇને પ્રત્યેક વાર્તા ચિત્તાકર્ષક શૈલીમાં લખવામાં આવી છે. દેશભક્ત વીર નરનારીઓનાં વીર પરાક્રમો છે. **પૃષ્ઠ ૨૮૮.**

૫. ઉમાજી નાયક—**મહારાષ્ટ્રનો સુપ્રસિદ્ધ લુંટારો**—૧૮ મી સદીમાં કંપનીના રાજત્વ સમયે મહારાષ્ટ્રના એક સાહસિક વીર લુંટારાનાં પરાક્રમો, તેની હિમ્મત અને સાહસ, દયાળુપણું, પત્નીવ્રત, દાનવીરપણું, વગેરે. **પૃષ્ઠ ૨૫૦.**

સસ્તી વાર્તામાળા મળવાનાં ઠેકાણાં.

---

૧. મુંબાઇ—મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કુાં. બુકસેલર્સ કાલબા-
દેવીરોડ પ્રિન્સેસ સ્ટ્રીટ. (છુટક પુસ્તકો મળી શકશે.)
૨. „ ઠા. વસનજી પરમાણંદ ચાહેવાળા બુકસેલર કાલબાદેવીરોડ.
૩. „ એલ. એમ. ઠક્કર. બુકસેલર પ્રિન્સેસ સ્ટ્રીટ.
૪. „ નારૂશંકર હરિપ્રસાદ દેશાઈ લોવર પરેલ. (મુંબઈ.)
૫. સુરત—શા. રંગીલદાસ કાશીદાસ જનરલ મરચન્ટ—બરાનપુરી ભાગોળ.
૬. „ ચંદ્રપ્રકાશ ઑફીસ—ભાગાતલાવ.
૭. ભરૂચ—રા. રા. ગણપતરામ દુર્ગારામ દેસાઇ.વિમા કંપનીના એજન્ટ.
૮. વડોદરા—મોહનલાલ મનસુખરામ બુકસેલર. (છુટક પણ મળશે.)
૯. નડીઆદ—રા. રા. મણીલાલ લલ્લુભાઇ દેસાઇ.
૧૦. „ રા. રા. મગનલાલ દામોદર પંડ્યા. લખાવાડને નાકે.
૧૧. ભાવનગર—રા.અબ્દુલહુસેન આદમજી બુકસેલર.(છુટક પણ મળશે)
૧૨. કરાંચી—રા. રા. છગનલાલ ત્રિભુવન દવે. ઠે. બંદરરોડ. લેટ—
પિપલ્સ બેંક બિલ્ડિંગ.
૧૩. અમદાવાદ—રા. રા. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે. બુકસેલર ત્રણ
દરવાજા.
૧૪. „ ગુજરાત સ્વદેશી સ્ટોર. રીચીરોડ—ફુવારા સામે.
૧૫. „ રા. રા. પુંજાલાલ લલ્લુભાઈ. ભટસાહેબ. માણેક ચૉક.
૧૬. „ મેસર્સ જે. એન. વકીલ અને કું. રીચીરોડ. નં. ૪૩૩
૧૭. „ રા. રા. નંદલાલ ચુનીલાલ બોડીવાળા. સારંગપુર.
૧૮. „ રા. રા. રામનારાયણ કેશવલાલ દેસાઈ. રંગના વેપારી.
૧૯. „ અંબાલાલ શંકરલાલ દવે. ખાડીયા શ્રીરામજીની શેરી.
૨૦. ડબાઈ—રા. રા. ચાંદુમલ સુખાનંદ ભાટીયા.

મહા દાન.

તમારા દેશના સદાચરણી, દરીદ્ર અને નિરાધાર અનાથો બીજે ક્યાં જઇને પોકાર કરે ? બીજે ક્યાં જઇને અરજ કરે, તે તો તમારેજ બારણે ! તેમને તમારોજ આધાર છે. તેઓ તમારાજ છે, તેમને મદદ કરો, તેમના વ્યાધિ ટાળો અને તેમને વિદ્યા તથા હુન્નરનું જ્ઞાન આપી સનાથ બનાવો કે જેથી તેઓ પોતાના જેવા અનેક અનાથોને સનાથ બનાવે. તેમને મદદ કરી ઇશ્વરનો પ્રેમ મેળવો, તેમને દાન કરી તમારી કમાણીનું સાર્થક કરો. એ દાન તેજ સ્વર્ગ સુખનો માર્ગ છે.

સિદ્ધપુર ક્ષેત્રમાં **"શ્રી ગોપાળકૃષ્ણ અનાથાશ્રમ"** છે. તેમાં ગરીબ, કુલીનો, અનાથ, સદાચરણી વિધવાઓ, નિરાધાર બાળકો તથા વ્યાધિગ્રસ્ત અનાથ મનુષ્યોનું પોષણ થાય છે. ગરીબ વિદ્યાર્થીઓને અન્ન, વસ્ત્ર, તથા પુસ્તકોની મદદ આપી વિદ્યાભ્યાસ કરાવાય છે. વ્યવસ્થા સંપૂર્ણ સહીસલામત રીતે પ્રતિષ્ઠિત ગૃહસ્થોના હાથમાં છે. દાન આપનારનાં નામ પ્રસિદ્ધ થાય છે.

આ સંસ્થામાં (ઋષિકુળ) **બ્રહ્મચર્યાશ્રમ** ખોલવામાં આવ્યો છે. તેમાં જનોઈ દીધેલાં બ્રાહ્મણના બાળકોને ત્રણ યા પાંચ વર્ષની ગેરંટીએ બ્રહ્મચારીનો દંડ ધારણાદિ વેશમાં પવિત્રપણે રહી પોતાના નિત્યકર્મ સાથે સાયં પ્રાતઃ હોમ આપી ગુજરાતી ચોથા ધોરણ લગી અભ્યાસ કરાવાય છે. તેમજ વેદશાસ્ત્રના જીજ્ઞાસુ માટે પણ ઉત્તમ ગોઠવણ કરી છે.

તમારાથી બને તેટલી મદદ તુરતજ મોકલો. રસીદ મોકલીશું. પત્રવ્યવહાર, મનીઓર્ડર નીચલે સરનામે. **મંત્રી,**

શ્રી ગોપાળકૃષ્ણ અનાથાશ્રમ–સિદ્ધપુર, (ગુજરાત).

રવિકાન્ત ભાગ ૧ લો.

સન્માર્ગદર્શક, સુબોધમય, રસમય ગ્રંથ. આ પુસ્તક પુરૂષ તેમજ સ્ત્રી, યુવાન તેમજ વૃદ્ધ સર્વ કોઇને અતિ ઉપયોગી હોઇ દરેક લાયબ્રેરીમાં તેમજ દરેક કુટુંબમાં રાખવા લાયક છે. તેને વિષે કર્મ, જ્ઞાન, ભક્તિ, દાન, પરોપકાર, દયા, ક્ષમા, મોહ, માયા, કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, પુરૂષાર્થ, પ્રારબ્ધ અને દૈવ અથવા ભાવિ તથા કર્તવ્ય કર્મ વગેરે વિષયોના યથાર્થ

ખુલાસા સાથે દાખલા દષ્ટાંત સહિત, શુદ્ધ સરલ ભાષામાં ઘણુંજ અસરકારક રીતે વર્ણન કરવામાં આવ્યું છે. ગુ. ટ્રે. કૉલેજના પ્રિ. મે. ક. પ્રા. ત્રિવેદીજી તથા અમદાવાદના આ. જડજ મે. મા. ઝ. યાજ્ઞિકજી તથા સાક્ષર શ્રી મે. ન. પુ. સંઘવીજી વગેરે પ્રખ્યાત સાક્ષરોના તથા સુવિખ્યાત પેપરોના તથા માસિકોના એડિટરોના તેમજ અન્ય વિદ્વાન સજ્જનોના પણ ઉત્તમ અભિપ્રાય મળેલા છે. આ વિષયનું હેન્ડબીલ મંગાવવાથી મોકલવામાં આવશે. પુસ્તકનું સાઈઝ સારા સફેદ ઉચા ગ્લેઝ કાગળ. સુપરરોયલ બાર પેજી પૃષ્ઠ ૪૨૦ **કિંમત રૂા. બે.** પોષ્ટ સહિત.

ઠે. સારંગપુર ઘાસીરામની પોળ—**અમદાવાદ.** } **ચુનીલાલ નરભેરામ દેશાઈ.**

"નવજીવનાલય" અથવા વિજળીનું દવાખાનું.

દવાઓ, દાક્તરો. અને વૈદ્ય હકીમોથી થાકેલા દરદીઓને માટે એક અમૂલ્ય આશીર્વાદ.

માલિક અને મેનેજર:—**ડૉકટર મહાદેવપ્રસાદ,** ડિ. એમ. ઈ., એન. ડી., એમ. એન. એસ. એ. (ન્યુયૉર્ક.)

"**નવજીવનાલય**" એ એક આરોગ્યમંદિર છે. આખા હિંદુસ્તાનમાં આવું ખાતું આ માત્ર એકજ છે. જ્યાં મહાન "**નેચરોપથી**" નામની નૈસર્ગિક ઉપચાર **પદ્ધતિની** સર્વ શાખાઓ જેવી કે, ઇલેકટ્રો થેરાપી, વાઈબ્રો થેરાપી, ટ્રોફો થેરાપી, હેલ્યો થેરાપી, હાઈડ્રો ઇલેકટ્રોપથી, ક્રોમોપથી, વૉટરક્યુર, સજેસ્ટીવ થેરાપ્યુટીક્સ, મેસ્મેરિઝમ, ક્યુરેટીવ જીમનાસ્ટીક્સ, જસ્ટ—કુન્હે—સ્કૉથ—**નીપ**—લાહમૅન ઇત્યાદિ વિદ્વાન ડૉકટરો કે ઉપચારકોની પદ્ધતિઓ પ્રમાણે પ્રકાશ, પાણી, અને યોગની ક્રિયાઓથી તથા અદ્ભુત મોંઘાં યત્રોની મદદથી ગમે તેવાં જુનામાં જુનાં અને વિકટમાં વિકટ દરદો મૂળમાંથી મટાડવામાં આવે છે ! દરેક દરદીએ નિરાશ થઈ બેસી રહેવા કરતાં એકવાર આ અકસીર ઉપાયોનો લાભ લેવા ચૂકવું નહિ એવી ખાસ ભલામણ કરવામાં આવે છે.

ઠેકાણું:—રાયપુર દરવાજા બહાર દીવાસળીના કારખાના પાસે—**અમદાવાદ.**

મળવાનો વખત. સવારના ૭ થી ૧૧; સાંજના ૪ થી ૭.

તુરતજ ગ્રાહક થાઓ! અતિ ઉત્તમ માસિકપત્ર!

रसशाला औषधाश्रम तरफथी

॥ आयुर्वे- र .स्य ॥

(એક ઉત્તમ પુસ્તકની ભેટ સાથે)

આ નામનું ગુજરાતી વૈદ્યક માસિક પત્ર સંવત ૧૯૭૧ ના કાર્તિક માસથી પ્રકટ થાય છે. જેમાં વૈદ્યકશાસ્ત્ર સંબંધી સર્વોપયોગી વિષયો, નવીન શૈલીથી પ્રસિદ્ધ થાય છે. હિંદુસ્તાનની પ્રજાને યોગ્ય થઈ પડે એવી દેશી, જુનાની અને અંગ્રેજી દવાઓના ટુચકા પણ પ્રકટ થાય છે. જે સર્વને બહુજ ઉપયોગી છે. પહેલો અંક મોકલ્યા પછી, માર્ગશીર્ષનો બીજો અંક વી. પી. થી મોકલાય છે. મૂલ્યઃ હિંદુસ્થાનમાં પોસ્ટેજ સાથે રૂા. ૧ાા. આફ્રિકા માટે રૂા. ૨ાા. આ શાળાનું નવું છઠ્ઠી આવૃત્તિનું ૧૩૦ પાનાનું સર્વોપયોગી

'सू -ीपत्र'

બહાર પડી ગયું છે. જેમાં અનેક ઉત્તમ ઔષધોની માહિતી આપેલ છે તે આ શાળાના ગ્રાહકોને મોકલી આપેલ છે. ન મળ્યું હોય એમણે મંગાવી લેવું. પત્રવ્યવહાર નીચે પ્રમાણેઃ—

વૈદ્ય જીવરામ કાળીદાસ.

પોષ્ટ, ગોંડલ (કાઠીઆવાડ.)

બસો રૂપૈઆમાં અન્નદાન સાથે અમર નામ.

દાનવીર સજ્જનો, અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો !! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ !! જે દયાળુ, દાતા તરફથી એકી વખતે રૂ.૨૦૦ બસો દાનમાં મળશે, તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે અને તે દાતાના નામની આરસની તખ્તી કરાવી ઓફીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે ? જરૂર મળશે. દયા લાવી લખોઃ—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ.

વેપાર અને ઉદ્યોગ.

હાલના જમાનામાં વેપાર અને ઉદ્યોગ એજ જીંદગીનાં મૂળ સાધનો છે. જો તમારે એ બાબત કંઇ જાણવું હોય તો લખો.

દેશી વેપારી ચેમ્બરનું

માસિક.

કે જેની અંદર દરેક જાતની ઉપયોગી વેપારી બાતમી, જુદા જુદા દેશના કોન્સલો તરફથી તથા નામદાર સરકાર તરફથી આપવામાં આવે છે તથા વેપારી વિષયો અને આંકડાથી ભરપુર છે

એકલુંજ ગુજરાતી વેપારી માસિક.

જાહેર ખબર માટે સર્વોત્તમ સાધન.

વાર્ષિક લવાજમ ફક્ત રૂ. ૩-૬-૦, નમુનાના અંકની કિં. રૂ. ૦-૫-૦

લખો:— ધી સેક્રેટરી,

ઇન્ડીઅન મર્ચન્ટસ ચેમ્બર એન્ડ બ્યુરો.

૭૭-૭૯ એપોલો સ્ટ્રીટ, ફોર્ટ-મુંબાઇ.

આર્ય બંધુઓ તથા બ્હેનો, દુઃખી અબળાઓની વારે ચઢો.

વિનતિ કરવામાં આવે છે કે મુંબઇ વનિતાવિશ્રામનું મકાન લગભગ એક લાખનુ ધારવામાં આવતું હતું, પણ સવા લાખનું થયું છે અને રૂપિયા પચાસ હજાર શ્રીમતિ ઝવેરબાઇએ આપ્યા છે; અને રૂપિયા પચીસ હજાર અન્ય ગૃહસ્થો તથા બ્હેનો તરફથી મળ્યા છે એટલે હવે રૂપિયા પચાસ હજાર ખુટે છે. તેથી શેહેરનાં ભાઇ તથા બ્હેનો પાસે અરજ કરવામાં આવે છે કે આ ખુટતી રકમ પૂરી થાય નહિ ત્યાંસુધી આ સંસ્થાનું કામ ચાલુ કરી શકાય તેમ નથી. તેથી હાલ લગ્નસરા ચાલે છે તે સમયે લગ્નની ખુશાલીમાં સર્વે બંધુઓ યથાશક્તિ મદદ મોકલી આ અટકી પડેલાં કાર્યને મદદ કરવામાં પાછી પાની ન કરતાં યથાશક્તિ મદદ કરશો; કેમકે **અબળા હિતનું આ પ્રથમ** કાર્ય છે. એમાં વિધવા સ્ત્રીઓને અન્નવસ્ત્ર તથા વિદ્યાદાન અપાય છે, એટલુંજ નહિ પણ સૌભાગ્યવતી અને કુમારિકાને પણ વિદ્યાદાન અપાય છે. તે કારણે **આ દેશહિતના** કાર્યને ટેકો આપી દેશની સેવા બજાવવાને ઉમંગ ધરશો, કેમકે આર્યબંધુઓ અને બ્હેનો ! આપ લાખોનો ધરમ કરો છો પણ આ નવાં કાર્યથી અજાણ હશો તેથી આટલી માગણી કરવી પડે છે. જેઓ આ લેખ વાંચો તેઓ જાતે મદદ કરો, એટલુંજ નહિ પણ અન્ય બંધુઓને તથા બ્હેનોને કહીને પણ મદદ કરાવશો. દુઃખી અબળાઓનાં દુઃખનિવારણ અર્થે સ્થપાતી સંસ્થાને મદદ કરી એમનાં અંતરની આશીષ લેશો. જેમ આપણે વ્રત અથવા નિયમ લઇએ છીએ તેમજ આ સ્ત્રીહિતાર્થે આરંભાયલા કાર્યને પૂર્ણ કરવાનો નિયમ લો તો આ કાર્ય તેજ ક્ષણે થઇ જશે. આ એક વ્યક્તિનું કાર્ય નથી, તેથી સર્વે વ્યક્તિઓ મળી આ અધુરાં કાર્યને પૂર્ણ કરાવશો. એજ વિનતિ.

શિવગૌરી ગજ્જરના યથાશક્તિ.

વનિતાવિશ્રામ, સેન્ડહર્સ્ટરોડ-મુંબઇ.

અગત્યની સૂચના:—

૧. હવે પછીનું **બીજું પુસ્તક** માગશર માસમાં પ્રકટ થશે.

૨. અમદાવાદના કેટલાક એજન્ટો દ્વારા ગ્રાહક થનાર સજ્જનોને અસંતોષ મળ્યો છે એવું અમારા જાણવામાં આવ્યું છે, માટે એજન્ટો દ્વારા જેઓને ગ્રાહકમાં ન રહેવું હોય તેમણે પોતાના એજન્ટના નામ સાથે અમારે ત્યાં પરભાર્યા ગ્રાહક થવું, જેથી તેઓને પુસ્તકો અમારા માણસદ્વારા કે પોષ્ટદ્વારા મોકલાશે.

૩. લવાજમ માટે મનીઑર્ડર મોકલનારે લવાજમ ઉપરાંત ૦-૨-૦ વધુ મોકલવો, જેથી તેમને પુસ્તકો અનરજીસ્ટર્ડ બુકપોષ્ટથી મોકલાશે.

૪. હિંદુસ્તાનનાં ગ્રાહકોને માટે **કાચા પૂંઠાના** રૂ. ૨-૦-૦ અને કપડાના સુંદર **પાકા પૂંઠાના** રૂ. ૩-૦-૦ વી. પી. ખર્ચ એક આનો વધુ. **આફ્રિકાના** ગ્રાહક માટે **કાચા પૂંઠાના** રૂ. ૨-૧૦-૦ તથા **પાકા** [illegible] લવાજમ મોકલ્યું છે તેમણે બીજા પૈસા વધારે મોકલવા.

૫. ઠેકાણું બદલાતાં તુરતજ ખબર આપવી. અમારાં [illegible] પુસ્તકો ચોકસાઈથી પોષ્ટ થાય છે. ગ્રાહકોએ પૂરું નામ, ગામ, પોષ્ટ, જીલ્લા સ્પષ્ટ અક્ષરે લખવું. **પત્રવ્યવહારમાં રજીસ્ટર નંબર અવશ્ય** લખવો, નહિ તો જવાબ મળશે નહિ.

૬. જવાબ માટે રીપ્લાઈ કાર્ડ કે ટીકીટ મોકલવી.

મેનેજર-સસ્તી વાર્તામાળા-અમદાવાદ.